## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨૭ | ૨ | ભગવદ્-શ્રદ્ધા બહુમાનનો પ્રભાવ... (લે.૨) | ૧ |
| ૨. | ૨૭ | ૩ | ભગવાન ગમે એને સંસાર સુખ સંકટરૂપ લાગે | ૩ |
| ૩. | ૨૭ | ૪ | પાપ કરતા રહીને 'મિચ્છામિ દુક્કડં'નો શો અર્થ ? | ૫ |
| ૪. | ૨૭ | ૫ | આત્મદર્શન અને આત્માનો અનુભવ | ૮ |
| ૫. | ૨૭ | ૭ | ઈર્ષ્યા ખતરનાક : ઈર્ષ્યાથી કેમ બચવું ? | ૧૧ |
| ૬. | ૨૭ | ૮ | વિવેકદર્શન (લે.૧) | ૧૩ |
| ૭. | ૨૭ | ૯ | વિવેકદર્શન (પ્રયોગો) (લે.૨) | ૧૬ |
| ૮. | ૨૭ | ૧૦ | નિત્ય પ્રસન્નતા જોઈએ છે ?..., (લે.૧) | ૧૯ |
| ૯. | ૨૭ | ૧૧ | નિત્ય પ્રસન્નતા જોઈએ છે ?..., (લે.૨) | ૨૧ |
| ૧૦. | ૨૭ | ૧૨ | ધર્મમાં મન સ્થિર કેમ રહે ? | ૨૪ |
| ૧૧. | ૨૭ | ૧૩ | બજારમાં ભાવના ઉછાળા પામરના ધર્મમાં નહિ | ૨૬ |
| ૧૨. | ૨૭ | ૧૪ | ક્ષુદ્રતા : કેવો ખતરનાક દુર્ગુણ ! | ૨૯ |
| ૧૩. | ૨૭ | ૧૫ | ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય..., (લે.૧) | ૩૨ |
| ૧૪. | ૨૭ | ૧૬ | ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય..., (લે.૨) | ૩૪ |
| ૧૫. | ૨૭ | ૧૭-૧૮ | ક્ષયોપશમ ટકાવવાનાં ૭ સાધન... (લે.૩) | ૩૭ |
| ૧૬. | ૨૭ | ૧૯ | ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય... (લે.૪) | ૩૯ |
| ૧૭. | ૨૭ | ૨૦ | ક્ષુદ્ર અને ઉમદા દિલનાં અંતર | ૪૨ |
| ૧૮. | ૨૭ | ૨૧ | અરિહંતનો અચિંત્ય પ્રભાવ શી રીતે ? | ૪૪ |
| ૧૯. | ૨૭ | ૨૨ | અરિહંતનું શરણ લેવાનું એટલે...,(લે.૧) | ૪૭ |
| ૨૦. | ૨૭ | ૨૩-૨૪ | અરિહંતનું શરણ લેવાનું એટલે...,(લે.૨) | ૫૦ |
| ૨૧. | ૨૭ | ૨૫ | અરિહંતનું શરણ લેવાનું એટલે...,(લે.૩) | ૫૨ |
| ૨૨. | ૨૭ | ૨૬ | નિંદ્રાના મહા પ્રત્યાઘાત કેમ ? | ૫૫ |
| ૨૩. | ૨૭ | ૨૭ | સમાધિ-સ્વસ્થચિત્તના બે સુંદર ઉપાય | ૫૮ |
| ૨૪. | ૨૭ | ૨૮ | 'નમો અરિહંતાણં'માં મુખ્ય કોણ ?' | ૬૧ |
| ૨૫. | ૨૭ | ૨૯ | શાસન-પ્રભાવનાનું મહત્ત્વ | ૬૪ |
| ૨૬. | ૨૭ | ૩૨ | સંઘભાવનાનું મહત્ત્વ | ૬૬ |
| ૨૭. | ૨૭ | ૩૩ | પત્રકારના કેટલાક પ્રશ્ન અને સમાધાન (લે.૧) | ૬૯ |
| ૨૮. | ૨૭ | ૩૪ | પત્રકારના કેટલાક પ્રશ્ન અને સમાધાન (લે.૨) | ૭૨ |
| ૨૯. | ૨૭ | ૩૭ | સુંદર શાંતિમય જીવનની ચાવી... | ૭૫ |
| ૩૦. | ૨૭ | ૩૮ | બ્રહ્મચર્ય પાલનના વિધિમુખ ઉપાય (લે.૧) | ૭૮ |
| ૩૧. | ૨૭ | ૩૯ | બ્રહ્મચર્ય પાલનના વિધિમુખ ઉપાય (લે.૨) | ૮૧ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૩૨. | ૨૭ | ૪૭ | મૈત્રી-કરુણાની ભેદરેખા | ૮૪ |
| ૩૩. | ૨૭ | ૪૮ | પર્યુષણા મહાપર્વે મોહનગરી પર બોમ્બવર્ષા | ૮૬ |
| ૩૪. | ૨૭ | ૪૯ | वृथा श्रुतम् अचिन्तितम् | ૮૯ |
| ૩૫. | ૨૭ | ૫૦ | પ્રભુને પ્રદક્ષિણાનું મહત્ત્વ | ૯૧ |
| ૩૬. | ૨૮ | ૨ | જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કેમ થાય ? | ૯૪ |
| ૩૭. | ૨૮ | ૩-૪ | અધ્યાત્મયોગ અને ભાવનાયોગ (લે.૧) | ૯૭ |
| ૩૮. | ૨૮ | ૫-૬ | અધ્યાત્મયોગ અને ભાવનાયોગ (લે.૨) | ૧૦૦ |
| ૩૯. | ૨૮ | ૧૧ | અધ્યાત્મયોગ અને ભાવનાયોગ (લે.૩) | ૧૦૨ |
| ૪૦. | ૨૮ | ૧૨ | ભાવનાયોગ-ભાવિતકરણ (લે.૪) | ૧૦૪ |
| ૪૧. | ૨૮ | ૧૩ | વાચાલતામાં કેટલાં નુકસાન ! | ૧૦૭ |
| ૪૨. | ૨૮ | ૧૪ | સર્વ અસમાધિનું એક ઔષધ અરિહંત | ૧૦૯ |
| ૪૩. | ૨૮ | ૧૫ | ઈન્દ્રિય-વિષયોને ધર્મની હરોળમાં ન મૂકાય | ૧૧૨ |
| ૪૪. | ૨૮ | ૧૬ | ધર્મસાધનામાં નિત્ય ઉલ્લાસ કેમ રહે ? | ૧૧૪ |
| ૪૫. | ૨૮ | ૧૭ | જિનશાસનમાં કુશળતા | ૧૧૭ |
| ૪૬. | ૨૮ | ૧૮ | સુકૃત એ કર્તવ્ય : સુકૃતાનુમોદન મહાકર્તવ્ય | ૧૧૯ |
| ૪૭. | ૨૮ | ૨૦ | સુકૃતનો ઉત્સાહ કેમ વધે ? | ૧૨૧ |
| ૪૮. | ૨૮ | ૨૧ | વીસસ્થાનક તપ એટલે માત્ર ઉપવાસ નહિ | ૧૨૪ |
| ૪૯. | ૨૮ | ૨૩ | દૂધપાકમાં ઝેર અને વિષ્ઠાનો કણ | ૧૨૬ |
| ૫૦. | ૨૮ | ૨૪ | આત્માની ઉન્નતિ આંતરિક ધર્મભાવથી (લે.૧) | ૧૨૯ |
| ૫૧. | ૨૮ | ૨૫ | આંતરિક ધર્મભાવમાં જોસ... (લે.૨) | ૧૩૧ |
| ૫૨. | ૨૮ | ૨૬ | આંતરિક ધર્મભાવમાં જોસ... (લે.૩) | ૧૩૩ |
| ૫૩. | ૨૮ | ૨૮ | 'સમ્યગ્દર્શન બળિયો રે' | ૧૩૬ |
| ૫૪. | ૨૮ | ૨૯ | જિનશાસનમાં સાધકનું મુખ્ય લક્ષ્ય, (લે.૧) | ૧૩૮ |
| ૫૫. | ૨૮ | ૩૦ | જિનશાસનમાં સાધકનું મુખ્ય લક્ષ્ય, (લે.૨) | ૧૪૧ |
| ૫૬. | ૨૮ | ૩૧ | ગાઢ સંસ્કાર સમૂહનો પ્રભાવ... | ૧૪૩ |
| ૫૭. | ૨૮ | ૩૨ | નામ કમાવવું છે ? કે ધર્મ કમાવવો છે ? | ૧૪૫ |
| ૫૮. | ૨૮ | ૩૩ | જીવન લક્ષ્ય સગવડ નહિ, સાધના, (લે.૧) | ૧૪૮ |
| ૫૯. | ૨૮ | ૩૪ | જીવન લક્ષ્ય સગવડ નહિ, સાધના, (લે.૨) | ૧૫૦ |
| ૬૦. | ૨૮ | ૩૫ | ખરેખરો ચમત્કાર આરાધનાના વેગનો | ૧૫૨ |
| ૬૧. | ૨૮ | ૩૬ | ચમત્કાર સાચો : આરાધનાનો વેગ | ૧૫૫ |
| ૬૨. | ૨૮ | ૩૭,૩૮ | નદી આખી ઓળંગી,... | ૧૫૮ |
| ૬૩. | ૨૮ | ૩૯ | વીર્યાચારનું રહસ્ય અને મહત્ત્વ, (લે.૧) | ૧૬૧ |




E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૬૪. | ૨૮ | ૪૦ | વીર્યાચારનું રહસ્ય અને મહત્ત્વ, (લે.૨) | ૧૬૩ |
| ૬૫. | ૨૮ | ૪૧ | વીર્યાચારનું રહસ્ય અને મહત્ત્વ, (લે.૩) | ૧૬૫ |
| ૬૬. | ૨૮ | ૪૨ | અર્હદ્ અભિષેકથી કર્મની રજ કેમ હટે ? | ૧૬૭ |
| ૬૭. | ૨૮ | ૪૩ | વૈરાગ્ય વિના ધર્મ બેકાર | ૧૬૯ |
| ૬૮. | ૨૮ | ૪૪ | મહત્ત્વની જિનપૂજા : અભિષેક...,(લે.૧) | ૧૭૨ |
| ૬૯. | ૨૮ | ૪૫ | મહત્ત્વની જિનપૂજા : અભિષેક...,(લે.૨) | ૧૭૪ |
| ૭૦. | ૨૮ | ૪૬ | પાંચ કારણ-સમવાય પર..., (લે.૧) | ૧૭૬ |
| ૭૧. | ૨૮ | ૪૭ | પાંચ કારણ-સમવાય પર..., (લે.૨) | ૧૭૯ |
| ૭૨. | ૨૮ | ૪૮ | દેવ-ગુરુની કિંમત ઘટાડતાં... | ૧૮૧ |
| ૭૩. | ૨૯ | ૨ | સમ્યક્ત્વનું બળ : અવિરતિનો કકળાટ | ૧૮૪ |
| ૭૪. | ૨૯ | ૩ | સમાધિ કેમ મળે ? | ૧૮૭ |
| ૭૫. | ૨૯ | ૪ | ગણધર ગૌતમ મહારાજે રાગ... | ૧૮૯ |
| ૭૬. | ૨૯ | ૫ | પ્રભુભક્તિ શા માટે ?... | ૧૯૨ |
| ૭૭. | ૨૯ | ૬-૧૮ | પરમાત્મા ભક્તિના રહસ્ય-(લે.૧-૧૩) | ૧૯૫-૨૩૯ |
| ૯૦. | ૨૯ | ૨૨-૨૩ | પરમાત્મા ભક્તિના રહસ્ય-(લે.૧૪-૧૫) | ૨૩૯-૨૪૪ |
| ૯૨. | ૨૯ | ૨૫-૨૬ | પરમાત્મા ભક્તિના રહસ્ય-(લે.૧૬-૧૭) | ૨૪૫-૨૫૧ |
| ૯૪. | ૨૯ | ૨૮ | પરમાત્મા ભક્તિના રહસ્ય-(લે.૧૮) | ૨૫૨ |
| ૯૫. | ૨૯ | ૩૦-૩૧ | પરમાત્મા ભક્તિના રહસ્ય-(લે.૧૯-૨૦) | ૨૫૪-૨૬૦ |
| ૯૭. | ૨૯ | ૨૧ | કાળલબ્ધિ અને ભાવલબ્ધિ | ૨૬૦ |
| ૯૮. | ૨૯ | ૨૭ | દવાખાના કે કસાઈખાના ? | ૨૬૩ |
| ૯૯ | ૨૯ | ૨૯ | ભાવની જેમ તપનું મહત્ત્વ ખરું ?... | ૨૭૦ |
| ૧૦૦ | ૨૯ | ૩૨ | દુઃખદાન એ દુઃખનું કારણ | ૨૭૨ |
| ૧૦૧ | ૨૯ | ૩૪ | દાનનું દિલ બનાવવા શ્રેષ્ઠભવ... | ૨૭૫ |
| ૧૦૨ | ૨૯ | ૩૫ | ક્રોધની વારંવાર ઊઠતી લાગણી કેમ અટકે ? | ૨૭૭ |
| ૧૦૩ | ૨૯ | ૩૬-૩૭ | વીતરાગ પ્રભુની સાથે પ્રીત...,(લે.૧-૨) | ૨૮૦-૨૮૬ |
| ૧૦૫ | ૨૯ | ૩૯ | પગરખાનો બોધપાઠ | ૨૮૭ |
| ૧૦૬ | ૨૯ | ૪૦ | કાળલબ્ધિ અને ભાવલબ્ધિ | ૨૯૦ |
| ૧૦૭ | ૨૯ | ૪૧ | જિન શાસનની દેશના પદ્ધતિ, (લે.૧) | ૨૯૩ |
| ૧૦૮ | ૨૯ | ૪૩-૪૪ | જિન શાસનની દેશના પદ્ધતિ, (લે.૨-૩) | ૨૯૭-૩૦૦ |
| ૧૧૦ | ૨૯ | ૪૫ | કહેવાતા શાકાહારી ઈંડાઓ... | ૩૦૩ |
| ૧૧૧. | ૨૯ | ૪૬ | ઊંધાં વેતરણ : એનું નિદાન અને વારણ | ૩૦૬ |
| ૧૧૨. | ૨૯ | ૪૭ | બ્રહ્મચર્ય પાલન અંગે ચિંતન | ૩૧૦ |




E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૧) ભગવત્ શ્રદ્ધા-બહુમાનનો અચિંત્ય પ્રભાવ ચંદનબાળા મહાદુઃખોમાં દુઃખી નહોતી.

(લેખાંક-૨)

ગત લેખાંકમાં એ જોયું કે વીતરાગ અરિહંત ભગવાન પરની અટળ અથાગ શ્રદ્ધાનો કેવો મહા અચિંત્ય પ્રભાવ છે કે એ પહાડી દુઃખોમાં પણ દિલને દુઃખી ન થવા દેતાં-શાંત-પ્રસન્ન રાખે.

હવે એ જોઈએ કે હૈયામાં ભગવાન પર અથાગ બહુમાન ઊછળતું હોય તો એ કેવી રીતે મહા દુઃખોને પણ દિલને અડવા દેતું નથી !

અરિહંત ભગવાન પર બહુમાન હેતભર્યું વાત્સલ્યભર્યું જોઈએ. શાસ્ત્રે અર્હદ્વાત્સલ્યને તીર્થંકર નામ કર્મનું પુણ્ય બાંધવામાં એક મહાન ઉપાય કહ્યો છે. એમાં ભગવાન પર એટલું બધું હેત હોય કે જેમ માતા પર બાળકને જો અથાગ હેત હોય છે તો એના મનને એમ થાય છે કે 'શી વાત મારી મા !' માતાએ બીજા પાસેથી કાંઈ લેવાની ના પાડી છે તો પછી બીજા ગમે તેટલો એને કાંઈ આપવા લલચાવે, છતાં એ લેવા લલચાતું નથી ! તેમજ ગરીબ ઘરમાં કોઈ દુઃખ અગવડેય હોય તોય માતાના હેત આગળ એને વિસાતમાં ગણતું નથી. ઘર ગરીબ છે, પાડોશી સુખી છે, એના ઘરમાંની સુખ સમૃદ્ધિની અપેક્ષાએ પોતાને ત્યાં અગવડ છે, છતાં મને માતા કેવી સારી મળી છે !' એવી મસ્તીમાં એ દુઃખ અગવડને વિસાતમાં ગણતું નથી.

બસ, એ રીતે અરિહંત ભગવાન પર એવા હેત-બહુમાન ધરવાના છે, કે મનને થાય કે 'શી વાત મારા અરિહંત ભગવાન ! આહાહા ! ગુણસંપત્તિની અપેક્ષાએ હું કેવો દરિદ્ર ? અને મને આ અનંત ગુણોનો ધામભૂત ભગવાન મળ્યા ક્યાં હું અધમ અયોગ્ય ! ને મને આવા ઉત્તમોત્તમ વિશ્વશ્રેષ્ઠ ભગવાનનો યોગ ? ધન્ય જનમ ! ધન્ય ઘડી ! આવા દીનદયાળ તારણહાર પતિત પાવનકારી ભગવાન મળ્યા એ સર્વવિપત્તિનાશક સર્વસંપત્તિદાયક અને જનમ મરણની વિટંબણાઓથી મુક્ત કરનારા મને મળી ગયા ! તો મારે શી ખોટ છે ? મારે તો આ પ્રભુ મળ્યાથી ત્રિભુવનનું રાજ્ય મળ્યું ! વિશ્વભરની સંપત્તિ મળી ! પ્રભુ મળ્યામાં જો સંસાર- સમસ્તનાં દુઃખ ન રહે, તો વર્તમાન દુઃખ શી વિસાતમાં ?'

આમ ભગવાન પર બહુમાન ઊછળે, હેત ઊભરાય, એ સદ્ગતિ અને ઠેઠ



મોક્ષ અપાવનાર હોવાથી ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી કઈ ગુણા ઊંચા અનંતગુણા ઊંચા લાગે; પછી એ મળ્યાના અતિશય રાગ અને આનંદમાં વર્તમાનમાં આવી પડેલા ભારે પણ દુઃખ કશી વિસાતમાં ન લાગે, કશી ગણતરીમાં ન લવાય. એ બાહ્ય કષ્ટ અગવડપીડાનું દિલને કશું દુઃખ ન લાગે, કેમકે પોતાની પાસે મહા કિંમતી ભગવાન છે, જે મોક્ષનાં અનંત સુખ અપાવનાર છે.

ચંદનબાળાએ આ કરેલું. એના પર મહાદુઃખ વરસેલાં, એ રાજકુમારી હતી પણ પહેલું તો પિતા રાજા પર દુશ્મને ચડાઈ કરી અને રાજા મર્યો; રાણી અને આ પુત્રીને લઈ સુભટ ચાલ્યા જંગલમાં. સુભટ રાણીને 'તને મારી ઘરવાળી બનાવીશ' સંભળાવતાં જ શીલભંગની આગાહીથી ત્રાસી રાણીએ જીભ કચડી પ્રાણ ત્યાગ કર્યો. ચંદનબાળાને પછી સુભટે આગળ જઈ નગરમાં વેચવા ઊભી કરી ! દયાળુ ધના શેઠ ખરીદી ગયા, ચંદનાને આશ્વાસન આપી ઘરે દીકરીની જેમ રાખી. પરંતુ શેઠાણી મૂળાએ શંકાશીલ બની ચંદનાનું માથું મુંડાવી ભોંયરામાં પૂરી ઘાલી પગમાં બેડી નાંખી. પોતે પિયર ચાલી ગઈ. ત્રણ દિવસ ભૂખી તરસી બેઠી છે. ત્યાં સુધી શેઠને એનો પત્તો ન લાગ્યો. કેટલું દુઃખ ? એક વખતની રાજકુમારીને આ કેવાં મહા દુઃખ !

શું ચંદનબાળા આ મહાદુઃખોમાં રોતી બેઠી ? શું એના દિલને પારાવાર દુઃખ લાગ્યા કર્યા ? ના, કેમ કે એ મહાવીર ભગવાનની ભક્તા હતી, એના હૈયામાં ભગવાન પર અથાગ બહુમાન હતું, ભારે હેત હતું એટલે 'પ્રભુ મળ્યા છે એ મહાકિંમતી સંપત્તિ મળી છે' એમ માની એની આગળ આ દુઃખો શી વિસાતમાં છે ? એવું મનમાં ધારી રહી હતી. એટલું જ નહિ, પણ ચોવીસે કલાક પ્રભુનું ધ્યાન-સ્મરણ-ગુણગાન કરવામાં આ દુઃખોને અનુકૂળ પ્રસંગ બનવાનું ગણી એને દુઃખ નહિ, પણ સુખ સાધનરૂપ લેખી રહી હતી. દુઃખો અનુકૂળ ? હા, આ રીતે, - ત્રણ દિવસે ધનાશેઠને પત્તો મળવાથી જ્યાં એને ભોંયરામાં આવી દેખે છે ને રડી ઊઠતાં 'હાય ! આ તારી મા લુચ્ચીએ તારા સુંદર કેશ કપાવી નાખ્યા ? તારા પગમાં બેડી બાળી ? તને અહીં પૂરી ભૂખી તરસી રાખી ?' એમ કહે છે ત્યારે ચંદના એમને આશ્વાસન આપે છે 'બાપુ ! રુઓ શું કરવા ? આ બધું તો મારા મહાવીર ભગવાનનું ચોવીસે કલાક અખંડ ધ્યાન ધરવામાં બહુ અનુકુળ થયું ! નહિતર તો કેશ સંભાળવામાં, ભગવાનને ભૂલત. એમ ઘરકામમાં, ખાનપાનમાં ને બેડી ન હોતાં કરાતી હાલચાલમાં પ્રભુનું ધ્યાન ચૂકી જાત.'

ચંદનાને મન પ્રભુ એ કેવી મહાસંપત્તિ ! નહિતર કોણ કોને આશ્વાસન આપે ? મહાદુઃખિત ચંદના સુખી ધનાશેઠને આશ્વાસન આપે ? પરંતુ ચંદનબાળા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દુઃખિત હતી જ નહિ; પ્રભુનાં મહામૂલ્યાંકન કરી એ મળવા પર મનથી મહાસુખી હતી. એટલે જ પછી જ્યાં પારણું કરવા પૂર્વે મુનિની રાહ જુએ છે ને ત્યાં મહાવીરદેવ પોતે જ પધાર્યા, પણ વહોર્યા વિના પાછા ફરે છે ત્યાં, પેલા મહાદુઃખોમાં નહિ રોનારી, અહીં ધ્રુસકે રડી પડે છે. આ મહાસંપત્તિ ચાલી જતી જોઈ ધ્રુસકે રડી પડે છે. પ્રભુ પર કેવું અઢળક હેત. બહુમાન ! પ્રભુમાં કેવી મહાસંપત્તિ દર્શન.

બીજા કોઈએ નહિ, પણ મારાં કર્મે મને મહાદુઃખ આપ્યાં એટલું પણ વિચારી દીન કંગાળ શું કામ બનવું ? મને મહાકિંમતી તારણહાર ભગવાન મળ્યા છે, તો મારે કશું દુઃખ જ નથી એમ માની મસ્ત કાં ન રહેવું ?'

આ ભાવના રખાય તો દુન્યવી મહાદુઃખમાં પણ દિલને કશું દુઃખ ન લાગે. અથાગ ભગવત્-શ્રદ્ધા-બહુમાનનો આ અચિંત્ય પ્રભાવ છે કે બાહ્ય ગમે તેટલા દુઃખ આવો, પણ દિલ દુઃખી ન થાય; અને એમાં પાપકર્મોના ભુક્કા થાય, આત્મા મહાઉન્નતિનાં સોપાન ચડે !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૭,અંક-૩,તા.૧૬-૯-૧૯૭૮

## ૨ ભગવાન ગમે એને સંસાર-સુખ સંકટરૂપ લાગે.

મોક્ષનો પહેલો માર્ગ સમ્યગ્દર્શન. દાનાદિ ધર્મ ગમે તેટલો કરો, પરંતુ પાયામાં સમ્યગ્દર્શન ન હોય તો એ દાનાદિથી મોક્ષ ન મળે. આત્માનો નિસ્તાર ન થાય. આત્મા ભવપાર ન કરી શકે. ન્યાયાચાર્ય મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે સમકિતની સજ્ઝાયમાં કહ્યું છે.

**'દાનાદિક કિરિયા નવિ દીએ સમકિત વિણ શિવશર્મ.'**

એ સમ્યગ્દર્શન પામવું છે ? તો એના પાયામાં સંસારનાં સુખો પર વૈરાગ્ય જોઈએ છે. માટે એ વૈરાગ્ય લાવો, સુખોને - સુખદાયી વિષયોને સારી સગવડરૂપ નહિ, પણ સંકટરૂપ લેખો. વૈરાગ્ય આ છે કે મનગમતા સારા સારા વિષયો-સારા પૈસા-માલ-મિલકત, માન સન્માન, સારાં ખાનપાન-વિલાસ વગેરે બધું જ સંકટ રૂપ લાગે, ને તેથી દિલ ઉદ્વિગ્ન હોય, ઊભગેલું હોય. સવાલ થાય;

**સુખ એ સંકટ શાનું ?**

સંકટ આ રીતે, દિલમાં જો સમ્યગ્દર્શન છે, તો (૧) ભગવાન અરિહંત પરમાત્મા પર અથાગ પ્રેમ-શ્રદ્ધા-બહુમાન છે, તેથી એ જ સેવ્ય લાગે છે. વિષયો નહિ, તેમજ (૨) એમનાં વચન પર ટંકશાળી શ્રદ્ધા-રુચિ છે, તેથી જિનવચનોક્ત



પાપત્યાગ અને ધર્મ આદર તથા સંસાર-ત્યાગ અને સંયમ (સંવર) આદર માટે તલસાટ છે. એ તલસાટ એ જ જિનવચન પ્રીતિ. જો વીતરાગ જિનેશ્વર ભગવાન ગમે છે, તો વિષયો એવા ન જ ગમે વિષયત્યાગનો તલસાટ હોય. જો જિનવચન ગમે છે, તો સંસાર ન જ ગમે. સંસારત્યાગનો તલસાટ હોય. ઈન્દ્રિયોના રુડા વિષયો મજેના લાગે છે, સેવ્ય લાગે છે. વીતરાગ પણ સેવ્ય લાગે છે, એ બને નહિ. સંસાર-ત્યાગ નથી ગમતો અને જિનવચન ગમે છે એ વાત બને નહિ.

કહો, વીતરાગ અરિહંત પરના પ્રેમમાં વિષયો પર નફરત સમાયેલી જ છે. સતીને પતિ પર અનન્ય પ્રેમ હોય છે તો એમાં પરપુરુષ પર નફરત સમાયેલી જ હોય છે. એટલે જ્યારે જ્યારે પરપુરુષ સાથે વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે એને એમ થાય છે કે આની વાત ગમે તેટલી ગમતી વાત હોય. પણ મારે તો એ સંકટરૂપ છે, કેમકે એમાં ભળ્યે થકે હું પતિનું ધ્યાન ચૂકું છું. મારા પતિનું ધ્યાન ચુકાવે એ મારે સંકટ એટલે જ પતિના ઘરમાં મધ્યમ સ્થિતિ હોય, પણ સતીને ક્યારેક બહુ સુખી સ્થિતિવાળા પોતાના ભાઈના ઘરે જવાનું આવ્યું હોય અને ત્યાં ખાનપાન-મોટર આદિની ઊંચી સગવડો મળી હોય તોય એમાં એ લલચાય નહિ, હૈયે એના પર રાગ-આનંદ ન ઊભરાય; બલ્કે એ સંકટરૂપ લાગે; કેમકે એ સમજે છે કે આ ઊંચી સગવડો અનાદિ સંસ્કારવશ ગમતી થઈને મધ્યમ સ્થિતિના પોતાના પતિને, પતિના ધ્યાનને, ક્ષણભર ભુલાવવા સંભવ છે.

બસ, એ જ રીતે જો વીતરાગ ત્રિલોકનાથ શ્રી અરિહંત ભગવાન પર અનન્ય પ્રેમ છે, તો સંસારના ઈષ્ટ વિષયો સંકટરૂપ લાગે; કેમકે એ સમજે છે કે આ વિષયોમાં વિચારની પણ પ્રવૃત્તિ મારા ભગવાનનું ધ્યાન ચુકાવે છે.

એમ, સતીને પતિએ કહ્યું હોય કે 'જો આ મોટા ભાઈ દુકાનમાં માયાજાળ રમે છે, માટે એમની સાથે આપણે રહેવું પાલવે એમ નથી, તમારી સગવડે છૂટા જ થવાનું છે.' તો પછી ભલેને મોટાભાઈ-જેઠ આ સતી ભોજાઈને સારાં સારાં વસ્ત્ર-દાગીના વગેરે માલ લાવી આપતો હોય, પરંતુ પતિના વચનને સર્વસ્વ માનનારી આ સતીને એ માલ સંકટરૂપ જ લાગે, એમાંથી છૂટવાનો જ એને તલસાટ હોય.

બસ, એ જ રીતે જિનવચન પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ હોય એટલે એ સર્વેસર્વા સત્ય અને માન્ય લાગે. એ વચન જ્યારે એમ કહે છે કે સંસાર છોડવા જેવો જ છે. પછી ભલેને સંસાર મનગમતાં સુખ ભરેલો હોય છતાં જિનવચનને સર્વસ્વ માનનાર સમકિતીને એ સંકટરૂપ જ લાગે, કેમકે એ જિનવચનના અમલની આડે આવે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

નાના રાજાને ભલે નાની ઠકુરાઈ, પણ સ્વતંત્રતા છે, સત્તાધીશતા છે. હવે જો એને મોટા રાજાએ જીતીને આલીશાન બંગલામાં નજરકેદ રાખ્યો હોય ને ત્યાં એ નજરકેદીને પોતાના રાજ્યમાં ન હોય એવી પાંચે ઈન્દ્રિયોના ઊંચા વિષયની સગવડ આપી હોય, છતાં આ નજરકેદીને એ બધી ઉચ્ચ સુખ-સગવડ પણ સુખરૂપ ન લાગે, કિન્તુ સંકટરૂપ લાગે; કેમકે એમાં સ્વતંત્રતા લુંટાઈ ને કેદની પરાધીનતા લમણે લાગી છે. પછી ભલે ત્યાં છે ત્યાં સુધી એ જ ભોગવવી પડતી હોય, કિન્તુ દિલમાં એને સંકટરૂપ સમજી એના પ્રત્યે અરુચિ હોય, નફરત હોય. તો પછી -

જિન જિનવચનનો પ્રેમી સમકિતી સંસારમાં પોતાને નજરકેદી બનેલો સમજનાર હોઈ સંસારનાં સુખ-સુખસાધનોને સંકટરૂપ જ સમજે, સુખ રૂપ નહિ, એમાં શી નવાઈ ? પોતાને જિન વીતરાગ અરિહંત ભગવાન અને એમનાં વચનાનુષ્ઠાન સેવવા આરાધવા મળે, એ પોતાની સ્વતંત્રતા સમજે, પોતાની બાદશાહી સમજે છે. ત્યારે ગમે તેવો વૈભવી સંસાર અને એના ગળચટાં સુખો એ આરાધનાની આડે આવે છે, આરાધનાને ચુકાવે છે, બાજુએ મુકાવે છે, માટે એને એ સંકટરૂપ લાગે છે.

ભરત ચક્રવર્તીએ વર્ષોના વર્ષો સુધી છ ખંડની સત્તાધીશ સમ્રાટગીરી અને એના નવનિધિ - ચૌદરત્નરૂપ મહાવૈભવ તથા ઊંચા વિષય વિલાસનાં સુખોને સંકટરૂપ લેખેલા, માટે જ આરિસા ભવનમાં જ્યાં સહેજ નિમિત્ત મળ્યું કે એ સત્તા-વૈભવ- વિલાસનો સર્વથા ત્યાગ કરવાની કાયરતા દિલમાંથી કાઢી નાખી, ભાવથી દિલમાં ત્યાગ ઊભો કર્યો, એથી ય ઉચ્ચ ભાવનાએ ચડ્યા અને ત્યાં જ વીતરાગ સર્વજ્ઞ બની ગયાં !

બસ, આ વાત છે,- જેને વીતરાગ ભગવાન ગમે અને ભગવાનનાં વચન ગમે, એને સંસારનાં સુખસાધનરૂપ વિષયો અને વિષયસુખો સંકટરૂપ લાગે; ને તો જ એ જિન-જિનવચનનો પ્રેમી અને ઉપાસક બની શકે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૪,તા.૨૩-૯-૧૯૭૮

## ③ પાપ કરતા રહીને 'મિચ્છામિ દુક્કડં'નો અર્થ શો ?

શ્રાવક-જીવનમાં ઉભયકાળ આવશ્યક એ મહાન કર્તવ્ય છે. આવશ્યકમાં મુખ્ય છે પાપોનું પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. પાપોથી પાછા ફરવું એટલે જ પાપ પોતાનાથી આચરાઈ ગયાં તે ખોટાં લાગે, ત્યાજ્ય લાગે. આચરાઈ



ગયા એ ખોટું થયું લાગે, એનો સંતાપ-પશ્ચાત્તાપ થાય. પાપ પર અને પાપકારી પોતાના આત્મા પર ઘૃણા થાય. તિરસ્કાર છૂટે. આ સમગ્ર ભાવો 'મિચ્છામિ દુક્કડં' અર્થાત્ 'મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ' એવું હૃદયથી ચિંતવવા-બોલવામાં વ્યક્ત થાય છે. આમ 'પાપ સારાં નહિ, કરવા જેવાં નહિ,' એવી પાપ પ્રત્યે ગ્લાની સાથે થઈ ગયેલ પાપોનો સંતાપ-પશ્ચાત્તાપ-હૃદયબળાપો થાય, એ પાપનું પ્રતિક્રમણ છે, 'મિચ્છામિ દુક્કડં' કરીએ એમાં આ કરવાનું છે.

હવે સવાલ આ છે કે રોજ ને રોજ પ્રતિક્રમણ કરીએ, અને બીજે દિવસે પાછાં પાપ તો આચરીએ છીએ ! તો એ પ્રતિક્રમણનો, એ 'મિચ્છામિ દુક્કડં' કરવાનો શો અર્થ ? એ તો કુંભારના ઘરનો મિચ્છામિ દુક્કડં નહિ ?

એક બાળ મુનિ કુંભારના ઘડા પર રમતમાં કાંકરી મારી કાણું પાડતા હતા. કુંભાર ધમકાવે એટલે 'મિચ્છામિ દુક્કડં' કહેતા ને પાછા કાંકરી મારતા...! તો સામે પછી કુંભારે થાકીને મુનિના કાનની બૂટ પર કાંકરી રાખી પોતાની આંગળી-અંગુઠા વચ્ચે એને દબાવતાં મુનિ ચીસ પાડી કહે છે, 'આ શું કરે છે ?' એટલે કુંભાર અંગૂઠો ઢીલો કરી કહે 'મિચ્છામિ દુક્કડં' પણ પછી તરત પાછી એમ જ આ અંગૂઠાથી કાંકરી દાબે છે ! એટલે મુનિ પાછા બરાડે છે ત્યાં આ વળી 'મિચ્છામિ દુક્કડં' કરે, પાછી કાંકરી દાબે છે...આમ વારે વારે 'મિચ્છામિ દુક્કડં' કરવું ને પાછું કાંકરીથી ઘડો ફોડવો કે કાંકરી કાન પર દાબવી, એનો શો અર્થ ? એ 'મિચ્છામિ દુક્કડં' કુંભારના ઘરનું કહેવાય. એવું અહીં પાપ કર્યે જવા અને 'મિચ્છામિ દુક્કડં' એટલે કે પ્રતિક્રમણ કરતાં રહેવું, એનો શો અર્થ ? શું એ કુંભારના ઘરનું મિચ્છામિ દુક્કડં નથી ?

આનો જવાબ આ છે કે ના, એવો 'મિચ્છામિ દુક્કડં' નથી. ત્યાં કુંભારના દૃષ્ટાન્તમાં ખરેખર પસ્તાવો સંતાપ છે જ નહિ; જ્યારે અહીં પ્રતિક્રમણ વખતે શ્રદ્ધાળુ શ્રાવકને પાપનો પસ્તાવો છે, સંતાપ છે, પાપ ખોટું માને છે, કરવા લાયક નહિ એમ માને છે.

પ્ર. જો એમ છે તો પછીથી પાપ કરે છે શા માટે ?

ઉ. કર્મની શિરજોરી અને પોતાની કાયરતાને લીધે એ ફરીથી પાપ કરે છે. એ સમજે છે કે 'મોહનીય કર્મની સામે હું કાયર છું કે એને દબાવી શકતો નથી, અને મોહના ઉદયને આધીન બનું છું' મોહના ઉદયથી લોભથી-રાગથી પૈસા લેવા જાય છે, લાવે છે, વિષયો મેળે છે, એ માટે આરંભ-સમારંભ-હિંસા વગેરે પાપો કરે છે. બધું લોભથી-રાગથી પણ અંદરખાને એક સમકિતનો એવો ભાવ બેઠો છે કે જે એને મનાવી રહ્યું છે કે આ ખોટું થઈ રહ્યું છે, એટલે જ પ્રતિક્રમણની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ક્રિયામાં એનો સંતાપ - પશ્ચાત્તાપ કરી 'મિચ્છામિ દુક્કડં' કરે છે. આમ રાગ અને સંતાપ બેઉ ચાલ્યા કરે છે. મોહની પરાધીનતાથી રાગ અને ધર્મશ્રદ્ધાથી સંતાપ થાય છે.

આવું વ્યવહારમાં બને છે. બેદરકારી બહુ દિવસથી કડક પથ્ય પાળી કંટાળ્યો હોય ત્યારે રાગથી થોડુંક કુપથ્ય સેવી લે છે, પણ પછી સમજદાર હોય તો એનો એને સંતાપ થાય છે કે 'ક્યાં મેં આ સેવ્યું ? હાય ! એથી બીમારી લંબાશે' એમ, માણસને આવક ઓછી હોય તો ખરચો પૂરો કરવા કોઈના લઈ આવે છે લાવે છે ઈચ્છાથી, રાગથી, પણ સંતાપ રહે છે કે 'કેમ પાછા વાળું !' વળી મહિને બે મહિને ખૂટે એટલે પેલો દેવાનો સંતાપ કરેલો છતાં બીજા લાવવા પડે છે. શું અહીં સવાલ થઈ શકે કે 'એકવાર દેવાનો સંતાપ કરેલો તો પછી શું કામ ફરી દેવું કરવા જાય છે ?' તો શું એમ કહી શકાય કે ફરીથી પાછો લેવા તો જાય છે, તો પહેલાં લાવેલાનો સંતાપ કર્યો તે ખોટો ?' ના, કેમકે સમજીએ છીએ કે એને લાચારીથી લાવવા પડે છે, અને સજ્જન છે એટલે દેવું માથે ચડ્યાનો સંતાપ થાય તે સાચો છે. બીમારી હોય લાંબી, તો પ્રેમથી દવા રોજ લાવવી પડે છે, ને ખાવી પડે છે, છતાં એનો સંતાપ રોજ હોય છે કે 'ક્યાં સુધી આ દવા ખાયા કરવાની ?'

બસ, જીવનમાં પાપ અને પ્રતિક્રમણનું આવું છે. કર્મની બીમારીથી પૈસા-વિષયો, હિંસાદિને દવાની માફક રોજ સેવવા પડે છે, પરંતુ રોજ સંતાપ હોઈ શકે છે કે 'આ પાપો ક્યાં સુધી !' એમ, પૈસા વગેરેનું કુપથ્ય સમજ્યા પછી પણ એની લાલચ અને સેવન થઈ જાય છતાં એનો સંતાપ થાય એ અસંભવિત નહિ, સુસંભવિત છે, અને સાચો છે. માટે આનું પ્રતિક્રમણ-મિચ્છામિ દુક્કડં કુંભારના ઘરનું - ઢોંગરૂપ નથી; પ્રામાણિક છે.

પ્ર. એ તો ઠીક, પરંતુ એવા પ્રામાણિક પ્રતિક્રમણથી લાભ શો ?

ઉ. પ્રતિક્રમણમાં સાચા પાપ-સંતાપથી, -

(૧) પહેલો લાભ પાપજનિત દુબળાં કર્મો તૂટી જાય છે.

(૨) બીજો લાભ, સબળા પણ અશુભ કર્મોમાં પાપ-સેવન વખતે પડેલા અશુભ અનુબંધો (ભવિષ્યમાં નવાં પાપ કરાવનારી બીજશક્તિઓ) તૂટી જાય છે.

(૩) ત્રીજો મહાન લાભ એ કે પ્રતિક્રમણમાં માત્ર આજના જ કરેલાં ઈંદ્રિયવિષયાદિ પાપ ખરાબ, ને પૂર્વે કરેલાં ખરાબ નહિ એવું હૈયું નથી, પરંતુ પાપમાત્ર ખરાબ એ રીતે સંતાપ છે. તેથી પ્રતિક્રમણથી જન્માન્તરનાં પણ કર્મોમાં પડેલા અશુભ અનુબંધો તૂટતા આવે છે.



(૪) ચોથો મહાન લાભ એ કે પાપ ભલે વારે વારે કરાઈ જાય છે, પરંતુ પ્રતિક્રમણથી એમાં અકર્તવ્યતાની બુદ્ધિ ઊભી થાય છે, એથી એના સુસંસ્કાર ખડા થાય છે, જે ભવિષ્યમાં પાપત્યાગનું બળ આપે છે.

(૫) બાકી લાભોમાં, જિનાજ્ઞાપાલનનો મહાલાભ,

(૬) બીજાને આપણું દૃષ્ટાન્ત મળવાથી એ પ્રતિક્રમણમાં પ્રેરાય, ને એ રીતે શાસનની પરંપરા ટકી રહે, એ મહાન લાભ,

(૭) પાપનો ભય જાગતો રહે એ લાભ,

(૮) પ્રતિક્રમણના સમય પૂરતો પાપાચરણથી બચવાનો મહાન લાભ, અને

(૯) ચિત્તની પ્રસન્નતા થવાનો મહાલાભ...વગેરે વગેરે મહાલાભો છે.

(૧૦) પ્રતિક્રમણ એ મહાયોગ હોવાથી મહાયોગ-સાધનાનો લાભ, હૃદયથી આ વિચારાય તો કદી બોલવાનું મન ન થાય કે 'પાપો કરતા રહીને 'મિચ્છામિ દુક્કડં' કરવાનો શો અર્થ ?' એ અજ્ઞાન વચન જ લાગે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૫,તા.૩૦-૯-૧૯૭૮

## (૪) આત્મદર્શન અને આત્માનો અનુભવ

આસ્તિકને મૂંઝવણ છે કે આત્મા અરૂપી છે, એટલે એનું દર્શન થતું નથી, તેમજ 'મેં ખાધું, મેં પીધું, હું સુખી, હું દુઃખી' એ બધામાં અનુભવાતી જડ રૂપી એવી કાયા જ આગળ થાય છે. એટલે એ બધાં વિકલ્પોમાં કાયાનો જ અનુભવ છે. પણ આત્માનો અનુભવ નહિ. તો પછી આત્માની શ્રદ્ધા શી રીતે કરવી ? જ્ઞાનીનાં વચનથી એમ તો માનીએ છીએ કે આત્મા જેવી વસ્તુ છે, તર્કથી ય આત્મા સાબિત થવાનું માનીએ છીએ, પરંતુ એ માન્યાની અસર ક્યાં છે ? નજર સામે શરીર જેવું રમે છે એવો આત્મા ક્યાં રમે છે ? 'મોટરના ધમાલિયા રસ્તા પર ભાન વિના ચાલું તો એક્સીડન્ટ થતાં શરીરનો છૂંદો જ થઈ જાય' એવું ભડક સાથે મનમાં બેઠું હોય છે, એવું રાગાદિ કષાય અને રૂપાદિ વિષયોની ધમાલિયા દુનિયા વચ્ચે રહેતાં ભાન વિના ચાલું તો મારા આત્માનો છૂંદો જ થઈ જાય એવું ભડક સાથે મનમાં ક્યાં આવે છે ?

આ મૂંઝવણના ઉકેલ માટે પ્રાથમિક કક્ષાનું આત્મદર્શન અને આત્માનુભવ કરવાની જરૂર છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્ર.- આમ તો આત્મા અરૂપી છે, એનું દર્શન તો માત્ર કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવાન જ કરી શકે, આપણું શું ગજું ? એમ, આત્માનો અનુભવ તો મહાયોગીઓ જે ભયંકર ઉપસર્ગ-પરીસહોમાં એની તીવ્ર વેદનાનોય વિકલ્પ ન કરતાં પોતાનું તત્ત્વચિંતન ચાલુ રાખે છે એમને થતો હોય. જેમ દેશરક્ષાની મસ્તીમાં દેશરક્ષકના માથે ત્રાસ ગુજરતા હોય એ વિસાતમાં નથી હોતા, એમ મહાયોગીઓને આત્માની જ્ઞાનાદિ તથા ક્ષમાદિ સંપત્તિની મસ્તીમાં શારીરિક ત્રાસ વિસાતમાં નથી હોતા. આમ, સર્વજ્ઞનો અને મહાયોગીનો જ જ્યાં ક્લાસ હોય, જ્યાં અધિકાર હોય એવા આત્મદર્શન અને આત્માનુભવ અમને શે લાધે ?

ઉ.- એટલા જ માટે અહીં પ્રારંભિક આત્મદર્શન અને પ્રારંભિક આત્માનુભવ કરવાની વાત છે.

પ્રારંભિક આત્મદર્શનમાં આ કરવાનું છે કે આપણે અંતરમાં આપણા દોષો જોતા રહેવાનું છે.

આ સ્વદોષદર્શન એ આત્મદર્શન છે. પૂછો, દોષ-દર્શનમાં આત્માનું દર્શન ક્યાં થયું ? આ રીતે થયું કે ગુસ્સો-અભિમાન, માયા-કપટ, લોભ-મમતા, દ્વેષ-ઈર્ષ્યા, વૈર-વિરોધની ગાંઠ, જૂઠ-અનીતિ,...વગેરે દોષો કોના છે ? શરીરના ? કે આત્માના ! કહેવું જ પડે કે આત્માના. જડ શરીર શો ગુસ્સો કે અભિમાન રાખે ? ગુસ્સો શરીરનો ધર્મ હોત તો તો ગુસ્સાના પ્રસંગમાં પણ ક્યારેક ક્ષમા-શાન્તિ-પ્રેમ દેખાય છે તે ન દેખાત-દા.ત. એક રાજાએ સવાલ કર્યો કે 'મને લાત મારે એને શી સજા કરવી ?' છીછરી બુદ્ધિવાળા એકે કહ્યું : 'એનો પગ જ કપાવી નાખવો.' બીજો કહે 'એને કાળું મોં કરી ગધેડે ફેરવવો.' ત્રીજો કહે 'એને ભર બજારે નાગો કરી સાટકા જ મરાવવા...' પણ ગંભીર પાકટ બુદ્ધિવાળા દીવાને કહ્યું, 'એને હીરાનો હાર યા સોનાનું રમકડું ભેટ આપવું.' બધાં ચોંક્યા 'કેવું બેહૂદું ? મહારાજાને લાત મારનારને ઈનામ ?' 'અરે ! પણ એટલું તો વિચારો કે, - દીવાને ખુલાસો કર્યો, 'મહારાજાની આસપાસ રક્ષકો હોય ત્યાં એમને લાત મારી જ કોણ શકે ? હાં, કાં તો મહારાણીસાહેબ મોહની રમતમાં લાત મારે, અથવા બાળ રાજપુત્ર લાડમાં લાત મારે એમ બની શકે; તો એમને તો હીરાનો હાર કે સોનાનું રમકડું જ આપી પ્રેમ વધારાય.' અહીં આ જોવાનું છે કે શરીર પર લાત દ્વેષીની હો કે પ્રેમીની, પણ શરીરને વાગવાની તો સરખી જ છે, છતાં એક ઠેકાણે ગુસ્સો, ને બીજે ઠેકાણે પ્રેમ-શાન્તિ, એમ કેમ ? ગુસ્સો શરીરનો ધર્મ હોય તો તો લાત ગમે તેની, એને વાગ્યું એટલે ગુસ્સો જ કરે ને ?

પણ કહો, શરીરને લાત વાગો કે વિલેપન લાગો, એ જડ હોવાથી એને



ગુસ્સાની કે શાંતિની લાગણી કશી થતી નથી. નહિતર મડદાંને બાળતાં એ શરીરને કેવી કેવી વેદના ને હાયવોય થાય ? લાગણી આત્માનો ધર્મ છે, પછી ચાહ્ય એ ગુસ્સાની હો કે મદની, માયા-કપટની હો કે લોભ-મમતાની, વૈરની હો કે વિરોધની. કોઈ ઈષ્ટ રૂપ-રસાદિનાં આકર્ષણની હો કે અનિષ્ટ ખરાબ રૂપ-રસાદિ પ્રત્યેની ઘૃણાની હો, હિંસા-જૂઠ વગેરેની વૃત્તિની હો કે મિથ્યાત્વ-કદાગ્રહ-પાપ-પ્રશંસાદિની વૃત્તિની હો, બધી ય શરીરની નહિ, પણ આત્માની છે.

હવે આ લાગણીઓ-વૃત્તિઓ આત્માથી તદ્દન ભિન્ન નહિ પણ કથંચિત્ અભિન્ન એટલે આત્મસ્વરૂપ છે. આત્મા એ જ લાગણી-વૃત્તિ અને વૃત્તિ એ જ આત્મા; જેમ, સાકર એ જ મીઠાશ અને મીઠાશ એ જ સાકર. હવે જેમ અંધારે જીભ પર મીઠાશનું દર્શન એ સાકરનું જ દર્શન લાગે છે, એમ અહીં આપણા અંતરાત્મામાં આપણાં ગુસ્સો-મદ-માયાદિ કે હિંસા-જુઠ-ચોરી વગેરેની વૃત્તિનું-લાગણીનું દર્શન એ આત્મદર્શન જ છે, એમ માનવાનું.

એટલે પ્રારંભિક આત્મદર્શન કરવા આ કરવાનું કે આપણે ઘૃણાપૂર્વક આપણા આંતરિક દોષો ગુસ્સા વગેરેની લાગણી જોવાની, હિંસાદિની વૃત્તિ જોવાની, રૂપાદિ વિષયોનાં આકર્ષણ-આસક્તિ-મૂઢતા ઘૃણાપૂર્વક જોવાનાં. ત્યાં મનને થાય કે 'અરે ! તાવ-ખાંસી-શૂળ...વગેરે બીમારીઓ જેમ શરીરની તેમ આ ક્રોધાદિ બીમારીઓ શરીરની નહિ, પણ આત્માની. તો મારી જાત (હું) આ બધી બીમારીઓવાળો ! હું આવો બીમાર ? આવો બગડેલો ? મારું શરીર બગડેલું ખટકે, ને જાત બગડેલી ન ખટકે ?' આવું વારે વારે જોતાં રહેવાય એ પ્રારંભિક આત્મદર્શન છે. એમાં સ્પષ્ટપણે શરીરથી જુદો આત્મા જોયો કહેવાય.

એવો બીજો પ્રયોગ આત્માનુભવનો કરવાનો છે એમાં શ્રી મહાવીર ભગવાને જે સમજથી અંતરમાં જે ક્ષમા રાખી, જે નમ્રતા રાખી, જે નિસ્પૃહા રાખી, ત્યાગવૃત્તિ-ઉપશમ-ઉદાસીનભાવ-અનાસક્તિ રાખ્યાં, એવી સમજથી એ ક્ષમા-નમ્રતાદિને આપણાં અંતરમાં કલ્પવાના. જાણે આપણા પર એવા પ્રતિકૂળ યા અનુકૂળ પ્રસંગ આવ્યા છે, ને આપણે જાણે મહાવીર ભગવાન છીએ તે એજ સમજથી એ ક્ષમા - સહિષ્ણુતા-સમતા-સમાધિ-ઉપશમ-ઉદાસીનભાવ રાખી રહ્યા છીએ, એવું આંતર સંવેદન કરવાનું. એમાં અંદરમાં જાણે ઉપદ્રવની જોરદાર પીડા છે, ને છતાં એની સામે જોરદાર સહિષ્ણુતા ને ક્ષમા તરવરી રહી છે ! એમ, જાણે કોઈ હીરામાણેકના ઢગ ભેટ કરવા આવ્યું છે, યા અપ્સરાઓ લોભાવવા આવી છે, પણ 'આપણે જાણે ભગવાન તે એની લેશ પડી નથી, અનાસક્ત ઉદાસીનભાવમાં મસ્ત છીએ ! જગત્-તત્ત્વના ચિંતનમાં છીએ,' એવું આંતર સંવેદન થાય. આવું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બહુ બહુવાર પ્રભુના ગુણનું આપણા પોતાના તરીકે જ આંતર સંવેદન થાય. આંતર અનુભવ થાય એ આત્માનુભવ છે, એ અનુભવજ્ઞાન છે. એમાંય સ્પષ્ટ આત્મશ્રદ્ધા છે; કેમકે એ ગુણો શરીરના નહિ પણ શરીરથી જુદી આત્મવ્યક્તિના અનુભવીએ છીએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૭,તા.૨૮-૧૦-૧૯૭૮

## (૫) ઈર્ષ્યા ખતરનાક : ઈર્ષ્યાથી કેમ બચવું ?

ઈર્ષ્યા એક ખતરનાક દોષ છે. એમાં જેણે આપણું કશું નથી બગાડ્યું, એના પર પણ દ્વેષ-અભાવ-અરુચિ કરવાનું થાય છે. દા.ત. આપણા કરતાં કોઈને વધારે પૈસા મળ્યા, માન-સન્માન મળ્યાં, ઊંચો હોદ્દો મળ્યો, એણે આપણો કશો અપરાધ નથી કર્યો છતાં ય આપણા મનને એ ખટકે છે કે આને કેમ એ વધુ મળ્યું. આપણું મન એ સહન નથી કરતું, હૈયું બળે છે. તો એ કેવો જાલિમ દોષ ! એમાં મૈત્રીભાવ એટલે કે સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ ગુમાવવાનું થાય છે. સ્નેહ હોય તો દ્વેષ ન થાય તેમજ પ્રમોદભાવ એટલે કે બીજાનાં ઉત્કર્ષ-અધિકતામાં રાજીપાનો ભાવ ગુમાવી નાખવાનું થાય છે.

'ધર્મબિન્દુ' શાસ્ત્રની 'મૈત્ર્યાદિભાવ-સંયુક્તં તદ્ધર્મ ઈતિ કીર્ત્યતે' - 'મૈત્રી-પ્રમોદ-કરુણા-ઉપેક્ષા ભાવોથી યુક્ત હોય તેને ધર્મ કહેવાય છે' એ વ્યાખ્યા મુજબ આપણે જો ઈર્ષ્યા રાખીએ તો ધર્મ ગુમાવવાનું થાય છે, પછી ભલે આપણે દેવદર્શન-તપ-વ્રત-નિયમ વગેરે ધર્મસાધના કરતા હોઈએ. આનું કારણ એ છે કે ઈર્ષ્યા હૈયું બગાડે છે, હૈયાની પરિણતિ બગાડે છે, ને બગડેલી પરિણતિમાં નિર્મળ ધર્મપરિણતિ શી રીતે આવે ?

વ્યક્તિ પર ઈર્ષ્યા થયા પછી એના ગુણો અને સુકૃતોની અનુમોદના પણ દિલથી નહિ થાય. એ ઈર્ષ્યાની ખતરનાકતા છે. સુકૃત-અનુમોદના ભવસ્થિતિ પકવવાનું એક મહાન સાધન, એ જો ગુમાવવાનું થાય તો એ કેવી શોચનીય સ્થિતિ !!

આ ઈર્ષ્યાનો સ્વભાવ કેટલીકવાર ગુણિયલ બાપ કે ગુરુ પર પણ અભાવ-દુર્ભાવ કરવા સુધી લઈ જાય છે ! દા.ત. બાપે એક પુત્રના ગુણ કે હોશિયારીનાં વખાણ કર્યા, તો બીજા ઈર્ષ્યાળુ પુત્રને બાપ પર અભાવ થાય છે કે 'આ કેવા પક્ષપાતી છે, આંધળા છે, કે આનું જ ગાય છે ! અમે તો જાણે કિંમત



વિનાના !' એવું ઈર્ષ્યાવશ શિષ્યને ગુરુ પ્રત્યે થાય છે. બાપે કે ગુરુએ ઈર્ષ્યાળુનો કોઈ અપરાધ નથી કર્યો, વળી એ બાપ કે ગુરુ પૂજનીય છે, છતાં એમના પર દુર્ભાવ કરાવે એ ઈર્ષ્યા કેવી ભયંકર ! એ જીવને નાલાયક અને આગળ વધીને દુર્લભબોધિ અર્થાત્ ભવાંતરે ધર્મથી હીન બનાવી દે છે. ઈર્ષ્યાની કેવી ભયંકર સજા !

**આ ઈર્ષ્યાથી કેમ બચાય ?**

(૧) પહેલું તો ઉપરોક્ત ભયંકરતાઓ વિચારવી, અને ચિંતવવું કે 'ઈર્ષાથી વળતું કાંઈ નથી, તો શા સારું ઈર્ષ્યા કરીને ધર્મ-સુકૃતાનુમોદના વગેરે ગુમાવવું ?

(૨) બીજું એ વિચારવું કે જેના પર ઈર્ષ્યા કરું છું એને સંપત્તિ-સત્તા-સન્માન અધિક મળે છે, તો એ એના પુણ્યથી એને મળે છે. એમાં એના પર બળવું શા માટે ? આપણી પાસે પુણ્યનાણું ઓછું, તેથી આપણને એ માલ ન મળે એ સહજ છે. બજારમાંથી અધિક નાણાંવાળો ઊંચો માલ ખરીદી જાય તેથી કાંઈ એ ન ખરીદી શકનારો ગરીબ બળતો નથી કે આને કેમ સારો માલ મળ્યો, ને મને નહિ ? એ તો સમજે જ છે કે આપણી પાસે નાણાં ન હોય એટલે આપણને માલ ન મળે, નાણાંવાળાને મળે એ સ્વાભાવિક છે.

(૩) ત્યારે બીજા જો ગુણથી અધિક છે, અધિક ત્યાગ, અધિક તપ,...વગેરે સુકૃત કરે છે, સારી વ્યાખ્યાન શક્તિથી અધિક લોકોપકાર કરે છે, તો એમની પ્રત્યે ઈર્ષાથી બળવાનું શા માટે ? એમનો અધિક પુરુષાર્થ છે, અધિક સત્ત્વ છે. ત્યાં મારામાં એક તો તેવા સત્ પુરુષાર્થ નહિ. તેવું સત્ત્વ નહિ, એ ખામી, એના પર વળી ઈર્ષાથી ગુણ દ્વેષ-સુકૃતદ્વેષનો અપરાધ કાં કરું ?

(૪) એમ બીજાને લોકો બહુ માને છે, પૂજે છે, આવકારે છે, વખાણે છે, એમાં એનું સૌભાગ્ય-આદેય-યશનામકર્મોનું પુણ્ય તેમજ ગુણો કામ કરે છે, તેમ લોકોમાં કૃતજ્ઞતા-ગુણાનુરાગ વગેરે ગુણો કામ કરી રહ્યા છે. ત્યાં પણ ઈર્ષ્યા કેમ જ કરાય ? એ ઈર્ષ્યા તો ઉભયના ગુણ પર દ્વેષરૂપ થાય. ફોગટ મારા હાથે મારું જ બગાડું ?

(૫) ગુણ-સુકૃતનો દ્વેષ એના બીજને જ બાળી નાંખે છે. એ બળી જાય એટલે ભવિષ્યમાં ગુણ-સુકૃત પામવાની ભૂમિકા જ ખત્મ થાય. એનું પરિણામ, દોષ-દુર્ગુણો અને પાપમય જીવન જ મળે. આમ ઈર્ષ્યા કરવામાં કશો લાભ થવાનો નથી, ને ભાવી ભયંકર સર્જાય છે. કેમકે એવા દોષ-પાપમય જીવન એટલે હલકા મ્લેચ્છ-અનાર્ય કે તિર્યંચના ભવ જ મળે.

એમ, 'દુનિયાના કચરાપટ્ટી વિચારો એ અસાર, અને સુંદર ધાર્મિક વિચારો,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

તાત્ત્વિક વિચારણા એ સારભૂત,' એમ દુન્યવી બાબતો અને એની વાતોચીતો, એની પંચાત, એ અસાર નિસ્સાર' એ સમજ હૈયે બરાબર વસી હોય એને વિવેક કહેવાય; પછી એને અનુસારે દુન્યવી બાબતો-પંચાત-વાતોચીતો સામે આવે ત્યાં હૈયું એવી ગ્લાનિથી દેખે એ વિવેકદર્શન કર્યું; તેમ ધાર્મિક વિચારો તાત્ત્વિક વિચારણાનો પ્રસંગ સામે આવે ત્યાં એના પ્રત્યે હૈયું ઉલ્લસિત થાય, એને તારણહાર તરીકે દેખે, એ વિવેકદર્શન કર્યું ગણાય.

આ વિવેકદર્શન એકાએક નથી આવતું, એ તો એનો બહુ અભ્યાસ કરાય ત્યારે સિદ્ધ થાય છે. એ સિદ્ધ કરવા મુખ્ય આ છે કે અસાર અને હેય-ત્યાજ્ય પદાર્થની વાત આવે ત્યાં એને ગ્લાનિથી દેખવાનો હોય, હર્ષ-હોંશ-ઉલ્લાસથી નહિ. દા.ત. દુન્યવી સુખ-સુખસાધનરૂપ ધન-વિષય-વિકથા-આરંભ-સમારંભાદિની વાત આવે ત્યાં 'હાય !' થાય. 'હાશ !' નહિ. આવું જ થયા કરે તો જ સારભૂત, આદરણીય દાન-શીલ-વ્રત-અહિંસાદિની વાતમાં 'હાશ!' ઉમળકો-આનંદ ઉલ્લાસથી એને જોવાનું થાય. આવું વિવેકદર્શન થાય એટલે પછી સહેજે અસત્ નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિ અર્થાત્ અસાર હેયનો શક્ય ત્યાગ અને સારભૂત-ઉપાદેય-આદરણીયની શક્ય પ્રવૃત્તિ થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૭,અંક-૮,તા.૪-૧૧-૧૯૭૮

## ૬ વિવેકદર્શન

### (લેખાંક-૧)

માનવ દેહની કિંમત અસત-નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિથી છે. એ વિવેકદર્શનથી સાધ્ય છે. વિવેકદર્શન નિર્મળ બુદ્ધિથી થાય માનવબુદ્ધિની કિંમત વિવેકદર્શન પર છે. વિવેક એટલે સાર-અસારના, હેય-ઉપાદેયના ભેદની સમજ. આપણને જો સમજ છે કે ખરેખર સારભૂત શું અને અસાર શું, જીવનમાં હેય ત્યાજ્ય શું, ને ઉપાદેય-આદરણીય શું, તો આપણામાં વિવેક પ્રગટ્યો ગણાય. એ વિવેક પ્રગટ્યા પછી તે તે વસ્તુને તે તે રીતે લેખીએ, એને અનુરૂપ હૃદયના ભાવથી દેખીએ-આવકારીએ, એ વિવેકદર્શન કહેવાય.

દા.ત. આપણે દિલથી સમજીએ કે 'દાન એ સારભૂત અને પરિગ્રહ એ અસાર,' તો એ વિવેક કર્યો કહેવાય. પછી નજર સામે પરિગ્રહ આવે એટલે એના પ્રત્યે દિલ ગ્લાનિ અનુભવે કે 'હાય ! આ તો લક્ષ્મી માયાની કેદ; આપણને એવા



જકડી રાખે કે મનને પરમાત્મામાં, પરમાત્મ-ભક્તિમાં યા બીજા કોઈ દાનમાં જવા જ ન દે !' આમ, પરિગ્રહ (૧) મનને જકડી રાખી પ્રતિક્ષણ પાપનાં પોટલાં બંધાવે; તેમજ (૨) બીજું એ કે પરિગ્રહ કિંમતી છે, કામનો છે, બહુ સારો,' એવી કુબુદ્ધિ રખાવી એના કુસંસ્કારોનો ઢેર આત્મા પર ખડકાવે, એટલે પછી એ સંસ્કાર જીવનના અંતકાળે પણ મનને સમાધિ ન પામવા દે, અને પરલોકે તો એનાં પાપ કર્મોના વિપાકમાં ભયંકર દુઃખ-દુર્દશા, તથા એ કુસંસ્કારોના ફળમાં એ જ લત-લગન અને એના યોગે પાપિષ્ઠ જીવન ! આમ પરભવે જીવને બેય રીતે માર, - (૧) દુઃખ જ દુઃખ ! અને (૨) પાપ જ પાપ ! શાના લીધે આમ ? પરિગ્રહના લીધે, 'હાય ! ત્યારે પરિગ્રહ આટલો બધો ભયંકર ? આવો અસાર !' એમ પરિગ્રહ પ્રત્યે હૈયામાં જે ગ્લાનિ થાય, નિસાસો પડે એ પરિગ્રહનું વિવેકદર્શન કર્યું કહેવાય.

એથી ઊલટું, દાન માટે દિલમાં એવી સમજ બેઠી હોય કે 'દાન એ જીવનનો એક લહાવો ! એ એક ખરેખર સારભૂત બાબત' આ સમજ એ વિવેક જાગ્યો ગણાય, પછી દાનની વાત આવે ત્યાં હૈયું હરખે, 'વાહ ! દાનની કરણી કેવી સરસ !' એ ધર્મનો સાચો રંગ લગાડે. કેમકે ધર્મ માટે દાન કર્યું એનો અર્થ એ કે પૈસા-પરિગ્રહ કરતાં ધર્મ વધારે ગમ્યો. માટે તો વહાલામાં વહાલા પણ પૈસા ધર્મ ખાતર જતા કર્યા. પૈસા કરતાં ધર્મ વધુ વહાલો કર્યો. 'ના, પૈસા તો મારે બહુ કામના છે. તેથી ધર્મ ખાતર એને ખરચી ન નખાય,' એવું જો મનને થતું હોય તો ત્યાં દેખાવમાં તો મન મનાવી લેશે કે 'મને ધર્મ ગમે છે, ધર્મનો રંગ છે,' પરંતુ ખરેખર તો એ ધર્મરંગ ફટાકિયો, પણ અંતરનો નહિ. ત્યારે દાન એ ધર્મ પર અંતરનો રંગ લગાડે છે, ને એ પરલોક માટે ધર્મનું રીઝર્વેશન કરે છે, પરલોકે ધર્મ અવશ્ય મળે. વાહ ! દાન કેવું તારણહાર ! અહીં ધર્મ અંતકાળે પણ સુંદર ઠંડક આપે કે 'હાશ ! જીવનમાં આટલાં દાન સુકૃત થઈ ગયાં એ સારું થયું. પરલોકે ધર્મ મળવાનું નિશ્ચિત થઈ ગયું છે, તેથી ધર્મ મળી શકવા યોગ્ય સદ્ગતિ પણ નિશ્ચિત થઈ ગઈ છે,' આમ અંતકાળે શાન્તિ સમાધિ સુકૃત અનુમોદના રહેવાની; અને સુકૃત-અનુમોદના એટલે પુણ્યાનુબંધી પુણ્યની આવક, તથા પરલોકે દાનજનિત પુણ્યનાં વિપાકમાં સુખ-સમૃદ્ધિ તથા દાનના સુસંસ્કારના ફળમાં દાનબુદ્ધિ તેથી ત્યાં જીવન ધર્મિષ્ઠ !'

આમ, દાન સારભૂત સમજી એની પ્રત્યે હૈયે હરખ, ઉમળકો, પ્રસન્નતા આવે, એ વિવેકદર્શન કર્યું કહેવાય.

એમ 'સંસારસુખ-દુન્યવી સુખ અને એના વિષયો એ અસાર; અને એના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ત્યાગરૂપ શીલ-સદાચાર, વ્રત-નિયમો એ સારભૂત' - એવી સમજ હૈયે રહે એ વિવેક પ્રગટ્યો કહેવાય; અને પછી એ સુખ અને વિષયો નજર સામે આવે ત્યાં એના પ્રત્યે દિલ ગ્લાનિ અનુભવે પછી એને સદ્ભાવથી નહિ, પણ અભાવથી નીરખે એ વિવેકદર્શન થયું કહેવાય. એથી ઊલટું, શીલ-સદાચાર-વ્રતનિયમની વાત આવે ત્યાં હૈયે ઉમળકો થાય, હરખ થાય, એ શીલ વગેરેને તારણહાર તરીકે દેખે, પ્રસન્નતાથી હૈયે આવકારે, એ વિવેકદર્શન કર્યું કહેવાય.

એમ 'ખાવાના રસોના ત્યાગ, ખાવાના ટંક-ત્યાગ, વિવિધ તપસ્યા, એ જીવનનો લહાવો, એ સારભૂત. ત્યારે રસમિજબાની, બહુ દ્રવ્યોની ઉજાણી, ખાવાના વધુ ટંક, એ બધું અસાર-માનવભવની એમાં બરબાદી, એવી સમજ હૈયે બેઠી હોય એ વિવેક જાગતો કહેવાય. પછી એ સાર-અસારના વિવેક પર, ખાનપાન - રસમોજની વાત આવે ત્યાં હૈયું ગ્લાનિ અનુભવે, એ નિરંકુશ ખાનપાન-રસમોજને નિસાસાથી દેખે, એ વિવેકદર્શન કર્યું કહેવાય; ત્યારે ત્યાગ-તપની વાત આવે ત્યાં હૈયું હરખ અનુભવે, પ્રસન્નતા-ઉજમાળતા અનુભવે, એ વિવેકદર્શન કર્યું કહેવાય.

એમ, 'દુનિયાના કચરાપટ્ટી વિચારો એ અસાર, અને સુંદર ધાર્મિક વિચારો, તાત્ત્વિક વિચારણા એ સારભૂત,' એમ 'દુન્યવી બાબતો અને એની વાતોચીતો, એની પંચાત, એ અસાર નિસ્સાર' એ સમજ હૈયે બરાબર વસી હોય એને વિવેક કહેવાય; પછી એને અનુસારે દુન્યવી બાબતો-પંચાત-વાતોચીતો સામે આવે ત્યાં હૈયું એને ગ્લાનિથી દેખે એ વિવેકદર્શન કર્યું; તેમ ધાર્મિક વિચારો તાત્ત્વિક વિચારણાનો પ્રસંગ સામે આવે ત્યાં એના પ્રત્યે હૈયું ઉલ્લસિત થાય, એને તારણહાર તરીકે દેખે, એ વિવેકદર્શન કર્યું ગણાય.

આ વિવેકદર્શન એકાએક નથી આવતું, એ તો એનો બહુ અભ્યાસ કરાય ત્યારે સિદ્ધ થાય છે એ સિદ્ધ કરવા મુખ્ય આ છે કે અસાર અને હેય-ત્યાજ્ય પદાર્થની વાત આવે ત્યાં એને ગ્લાનિથી દેખવાનો હોય, હર્ષ-હોશ-ઉલ્લાસથી નહિ. દા.ત. દુન્યવી સુખ-સુખસાધનરૂપ ધન-વિષય-વિકથા-આરંભ-સમારંભાદિની વાત આવે ત્યાં 'હાય !' થાય. 'હાશ !' નહિ. આવું જ થયા કરે તો જ સારભૂત આદરણીય દાન-શીલ-વ્રત-અહિંસાદિની વાતમાં 'હાશ !' ઉમળકો-આનંદ ઉલ્લાસથી એને જોવાનું થાય આવું વિવેકદર્શન થાય એટલે પછી સહેજે અસત્-નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિ અર્થાત્ અસાર હેયનો શક્ય ત્યાગ અને સારભૂત-ઉપાદેય-આદરણીયની શક્ય પ્રવૃત્તિ થાય.





## ⑦ વિવેકદર્શન (પ્રયોગો)

### (લેખાંક-૨)

ગત લેખાંકમાં એ જોયું કે વિવેકદર્શન કે જે સમ્યગ્દર્શન માટે અતિ જરૂરી અંગ છે, એમાં 'વિવેક' એ સાર અસાર અને હેય-ઉપાદેયની અંતરથી ઓળખ છે, તેમજ આપણી સામે ઉપસ્થિત થતી પરિસ્થિતિ-પદાર્થ કે પ્રસંગને એવી ઓળખ પૂર્વક નિહાળી એને એ પ્રમાણે નવાજવા એ વિવેકદર્શન' અર્થાત્ જે સારભૂત-ઉપાદેયને હર્ષથી વધાવવાના; અને અસાર-હેયને ગ્લાનીથી નવાજવાના, સારમાં દિલ આકર્ષાય, અસારમાં દિલ ઊભરે. હવે અહીં એવા વિવેકદર્શનના કેટલાક પ્રયોગ જોઈએ.

લક્ષ્મણના રામ ઉપરના પ્રેમની પરીક્ષા કરવા દેવતાએ એની આગળ અંતઃપુરને રોતું કકળતું બતાવ્યું. 'કેમ રુઓ ?' ખબર નથી ? રામ મરી ગયા !' એ સાંભળતાં જ લક્ષ્મણને 'હેં ?' કહેતાક ડાગળી ફાટી ! હૃદયાઘાત અને મૃત્યુ થયું ! રામ એ જાણી દોડતા આવ્યા પણ લક્ષ્મણને મરેલો માનવા તૈયાર નથી, તે પાગલની જેમ એને બોલાવવા-મનાવવા ને ખવરાવવા-પીવરાવવાની ચેષ્ટા કરે છે ! ત્યાં પહેલાં રાજ્ય ગાદીને સૂની ન રાખવા મંત્રીઓ રામપુત્ર લવણઅંકુશને કહે તમે રાજ્યગાદી સ્વીકારી લો, નહિતર રાજ્ય પર કોઈ શત્રુના આક્રમણનો સંભવ છે.'

**લવણ-અંકુશ** અહીં વિવેક કરે છે – 'ઊંચા આર્યમાનવ-અવતારે નાશવંત અને અવિશ્વસનીય જીવનમાં રાજ્યપાટ વગેરે એ સંસાર અસાર અને સંયમ એ સારભૂત, એ જ ઉપાદેય આદરણીય.' એવા વિવેકપૂર્વકનું-એવું દર્શન કરે છે કે સામેથી મંત્રીઓ તરફથી કાલાવાલા-મનામણાં સાથે ધરાતી રાજ્યગાદીને ખેદપૂર્વક તુચ્છ દેખે છે, ખતરનાક દેખે છે, ને સંયમને હોંશપૂર્વક સ્વીકારી લેવા યોગ્ય લેખે છે. આવા વિવેકદર્શનથી મંત્રીઓને કહે છે,

'જો આવા સમર્થ લોખંડી શરીરવાળા કાકાનાં જીવનનો એકાએક અંત થાય છે, જો આવા મહાસ્વસ્થ બુદ્ધિસંપન્ન પિતાજીને કલ્પના બહારની પાગલતા આવે છે, તો અમારા જીવનને અને સ્વસ્થ બુદ્ધિને ટકવાનો શો ભરોસો કે એ એકાએક નષ્ટ ન જ થાય ? ને એમ બને તો અમે માનવભવમાં જ શક્ય એવી સંયમ સાધના વિના જ રહી જઈએ ! માટે અમે સંયમ લેવા ગુરુ પાસે જઈએ છીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

રાજ્યગાદી, બસ, સૌના ઘણાં આક્રંદ છતાં એ તરત જ સંયમ લેવા ચાલી ગયા. આ વિવેકદર્શનનો પ્રયોગ થયો.

એમ, મોટા પુત્ર અને મંત્રી **અભયકુમાર**ને શ્રેણિક રાજા કહે છે 'હવે મારી ઉંમર થઈ, તું આ મગધ દેશનું રાજ્ય સંભાળી લે ! અભયકુમાર પ્રભુ પાસેથી જાણી લાવે છે કે 'હવે કોઈ રાજા દીક્ષા નહિ લે;' એટલે વિવેક કરે છે કે 'રાજ્યશ્રી એ નરકશ્રી, અને સંયમશ્રી એ મોક્ષશ્રી. ગમે તેવા મોટા સામ્રાજ્યની ઠકુરાઈ, ગમે તેવા ભરચક આનંદને દેનારી, પરંતુ અંતે નરકદાયી ! ભવભ્રમણવર્ધિની માટે એ અસાર; ને સંયમ એ સાર.' આ વિવેકપૂર્વક દર્શન એ કર્યું કે સામ્રાજ્યને 'હાય ! ગોઝારું' એ રીતે દેખે છે, સંયમને 'હાશ ! અનંત કલ્યાણભર્યું' એમ દેખે છે. આ વિવેક દર્શનનો એવો પ્રયોગ કર્યો કે તરત જ સંયમ લેવા ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પાસે પહોંચી ગયા.

તો પિતા **શ્રેણિકરાજા**એ પણ એવો વિવેક કર્યો કે પોતાની જાતની નિરાંત-સેવા સગવડને અસાર લેખ્યા, ને પુત્રના આત્મહિતને સારભૂત દેખ્યું. ત્યાં વિવેકદર્શન એવું કર્યું કે પોતાની નિરાંત-સેવા-સગવડ પ્રત્યે અરુચિની દૃષ્ટિ રાખી, અને પુત્રના સંયમગ્રહણ પ્રત્યે ખુશીખુશાલીનો ભાવ રાખ્યો. એનો પ્રયોગ એવો કર્યો કે પોતે પુત્રને દીક્ષા જાતે ઊભા રહીને ખુશીથી અપાવી.

**ભરત ચક્રવર્તી** આરીસા ભવનમાં સહેજ વાત પર ચિંતનમાં કેવળજ્ઞાન શી રીતે પામ્યા ? કહો, દીર્ઘકાળ વિવેકદર્શન કરવાનું રાખેલું, મોટું છ ખંડનું રાજ્ય વગેરે બાહ્ય પદાર્થોને વિવેકથી અસાર લેખી એના પર વૈરાગ્ય ભાવ રાખેલા અંતરના ઊંડાણમાં એક પ્રકારની નફરત અરુચિ. 'હાય ! ક્યાં માયાની ફસામણી !' એમ દિલ દર્દ રહેતું. તેથી તો કહ્યું, 'ભરતજી મનહી મેં વૈરાગી.' વિવેકદર્શનના આ વારંવારના પ્રયોગના ઘેરા સંસ્કાર આત્મા પર પડેલા તેથી આરીસાભવનમાં સમસ્ત સંયોગોની અનિત્યતા વિચારતાં એ વૈરાગ્યના જોરદાર સંસ્કારો જાગ્રત્ થઈ ગયા. એના સહારે વિવેક દર્શન વધી ગયું ! પ્રબળ થઈ ગયું. તે સર્વવિરતિ-અપ્રમત્તતા વગેરેના ભાવ જગાવવા દ્વારા અનાસક્તતાએ પહોંચી વીતરાગતાની ચરમ સીમાએ જઈ વસ્યું. રોજના વિવેક દર્શનના પ્રયોગોનો આ લાભ !

**બાહુબલ** પર ભરતજીએ અન્યાય યુદ્ધથી ચક્ર છોડ્યું. એક ગોત્રના હિસાબે ચક્ર ફેઈલ ગયું. બાહુબલજીએ અન્યાયની શિક્ષા કરવા ભરતજીને મસ્તક પર પોતાની



લોખંડી મુષ્ટિ મારી ખત્મ કરવા મુષ્ટિ ઉપાડી દોડ્યા, અહીં સુધી વિવેકદર્શન નહોતું, પરંતુ હવે અધરસ્તે વિવેકદર્શન આવ્યું. મોટા ચક્રવર્તી ભરતજીને મુષ્ટિથી ખત્મ કરી જે યશ મળે, અન્યાયની પાકી સજા થાય, એ બધાંને અસાર તુચ્છ લેખ્યો. આવી અસારની જ રમતો અને પાપસેવન કરાવનાર સુખમય પણ સંસાર આખાને નિસ્સાર ખતરનાક લેખ્યો, એમાં 'હાય !' અનુભવીને એના ત્યાગમાં હાશ !' નિરાંત અનુભવી, ને એ જ ઉપાડેલી મુષ્ટિથી પોતાના કેશનો લોચ કરી સાધુ બની ગયા ! ત્યાંય કેવળજ્ઞાની નાનાભાઈઓને વંદન ન કરવાના માનમાં ચડ્યા હતા, એ માટે સ્વયં કેવળજ્ઞાની થવા બાર મહિના ધ્યાનમાં ઊભા હતા, અંતે 'વીરા મોરા ! ગજ થકી ઊતરો' એવા બેનસાધ્વીઓનાં વચન પર વિવેકદર્શન થયું, એ માનની લાગણીને અસાર તુચ્છ લેખી એમાં 'હાય !' અનુભવી, કેવળજ્ઞાની ભાઈઓને વંદનને સારભૂત લેખી 'હાશ ! ક્યારે વંદન કરું ને મારા માનકષાયના ફુરચા ઉડાવું !' એમ એમાં 'હાશ !' અનુભવી તો સર્વ કષાયના અંત, વીતરાગતા અને સર્વજ્ઞતા સુધી પહોંચી ગયા.

આમ મહાપુરુષોનાં વિવેક દર્શનના પ્રયોગોનું વારંવાર ચિંતન કરી પોતાના જીવનમાં ડગલે ને પગલે વિવેક દર્શનના પ્રયોગ અર્થાત્ અમલ કરવાના છે. જ્યાં જ્યાં બાહ્યની અનુકૂળતા દેખાય ત્યાં ત્યાં 'આ તો અસાર તુચ્છ; હાય ? ક્યાં આ ફસામણી ! અસત્‌ની રમતો અને પાપસેવન કરાવનારો 'હાય ! આ કેવો ગોઝારો સંસાર !' એમ મનને થયા કરે એની સામે 'હાશ ! કેવો કલ્યાણકારી દાનાદિ ધર્મ ! ક્ષમાદિ ધર્મ ! અહિંસાદિ ધર્મ !' જિનભક્તિ આદિ ધર્મ !' એમ સારભૂત-ઉપાદેયમાં 'હાશ !' ના અનુભવ થયા કરે.

એમ, ધન નાશ વગેરે આપત્તિમાં આર્તધ્યાન થતાં આ વિવેકદર્શન થાય - 'હાય ! ક્યાં આ બાહ્યનાશવંત અસાર ધન શરીર વગેરેને મહત્ત્વ આપી રહ્યો છું. જેથી એની ચિંતા આર્તધ્યાન થાય છે ! એન્ઠાા બદલે હાશ ! વૈરાગ્ય-ક્ષમા-જિનભક્તિ આદિ સુકૃતોનું મહત્ત્વ લાગે એની ચિંતા થાય તો કેવું સારું !' સારાંશ જીવન વિવેક દર્શનોથી ભરચક જોઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

# ⑧ નિત્ય પ્રસન્નતા જોઈએ છે ? : આધ્યાત્મિક અભિગમ કરો (Apply Spiritual Approach)

(લેખાંક-૧)

જગતની વચ્ચે રહેતાં આપણે કોઈ ને કોઈ સંયોગ-પરિસ્થિતિમાં મુકાઈએ છીએ, આપણને કોઈ ને કોઈ પદાર્થ આવી મળે છે. આપણી સામે એક યા બીજો પ્રસંગ ઉપસ્થિત થાય છે. એ પરિસ્થિતિ પદાર્થ કે પ્રસંગ સારો ગમતો જ હોય છે એવો નિયમ નથી, નરસો અણગમતો ય હોવાનું બને છે. અરે ! વસ્તુતઃ સારો ય હોય, છતાં, કેટલીયવાર એવું બને છે કે 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ, આપણે એને અમુક દૃષ્ટિએ જોઈએ છીએ એટલે આપણને એ અનિષ્ટ અણગમતો-ખરાબ લાગે છે.

ઓછપની આપણી દૃષ્ટિ વસ્તુમાં ખરાબપણાની સૃષ્ટિ-સર્જન કરે છે. એથી મનની પ્રસન્નતા ઘવાય છે.

દા.ત. મોંઘવારીના લીધે મનમાની ચીજવસ્તુ ન ખરીદી શક્યા, ન ભોગવી શક્યા, ત્યાં મન ખેદ-અપ્રસન્નતા અનુભવે છે કે 'હાય ! આ કેવી જાલિમ મોંઘવારી !' પરંતુ ખરી રીતે એ મોંઘવારી જાલિમ નહિ, પણ સારી છે; કેમકે આપણા મોજીલા વિલાસી સ્વભાવ પર અંકુશ મૂકી આપણને ઉદ્ભટ ભોગ-વિલાસથી બચાવી લે છે. તેથી જો આ દૃષ્ટિએ જોયું હોત તો લાગત કે 'સારું છે, આવી મોંઘવારી છે એટલે મારી મોજીલી ભોગવૃત્તિ પર અંકુશ મૂકી મને વધુ પડતા પાપથી ને વધુ પડતા વિષયસંજ્ઞાના નાચથી તથા એના કુસંસ્કારથી બચાવી લે છે !' આવું મનને લાગવા પર મન ખિન્ન નહિ પણ પ્રસન્ન રહે છે.

ભૌતિક સુખ વિલાસને બદલે આત્મિક હિતાહિતની દૃષ્ટિએ જોવાથી પ્રસન્નતા રહે છે.

આ મોંઘવારીના પ્રસંગ પર આધ્યાત્મિક અભિગમ છે, Spiritual approach છે, અર્થાત્ એને આત્માની દૃષ્ટિએ અપનાવવાનું કહેવાય, ને એમાં પ્રસન્નતા રહે. ત્યારે જો શરીરને કે મનને શું સુખકારી ?' એ જોવા જઈએ તો એ ભૌતિક અભિગમ કર્યો કહેવાય; ને એમાં મોંઘવારીમાં શરીરને-મનને મોજ ઓછી મળે એવું લાગવાથી દૂબળા પડવાનું થાય છે, ખેદ-ખિન્નતા થાય છે. ખૂબી તો એ છે કે પાછું આ ખેદ-સંતાપ કરવા છતાં લલાટ સાંકડું, ને મોંઘવારી અને



આવકમાં ફેર પડતો નથી કે મોજ મળે ! ખિન્નતા તો ઊભી જ રહે છે.

ડહાપણ શેમાં ? ખિન્ન રહેવામાં ? કે પ્રસન્ન રહેવામાં ? જીવન સારું કયું ? ખેદભર્યું ? કે પ્રસન્નતાભર્યું ? સ્નેહ-સંબંધીને આપણે કેવા ગમીએ ? ખિન્ન ? કે પ્રસન્ન ?

બહારની પરિસ્થિતિ, પદાર્થ કે પ્રસંગ તો કર્માનુસાર મળવાના છે, તે કર્માનુસાર વર્તવાના છે. એમાં આપણા ખેદ-વલોપાત કશો ફેરફાર નહિ કરી શકે તેથી ખેદ-વલોપાત વ્યર્થ છે, નિષ્ફળ છે. વધારામાં એ આપણું દિલ બગાડે છે. નિરાશા - નીસાસા-આર્તધ્યાન આદિ નુકસાન ઊભું કરે છે, ને એથી આત્માનું બગડે છે. ત્યારે જો એના બદલે પ્રસન્ન રહીએ તો એ વિષમ પરિસ્થિતિ-પદાર્થ-પ્રસંગથી કશું દુઃખ લાગતા કોઈ નિરાશા-નીસાસા-આર્તધ્યાન નહિ થાય.

એટલે જ એ હકીકત છે કે જીવને સુખ દુઃખ, એ ઇષ્ટ-અનિષ્ટ પરિસ્થિતિ, પદાર્થ કે પ્રસંગના ઘરનાં નથી, પરંતુ મનની પ્રસન્નતા-અપ્રસન્નતા (ઉદ્વિગ્નતા)ના ઘરનાં છે. મન જો પ્રસન્ન, તો જીવ સુખી, પછી ભલે પરિસ્થિતિ વગેરે ગમે તેવી પ્રતિકૂળ દેખાતી હોય; ને મન જો અપ્રસન્ન-ખિન્ન-ઉદ્વિગ્ન, તો પરિસ્થિતિ વગેરે સારી અનુકૂળ હોય છતાં જીવ દુઃખી છે.

ત્યારે, હવે સવાલ આ રહે છે કે પ્રતિકૂળ પરિસ્થિતિ વગેરેમાં મન પ્રસન્ન શી રીતે બનાવવું ?

આનો જવાબ આ છે કે કોઈપણ ખરાબ પરિસ્થિતિ ખરાબ પદાર્થ કે ખરાબ પ્રસંગને ભૌતિક અભિગમ (material approach) આપો તો ખેદ જ થવાનો; ને એના બદલે જો આધ્યાત્મિક અભિગમ (Spiritual approach) આપો તો પ્રસન્નતા રહેવાની.

દા.ત. પરિસ્થિતિ એવી થઈ કે સારી નોકરી છૂટી ગઈ, ને બીજી તેવા પગારની નોકરી મળતી નથી; હવે જો ત્યાં ભૌતિક અભિગમ કર્યો, એટલે કે જોયું કે 'આમાં તો થોડું ભેગું કરી રાખેલું એમાંથી ખાવાના દહાડા આવ્યા. પૈસા ખૂટવા માંડશે, તેમજ બહાર દુનિયામાં કિંમત ઓછી થશે...' વગેરે, તો આ ભૌતિક - પૌદ્ગલિક દૃષ્ટિનો અભિગમ થયો. આવા અભિગમથી જીવને ભારે ખેદ થવાનો.

એના બદલે જો આધ્યાત્મિક રીતનો અભિગમ કર્યો, એટલે કે આત્માની દૃષ્ટિએ એના પર પહોંચ્યાં, તો એ વિચાર આવશે કે 'ઠીક છે, બીજી સારા પગારની નોકરીની તપાસ કરું, પરંતુ અસલમાં સારી નોકરી હતી તો મારા આત્માને શી કમાઈ હતી ? ને એ ગઈ તો આત્માને શી ખોટ ગઈ ? ખરી રીતે તો -

શું આ ઊંચા માનવજનમમાં સારા પૈસા કમાયા એ જ મહત્ત્વનું છે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

જીવનનું માપ પૈસાની કમાઈ-ખોટ પર કાઢવાનું છે ? કે સત્ત્વ-સમાધિ-સમતાભાવની કમાઈ-ખોટ ઉપર કાઢવાનું ? શું જીવનમાં પૈસા જ કમાવા જેવા છે ? સત્ત્વ-સમાધિ કમાવા જેવા નથી ? પૈસા છતે જો આ નથી, તો જીવન મુડદાલ ને અશાંતિભર્યું છે. એટલે આ નોકરી ગયાનો પ્રસંગ તો મારું સત્ત્વ ખીલવવાનો, અને સમતા-સમાધિ કેળવવા કમાવાનો ધન્ય અવસર છે. પૈસાની સારાસારીમાં શું સત્ત્વ ખીલવવાનું હતું ? કે શી સમતા-સમાધિ કમાવાની હતી ? સારા પૈસાની હૂંફમાં તો એનાં ફાંફાં છે.

તેમ, માનવ જીવન વીતરાગ પ્રભુની સાથે સંબંધ બાંધવા અને વધારવા માટે છે, તે જો ન થાય તો જીવન અને જનમ એળે ગયા !

પ્રભુની સાથે સંબંધ બાંધવા-વધારવાનું તો સત્ત્વ-સમતા-સમાધિથી જ થાય. એથી જ પ્રભુની નિકટ થવાય.

હૈયામાં પ્રભુને એથી જ વસાવી શકાય, સ્થિર કરી શકાય.

'માટે સારી નોકરી ગઈ એ આ સત્ત્વ-સમતા-સમાધિરૂપી સાચી સંપત્તિ કમાવા માટે છે. એ સારું છે' એમ આધ્યાત્મિક અભિગમથી ચિત્ત પ્રસન્ન રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૭૮

## ⑨ નિત્ય પ્રસન્નતા આધ્યાત્મિક અભિગમથી

### (લેખાંક-૨)

ગત લેખાંકમાં એ જોયું કે કોઈપણ ખરાબ પરિસ્થિતિ-પદાર્થ કે પ્રસંગને ભૌતિક અભિગમ આપો તો મન ખિન્ન થવાનું, પ્રસન્નતા ઘવાવાની, પરંતુ જો આધ્યાત્મિક અભિગમ દો, તો મન પ્રસન્ન રહેવાનું. આને કેટલાક દાખલાથી વિચારીએ.

ધારો કે છોકરા સારું કમાતા થયા, તે હવે નિવૃત્ત બાપને ગણતા નથી. બાપનો એવો આદર કરતા નથી, બાપને નભાવવા પડે એટલે જ જેમ તેમ નભાવે છે. અહીં આ પરિસ્થિતિ પર બાપ જો ભૌતિક અભિગમ કરશે કે 'મારે તો દુઃખના દહાડા આવ્યા, છોકરા કમાતા થયા એટલે હાય ! મને ગણકારતા નથી,' તો મન ખિન્ન-અપ્રસન્ન રહેવાનું. પરંતુ એ આધ્યાત્મિક અભિગમ કરે અર્થાત્ આત્મિક દૃષ્ટિથી જુએ. તો એને લાગે કે 'આ પરિસ્થિતિ ચલાવી લેવાની જ છે, મારાં જ અશુભ કર્મનો ઉદય હોઈ એમાં કાંઈ ફરક પડવાનો નથી, તો મારે શા



સારું ભૌતિક દૃષ્ટિ રાખીને રોદણાં રોઈ જાતે જ અપ્રસન્નતા ઊભી કરવી ? લાવ, એને આત્માની દૃષ્ટિએ વિચારવા દે.' આત્માની દૃષ્ટિ આ,-

શું આ ઉચ્ચ જીવનમાં એકલા ભૌતિક સુખ-સગવડ-સન્માન મળે એટલે બસ છે ? કે પરમાત્મ-ધ્યાન, પરમાત્મ-ભક્તિ-તત્ત્વ ભાવના-મૈત્રી-કરુણા-ક્ષમા સહિષ્ણુતા-વગેરે સારા કેળવાય, એ જરૂરી છે ? જો હું આસ્તિક છું, આત્માને માનનારો છું. તો આ આત્મહિતકર પ્રભુભક્તિ વગેરેની જરૂર નથી એમ મનાય નહિ. તેમ એના વિના મનને શાન્તિ પણ મળવાની નથી. એકલી સુખ-સગવડ કે સન્માનાદિમાં તો ઈર્ષ્યા અસૂયા, ખોવાવાનો ભય, ઘટવામાં સંતાપ...વગેરેથી અશાન્તિ રહેવાની. ત્યાં જો તાત્ત્વિક ભાવના, વૈરાગ્યભાવના ને મૈત્રી પ્રમોદાદિ સાથે હશે તો બીજાને વધુ સુખ સગવડ દેખી મૈત્રી-પ્રમોદભાવના પ્રતાપે ઈર્ષ્યા નહિ થાય, તાત્ત્વિક ભાવના 'અનિત્યતા'ની ભાવના હોવાથી એ ખોવાવાનો ભય નહિ રહે, કેમકે મન સમજે છે કે 'આ સુખ-સગવડ-સન્માનના સંયોગ તો અનિત્ય છે, ક્યારેક એ જવાનાં જ છે. પછી એ જાય એમાં ખેદ શો ? સવારે રૂપિયાનો ફૂલહાર લાવ્યા ત્યારથી ખબર છે કે 'આ સાંજે કરમાઈ જવાનો જ છે, પછી એવો અનિત્ય છે, તો પછી સાંજે કરમાઈ જતાં કશો ખેદ નથી થતો, કે દિવસના એ વપરાતાં ભય નથી રહેતો કે 'હાય ! કરમાઈ જશે તો ?'

એમ એ સુખ સન્માન પર કોઈ આક્રમણ કરે ત્યાં કર્મવિપાકની તાત્ત્વિક ભાવના સાથે જો હૈયે મૈત્રીભાવ છે, તો સામા પર દ્વેષભાવ નહિ થાય; પણ એ જ સ્નેહ ઊભો રહેવાનો. એમ જો ક્ષમા-સહિષ્ણુતાની સંપત્તિ પણ કમાવવી છે, તો સામા પર ક્ષમા રાખી જાતે સહી લેવાનો ધન્ય અવસર મળ્યો મનાશે.

આ બધો ખરાબ પરિસ્થિતિ પર આધ્યાત્મિક અભિગમ છે. આત્માના લાભાલાભની દૃષ્ટિએ પરિસ્થિતિને મૂલવવાની છે.

આ હિસાબે હવે જુઓ કે સારું કમાતા થઈ ગયેલા છોકરાં બાપને બહુ ગણતા નથી એ પરિસ્થિતિમાં બાપ જો એના પર આધ્યાત્મિક અભિગમ કરશે, તો એને લાગશે કે-

(૧) જો મારે દીકરા પર મૈત્રીભાવ-સ્નેહભાવ ઊભો રાખવો હોય તો એમના તરફથી થતી અવગણના-અનાદર ધ્યાનમાં નહિ લેવાં જોઈએ. મૈત્રીભાવને દુઃખમાં અવસર છે. બાકી સારાસારીમાં શો મૈત્રીભાવ કમાવાનો-કેળવવાનો હતો ? ખરો મૈત્રીભાવ તો અત્યારે કસોટીમાં કેળવી-કમાઈ લેવાનો ગણાય. તો સારું થયું આ મૈત્રીભાવ કેળવવાનો અવસર મળ્યો !

(૨) વળી સારાસારીમાં સામા પર ક્ષમા ય શી રાખવાની ? અને સહિષ્ણુતા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ય શી કેળવવાની ? એ તો આ પ્રતિકૂળ દેખાતી પરિસ્થિતિ વખતે જ સામા પર ક્ષમા રાખવાનો અને જાતે સહિષ્ણુતા કેળવવાનો અવસર ગણાય. તો સારું થયું આ ક્ષમા-સહિષ્ણુતાની આત્મસંપત્તિ કમાઈ લેવાનો અવસર મળ્યો !

(૩) બાકી ખરેખર તો અત્યારે પરમાત્મ-ચિંતન, પરમાત્મ-ભક્તિ કરવાનો સોનેરી અવસર છે. દીકરા મને બહુ ગણતા-માનતા હતા ત્યારે તો એમાં હું ફુલાઈ-ફુલાઈને એમનું ચિંતન કરતો, ને એમને સારા રાખવા મથતો. અર્થાત એમની ભક્તિ કરતો; ને પરમાત્માને ચિંતવવા-ભજવાનું ભૂલી જતો. હવે જ્યારે મારાં અશુભ કર્મવશ છોકરા મને બહુ ગણતા-પૂછતા નથી, બોલાવતા નથી, ત્યારે તો હવે એ લોથમાંથી બચી જવાને લીધે પરમાત્માનું ચિંતન ને પરમાત્માની ભક્તિ કરવાનો સોનેરી મોકો મળ્યો છે ! તો એ જ કરું, એ જ સાચી સંપત્તિ છે, સાચી કમાઈ છે. દીકરાઓને મનથી ધન્યવાદ આપું કે 'દીકરા ! ધન્ય છે તમને કે તમારી ચિંતા મુકાવી. આવા સુંદર પરમાત્મ-ચિંતન-ભક્તિનો મને અવસર આપ્યો.

(૪) વળી આ સુખ-સન્માન આમે ય ક્યાં કાયમ ટકવાના હતા ? છેવટે મરીને તો મૂકવાના જ હતા. તો ભલે ને અત્યારે જ મુકાઈ ગયા. એમાં મારા આત્માને શી ખોટ આવી છે ? ઊલટું, છોકરા તરફથી અનાદર અવગણના આવવામાં મારાં અશુભ કર્મ ખપી રહ્યાં છે, 'ભોગવાઈને નષ્ટ થઈ રહ્યાં છે, એ તો આત્માનો કચરો સાફ થઈ રહ્યો છે ! માટે એમાં હું શું કામ દૂબળો પડું ?'

આમ કચરાના નિકાલમાં પ્રસન્નતા રહેવાની. તેમ, આ પરિસ્થિતિમાં છોકરા આગળ રોફ નહિ મરાય, એટલે માનકષાયને દબાવાનું થશે; એ પણ જીવનની એક સારી કમાણી છે. એમ સમજીને ય પ્રસન્નતા રહેશે.

આમ અનિષ્ટ પરિસ્થિતિને આધ્યાત્મિક અભિગમ આપવાથી અર્થાત્ આત્માની દૃષ્ટિએ જોવાથી મનની પ્રસન્નતા સારી ઊભી રહેવાની.

એમ, ધારો કે ખરીદીમાં ઠગાયા, ખરાબ માલ આવી ગયો; ત્યાં જો ભૌતિક અભિગમ કર્યો તો પ્રસન્નતા ગઈ, કલેશનો પાર નહિ. પણ જો આધ્યાત્મિક અભિગમ કરીએ, તો લાગે કે આના પર મારું જીવન નથી, તે માલ ખરાબ પર મારું હૈયું ખરાબ કરું ? ખરાબ માલ તો કર્મે આપ્યો, પણ સંકલેશથી ખરાબ હૈયું તો હું કરું તો જ થાય તે હું શા સારું કરું ? ભલે કર્મે આ ખરાબ આપ્યું, પણ બીજું મને કેટલું ય સારું આપ્યું છે ? સારો નવકાર મંત્ર, વીતરાગ દેવ, ત્યાગી ગુરુ, જૈન તત્ત્વો, દયા-દાન-શીલ, શાસ્ત્રો શત્રુંજયાદિ તીર્થો, તપ-જપ. વગેરે કેટકેટલું ય સારું આપ્યું છે ? ક્યાં એનું ઊંચું મૂલ્ય ? ને દુન્યવી માલનું મૂલ્ય ? વળી 'માલ ખરાબ' માનું છું પણ મારો આત્મા ખરાબ છે એ ક્યાં જોઉં છું ? સારું થયું



આ ખરાબ-માલ આવીને મારા આત્માનું ભાન કરાવ્યું ! એક તો પૂર્વે પુણ્ય દુબળું ઊભું કરેલું એ ખરાબી; અને અહીં બહુ રાગ-દ્વેષના સંકલેશ કરું છું એ ખરાબપણું સારું થયું આ ભાન થયું તો હવે સબળ પુણ્ય ઊભું કરવા સુકૃત-સદ્‌ગુણમાં લાગીશ, અને સંકલેશ ઘટાડવા પરમાત્મ પ્રીતિ વધારીશ.' આમ પ્રસન્નતા રહે એ આધ્યાત્મિક અભિગમથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૨,તા.૨-૧૨-૧૯૭૮

## (૧૦) ધર્મમાં મન સ્થિર કેમ રહે ?

આપણી અને મોક્ષની વચ્ચે ધર્મની સડક છે. એ સડકે બરાબર ચાલ્યા કરીએ તો મોક્ષનું મથક આવીને ઊભું રહે. ધર્મમાર્ગનો કોઈ ઉપયોગ હોય તો આ જ છે કે એ માર્ગે ચાલતાં મોક્ષ નિકટ થાય અને અંતે મોક્ષ આવીને ઊભો રહે; જનમ-મરણની વિટંબણા ટળે. ધર્મથી દેવ-મનુષ્ય ગતિનાં સુખ મળે એ તો વચલાં સ્ટેશન, પરંતુ જો ત્યાં ધર્મમાર્ગ ભૂલીએ તો મોક્ષની સડક પરથી ખસી સંસારની સડક પર ચાલ્યા. એટલે જ વર્તમાનમાં મળેલાં સુખ-સાધન-સગવડ વખતે ય આ જોવાનું છે કે આપણે ધર્મમાર્ગ ઉપર છીએ ને ? ધર્મસાધનામાં લાગેલા છીએ ને ?

મૂંઝાવાનું નથી કે 'ચોવીસે કલાક ધર્મસાધના ? તો ખાવું-પીવું વગેરે કશું કરવાનું નહિ ?' આ મૂંઝવણ ખોટી છે, કેમ કે ધર્મસાધના ત્રિવિધ છે; જેમ કાયાથી ધર્મસાધના. એમ વાણીથી અને વિચારથી પણ ધર્મસાધના થઈ શકે છે; ને તે ખાવા-પીવા વગેરે કાર્ય વખતે કાયાથી અભક્ષ્યત્યાગ-રસત્યાગ-લંપટતાત્યાગ-અનુચિતત્યાગ વગેરેની જેમ, વિચારથી વૈરાગ્ય-પાપમય-ભગવત્સ્મરણ-મૈત્રી આદિભાવ, દાન મનોરથ-મહાપુરુષપરાક્રમચિંતન વગેરે દિલની રુચિથી કરી શકાય છે; ને એ પાપસાધના નહિ, ધર્મસાધના છે.

એટલું ધ્યાનમાં રહે કે આ બધું સાંસારિક પ્રવૃત્તિ વખતે ચલાવીએ, પરંતુ સાથે પ્રભુભક્તિ-સાધુસેવા-શાસ્ત્રસ્વાધ્યાય, દાન-શીલ-તપસ્યા, સામાયિક-પ્રતિક્રમણ-પોષધ વગેરે ભરચક ધર્મસાધના કરવાની અતિ આવશ્યકતા છે. તો જ આનાથી પોષાતા ધર્મસંસ્કાર સાંસારિક પ્રવૃત્તિઓ વખતે પૂર્વે કહ્યા તે વૈરાગ્યાદિ શુભ ભાવો મનમાં આવીને માનસિક ધર્મસાધના થાય. નહિતર તો ઉપરોક્ત ધર્મસાધના વિના એકલી સાંસારિક પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવાથી એના જ રસ, એના જ વિચાર, ને એની જ તલાલીનતા રહેવાની. કેમ કે મનને સાંસારિક પ્રવૃત્તિના રસ અનાદિના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે, એટલે ભાવતું'તું ને વૈદે કહ્યા જેવું થાય. મનને એ ભાવતું હતું ને જીવે એ એ સાંસારિક પ્રવૃત્તિઓ આપી દીધી, પછી એના રસની બોલબાલા કેમ ન રહે ?

વાત આ છે- ધર્મની સડકે અવિરત ચાલ્યા કરીએ તો મોક્ષની નજીક નજીક થવાય. એમાં જો વ્યાઘાત પડ્યો, તો સંસારમાર્ગે ચાલવાનું તૈયાર જ છે. આ જો બરાબર લક્ષમાં રાખીએ તો ધર્મસાધના કરતી વખતે મન સ્થિર કેમ ન રહે ? મન ચંચળ થવા જાય, બીજા વિચારમાં પડવા જાય કે ભય લાગે-અફસોસ થાય કે **'હાય ! હું છતી ધર્મસાધનાએ બીજા-ત્રીજા વિચારમાં જતાં સંસારસડકે ચડી ગયો તો ?'** એટલે મન સ્થિર રાખવા આ ભય એ એક ઉપાય.

આ ભય બાજુએ રહીને પણ જો બીજા-ત્રીજા વિચારમાં દોડે છે તો એને રોકવા હવે બીજો ઉપાય આ, કે મનને પૂછવાનું કે, 'તું બીજી-ત્રીજી વસ્તુના વિચાર કેમ કરે છે ! શું એના વિચાર કરવા જેવા છે અને આ ધર્મસાધનાના વિચાર કરવા જેવા નથી ? શું પેલી વસ્તુઓ અગત્યની છે ? ને આ ધર્મસાધના અગત્યની નથી ? શું જીવનમાં કર્તવ્ય એ બીજી-ત્રીજી વસ્તુઓની ગડમથલ છે ? ને ધર્મસાધના કર્તવ્ય નથી ?' આમ મનને પૂછતાં ખરેખર તો ધર્મસાધના જ કર્તવ્ય લાગશે, અગત્યની લાગશે, ને મન એમાં સ્થિર બનશે.

એટલું ધ્યાનમાં રહે કે મોક્ષની પહેલી લાયકાત જેમ મોક્ષની ઈચ્છા છે, એમ ધર્મની પહેલી લાયકાત પણ ધર્મની ઈચ્છા છે. જેને મોક્ષની ઈચ્છા જ નથી, એને સ્વાભાવિક છે કે હૈયે સંસારસુખ સાધનની ઈચ્છા ભરી પડી હોય. એવો આત્મા પછી ગમે તેટલા તપ-જપ કરે, દાન પરોપકાર કરે, પણ એ બધું માન-પાન-સુખ માટે જ એ કરતો હોય; એટલે એનાથી કદી મોક્ષ ન મળે. **મોક્ષ માટે તો પાયામાં મોક્ષની તીવ્ર ઈચ્છા જોઈએ.** એ જો હોય તો પછી કદાચ આજીવિકા-રોગ-આપત્તિ વગેરેની કઠણાઈ ટાળવા ધર્મ કરશે તો ય એના મનને એમ થશે કે આ ટાળીને પણ મારે મોક્ષ સારુ ધર્મસાધના સારી રીતે કરતા રહેવાનું છે. હજી મારો મોક્ષ નથી થયો માટે જ આ કઠણાઈઓ મને નડે છે. મોક્ષમાં આવી કોઈ જ કઠણાઈ નહિ; માટે વહેલો મોક્ષ થાય તો સારું.

એમ, મોક્ષની તીવ્ર ઈચ્છા મનમાં તરવરાવવા પર મન ધર્મસાધનામાં સ્થિર થાય; કેમ કે એ જ મોક્ષસાધન છે.

વળી, ધર્મની પહેલી લાયકાત ધર્મની તીવ્ર ઈચ્છા. જેને આ શુદ્ધ ધર્મ-ઈચ્છા નથી, એને તો ધર્મ કરે તો ય અંતરમાં સાંસારિક પદાર્થની જ લાલસા ભરી પડી હોય છે. એવી લાલસાથી ધર્મ કરે એને બાહ્ય ધર્મસાધનાની પાછળ અંતરમાં કશી



ધર્મલેશ્યા-ધર્મપરિણતિ ઘડાતી નથી. ત્યારે જો અંતરમાં ધર્મલેશ્યા નહિ, તો એ ધર્મસડકે પ્રયાણ જ નથી.

એટલે જો ખરેખર ધર્મની તીવ્ર ઈચ્છાથી ધર્મસાધના કરાય છે, તો ત્યાં મન ચંચળ બનતાં આ વિચારવાનું કે 'તું ખરેખર ધર્મ-ઈચ્છાથી આ સાધના કરે છે ? તો તો જેમ વેપારની ઈચ્છાથી વેપાર કરતાં એ જ કર્તવ્ય લાગે છે, બીજી-ત્રીજી વસ્તુ કર્તવ્ય નહિ, જેમ કોઈની સાથે પ્રેમની તીવ્ર ઈચ્છાથી પ્રેમનું જ કાર્ય કરતાં એ જ કર્તવ્ય લાગે છે, પણ બીજું કાંઈ નહિ. એમ ધર્મની તીવ્ર ઈચ્છાથી કરાતી આ સાધનાને જ હે મન ! તું પરમ કર્તવ્ય કેમ માનતું નથી ? કેમ બીજા-ત્રીજા કર્તવ્ય માની એના વિચાર કરે છે ? બીજા અવસરે એ કર્તવ્ય હશે, પણ અત્યારે તો આ ધર્મસાધના જ કર્તવ્ય છે, માટે એના જ વિચારમાં રહે,' આમ મનને સમજાવવાથી-મન બીજા-ત્રીજા વિચાર છોડી ધર્મસાધનામાં સ્થિર થાય છે.

સારાંશ ધર્મસાધના વખતે આવતી બીજી ત્રીજી વસ્તુ અગત્યની હશે, પણ અત્યારે તો ધર્મ જ અગત્યનો છે, ધર્મસાધના જ અગત્યની છે, એ ખ્યાલ મન પર લેવાથી મન એમાં સ્થિર થાય. ધર્મસાધનાની અગત્ય મન ઉપર ન લેવી હોય એનો અર્થ તો એ થાય કે 'બીજું ત્રીજું બધું કામનું, બિચારો ધર્મ જ માલ વિનાનો !' વિચારવું જોઈએ કે શું બીજા ત્રીજા વિચાર કરીને મારે ધર્મને માલ વિનાનો ઠરાવવો છે ? ને બીજી ત્રીજી વસ્તુ માલદાર ? ના, ના, ધર્મ જ માલવાળો, ધર્મસાધના જ માલવાળી. માટે આમાં જ મન રાખું, એમ વિચારી મન સ્થિર કરાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૩,તા.૯-૨-૧૯૭૮

## (૧૧) બજારમાં ભાવના ઉછાળા : પામરના ધર્મમાં નહિ !

માણસને જીવનમાં અનેક પ્રકારનાં જોમ ચડે છે, પણ ધર્મનું જોમ કેમ નથી ચડતું ? (૧) બજાર ચડતો હોય તો વેપારનું જોમ ચડે છે (૨) ઘરે અણધાર્યા સારા મેમાન આવી ચડ્યાં, તો એમની ભક્તિનું જોમ ચડે છે; (૩) લાંબી બીમારીમાંથી ઊઠ્યો તો હવે ખાનપાન અને કામકાજનું જોમ ચડે છે. (૪) બહુ ઝંખના અને બહુ મહેનતે સારી રૂપાળી ગુણિયલ કન્યા પરણવા મળી તો એને રાજી રાજી કરવાનું જોમ ચડે છે. (૫) દિવાળી આવી તો સારાં સારાં કપડાં કરાવવાનું જોમ ચડે છે; પરંતુ રાબેતા મુજબનો ધર્મ કર્યે જાય છે એમાં કેમ જોમ નથી ચડતું ? કંગાલિયત તો એવી છે કે ધર્મમાં જોમ ન ચડવાની અફસોસી પણ નથી થતી !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પૂછો, 'ધર્મમાં જોમ ચડવાની જરૂર છે ?' હા. જુઓ, દુન્યવી બાબતોમાં જોમ ચડે છે તો રંગ જામે છે, જીવ એમાં એકાકાર થઈ જાય છે, ને ફરી ફરીથી એને વિશેષરૂપે કરવા ચાહે છે. દા.ત. ૪-૮ દિવસ ચાલુ ભોજને વીતતાં જોમ ચઢે છે કે 'આજ તો કાંઈક સારું ખાઈએ;' જોમથી એ બનાવરાવે છે, પછી એ જમતાં ય જોમ ચડે છે, રંગ જામે છે, જમતાં ઓતપ્રોત થઈ જવાય છે, ને મનમાં થાય છે કે, 'આવાં જમણ અવારનવાર કરવાં જ જોઈએ. જમવાની કેટલી મજા છે !' બસ, ધર્મમાં ય આવું કેમ જરૂરી નહિ ? ધર્મમાં અવારનવાર જો જોમ ચડે, તો ધર્મમાં રંગ જામે. ધર્મમાં ઓતપ્રોતતા આવે, ને આવા રંગવાળો ધર્મ ફરી ફરી કરું એવા કોડ થાય.

તો હવે વિચારવું છે કે ધર્મમાં જોમ શી રીતે ચડે ?

**ધર્મ કરતાં હૈયામાં ભાવનો ઉછાળો આવે તો ધર્મમાં જોમ ચડે.**

સારું કમાતો જમાઈ ઘરે આવે તો સાસુને ભાવનો ઉછાળો આવે છે એટલે એની સરભરાનું જોમ ચડે છે. એમ, પર્વ દિવસ આવ્યો, કે પોતાની યા પત્ની કે પુત્રની સાલગીરી આવી, અથવા મંદિરમાં પ્રભુજીને સુંદર અંગરચના થઈ છે, કે ગામમાં ગુરુ પધાર્યા છે,...આવા આવા પ્રસંગે ભાવમાં ઉછાળો લાવવાનો, એટલે ધર્મનું જોમ ચડે, ને જોમથી વિશેષ ધર્મ કરવાનો પ્રયત્ન થાય.

પરંતુ બજારોમાં ભાવના ઉછાળા આવે છે, પામર વાણિયાને ધર્મમાં ભાવના ઉછાળા જ નથી આવતા, ને ધર્મનું જોમ જ વધતું નથી. પ્રભુજીની સુંદર આંગીનાં દર્શન મળ્યાં, 'આહાહાહા ! આ આંગીમાં પ્રભુની કેવી સુંદર મુદ્રા દેખાય છે ! ધન્ય છે આંગી રચનાર પૂજારીને !' આવો ભાવનો ઉછાળો નહિ, એટલે પછી 'લાવ, આ દર્શન મળ્યાં તો આજે ત્યાગ કરું. પૂજારીને રૂપિયો-બે રૂપિયા ભેટ કરું.' - આવું ધર્મનું કોઈ જોમ નથી ઊઠતું.

એમ પોતાની સાલગીરી આવી, ભાવનો ઊછાળો નથી કે - 'આજ મારે પ્રભુદર્શનની ૨૨મી, ૩૨મી... વરસગાંઠ, કેવો હું પુણ્યશાળી કે જીવતો રહી આ પ્રભુદર્શનની ૨૨મી વરસગાંઠ જોવા પામ્યો !' આ ભાવોલ્લાસ નહિ એટલે ધર્મનું એ જોમ ચડતું નથી કે 'લાવ ત્યારે, આની ખુશાલીમાં મંદિર-ઉપાશ્રયના માણસોને ઈનામ આપું, ધર્મખાતામાં સુકૃત કરું, આ સાલમાં મહિનાના દસને બદલે વીસ દિવસ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરું.'

એમ, ગામમાં ગુરુ પધાર્યા છે, સુંદર વ્યાખ્યાન સાંભળવા મળે છે, છતાં એવો ભાવનો ઉછાળો નથી આવતો કે 'અહો ! કેવા મહાકિંમતી સુંદર યોગ ! સંયમી ગુરુ અને જિનવાણી, બે ય તરણતારણ, ભવના ફેરા મિટાવનાર આ બેનો



યોગ સંસારમાં અતિ દુર્લભ, એ મને મળ્યો ? આ બે પામીને તો હું ક્રોડો રૂપિયાના ધન કરતાં ય ઉચ્ચ નિધાન પામ્યો ! મારા ભાગ્યની અવધિ નથી !' આમ ભાવનો ઉછાળો નહિ એટલે વિશેષ ધર્મ કરી લેવાનું જોમ ચડતું નથી કે 'લાવ ત્યારે, ભાઈ, બેન, કાકા વગેરે સાથે અંટસ રાખ્યા છે તે છોડી નાખું. વૈર વિરોધ કેટલા કાળ માટે ? આ ભવના અંતે તો એનો કોઈ ઉપયોગ રહેવાનો નથી, ને ભવાંતરે દીર્ઘકાળ સુધી આ કષાયના કટુ ફળમાં દુઃખ ઉપરાંત પાપિષ્ઠ બુદ્ધિ મારે જ જોવાની આવશે !' 'આવી મુર્ખાઈ શા સારું કરવી ? લાવ, જઈને ખમાવી દઉં, સ્નેહના સંબંધ ચાલુ કરી દઉં.' આવું ધર્મજોમ-ધર્મભાવના ઉછાળા વિના ક્યાંથી પ્રગટે ?

વાત આ છે, - ધર્મમાં ભાવના ઉછાળા આવ્યા કરે એવું કરવાની જરૂર છે. મનને એમ થાય કે બજારોમાં ભાવના ઉછાળા આવે, દુન્યવી પ્રસંગોમાં ભાવના ઉછાળા આવે, અરે ! રોજિંદા ખાનપાન-કપડાં વગેરેમાં વારે વારે ભાવના ઉછાળા આવે ને ધર્મ જ એક એવો છેલ્લા પાટલાનો કે એમાં જ ભાવના ઉછાળા નહિ ? હું તે કેવો નઘરોળ કે સૌથી શ્રેષ્ઠ ઉપકારી ધર્મની મને કિંમત નહિ ? ને હું કેવો નગુણો કે પરમ ઉપકારી ધર્મની કદર નહિ, કૃતજ્ઞતા નહિ, તે એમાં ભાવના ઉછાળા લાવવાનું મને ખપે નહિ ?'

શું દુનિયામાં ઉપકારી શેઠ પ્રત્યે, ઉપકારી લાગતી પત્ની કે પતિ પ્રત્યે, ઉપકારી લાગતા પાડોશી કે સ્નેહી સંબંધી પ્રત્યે, બધે ભાવમાં ઉછાળો લેવાય, પણ મહા ઉપકારી ધર્મમાં જ ભાવના ઉછાળા નહિ લાવવાના ? એ વિચારવું જોઈએ છે કે જેમ દુનિયાના માણસો પ્રત્યે અવારનવાર ભાવમાં ઉછાળો લવાય છે તો એમની સેવા-સરભરામાં જોસ આવે છે; વધારે ભોગ અપાય છે, ને એથી સામાના અને પોતાના દિલમાં પ્રેમ વધે છે, એવી રીતે ઉપકારી ધર્મ પ્રત્યે ભાવમાં ઉછાળો લવાય તો ધર્મની વિશેષ સેવા-સરભરા થાય, એની ખાતર વિશેષ ભોગ અપાય, અને એથી ધર્મ પ્રત્યે પ્રેમ વધે.

આરાધનાની ગાડી આમ જ આગળ ધપાવવાની છે, ધર્મ પ્રત્યે અવારનવાર ભાવમાં ઉછાળો લાવી ધર્મની વિશેષ સેવા સરભરા કરવાની; એ કરતાં કરતાં અને ધર્મ ખાતર વિશેષ ભોગ આપતાં આપતાં ધર્મ પ્રત્યે પ્રેમ વધતો જ જાય છે, વધતો જ જાય છે, ને આરાધના એથી ઉત્તરોત્તર વધતી રહે છે.

એમ નથી સમજવાનું કે-

'ભાવમાં ઉછાળા લાવ્યા કરીએ, પણ ભોગ ન આપીએ તો ચાલે ને ?' ન ચાલે; કેમકે જો ભોગ આપવાનું મન નથી થતું, તો ભાવમાં ઉછાળો શો આવ્યો ? જ્યાં સાચા ભાવ ઊછળે છે ત્યાં સહેજે ભોગ આપવાનું મન થઈ જાય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે. સુપુત્રને ક્યારેક મનમાં ભાવ ઊછળે કે 'અહો ! બાપુજીનો મારા પર કેટલો બધો ઉપકાર ?' ત્યાં એને સહેજ મન થઈ જાય છે કે 'આજે બાપુજીને માટે અમુક અનુકૂળ ચીજ લઈ આવું. યા અમુક સગવડ કરું, ભક્તિ કરું.' બસ, ધર્મ માટે ય આમ થાય.

સારાંશ, ધર્મમાં વારે વારે ભાવના ઉછાળા લાવી ધર્મ વધારતા રહેવું જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૪,તા.૧૬-૧૨-૧૯૭૮

## (૧૨) ક્ષુદ્રતા : કેવો ખતરનાક દુર્ગુણ !

ક્ષુદ્રતા એ ભવાભિનંદી જીવનો પહેલો દુર્ગુણ છે અને એ કેવો ખતરનાક છે, એને જીવનના દાખલાથી વધુ સ્પષ્ટ કરીએ.

શ્રી 'ધર્મરત્નપ્રકરણ' નામના શાસ્ત્રમાં આના અંગે ક્ષીરકદંબક ઉપાધ્યાયના પુત્ર 'પર્વત' નો દાખલો મૂક્યો છે. એ ઉપાધ્યાય આ પર્વત, પરદેશી નારદ અને રાજપુત્ર વસુભૂતિ - એમ ત્રણને વેદશાસ્ત્ર વગેરે ભણાવી રહેલ છે. એમાં એક રાતના અગાસીમાં બધા સૂતેલા ત્યારે આકાશમાંથી જતા વિદ્યાધર મુનિઓમાં એક મુનિ બીજાને કહી રહ્યા છે : 'આ નીચે ત્રણ વિદ્યાર્થીમાંથી બે જણ નરકગામી, ને એક સ્વર્ગગામી છે.' ઉપાધ્યાય જાગતો તે એણે આ સાંભળી વિચાર્યું કે રાજપુત્ર તો 'રાજ્યશ્રી એ નરકશ્રી' એ હિસાબે નરકગામી હોય, પણ બાકી બેમાંથી કોણ નરકગામી એનો તાગ કાઢવો જોઈએ.

એ માટે ઉપાધ્યાયે પછીથી એ બંનેને સાંજે સંધ્યા પછી એકેક બનાવટી લોટનો કૂકડો અંદર લાખરસ ભરેલો આપી કહ્યું : 'જાઓ આને કોઈ ન દેખે ત્યાં મારીને લાવો.' પર્વત તો જંગલમાં જઈ મારીને લાવ્યો; પણ નારદ એમ જ પાછો લાવી કહે છે, 'જંગલમાં પક્ષીઓ દેખતા હતાં, ગુફામાં હું દેખતો હતો, મેં આંખ મીચી દીધી તો ય લાગ્યું કે દૂર રહેલા પણ યોગીઓ દિવ્યજ્ઞાનથી આને જોઈ રહ્યા છે, તેથી 'કોઈ ન દેખે' એવું સ્થાન ન મળવાથી કેવી રીતે મરાય ?' તેથી સમજ્યો કે આપનો આશય કૂકડાને નહિ મારવાનો હોઈને જ આપે આ રીતે કહેલું તેથી આને પાછો લાવ્યો છું. આપ દયાનો પાઠ ભણાવનારા મારવાનું કહો પણ શાના ?'

ઉપાધ્યાયે આ પરથી કયાસ કાઢ્યો કે 'આ નારદ સ્વર્ગગામી છે, ને પર્વત



ક્ષુદ્રમતિ હોવાથી નરકગામી છે.' પછી તો એવા પુત્રને પોતે એક વડીલ તરીકે પોષવામાં પોતાના માથે પણ એનાં પાપનો ભાર ચડે. તો પાપથી બચવા શું કરવું ? એ માટે સાધુને પૂછી પાપથી બચવા પોતે સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈને સાધુ થઈ ગયો.

વાત આ છે, - પર્વત ક્ષુદ્રમતિ એટલે કે છીછરી બુદ્ધિવાળો હોઈ એણે એ ન વિચાર્યું કે 'દયાળુ ગુરુ જીવને મારવાનું કામ શાનું સોંપે ? માટે લાવ, જરા ઉંડાણથી એમના આદેશને વિચારવા દે.' એ ન જોયું તેથી કૂકડાને મારી નાંખતાં હૈયે સંકોચ ન રાખ્યો. ક્ષુદ્રતા આવાં ક્રૂર કામ કરાવે છે.

ક્ષુદ્રના હૈયે દુષ્ટ કામ કરવામાં કશો ક્ષોભ નહિ, વિચાર નહિ. પ્રસંગ આવ્યો એટલે બસ 'દુષ્ટ-બુષ્ટ કે કઠોર-ફઠોર કશું જોવાનું નહિ, તડાક ને ભડાક એ કામ કરી નાખવાનું,' - આવી ક્ષુદ્ર દિલની વૃત્તિ હોય છે. આવા માણસમાં પછી મોક્ષની શી લાયકાત જ હોય ? એને મોક્ષની કશી પરવા જ નથી હોતી કે જેથી એવું કશું કામ આવી પડે તો એ વિચારે કે 'ઊભો રહે, આ કામ મારા જેવા મોક્ષાર્થીને શોભે ? યા મોક્ષને પ્રતિકૂલ તો નથી ને ?' ક્ષુદ્રતા આ વિચારવા જ નથી દેતી. ક્ષુદ્રના હૈયામાં મોક્ષનો કોઈ રસ જ નથી હોતો; એને તો સંસારનો જ રસ; તે ભવાભિનંદી જીવ હોય છે. ક્ષુદ્રતા ભવાભિનંદિતાને પોષે છે, ભવના ફેરા વધારી આપે છે, અનેક કુસંસ્કારોને દઢ કરે છે, અહીં પણ શરમજનક કામ કરાવે છે.

અડધી રાતે કોઈએ બારણાં ઠોક્યાં, એથી સુખદ નિંદ્રા ઊડતા જાગી ક્ષુદ્ર માણસને એમ થશે કે 'આ કોણ નાલાયક અત્યારે ભર ઊંઘમાંથી જગાડવા આવ્યું ?' કદાચ તોછડાઈથી એવા શબ્દ પણ બોલી કાઢશે. પણ જો સામો બોલ્યો કે, 'એ તો હું, તમને જે કહેલું સગવડ થયે અડધી રાતે રૂપિયા દઈ જઈશ તે રૂપિયા દેવા આવ્યો છું.' તો પછી આ ક્ષુદ્ર માણસ પસ્તાશે કે 'હું આમ તોછડાઈથી ક્યાં બોલ્યો ?' એમાં જો પેલો કહે 'પણ તમારાથી આવા બોલ બોલાય ?' તો આ ક્ષુદ્ર દિલવાળો હવે દીનતા કરશે, ચાપલૂસી કરશે, - 'ભાઈસાબ ! મને ખબર નહિ કે તમે આવ્યા હશો...'

પાડોશી સાથે નોકરચાકર સાથે, સ્નેહીસંબંધી સાથે ક્ષુદ્ર માણસના વ્યવહાર તોછડા હોય છે; ને એથી એ લોકપ્રિયતા ખોવે છે, કેમકે એ પેટના બળ્યા ગામ બાળે એ ન્યાયે પાડોશી વગેરે એના તુચ્છ બોલ તુચ્છ ચાલથી બળી બીજા આગળ એની હલકાઈ ગાય છે. એથી એ લોકમાં અપયશ પામે છે. પરિણામે ક્ષુદ્રને ખરા અવસરે કોઈ સહાયમાં ઊભું રહેતું નથી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

નોકરચાકર તુચ્છ બોલ તુચ્છ વ્યવહાર જોઈ દુઃખી થાય છે, એમાં દિલ ઘવાય છે, તે અવસરે પેલાને ખાસ જરૂર વખતે અડધું કામ પડતું મૂકી બીજે જતાં રહે છે.

ક્ષુદ્ર દિલવાળો પત્ની-પુત્રાદિ સાથે પણ ઉદાર વ્યવહાર કરી શકતો નથી, તે એમની જરાક શી ભૂલ જોતાં એમના પર ઊકળી ઊઠે છે; ને એમાં એમના સ્નેહ-સદ્ભાવને ધક્કો લગાડે છે. વારંવાર એમ થતાં, પછી જિંદગી સુધી સાથે તો રહેવાનું જ હોય, પણ રોજ એમનાં ચડેલા મોં ને ઉદાસ ચહેરા જ આને જોવા પડે છે.

ત્યારે ક્ષુદ્રતાની ખતરનાકતા કેવી કે મામૂલીમાં મામૂલી વાતમાં અને તુચ્છ વસ્તુમાં પણ દિલમાં ઉકળાટ થાય છે, કષાય ગુસ્સો અભિમાન વગેરે થાય છે, દા.ત. પત્ની મહત્ત્વના કામમાં છે એટલે જમવા સમયે છોકરી પીરસવા આવી, તો આ ક્ષુદ્ર પતિ તડૂકશે : 'તારી મા ક્યાં ભટકવા ગઈ છે ?' એમ 'આ સાવરણી અહીં કેમ બાળી છે ?' 'આ મસોતું કેમ રખડતું પડ્યું છે ?'...એમ ક્ષુદ્રતા નહિ જેવી નહિ જેવી બાબતમાં કે વસ્તુમાં તડફડાટ કરાવે છે ! પોતે ય કષાય કરશે ને ક્ષુદ્ર, તોછડા. તિરસ્કારભર્યા બોલથી સામાને ય કષાયમાં પાડશે.

દિલ ઉમદા હોય તો સમજશે કે 'મામૂલી બાબતમાં શું ઊકળવું ? વાત મામૂલી, ને ક્ષુદ્ર વિચારથી દિલમાં કષાય ભારે થાય. અસમાધિ જોરદાર થાય, તે એવી કે વાત તો ત્યાં જ પતી જાય એવી હોય પરંતુ એ ચિત્તથી અસમાધિ-અસ્વસ્થતા વાત યાદ કરી કરી પછી પણ ચાલતી રહે છે, તો શા સારુ મારે ચિત્ત એવું બગાડવું ? જીવો કર્મવશ છે, એટલે ભૂલભાલ કરે પણ મારે શા સારુ દુષ્ટ કર્મને વશ થઈ કષાય કરવા ? ઉકળાટ કરવો ? ઊલટું મારા ઉમદા વ્યવહારથી સામામાં સુધારાને અવકાશ રહે છે, બાકી ચીજ વસ્તુનું શું મહત્ત્વ છે ?'

પણ ક્ષુદ્રને તો જાણે સાવરણી જેવી વસ્તુનું ય ખૂબ મહત્ત્વ ! તે એની ખાતર પોતાનું કિંમતી દિલ બગાડતાં સંકોચ નહિ.

સારાંશ, માનવભવ કિંમતી છે, માનવમન કિંમતી છે, અહીં મળેલા દેવ-ગુરુ અને શાસન કિંમતી છે, તેથી જનમ ન બગડે, દેવ-ગુરુ શાસન મળેલાં વેડફાઈ ન જાય, એ માટે ક્ષુદ્ર સ્વભાવ, ક્ષુદ્ર વિચારણા, ક્ષુદ્ર બોલ અને ક્ષુદ્ર તુચ્છ વ્યવહારને તિલાંજલિ આપી દેવી જોઈએ.





## (૧૩) ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય : ૧. એનું નિત્યસ્મરણ...., ૨. એના પર અથાગ બહુમાન

(લેખાંક-૧)

આત્મામાં મોહનીય કર્મના જોરથી કામ, ક્રોધ, લોભ, માન, મદ-મત્સર વગેરે અનેક દુર્ગુણો અને હિંસા, જૂઠ, અનીતિ વગેરે દુષ્કૃત્યો આવે છે. પણ જો એ કર્મનો ક્ષયોપશમ કરવામાં આવે, અર્થાત્ એ કર્મોને દબાવવામાં આવે, તો બ્રહ્મચર્ય - ક્ષમાદિ સદ્ગુણો અને અહિંસા-સત્યાદિ સુકૃતો આવે છે.

કર્મોને આ દબાવવાનું એટલે કે એનો ક્ષયોપશમ ટકાવવાનું ચંચળ છે. એકવાર કર્મ દબાવ્યાં, ક્ષયોપશમ કર્યો, એટલે એ હવે કાયમ થઈ ગયો એવું નથી, જરાક સાવધાની જાય એટલે દબાયેલાં મોહનીયકર્મનો ઉદય તરત માથે ચડી બેસવા તૈયાર જ છે. એ સૂચવે છે કે મોહનીયકર્મને દબાયેલો રાખવાનો, એટલે કે એનો ક્ષયોપશમ સળંગ ટકાવી રાખવાનો. પૂરો પ્રયત્ન હોય તો જ એ દબાયેલો રહે, તો જ ક્ષયોપશમ ટક્યો રહે, ધારાબદ્ધ વધ્યે જાય, ને દુર્ગુણો-દુષ્કૃત્યો-અધર્મ સતત અટક્યા રહી સદ્ગુણો-સુકૃત્યો-સદ્ધર્મ નિરંતર જાગતા રહે.

ક્ષયોપશમ નાજુક છે. એ આપણા પોતાના જીવનમાં અનુભવમાં આવે છે. દા.ત. ક્રોધમાં પછાડ ખાધી, શાસ્ત્રબોધ સ્ફુરી આવ્યો, ને મન સાથે નક્કી કર્યું, 'ક્ષમા રાખવી.' પછી એનો અમલ પણ કર્યો. પરંતુ પાછો પ્રસંગ આવતાં ક્ષમા ભૂલી જવાય છે અને ક્રોધ ઊઠી આવે છે. એટલે ? ક્ષયોપશમ ઊડી ગયો ! એમ મીઠા રસ પર ઘૃણા થઈ, બે દિવસ ત્યાગ ચલાવ્યો; એ લોભ મોહનીયનો ક્ષયોપશમ થયો, પરંતુ પછી પાછું રસની લાલસા થઈ આવે છે, રસ ભોગવાય છે. તો એમાં ક્ષયોપશમ ઊડ્યો. એમ ચાર દિવસ સત્ય ટકાવી રાખ્યું, પણ પછી લાલચ આવી, અસત્ય બોલી નાખ્યું, એમાં સત્ય માટેનો ક્ષયોપશમ ઊડ્યો; ક્ષયોપશમ નાજુક છે એને ટકાવવાના પ્રયત્ન હોય તો જ એ ટકે; પ્રયત્નો ન હોય તો એ કાચનાં ભાજન જેવા ક્ષયોપશમને નંદાઈ જતાં વાર નહિ. એ પ્રયત્નો કેવા કેવા હોય ? એ પ્રશ્ન છે.

ક્ષયોપશમને (અર્થાત્ ગુણ કે ધર્મને) ટકાવવાના પ્રયત્ન શ્રી પંચાશક શાસ્ત્ર કહે છે :-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(૧) નિત્ય સ્મરણ, (૨) પ્રાપ્ત ગુણ પર અથાગ બહુમાન, (૩) પ્રતિપક્ષી દોષની ભારે ઘૃણા (૪) પરિણતિ નિરીક્ષણ (૫) જિનભક્તિ, (૬) સુસાધુજન-ઉપાસના, (૭) ઉત્તરગુણોની શ્રદ્ધા.

આની આ બે ગાથા છે.

तम्हा णिच्चसईए बहुमाणेण य अहिगयगुणंमि ।
पडिवक्ख दुगुंछाए 'परिणइआलोयणेणं च ॥
तित्थंकर-भत्तीए सुसाहुजण-पज्जुवासणाएय ।
उत्तरगुणसद्धाए एत्थ सया होई जइयव्वं ॥

(૧) નિત્ય સ્મરણ - જે ગુણ કે ધર્મ પ્રાપ્ત કર્યો એનું નિરંતર સ્મરણ રાખવું કે 'મારે આ ગુણ-આ ધર્મ ધારેલો છે, સ્વીકારેલો છે.' દા.ત. 'મારે બ્રહ્મચર્ય છે, સદાચાર છે, પરસ્ત્રી-ત્યાગ છે. મારે ક્ષમા ધારેલી છે, સત્યની ટેક છે, જીવદયા પાળવાની છે' આવું વારંવાર યાદ કરવું જોઈએ.

જો ગુણ ધર્મ, વ્રત, નિયમ કે કર્તવ્યનું સ્મરણ જ ન હોય તો એના ભંગનો મોકો મળતાં ભંગ થઈ જવાને અવકાશ છે. ત્યારે જો વારંવાર યાદ કરાય છે તો મોકો ભલે ને આવ્યો, ઝટ મન સામે આવશે કે 'મારે તો ગુણ-ધર્મ-કર્તવ્ય સ્વીકારેલ જ છે. એટલે મારે એ પાળવા-ટકાવવાના જ છે. એમાંથી હું ચલિત ન થાઉં, એનો ભંગ ન કરું.'

માણસ બે પૈસા કમાઈ લાવ્યો હોય ને કબાટ-તિજોરીમાં મૂક્યા હોય, તો કેવા યાદ આવ્યા કરે છે ? 'મારી પાસે આટલું ધન છે.' ત્યારે ધર્મ-ગુણ-કર્તવ્ય એ તો બહુ ઊંચી કોટિનું અને સાચું ધન છે. સાચી સંપત્તિ છે, એનું વિસ્મરણ કેમ કરાય ?

ગુણના-ધર્મના-કર્તવ્યના વારંવાર સ્મરણથી આત્મામાં એના સંસ્કાર દૃઢ થતા જાય છે, જે ભવાંતરે એ ગુણ-ધર્મ-કર્તવ્યને સુલભ બનાવે છે.

સારાંશ, 'મારે સંયમ', 'મારે બ્રહ્મચર્ય', 'મારે ક્ષમા', 'મારે સર્વજીવ મૈત્રીભાવ' વગેરે વારંવાર રટતા રહેવાય તો એ માટેનો ક્ષયોપશમ ટક્યો રહે. ક્ષયોપશમ ટકાવવાનો આ પહેલો ઉપાય નિત્ય સ્મરણ.

અપમાન કર્યું, ત્યાં ઝટ જોવાય કે 'એથી પોતાના મનને લાગી આવે છે ?' જો અગવડ અપમાન કે વસ્તુના બિગાડા પર મનને લાગી આવે છે, તો એ મનના પરિણામ બગડ્યા કહેવાય. પછી એ બગાડા પર સામા જીવ પર ક્રોધ કચવાટ આવી જવો સંભવ છે. માટે પાણી પહેલાં બાંધો પાળ. સામા પર ક્રોધ આવે એ



પહેલાં જ જેના લીધે એ આવવા જાય છે, એ વસ્તુનાં નુકસાન-અગવડ-અપમાનને જ નગણ્ય લેખવાં. આ વિચારાય કે 'ચક્રવર્તીનાં રાજ્ય ગયાં, મારે શું એવું મોટું નુકસાન છે ? ને અગવડ અપમાન એ કર્મ ખપાવવાનો અવસર છે. કર્મ ખપાવવાનો અવસર એવા ફરી નહિ મળશે પ્રાણી રે', અથવા 'નારકીને વરસતી ભયંકર આપત્તિ-અપમાન આગળ આ અગવડ-અપમાન શી વિસાતમાં છે?' એમ વિચારવું.

બસ, વસ્તુનું નુકસાન-અગવડ-અપમાન નગણ્ય લેખ્યાં એટલે એનાં કારણે સામા જીવ પર ક્રોધ નહિ કરાય. નગણ્ય ખાતર શા ક્રોધ કરવા ? પરિણતિનું આલોચન અર્થાત્ પોતાના અંતરના ભાવનું વારેવારે જે નિરીક્ષણ તે સાવધાન બનાવે છે, અને અશુભ ભાવ તથા બાહ્ય નુકસાન વચ્ચેના મોટા અંતરની સમજ પર અશુભ ભાવ પર નિયંત્રણ મુકાવે છે, ને એમ ક્ષયોપશમ ટકે છે. માટે ક્ષયોપશમ ટકાવવા પરિણતિનું આલોચન એ ચોથો ઉપાય ગણાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૬,તા.૩૦-૧૨-૧૯૭૮

## (૧૪) ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય : (૩) દોષઘૃણા..., (૪) પરિણતિ આલોચન

(લેખાંક-૨)

ગુણ કે ધર્મ ટકાવવા બે ઉપાય જોયા. (૧) નિત્ય સ્મરણ, અને (૨) પ્રાપ્ત ગુણ ધર્મ ઉપર ખૂબ બહુમાન.

(૩) ત્રીજો ઉપાય છે એ ગુણ-ધર્મના પ્રતિપક્ષી દોષ કે અધર્મ પ્રત્યે દુગંછા-ઘૃણા-નફરત. જો એ ઘૃણા ન હોય તો એ દોષો અનાદિથી ગમતી વસ્તુ હોવાથી અવસરે એને પકડી લેવાશે ને તેથી ગુણ ધર્મ ચૂકી જવાશે. દા.ત. નમ્રતા ગુણ સ્વીકાર્યો પણ અભિમાન પર ઘૃણા નથી તો અવસરે અભિમાન કરી લેવાશે, ને નમ્રતા ભુલાશે. એમ, તપ-ધર્મની સામે ખાવું ખોટું નથી લાગતું તો શરીર સહેજ નરમ પડતાં કે કુટુંબીનો આગ્રહ થતાં ખાવાનું વધાવી લેવાશે, તપ બાજુએ મુકાશે.

પ્રતિપક્ષી દોષ પર ઘૃણા જોઈએ. ઘૃણા એવી કે દોષથી કદાચ લૌકિક લાભ દેખાતો હોય છતાં એવા દોષથી ઊભા થતા લાભની પણ મનને કિંમત ન લાગે. દા.ત. મનને લાવો કે મારાં જનમ જનમ બગાડનારા અસત્ય-અનીતિને તુચ્છ પૈસા ખાતર ચૂકું ? થોડા પૈસા તો આ જનમને ય પૂરો સુધારનારા નથી, એવો અજંપો-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ચિંતા કરાવે છે કે 'ખરચાઈ જશે ?' 'ખોવાઈ જશે ?' 'ઘસાઈ જશે ?' વ્યાજ ઓછું આવશે ?' ...આવી અશાંતિ પૈસા કરાવે છે. વળી છતે પૈસે બીમારી, અકસ્માત્ સ્નેહી-કુટુંબી સાથે અંટસ, એના તરફથી અપમાન એમ બહારમાં કલંક-અપયશ વગેરે કાંઈ ને કાંઈ આપત્તિ આવે છે, ને પૈસાથી એ ટાળી શકાતી નથી. તો એ અશાન્તિ-આપત્તિમાં જનમ શો સુધર્યો કહેવાય ? આમ પૈસા જો આ જનમને પણ સુધારી શકતા નથી તો તેથી પૈસાનું મહત્ત્વ લાગવું, ને પૈસાની મમતા, તૃષ્ણા રહેવી, એ દોષ છે. વાસ્તે એના પર વારે વારે ઘૃણા રહે, તો એની સામેનો ગુણ જે દાન, ત્યાગ, ઉદારતા, એના પર બહુમાન બન્યું રહે, અને એના ભાવ ટક્યા રહે.

અહીં એટલું ધ્યાનમાં રહે કે પૈસાની મમતા-તૃષ્ણારૂપ દોષ પર ઘૃણાની જેમ પૈસા પર પણ ઘૃણા બની રહેવી જરૂરી. સાપના ઝેર પર ઘૃણા હોય છે એમ સાપ પર પણ ઘૃણા હોય છે એટલે સાપનું નામ સાંભળતાં ભડક થાય છે. રાતના જંગલમાં ચાલતાં કે જંગલ વચ્ચેના મકાનમાં ભય લાગે છે કે 'સાપ તો નહિ આવે ?' એવું પૈસા પ્રત્યે ઘૃણા-ભય-ભડક વગેરે થયા કરે ત્યાં દાનરુચિ-ત્યાગવૃત્તિ-ઉદારતા ટક્યા રહે.

પૈસાના રાગની જેમ શરીરનો રાગ, પરિવારનો રાગ, વડાઈ માન-પાનનો રાગ, વગેરે તેમ જ ઈર્ષ્યા, નિંદા, વૈર, વિરોધ અને મદ-માયાદિ દોષો પર અત્યંત ઘૃણા થયા કરે, તો જ એવા તપ, ત્યાગ, કુટુંબને ધર્મમાં જોડવાનું મૈત્રી-પ્રમોદ-કરુણા, ગુણાનુરાગ-નમ્રતા-સરળતા વગેરે ગુણ ટક્યા રહે. એના અંગેનાં કર્મ-ક્ષયોપશમ ટક્યા રહે.

**(૪) ક્ષયોપશમ ટકાવવા ચોથું સાધન પરિણતિનું આલોચન છે.**

કર્મનો ક્ષયોપશમ એટલે કર્મને દબાવવાના છે. દબાવ્યા રાખવાના છે. એ આપણે જાગતા હોઈએ, સાવધાન રહીને એના પ્રયત્નમાં હોઈએ તો જ બને એવું છે, નહિતર બિનસાવધાન બનતાં કર્મ દબ્યા રહેવાને બદલે ઉદયમાં આવવા તૈયાર જ છે; ને ઉદયમાં આવ્યા એટલે ગુણનો ઘાત થઈ જવાનો. આ સાવધાની માટે વારે વારે નિરીક્ષણ અને આત્માના ભાવની તપાસ વારે વારે થયા કરે, તો જ્યાં ગુણનો ભાવ બગડતો દેખાય કે ઝટ એ આત્મ-નિરીક્ષણથી ધ્યાનમાં આવી જાય, અને એને સુધારી લઈ ગુણ ટકાવવા પ્રયત્ન થાય.

દા.ત. **પરસ્ત્રી નજરમાં ચડી ગઈ ને 'આ રૂપ સુંદર' એવું મનમાં આવી ગયું, તો ત્યાં એટલે કે પોતાના આત્મામાં ભાવની તપાસ થાય, નિરીક્ષણ થાય કે**



**ભાવ કેવા પ્રકારના ચાલી રહ્યા છે. ત્યાં ઝટ ખબર પડે કે આ મને મોહની લાગણી થઈ આવી, અધિકાર બહારના રૂપનું આકર્ષણ થયું.** એમ, દા.ત., સામા જીવ પર અંતરમાં અરુચિ કચવાટ થવા જાય છે, તો એ ક્રોધની પરિણતિ છે. પોતાને ક્ષમાના ભાવ-ક્ષમા અંગેનો ક્ષયોપશમ ટકાવી રાખવો છે તો ઝટ આ ખબર પડતાં તરત જ એ ક્રોધના પોતાને જ માઠાં ફળ દેનારો હોઈ એને દબાવવાનું મન થશે, પ્રયત્ન થશે. એ પ્રયત્નમાં સામા જીવ પર મૈત્રીભાવ ઊભો કરાશે. માતા બાળકની ભૂલ ગળી જઈ હેત વરસાવે, એમ એના પર હેત ઉભરાવવાનું કરાશે.

પણ આ ક્યારે બને ? પોતાના મનના પરિણામની વારંવાર જાંચ કરતા રહેવાય. એમાં ય પ્રસંગ પર ખાસ તપાસતા રહેવાય કે અંતરમાં કેવા ભાવ ઊઠે છે.

પ્રસંગ એવો બને દા.ત. પોતાની ચીજવસ્તુનું સામાએ નુકસાન કર્યું યા સામાએ અગવડ આપી કે અપમાન કર્યું, ત્યાં ઝટ જોવાય કે 'એથી પોતાના મનને લાગી આવે છે !' જો અગવડ અપમાન કે વસ્તુના બિગાડા પર મનને લાગી આવે છે, તો એ મનના પરિણામ બગડ્યા કહેવાય. પછી એ બગાડા પર સામા જીવ પર ક્રોધ કચવાટ આવી જવો સંભવ છે. માટે પાણી પહેલાં બાંધો પાળ. સામા પર ક્રોધ આવે એ પહેલાં જ જેના લીધે એ આવવા જાય છે, એ વસ્તુનાં નુકસાન-અગવડ-અપમાનને જ નગણ્ય લેખવાં. આ વિચારાય કે **'ચક્રવર્તીનાં રાજ્ય ગયાં, મારે શું એવું મોટું નુકસાન છે ? ને અગવડ અપમાન એ કર્મ ખપાવવાનો અવસર છે. કર્મ ખપાવવાનો અવસર એવા ફરી નહિ મળશે પ્રાણી રે.'** અથવા **'નારકીને વરસતી ભયંકર આપત્તિ-અપમાન આગળ આ અગવડ-અપમાન શી વિસાતમાં છે ?' એમ વિચારવું.**

બસ, વસ્તુનું નુકસાન-અગવડ-અપમાન નગણ્ય લેખ્યાં એટલે એનાં કારણે સામા જીવ પર ક્રોધ નહિ કરાય. નગણ્ય ખાતર શા ક્રોધ કરવા ? પરિણતિનું આલોચન અર્થાત્ પોતાના અંતરના ભાવનું વારેવારે જે નિરીક્ષણ, તે સાવધાન બનાવે છે, અને અશુભ ભાવ તથા બાહ્ય નુકસાન વચ્ચેના મોટા અંતરની સમજ પર અશુભ ભાવ પર નિયંત્રણ મુકાવે છે, ને એમ ક્ષયોપશમ ટકે છે. માટે ક્ષયોપશમ ટકાવવા પરિણતિનું આલોચન એ ચોથો ઉપાય ગણાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૧૫) ક્ષયોપશમ ટકાવવાનાં ૭ સાધન : (૫) અનેક પ્રકારે તીર્થંકર-ભક્તિ

(લેખાંક-૩)

આત્મામાં ગુણ કે ધર્મ એને રોકનારા કર્મ-આવરણના ક્ષયોપશમથી આવે છે, અર્થાત્ કર્મ-આવરણને દબાવવાથી આવે છે, ને આવેલા ટકે પણ એથી જ છે એ ક્ષયોપશમને પામવા-ટકાવવાનાં ૭ સાધનમાં, (૧) એ ગુણધર્મનું કાયમ સ્મરણ, (૨) એના પર અથાગ બહુમાન (૩) એનાથી વિપરીત દોષ-અધર્મ પર પાકી ઘૃણા, અને (૪) આત્મપરિણતિનું વારંવાર નિરીક્ષણ - એ ચાર સાધન વિચાર્યાં. હવે પાંચમું સાધન 'તીર્થંકર ભક્તિ' જોઈએ.

તીર્થંકર ભગવાન વીતરાગ સર્વજ્ઞ હોય છે, સર્વ દોષથી મુક્ત સર્વ અધર્મ ને સર્વ પાપોથી રહિત હોય છે; એટલે એમને મન પર લાવવાથી સમસ્ત દોષ-ત્યાગ અને સમસ્ત ગુણ-સ્વીકારનો આદર્શ નજર સામે રહે છે. તેથી સ્વાભાવિક છે કે ગુણ-ધર્મને પામવા અને ટકાવવાની પ્રેરણા મળે.

તીર્થંકર ભગવાનની ભક્તિ ત્રણ પ્રકારે, મનથી વચનથી અને કાયાથી કરવાની; એ શ્રેષ્ઠ યોગબીજ છે. યોગદૃષ્ટિ સમુચ્ચય નામના શાસ્ત્રમાં કહ્યું છે,-

जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥

જિનેશ્વર ભગવંતોનું કુશળ ચિંતન એ માનસિક ભક્તિ, એમની સ્તુતિ-સ્તવના રૂપ નમસ્કાર એ વાચિકભક્તિ, અને એમને કાયાથી પ્રણામ-દર્શન-પૂજન વગેરે એ કાયિક ભક્તિ. આ ત્રણેય પ્રકારની વિશુદ્ધ ભક્તિ એ સર્વશ્રેષ્ઠ યોગબીજ છે. 'યોગ' એટલે મોક્ષસાધક અનુષ્ઠાન; એનું અસાધારણ કારણ તીર્થંકર ભક્તિ છે. આ ત્રિવિધ ભક્તિમાં મન-વચન-કાયા રોકાયેલાં રહેવાથી ક્ષમાદિ ગુણો અને અહિંસાદિ ધર્મોને આવવા માટે અને ટકવા માટે અવકાશ મળે છે.

પ્ર.- આ ત્રિવિધ ભક્તિમાં ધનથી ભક્તિ ક્યાં ?

ઉ.- અહીં એટલું ધ્યાનમાં રહે કે કાયાથી જિનભક્તિ કરવાની છે એમાં ધનથી ભક્તિ સમાવિષ્ટ છે; કેમકે કાયાથી જ ધનનું દાન કરી ભક્તિ કરવાની છે. હવે જીવ જે ધનના મોહથી ક્ષમાદિ ગુણ ગુમાવે છે તે ગુમાવવાનું નહિ થાય. કેમકે



એ ધન કરતાં જિનભક્તિને મહત્ત્વની ગણે છે. માટે તો પરસેવો પાડીને પેદા કરેલા પૈસા ભગવાન જિનેશ્વરદેવની ભક્તિ કરવામાં ખરચે છે, અને એ રીતે જિનભક્તિ કરતો રહેવાથી એના મનમાં જિનેશ્વર ભગવાનને ઊંચું સ્થાન આપે છે. એ આપ્યાથી જિનેશ્વર ભગવાનનાં જીવન અને ઉપદેશનું એના મન પર મહત્ત્વ સ્થાપિત થાય છે. તેથી ક્ષમાદિ ગુણોને મહત્ત્વ આપનારો બને છે. કાયાથી ધન ખરચીને જિનભક્તિ કરવી એ કાયિક જિનભક્તિ છે.

અલબત્ત, આ જિનભક્તિ કરવા પાછળ સારું ધન-માલ-માન વગેરે મેળવવાનો મલિન આશય ન જોઈએ, નહિતર એ જિનભક્તિ માત્ર નામની થઈ ખરેખર તો એ જિનભક્તિ નહિ પણ ધનભક્તિ, સંસાર-ભક્તિ જ થઈ ગણાય. ધન વગેરે કશાની આશંસા વિનાની નિરાશંસ ભાવની જિનભક્તિ કરાય તો તો એમાં અધિક અધિક ભક્તિ કરતા જતાં ભગવાન પર બહુમાન વધતું જાય; ને એ વધતાં પ્રભુના ક્ષમાદિ ગુણ પર પ્રેમ વધતો રહે; ને એથી પોતાને ગુણની પ્રેરણા મળવાથી ગુણ ને ગુણ માટેનો ક્ષયોપશમ પ્રાપ્ત થાય, તેમજ ટક્યો રહે.

જિનભક્તિથી ક્ષયોપશમ ટકવાનું એક મહત્ત્વનું કારણ એ છે કે જિનભક્તિ વખતે જિનને પ્રાર્થના કરવાનો અવકાશ છે કે 'પ્રભુ ! મારા પર કૃપા કરજે. મારા ગુણને ટકાવજે. તારી ભક્તિના બદલામાં મારે બીજું કાંઈ જોઈતું નથી. માત્ર મારામાં સદ્‌ગુણો આવે, ટકે, અને વધે. મને વિશ્વાસ છે કે તારા અચિંત્ય પ્રભાવે એ બનશે.' જિનભક્તિ કરતાં આ પ્રાર્થના કર્યા કરીએ એટલે સહેજે આપણા મન પર ગુણ-રક્ષાનો ભાર આવે, ને ગુણ ટકે, ક્ષયોપશમ ટકે.

બીજું એ પણ છે કે શ્રી લલિત વિસ્તરા શાસ્ત્રમાં કહે છે : 'પ્રાર્થનાતઃ એવ ઈષ્ટ-સિદ્ધિઃ' પ્રાર્થનાથી જ ઈષ્ટ સિદ્ધિ થાય. એનું કારણ એ છે કે પ્રાર્થના કરતી વખતે આપણા મનમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર આશંસા-આકર્ષણ-અપેક્ષા-અભિલાષા રહે છે; અને આ આશંસિત વસ્તુનું બીજ છે, બીજ પર અંકુર છે. કહ્યું છે, - 'બીજં સત્પ્રશંસાદિ,-' કોઈપણ ગુણ કે ધર્મની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ એ એનું બીજ છે, ને એની સાચી અભિલાષા એ અંકુર છે. પછી એ માટેનો પ્રયત્ન થાય, પ્રવૃત્તિ થાય, એ નાળ-પત્ર-પુષ્પરૂપ બની, ગુણસિદ્ધિ-ધર્મસિદ્ધિરૂપ પાક લાવે છે, ફળ લાવે છે. આ પ્રાર્થનાથી ઈષ્ટસિદ્ધિ થાય. જિનભક્તિ એ પ્રાર્થના દ્વારા એ રીતે ગુણ કે ધર્મ માટેનો ક્ષયોપશમ ટકાવે-વધારે.

વળી જિનભક્તિ ચીજ જ એવી પ્રભાવવંતી છે, કે એનાથી સીધો મોહનીયકર્મ અને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય છે. એનું કારણ એ છે કે જીવે વિષયોની આસક્તિથી કર્મ બાંધેલા, એટલે સહજ છે કે એનાથી ઊલટું વીતરાગની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આસક્તિ-પ્રીતિ-બહુમાન કરતાં એ કર્મ તૂટે. વીતરાગ તરફ ઢળ્યા એટલે વિષય-રાગને ધક્કો લાગે, રાગજનિત કર્મોને ધક્કો લાગે, એ સહજ છે; જેમ પવન ખાઈને લાગેલી શરદી ઘામમાં બેસવાથી મોળી પડે છે.

આમ જિનભક્તિ કરવામાં જિન વીતરાગદેવ પર પ્રીતિ, મમતા, બહુમાન પોષાવાથી જો મોહનીયાદિ કર્મનાં નવા ક્ષયોપશમ થાય, તો સ્વાભાવિક છે કે ચાલુ ક્ષયોપશમ ટકી રહે.

માટે જ જિનભક્તિને જીવનમાં અનેક રૂપે કરતાં રહેવું જોઈએ, દા.ત. દરેક કામમાં જિનેન્દ્ર ભગવાનને આગળ કરીએ, 'મારા ભગવાને આ કામ અંગે આમ કહ્યું છે' **'પૂર્વે જિનભક્તિ કરી હશે તેથી મારાં કામ સિદ્ધ થતાં આવે છે.'** 'લાવ, પહેલાં જિનનામ યાદ કરવા દે, કેમકે સાચો સફળ પુરુષાર્થ એ છે.'

એમ દરેક ધર્મક્રિયાના પ્રારંભે મનને એમ થાય : 'અહો ! મારાં કેવાં અહોભાગ્ય કે મને જિનેશ્વર ભગવાન મળ્યા, એમનું શાસન અને આ સાધના મળી !' ક્રિયાની વચમાં ય આ ભાવ લેવાય.

એમ કોઈની સાથે વાત કરતાંય સિફતથી વચમાં જિનેશ્વર ભગવાનને લાવીએ એમ, દુન્યવી દરેક ખરચામાં જિનભક્તિનો ટેક્ષ લગાવીએ.

સારાંશ, અનેક પ્રકારે જિનભક્તિથી જીવન ભર્યું ભર્યું કરીએ તો ક્ષયોપશમ મલે-ટકે-વધે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૧૯,તા.૨૦-૧-૧૯૭૯

## (૧૬) ગુણ કે ધર્મ ટકાવવાના ૭ ઉપાય
## (૬) સાધુજન-ઉપાસના : (૭) ઉત્તરગુણ શ્રદ્ધા

(લેખાંક-૪)

સમ્યક્ત્વ-ક્ષમાદિ ગુણ કે અહિંસાદિ-દાનશીલ વ્રતાદિ ધર્મ હૃદયમાં ત્યારે ઉત્પન્ન થાય છે કે જો એને રોકનારા મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય; ને એ ક્ષયોપશમ જ્યાં સુધી ચાલુ ત્યાં સુધી એ ગુણ કે ધર્મ હૃદયમાં ટકી રહે. આ ક્ષયોપશમ ટકાવવા ઉપાય સેવવા પડે છે. એમાં (૧) પોતે સ્વીકારેલ ગુણનું હંમેશા સ્મરણ, (૨) ગુણપર અત્યંત બહુમાન (૩) એના પ્રતિપક્ષી દોષ પર ભારે ઘૃણા, (૪) પરિણતિ-નિરીક્ષણ અને (૫) તીર્થંકર-ભક્તિ-એ પાંચ વિચાર્યા. હવે છઠ્ઠો ઉપાય,-



### (૬) સુસાધુજનની ઉપાસના

અર્થાત્ સારા ચારિત્ર-પાત્ર સાધુ પુરુષોની ઉપાસના કરતા રહેવું. એનાથી આપણા ગુણ ને ધર્મ ટકે છે. કારણ એ છે, કે-

(૧) સુસાધુ પુરુષ ગુણો અને ધર્મના ભંડાર હોય છે તેથી એમના સંપર્કમાં રહેતાં એનું જ વાતાવરણ દેખાય છે. એ ગુણ-ધર્મનું જીવન જીવતાં સુસાધુ પુરુષો વળી એ ગુણધર્મથી કાંઈ દુબળા નથી પડી જતા કે દીન દુખિયારા નહિ કિન્તુ મસ્ત દેખાય છે. દુન્યવી આધિ ઉપાધિઓની ચિંતા વિનાના યાવત્ પોતાના શરીરની પણ તેવી મૂર્ચ્છા વિનાના, અને પોતાની આત્મસાધનામાં પ્રસન્ન પ્રફુલ્લિત દેખાય છે.

એમની ઉપાસના કરવાથી સત્સંગ કરવાથી સહેજે આની આપણા પર છાયા પડે એટલે ગુણ-ધર્મ ટકાવવાનું થાય.'

(૨) વળી સુસાધુનો સંપર્ક રાખતાં એમની પાસેથી ઉપદેશ મળે છે, ને ગુણ કે ધર્મ પામવા માટે તથા પામેલો ટકાવવા માટે સમ્યગ્ ઉપદેશ એ અસાધારણ કારણ છે, અસાધારણ ઉપાય છે. દેખાય છે કે મોટા ચોર ડાકુ જેવા પણ સદુપદેશ મળતાં સુધરી ગયા, શેતાન મટી સંત બની ગયા. તો આપણને પણ સારો ઉપદેશ મળે તો આપણે સહેજે ગુણધર્મ પામી જઈએ; ને પછી સદુપદેશ સાંભળ્યા કરીએ, તેથી પ્રેરણા મળે, ને પ્રાપ્ત ગુણધર્મ ટક્યા રહે, ને એમાં વૃદ્ધિ પણ થાય. ક્રૂર, નિર્દય અને ઘાતકી પણ મોગલ સમ્રાટ અકબર શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી કોમળ દયાળુ અને અહિંસા ફેલાવનાર થઈ ગયો, ને પછી પણ ઉપદેશ સાંભળવાનું રાખ્યું તો અહિંસામાં ટકી રહ્યો, અહિંસા વધારી.

જીવને અનંતાકાળથી અનંતા જનમમાં અસત્-સમાગમો મળ્યા છે, ને અસત્ સમાગમોના આલંબને મન પર એની છાયા પડવાથી જીવ એકલો દોષ-દુષ્કૃત્યોમાં ઘસડાયો રહ્યો છે. વળી એવા અસત્ મોહમૂઢ પુરુષોની વાતોચીતો બહુ સાંભળે છે. તેથી દોષો-દુષ્કૃત્યોની મમતા લાગી જાય છે, ને જાણે એ દોષ-દુષ્કૃત્યો પોતાનો સ્વભાવ હોય એમ એને સહેજ સહેજમાં સેવ્યે રાખે છે. એટલે સ્વાભાવિક છે કે આ ઉચ્ચ માનવ જનમમાં સુસાધુ પુરુષોના સમાગમ ખૂબ રાખવા જોઈએ, એમના ઉપદેશ-હિતશિક્ષા ખૂબ સાંભળતાં રહેવું જોઈએ. સાથે સાથે અસત્ સમાગમ અસદ્ વાતોચીતો ટાળવી જોઈએ તો જ ગુણધર્મ ટક્યા રહે.

(૭) અહિંસાદિ ધર્મ ટકાવવા માટે સાતમો ઉપાય છે, **ઉત્તર ગુણોની શ્રદ્ધા.** ઉત્તરગુણ એટલે પેટા ગુણો. એની એવી શ્રદ્ધા જોઈએ કે 'આ ઉત્તરગુણો એ જીવનના અલંકાર છે, માનવજીવન એનાથી શોભે છે, અને અહિંસાદિ ધર્મ એનાથી ટકે છે.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દા.ત. દિશા પરિમાણ એક ઉત્તરગુણ છે, તો હવે નક્કી કરાય કે મારે ૫૦૦ માઈલ, ૧૦૦૦ માઈલ ઉપર યા ભારત બહાર પરદેશ જવું નહિ. એથી સ્વાભાવિક છે કે બહારના પ્રદેશમાં હરી ફરીને કરાતી હિંસા અસત્ય અનીતિ વગેરે પાપ બંધ થઈ ગયા.

એમ દા.ત. એક ઉત્તરગુણ છે ભોગોપભોગનું પરિમાણ. એમાં નક્કી કરાય છે કે, 'મારે આટલી આટલી શાકભાજી, ફળ, ધાન્ય વગેરે વસ્તુથી અધિક વાપરવી નહિ' એમ 'અંગાર કર્મ વગેરે કર્માદાનના ધંધા કરવા નહિ.' મનને બેઠું હોય કે આ મર્યાદિત ન રાખવાથી અને જે મળે તે ખપે છે એવી વૃત્તિ રહેવાથી અહિંસાદિ ધર્મોનો મર્મ સચવાતો નથી, અહિંસા જીવો પરની દયાને લીધે છે. હવે જો ભોગોપભોગ યથેચ્છ યાને મનફાવે એટલા કરવાના હોય તો નાના જીવો પર દયાભાવ શી રીતે જળવાય ?

અહિંસા મૂળ ગુણ છે, દિશાપરિમાણ, ભોગ-ઉપભોગ-પરિમાણ એ ઉત્તરગુણ છે. આ ઉત્તરગુણ પર શ્રદ્ધા હોય કે 'આ જ જીવનની શોભા છે, તારણહાર છે. સુખ આ પરિમાણમાં છે, મર્યાદામાં છે, પણ નહિ કે યથેચ્છ અમર્યાદિત દિશાગમનમાં થાય છે.' પરિમિત ભોગ-ઉપભોગમાં જો આ શ્રદ્ધા હોય તો સહેજે એ મર્યાદાનું શક્ય ગ્રહણ અને શક્ય પાલન થાય એટલે પછી સહેજે એટલી હિંસા ઓછી થાય, ને અહિંસાનો ક્ષયોપશમ ટકે.

એમ ઉત્તરગુણ છે 'અનર્થદંડ-ત્યાગ.' અનર્થદંડ એટલે એવી પ્રવૃત્તિ કે જે જીવન ટકાવવા જરૂરી ન હોય, અનર્થ, અર્થવાળી નહિ, નિષ્પ્રયોજન હોય, અને જેનાથી નિષ્પ્રયોજન દંડ લાગે. એ અનર્થદંડ પ્રવૃત્તિ, - દા.ત. તમાશા, પત્તાબાજી, પિક્ચર, સિનેમા, નાટક, હોજનાં સ્નાન, પાપોપદેશ, પાપસાધનનું દાન, દુર્ધ્યાનની મનની પ્રવૃત્તિ...આ કોઈ જીવન ટકાવવા સાધન નથી. એ ન આચરીએ તો જીવન કાંઈ અટકી ન પડે. માટે એ અનર્થ દંડ કહેવાય. જરૂરી ખોરાક-પાણી-હવા એ જીવન માટે જરૂરી ગણાય. પરંતુ આહારની વાતો, વિકથા, એ કાંઈ જરૂરી ન ગણાય. તેથી એ અર્થદંડ નહિ, પણ અનર્થદંડ કહેવાય. આનો ત્યાગ એ ઉત્તરગુણ. એના પર શ્રદ્ધા હોય કે આ ખતરનાક ભયંકર એટલા માટે છે કે હજી દુન્યવી જીવન-નિર્વાહ પૂરતી પ્રવૃત્તિ એ પાપરૂપ લાગશે, મનને થશે કે, 'કેવો આ ગોઝારો સંસાર કે એમાં આ પાપ કરવાં પડે છે !' પરંતુ સિનેમા-પત્તાબાજી-વિકથા-પાપોપદેશ વગેરેમાં તો કોઈ પસ્તાવો જ નહિ ! એ ખરાબ અને ત્યાજ્ય લાગતા જ નથી કે 'હાય ! ક્યાં આ પાપ સેવું છું ?' આવો ખેદ જ નથી.



બસ, અનર્થદંડ-ત્યાગની શ્રદ્ધા હોય કે 'આ મહાપાપ છે' ત્યાં એ ત્યાગ થતાં એટલી હિંસા પ્રવૃત્તિ ઓછી થવાથી મૂળ ગુણ 'અહિંસા' માટેનો ક્ષયોપશમ બની રહે.

આવું બીજા સત્ય આદિ મૂળગુણોના ઉત્તરગુણોની દા.ત. સહસા ન બોલવું, કોઈની ગુપ્ત વાત બીજા આગળ ન પ્રકાશવી...વગેરેથી શ્રદ્ધા-આદર-પાલનથી મૂળ ગુણ ટક્યા રહે, મૂળ ગુણ અંગેનાં ક્ષયોપશમ સતત વધ્યા રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૨૦,તા.૨૭-૧-૧૯૭૯

## (૧૭) ક્ષુદ્ર અને ઉમદા દિલનાં અંતર

આર્ય માનવ જનમ એ અનાદિના ક્ષુદ્ર દિલને ઉમદા બનાવવાની પ્રયોગશાળા છે. દિલ ઉમદા બનાવવા માટે પહેલાં તો ક્ષુદ્રતા અને ઉમદાગીરીનાં અંતર સમજવા જોઈએ.

ક્ષુદ્રતાને ભવાભિનંદી જીવનો પહેલો દુર્ગુણ કહ્યો છે. ભવાભિનંદી જીવ એટલે સંસારરસિયો જીવ, જેને મોક્ષનો રસ જ નથી, સંસારનો જ રસ છે, સંસારના પદાર્થોનો જ રસ છે એ ભવાભિનંદી. એવા જીવનું હૈયું ક્ષુદ્ર હોય છે. એનો સ્વભાવ ક્ષુદ્ર, એની વાણી ક્ષુદ્ર, અને એનો વર્તાવ ક્ષુદ્ર. ક્ષુદ્ર એટલે તુચ્છ, ઉછાંછળો, હલકટ, તામસી.

એટલે આપણામાં જો આ ક્ષુદ્રતા હોય તો ચોંકવું પડે કે 'હેં ત્યારે શું હું ભવાભિનંદી જીવ છું ? મને મોક્ષનો રસ નથી ? એ જો ન હોય તો તો હું ધર્મ કરું તો ય એ ભયવૃદ્ધિના પલ્લે પડવાનો. હાય ! ધર્મ કરીને ય સંસારવૃદ્ધિ ? આમ મનને ચોંકામણ થાય, અનંતા આત્મા ક્ષુદ્ર બન્યા રહી ભવાભિનંદી બન્યા રહ્યા ને ધર્મ કરવા છતાં સંસારમાં ભટકતા થઈ ગયા. આપણા આત્માએ પણ અનંતીવાર ધર્મક્રિયાઓ કરી, પરંતુ ક્ષુદ્ર સ્વભાવ રાખી ભવાભિનંદી બન્યો રહ્યો. તેથી આજ સુધી સંસારમાં ભટકતો છે. ક્ષુદ્રતા ખતરનાક છે. એ કાઢવા એને ઓળખી લેવી જોઈએ.

ક્ષુદ્રતા એટલે શું ? ક્ષુદ્રતા એટલે સ્વાર્થાંધતા, પર-ઉપેક્ષા, સંકુચિતતા, તુચ્છમતિ, ઉછાંછળી બુદ્ધિ ઉપલકિયા દૃષ્ટિ...

ક્ષુદ્રતા દોષની સામે ઉમદાપણું ગુણ છે. દિલ ઉમદા હોય એ દિલાવર હોય,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બીજાના લાભમાં રાજી, બીજાના લાભને જોતો હોય, એની ખાતર પોતાનો સ્વાર્થ જતો કરવામાં ખુશી થાય, ત્યારે ક્ષુદ્ર દિલવાળો સંકુચિત વ્યવહારવાળો ને સ્વાર્થપટુ સ્વાર્થાંધ હોય એ બીજાના લાભને સહી ન શકે, પછી બીજાનો લાભ જોવાનું તો શાનું જ કરે ? બીજાના લાભની ખાતર પોતાનો સ્વાર્થ મૂકવાની એને વાતે ય શી ? નર્યું પશુજીવન. 'હું મારું સાધી લઉં, મારું હું જ ભોગવું' આવી જ વૃત્તિ ક્ષુદ્રની, એટલે બીજાના લાભ ખાતર પોતાનો સ્વાર્થ મૂકી દેવાની વાત આવે ત્યાં આકુળવ્યાકુળ થઈ જાય. એવું જ બીજા અધિક લાભ પામી જતા હોય ત્યાંય આકુળવ્યાકુળ થઈ જાય કે 'શાના લાભ લઈ જાય છે ?'

લલિતાંગ રાજકુમારને બાપ રાજાએ હીરાનો હાર ભેટ કર્યો એ લઈને એ બહાર નીકળ્યો ત્યાં યાચકો દાનની વિનવણી કરતા આવ્યા. લલિતાંગ ઉમદા દિલાવર સ્વભાવનો હતો તે યાચકોને વહેંચી લેવા હાર ભેટ કરી દીધો. પરંતુ એનો મિત્ર અને બાપ આવા સ્વભાવના હતા નહિ તે એ ક્ષુદ્ર મિત્ર પાસેથી ક્ષુદ્ર બાપરાજાને એ જાણવા મળતાં ભારે ગુસ્સો લાવી બાપ એને ધમકાવી કહે : 'જા અહીંથી', તો લલિતાંગ જરાય પોતાનાં દાન પર પસ્તાવો ન કરતાં ત્યાંથી નીકળી ગયો.

ક્ષુદ્રતા એવો દોષ છે કે પોતાનાથી તો સારું ન થાય, પણ બીજાનું સારું સહીય ન શકે. શાલિભદ્રનો જીવ પૂર્વભવે જિંદગીમાં પહેલીવાર રોઈને મેળવેલી ખીર તપસ્વી મુનિને દાનમાં દઈ દે છે. પછી દાનના હરખમાં હસતો થાળી ચાટી રહ્યો છે ત્યાં માતા આવી કહે : 'કેમ દીકરા ! ખીર બહુ ભાવી ? લાવ બીજી દઉં.' શાલીભદ્રનો જીવ કહેતો નથી કે એ તો મેં મહારાજને વહોરાવી દીધી !' કેમ ? સંભવ છે એના મનને લાગ્યું હોય કે 'માતાને દાન કદાચ પસંદ ન પડે.' દુઃખી થાય, 'હાય ! મહા મહેનતે દીકરા માટે માગી-તાગીને ખીર કરી, ને તે એણે સાધુને દઈ દીધી !' ઉમદા દિલની વાતો ક્ષુદ્ર દિલવાળો ન સમજી શકે, ન પચાવી શકે.

જામનગરના એક શ્રાવક ઉમદા દિલવાળા. તે એકવાર બહારથી આવેલા સાધર્મિકને ઘરે જમાડવા લઈ ગયા. બાઈએ જમાડ્યા તો ખરા પણ પછીથી શ્રાવકને ધમધમાવ્યા, 'મને શું રસોઈયણ તરીકે લાવ્યા છો તે બધાનું ભઠિયારું કરું ? ખબરદાર, હવે કોઈને લાવ્યા છો તો ! પત્ની ક્ષુદ્ર હતી. પણ શ્રાવક ઉમદા તે એણે ઉપાશ્રયના માણસને કહી દીધું, 'સાધર્મિક આવે, અગર પૌષધ વગેરેના તપસ્વી હોય એમને વીશીમાં મીઠાઈ લાવીને જમાડી દેવા. બિલ મને દઈ દેવું. મારું નામ બહાર ન પાડવું. નહિતર ઘરે ખબર પડતાં ઝગડો કરે' ઉમદા દિલ



સમજે છે કે આમેય સગાં સ્નેહી ક્યાં નથી જમી જતા ? ક્ષુદ્રને એ પોષાય છે, સાધર્મિક નહિ !

એમ, ક્ષુદ્ર માણસ ટોણાં મારવામાં હોંશિયાર; ત્યારે ઉમદા સામાનો મોટો પણ ગુનો ભૂલી જવામાં હોંશિયાર. દમયંતીએ ઘણું રોકવા છતાં નળ રાજા જુગાર રમ્યે ગયો અને અંતે રાજ્યપાટ હારી બંનેને જંગલમાં નીકળી જવું પડ્યું. ત્યાં કંઈ દમયંતીએ પતિને ટોણો નથી માર્યો કે, 'આ મેં જુગારની ના પાડી હતી છતાં રમ્યા, ને આ મને ય વનમાં ભટકતી કરી !' એમ સીતાએ પણ વનવાસમાં કદી રામને ટોણો નથી માર્યો, અરે ! મનને ઓછું પણ લગાડ્યું નથી; કેમકે એ ઉમદા દિલના જીવો હતા. ક્ષુદ્રતાવાળાનું આ ગજું નહિ. સત્ત્વ નહિ, દરિયાવ દિલ નહિ, તે પોતાની હોશિયારી આગળ કરી સામાને એની ભૂલ માટે ડામ્યા કરે છે.

અરે...ક્ષુદ્રતાવાળાને કાંઈ લેવા દેવાય ન હોય, તો ય કોઈના એવા ઉમદા કાર્ય પર બળે છે, એમને મૂર્ખ ઠરાવે છે. દા.ત. ન્યાયાધીશે ખુનીને સમજી વિચારી ફાંસી ન દીધી, પણ દેશ-નિકાલ કર્યો. ત્યાં ક્ષુદ્ર હૈયાં વિચારશે, આ ન્યાયાધીશ કેવા અક્કલ વિનાના ! આમ તો પછી ખૂન વધતાં જ રહે. આવા ખૂનીને તો ફાંસી જ દેવી જોઈએ' લ્યો. છે પોતાને કાંઈ લેવા દેવા ? છતાં ક્ષુદ્રતા માણસને મારી નંખાવવા સુધીના વિચાર કરાવે છે ! ખુદ ન્યાયાધીશે દયા કરી છે, તો એ દયાની અનુમોદના કરવાનું ક્ષુદ્રના ભાગ્યમાં નહિ !

આ પરથી ક્ષુદ્રતાનાં વિવિધ સ્વરૂપ સમજી લઈ એથી વિરુદ્ધ ઉમદા દિલની વૃત્તિઓ-વિચાર-સ્વભાવ તથા બોલચાલના વારંવાર સેવન કરવા જેવા છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૨૧,તા.૩-૨-૧૯૭૯

## (૧૮) અરિહંતનો અચિંત્ય પ્રભાવ શી રીતે ?

શાસ્ત્રો જ્યારે કહે છે કે 'અરિહંતના પ્રભાવે જીવને સુખ-શાન્તિ-ઉન્નતિ મળે,' ત્યારે સ્થૂલ બુદ્ધિવાળાને પ્રશ્ન ઊઠે છે, કે 'અરિહંત ભગવાન તો મોક્ષમાં જઈ બેઠા. ને એ વીતરાગ છે. એ આપણને કશું આપતા નથી, એ અક્રિય હોવાથી આપણા માટે કશું કરતા નથી. તો સુખ શાન્તિ એમના પ્રભાવે મળે છે એમ કેમ કહેવાય ?'

આ પ્રશ્ન સ્થૂલ બુદ્ધિનો એટલા માટે કહેવાય છે કે સ્થૂલ બુદ્ધિવાળા એમ સમજે છે કે જેમ કોઈ દાતારે પોતાના હાથેથી પૈસા આપ્યા તો લેનારો એનાથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પૈસા પામ્યો કહેવાય, એમ અહીં વીતરાગ અરિહંત ભગવાન પોતાના હાથેથી સુખ આપવા આવતા હોય તો ભગવાનથી આપણે સુખ પામ્યા કહેવાય, પરંતુ એ કાંઈ સુખ આપવા આવતા નથી, તો એ સુખના દાતાર શી રીતે ? સુખ એમના પ્રભાવે મળ્યું એમ કેમ કહેવાય ?

વળી સ્થૂલ બુદ્ધિથી એમ લાગે છે કે 'અરિહંત ભગવાન વીતરાગ છે, એમને ભક્ત પર ધર્મ કરનાર પર રાગ નથી હોતો. એટલે પણ એ બીજાને ટાળી ભક્તને, ધર્મ કરનારને, સુખ આપે છે, એ યુક્તિયુક્ત નથી. તો સુખ, શાન્તિ, ઉન્નતિ મળવામાં પ્રભુનો પ્રભાવ શી રીતે ? જો અમુકને જ સુખ આપતા હોય ને બીજાને નહિ, તો તો એનો અર્થ એ થયો કે 'એ અમુક પર રાગવાળા થયા વીતરાગમાં રાગ સંભવે નહિ એ સૂચવે છે કે વીતરાગ રાગથી કશું કરે નહિ. તો ભક્તને, ધર્માત્માને, સુખ આપનાર એ શી રીતે ? સુખ એમના પ્રભાવે મળે છે એમ કેમ કહેવાય ?

પરંતુ આવી સ્થૂલ બુદ્ધિવાળાને એ ખબર નથી કે જગતમાં કશી ક્રિયા ન કરનારનો પણ પ્રભાવ મનાય છે. દા.ત. (૧) લોહચુંબક કશી ક્રિયા નથી કરતું, એમ જ પડ્યું હોય છે. છતાં એના પ્રભાવે લોઢું આકર્ષાઈ આવે છે. લોઢામાં આ આકર્ષણ લોહચુંબકના પ્રભાવે જ છે એમ કહેવાય છે. (૨) સૂર્યનાં કિરણ જ્યાં ધરતી પર પડ્યા ત્યાં પડ્યા, એ કશી ક્રિયા કરતા નથી. છતાં એના પ્રભાવે ધાન્ય ઊગે છે. (૩) એમ કોઈ ઓજસવાળા પુરુષને જોઈને જ એમની સાથે વાદ કરવા આવેલાના મોતિયાં મરી જાય છે. ગાત્ર ઢીલાં પડે છે, ને બોલવામાં તતપ તતપ થાય છે. પેલા પુરુષે કશી ક્રિયા નથી કરી. એ તો બેઠો છે-એમ બેઠો છે; છતાં આનામાં ક્ષોભ, ગભરાટ સ્ખલિત વાણી, વગેરે થયું, એ પેલા ઓજસ્વી પુરુષના પ્રતાપે જ થયું, એ સ્પષ્ટ છે. (૪) ચિંતામણિ રત્ન રાગ રહિત તેમજ આપવા કરવાની કશી ક્રિયા કરતું નથી. છતાં એ ઇચ્છિત આપનારું કહેવાય છે. પાસે ચિંતામણિ હોય અને એને આરાધ્યો હોય તો, પછી માણસ ઇચ્છે કે મને અમુક સુખ મળો, તો એ મળે છે. એ સુખ ચિંતામણિના પ્રભાવે જ મળ્યું એ વસ્તુસ્થિતિ છે. ચિંતામણિની કશી ક્રિયા વિના કે રાગ વિના જ ચિંતામણિ વાંછિતદાતા કહેવાય છે. (૫) અગ્નિ કશી ક્રિયા કરતો નથી. છતાં એને વિધિપૂર્વક સેવનારની ઠંડી ઊડે છે. એ ઠંડી ઊડવાનું અગ્નિના પ્રભાવે જ છે એ હકીકત છે. આમાંય અગ્નિ કાંઈ એના સેવનથી ગરમી મેળવનાર પર રાગ નથી કરતો છતાંય ઉપકારી છે.

બસ, આ બધાં દૃષ્ટાંતોથી સમજી શકાય છે કે અરિહંત સુખ આપવા કરવાની કશી ક્રિયા ન કરે, તેમ ભક્ત પર રાગ ન કરે છતાં સુખ, શાન્તિ,



ઉન્નતિ મળવામાં એમનો પ્રભાવ કામ કરી શકે છે. એ પ્રભાવ કેવી રીતે કામ કરે છે, એ આપણાં ચિંતન-કલ્પનાનો વિષય નથી, આપણી કલ્પનાની બહાર છે, માટે એ પ્રભાવ અચિંત્ય કહેવાય છે.

અરિહંતનો અનંત પ્રભાવ છે, એ હકીકત છે, પણ નહિ કે માત્ર ઔપચારિક કથન છે. સુખ, શાન્તિ, ઉન્નતિ, તો આપણા પુણ્ય અને પુરુષાર્થથી મળ્યા. પણ પ્રભુને જસ-યશ આપવા ઉપચારથી કહેવાય કે એ અરિહંત પ્રભુનાં પ્રભાવે મળ્યા, એવું નથી. હકીકતમાં જેમ પુણ્ય-પુરુષાર્થના પ્રભાવથી સુખાદિ મળ્યાં, એમ અરિહંતના પ્રભાવથી જ મળ્યા છે. એટલું જ નહિ, પણ એમાં બીજા બધાં કરતાં અરિહંતનો પ્રભાવ મુખ્ય છે, અસાધારણ કારણ છે. આનું કારણ એ છે કે (૧) જગતમાં જે દયા, ક્ષમા, મૃદુભાવ, કષ્ટ-સહન વગેરેથી પુણ્ય ઊભું થાય છે, એ દયાદિ ભાવોના આદ્ય ઉપદેશક અરિહંત પરમાત્મા છે. તો જેવી રીતે કોઈએ વિકટ જંગલમાંથી રસ્તો બતાવ્યો હોય પછી એ રસ્તેથી સરળતાથી પ્રવાસીઓ જઈ શકતા હોય. એ પ્રવાસીઓ ભલે પોતાના પગે ચાલે છે, પોતાના પુરુષાર્થથી જંગલ કાપી શકે છે, છતાં પ્રભાવ રસ્તો બતાવનારનો માને છે, તે કહે છે : 'ભાઈ, રૂડો પ્રતાપ એ રસ્તો બતાવનારનો કે એણે રસ્તો બતાવ્યો તો જ આપણે આ જંગલ પસાર કરી શકીએ છીએ.' એમ અરિહંતે રસ્તો બતાવ્યો કે 'આ દયા, ક્ષમા, મૃદુભાવ, કષ્ટ-સહન વગેરેથી પુણ્ય ઊભું થઈ સુખ મળે;' હવે જીવો એ દયાદિના રસ્તે ચાલે ને પુણ્ય મેળવે, સુખાદિ મેળવે, તો એમાં સ્પષ્ટ પ્રભાવ અરિહંતનો જ કહેવાય.

પ્ર. - આ તો અરિહંતની વાણીનો પ્રભાવ થયો. અરિહંતની વાણીએ દયાદિ માર્ગ કહ્યા, એટલે જીવો એના આધારે સુખ પામે છે. પરંતુ શાસ્ત્રો અરિહંતનો જ અચિંત્ય પ્રભાવ કહે છે, તો શું એમનો સાક્ષાત્ પ્રભાવ છે ?

ઉ.- હા, અરિહંતનો સાક્ષાત્ પ્રભાવ પણ છે. તે આ રીતે, જેમ ખલાસી રાતના ઉત્તરમાં રહેતા ધ્રુવ તારાને દૃષ્ટિમાં રાખીને પોતાની ઈષ્ટ દિશામાં નાવડી હંકારી જઈ ઈષ્ટ સ્થળે પહોંચે છે. એમાં એ માને છે કે આ ધ્રુવ તારાનો સાક્ષાત્ પ્રભાવ છે કે હું અંધારી રાતે પણ નાવડી સરખી હંકારી મારા સ્થળે પહોંચી ગયો;' એમ દિલમાં અરિહંતનું ધ્યાન રાખીને ભક્ત સંયમાદિ ધર્મ સુંદર સેવે છે. પાપ-ક્ષય અને પુણ્યોપાર્જન કરે છે, સદ્ગતિ પ્રાપ્ત કરે છે, તો એમાં સ્પષ્ટ છે કે એ બધામાં અરિહંતનો સાક્ષાત્ પ્રભાવ છે. ત્યાં એમ ન કહેવાય કે અરિહંતે તો કશું કર્યું નથી, તો એમનો પ્રભાવ શાનો ?' કેમકે દૃષ્ટાંતમાં ધ્રુવ તારો પણ શું કરે છે ? એ તો પોતાના ઊંચે સ્થાને સ્થિર રહે છે. છતાં એ છે તો જ એને ધ્યાનમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

રાખીને પ્રવાસ બરાબર થાય છે, એ ન હોત તો તો ખલાસીની ધ્યાન ક્રિયાની ગમે તેટલી હોશિયારી હોવા છતાં એ ગોતાં ખાત; એમ અહીં અરિહંત છે તો જ એમનું ધ્યાન રાખીને સાચી સાધનાને વિશિષ્ટ ફળપ્રાપ્તિ થાય છે. માટે એમાં અરિહંતનો જ પ્રભાવ છે, ને તે સાક્ષાત્ છે.

અરે ! અરિહંતનાં જ દર્શન, પૂજન, વંદન, સ્તુતિ, પ્રાર્થના, આજ્ઞાપાલન આદિ વિશિષ્ટ ફળ આપે છે, ને બીજાનાં દર્શન આદિ એવું ફળ નથી આપતા, એ શું સૂચવે છે ? એ જ કે અરિહંત વસ્તુ જ કોઈ એવી પ્રભાવવંતી છે કે એના દ્વારા વિશિષ્ટ ફળ મળે. એટલે ફળમાં સાક્ષાત્ પ્રભાવ અરિહંતનો છે.

એટલું જ નહિ પણ આપણને અરિહંત-દર્શન, અરિહંત-પૂજન વગેરે વિશિષ્ટ સાધના મળે. એમાં આલંબન રૂપે બનવાનો અરિહંતનો જ ઉપકાર છે. અરિહંત જ ન હોત તો તો દર્શનનો વિષય અનુપમ અરિહંત-દર્શનનો લાભ ક્યાંથી મળવાનો હતો ? જુઓ, વ્યવહારમાં ય મોટા રાજાને કહેવાય છે, -'આપની મહેરબાની કે આપનાં દર્શનનો, સેવાનો લાભ મળ્યો,' રાજાના દર્શનમાં રાજાની મહેરબાની મનાય, તો અરિહંત દર્શનમાં અરિહંતનો ઉપકાર પ્રભાવ ન મનાય ? નથી માનતા એટલે હૈયાં ધિઢ્ઢાં રહ્યાં છે. અરિહંતનો અચિંત્ય પ્રભાવ છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૨૨,તા.૧૦-૨-૧૯૭૯

## (૧૯) અરિહંતનું શરણ લેવાનું એટલે શું કરવાનું ?

**(લેખાંક-૧)**

બહુ પ્રાચીન શ્રી પંચસૂત્ર શાસ્ત્ર કહે છે, - તથાભવ્યત્વ આદિ એટલે કે 'આપણી મોક્ષપ્રાપ્તિની યોગ્યતા આદિને પકવવાનું યાને ફળ સન્મુખ કરવાનું પહેલું સાધન અરિહંતાદિ ચારના શરણનો સ્વીકાર છે. જેમ જેમ આ શરણ સ્વીકારવામાં ચિત્ત જતું જાય, તેમ તેમ તથા ભવ્યત્વ આદિ પાકતા જાય છે. ચૂલે ચડાવેલા પાણી સાથે દાળ-ચોખાને જેમ જેમ અગ્નિતાપ મળતો જાય તેમ તેમ એ પાકતા જાય છે ને ? ખીચડી બનવાની નજીક જતા જાય છે ને ? બસ, એ જ રીતે અરિહંતાદિ-શરણનો સ્વીકાર એ અગ્નિતાપ છે. એથી તથાભવ્યત્વાદિ પાકતા જાય છે, ને મોક્ષ -નિકટતા આવતી જાય છે. સવાલ આ રહે છે કે શરણું સ્વીકારવાનું, શરણું લેવાનું, એટલે શું કરવાનું ?

જો માત્ર બોલવાનું જ હોય કે 'મારે અરિહંતનું શરણ છે,' તો તો અતીત



અનંતા કાળમાં અનંતવાર ચારિત્ર પામ્યા. એમાં 'અરિહંતે શરણં પવજ્જામિ' હું અરિહંતનું શરણ સ્વીકારું છું, એવું મોઢેથી બોલવાનું તો રોજ ચાલુ હતું, તો કેમ તથાભવ્યત્વ પામ્યા નહિ ? એટલે બોલવા માત્રથી એ પાકી જતું હોત તો તો ક્યારનોય આપણો મોક્ષ થઈ ગયો હોત.

માટે શરણ-સ્વીકાર એ માત્ર બોલવાની વસ્તુ નથી, કિન્તુ હૈયાની વસ્તુ છે. હૈયાથી શરણું સ્વીકારવું જોઈએ. પૂર્વના અનંતા ચારિત્રમાં એ નથી કર્યું; હૈયાથી અરિહંતનું શરણ નથી માન્યું, હૈયાથી શરણું તો માન્યું હતું વિષયોનું, કેમકે 'ઇન્દ્રિયના વિષયો મનગમતા મળી જાય તો મારે લીલા લહેર ! બાદશાહી ! નહિતર તો એ મજેના વિષયો પૈસા-ટકા, માલ-મેવા વિના તો આ જગતમાં દુઃખી દુઃખી રહેવાનું થાય, પરતંત્ર ને પરાધીન રહેવાનું થાય. ત્યાં મારી કશી કિંમત નહિ.' આમ માનેલું, પછી અરિહંતનું શરણ તો લીધું પણ આ જ રીતે કે 'પ્રભુ ! તમે જ મારે આધાર છો, તમારાથી મને ઇન્દ્રિયોનાં સુંદર વિષયો મળો. એટલે મારે લીલા લહેર' આમાં ખરેખર આધાર કોને માન્યા ? વિષયોને, પણ નહિ કે અરિહંતને. અરિહંત તો માત્ર એક સાધન બનાવ્યું, જેનાથી વિષયોની લીલાલહેર મળે, જીવનના આધારભૂત માનેલા વિષયો મળે. આવી માન્યતા સાથેના ચારિત્ર પાલનથી પુણ્ય મળ્યાં ખરા, પણ પાપાનુબંધી ! તથાભવ્યત્વાદિ પાક્યા નહિ, ઊલટું ભવભ્રમણ વધ્યાં !

બસ, આ પરથી ખ્યાલ આવશે કે અરિહંતનું શરણ લેવાનું એટલે કે આ કરવાનું કે 'ઇન્દ્રિયના વિષયો અર્થાત્ કંચન, કામિની, કીર્તિ આદિ મનમાન્યા દુન્યવી પદાર્થોથી લીલાલહેર નહિ, પણ અરિહંતથી જ સાચી લીલા-લહેર' - એમ માનવાનું, અને પ્રભુને પ્રાર્થના કરવાની કે 'પ્રભુ ! તમે જ મારે આધાર છો. તમારા થકી જ મારે સાચી લીલા-લહેર છે.'

પ્રશ્ન થાય, - 'વિષયો ન મળે તો લીલાલહેર શી રીતે ?'

ઉત્તર આ છે કે વિષયોથી લીલાલહેર તો ઈન્દ્રિયો અને મનની ખણજોની ક્ષણિક શાંતિરૂપ છે, તેય પાછી વધુ જોરમાં એ વિષયોની ખણજોની વિટંબણા ઊભી કરે એવી ક્ષણિક શાન્તિ ! એટલું જ નહિ, પણ સાથે બીજા બીજા વિષયોની ખણજો ઊભી કરે એવી એ ખણજો છે. - દા.ત. એકવાર રસ-પૂરી જમ્યા એટલે સારા મુખવાસની અને આરામ કરવાની ખણજ ઊભી થાય છે. એ માટે સારાં ગદેલાંની ખણજ ઊભી થાય છે. પાછી સાંજે આફૂસ ચીરિયાની અને બીજે દહાડે વધુ સારા રસની ખણજ જાગે છે ! તાત્પર્ય, વિષયોની લીલાલહેર સાચી નથી. દારૂડિયાની મદિરાપાન જેવી વિટંબણારૂપ લીલાલહેર છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ત્યારે અરિહંત પ્રભુથી નિત્ય તૃપ્તિની લીલાલહેર મળે. એટલે બહારમાં વિષયોમાં ઠરવાની નહિ, પણ અંદરમાં એ વિટંબણાથી થયેલ છુટકારામાં ઠરવાની લીલાલહેર મળે છે. અરિહંતનું શરણું લેવાનું એટલે આ કરવાનું છે કે પ્રભુને પ્રાર્થીએ કે 'અરિહંત નાથ ! મારે તું જ આધાર છે; તારાથી જ મન આંતરિક તૃપ્તિની લીલાલહેર મળવાની છે; કેમકે પ્રભુ ! તેં તારા જીવનમાં એ જ કરીને આજે તું પરમ આનંદનો ભોક્તા બનેલ છે.'

અહીં ધ્યાનમાં રહે કે આવું શરણું સ્વીકારવા આપણે શ્રદ્ધા ઊભી કરવી જોઈએ કે 'સાચી લીલાલહેર વિષયોની ને એની ખણજોની વિટંબણામાંથી છૂટવામાં છે, ને મારે એ જોઈએ છે.' આ એક રીતે શરણ સ્વીકાર.

બીજી રીતે જોતાં અરિહંતનું શરણું સ્વીકારવામાં 'જગતના પદાર્થો શરણભૂત નથી,' એવો દુન્યવી પદાર્થોની શરણભૂતતાનો ઈન્કાર ગર્ભિત છે. 'પ્રભુ ! મારે તું જ શરણ, તું જ આધાર, તું જ બેલી, ને રક્ષણહાર, તું જ તારક ને ઉદ્ધારક, ઉન્નતિકારક જગતના પદાર્થો નહિ,' આ રીતે અરિહંતનું શરણું સ્વીકારીએ એમાં હૃદયમાં એ નક્કી કરવાનું આવે કે 'પાસે ગમે તેટલા પૈસા, ટકા, પરિવાર, અને સત્તા, શરણ પણ હોય. પણ એ લેશમાત્ર મારા રક્ષણહાર નથી. ઊલટું એ સાચા રક્ષણહાર અરિહંતને ભુલાવનારા, અરિહંત-ભક્તિમાં અંતરાય કરનારા અને અરિહંતની જ એક માયા લગાડવામાં આડે આવનારા છે. માટે વાસ્તવમાં મારા દુશ્મનભૂત છે.' હૃદયમાં આ નક્કી થઈ જવું જોઈએ.

સ્પષ્ટ છે કે બાહ્ય પૈસા-ટકા વગેરેમાં મન જાય એટલે અરિહંતમાં મન ન રહે. પૈસા-ટકાદિ માટે મહેનત થાય. ત્યાં અરિહંત ભજન, ભક્તિ ચુકાય. પૈસા ટકાદિ પર માયા મમતા રહે. એટલો અરિહંત પરની માયા ઉપર કાપ પડે જ તેથી સમજાશે કે અરિહંતનું શરણું લેવું, એમાં આ કરવાનું આવે કે 'જગતના પદાર્થો (૧) ન શુભ ધ્યાન આપે, (૨) ન પુન્ય આપે, (૩) ન મરણ-સમાધિ આપે, (૪) ન સદ્‌ગતિ આપે, (૫) ન પરલોકમાં એ સાથે ચાલે, (૬) ન ભવભ્રમણ મિટાવે, એ શુભધ્યાનાદિ બધું જ આપનાર એક અરિહંત. પેલા તો આવા સર્વ શુભના દાતા અરિહંતના સ્મરણ-ભક્તિ-માયાની આડે આવનારા. માટે મારે એ કોઈ આધારભૂત નહિ.' આવી સચોટ માન્યતા કરવાની, ને 'અરિહંત જ એક આધાર, સર્વ શુભ દાતા.' એ રીતે મનમાં ઠસાવવાનું.





## (૨૦) (લેખાંક-૨)

તથાભવ્યત્વ અર્થાત્ આપણું વૈયક્તિક ભવ્યત્વ પકવવા અરિહંતાદિનું શરણું સ્વીકારવાનું છે. એમાં શું કરવાનું, એના અંગે પૂર્વ લેખમાં બે મુદ્દા વિચાર્યા, કે (૧) લીલાલહેર અને બાદશાહી મનગમતા દુન્યવી પદાર્થ મળ્યામાં નહિ માનવાની, પણ અરિહંતાદિ મળ્યામાં માનવાની. ચિત્ત અરિહંતાદિમાં ઠરે એવું કરવાનું. તેમજ (૨) દુન્યવી પદાર્થો આપત્તિમાં અને મૃત્યુ વખતે શરણ આપનાર નથી એ મનમાં બરાબર ઠસાવવાનું.

હવે બીજી દૃષ્ટિએ જોઈએ. શરણ (૧) ભયમાં લેવાય છે, (૨) રોગમાં લેવાય છે, (૩) જીવનસાધન આજીવિકાર્થે લેવાય છે, (૪) એકલી અટૂલી નિરાધાર સ્થિતિમાં લેવાય છે. એ લેનારના હૈયાના ભાવ કેવા હોય છે, કેવો એ શરણભૂતને વળગે છે, કેવી કેવી પ્રાર્થના કરે છે, કેવો એના પર વિશ્વાસ કેળવે છે. ને એનાથી કેવું આશ્વાસન, કેવી હૂંફ અનુભવે છે,...વગેરેનો વિચાર કરાય તો અરિહંતાદિનું શરણું લેતાં શું શું કરવું જોઈએ તે સમજી શકાય.

**(૧) ભયમાં શરણ :**

દા.ત. જંગલમાંથી ધનમાલ સાથે પસાર થતાં દૂર ચોર-લૂંટારા દેખાય, તો કેવો ભય વ્યાપી જાય ! એમ થાય કે "હાય મર્યા ! આ તો માલ ને જાન બે ય જાય એવું લાગે છે; કેમકે આટલો બધો માલ લૂંટી આપણને કાંઈ જીવતા ન છોડે. એને ભય હોય કે આ લોકો શહેરમાં જઈ પોલીસપાર્ટી લઈ આવે તો ?' એટલે લૂંટારા આપણો જાન પણ લઈ લે. તો હાય ! હવે કેમ બચવું ! હે ભગવાન ! દયા કર." આમ ભયથી હૈયું કંપતું હોય હવે ત્યાં જો બંદૂકધારી મિલિટરી પોલીસો આવી લાગે, તો એમનું શરણું કેવું માગે ? સમજે છે કે હવે બચાવી શકે તો આ જ બચાવી શકે. એટલે એમને એ કરગરે છે, - "ભાઈસાબ ! મને લૂંટારાથી બચાવો, અને એમાં પોલીસો કહે : 'ગભરાઈશ ના, અમે તારી સાથે છીએ, તને ઠેઠ જંગલ પાર કરી શહેરમાં મૂકી દઈશું;' એ વખતે એને એમના પર ભારે વિશ્વાસ પડે છે કે 'હવે ફિકર નહિ. આ મને જરૂર બચાવશે.' એના હૈયાને હૂંફ મળે છે, આશ્વાસન મળે છે કે 'હાશ ! હવે ચિંતા નથી.' એવી રીતે -

આપણે અરિહંતાદિનું શરણું લઈએ, 'અરિહંતા મે શરણં' બોલીએ ત્યારે પહેલાં તો આપણને ભય લાગેલો હોવો જોઈએ કે, 'અરે ! સંસાર અટવીમાં કર્મ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અને મોહ લૂંટારા ઉદયમાં આવી મને મહાત કરી રાગ-દ્વેષ-કષાયોનાં આક્રમણ દ્વારા મારા જ્ઞાનાદિ-જ્ઞાન, સંયમ, તપ, ક્ષમાદિ વગેરે લૂંટી લેનારા, નષ્ટ કરનારા બન્યા છે ! મારું શું થશે ? જો આ લૂંટારાઓને કોઈ રોકનારા અહીં નહિ મળે તો તો પછી મારું સર્વસ્વ ગયું ! ને મારે એક મોત નહિ, પણ જનમ જનમ મોત ! ક્યાં જાઉં ? કેમ બચું ? એમ ભયથી હૃદય કંપતું હોય.

કર્મ લૂંટારાની વિટંબણામાં પરલોકે દુર્ગતિઓનાં ભારે દુઃખ અને પરવશતા. અહીં પણ વારે વારે કંઈ ને કંઈ આપત્તિ-કષ્ટ આવ્યા કરતાં હોય. એમાં વળી આકુળ-વ્યાકુળતા, ખોટા વિચારો, રાગ-દ્વેષના સંકલેશ, કષાયો-આર્તધ્યાન અને હિંસાદિ પાપો-દુષ્કૃત્યો થાય એ મોહની વિટંબણા છે. ત્યાં પ્રભુને પ્રાર્થીએ કે 'પ્રભુ ! મને આ વિટંબણામાંથી બચાવ.' ત્યાં પૂર્વ પુરુષો જેવા કે મોટા ગૌતમ સ્વામી જેવા પણ અરિહંતનું શરણું લઈ આ વિટંબણામાંથી બચ્યા છે, એ યાદ આવવાથી અરિહંત પ્રભુ પર વિશ્વાસ પડે છે કે એ આપણને જરૂર બચાવશે. તેથી 'અરિહંતા મે સરણં' બોલીએ એ વિશ્વાસથી બોલીએ કે 'પ્રભુ મને જરૂર બચાવશે.' પ્રભુને પ્રાર્થના કરીએ કે 'નાથ ! આ કર્મ અને મોહના હલ્લામાં, 'હું અબૂઝ, મને ખબર નથી પડતી કે શું કરવું, પરંતુ આપ અનંતજ્ઞાની છો, અચિંત્ય પ્રભાવવાળા સમર્થ છો, શું કરવું તે આપ જાણો. મારે આપનું શરણ છે. આપથી જ મને રક્ષણ મળશે.' એમ પ્રભુ પર વિશ્વાસ મૂકી આશ્વાસન લેવાય કે 'હાશ ! અનંત પ્રભાવી અરિહંત મળ્યા છે એ મારો બચાવ કરશે' અરિહંત મળ્યાની હૂંફ રખાય. 'હવે ફિકર નહિ, સમર્થ રક્ષક મળી ગયા છે. એટલે મારે કર્મની અને મોહની વિટંબણા ગઈ સમજો.'

'અરિહંતા મે સરણં' બોલીએ એમાં મનમાં વિશ્વાસ વગેરે આવા બધાં ભાવ લાવવાના છે. ત્યાં એટલું ધ્યાનમાં રહે કે પહેલાંનો આપણને એ વિટંબણાઓમાં ભય લાગ્યો હોવો જોઈએ કે જો આ મોહથી દબાયા, તો ભવના ભારે ફેરા વધી જવાના છે ! ત્યાં મારું શું થાય ! અને કેટલાય જન્મોની અકામ-સકામનિર્જરારૂપી તપસ્યાથી મળેલા આ અમૂલ્ય માનવભવમાં આ રાગ, દ્વેષ, અસમાધિ, આર્તધ્યાન અને કષાયોથી એ તપસ્યા નિષ્ફળ જવાની છે. એ રાગાદિથી ભવસાગરમાં ડૂબવાનો ભય હોય તો જ અરિહંતાદિનું શરણું સાચું લેવાય. શરણું લેવાથી હૂંફ આશ્વાસન રહે કે 'આ અરિહંતાદિથી હવે આ વિટંબણાઓ હાશ ! જવાની.'

બીજું એ પણ ધ્યાનમાં રહે કે કોઈ દુઃખ-આપત્તિ આવી તો અરિહંતનું શરણું માત્ર એ ટાળવા નથી લેવાનું; કેમકે એ ટળવાથી પણ નિસ્તાર નથી. કારણ એ છે કે આત્માના સ્ટોકમાં તો કેઈ અશુભ કર્મ પડેલાં છે ! એટલે વર્તમાન



આપત્તિ ટળી તો ય બીજા અશુભના ઉદય નવી આપત્તિ આપવા તૈયાર ઊભા છે. એમ આપત્તિ પર આપત્તિ આવ્યે જાય, ને એ એક યા બીજા પ્રકારની હોય. ત્યાં હમણાં અરિહંતાદિનું શરણું લીધાથી માનો વર્તમાન આપત્તિ ટળી પણ તેથી શું સર્યું ? નવી આપત્તિઓ ઊભી છે માટે આ માગવાનું કે 'મારે અરિહંતાદિ શરણથી મોહની વિટંબણા ટળો, આપત્તિ સામે અણનમ જોદ્ધા બની એમાં રાગ, દ્વેષ, કષાય, અસમાધિ દુર્ધ્યાન થતા અટકો;' એ જ ઈચ્છવાનું પ્રાર્થવાનું છે, ને તે એ અચિંત્ય પ્રભાવી અરિહંત પ્રભુથી અટકે એમ છે. માટે એમનું શરણું લેતાં આ રાગાદિ અટકવાની માગણી રાખવાની, માત્ર આપત્તિ ટળવાની નહિ; અને અરિહંત પર એ માટે અટલ વિશ્વાસ મૂકી એમનાથી હૂંફ અને આશ્વાસન પાકા અનુભવવાના, શરણમાં આ કરવાનું.

અરિહંત પરમાત્મા વીતરાગ છે અને અચિંત્ય પ્રભાવી છે એટલે હૃદયમાં એમને ધારણ કરીને મોહની વિટંબણાઓ ટળે જ છે. એટલે એમનું શરણ લીધું સફળ બને જ છે. મોહ-વિટંબણા રાગાદિ-સંકલેશ અસમાધિ વગેરે ટળી એટલે કર્મ વિટંબણા લાગતી નથી, મનને દુઃખી કરી શકતી નથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૨૫,તા.૩-૩-૧૯૭૯

## (૨૧) (લેખાંક-૩)

જેવી રીતે જંગલમાં ડાકુ-લૂંટારાથી ભયભીત માણસને મિલિટરી પોલીસ મળે તો એનું જે રીતે શરણું લે, એમ સંસારના ભયવાળા આપણે અરિહંતનું શરણું એ રીતે લેવાનું છે. આ વાત ગયા લેખમાં વિચારી. આ પહેલું દૃષ્ટાન્ત.

**(૨) હવે રોગીના બીજા દૃષ્ટાન્તથી વિચારીએ.**

કોઈ વરસોનો રોગી હોય, રોગથી ઘણી પીડા ભોગવતો હોય, અને સાંસારિક કામો બગડતાં હોય, એના હૈયાને એ ખૂંચતું હોય, મન દુભાતું રહેતું હોય, એવાને જાણવા મળે કે કોક 'કીમિયાગર ધન્વંતરી જેવો વૈદ્ય બહારથી આવ્યો છે અને એ ગમે તેવા રોગને સારા કરી દે છે,' તો એની પાસે જઈ બતાવે છે. વૈદ્ય કહે કે 'મારી દવાથી ટૂંકા સમયમાં તમારો રોગ તદ્દન મટી જશે,' ત્યાં એ એને કરગરે છે કે 'ભાઈસાબ ! ત્યારે મારો પણ રોગ મટાડી આપો, તમે કહેશો એ રીતે દવા કરીશ. તમે કહેશો તે પરેજી પાળીશ. જેમ તમે કહેશો તેમ કરીશ;' અને આ પ્રાર્થના સાથે મનમાં નક્કી કરે છે કે 'આ જ હવે મારો તારણહાર છે; આ જ મને સાજો કરશે,' તેમ એના મનને આનંદ હોય છે કે 'કોઈ મહાન ભાગ્યના ઉદયે મને આ વૈદ્ય મળી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ગયો, અને હવે તો આજથી આની દવાથી કેટલું સુંદર આરોગ્ય મને મળશે ! કેવી મારી પીડાઓ તેમજ માનસિક દુભામણો ચાલી જશે ! પછી મારાં કામો કેવાં સુંદર ચાલશે !'

બસ, આ રીતે અરિહંતાદિનું આપણે શરણું લેવાનું છે. એ માટે પહેલાં આપણે સમજી રાખવાનું છે કે 'આપણે અનેકાનેક પ્રકારના કર્મનાં અને મોહના રોગોથી ઘેરાયેલા છીએ. એ રોગો આપણને વારંવાર જનમ-મરણથી માંડી અનેક પ્રકારના અશાતા, શોક, અનિષ્ટ સંયોગ, ઇષ્ટવિયોગ, પરાધીનતા, ગુલામી, અપમાન, અનાદર, અપયશ વગેરે પીડાઓ તથા રાગ, દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-માયા, ઈર્ષ્યા, નિંદા વગેરેની સતામણી વિટંબણાઓ આપી રહેલ છે.

(૧) એટલે શરણ લેવામાં પહેલું તો હૈયાને આ રોગો અને આ જનમ-મરણાદિ પીડાઓ ખૂંચતી હોય એવું કરવાનું. વળી આપણા આમાનાં સાચાં કામ તરીકે દેવાધિદેવની ભક્તિ, સાધુભક્તિ, દયા, દાન, શીલ, તપ, સંયમ, વગેરે છે. એમાં એ રોગ-પીડાઓ અંતરાય કરી એને અટકાવતા હોવાનું દુઃખ હોય, મન દુભાતું રહેતું હોય, એટલે મનને એની ઘણી દુભામણ ઊભી કરવાની. ત્યાં -

(૨) આપણને જાણવા મળ્યું કે, 'આ બધાં રોગો, પીડાઓને ધરમૂળથી સાફ કરી નાખનાર કીમિયાગર ધન્વંતરી વૈદ્ય અરિહંતાદિ પંચપરમેષ્ઠી છે. એમણે આપણા કરતાં પણ મહારોગીઓને સારા કર્યા છે. ધરમૂળથી એમના રોગો, પીડાઓ નષ્ટ કરી છે. દા.ત. મહાવીર પ્રભુના ચરણે બચકાં ભરી ઝેરથી પ્રભુને મારી નાખવાની દુષ્ટ વૃત્તિવાળા અને જીવનમાં અનેકોને મારી નાખનાર મહા ગુસ્સાખોર અભિમાની ચંડકોશિક સાપને પ્રભુએ ઉગાર્યો છે, પ્રભુએ એના પણ મહાક્રોધાદ રોગ સાફ કરી નાખ્યા છે. એમ ઘોર હત્યારો અર્જુન માળી, મહાચોર રોહિણિયો, તથા ૫૦૦ રાણીઓનાં વિષયસુખ લૂંટવામાં લીન રાજા દશાણભદ્ર, તેમજ દિવ્ય ખાનપાન, વસ્ત્ર-દાગીના વગેરે વિષયસુખોમાં તરબોળ શાલિભદ્ર, ક્રોડો સોનૈયાના ધણી ધનાજી ધન્નોકુમાર વગેરેના રોગ પ્રભુએ મિટાવ્યા છે,' એ જાણીને આપણે પ્રભુ પર ભારે વિશ્વાસ મૂકવાનો કે પ્રભુથી મારા પણ રોગ જશે.

(૩) પછી ત્રીજી વાત, પ્રભુને પ્રાર્થના કરતા રહેવાનું કે પ્રભુ ! મારા પણ રોગ મિટાવો, હું કર્મરોગો અને મોહરોગોથી હેરાન-પરેશાન થઈ રહ્યો છું. માનવભવમાં જ કરી શકાય એવી કલ્યાણ આરાધનાઓનાં કામ મારાં બગડી રહ્યાં છે, અટકી રહેલ છે. પ્રભુ ! મારા પર દયા કરો, મારા રોગ નામશેષ કરી આપો. અને મને વિશ્વાસ છે કે તમારા અચિંત્ય પ્રભાવે મારા રોગ જરૂર મટશે.'

(૪) આવી પ્રાર્થના સાથે પ્રભુએ કહેલ દવા-ઉપચારરૂપ સાધનાઓ કરવા



માટેના તથા પરેજીરૂપ મિથ્યાત્વ ત્યાગ, ક્રોધત્યાગ, અતિ વિષયાસક્તિ ત્યાગ વગેરે પાળવા માટેના કોડ થતા રહે એવું કરવાનું. અરિહંત શરણમાં આ આ કરવાનું છે.

**(૩) હવે શરણ માટે ત્રીજું દૃષ્ટાન્ત દરિદ્રનું**

એમ જેવી રીતે ભૂખે મરતો દરિદ્ર માણસ ઉદાર દયાળુ શ્રીમંત માણસનું શરણું લે એમ આપણે એ રીતે અરિહંતાદિનું શરણું લેવાનું છે. એ દરિદ્ર શું કરે છે ? પહેલાં તો પોતાની ભૂખે મરતી સ્થિતિ અને દરિદ્ર અવસ્થા પર એને ભારે ઘૃણા હોય છે, એને શરમ જેવું લાગે છે, મનને એમ થાય છે કે 'કેવો હું કમભાગી ! ભાગ્યહીન ! કે સરખું પેટ ભરવાનું ય નહિ, ત્યાં કપડાં-લત્તા ને બીજી સગવડોની શી વાત ?' ત્યાં પેલો ઉદાર દયાળુ શ્રીમંત મળી આવતાં છુટકારાનો દમ ખેંચે છે, પક્કો વિશ્વાસ ધરે છે, કે હવે આનાથી મારું દાળદર ગયું સમજો. પછી એને પ્રાર્થના કરે છે, ને એને અનેક પ્રકારના વિનયાદિથી સેવે છે. એમ, -

**અરિહંતનું શરણું લેતાં** -

(૧) પહેલું તો આપણે આપણી પાસે સદ્બુદ્ધિ અને સતત સારી સારી વિચારસરણી ન હોવાની તેમજ સદ્ગુણો-સુકૃતો ન હોવાની દરિદ્રતા પર ભારે ઘૃણા કરવાની, આપણને એની ભારે શરમ લાગે, અફસોસી થાય, કે 'કેવો હું હીનભાગી કે મારી પાસે આવા ઊંચા માનવભવમાં આવવા છતાં મારે સુકૃત-સદ્ગુણ, સદ્વિચાર-સદ્બુદ્ધિનું કશું ઠેકાણું નહિ !'

(૨) ત્યાં આપણને પરમ શ્રીમંત અરિહંત મળી ગયા એટલે હૈયે ધરપત ઊભી કરવાની કે 'હાશ ! હવે મારી આ દરિદ્રતા જવાની.' પછી -

(૩) પ્રભુને પ્રાર્થના કરતાં રહીએ કે 'પ્રભુ, મારા આ અનંત જનમ દુઃખ દેનારી દરિદ્રતા કાઢો અને સુકૃત સદ્ગુણ, સદ્બુદ્ધિ વગેરે સંપત્તિ આપો; અને મને વિશ્વાસ છે કે તમારાથી મને એ સંપત્તિ જરૂર મળશે, ને મારી દરિદ્રતા ટળશે.'

(૪) દરિદ્ર માણસ શ્રીમંતને વિનયાદિથી સેવે, એમ અરિહંતાદિને વિનયાદિથી સેવવાના. અરિહંત શરણાદિમાં આ આ કરવાનું.

(૪) શરણ માટે **ચોથું દૃષ્ટાન્ત નિરાધારનું :-**

એમ, જેવી રીતે નિરાધાર માણસને કોઈ આધાર દેનાર સમર્થ માણસ મળી જાય, તો એનું શરણું જે રીતે લે, એ રીતે -

(૧) આપણે આ ભવસાગરમાં સૌ સ્વાર્થની માયાની વચ્ચે અને અનિત્ય સંયોગોની વચમાં આપણી સ્થિતિ નિરાધાર દેખાય, અને એની હૈયે ભારે વિમાસણ હોય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(૨) ત્યાં આપણને અરિહંત પ્રભુ મળ્યા એનો ભારે આનંદ માનવાનો કે, 'અહો ! મને અનાથના નાથ, અશરણના શરણ, અબંધુના બંધુ, અરિહંત પ્રભુ મળી ગયા ! કેવું મારું અહોભાગ્ય કે આમને હૈયે રાખું તો મારે સદા હૂંફ અને આશ્વાસન ! તેમજ રોગ, આપત્તિ કે મૃત્યુ વખતે પણ પરમ શાંતિ ! પ્રભુ હૃદયમાં હોય તો પુણ્ય અને સદ્ગતિ જ મળે. વાહ ! મારા પરમ સ્નેહી !'

(૩) વળી અરિહંત પ્રભુનું શરણ લેવામાં આ કરવાનું, - સર્વ પરિસ્થિતિમાં એમનામાં સાચા સ્નેહી-સ્વજન-સથવારાનાં દર્શન કરવાનાં. વારંવાર જનમ-મરણની ભયંકર જંજાળ મિટાવી ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનાર પરમ આધાર મળ્યાની હૂંફ અનુભવવાની. દિલ પોકારે કે મારે હવે શી ફિકર છે, આવા પ્રભુ મને મળ્યાથી હું સાધાર સાધાર બની ગયો, પ્રભુ ! જગતમાં હું કોઈને ને કશાને મારો આધાર માનતો નથી. તું જ મારો આધાર છે. મારો સાચો સ્નેહી છે, તારાથી મને પૂરી નિશ્ચિતતા છે, પૂર્ણતા છે. દુન્યવી કશી ચીજની ન્યૂનતા મને લાગતી નથી, તારાથી મને પૂર્ણતા છે.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૨૬,તા.૧૦-૩-૧૯૭૯

## (૨૨) નિંદ્રાના મહા પ્રત્યાઘાત કેમ ?

જીવનની કેટલીક પ્રવૃત્તિનાં મહા પ્રત્યાઘાત હોવા છતાં એ રીતે આપણે એને ઓળખતા નથી એટલે જ એમાં મહાસુખ માનીએ છીએ. દા.ત. નિંદ્રાની પ્રવૃત્તિના મહા પ્રત્યાઘાત છે, પરંતુ એ રીતે એને ઓળખતા નથી એટલે એમાં સુખ સમજીએ છીએ. તો હવે એને અહીં ઓળખીએ.

શ્રી આચારાંગ આગમનું ચૂર્ણિશાસ્ત્ર કહે છે કે નિંદ્રાના ઉદય વખતે એટલે કે ગાઢ નિંદ્રાના સમયે જીવને ગુરુશાતાનો અનુભવ થાય છે. એટલે તો ગાઢ નિંદ્રાની વચમાં કોઈ એકાએક જગાડે તો જીવને એ ગુરુશાતાનુભવમાં ભંગ થતાં ભારે દુઃખ થાય છે; એવો દુઃખાનુભવ કોઈ ખાતાં ખાતાં વચમાં જ મીઠાઈનો થાળ ખૂંચવી લે, કે સાંભળતાં સાંભળતાં વચમાં જ સંગીત બંધ થઈ જાય, તો નહિ થાય. એ સૂચવે છે કે નિંદ્રામાં મોટી શાતાનો અનુભવ છે.

ખૂબી કેવી છે કે જીવને આમ તો ઈષ્ટ વિષયોમાં ઇન્દ્રિયો પ્રવર્તે ત્યારે શાતાનો અનુભવ થાય છે. પરંતુ અહીં નિંદ્રામાં બધી જ ઇન્દ્રિયો નિષ્ક્રિય બની



જાય છે, એની કોઈ વિષયપ્રવૃત્તિ નથી, છતાં ગુરુ શાતા સુખનો અનુભવ થાય છે. 'મોક્ષમાં શું સુખ ? ત્યાં સારું ખાવાપીવાનું નહિ, ફરવાનું નહિ, સ્ત્રી-પુત્રાદિ નહિ, વાડી-ગાડી નહિ, પછી ત્યાં સુખ શું ?' એમ પ્રશ્ન કરનારને પૂછીએ કે નિંદ્રામાં શું સુખ ? ત્યાં ખાવાપીવાનું નહિ ફરવાનું નહિ, સ્ત્રી-પુત્રાદિ હોવાનું ભાન નહિ, વાડી-ગાડી પૈસા સારા મળ્યાનું ભાન નહિ, પછી નિંદ્રામાં સુખ શું ?' તો એમ જ કહેશે કે નિંદ્રાનું સુખ અનેરું છે એ અનુભવથી સમજાય એવું છે, એને દલીલ દૃષ્ટાન્તથી ન બતાવી શકાય. બસ, એ જ રીતે મોક્ષનું સુખ અનંત છે, એ અનુભવથી જ સમજાય એવું છે.

આમ તો નિંદ્રા આવે છે એ દર્શનાવરણીય કર્મનો ઉદય છે, પરંતુ જ્યારે ચક્ષુદર્શનાવરણ એટલે કે અંધાપો, અચક્ષુદર્શનાવરણ એટલે બહેરાશ વગેરે એનો ઉદય માણસને ખટકે છે, ત્યારે નિંદ્રારૂપી દર્શનાવરણકર્મનો ઉદય ખટકતો નથી ! ઊલટું ગમે છે ! નિંદ્રા બરાબર ન આવતી હોય તો સારી નિંદ્રા લાવવા માટે દવા-ઉપચાર કરે છે ! અંધાપો વગેરે ઓછા થવા શક્ય હોય તો એ ઓછા કરવાના પ્રયત્ન કરે છે, ત્યારે નિંદ્રા ઓછી હોય તો વધારવાના પ્રયત્ન થાય છે. ચાર જ કલાક કેમ ? છ કલાક નિંદ્રા આવવી જોઈએ. એમ કહી નિંદ્રા વધારવા માટે મહેનત કરે છે ! તેમ ઘસઘસાટ છ કલાક નિંદ્રા આવી તો ખુશી ખુશી થઈ જાય છે કે 'હાશ ! બહુ સારી નિંદ્રા આવી !' આમાં 'હાય ! નિંદ્રામાં ધર્મસાધના ગુમાવી ! છ કલાક પ્રમાદ થયો ! કિંમતી માનવ આયુષ્ય હાય ! એટલું એળે ગયું !' આવી કોઈ જ નાખુશી નથી. અરે ! 'દુન્યવી કામકાજ હાય ! નિંદ્રામાં એટલા ગુમાવ્યા !' એવી પણ અફસોસી નથી. સારી નિંદ્રા માટે ભારે આગ્રહ છે, પક્ષપાત છે, આસક્તિ છે. કેમકે એમાં ગુરુ શાતાનો અનુભવ છે.

નિંદ્રાના આ ભારે આગ્રહ-આસક્તિ-પક્ષપાતનું પરિણામ એ આવે છે કે જરૂર પડ્યે એ દેવ-ગુરુના અનાદર, ધર્મ-ઉપેક્ષા, અને મિથ્યાત્વ સુધી લઈ જાય છે ! દેવનો અનાદર આ રીતે કે, સવારે ગાઢ નિંદ્રા આવતી ત્યાં કોઈ દેવાધિદેવનાં સ્તુતિસ્મરણ કરવા કહે તો 'અત્યારે મીઠી ઊંઘ લેવાના અવસરે દેવાધિદેવ ?' એમ પ્રભુ પર અનાદર થાય છે. એમ, અથવા પોતે રોજિંદુ આ કરતા હોય તો ય રાતના માંકડ-મચ્છરમાં ઊંઘ ન આવી તે પ્રભાતે આવી ત્યારે ઊઠે ખરો પણ કંટાળાથી, કે 'લ્યો હવે આ સ્તોત્ર-સ્મરણ કરવાનો ટાઈમ આવી ગયો !'

ગુરુનો અનાદર એ રીતે ગાઢ નિંદ્રામાં રહ્યે અધવચ્ચે ગુરુ કંઈ કામ કે સેવા અર્થે જગાડે તો ગુરુ પર અરુચિ થવા સંભવ. અથવા આંખમાં નિંદ્રા ભરાઈ ગઈ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

હોય અને ગુરુએ વાચનામાં કે ધર્મચર્ચામાં જરાક લંબાયું હોય તો મનને એમ લાગવા સંભવ કે 'આ ગુરુ કેવા છે ! કેટલું લંબાવે છે ! આમ વાચના દેવાતી હશે ? એમ દિવસે નિંદ્રા લેતો હોય અને ગુરુ ના પાડે તો ગુરુ પર અપ્રીતિ થશે, અનાદર થશે.

ધર્મમાં અનાદર આ રીતે, કે બીમારીમાં દિવસના નિંદ્રા આવી હોય, ત્યાં વચમાં કોઈ આવશ્યક ક્રિયા માટે જગાડે તો મનને ધર્મ પર અભાવ થવા સંભવ કે હજી હમણાં તો માંડ ઊંઘ આવી એમાં લ્યો અત્યારે ક્રિયાનો અવસર આવ્યો ! હમણાં આ ક્રિયા પછી બીજી ક્રિયા ? લ્યો, ક્રિયાની દખલમાં સરખું ઊંઘવાનું ક્યાં ? ને શરીર શી રીતે સારું થાય ?' આમ, ધર્મક્રિયા પર અભાવ થાય. સાધુને રાત્રિસ્વાધ્યાય પર નિંદ્રાની ગુરુ શાતના રસથી અભાવ થાય છે. શ્રાવકને ય એ જ રસના લીધે રાત્રે કુટુંબને હિતબોધ માટે રાસ આદિ સંભળાવવાનું વાહિયાત લાગે છે.

આજના હીન સત્ત્વવાળા કાળમાં પ્રભાતે પરમાત્મભજન, પ્રતિક્રમણ વગેરેની ઉપેક્ષા કોણ કરાવે છે ? નિંદ્રાની ભારે લહેજત. છોકરાઓના હિત માટે સવારે સમયસર ઉઠાડવા મથતા હિતૈષી માતા-પિતા ઉપર પણ છોકરા ગુસ્સો કરે છે તે શાના પાપે ? નિંદ્રાની મોટી શાતાની લંપટતાના પાપે.

આમ નિંદ્રાની મોટી શાતાના રસ દેવ-ગુરુ-ધર્મ અને હિતૈષીના અનાદર સુધી લઈ જાય, તે મિથ્યાત્વ પણ પમાડી દે ! ને ગાઢ જ્ઞાનાવરણ આદિ કર્મ પણ બંધાવી દે ! પૂર્વકાળે એક વિદ્વાન સાધુ મુનિઓને વાચના આપતા હતા, એમાં એકવાર પોતે રાતના પોઢી ગયેલા ને એક મુનિએ આવીને શાસ્ત્ર અંગે કોઈ પ્રશ્ન પૂછ્યો, ત્યારે એમને એમ થયું કે 'આ ક્યાં હું ભણ્યો કે આ હેરાનગતિ મારે ભોગવવી પડે ? આ ન ભણેલો ભાઈ કેટલો સુખી છે !' આમ નિંદ્રાના રસમાં જ્ઞાનના અનાદર સુધી પહોંચ્યા ! તીવ્ર જ્ઞાનાવરણ કર્મ બાંધ્યું ! ભવાંતરે મુનિ બનતાં એના ઉદયમાં ઉત્તરાધ્યયન સૂત્રની ૧૩ ગાથા ગોખતાં ૧૨ વરસ લાગ્યાં !

નિંદ્રા એની ગુરુ શાતાના લીધે આવી ખતરનાક હોવાથી, જો કે આરોગ્ય માટે એની જરૂર છે છતાં એને ઓળખી લેવા જેવી છે, અને પરસ્ત્રી લંપટને એના રસની જેમ નિંદ્રાનો રસ, પક્ષપાત, અંધ આસક્તિ રાખવા જેવી નથી. નિંદ્રા લઈ લેવી પડે છતાં એને ઓળખીને ચાલવા જેવું છે, એમાં મહાસુખ સમજવા જેવું નથી. પરંતુ એ સર્વઘાતિની કર્મપ્રકૃતિના ઉદયવાળી હોવાથી આત્માની મહાલૂંટારણ સમજી એનાથી ભડકતા રહેવા જેવું છે.





## ૨૩ સમાધિ-સ્વસ્થચિત્તના બે સુંદર ઉપાય

માનવજીવનની સુવાસ સમાધિ છે. **સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા.** જેમાં હરખના ઉન્માદ ન હોય અને ઉદ્વેગની દીનતા ન હોય, કરમાવાપણું ન હોય; મનગમતું મળ્યું ને ચિત્ત હરખું થઈ જતું હોય, તો એ પણ ચિત્તની શાન્તિ-સ્વસ્થતા નથી, પણ એક પ્રકારની અસ્વસ્થતા છે, ઉકળાટ છે. એમ જરાક અણગમતું થયું ને ચિત્ત ખેદથી ઊતરી જતું હોય, 'અરેરે ! મારું બગડ્યું,' એમ મન દીનહીન બનતું હોય તો એ પણ ચિત્તની અવસ્થતા-અશાન્તિ છે. સ્વસ્થતા એ, કે ભરતી-ઓટ વિનાના સાગરના જેવી પ્રશાન્તતા હોય; પણ નહિ કે ચિત્ત હરખ-ઘેલું, યા ખેદ અપ્રસન્નતાથી ઊતરી ગયેલું, કરમાઈ ગયેલું. આ સ્વસ્થતા એ સમાધિ.

**સમાધિ એ જીવનસુવાસ છે.**

સમાધિ છે તો જ જીવન સુવાસિત છે. ચિત્ત અસમાધિમાં છે, અશાન્ત અસ્વસ્થ છે તો જીવન બદબોવાળું છે. આ અસમાધિની બદબો એવી કે એમાં જો પરભવનું આયુષ્ય બંધાય, તો તિર્યંચ યા નરકગતિનું આયુષ્ય બંધાય; અને અ-સમાધિમાં જો પ્રાણ ચાલ્યા જાય તો એ અસમાધિની બદબો જીવને તિર્યંચ-નરકગતિમાં લઈ જાય.

**શ્રેણિક** રાજાને કોણિકની કેદમાં પણ સમાધિ હતી. તે જીવનનો અંતકાળ નજીક આવી ઊભો તો ય તે અસમાધિ ખેદ દીનતા કરવાની વાત નહિ. પોતે અભયકુમાર વગેરે જે સંયમ સાધના કરી ગયા, તેની અનુમોદના કરી રહ્યા હતા ! પરંતુ એમાં જ્યાં છેક અંતે મન પર કોણિક આવી ગયો એની નાલાયકતા પર ભારે દ્વેષ ઊભરાયો ત્યાં અસમાધિ ઘૂસી ને નરકમાં તાણી ગઈ. એમને થયું કે એની માતાએ એને જનમતાં ઉકરડે ત્યજાવી દીધેલો, તે મેં એને બચાવી લીધેલો, માતાથી જુદો રખાવી એનો ઉછેર કરાવેલો, તે મને આજે રાજ્ય પડાવી જેલમાં નખાવી કોરડા મરાવે છે ? હરામખોર શું સમજે છે એ ? આમ ચિત્તમાં અસમાધિ ઊઠી, તો એ અસમાધિ એમને પહેલી નરકમાં લઈ ગઈ.

**મમ્મણ** શેઠ રતનનો બળદિયો બનાવી લીધાના હરખના ઉન્માદમાં હતો, તો મરીને સાતમી નરકે પહોંચ્યો ! **નંદ મણિયાર**ને વાવડી બંધાવ્યાના અને લોકપ્રશંસાના હરખનો ઉન્માદ હતો. તો મરીને એ જ વાવડીમાં દેડકા તરીકે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

જનમ્યો ! હરખનો ઉન્માદ એ અસમાધિ છે. ને જીવનની એ બદબો છે, અધોગતિમાં લઈ જાય. એવી અસમાધિને સુવાસ થોડી જ કહેવાય ? બદબો જ કહેવાય.

જીવનમાં તપાસવા જેવું છે કે હરખ-ખેદની અસમાધિની ક્ષણો કેટલી ? ને હરખ-ખેદ નહિ એવી પ્રશાન્તતા-સ્વસ્થતાની ક્ષણ કેટલી ? જો અસમાધિની જ ક્ષણો ઘણી બધી છે, તો એમાં તિર્યંચગતિનાં પાપકર્મ બધાયે જવાનું ચાલુ છે, પછી ત્યાં પૈસેટકે સુખી રહ્યા, ખાનપાનની મોજો ઉડાવી, અને માન-સન્માન બહુ મેળવ્યાં, પણ એ તો ચાર દિનકી ચાંદની, કિન્તુ પછી શું ?

જીવનમાં બહુધા સેવેલી અસમાધિએ દુર્ગતિના ભવોની પરંપરા સરજાય છે કેમકે અસમાધિના ભરચક કુસંસ્કાર ભવાંતરે સારું સૂઝવા જ દેતાં નથી નરસું જ સૂઝાડે છે. જીવન પાપિષ્ટ જ બનાવે છે ને તેવી દુર્ગતિના ભવની પરંપરા ન ચાલે તો બીજું શું ચાલે ? માટે જીવનમાં અસમાધિની સુવાસ બહુ જરૂરી છે.

એટલું ધ્યાનમાં રહે કે જીવનભર અસમાધિ ઘૂંટી હશે તો અંતે અસમાધિ રહેવાનો મોટો સંભવ છે. માટે જીવન જીવતાં સમાધિ ઘૂંટવાની બહુ જરૂર છે. આ સમાધિ યાને ચિત્તસ્વસ્થતા ઘૂંટવાતા ટકાવી રાખવાના બે ઉપાય છે, -

(૧) જીવનમાં દુન્યવી બાબતોમાં ચિત્તને ઠરવા ન દો.

(૨) આત્મકલ્યાણની દરેક બાબતોમાં ચિત્તને ઠરવા દો.

આમાં પહેલાં મુદ્દામાં આ કરવાનું છે કે ચિત્ત ચોંટી પડે નહિ, નિરાંત ન અનુભવે, સ્થિર તન્મય થાય નહિ, કિન્તુ જેમ મુનીમ શેઠના નફે-નફાનો ચોપડો લખી જાય પણ એમાં પોતાને કશું 'ઓહો ! ઓહો !' કરવાનું હોતું નથી, માત્ર અલિપ્તપણે ચોપડો લખી જાય છે, એ રીતે આપણે હરખના પ્રસંગો અલિપ્તપણે પસાર થવા દેવાના. એવું ખેદના પ્રતિકૂળ પ્રસંગોમાં અલિપ્ત રહેવાનું. ઈતિહાસ વાંચી જઈએ એમાં કોઈના પ્રતિકૂળ પ્રસંગો કેવી રીતે વાંચી કાઢીએ છીએ ? આપણે કાંઈ આપણા પર એ બધી પ્રતિકૂળતા આવીને દુઃખી દુઃખી થઈ ગયા, એ રીતે નથી વાંચતા, પણ અલિપ્તપણે તટસ્થપણે વાંચી જઈએ છીએ. એમ આપણા જીવનમાં બનતા અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં અલિપ્ત રહેવાનું. ઠરવાનું નહિ. એમાં તન્મય થવાનું નહિ. અહીં એક પ્રશ્ન થાય, —

પ્ર.- આપણા પ્રસંગો તો આપણને સ્પર્શતા હોય છે, એમાં અલિપ્તતા કેમ રહે ?

ઉ.- રહે, આપણે એને કર્મના ઘરના સમજવાથી અલિપ્તતા રહે. મુનીમ ચોપડો લખે છે પણ શેઠનો છે એમ સમજે છે. તો એના નફા-તોટામાં અલિપ્ત



રહે છે. એમ આપણે ઈષ્ટ-અનિષ્ટ આવે એને કર્મના ઘરના સમજીએ તો અલિપ્ત રહી શકીએ. આપણે મન પર આટલું જ લાવવાનું કે 'આ મારી શાબાશીનું નથી, કર્મની શાબાશીનું છે. કર્મના વર્ચસ્વનું છે. એ ગમે ત્યારે ગમે તેમ ચલાવી શકે છે. માટે કર્મના ઘરની કર્મસત્તાની આ બાબતમાં મારે માત્ર જોયા કરવાનું, લેવાવાનું નહિ. અલબત્ત આપણે ઉચ્ચ કોટિના મહામુનિ નથી તે એમના જેવા અલિપ્ત રહી શકીએ, પરંતુ જે ઈષ્ટ-અનિષ્ટ બનતા પ્રસંગમાં એને મહત્ત્વ આપી એમાં એકદમ ઠરી બેસીએ છીએ, તે એને કર્મવિપાક સમજી એને એટલું બધું મહત્ત્વ નથી આપવાનું. સમજી રાખવાનું કે "આ તો પૂર્વ કર્માનુસાર બને છે, ને આ કાંઈ મારું પારલૌકિક જીવન નથી. પૈસા મળ્યા કે ગયા એના પર પરલોકહિતનો આધાર નથી. પરંતુ આમાં સુકૃત કરું સદ્ગુણ ખીલવું, વૈરાગ્ય વગેરે શુભ ભાવ રાખું, એ મારું પારલૌકિક જીવન છે. એના પર મારું પરલોકહિત આધારિત છે. પૈસા બહુ ગયા તો ય શું રોવાનું ? ચક્રવર્તીના રાજ્ય ગયાં, મારે શું એવું છે ?' આવા આવા વિચારથી ઈષ્ટ-અનિષ્ટમાં, ઠરી બેસવાનું નહિ પણ, અલિપ્ત રહી આત્મહિત મનમાં લાવવાનું.

બીજો ઉપાય આ કરવાનો છે કે દેવદર્શન-પૂજન, નવકારસ્મરણ આદિ ધર્મપ્રવૃત્તિમાં ઠરવાનું છે, પત્ની આદિનાં દર્શનમાં જીવ ન ઠરે એવો દેવદર્શનમાં ઠરે, ઉલ્લાસ અનુભવે, મન પેટ-પૂજામાં ન ઠરે એવો પ્રભુ-પૂજામાં ઠરે. જીવ રૂપિયા ગણતાં નહિ, એવો નવકાર ગણતાં તરબોળ બને. ફરિયાદ રહે છે કે 'ધર્મ સાધનામાં મન સ્થિર નથી રહેતું.' પરંતુ સમજવાનું આ છે કે 'આપણે દુન્યવી સાંસારિક બાબતમાં જેવા ઠરી બેસીએ છીએ એવા ધર્મપ્રવૃત્તિમાં ક્યાં ઠરી બેસીએ છીએ ? કરવાનું આ છે કે બહારમાં બહુ ઠર્યા, અનંતાકાળ ઠર્યા, હવે અહીં આત્મહિતમાં ઠરી બેસવાનો લાગ આવ્યો છે, તો આમાં જ રહું. દા.ત. ચૈત્યવંદન કરું છું તો સૂત્રના એકેક શબ્દમાં ઠરું. સ્તવનની એકેક કડીના ભાવમાં ઠરું.'

આમ, દુન્યવી ઈષ્ટ--અનિષ્ટમાં ન ઠરીએ, અલિપ્ત જેવા રહીએ, અને ધાર્મિકમાં ઠરીએ તો સમાધિ રહે, ચિત્તની સ્વસ્થતા, શાંતિ રહે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## ૨૪ 'નમો અરિહંતાણં'માં મુખ્ય કોણ ?' 'નમો' કે 'અરિહંતાણં' ?

'નમો અરિહંતાણં'માં 'નમો' મુખ્ય ? કે 'અરિહંતાણં' મુખ્ય ? આનો યથાર્થ વિચાર કરીએ તો પાયાનું જીવનકર્તવ્ય સમજાય એવું છે, ને એ સમજાયાથી પહેલો ઉદ્યમ એનો થાય.

આ સવાલના જવાબમાં સામાન્યથી જોતાં એમ લાગે કે 'નમો' પદ પહેલું મૂક્યું છે, 'અરિહંતાણં નમો' નથી કહ્યું પણ 'નમો અરિહંતાણં' કહ્યું છે, તેથી 'નમો' પદ મુખ્ય છે. વળી 'નમો'નો અર્થ નમસ્કાર, એ પહેલું જરૂરી કર્તવ્ય છે; કેમકે જીવને અહંકાર મારે છે. 'અહં મમેતિ મન્ત્રોયં મોહસ્ય જગદાન્ધ્યકૃત્' અર્થાત્ હું અને મારું એ મોહનો જગતને અંધ કરનારો મંત્ર છે. અહંત્વ છે, કોઈને નમવું નથી, મોટા ત્રિલોકનાથ પ્રભુને પણ નમવું નથી. ત્યાં સુધી એ પ્રભુનું શરણ નહિ લેવાય, એમના કહેલા માર્ગે નહિ ચલાય, અને આપમતિએ ચાલતાં સંસારયાત્રા ચાલુ રહેવાની. આ હિસાબે જ અહંકારને પહેલો તોડવો જોઈએ, ને એ તોડવા માટે નમસ્કાર મુખ્ય ઉપાય છે. તેથી નમસ્કાર પહેલું કર્તવ્ય છે ને એટલે જ 'નમો અરિહંતાણં'માં 'નમો' પદની મુખ્યતા છે. સામાન્યથી જોતાં આમ લાગે.

પરંતુ આની સામે પ્રશ્ન છે કે એમ 'નમો' પદને અને એના અર્થ નમસ્કારને મુખ્ય કરવા જતાં 'અરિહંતાણં' પદ ગૌણ થશે એટલે પદનો અર્થ 'અરિહંત' ગૌણ થશે. જ્યારે હકીકતમાં 'અરિહંત' તો સર્વ શુભકાર્યમાં પ્રધાન કારણ છે. યાવત્ ત્યાં સુધી કહ્યું કે, 'કાળ સ્વભાવ ભવિતવ્યતા, એ સઘળા તુજ દાસો રે; મુખ્ય હેતુ તું મોક્ષનો એ મુજ સબળ વિશ્વાસો રે' અર્થાત્ મોક્ષનું પણ મુખ્ય કારણ અરિહંત. ભવિતવ્યતા આદિ પાંચે કારણો અરિહંતપ્રભુના દાસ છે, અર્થાત્ અરિહંતને આધીન બની કામ કરે છે. અરિહંતને જે શરણે ગયો, સમર્પિત થયો, એને ભવિતવ્યતા વગેરે અનુકૂળ બની જાય છે. એટલે પાંચ કારણની અનુકૂળતાના પ્રભાવે શુભ કાર્ય થાય, પરંતુ એના પર પણ મુખ્ય પ્રભાવ અરિહંતનો કામ કરે છે. માટે તો -

શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રની ટીકામાં લખ્યું કે એક શુભ અધ્યવસાય પણ ભગવત્પ્રસાદલભ્ય છે, અરિહંત ભગવાનના પ્રભાવે પ્રાપ્ય છે. આ જોતાં સમજાય



એવું છે કે એક શુભ ભાવમાં ય જો અર્હત્પ્રભાવ કારણ, તો નમસ્કાર આદિ સર્વ શુભ પ્રવૃત્તિમાં પણ એ જ કારણ હોવામાં શંકા નથી. દેવદર્શન શી રીતે કર્યા ? પરોપકાર શી રીતે કર્યો ? ચારિત્ર શી રીતે લીધું ? શી રીતે પાળી રહ્યા છો ? બધાંનો જવાબ એક, કે **મુખ્યતયા અરિહંત પરમાત્માના પ્રભાવે અરિહંતપ્રભુની કૃપાથી બધું બની શકે છે.**

**બીજા કારણો સાધારણ કારણ, અને અરિહંતનો પ્રભાવ અસાધારણ કારણ છે.**

આમ, અરિહંતનો પ્રભાવ મુખ્ય કારણ એટલે કે અરિહંત પ્રભુ જ મુખ્ય કારણ છે. એથી નમસ્કારક્રિયામાં પણ અરિહંત, અરિહંતનો પ્રભાવ મુખ્ય કારણ છે. વાત પણ બરાબર છે, કેમકે અરિહંત છે તો જ અરિહંત-નમસ્કાર છે, કિન્તુ એમ નહિ કે નમસ્કાર છે તો જ અરિહંત છે. નમસ્કાર ન કરો તો ય અરિહંત તો છે જ. જ્યારે અરિહંત ન હોય તો અર્હત્-નમસ્કાર નહિ જ બનવાનો. આમ, મુખ્યતા નમસ્કારની નહિ, પણ અરિહંતની છે. નમસ્કાર તો ઘણાં ય કરાય, પરંતુ અરિહંતને બદલે બીજા-ત્રીજાને કરાય તો એની કશી કિંમત નથી. એટલે જ્યારે નમસ્કાર પણ બીજી શુભ પ્રવૃત્તિની જેમ અરિહંતને આધીન છે, તો સ્પષ્ટ છે કે મુખ્યતા અરિહંતની છે.

આ હિસાબે જોઈએ તો 'નમો' પદ કરતાં 'અરિહંતાણં' પદની મુખ્યતા ગણાય. એ જ પ્રમાણે નવકાર મંત્રમાં પંચ પરમેષ્ઠીની મુખ્યતા કહેવાય. એ હિસાબે જ આને પરમેષ્ઠી મન્ત્ર કહે છે.

પ્ર.- તો પછી 'નમસ્કાર મહામન્ત્ર' કહેવાય છે એનું શું ?

ઉ.- એ કહેવાય છે તે આવાં 'નમો' પદ પાંચે ય પદોમાં સામાન્ય છે માટે કહેવાય છે.

પ્ર.- ખેર, પણ 'અરિહંતાણં' મુખ્ય છે તો એને પહેલું ન મૂકતાં 'નમો' પદ કેમ પહેલું મૂક્યું ?

ઉ.- એ એટલા માટે કે અરિહંત મુખ્ય ખરા, પરંતુ એમના સુધી પહોંચવું હોય તો નમસ્કાર દ્વારા પહોંચી શકાય, એ બતાવવા 'નમો' પદ પહેલું મૂક્યું. અરિહંતને નમસ્કાર નથી કરવો તો અરિહંત દિલમાં નહિ આવી શકે, દિલથી અરિહંતને મળી નહિ શકાય.

પ્ર.- જો અરિહંત મુખ્ય છે, નમસ્કાર નહિ, તો પહેલાં જે કહ્યું 'પાયામાં અહંકાર તોડવાનો છે ને તે નમસ્કારથી તૂટે', એનું શું ? નમસ્કાર એ મુખ્ય નહિ. તો અહંકારનાશ પણ મુખ્ય નહિ બને, પાયાની વસ્તુ નહિ બને.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઉ.- અહીં સમજવાનું છે કે પાયાની વસ્તુ ભવવિરાગ-વિષયવૈરાગ્ય છે. (૧) અહંકાર એ મમકાર ઉપર અર્થાત્ વિષયરાગ-ભવરાગ ઉપર પોષાય છે. માટે મૂળમાં વિષયરાગ તોડવો જોઈએ. એટલા જ માટે (૨) 'જય વીયરાય' સૂત્રમાં પહેલું 'ભવનિવ્વેઓ' માગ્યું. 'અહંત્વ ણાસો' ન માગ્યું. ભવનિવ્વેઓ એટલે ભવનિર્વેદ, ભવવૈરાગ્ય (૩) સમ્યક્ત્વ પૂર્વની અપુનર્બંધક અવસ્થાનું પહેલું બીજું લક્ષણ પણ 'તીવ્ર ભાવે પાપ ન કરે' અને 'ભવરાગ ન રાખે' એ બતાવ્યું. પાપનો ભય રાખવાથી પાપ ઉગ્રભાવે ન થાય, ને પાપનો ભય એટલા માટે કે પાપથી ભવ વધે - જન્મમરણના ફેરા વધે, ને ભવ પર નિર્વેદ છે, કંટાળો છે, અરુચિ છે. આમાં પણ અહંત્વનાશને લક્ષણ તરીકે ન મૂકતાં ભવરાગનો અભાવ, ભવવિરાગ-ભવનિર્વેદ મૂક્યું. (૪) સમ્યક્ત્વનાં પાંચ લક્ષણમાં પણ શમ-સંવેગ-નિર્વેદ મૂક્યાં. 'નિર્વેદ' એટલે ભવનિર્વેદ.

આ બધું સૂચવે છે કે ભવનિર્વેદ-ભવવિરાગ-વિષયવૈરાગ્ય એ પાયાની વસ્તુ છે. દાનાદિધર્મ માત્ર માટે મુખ્ય વસ્તુ છે, અને અરિહંત ભગવાન વીતરાગ હોઈ એમનાં આલંબને ભવવૈરાગ્ય આવે છે, તેથી મુખ્ય પાયાની વસ્તુ ભવવિરાગને પમાડનાર અરિહંત મુખ્ય બને છે એટલે 'નમો અરિહંતાણં' પદમાં 'અરિહંતાણં' પદ મુખ્ય ગણવું જોઈએ.

શ્રી નમસ્કાર-નિર્યુક્તિ શાસ્ત્રમાં પણ લખ્યું છે કે અરિહંતને નમસ્કાર શા માટે ? તો કે એમણે રાગ-દ્વેષ-ઈન્દ્રિય-કષાય, પરિસહ-ઉપસર્ગ એ છ ને નમાવ્યા છે માટે. (૧) આમાં પણ રાગને પહેલો લીધો એ, વળી (૨) પ્રભુ વીતમાન વીતમદ ન કહેવાતાં વીતરાગ કહેવાય છે એ. અને (૩) માનકષાય ૯મે ગુણસ્થાનકે ક્ષય પામે છે, જ્યારે રાગ ૧૦ મે ગુણસ્થાનકના અંતે ક્ષય પામે છે એ રાગની પ્રબળતા - મહત્તા સૂચવે છે. તેથી 'નમો અરિહંતાણં' પદ જેવા સર્વોપરિ મહામંત્રથી પહેલો ઘા રાગ ઉપર પડવો જોઈએ, ને તે વીતરાગ અરિહંતને મુખ્ય કરવાથી પડે. આ હિસાબે પણ એમાં 'અરિહંતાણં' પદની મુખ્યતા ગણાય.

સારાંશ, નમસ્કાર મહામંત્રમાં જ્યારે અરિહંત આદિ પંચ પરમેષ્ઠીનાં પદ મુખ્ય છે, તો એ પરથી ફલિત થાય છે કે નવકારમંત્રની આરાધનામાંથી ભવવિરાગ-વિષયવૈરાગ્યની પ્રેરણા પ્રથમતઃ મેળવવાની છે. 'સવ્વપાવપ્પણાસણો' પદ યાદ કરતાં પણ સર્વ પાપમાં પહેલું પાપ વિષયરાગ એનો નાશ કરનાર આ પાંચ નમસ્કાર છે. એવો વિશ્વાસ ઊભો કરવાનો અને એ વિષયરાગ-નાશની પ્રબળ આશંસા કરવાની છે.





## (૨૫) શાસન-પ્રભાવનાનું મહત્ત્વ

શ્રાવકની દિનચર્યામાં જિનમંદિરે જવાની બાબત અંગે 'ધર્મબિંદુ' શાસ્ત્રની ટીકામાં બતાવ્યું કે (૧) સમૃદ્ધ શ્રાવક પરિવાર અને ઋદ્ધિના ઠાઠ સાથે જિનમંદિરે જાય, અને (૨) સામાન્ય મનુષ્ય પોતાના કુટુંબ સાથે જાય.

(૧) પહેલામાં કારણ એ બતાવ્યું કે જૈનેતરોમાં શાસન પ્રભાવના થાય; કેમકે ઋદ્ધિનો ઠાઠ દેખી એમને એમ લાગે કે 'અહો ! આ જૈન ધર્મવાળા કેવા સુખી હોય છે ! આવા સુખી માણસો આ ધર્મ સેવે છે ? વાહ ! તો એ ધર્મ કેટલો સરસ !' આમ જૈન ધર્મ માટે એમને માન ઊપજે, જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ થાય, જૈનધર્મની એ પ્રશંસા કરે. એ એમના દિલમાં જૈન શાસનની પ્રભાવના થઈ. જેમ કોઈ પણ ગુણની પ્રશંસા, બહુમાન, આકર્ષણ એ ગુણની પ્રાપ્તિનું બીજ છે, એમ જૈન ધર્મ પ્રત્યે બહુમાન, આકર્ષણ, પ્રશંસા એ જૈન ધર્મની પ્રાપ્તિનું બીજ છે. જૈન ધર્મની પ્રાપ્તિ એ બોધિ કહેવાય; ને જૈન ધર્મની પ્રશંસા, બહુમાન, આકર્ષણ એ બોધિનું બીજ બોધિબીજ કહેવાય.

'શ્રીમંતે મંદિરે ઠાઠ સાથે જવું જોઈએ,' આવું શાસ્ત્રનું વિધાન સૂચવે છે કે શ્રીમંત માણસ ધર્મ કરે તે શાસન-પ્રભાવના થાય એ રીતે કરવો જોઈએ, તો જ શાસનના પ્રભાવે મળેલી લક્ષ્મી લેખે લાગે, લક્ષ્મી શાસને આપી, ને એ શાસનને ભૂલીને એકલા સાંસારિક ભોગોમાં વપરાય, તો એમાં કૃતજ્ઞતા પણ ક્યાં રહી ? એમાં તો નિષ્ઠુરતા-નઠોરતા-નઘરોળતા જ ગણાય. બાપે આપેલા પૈસા માબાપને ભૂલી કેવળ જાત-ભોગમાં અને પોતાનાં પત્ની-પુત્રાદિ તેમજ સાસરિયાનું સાચવવામાં વાપરે પણ માબાપની સેવામાં જરાય ન ખરચે, તો એ નઠોર-નઘરોળ કહેવાય કે નહિ ?

લાયક અને લાગણીશીલ પુત્રને તો એમ થાય કે 'આ બાપાજીના આપેલા પૈસાથી એમની ભારે ને ભરચક સેવા કરું, તેમજ એમના આપેલા પૈસાથી એમની વાહવાહ બોલાવું, એમનો યશ વધારું, જગતને એમના પ્રત્યે માન ઊપજે એવું કરું' એમ લાયક શ્રીમંતને એમ થવું જોઈએ કે 'શાસને આપેલા પૈસાથી (૧) શાસનની ભારે ને ભરચક સેવા કરું, (૨) શાસનની વાહવાહ બોલાવું; (૩) શાસનનો યશ વધારું, (૪) ઈતરોનેય શાસન પ્રત્યે માન થાય એવું કરું.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે (૧) પૂર્વ જનમમાં આરાધેલ જિનશાસનના પ્રભાવે પુણ્યાઈ ઊભી થઈને અહીં પૈસા આદિનું સુખ મળ્યું, માત્ર એટલા જ માટે અહીં શાસન પ્રત્યેની કૃતજ્ઞતા રૂપ શાસનની પ્રભાવના કરવાની છે એવું નથી, કિન્તુ (૨) શાસન આપણને તારનારું છે ને ભવસાગર તરી ન જઈએ ત્યાં સુધી પણ (૩+૪) સમાધિ અને નિષ્પાપ જીવન આપનારું છે. એ કારણે પણ શાસનની આરાધના અને પ્રભાવના કરવાની છે. ઉપરાંત (૫) 'જગતના જીવો બિચારા કર્મ અને મોહથી પીડાતા છે, એ શાસન પામે.' એવી એમના પ્રત્યેની ભાવદયા કરવાને માટે પણ શાસન પ્રભાવના કરવાની છે.

આમ, શાસન પ્રભાવનાનો ઉલ્લાસ, ઉત્સાહ જગાવવા પાંચ નિમિત્ત વિચારવાના, -

(૧) હું શાસને આપેલાં તન, મન, ધન શાસનની સેવામાં લગાવું, જેથી શાસન પ્રત્યે કૃતજ્ઞતા અદા થાય,

(૨) શાસનના આલંબને મારો વહેલો મોક્ષ થાય,

(૩) શાસનના પ્રભાવે મને ચિત્ત-સમાધિ મળે,

(૪) શાસન પ્રભાવે મને નિષ્પાપ જીવન મળે,

(૫) કર્મથી પીસાતા-પીડાતા જીવો શાસન પ્રત્યે આકર્ષાઈને શાસન પામી કર્મમુક્ત બને. અહીં પ્રશ્ન થાય,

પ્ર.- શાસન પ્રભાવના કરીએ એટલે બીજાને શાસન તરફ આકર્ષવાનું તો થાય. પરંતુ એમાં આપણને ચિત્ત-સમાધિ અને નિષ્પાપતા શી રીતે મળે ?

ઉ.- આ રીતે મળે, શાસન-પ્રભાવના કરીએ એટલે આપણા દિલને અતિ આનંદ થાય કે 'વાહ ! રાગ વિષય-વિલાસ અને જીવહિંસાદિ પાપ પોષનારાં મારાં તન અને ધન શાસન-પ્રભાવના કરવામાં અને કર્મ-પીડિત જીવોને કર્મનાશક શાસન પ્રત્યે આકર્ષનારા બન્યા ! ધન્ય ઘડી ! ધન્ય જનમ !' આ દિલને થતો અતિ આનંદ જીવનની બીજી ત્રીજી ઉપાધિઓ-આપદાઓ વચ્ચે એની અસમાધિ ટાળી દે છે. મનને થાય કે દુઃખ તો આખી દુનિયાને છે, પણ મને દુઃખની વચ્ચે શાસન પ્રભાવનાનું મહાન સુકૃત મળ્યું એ કેવું મારું અહોભાગ્ય !' આ આનંદ દુઃખને ભુલાવે છે. પછી એ સમાધિ આપે એમાં નવાઈ નથી. એમ પૈસાના ગર્વ અને અતિહર્ષરૂપી અસમાધિને પણ એ શાસન-પ્રભાવનાનો અતિ આનંદ અટકાવી દે અને સમાધિ આપે એમાં ય નવાઈ નથી.

શાસન-પ્રભાવનાથી આપણા જીવનમાં નિષ્પાપતા આવવા પાછળ હેતુ એ છે કે 'યોગવિંશતિ' શાસ્ત્રની ટીકામાં લખ્યું છે કે કોઈ પણ ગુણ કે ધર્મની જાત



માટે સિદ્ધિ કર્યા પછી હવે એનો બીજા જીવોમાં વિનિયોગ કરો, અર્થાત્ એ ગુણ-ધર્મનું દાન કરો, સ્થાપન કરો, આકર્ષણ ઊભું કરો, તો એનું મહાન ફળ આ છે કે એનાથી તમારા આત્મામાં એવા શુભાનુબંધ ઊભા થાય છે કે તમને આગળ પણ ઉચ્ચ ગુણ ઉચ્ચ ધર્મ પામવા ખૂબ જ સુલભ કરી આપે છે.

ત્યારે, શાસન-પ્રભાવના એ એક પ્રકારનો વિનિયોગ છે. આપણને શાસનપ્રાપ્તિનો ગુણ મળ્યો. એ શાસનપ્રાપ્તિ બીજા જીવોને થાઓ એ હેતુએ પ્રભાવક દાન, પ્રભાવક સુકૃત, પ્રભાવક ધર્માનુષ્ઠાન, યાવત્ મંદિરે ઋદ્ધિના ઠાઠ અને અનુકંપા દાન સાથે જવું, વગેરે શાસન-પ્રભાવના કરાય છે, ને એથી જૈનેતર જીવોમાં શાસન પ્રત્યે આકર્ષણ થાય છે એટલી એમને શાસન-આકર્ષણરૂપ શાસન પ્રાપ્તિ થઈ, ને એ આપણે એમનામાં શાસન-પ્રાપ્તિનો વિનિયોગ કર્યો કહેવાય, એ આપણામાં એવા શુભાનુબંધ ઊભા કરે છે કે જે આપણને ઉચ્ચ કોટિની શાસન પ્રાપ્તિ અને નિષ્પાપ જીવન સુલભ કરી આપે છે.

શાસનની ઉચ્ચ કોટિની પ્રાપ્તિ આ જ છે કે આપણા જીવનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય. એ થાય એટલે મિથ્યાત્વ, રાગાદિ કષાયો, ને હિંસાદિ પાપો સહેજે રવાના થાય.

આમ, સ્થિતિસંપન્ન માણસે જેમ મંદિરે ઠાઠ સાથે જવું જેથી શાસન-પ્રભાવના થાય એમ બીજા પણ ધર્મ પ્રસંગ ઠાઠથી આરાધવા જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૩૨,તા.૨૧-૪-૧૯૭૯

## (૨૬) સંઘભાવનાનું મહત્ત્વ

'ધર્મ બિન્દુ' શાસ્ત્રની ટીકામાં શ્રાવકની દિનચર્યામાં કહ્યું : 'શ્રીમંત શ્રાવક જિનમંદિરે જાય તે પરિવાર અને ઋદ્ધિના ઠાઠ સાથે જાય; ત્યારે અશ્રીમંત એટલે સામાન્ય માણસ કુટુંબાદિ સાથે જાય.'

આમાં જિનમંદિરે સામાન્ય શ્રાવક એકલો ન જતાં કુટુંબાદિ સાથે જાય એમ કેમ કહ્યું ? એનો હેતુ મૂક્યો, - 'સમુદાયમાં કરેલ કર્મનું ફળ સમુદાયમાં અનુભવવા મળે છે.'

દા.ત. કોઈને ફાંસી દેવાતી હોય ને ત્યાં જનસમૂહ જોવા મળ્યો હોય, તો એમાં મનુષ્યને મરાતો જોવાનો આનંદ એ કમોત મૃત્યુની ભારે અશાતાનું કર્મ ઊભું કરી આપે છે, ને એ આગળ પર ભોગવવાનું થાય તે સમુદાય સાથે ભોગવવાનું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

થાય છે. જેમકે મોટરબસ ક્યાંક ટકરાઈ, ને એમાં બેઠેલા બધા કચરાઈ મર્યા, એ શું છે ? પૂર્વે સમુદાયમાં બાંધેલ કર્મનું ફળ છે.

જેમ આ દુષ્કૃતમાં બને છે, એમ સુકૃતમાં પણ બને છે કે સમુદાય સાથે સુકૃત કર્યું તો એનાં શુભ ફળ સમુદાયમાં અનુભવવા મળે. જેમકે, સમુદાય સાથે ઉપધાન તપ કર્યા તો એનાથી ઉપાર્જેલ પુણ્યના પ્રતાપે આગળ પર જે ઋદ્ધિ-સમૃદ્ધિ આદિ સુખ ભોગવવા મળે તે સમુદાયની સાથે ભોગવવા મળે. એ જ રીતે અહીં રોજ કુટુંબ સાથે જિનમંદિરે જવાનું તો એના પુણ્યના ફળમાં આગળના ભવે સમાન સદ્‌ગતિ અને એ સમુદાય સાથે સુકૃત પ્રેરક સમૃદ્ધિ જોવા મળે. એથી શું વિશેષ ? વિશેષ આ, કે જે કુટુંબ પર પ્રેમ છે એ કુટુંબ સમાન ધર્મના સમાન પુણ્યથી ભવાંતરે પણ આવી મળે છે, તેમાં પોતે ધર્મ કરે એમાં કુટુંબ પણ ભેગું ભળે છે. તેથી પોતાને અને કુટુંબને ધર્મોલ્લાસ ખૂબ રહે છે.

દુન્યવી પદાર્થોની લાલસા વિના ધર્મ આરાધાય એ પુણ્યાનુબંધી પુણ્ય આપે છે, જેના ફળમાં સુખ સામગ્રી મળે એ ધર્મ-આરાધનાની સામગ્રી બની જાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો પુણ્યાનુબંધી પુણ્ય અસંકિલષ્ટ ભોગ-સુખ આપે છે, અર્થાત્ એવાં સુખ આપે કે જે ભોગવતાં મનને તીવ્ર રાગાદિના ચિત્તસંકલેશ થાય નહિ, એટલે વૈરાગ્યદશા હોય, અને ધર્મભાવના અને ધર્મસુકૃત કરાતા રહે.

હવે જો પોતાને એકલાને તો આવું શુભાનુબંધી પુણ્ય હોય ને એથી સુખસામગ્રીમાં ધર્મ જ ધર્મ કરવાનું મન રહેતું હોય, પરંતુ જો કુટુંબ એવા પુણ્યવાળું ન હોય તો એને ધર્મની અરુચિ રહેવાની, ધર્મ પ્રત્યે અભાવ-અનાદર રહેવાનો. એટલે આ પુણ્યાનુબંધી પુણ્યવાળો દાનાદિ ધર્મ કરતો રહેશે, ને પેલા એના પ્રત્યે અભાવ-અણગમો-દ્વેષ કરતા રહેવાના. તો એમાં એ ધર્મ-સાધકને શી મજા આવે ? ચિત્ત એનું બળ્યા કરે. એટલે હવે અહીં પૂછો,-

પ્ર.- પોતે ધર્મ કરે એમાં કુટુંબ કેમ અંતરાય કરે છે ?

ઉ.- આ પૂર્વભવે પોતે એકલ-દોકલ દેવદર્શનાદિ ધર્મ કર્યાનું ફળ છે. એના બદલે જો કુટુંબ સાથે દેવદર્શનાદિ ધર્મ કરવાનું રાખ્યું હોત, તો એનાથી એ સૌને સમાન પુણ્ય ઊભું થાત; ને તેનું ફળ આગામી ભવે સમુદાય સાથે ભોગવવા મળત. એમાં પોતાની સાથે કુટુંબ પણ ધર્મમાં અનુકૂળ રહે, ધર્મમાં જોડાય, એટલે પોતાને ચિત્તની સમાધિ સુંદર રહે, અને ધર્મમાં ઉલ્લાસ આવે; ને એથી ઉપર ઉપરનો ધર્મ સાધવાનું સરળ સુલભ બની જાય...યાવત્ પોતાને સંસાર ત્યજી ચારિત્ર લેવું છે તો કુટુંબ પણ એમાં સાથે તૈયાર થઈ જાય, ને ચારિત્રમાં પણ વિશિષ્ટ આરાધનામાં સાથે જ હોય.



એકલ દોકલ ધર્મ કરવામાં આ લાભો ક્યાંથી મળે ? એટલા જ માટે સંઘભાવના ઉપયોગી છે. સંઘભાવના એટલે સંઘની ઉપયોગિતાનો વિચાર રાખી એકલી જાતને મહત્ત્વ આપવા કરતાં સંઘને મહત્ત્વ આપવું, પણ એકલપેટાપણાંને નહિ.

કાગડાને નીચે રસ્તા પર કાંઈક ખાવાનું પડેલું દેખાય, તો ત્યાં એકલો પહોંચી જઈ ખાવા નથી મંડી પડતો, પણ ઊંચે ઝાડ પર કે છાપરા પર રહી કાગારોળ કરી કેટલાય કાગડાઓને ભેગા કરે છે, ને એ બધાંની સાથે ખાવા લાગે છે. આ સંઘભાવના છે.

એમ પૂર્વ કાળે ઉદાર માણસ પરદેશથી સારું કમાઈ આવતા, તો સમજતા કે 'એ એકલા પંડે ન ભોગવાય.' તેથી સ્નેહી-સંબંધીઓમાં સારું વિતરણ અને યાચકોને સારું દાન કરી પછી ભોગવતા. આ સંઘભાવના છે.

યાત્રા કરવા જાય તો એકલે પંડે નહિ, પણ સમૂહની સાથે જાય; કેમકે એમાં પ્રભુ-ભક્તિનો ભાવોલ્લાસ સારો આવે, ને એકલગીરીથી નીપજતાં દોષોથી બચાય.

ધર્મક્રિયા પણ સમૂહમાં ગમે, એ સંઘ-ભાવના છે. 'હું મારે મારું કરી લઉં' એ સંકુચિત મનોદશા છે, તુચ્છ વૃત્તિ છે.

કુમારપાળ રાજા કેટલાય ક્રોડપતિઓ સાથે જિનપૂજા કરવા જતા હતા. વસ્તુપાળ મંત્રી યાત્રાએ જતા તે સમૂહને સાથે લઈને જતાં. અમદાવાદમાં મનસુખભાઈ શેઠ જમવા બેસતા તે બહારથી કેટલાય જણાને લઈ આવી એમની સાથે જમવા બેસતા.

સંઘ-સમૂહ-સમુદાયની કેવી ઉપયોગિતા છે, એ સમૂહ-જમણવારમાં દેખાય છે કે જમણ જમતાં સાધર્મિક-પ્રેમ-વાત્સલ્યને પોષણ મળે છે. ગિરિરાજની યાત્રાએ પોષ માસમાં જાઓ, એના કરતાં કારતક પૂનમ, ફાગણ તેરસ; ચૈત્રી પૂનમ, અખાત્રીજની આસપાસ જાઓ, તો પ્રભુભક્તિના ભાવોલ્લાસ કેઈ ગુણા ઊછળે છે. એ સંઘનું સમુદાયનું મહત્ત્વ બતાવે છે.

એવું એકલે પંડે ધર્મક્રિયા કરે એના કરતાં સમૂહની સાથે કરે એમાં ભાવોલ્લાસની વૃદ્ધિ થતી દેખાય છે. વ્યાખ્યાન સભા ૫-૨૫ ની હોય એના કરતાં ૨૦૦-૩૦૦ ની હોય તો વ્યાખ્યાતા અને શ્રોતા બંનેને ઉલ્લાસ વધે છે. સંઘની બલિહારી છે.

સંઘભાવના રાખવાથી હૈયામાં સાધર્મિક-પ્રેમ પોષાય છે. સંઘભાવના ન રાખતાં પોતાની એકલી જાતનો જ વિચાર રાખનારા સંકુચિત દિલવાળા બની આ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

લાભ ગુમાવે છે, અને કેટલીકવાર ઊલટું સાધર્મિક પ્રત્યેની અરુચિમાં ફસાય છે. દા.ત. જિનમંદિરમાં અનેકોના ભક્તિસૂર દેખી એને કોલાહલ અને અશાંતિ લાગે છે એટલે પછી એનાં મનને એમ સાધર્મિક પર અભાવ થાય છે કે 'આ લોકો કેવા છે ! કેટલો કોલાહલ કરે છે ?' ત્યારે, -

સંઘભાવનાવાળો ત્યાં પ્રસન્ન થાય છે કે 'અહો ! મારા પ્રભુને ભજવા કેટલા બધા લોકો આવે છે ! આ લોકો કેવા પુણ્યશાળી કે એ સંસારના રાગ દ્વેષાદિના કોલાહલભર્યા કામો મૂકી અહીં આવી પવિત્ર ને તારણહાર જિનભક્તિમાં એકતાન બની જાય છે !' સંઘની-સમૂહની હાજરી એને ગમે છે, પ્રસન્નતા આવે છે, ત્યારે સંઘ-ભાવના વિનાનાને સંઘ હાજરી ખટકે છે, કરડે છે.

શ્રાવક દેવદર્શને જાય, ને કુટુંબને સાથે લઈને જાય, એ શાસ્ત્ર-નિયમમાં સંઘ-ભાવનાનું મહત્ત્વ અંકાયું છે. કુટુંબ સાથે હોય એટલે દર્શન પૂજામાં ભાવ વધે છે. વળી કુટુંબ પણ સાથોસાથ સમાન ધર્મસાધના કરતું હોય એટલે એ પણ સમાન પુણ્ય ઉપાર્જી ભવાંતરે સાથે થાય; ને ત્યાં ધર્મમાં સાથે રહે; તો જ પોતાને ધર્મમાં અંતરાય ન થાય.

પરંતુ કુટુંબને દેવદર્શનાદિમાં સાથે ન રાખ્યું હોય ને 'હું મારે મારું કરી લઉં' એવી સાંકડી વૃત્તિ રાખી હોય તો ભવાંતરે પોતાને ધર્મ કરવા તો મળે, પણ કુટુંબ તેવું ધર્મી ન હોવાથી ધર્મમાં અંતરાય કરનારું થાય.

આ ઉપરથી સમજાશે કે ધર્મ કેમ કુટુંબ-પરિવારની સાથે કરવાનો ? કેમ સમૂહની સાથે કરવાનો ? કેમ સંઘભાવના અત્યન્ત જરૂરી ?

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૭,અંક-૩૩,તા.૨૮-૪-૧૯૭૯

## ㉗ પત્રકારના કેટલાક પ્રશ્ન અને તેનાં સમાધાન

**(લેખાંક-૧)**

પ્ર.-૧ : ધર્મ એટલે શું ?

ઉ.- : ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. આત્માને ઉદ્દેશીને વિચારીએ ત્યારે ધર્મ એ આત્માનો શુદ્ધ જ્ઞાન, શુદ્ધ ચારિત્રમય સ્વભાવ એ ધર્મ છે. એને પ્રગટ કરનાર ક્રિયા આચાર, સાધના એ પણ ધર્મ કહેવાય. અલબત્ત એ વીતરાગ સર્વજ્ઞ ભગવાનથી કથિત હોય તે જ શુદ્ધ ધર્મ છે.



પ્ર.૨ : જૈન ધર્મ નાના નાના પથોમાં વહેંચાઈ ગયો છે તેનાં કારણ ઉપાય અને અસર શા ?

ઉ.- : જૈન ધર્મ એટલે જિન વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલો ધર્મ, એ નિશ્ચિત એક પ્રકારે હોય છે, પરંતુ એને માનનાર જ્યારે કોઈ ભ્રાન્તિમાં ચડે છે. યા ખોટી મમતા, વેર કે આપમતિમાં પડે છે ત્યારે આ ધર્મના સ્વરૂપમાં ફેરફાર કરે છે. પછી એ ફેરફાર કરાયેલ પંથ એ કાંઈ જૈન ધર્મનો પંથ ન કહેવાય. ભલે એમાં જૈન ધર્મના અમુક અંશો કાયમ હોય. જૈન ધર્મનો સાચો પંથ તે જ છે કે જેમાં જિનેશ્વર ભગવાને કહેલાં સત્ય સોએ સો ટકા અખંડિત ઊભાં હોય એટલે એમાં થોડો થોડો ફેરફાર કરીને ચલાવેલો પંથ એ વાસ્તવમાં જૈન ધર્મનો પંથ જ નથી. પરંતુ જૈન ધર્મના પંથનો આભાસ માત્ર છે. સત્યને એક અંશમાં પણ ફેરફાર કરાતાં એ સત્ય જ રહેતું નથી.

આ ઉપરથી સમજાશે કે જૈન ધર્મના પંથને પંથાભાસનું એકીકરણ તો જ થાય કે જો ફેરફાર કરાયેલ અંશોને છોડી દઈ સત્યના મૂળ અંશ સ્વીકારી લેવાય. પરંતુ મતાગ્રહમાં પડેલાને વિકૃત અંશ છોડી દેવાનું અશક્ય પ્રાયઃ છે. તેથી વર્તમાનકાળે એટલું થઈ શકે કે એવાઓ પ્રત્યે સહિષ્ણુતા અને કરુણા રખાય.

જો આ સહિષ્ણુતા અને ભાવકરુણા રાખવામાં આવે તો એની એ અસર પડે કે પરસ્પરમાં વૈર, વિરોધ, ઘૃણા, તિરસ્કાર વગેરે ન કરાય. અને એટલો સંતોષ મનાય કે સૌ ધર્મના આચારને સાધતા રહે તેથી એટલા પાપાચારથી નિવૃત્ત રહે. તેમજ ખોટી હુંસાતુંશીમાં વેડફાતી શક્તિના નાશથી બચે.

પ્ર.૩ : આજના બદલાયેલા વાતાવરણમાં સાધુ મહારાજોની ફરજ ?

ઉ. : આજનું વાતાવરણ અત્યધિક ભૌતિકતા અને જડવાદ તરફ ખેંચાઈ ગયેલું છે. આત્માના બદલે માત્ર જડની બોલબાલા ચાલી છે. આવા વાતાવરણમાં સાધુ મહારાજની પહેલી ફરજ આની છાયાથીય બચવા પોતાના સાધુ ધર્મ-સંયમ ધર્મમાં વધારે ચુસ્ત બનવાની છે, જેથી પોતે જડવાદમાં તણાઈ ન જાય. એ માટે સાધ્વાચારનું કડકપણે પાલન જરૂરી છે. બીજી ફરજ પોતાના સંપર્કમાં આવનાર ભવ્ય જીવોને આ જડવાદ અને વિલાસવાદની ભયંકર ખરાબ અસર બતાવવાની અને આત્મવાદ, ધર્મવાદ તથા ભલાઈવાદનાં સુંદર પરિણામો સામાના મગજમાં ઠસાવવાની છે. અલબત્ત એ કાર્ય મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ થવું જોઈએ જેથી આજના બાળજીવોને એમ ન લાગે કે અમને તિરસ્કારે છે. ઉતારી પાડે છે. મનોવૈજ્ઞાનિક પદ્ધતિમાં સામાને આવકારીને હૃદયના પ્રેમ-વાત્સલ્ય સાથે સત્ય માટે ઉત્સાહિત



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કરવાના હોય છે, અને અનુભવથી જણાયું છે કે એ પદ્ધતિથી કામ લેતાં નાસ્તિક જેવા આસ્તિક બન્યા છે, તેમજ પાપિષ્ઠ જેવાનેય પોતાના પાપ છોડે એવાં હૃદયપરિવર્તન થયાં છે.

પ્ર.૪ : સાધુઓમાં પણ માનવ સહજ નબળાઈઓ હોય છે. દા.ત. ગુસ્સો, અભિમાન, ઈર્ષા. આ વિષે જાહેરમાં ટીકાઓ થતી હોય છે. એ વિષે શું માનો છો ?

ઉ.- : સાધુઓ પણ જ્યાં સુધી વીતરાગ નથી બન્યા ત્યાં સુધી એમનામાં ન્યૂનતા હોય એ સ્વભાવિક છે. અલબત્ત, ગૃહસ્થ કરતાં સાધુની વિશેષતા એ છે કે સાધુ પોતાની ન્યૂનતાને પરખનારા અને ન્યૂનતાને કાઢી નાખવાની જહેમતવાળા હોય છે. જાહેરમાં સાધુની ન્યૂનતા વિષે ટીકા-ટિપ્પણ કરવાથી બાળજીવો સાધુ પ્રત્યે અભાવવાળા બની સત્સંગ ચૂકે છે, અને તેથી એ બિચારા ધર્મથી વધારે દૂર ફેંકાઈ જાય છે. આ એમની ભાવકતલ, ભાવહિંસા છે. માટે જાહેરમાં એવા ટીકા-ટિપ્પણ ન કરવાં જોઈએ. કિંતુ સમાજના મોભાદાર માણસો સાધુ પાસે જઈ એમના પ્રત્યે પૂરો આદર દેખાડી સાધુતાને લાંછન લગાડનારી ખામીઓ દૂર કરવા ખૂબ લાગણીભરી વિનંતી કરે તે ઉચિત છે.

પ્ર.-૫ : જગત વિનાશના આરે આવ્યું છે એમ કહેવાય છે એ સાચું છે ? ધર્મ આમાંથી બચાવી શકશે ? કેવી રીતે ?

ઉ.- : જગત વિનાશના આરે આવ્યું છે એવું કથન એટલા અંશમાં સાચું છે કે વાસ્તવમાં વિનાશ અસ્તિત્વના નાશથી નહિ કિંતુ ધર્મના નાશથી છે. જગતનું અસ્તિત્વ તો સનાતન છે, કિંતુ આગંતુક નહીં. એટલે કે પૂર્વે અસ્તિત્વ હતું જ નહિ અને નવું ઊભું થયું એવું નથી. અગર કહો :- 'અસ્તિત્વ તો અનાદિથી છે. પરંતુ એક દિવસ એ સર્વથા લુપ્ત થવાનું છે' એવું પણ નથી. અસ્તિત્વ અનાદિ-અનંત છે. માત્ર જગતમાં ધર્મ પ્રસરે ત્યારે તેનો ઉદય-વિકાસ થાય છે. તેથી ઊલટું ધર્મ લોપાય ત્યારે તેનું અધઃપતન અને આત્મિક વિનાશ સર્જાય છે.

આજના જડવાદ, વિલાસવાદ ને જડ વિજ્ઞાનવાદથી આજના જીવો અંજાઈ ગયેલા છે. એમને સ્વાભાવિક છે કે કોઈ બચાવી શકે તો તે ધર્મ જ બચાવી શકે; કેમકે ધર્મ એ આત્માને ત્યાગ, સંયમ, સહિષ્ણુતા, પરોપકાર અને આત્મજ્ઞાન વગેરેનું એવું સચોટ મહત્ત્વ સમજાવે છે કે જેથી પેલી અંજામણ અને અંજામણમાંથી નીપજતા ભ્રષ્ટાચાર, વિશ્વાસઘાત, ઝઘડા-ટંટા અને નિર્દયતા વગેરે અનર્થોમાંથી બચાવી શકે.



પ્ર.-૬ : ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કેવો સંબંધ છે ? વિરોધી, પૂરક કે સમાંતર ?

ઉ.- : વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન, વિશિષ્ટ જ્ઞાન, એ જડ સંબંધી હોઈ શકે, તેમ ચેતન આત્મા સંબંધી પણ હોઈ શકે, એટલે કે વિજ્ઞાન બે પ્રકારે જડ-વિજ્ઞાન અને આત્મવિજ્ઞાન. આજે વિજ્ઞાન શબ્દનો પ્રયોગ જડ-વિજ્ઞાનમાં થાય છે, કહો ચાલી પડ્યો છે, તેથી આત્મવિજ્ઞાનને તત્ત્વજ્ઞાન તરીકે ઓળખવું પડે. એમાં જ ધર્મ સમાયેલો છે.

વિજ્ઞાન અને ધર્મ એટલે કે તત્ત્વજ્ઞાન વચ્ચે પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર છે. કેમકે વિજ્ઞાન જડના વિકાસ તરફ જ જાય છે, જ્યારે તત્ત્વજ્ઞાન આત્માના વિકાસ તરફ જાય છે. જડનો જેટલો વધુ વિકાસ એટલો આત્મામાં વધુ વિકાર અને તેથી આત્માનો વિનાશ. કારણ કે આત્મા જડના વિકાસમાં મોહિત થઈ અહંત્વ અને હિંસાદિ પાપોમાં પડે છે. એ બધો આત્મવિકાસ નહિ પણ આત્મવિકાર છે. એથી એનો વિનાશ એટલે કે એને જીવન દોષ-દુષ્કૃત્યોમય અને પછી અધમ ગતિઓમાં દુઃખમય પરિભ્રમણ ઊભાં થાય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૩૪,તા.૫-૫-૧૯૭૯

## (૨૮) (લેખાંક-૨)

પ્ર.-૭ : ધર્મના ક્ષેત્રમાં પણ ધનિકોએ અડ્ડો જમાવી દીધો છે એ સાચું છે ?

ઉ.- : ધર્મનાં ક્ષેત્રોમાં પણ ધનિકોએ અડ્ડો જમાવી લીધો છે, એ એટલા અંશમાં સાચું છે કે મનસ્વી ધનિકો ધર્મના ક્ષેત્રોમાં વહીવટદાર બની શાસ્ત્રીય પદ્ધતિને અવગણીને મનસ્વીપણે વહીવટ ચલાવે છે, છતાં ધર્માત્માઓની આંતરિક ધર્મ-સાધનાને કશો બાધ પહોંચાડી શકતા નથી. એ દૃષ્ટિએ ધનિકો ધર્મમાં અડ્ડો જમાવી શકતા નથી. એ પણ એટલું જ સાચું છે.

બાકી યોગ્ય ધનિકોની ધર્મક્ષેત્રોમાં ઉદારતાના લીધે અનેકાનેક બાળજીવો ધર્મમાં જોડાય છે. એ જોતાં ધનિકો પર ઘૃણા કરવા જેવી નથી, પરંતુ એ તેટલા પ્રમાણમાં સત્કાર-સન્માનને યોગ્ય છે.

પ્ર.-૮ : ધર્મ જરૂરી છે ? ધર્મ ન કરીએ તો શું થાય ?

ઉ.- : ધર્મ જીવનમાં અત્યંત જરૂરી છે. કેમકે દરેક માણસ પોતાની પ્રત્યે બીજાઓ તરફથી ધર્મની જ અપેક્ષા રાખે છે. કોઈ જ એવું ઈચ્છતું નથી કે બીજો મારી ઈર્ષ્યા કરે. મને મારે, મારી સામે જૂઠ બોલે, મારી ચોરી કરે, મારી સ્ત્રી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સાથે ખરાબ વ્યવહાર કરે, મારી સામે પરિગ્રહનો ઢેર વધારે...આવું બધું કોઈ ઇચ્છતું નથી. તે બતાવે છે કે સૌ માને છે કે બીજાઓમાં આ હિંસાદિ પાપ ન જોઈએ પરંતુ અહિંસા સત્ય વગેરે ધર્મ જોઈએ. તો પછી જેવું બીજામાં, તેવું પોતાનામાં પણ પાપ ત્યાજ્ય અને ધર્મ આવશ્યક બને છે.

ધર્મ, ધર્મ છે. જીવને સાચી શાન્તિ, સુખ અને સદ્‌ગુણો આપે છે. માટે જો જીવનમાં ધર્મ ન હોય તો અશાંતિ, દુઃખો અને દુર્ગુણો જ ફાલવા-ફૂલવાના. ધર્મ પરલોકદૃષ્ટિ આપે છે અને પરલોકદૃષ્ટિ જ માણસને વાસ્તવમાં પાપ અને પતનથી બચાવી શકે છે. આજે પરલોક-દૃષ્ટિ ભુલાવાથી સખત કાયદા-કાનૂન, કોર્ટો-કેદખાનાં તથા ભરચક ભાષણો અને સંખ્યાતીત સાહિત્ય-પ્રકાશન છતાં આજે ધૂમ પાપો અને મહા અધ-પતન કેટલાં બધાં ફાલ્યાં ફૂલ્યાં છે ! એ ક્યાં અજાણ્યું છે ?

પ્ર.-૯ : આજનો માણસ વેદનાથી પીડાય છે. નિરાશ થયેલો છે, અને સંજોગોની વચ્ચે ભીંસાઈ રહ્યો છે. એ માટે કોણ જવાબદાર ? એનો ઉપાય ? ધર્મ એ માટે કેવો ભાગ ભજવી શકે ?

ઉ.- : આજના માણસો વેદના, પીડા વગેરેમાં દુઃખી થતાં હોય તો તે મુખ્યતયા પોતાની અજ્ઞાન દશા અને વિષય - લાલસાને લીધે છે. કારણ કે જીવને સુખ, દુઃખ, સારું-નરસું પોતાનાં શુભાશુભ કર્મોના હિસાબે જ મળે છે. એ જો ખ્યાલમાં હોય તો જેમ ડાહ્યો માણસ સમજે છે કે આગલે દિવસે પોતે વધારે ખાઈ નાખ્યું એટલે આજે સહેજે પીડા ઊભી થાય. એમાં એ નિરાશ થતો નથી. પણ એક-બે દિવસ ખાવાનું બંધ કરીને નિરાંત અનુભવે છે કે એમ પીડાનો અંત આવી જશે. એવી રીતે કર્મનું વિજ્ઞાન સમજનારો વર્તમાન આપત્તિ પોતાના પૂર્વભવની પાપ-ભૂલોનું જ પરિણામ સમજે છે, અને હવે પાપ બંધ કરી નિરાંત અનુભવે છે કે ભવિષ્યમાં પીડા દેખવી નહીં પડે. આ કોઈ સમજ કે વિચાર ન હોય તે અજ્ઞાનદશા છે.

વર્તમાન પીડાનું બીજું કારણ માણસની વિષયલાલસા છે. માણસ જો એમ સમજે કે કીડા મકોડા અને જનાવર કરતાં મારો જનમ ઊંચો, માટે ઊંચા જનમમાં ઊંચા ઉદ્દેશ, ઊંચા આદર્શ, અને ઊંચી કરણી જોઈએ; પરંતુ કીડા-મકોડા વગેરેને હોય છે એવી માત્ર આહાર-વિષય પરિગ્રહની કરણી નહીં. ઊંચા ઉદ્દેશમાં ભગવાન સાથે એટલે કે પરમાત્મ-સ્વરૂપ સાથે પોતાના આત્માનો સંબંધ જોડવાનું આવે. ઊંચા આદર્શમાં પ્રખર દાનવીર ઉત્કૃષ્ટ શીલ સંયમધારી અને કઠોર-ત્યાગી તપસ્વી પૂર્વ પુરુષોનાં જીવન આવે. તેમજ ઊંચી કરણીમાં એ આદર્શોના પગલે પગલે



યથાશક્તિ ચાલવાનું આવે. આજનો માણસ જો આ ધ્યાનમાં લે તો એની પૌદ્‌ગલિક લાલસાઓ મરી પરવારે. વર્તમાન સંકડામણોમાં એને કશી વેદના, પીડા નિરાશા ન રહે.

પ્ર.-૧૦ : જૈન ભાઈઓ ઝૂંપડપટ્ટીમાં રહે છે એનાં બાળકોના સંસ્કાર કેવા હોય ? એમની પાસે ધર્મની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? ધર્મ માટેના યોગ્ય વાતાવરણના નિર્માણની જવાબદારી કોની ? સાધુ મહારાજો આ વિષે કેવો ભાગ ભજવી શકે ?

ઉ.- : આજના કાળે સાચું દરદ ગરીબી નથી, કિંતુ અર્થ-કામ-પ્રધાન જીવન એ જ ખરું અને મોટું દરદ છે. બ્રિટિશ રાજ્યમાં કામદારો ઝૂંપડપટ્ટીમાં રહેતાં. સંઘની સરકારે બોનસ-ભત્તા, પગારવધારો વગેરે કરી આપ્યાં તો શું કામદારો સુખી થયા ? ના, એમનામાં જુગાર, દારૂ, માંસાહાર, વિષય-વિલાસ વગેરે બેફામ વધી ગયાં. ભગવાનને વધારે ભૂલ્યા; અને અભિમાનમાં ચડી છાશવારે હડતાલ કરીને મોટા ઉદ્યોગોને સ્થગિત કરી દઈ દેશની સંપત્તિને મહાન ધક્કો લગાડનારા બન્યા. એથી સમજાશે કે આજનું દરદ ગરીબી નહીં પણ વિકૃત માનસ છે. જો એ માનસને સુધારવામાં આવે તો એનો એ ગરીબ માણસ ગરીબી છતાં બાદશાહી અનુભવી શકે છે અને સંયમી સદ્‌ગુણી, શીલસંપન્ન વગેરે બની માનવતાને મહેંકાવી શકે છે. માટે જ એક સમાજચિંતકે સાચું જ કહ્યું છે કે “A human being is not a Belly but a Brain” સાધુઓ આ વિવેક શિખવાડીને માણસને દિલનો બાદશાહ બનાવી શકે છે.

પ્ર.-૧૧ : શહેરમાં ધર્મનો પ્રભાવ વધુ છે કે ગામડામાં ? કારણ ?

ઉ. : એકાંત નથી. શહેરમાં સંતોનો વધુ પ્રચાર હોવાની દૃષ્ટિએ જનતા પર આ પ્રભાવ પડી શકે છે કે એ ધર્મ પ્રવૃત્તિમાં અને ધર્મના આચારોમાં સારો જોડાઈ શકે છે. ત્યારે ગામડામાં સત્સંગ ઓછો મળવાના હિસાબે ધર્મમાં વધારે સુસ્તી દેખાય છે. આ એક દૃષ્ટિ.

બીજી દૃષ્ટિએ શહેરોમાં રંગ-રાગ, વૈભવ-વિલાસ, ફેશન-ફિશિયારી વધી પડવાથી ધર્મને બદલે પાપોનો જ ખૂબ પ્રભાવ પસારો અને પરંપરા વધતી ચાલી છે, જ્યારે ગામડાઓમાં એ નથી.

પ્ર.-૧૨ : માનવજાત માટે ખાસ કોઈ સંદેશ.

ઉ.- : માનવજાતને અમારો આ સંદેશ છે કે તમે તમારા આત્માને ઓળખો. તમે પોતે શરીર નથી, પરંતુ શરીરમાં કેદ પુરાયેલ એક આત્મતત્ત્વ છો. બીમાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પડતાં ડૉક્ટરને એમ કહો છો : 'ડૉક્ટર, જુઓને મારું શરીર બગડ્યું છે,' પણ એમ નથી કહેતા કે 'ડૉક્ટર, જુઓને હું બગડ્યો છું.' એમ જ કહેવું જોઈએ. પણ આમ નથી કહેતા, એ સૂચવે છે કે આપણે શરીર નહીં પણ શરીરના સંચાલક આત્મા છીએ. આમ આપણા આત્માને ઓળખવાની જરૂર છે.

આત્માની સાચી ઓળખ આ કે આજનું સુખદુઃખમય જીવન એ ભૂતકાળનાં ધર્મ-પાપમય જીવનનું પરિણામ છે. માટે સુખમાં પ્રભાવ ધર્મનો. પૂર્વનો ધર્મ પહોંચશે ત્યાં સુધી જ સુખ રહેવાનું. ધર્મ-પુણ્ય ખૂટ્યે સુખ લુપ્ત. તેથી સુખમાં છકી ન જવું. છકી જઈને થતાં પાપો ન કરવાં. એમ, વર્તમાન દુઃખમાં પ્રભાવ પૂર્વના પાપનો; તેથી દુઃખમાં દીન ન બનવું; દીન બનીને રોદણામાં અમૂલ્ય માનવ સમય વેડફી ન નાંખવા.

જેમ આજનું સુખ-દુઃખમય જીવન એ પૂર્વના ધર્મ-પાપનું પરિણામ છે, તેમ આજનું ધર્મમય કે પાપમય જીવન એ ભવિષ્યના સુખમય કે દુઃખમય જીવનોનું કારણ છે. એ બરાબર ખ્યાલમાં રાખી જીવનમાં વિચાર-વાણી-વર્તાવમાં શક્ય એટલો ધર્મને જોડી દેવો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૩૭,તા.૨૬-૫-૧૯૭૯

## (૨૯) સુંદર શાંતિમય જીવનની ચાવી : સારાસારનો વિવેક

માનવજન્મ પામ્યા છીએ. અને એને જીવી રહ્યા છીએ, પરંતુ એ સુંદર રીતે જીવીએ એ મહત્ત્વનું છે. કેમકે સુંદર જીવનથી અંતરાત્મા શાંત, પ્રસન્ન અને ખુશનુમા રહે છે. એના બદલે જો અંતરાત્મા અશાંત-અસ્વસ્થ-દીનહીન અને હાયવોયવાળો હોય તો એ ખરાબ જીવનના લીધે છે. જન્મ આપણો છે, ને સારું કે નરસું જીવવાનું આપણા હાથમાં છે. છતાં ખરાબ જીવન ચલાવીએ એ કેવી કમનસીબી ! આ ખરાબ જીવન કાંઈ બીજાના વાંકે નહિ, પણ આપણી બિન-અક્કલથી બને છે; એટલે કહો કે આપણી જાતે જ જીવન ખરાબ જીવવાની મૂર્ખાઈ થાય છે ! શા સારું આપણી જાતે જ જીવનને ખરાબ કરીએ ? કરીએ તો કરીએ પણ એની આપણને અફસોસી કે શરમ પણ નહિ, એ કેવી દુર્દશા છે !

આપણે આપણી જાતે જ આપણા શરીર પર કીચડ નથી ચોપડતા; જાતે જ આપણાં કપડાં નથી બગાડતા; ઘરમાં બહારથી જાતે જ કચરાના ઢગ લાવી જાતે



જ આપણું ઘર નથી બગાડતા. એવું કેટલુંય આપણું પોતાનું જાતે જ ખરાબ કરવા નથી બેસતા, તો પછી આપણું જીવન આપણી જાતે જ ખરાબ કરવાનું કરીએ એ વાજબી છે ?

માટે પહેલી વાત તો આ, કે આપણું મન નિશ્ચિત થઈ જવું જોઈએ કે 'મારે જીવન સુંદર જીવવું છે.' કેમકે આ પાકા નિર્ધાર વિના જીવન સુંદર બનાવવાનું સુંદર જીવવાનું લક્ષ નથી બંધાતું, લક્ષ જ નહિ, પછી પ્રવૃત્તિમાં જોમ અને એકાગ્રતા ક્યાંથી આવે ?

ત્યારે સુંદર શાંતિમય જીવન જીવવાનો નિર્ધાર તો કર્યો, પરંતુ વિચાર થાય કે 'એનો ઉપાય શો ? સુંદર જીવન જીવવાની ચાવી કઈ ?' એનો ઉત્તર આ છે કે-

સારાસારનો વિવેક રાખીને વર્તવું એ શાંતિમય જીવનની ચાવી છે ! અર્થાત્ આ જોતાં રહેવું કે 'સાર શું ? અને અસાર શું ?' એમાં બની શકે ત્યાં સુધી અસારનો ત્યાગ કરવો, અસારમાં પડવું નહિ, ને સારભૂતમાં ઉલ્લાસથી પ્રવર્તવું. અસાર છોડી શકાય એમ ન હોય ત્યાં કર્મ-સંજોગ, ભવિતવ્યતા...વગેરેનો વિચાર રાખી ઉદાસીન ભાવે પ્રવર્તવું.

દા.ત. જીવનમાં સારભૂત, વૈરાગ્ય-વિનયાદિ ગુણો કહેવાય, ને અસાર વિષયાંધતા અવિનયાદિ દોષો કહેવાય, તો જ્યાં અસારમાં અર્થાત્ દોષોમાં મન જાય કે સાવધાની રાખવાની, આ હું અસારમાં ક્યાં પડ્યો ? શું એનું મૂલ્ય ? કયો એનાથી મહાલાભ ? દુન્યવી વિષયોમાં રાગમૂઢ થતાં મારો પોતાનો આત્મા પરમાત્મા અને દેવ-ગુરુ-ધર્મ ભૂલી જાય છે. કિંમતી આ છે, વિષયો નહિ તેમ અવિનયાદિ દોષોથી હું મહાન નહિ બની શકું, અધમ બનીશ. જીવનમાં મહાન બનવું એ સારભૂત છે, મહાન બનાવનાર વિનય ક્ષમા આદિ ગુણો છે, એ સારભૂત. એને કાંઈ વિચારવા માત્રથી એ એકી કલમે નથી આવતા. એ માટે વારંવારનો પ્રયત્ન જોઈએ...આવો પ્રયત્ન એ સારભૂત; અને દોષોમાં આંધળિયા એ અસારભૂત.

એમ જીવનમાં ધર્મ-આરાધના એ સારભૂત, અને દુનિયાદારી એ અસાર. તો આની ખૂબ રટણા જોઈએ, જેથી એવી દૃષ્ટિ જ બંધાઈ જાય કે દુનિયાદારીમાં પડતાં મનની અંદરખાને એ દુનિયાદારી અસાર લાગ્યા કરતી હોય. મનને એમ થાય પણ ખરું કે, 'ક્યારે આ અસારમાંથી છૂટી સારભૂત ધર્મમાં પ્રવર્તું !' આ દૃષ્ટિ આ સાવધાની જાગતી રખાય, તો જ્યાં મોકો મળે ત્યાં અસારમાંથી છૂટી સારભૂત ધર્મ એટલે કે જિનભક્તિ, પ્રભુની જાપ-સ્તુતિ આદિ, સામાયિક, શાસ્ત્ર-સ્વાધ્યાય, શ્રવણ-વાંચન-મનન આદિ આરાધાય. એમ -



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દા.ત. ફજુલ વાતો કરવી એ અસાર છે, તો એનો ત્યાગ કરવો, એમાં પડવું નહિ. ન આપણે એવી વાતો કરવી કે ન બીજાની એવી વાતો સાંભળવી. પરંતુ માનો કે સ્નેહી-સંબંધી કોઈ એવી વાતો કરતો આપણી આગળ બેઠો; હવે ત્યાંથી આપણાથી નથી તો ઊઠી શકાતું, કે નથી એને ના પાડી શકાતી કે આવી વાતો રહેવા દો,' તો ત્યાં શું કરવું ? આ કરાય કે એ વખતે આપણા દિલમાં સામાને માટે ભાવદયા વિચારાય કે 'આ બિચારો કેવો મોહવશ છે કે આ ઉત્તમ ભવની મોંઘેરી ક્ષણો ફજુલ વાતોમાં વેડફી નાંખે છે ! પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપો, એના મોહ-આવરણોને ટાળો.'

આમ વિચારવામાં ફજુલ વાતો પર લક્ષ ન દેતાં અસાર ટાળ્યું, અને દયા વિચારના સારભૂતને પકડ્યું. વિચાર આગળ લંબાવતા પોતાની સાવધાની વધારવી કે 'રખે ! હું આનો રસિયો ન થઈ જાઉં, હું પોતે બીજાની આગળ ફજુલ વાતો ન કરું.' આ સાવધાની એ પણ સારભૂત વસ્તુ થઈ.

એમ ઘર-દુકાનનું સંચાલન, ખાનપાન તથા બાહ્ય વ્યવહારમાં પણ એ જોતાં રહેવું કે 'સારભૂત શું ? ને અસાર શું ?' એ વિવેક જાગ્રત રાખી પ્રવર્તવું. 'દા.ત. ઘરમાં કચરો - અસ્તવ્યસ્તતા રાખવી એ અસાર, અને સ્વચ્છતા-વ્યવસ્થિતતા રાખવી એ સારભૂત,' તો ત્યાં અસાર કાઢી સારભૂત સ્વચ્છતા વગેરેમાં પ્રવર્તવું. એથી આગળ વધીને આ ઘર-દુકાન-સંચાલન વગેરેમાં અપ્રમાણિકતા, બિન-વફાદારી, છળ-પ્રપંચ, અશિસ્ત વગેરે એ અસાર કહેવાય, પ્રમાણિકતા, ન્યાયસંપન્નતા, સરળતા, શિસ્ત વગેરે એ સારભૂત કહેવાય. એનો વિવેકમય ખ્યાલ રાખી વર્તીએ, તો શાંતિ મળે, મનથી સુખી રહીએ.

એમ, બધે જ આ વિવેક બનાવાય કે 'જીવનમાં જિનવચન અને જિનવચનોક્ત પ્રવૃત્તિ-નિવૃત્તિ એ સારભૂત અને એનાથી વિરુદ્ધ એ અસાર.' સાવધાની આ રહે, કે 'જિનવચન એ સારભૂત. એની મહા કિંમત આંકી રાખી એની સામે પૈસા ટકા, મોજમજાહ આદિને અસાર માની એની બહુ કિંમત ન અંકાય. જિન વચને કહેલી વસ્તુ કરવાનું બને ત્યાં હોંશ આનંદ રખાય, જિન વચને નિષેધેલું એ અસાર. એ કરવું પડે ત્યાં મનને ખેદ થાય. વાતવાતમાં જિનવચનને આગળ કરાય કે 'મારા પ્રભુએ મારા હિતમાં શું કહ્યું છે ?'

સાર-અસારનો વિવેક રખાય ને પછી વધારે ઉચિત રીતે વર્તાય, ત્યાં મનની શાંતિ અખંડ રહે, મન સુખી, સ્વસ્થ અને મસ્ત રહે.





## (૩૦) બ્રહ્મચર્ય પાલનના વિધિમુખ ઉપાય :

### (લેખાંક-૧)

બ્રહ્મચર્ય એ આત્માનો શ્રેષ્ઠ ગુણ છે, કેમકે આત્માના વિનય-અહિંસા ક્ષમાદિ ગુણો, કે સાધુ યા શ્રાવકના વ્રતો એ બધું શીલગુણ હોવા પર જ સાર્થક બને છે. કિંમતવાળા બને છે, નહિતર અશીલ-કુશીલ પર એ ડાંગરના કુસકાં - ફોતરાંની જેમ અસાર બને છે. વાચક ઉદયરત્ન મહારાજ કહે છે, -

**સાધુ અને શ્રાવકતણાં વ્રત છે સુખદાયી રે.**
**શીલ વિના વ્રત જાણજો કુસકા સમ ભાઈ રે,**
**મૂલ વિના તરુવર જેહવા, ગુણ વિના લાલ કમાન રે,**
**શીલ વિના વ્રત એહવા, ભાખે શ્રી વર્ધમાન રે,**
**શીલ સમો વ્રત કો નહિ.**

જમીનમાંથી મૂળ કપાઈ ગયા પછી શ્રેષ્ઠ પણ ઝાડ જેમ ખલાસ થઈ જાય છે ! એમ શીલ ભગાઈ ગયા પછી વ્રતો, મહાવ્રતો એ ખલાસ સમજવાના. 'ગુણ=દોરી' લાલ કમાન=સારું વળી શકે એવું ધનુષ્ય. ધનુષ્યને વાળીને ઉપર ગોઠવવાની જે દોરી, એ દોરી વિના જેમ મનુષ્યની કિંમત નહિ. એમ શીલ વિના વ્રતોની કશી કિંમત નહિ. શીલ એ વ્રતોનો પ્રકાશક છે, શીલ વિના વ્રતો છતાં અંધારું. એટલા માટે કહ્યું -

'એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો' અબ્રહ્મ સેવીને જે ગદ્‌ગદતા ઝણઝણાટી કામપાત્રની યાદમાં-દર્શનમાં અનુભવાય છે, એવી પ્રભુ ને ગુરુની યાદ યા દર્શનમાં નહિ, આ બતાવે છે કે બ્રહ્મચર્ય એ જ પ્રભુ સાથે ખરેખરું મિલન કરાવી શકે; બ્રહ્મચર્યનું મહત્ત્વ કેવું કે સાધુને કોઈકવાર પ્રસંગ-વિશેષમાં અહિંસા સત્યના ભંગ થતાં સાધુતા હજી ઊભી રહે, પરંતુ બ્રહ્મચર્ય ભંગ થતાં સાધુતા ખલાસ થાય છે. બ્રહ્મચર્યની આવી શ્રેષ્ઠતા બહુમૂલ્યતાને લીધે છે. કહેવાય છે કે યુવાનીમાં કામદેવને જીતવો મહા દુષ્કર છે. બ્રહ્મચર્યની અતિમૂલ્યતા અતિ નાજુકતાને લીધે જ એની રક્ષા માટે એક બે નહિ, પણ નવનવ વાડ જ્ઞાનીઓએ પાળવાની કહી છે. આવા શ્રેષ્ઠ ગુણ બ્રહ્મચર્યના નિર્મળ પાલન માટે ઉપાય શો ?

પરંતુ આજે કેટલાયની ફરિયાદ છે કે 'આ બધું અમે સમજીએ છીએ, આનો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

વિચાર કરીએ છીએ ત્યાં બ્રહ્મચર્ય પાળવા નબળા છીએ,' એટલે જ બ્રહ્મચર્ય પાળવાના સચોટ ઉપાય માટે એ તલસે છે.

અલબત્ત સ્ત્રી-શરીરની અશુદ્ધતા મળપૂર્ણતા વિચાર અને પાપ-પ્રેરકતા વિચારતાં મન અબ્રહ્મથી પાછું હટે. એમ વિષયસંજ્ઞાના સેવનથી પોષાતી જાલિમ વાસના ને સંસ્કારો ભવોભવ સુધી પીડે છે. વળી વિષય-સેવન એ નરક-તિર્યંચગતિના કારમાં દુઃખ લઈ આવે છે. એનો એટલે કે વિષયસંજ્ઞાથી ઊભી થતી પરલોકમાં પાપિષ્ટતા ને દુઃખમયતા, આ બેનો વિચાર અબ્રહ્મ પર ઘૃણા લાવી એનાં સેવનથી પાછા હટાવીને બ્રહ્મચર્ય પાલનનું બળ આપે છે. એમ સ્ત્રી જાત કુટિલ હોય છે, દોષ-ભરપૂર હોય છે, તેમ દેવ-ગુરુને ભુલાવનાર હોય છે, એ વિચારે પુરુષને સ્ત્રીસંગથી પાછો હટાવે છે, એમ સ્ત્રીને પુરુષજાતની કઠોરતા અભિમાનિતા અને સ્ત્રી ઉપર પુરુષથી બજાવાતું વર્ચસ્વ ને જોહુકમિતા, આ બધાંનો વિચાર સ્ત્રીને પુરુષ સંગથી પાછી હટાવે. આમ બ્રહ્મચર્ય પાલનના આ ઉપાય છે.

આવા બ્રહ્મચર્યના ખપી જીવો માટે આ ઉપાય છે - કે બ્રહ્મચર્યનો નિષેધપણે નહિ, પણ વિધિપણે વિચાર કરો. બ્રહ્મચર્યનો વિધિપણે વિચાર કરવા સ્ત્રીજાતને બિલકુલ મનમાં ન લાવો, પરંતુ બ્રહ્મચર્યનો મૂળભૂત અર્થ વિચારો અને એને આ આત્મસાત્ કરવાના ઉપાય જોયો. તે આ રીતે કરાય, -

બ્રહ્મચર્ય એટલે 'બ્રહ્મ' કહેતાં શુદ્ધ આત્મા, રાગાદિ દોષથી તદ્દન રહિત, શુદ્ધ જ્ઞાનદર્શનમય, શુદ્ધ વીર્યમય, આત્મા એમાં રમણતા કરવી, ચરવું, વિચરવું, એ બ્રહ્મચર્ય. એ માટે આ વિચારવું કે 'હું એટલે કે શરીરમાં કેદ પુરાયેલ આત્મા. અસલી સ્વરૂપમાં રાગાદિથી તદ્દન અસ્પષ્ટ, શુદ્ધજ્ઞાન સ્વભાવવાળો છું.' ને આંખ મીંચીને આ વારંવાર વિચારતા રહેવું, કે રાગદ્વેષ, મોહ, મત્સર વગેરે મારો સ્વભાવ નથી, મારા ગુણરૂપ નથી, કિન્તુ એ માત્ર આત્માના વિકારો છે, રોગો છે, દા.ત. ખરજવું થયું હોય તો એની ખણજમાં ભલે આનંદ લાગે, પરંતુ એ ખરેખર તો રોગ છે, વિકાર છે, એમ કામવાસનાનું ઉત્તેજન એ રોગ છે. એટલે જેમ દવા ઉપચારથી ખરજવું મટી જાય, હવે ખણજ બિલકુલ ઊઠે જ નહિ, તો એટલા અંશે શરીર નીરોગી નિર્વિકાર બન્યું, એમ રાગદ્વેષાદિની જેમ કામવિહ્વળતા એ આત્માનો રોગ છે. વિકાર છે, એ મટે તો આત્મા નિરોગી નિર્વિકાર બન્યો, પછી જે જ્ઞાન કરાય તે શુદ્ધ જ્ઞાન કહેવાય. એ જ આત્માનો શુદ્ધ સ્વભાવ. એનો અનુભવ કરવો એનું નામ બ્રહ્મચર્ય. આ શુદ્ધ સ્વભાવાનુભવ કાંઈ આટલું વિચારવા માત્રથી ઊભો નહિ થાય; એ માટે તો પરમાત્માનું બહુ બહુવાર આંતરદર્શન કરવું જોઈએ.



આંતરદર્શન એ રીતે કરવાનું, કે આંખ મીંચીને આંતર નજરની સામે નિર્વિકાર ભગવાન લાવી, એમને નીરખ્યા કરવાના. એમાં પણ ભગવાનની ચક્ષુ અને કીકી પર નજર સ્થિર કરી. એ તાકી તાકીને જોવાની. એ કીકીમાં નિર્વિકારતા જોવાની. ત્યાં કોઈ રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ વિકાર નથી, રોગ નથી. પ્રભુ એવા વીતરાગ, વીતદ્વેષ, વીતમોહ છે, શાંત છે, પ્રશાંત છે, ઉપશાંત છે. પ્રભુના અનંતજ્ઞાનમાં રૂપાળી અપ્સરાઓ-ઇંદ્રાણીઓને રંગરાગ ખેલતા જીવો દેખાઈ રહ્યા છે. પરંતુ પ્રભુને એની કશી અસર નથી, કોઈ વિકાર નથી, કોઈ આકર્ષણ કોઈ આસક્તિ નથી.

આવું દર્શન સ્પષ્ટ થવા લાગે, પછી અનેક ભગવાન યાવત્ અનંત ભગવાન અને એમનાં નિર્વિકાર ચક્ષુ જોવાના. એ અનંત ભગવાનની કીકીમાં નિર્વિકારતા પ્રશાંતતા જોયા જ કરીએ, જોયા જ કરીએ.

પછી તો લોગસ્સ સૂત્રનો ઉપયોગ કરવાનો. એમાં આંખ અર્ધી મીંચી પડલની આરપાર કલ્પનાથી નજર સામે ૨૪ ભગવાન જોવાના. એ પણ લોગસ્સ સૂત્રની ૨જી-, ત્રીજી-૪થી ગાથામાં લીટીવાર આવતા ભગવાનના

૧-૨
૩ ૪ ૫
૬-૭
૮ |નામના ક્રમ પ્રમાણે જોવાનાં દા.ત. ૨જી ગાથામાં એમ ગાથામાં ભગવાનના નામ બોલતા જઈએ અને નજર સામે તે તે ભગવાનના ચક્ષુ નિર્વિકાર જોતા જઈએ. એટલું ધ્યાનમાં રહે કે ૧લી ગાથામાં 'ચઉવીસંપિ'માં 'પિ' એટલે પણ અર્થ છે, તો ૨૪ પણ અર્થાત્ 'બીજા અનંત ભગવાનની સાથે આ ૨૪ પણ' એ અર્થ હોવાથી ૧લી ગાથા 'લોગસ્સ...' વખતે અનંત ભગવાનને સમવસરણ પર જોવાના. પછી ૨ જી ગાથા વખતે એમાં ૨૪ ભગવાનના સમવસરણ જુદા આપણી નજર સામે તરવરે, ને ૨જી-૩જી-૪થી ગાથામાં ક્રમસર ૨૪ ભગવાનને સમવસરણ પર જોતા હોઈયે એમાંય આપણી નજર ખાસ તે તે પ્રભુની ચક્ષુ પર રહે.

એવા-અનંતા ભગવાનની નિર્વિકાર ચક્ષુ પર દૃષ્ટિ ઠેરવવા સાથે પ્રાર્થના કરવાની 'પ્રભુ આપની ચક્ષુમાંથી બ્રહ્મતેજ મને મળો.' આ પ્રાર્થના સાથે કલ્પના કરવાની. અનંત પ્રભુના ચક્ષુમાંથી બ્રહ્મતેજની શીતલ અનંત-કિરણ-જ્યોત નીકળીને આપણા શરીર પર પડી રહી છે, તે આપણને એ ઠંડાગાર કરી રહી છે, જેથી વાસના અને કામરાગની આગ ગરમી શાંત થઈ રહી છે. આ કલ્પના સાથે પ્રભુનાં ચક્ષુ જોયા કરવાનાં.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આ શાંતતાનો અનુભવ કરતાં ધ્યાન રાખવાનું કે મન સ્ત્રી-તત્ત્વથી તદ્દન અલિપ્ત રહે અને પૂર્વે અનુભવેલ સુંવાળા સ્પર્શનાં સંવેદન-સ્મરણ પણ શાંત થઈ ગયા હોય. બસ, આ વિધિમુખ ઉપાયનો વારંવાર અભ્યાસ બ્રહ્મચર્યનું બળ આપે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૩૯,તા.૯-૬-૧૯૭૯

## (૩૧) (લેખાંક-૨)

ગત લેખમાં એ વિચાર્યું કે બ્રહ્મચર્યના પાલન માટે વિધિમુખ ઉપાય આ કે તીર્થંકર ભગવાન નિર્વિકાર ચક્ષુ નિહાળવા અને એમાંથી બ્રહ્મતેજ નીકળી રહ્યું છે. એ કલ્પી એને આપણા શરીર પર પડતું અને આપણને ઠંડાગાર કરતું જોવું, જેથી વાસનાની આગ શાંત પડતી જાય. આ લોગસ્સ સૂત્રનો આધાર લઈને કરાય. તે આ રીતે, -

'લોગસ્સ' સૂત્રની ૨જી, ૩જી, ૪થી ગાથાથી નજર સામે વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકર ભગવાન આવે, અને ૧લી, ૫મી ગાથાના બીજા અનંતા તીર્થંકર ભગવાન નજર સામે આવે. એમના ચક્ષુમાંથી બ્રહ્મતેજ આપણાં પર પડતું જોવાનું...એ જોતી વખતે પ્રભુનું 'બ્રહ્મચર્ય' એટલે કે 'આત્માના શુદ્ધ સ્વભાવમાં પર્યાયની રમણતા' એવી જોવાની કે પ્રભુના અનંત જ્ઞાનમાં મોહમૂઢ જીવોની વિષયલીલા - ઈંદ્રાણી -અપ્સરાનાં મનોહરરૂપ, રત્ને જડ્યા દેવતાઈ વિમાન વગેરે સુખ-સામગ્રી ભગવાનની નજર સામે છે છતાં પ્રભુને એની સાથે 'નરો વા કુંજરો વા' છે, અર્થાત્ કશી નિસ્બત નથી. પ્રભુ પોતે પોતાના આત્માના નિર્વિકાર શુદ્ધ સ્વરૂપમાં મસ્ત છે.

વારંવાર આપણે અનંત પ્રભુની ચક્ષુમાં આ રાગાદિ વિકાર રહિત સ્વરૂપ-રમણતા જોયા કરવાથી અને એના બ્રહ્મતેજ ઝીલ્યા કરવાથી આપણા આત્મામાં એના સંસ્કાર ઊભા થાય છે, અને આત્મા ઠંડાગાર બનવાનો, બન્યા રહેવાનો અનુભવ થાય છે. જેમ જેમ એ નિર્વિકારનું દર્શન થતું જાય તેમ તેમ એના સુસંસ્કાર વધતા જાય, બ્રહ્મતેજનો અનુભવ વધતો જાય.

આ અનુભવમાં વાસના વિકાર રહિત શાંત-શીતળતા અનુભવવામાં એવું સાચું સુખ માનવાનું કે એની સામે ચામડાંની રમતના સુખ તુચ્છ લાગી જાય, મનને વિષય સુખ પરદેશી માલ Foreign matter લાગે, જીવની સાથે સંગત જ ન લાગે. બ્રહ્મતેજની સુખ-શાંતિ એટલી બધી આત્મસાત્ બની જાય.



આમાં કદાચ મોહનીયકર્મના જોરે ક્યારેક વાસના-વિષયરાગ ઊઠવા જાય, ત્યારે બ્રહ્મતેજ, અનુભવતા પૃથ્વીચંદ્ર રાજકુમારના, આઠ પત્નીઓને બોધ પમાડનારા, આ શબ્દ યાદ કરી લેવાના,-

**'વિષયસુખ સુરલોકમાં ભોગવિયાં - એણે જીવ.**
**તો પણ તૃપ્ત જ નવિ થયો કાળ અસંખ્ય અતીવ.'**

અર્થાત્ 'જીવે દેવલોકે વિષયસુખ એકેક ભવમાં અસંખ્યવાર એવું અનંતા દેવભવોમાં અનુભવ્યું છતાં જીવ ધરાયો જ નહિ તો એવા વિષયસુખમાં શો માલ છે ? કુછ નહિ.'

આ વિચાર કરવાથી વાસના શમી જાય છે, ખણજ બેસી જાય છે. વિષયનું આકર્ષણ જ મરી પરવારે છે. વાત પણ સાચી છે કે દા.ત. પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ ટેસદાર વાલ-વટાણાનું શાક ખાઈ-ખાઈને ઝાડા થયા કરતા હોય, ને ત્યાં કોઈ વૈદ્યના કહેવાથી ભય લાગી જાય, 'આમ ને આમ કરતાં તો પેટ ને આંતરડાં સાવ ખલાસ થઈ જશે. શક્તિહીન થઈ જશે. હલકા ભાત કે પ્રવાહી પણ નહિ પચે ! ને શરીર રોગિષ્ટ ને દુબળું પડી જશે, એ સહન નહિ થાય ! આવો ભય લાગી જાય તો એને એના તરફ નફરત થઈ જાય છે. એ નિર્ધાર કરી લે છે કે 'ઘેર ગયા આવાં વાલ-વટાણાનાં ખતરનાક સુખ. મારે એ ન જોઈએ. એના વિના મારે તો પ્રકૃતિને અનુકૂળ સાદું ભોજન જ સારું છે.' એમ પછી એને વાલ વટાણાં વિનાના સાદા ભોજનની સ્વસ્થતાનો અનેરો આનંદ લાગ્યા કરે છે.

એ જ પ્રમાણે અનંતા કાળની વિષય રમતનાં કટુ ફળ અને જીવની વિષય-ગુલામી તથા કર્મગુલામી હજી સુધી તદ્વસ્થ ઊભેલી જોઈ, વિષયો પર ને વિષયરમત પર નફરત છૂટી, પરમાત્માની નિર્વિકાર પરમ સુખદ અવસ્થા અને બ્રહ્મતેજનાં આકર્ષણ ઊભા થાય. પરમાત્માની નિર્વિકાર ચક્ષુનાં આંતરદર્શન કર્યા કરાય, એમનાં બ્રહ્મતેજ આપણા પર ઝીલાય. તો સહેજે બ્રહ્મચર્યનું આકર્ષણ અને બળ વધે.

**બ્રહ્મચર્યનો વિધિમુખ ૨જો ઉપાય :-**

આવો વિધિમુખ બીજો ઉપાય આ છે કે મનને શાસ્ત્રોના પદાર્થોમાં જ રમતું રાખવાનું. કેમકે અનુભવી કહે છે તેમ काम ! जानामि ते मूलं संकल्पात् किल जायसे । न चाहं तं करिष्यामि न चापि त्वं भविष्यसि । અર્થાત્ હે કામ ! હું તારું મૂળ ઉત્પત્તિસ્થાન જાણું છું કે તું વિચારમાંથી ઉદ્ભવે છે. તો હું કામવાસનાનો વિચાર જ નહિ કરું એટલે તું પણ જન્મી જ નહિ શકે ! આમ કહીને આ બતાવ્યું કે વાસના વિકાર મનમાંથી મનના વિચારમાંથી ઊઠે છે. 'પેલી સ્ત્રી રૂપાળી' એટલો માત્ર એના રૂપનો વિચાર કરતા એના અંગનો વિચાર કરવા જતાં કામરાગ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ભભૂકે છે. જો આવા કોઈ વિચાર જ ન કરવામાં આવે, તો કામરાગ ન ભભૂકે.'

આ ઉપરથી સ્પષ્ટ છે કે મનને એવા વિચારોમાં ન જવા દેવું જોઈએ. પણ નવરું મન ત્યાં ગયા વિના રહે નહિ. તેથી મનને એક ક્ષણ પણ નવરું ન પડવા દેવા માટે એને શાસ્ત્ર પદાર્થો પવિત્ર વિચારણામાં રમતું રાખવું જોઈએ.

(૧) આ માટે તત્ત્વાર્થ સૂત્ર, જીવવિચાર, નવ તત્ત્વ, દંડક, ૩ ભાષ્ય, કર્મગ્રંથ વગેરે શાસ્ત્રોના પદાર્થ શીખતા રહેવું, ને એની નોંધ કરતા રહેવું, તેમજ રોજ ને રોજ બધી નોંધ પહેલાં પાનાથી વાંચતા રહેવું. એમ કરતાં કરતાં પાસે પદાર્થોનો મનમાં સ્ટોક જથ્થો ભેગો થાય. એને ક્રમસર વિચારતાં રહેવું; એટલે મન એમાં ને એમાં પરોવાયેલું રહે.

(૨) આ ન ફાવે તો મહાન સતા-સતીઓનાં ચરિત્ર વાંચવાના, પણ એવી રીતે કે એની સળંગ કથા ચરિત્રમાં વર્ણવ્યા પ્રમાણે એકેક પાત્રની વિસ્તૃત વિગત ધ્યાનમાં લેવાય. અને પછી એમ ને એમ જ્યારે ચરિત્ર યાદ કરીએ ત્યારે રજૂ કરેલ વિસ્તારથી ચરિત્રપ્રસંગો વિચારાય. આમ કરવાથી મન એમાં જ લાગ્યું રહે. તેથી બીજા ત્રીજા વિચાર જ ન આવે, એટલે વાસના વિકારના વિચાર પણ ન આવે.

(૩) અથવા એક ઉપાય એ પણ છે કે પૂર્વ પુરુષોનાં સ્તવનો સજ્ઝાયો ખૂબ પ્રમાણમાં કંઠસ્થ થઈ શકે તો તે કરીને પછી એનું વારંવાર રટણ મનમાં ચાલ્યા કરે. એ કંઠસ્થ કરવાની શક્તિ ન હોય તો એના પદાર્થ નોંધી લઈ એને વારંવાર વાંચતા રહી કંઠસ્થ જેવા કરાય. જેથી પછી એ પદાર્થ ક્રમસર મનમાં ચલાવ્યા કરાય.

(૪) અથવા તીર્થંકર ભગવાનના અષ્ટ પ્રાતિહાર્ય ક્રમસર એકેક મનની સામે લાવી આબેહુબ જેવા જોવાય, તે પણ એક પ્રાતિહાર્ય જોયા પછી બીજા પ્રાતિહાર્ય ન જોતાં એને પહેલાં બે પ્રાતિહાર્ય સાથે જોવાનો...એ રીતે આઠેય પ્રાતિહાર્ય એક સાથે નજરમાં આવે એવી રીતે મનથી જોવાના. એનો અભ્યાસ થયા પછી નવરા મનને એમાં જોડાય. યા,

(૫) સકલાર્હત સ્તોત્રમાંના ચોવીસે ભગવાનના શ્લોકના પદાર્થને ચિત્રાત્મક તૈયાર કરાય. એ જ પછી દરેક ચિત્રને પછીના ચિત્ર સાથે શો સંબંધ તે નક્કી કરી ચિત્રો વચ્ચે કડી જોડાય. આમ કડીબદ્ધ ચોવીસે ભગવાનના ચિત્ર મનમાં ગોઠવી લઈ, પછી એના કડીબદ્ધ વિચારણા ચાલે, ને અરિહંત ભગવાનની જુદી જુદી મુદ્રાઅવસ્થાની હારમાળા નજર સામે આવ્યા કરે, એટલે મન એમાં જ પરોવાયેલું રહે; ને તે પણ પરમ સાત્ત્વિક પદાર્થોમાં એટલે મનમાં બીજા ત્રીજા કે વાસના વિકારના કોઈ વિચાર ન જાગે, ને એમ બ્રહ્મચર્યને બળ મળે.





## (૩૨) મૈત્રી-કરુણાની ભેદરેખા

મૈત્રીભાવ અને કરુણાભાવ વચ્ચેની ભેદરેખા સમજી રાખવા જેવી છે, જેથી મૈત્રીભાવ રાખીને બેસી રહેવા છતાં કેટલીકવાર જીવ દયાભાવ નહિ ધરવા છતાં 'મારામાં દયાભાવ છે' એવી ભ્રાન્તિમાં ન પડે, મૈત્રીભાવને જ દયાભાવ ન સમજી બેસે.

શાસ્ત્રકારો જ્યારે મૈત્રી અને કરુણાને બે જુદા ભાવ બતાવે છે, ત્યારે સમજી રાખવું જોઈએ કે મૈત્રીભાવથી કરુણા નથી આવી જતી. મૈત્રી કરતાં કોઈ વિશેષ ભાવ કરીએ, તો કરુણાભાવ-દયાભાવ આવે. દા.ત. -

કોઈ દુઃખી માટે આપણા દિલને એમ થાય કે 'બિચારો બહુ દુઃખી-એનું દુઃખ દૂર થાઓ,' તો આ કરુણાભાવ નથી, પણ મૈત્રીભાવ છે, પરંતુ એનાથી વિશેષ ભાવ એવો આવે કે 'એનું બિચારાનું દુઃખ હું દૂર કરું' તો એ દયાભાવ છે. કહ્યું છે,-

परहितचिन्ता मैत्री परदुःख-विनाशिनी तथा करुणा ।

બીજાના હિતની લાગણી એ મૈત્રી, બીજાના દુઃખ દૂર કરનારી એ કરુણા, પરદુઃખ પોતે દૂર કરવાની લાગણી એ દયાભાવ, પણ પરદુઃખ નાશ અંગે માત્ર શુભેચ્છા એ મૈત્રી. મૈત્રીમાં જાતે કરવાનું નથી આવતું, કરુણામાં જાતે કરવાનું આવે છે. દા.ત. કોઈને દુઃખી દેખ્યો, ને આપણા મનને થયું 'એનું દુઃખ મટો,' તો એમાં સામાનું દુઃખ ટાળવા પોતે કાંઈ કરવાનું શું આવ્યું ? ખાલી શુભ ભાવના કરી લીધી, પછી આગળ કાંઈ કરવાનું ? ના, એનો કશો વિચાર મન પર લીધો જ નહિ, એ તો એના મનને એમ થાય કે 'હું એનું દુઃખ દૂર કરું' તો જાતે કાંઈ કરી છૂટવાનું માથે લીધું. પ્રશ્ન થાય,

પ્ર.- બીજાનું દુઃખ દૂર થવાનો વિચાર તો દયા જેવો દેખાય છે, મૈત્રી જેવો શી રીતે ?

ઉ.- બીજાનું ભલું ઇચ્છીએ એ મૈત્રીભાવ છે. તો જેમ ભલામાં સુખ-સંપત્તિ-સગવડ આવે, એમ શું દુઃખનાશ, આપત્તિ-અગવડ-નાશ ન આવે ? તાવવાળા માટે જો 'તંદુરસ્ત થાઓ' એમ ઇચ્છીએ એ મૈત્રીભાવ, તો 'એનો તાવ મટો એવી ઇચ્છા' એ શું મૈત્રી નહિ ? પરના હિતની, ભલાની ચિંતાના વિષયમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બેઉ છે, - ભાવાત્મક પદાર્થ અને અભાવાત્મક પદાર્થ. 'પૈસા મળો' એ ભાવાત્મક વસ્તુ છે, 'ગરીબી મટો' એ અભાવાત્મક વસ્તુ છે. એમ 'સુખ-શાન્તિ મળો' એ ભાવાત્મકની ચિંતા અને 'દુઃખ-અશાંતિ ન રહો' એ અભાવાત્મક વસ્તુની ચિંતા છે. ભાવ, અભાવ બંનેની ચિંતા એ મૈત્રી છે.

સારાંશ, 'બીજાની ગરીબી જાઓ, રોગ મટો, આપત્તિ ટળો' એ પણ એના ભલાની જ કામના છે, પરના ભલાની કામના એ મૈત્રી ભાવના છે.

કરુણાભાવના-દયાભાવનામાં એથી વિશેષ કરવાનું છે. તે આ, કે 'મારી શક્તિ પ્રમાણે બીજાની ગરીબી હું ટાળું, રોગ હું મિટાવું, આપત્તિ હું દૂર કરું,' ને આ કરવામાં પોતાની શક્તિ જોઈએ છે, સ્વાર્થ-ત્યાગ જોઈએ છે. સ્વાર્થ છોડવાની તો તૈયારી હોય, પરંતુ શક્તિ ન હોય તો સામાનું દુઃખ શી રીતે ટાળે ? માટે સમ્યક્ત્વના પાંચ લક્ષણમાં ચોથું લક્ષણ અનુકંપા, એમાં આ મર્યાદા બતાવી, - **'ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ,'** અર્થાત્ દ્રવ્ય દુખિયાનાં દુઃખ પોતાની શક્તિ મુજબ (યથાશક્તિ) ટાળવાનું મન પર લે.

જો એટલું જ ભાવવાનું હોત કે 'દુઃખીનાં દુઃખ દૂર થાઓ,' તો એમાં શી શક્તિ જોઈતી હતી ? તદ્દન ગરીબ પણ આ ભાવના કરી શકે કે 'સૌની ગરીબીનું દુઃખ ટાળો.' પરંતુ જ્યારે એ ભાવવાનું હોય કે 'હું સામાની ગરીબી ટાળું,' ત્યારે એ ટાળવાનું પોતાની શક્તિ અનુસારે જ થઈ શકે. એટલે જ સુખી માણસે ગરીબને જો પૈસા દઈ એની ગરીબી ટાળી, તો જ એણે દયા કરી કહેવાય; પરંતુ ગાંઠનો પૈસો દીધો નહિ, ને ભાવના રાખી કે 'ગરીબની ગરીબી ટળો,' તો એ તો માત્ર મૈત્રીભાવના થઈ, કરુણા-ભાવના નહિ. ત્યારે જો ગરીબ માણસે ભૂખ્યાને પોતાના અડધા રોટલામાંથી પણ અડધો દેવાનું કર્યું, તો એ એણે દયા કરી કહેવાય; અડધામાંથી અડધો દેવાનું ઈચ્છયું, એ કરુણાભાવના કરી કહેવાય.

પટેલ નોકરોને કહે 'જાઓ ખેતરમાં કામ કરવા,' અને એના બદલે એમ કહે 'ચાલો કામ કરવા,' એ બેમાં જેમ ફરક છે, એમ 'દુઃખીનાં દુઃખ ટળો' અને 'દુઃખીનાં દુઃખ હું ટાળું,' એ બેમાં ફરક છે.

મૈત્રીમાં પરના ભલાની લાગણી માત્ર છે. દયા-કરુણામાં એ લાગણી સાથે સ્વાર્થ-ત્યાગની પણ ભાવના છે, ઈચ્છા છે. 'સૌનું ભલું થાઓ' એ ભાવનામાં ક્યાં પોતાને કશું જોખવાનું આવે છે ? 'હું પરનું ભલું કરું' એમાં જોખવાનું આવે છે, કાંઈક કરી છૂટવાનું આવે છે. આ સૂચવે છે કે -

**દયા કરુણા કરવામાં સ્વાર્થનો ત્યાગ જરૂરી છે.**



એટલે જ 'પંચવસ્તુ' શાસ્ત્રમાં સાધુને 'પરહિત-નિરતા' કહ્યું એનું સ્વરૂપ આ, કે સાધુ જીવોના આરંભ સમારંભ-ઉપમર્દથી ઊભા થતા સ્વાર્થનો ત્યાગ કરી જીવમાત્રને અભયદાન દેનારા હોય. શ્રાવકનું આ ગજું નહિ, કેમકે એને તો જીવહિંસા કરીને અનેક સ્વાર્થ સાધવા જોઈએ છે. એ શું સર્વને અભયદાન દઈ શકે ? માટે કહો, સાધુ સકલસત્વ (જીવ) હિતાશયવાળા, અર્થાત્ સર્વ જીવની દયા-કરુણાભાવવાળા; ત્યારે શ્રાવક સકલ જીવ પ્રત્યે મૈત્રીભાવવાળા, સ્નેહભાવવાળા હોય છે.

મૈત્રી અને કરુણાની આ ભેદરેખા સમજીને મૈત્રીભાવમાં સંતોષ રાખી બેસી ન રહેવાય, પરંતુ યથાશક્તિ અર્થાત્ પોતાની સર્વ શક્તિ ખરચીને કરુણાભાવની લાગણી ને કરુણાભાવનો પ્રયત્ન પણ જોઈએ. દા.ત. 'બીમાર સાજો થાઓ' એ ભાવનાની સાથે એની સેવામાં, પોતાની કાયાનો સ્વાર્થ અર્થાત્ કાયાની એશઆરામી સુખ-શીલતાના સ્વાર્થનો ત્યાગ કરી, કાયાને પ્રવર્તાવવી જોઈએ. બીમારની સેવા મૂકી પોતાની કાયાને આરામમાં બેસાડી મૂકવી કે પોતાના જ કામમાં રોકી રાખવી એ સ્વાર્થ છે. એ આરામીનો ત્યાગ કરી બીમારની સેવામાં જોડાય તો જ દયા કરી ગણાય.

સારાંશ, ઊંચા માનવ અવતારે મૈત્રીભાવ ઉપરાંત આ દયાભાવ, કરુણાભાવ કરતા રહેવું એ જ માનવ ભવને છાજતું કર્તવ્ય છે, ભવની સફળતા છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૪૮,તા.૧૧-૮-૧૯૭૯

## (૩૩) પર્યુષણા મહાપર્વે મોહનગરી પર બોમ્બવર્ષા

પર્યુષણા મહાપર્વ એ મોહનગરી પર બોમ્બાર્ડમેન્ટ-બોમ્બમારો કરવાનો સોનેરી અવસર છે, કેમકે એમાં ચાલુ દિવસો કે પર્વ દિવસો કરતાં જોરદાર વિવિધ આરાધનાઓ સતત આઠ દિવસ સુધી કરવાની મળે છે; ને એ મોહરૂપી નગરી પર સખ્ત એકધારા આક્રમણ રૂપ બને છે. પર્યુષણાની ભરચક આરાધનાઓ એ મોહ પર એકધારો સખ્ત મારો છે.

યુદ્ધમાં મોટા લશ્કરવાળો રાજા જો સામાના લશ્કર પર 'પહેલો મારે એ કદી ના હારે' એ સૂત્ર મુજબ જો પોતાના લશ્કર દ્વારા એકસરખો સખ્ત મારો ચલાવે છે તો સામું લશ્કર હિંમત ગુમાવી શસ્ત્ર હેઠાં મૂકી દે છે, મોટાને શરણે આવે છે,


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ને એનો રાજા પણ નમી પડી ખંડિયા રાજા તરીકે ગુલામી સ્વીકારી લે છે. એમ કોઈકવાર નાના લશ્કરવાળો પણ જો સામાને ગફલતમાં રાખી ચારે બાજુ પોતાના લશ્કરની વ્યૂહરચના કરી એકસામટો હુમલો કરે છે, ને તે પણ સખ્ત હુમલો કરે છે, તો તે પણ મોટા ભાગે જીત મેળવી જાય છે ! પ્રભાવ એકધારા અને સખ્ત હુમલાનો છે.

બસ, આ રીતે પર્યુષણા મહાપર્વમાં અનેક પ્રકારની આરાધનાઓના લશ્કરનો આઠ દિવસ એકધારો સખ્ત મારો મોહના લશ્કર પર પડે તો મોહના લશ્કરને હારવું પડે છે. એના કેટલાય સુભટોને વશ આવવું પડે છે.

દા.ત. દાનધર્મની આરાધનાને પર્યુષણામાં સારો અવસર મળે છે. બહારની અનેક ટીપો-અરજીઓ આવવાથી તથા સ્થાનિક સાત ક્ષેત્રો સામે હાજર હોવાથી દાનની પ્રવૃત્તિને સારી સગવડ મળે છે. તે પણ રોજ નવનવી ટીપો-અરજીઓ અને સ્થાનિક નવનવા ફંડફાળા વગેરે રજૂ થાય, એટલે રોજનો નવનવો અવસર મળે છે. આમ આઠે દિવસ એકધારો દાનધર્મ આરાધ્યે જવાય એટલે ધનના અને સ્વાર્થના મોહ પર બોમ્બવર્ષા જેવું થાય.

એક દિવસ દાન કરીને બેસી રહેવાનું હોત તો તો બીજે દિવસે પાછી ધન અને સ્વાર્થની પ્રવૃત્તિ જોરદાર ચાલત અને એના ઘેરા સંસ્કારમાં પેલા એક દિવસના દાનના ને મૂર્ચ્છા-ત્યાગના સંસ્કાર ધીમે ધીમે ઘસાઈ જવા સંભવ. એને બદલે મહાપર્વના આઠે દિવસમાં દુકાન-વેપારમાં જોડાવાનું નહિ એટલે નવા પરિગ્રહની મૂર્ચ્છાને આવકાર નહિ, ને બીજી બાજુ જૂનાં પરિગ્રહમાંથી રોજ ને રોજ આઠ આઠ દહાડા સુધી દેવાનું જ રાખ્યું, એટલે એનાથી મૂર્ચ્છા-મોહ પર આઠ દિવસ સતત મારો પડતો રહ્યો, એથી એની વાસના મોળી પડતી આવે છે અને ત્યાગની વાસના-સંસ્કાર સારા જમા થતા જાય છે.

આ તો એક ધનના મોહની વાત થઈ, પરંતુ આત્મામાં શરીરની સુંદરતાનો મોહ, શક્તિનો મોહ, લોખંડીપણાનો મોહ, એમ ગુસ્સાનો મોહ, અભિમાનનો મોહ, હરામ હાડકાંનો મોહ, એશઆરામી-સુખ-શીલતાનો મોહ, વિવિધ માયા-મમતા-તૃષ્ણાનો મોહ, ઈર્ષ્યા-નિંદાનો મોહ, સ્પર્શાદિ વિષયોનો મોહ, ખાન-પાન-મોજશોખ-માનસન્માન વગેરે વગેરે ઘણાનાં મોહ-સુભટોનું લશ્કર આત્મામાં બેઠું છે. એ બધાં પર મહાપર્વની વિવિધ આરાધનાઓથી મારો ચલાવી શકાય છે.

દા.ત. પર્યુષણાના આઠેય દિવસ રોજ સવારનું પ્રતિક્રમણ સમયસર ઊઠીને કરાય એમાં નિંદ્રા, એશ-આરામીનો મોહ કપાય, એમ પ્રતિક્રમણમાં પહેલું સામાયિક લેવાનું છે. એમાં પાપવાળા હિંસા-વ્યાપારનો ત્યાગ છે એટલે સર્વ જીવોને



અભયદાનનો મહા લાભ છે. એથી જીવહિંસાના મોહ પર ઘા પડે. વળી સામાયિકમાં વિરતિ છે, પ્રતિજ્ઞાપૂર્વક પાપવાળી પ્રવૃત્તિનો ત્યાગ છે, એટલે અવિરતિનો મોહ અર્થાત્ પાપમાં છૂટા રહેવાનો મોહ કપાય. વળી પ્રતિક્રમણમાં (૧) પાપોનો તીવ્ર સંતાપ કરવાનો છે, (૨) તીવ્ર પાપઘૃણા તરવરાવવાની છે, અને (૩) પાપ કરવાની અનિચ્છા પ્રગટાવવાની છે; તેથી પાપોનો મોહ નબળો પડી જાય છે. એમ પ્રતિક્રમણમાં દેવભક્તિ અને ગુરુ વિનયનાં સૂત્ર સાથે અનુષ્ઠાન હોય છે તેથી પ્રભુ પ્રત્યે શુષ્ક દિલના મોહ અને ગુરુ પ્રત્યે અભિમાનના મોહ પર ઘા પડે છે.

એમ પર્યુષણાના આઠે ય દિવસ કોઈ ને કોઈ તપ કરાય તેથી ખાનપાનનો મોહ કપાય છે. એમ જિનપૂજા-ભક્તિ વિશિષ્ટ રીતે કરાય એટલે દુનિયાદારીનો મોહ કપાય છે.

એમ પર્યુષણામાં જ સવાર-બપોરનાં વ્યાખ્યાન જે સુલભ છે તે સાંભળતાં સુખશીલતા-મોજશોખ...વગેરે કેટલાય મોહ પર કાપ પડે છે, તેમજ એ અમૃતવાણીનું શ્રવણ કરતાં કામ, ક્રોધ, લોભ, માન, મદ, માયા કષાય-મોહ પર જબરદસ્ત કુઠારાઘાત પડે છે.

પ્ર.- પર્યુષણાનાં વ્યાખ્યાનોમાં દર વર્ષે એનું એ સાંભળવામાં કંટાળો ન આવે ? ને જો કંટાળો આવે તો ભાવ જ ન જાગવાથી મોહ પર બોમ્બવર્ષા શી થાય ?

ઉ.- જિન-જિનવચન પર એવું બહુમાન નથી એના આ પ્રશ્ન છે. નહિતર જેમ પત્ની પર ને પત્નીનાં વચન પર બહુ રાગ છે, તો રોજ એની એ એની પ્રેમની વાતો સાંભળવામાં કંટાળો નથી આવતો. ભોજન પર રાગ છે તો એનું એ ભોજન રોજ કરતાં કંટાળો નથી આવતો. દવા પર રાગ છે તો એની એ દવા વિના કંટાળ્યે રોજ લેવાય છે, ને એનાથી તબિયત સુધરતી દેખાતાં હોંશપૂર્વક એની એ દવા લેવાય છે. એમ અહીં 'મારા પ્રભુ તારણહાર, તારણહાર એમની વાણી' એવા અથાગ રાગ છતે એનું એ કલ્પસૂત્ર અને એનાં એ અઠ્ઠાઈ વ્યાખ્યાનો સાંભળતાં કંટાળો શાનો આવે ?

કંટાળો આવતાં તરત મનને સમજાવી દેવું કે આ જે સાંભળી રહ્યો છું એ ભલે વરસોવરસ એનું એ સાંભળવા મળે છે, પરંતુ એ સાંભળેલું બધું ક્યાં વિગતવાર રોજ નજર સામે તરવરે છે ? એ તો સારું છે કે આ સાંભળવા મળતાં બધું નજર સામે તરવરતું થાય છે. એ થવાથી મનમાં આના અંગેનાં શુભ સંવેદનો જાગતાં થઈ જાય છે, ને એ અવશ્ય મોહ પર બોમ્બવર્ષા છે. ત્રણ દિવસના અઠ્ઠાઈ વ્યાખ્યાનના ટૂંકા સમયમાં પર્યુષણા મહાપર્વ આરાધવાના પાંચ કર્તવ્ય અને વાર્ષિક



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

૧૧ કર્તવ્ય પર કેટકેટલી વસ્તુ સાંભળવા મળે છે, એ અનેક પ્રકારના મોહ પર બોમ્બવર્ષા જ છે.

સારાંશ, 'દાન-શીલ-તપ-ભાવના-જિનભક્તિ-સત્સંગ-જીવદયા વગેરે અનેકાનેક ધર્મ-સુકૃતોની આઠ દિવસ ભરચક આરાધનાનું મહાપર્વ અનેક પ્રકારના મોહ-સુભટોની ઉપર સખ્ત બોમ્બાર્ડમેન્ટનો શુભ અવસર છે,' એ સમજી ખૂબ ઉલ્લાસથી તન-મન-ધનનો શક્ય વધુ વિનિયોગ આ ધર્મ સુકૃતોમાં કરી લેવો, અને એ શક્તિઓને લેખે લગાડવી એ જ માનવભવનો સાર છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૪૯,તા.૧૮-૮-૧૯૭૯

# ૩૪ વૃથા શ્રુતમ્ અચિન્તિતમ્

માનવજીવનના ઉત્થાન માટે કર્તવ્ય તરીકે અનેક સત્કૃત્યો પૈકી એક સત્કૃત્ય જિનવચન-શ્રવણ બતાવીને પછીનાં બે સત્કૃત્ય આ બતાવ્યાં કે - (૧) 'તદર્થાલોચનમ્' અને (૨) 'નિપુણભાવ-ચિંતનમ્' અર્થાત્ (૧) સાંભળ્યા પછી જિનવચને કહેલા પદાર્થનું ચિંતન કરવું. અને (૨) નિપુણ-સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય જિનોક્ત ભાવોની અનુપ્રેક્ષા કરવી.

દા.ત. જિનવચને કહ્યું 'હિંસાદિ પાપ ન કરવાં', અને 'તપ-સ્વાધ્યાદિ કરવા', આમાં વિધિ-નિષેધ બંને વાત કહી,- (૧) હેય હિંસાદિ પાપોનો ત્યાગ, અને (૨) ઉપાદેય તપ-સ્વાધ્યાય વગેરેનું ચિંતન કરવું. એમ, નિપુણભાવ એટલે દા.ત. જેમ સમુદ્રમાં તરંગો ઊઠે છે ને તેમાં સમાઈ જાય છે, તેમ આ જગતનાં સત્ દ્રવ્યોમાં નવાનવા પર્યાયો અવસ્થાઓ પ્રગટે છે, ને એ પર્યાયો પાછા નષ્ટ થઈ જાય છે. આ એક નિપુણબુદ્ધિગમ્ય ભાવ. બીજો નિપુણભાવ એ કે જેમ ચિકાશવાળા અંગ પર ધૂળ ચોંટે છે એમ રાગાદિવાળા જીવ પર કર્મરજ ચોંટે છે. આ બંને નિપુણભાવ પર અનુપ્રેક્ષા કરવી. પ્રશ્ન થાય, -

પ્ર.- જિનવચનમાં આ હેય-ઉપાદેય પદાર્થ સાંભળ્યા પછી અને નિપુણભાવ તરીકે સત્ અને કર્મબંધના સિદ્ધાન્ત સાંભળ્યા પછી એના પર ચિંતન કરવાની શી જરૂર ? આપણે તો 'સાંભળીને કલ્યાણ' રાખીએ તો કલ્યાણ થઈ શકે ને ?

ઉ.- અહીં શાસ્ત્રકારો કહે છે 'વૃથા શ્રુતમ્ અચિન્તિતમ્' સાંભળેલા પર ચિંતન ન કર્યું તો એ સાંભળ્યું નિરર્થક છે, નિષ્ફળ જાય છે, જિનવચન સાંભળવાનો



જે અર્થ હોય, પ્રયોજન હોય, એ જો ન સરે તો નિરર્થકતા આવી.

જગતનાં વચન સાંભળવા પડતાં મૂકી જિનવચન સાંભળ્યા તે શું માત્ર સાંભળી કાઢવા માટે ? એ એટલું જ પ્રયોજન હોય તો તો સાંભળી લીધા પછી મન શું કરશે ? સાંભળેલી તાત્ત્વિક વાત પર ચિંતન નથી કરવું એટલે મન દુન્યવી વાતો પર વિચાર કર્યા કરશે. સ્વાભાવિક છે કે મનને સારો ખોરાક નહિ આપ્યો, તો એ કચરા ખાશે. મનને કાંઈ ને કાંઈ વિચારવા જોઈએ છે. હવે સારું વિચારવાનું નથી તો નહિ સહી, નરસું વિચારવાનું દુનિયામાં ઘણું છે. મન એમાં લાગી જશે.

આનું જ પરિણામ દેખાય છે કે ધર્મક્રિયા વખતે પણ જો મનને સારું ચિંતવવાનું ન આપ્યું તો મન દુન્યવી બાબતો અને ફજુલ વાતોના ભૂંસા ચિંતવે છે.

'ધર્મ કરતી વખતે, દા.ત. માળા ગણતી વખતે, અમારું મન સ્થિર રહેતું નથી અને આડા અવળા વિચારો બહુ આવે છે' - આ ફરિયાદ શાથી રહે છે ? કારણ આ જ, કે જિનવચન સાંભળેલા એના અર્થ પર કશું ચિંતન નથી કર્યું, હાલ પણ કરવું નથી, એટલે પછી મનને કાંઈ ને કાંઈ વિચારવાના સ્વભાવે વિચારવા તો જોઈએ, એટલે આડુંઅવળું વિચાર્યા કરે છે, જ્યાં ને ત્યાં ભટક્યા કરે છે. ગમે તે ગમે તે વિષયોમાં ફર્યા કરે છે.

ખબર નથી કે 'જગતમાં બીજું ઘણું ઘણું મળે છે, પણ **'એગં જિણવયણં સુદુલ્લહં',** એક જિનવચન મળવા એ અત્યંત દુર્લભ છે. જગત પર દૃષ્ટિ નાખો, જિનવચન કેટલાને મળ્યાં છે ? આજની શોધાયેલી દુનિયાના અસંખ્ય કીડી-કીડા વગેરેને નહિ, અસંખ્ય પશુ-પંખીને નહિ, લગભગ ૩૨૫ ક્રોડ માનવોમાંથી ૩૨૪॥ ક્રોડને નહિ ! તે જિનવચન આપણને મહાભાગ્યોદયે મળી ગયાં, તો શું એ 'માત્ર સાંભળીને કલ્યાણ' માની એના પર કશો ઊહાપોહ-ચિંતન-મનન નહિ કરવાનાં ? અલબત્ત એ નહિ સાંભળનાર કરતાં સાંભળનાર પુણ્યશાળી ખરો, જેથી એ સાંભળતી વખતે આત્મહિત સાધનામાં તો જોડાયો, ને તે એટલો સમય પાપ વ્યવસાયોથી બચ્યો, પરંતુ એટલેથી સંતોષ શો માનવાનો જે સાંભળવાનો કશો ઉપયોગ નથી કરવો ?

જિનવચન તો અનાદિ મોહથી બેભાન બનેલા ચૈતન્યને સજીવન કરવા અમૃત ઔષધ છે. **'જિણવયણમ્ અમયસારમ્'** એમ શાસ્ત્ર કહે છે. જિનવચન એ સારભૂત અમૃત છે, મૂર્ચ્છિત ચેતનાને જાગ્રત કરવા ભાનમાં લાવવા અમૃતનું કામ કરે છે. એ સાંભળીને જો એના પર ચિંતન-મનન નથી કરવું તો જિનવચન મળ્યાં એ અને સાંભળ્યાં એ નિરર્થક જશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

જિનવચન સાંભળવાનું સાર્થક તો થાય કે (૧) એના પર ચિંતન કરાય, (૨) ચિંતન કરીને જિનવચન કથિત વસ્તુ હૈયે જડબેસલાક બેસાડાય, હૈયાને લાગે કે આ 'આ જ કર્તવ્ય છે, બાકી મોહ ને અજ્ઞાની ચેષ્ટા તો, દારૂ પીધેલા ઉન્મત્તની પાગલ ચેષ્ટા જેવી છે.' 'આ જો બરાબર હૈયે લાગી ગયું હોય તો (૩) જિનવચનનું શક્ય પાલન થાય, અને (૪) અશક્ય માટે તલસાટ રહે કે ક્યારે એવો ધન્ય દિવસ આવે કે આનું હું પાલન કરું !'

'સમ્મદિટ્ઠી જીવો...અપ્પોસિ હોઈ બંધો' કેમ ? સમકિતી પાપ કરે છતાં કર્મબંધ અલ્પ ? હા, કેમકે જિનવચન સાંભળ્યા પછી એના કહેલા પદાર્થ પર એણે ભાવનાપ્રધાન ચિંતન કરી એને એવા હૈયે જચાવી દીધા છે કે જિનવચને નિષેધેલાં જે પાપોનો ત્યાગ અશક્ય હોઈ આચરવાં જ પડે છે, એ આચરતાં એને હૈયે કંપ છે, તેથી કર્મબંધ અલ્પ પડે છે.

બસ, જિનવચન-શાસ્ત્રવચનથી જે પદાર્થ જાણવા મળે એના પર ચિંતન-મનન-અનુપ્રેક્ષા ખૂબ રાખવાં, તેને પણ ભાવનાપ્રધાન; એટલે કે ગદ્‌ગદ દિલે ચિંતનાદિ કરવાં. એના શુભ ફળ અલૌકિક.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૭,અંક-૫૦,તા.૨૫-૮-૧૯૭૯

## (૩૫) પ્રભુને પ્રદક્ષિણાનું મહત્ત્વ

શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું,- 'ગણધર ગૌતમ સ્વામીજી મહારાજને પ્રશ્ન સ્ફુર્યો, તે ઊઠ્યા, આવ્યા ભગવાન મહાવીર સ્વામી પાસે, અને ત્રણવાર પ્રભુને પ્રદક્ષિણા દઈ વંદન નમસ્કાર કરીને પ્રભુને પ્રશ્ન પૂછે છે.'

અહીં સવાલ એ થાય છે કે પ્રદક્ષિણા શા માટે દે છે ? એ દીધા વિના સીધું જ વંદન-નમસ્કાર કરીને વિનયપૂર્વક પ્રશ્ન પૂછી શકે ને ?

એવો જ સવાલ ચૈત્યવંદન ભાષ્યમાં બતાવેલ જિનમંદિર-વિધિમાં પહેલું નિસીહિ, પછી પ્રદક્ષિણા, અને પછી પ્રણામ-સ્તુતિ, એમ શા માટે ? મંદિરમાં નિસીહી કહીને પેઠા પછી પ્રદક્ષિણા વિના જ પ્રભુ પાસે જઈ સીધું પ્રણામ-વંદન-સ્તુતિ કરાય તો શો વાંધો ?

આનો જવાબ એ છે કે પ્રભુને વંદન કરવું હોય, સ્તુતિ કરવી હોય, નમસ્કાર કરવો હોય, તો પહેલાં પ્રભુની અંતર (હૈયા)થી નજીક આવવું જોઈએ. જો અંતરથી નજીક ન આવીએ અને ખાલી બાહ્યથી નજીક આવીએ તો એટલા



માત્રથી સાચી વંદના ન થાય, કે પ્રશ્ન પૂછવાનો અધિકાર ન રહે.

કારણ સ્પષ્ટ છે, વંદન તો અનંતવાર કર્યા, પરંતુ આપણા આત્માનો નિસ્તાર કેમ ન થયો ? કહો, કારણ આ જ, કે વંદન હૃદયથી નજીક આવ્યા વિના કર્યા, માટે અનંતવાર વંદન કરવા છતાં નિસ્તાર ન થયો, પ્રભુને હૃદયથી નિકટ ન થઈએ ત્યાં સુધી આપણું વંદન કે પ્રશ્ન-પ્રાર્થના કોણ સ્વીકારવા નવરું છે ?

આજે જુઓ કે પત્નીને જ્યાં એમ લાગે છે કે 'પતિ હૈયાથી એમની માતાને નિકટ છે, મને નહિ,' તો પછી પતિ બાહ્યથી પત્નીને નિકટ રહી ગમે તેટલી પ્રેમની વાતો કરે એ પત્નીને માત્ર ખોટાં સવાસલાં લાગે છે. એમ જીવ સંસારને, વિષયોને અને પરિવારને હૈયાથી નિકટ હોય, પછી પ્રભુ આગળ ગમે તેટલાં વંદન કરે, પ્રાર્થના કરે, પરંતુ એ ખોટાં સવાસલાં છે, સાચાં ભાવવંદન નથી, સાચી પ્રાર્થના નથી.

એમ બાપને બે પુત્રમાંથી લાગે કે એક પુત્ર મને હૃદયથી નિકટ છે, બીજો નહિ; તો પછી બીજો ગમે તેટલી સેવા કરે, પરંતુ બાપને એના પર આસ્થા નથી થતી; બાપ એની સેવાની બહુ કિંમત નથી આંકતો. કદાચ પહેલો પુત્ર સેવા ઓછી પણ કરતો હોય, કિન્તુ જો હૃદયથી નિકટ લાગે છે, તો એના પર બાપાને આસ્થા રહે છે, અને અવસરે પેટની વાત એને કહે છે, પેલાને નહિ. એમ પૈસા, ચાવી કે મહત્ત્વના કામ સોંપવાના હોય તો પહેલાને સોંપે છે, બીજાને નહિ.

તાત્પર્ય આ છે, કે હૃદયથી નિકટ બન્યા વિનાની સેવા-વંદનાની કિંમત નથી. બસ, આ જ રીતે વીતરાગ ભગવાનને હૈયાથી નિકટ થયા વિના વંદન-સ્તુતિ-પ્રાર્થનાની કશી કિંમત નથી.

પ્રભુને હૃદયથી નિકટ આવવાનું ત્યારે બને કે પ્રભુમાં જે છે તે બહુ કિંમતી લાગે અને સંસારમાં છે તે માલ વિનાનું લાગે. પત્ની કરતાં માતાને હૃદયથી વધારે નિકટ કયો પુત્ર બની શકે છે ? તે જ કે જેને માતામાં જે અનન્ય ઉપકારકતા છે, શુદ્ધ વાત્સલ્ય છે, નિઃસ્વાર્થ સેવા વગેરે છે તેને બહુ કિંમતી માને; અને એની સામે પત્નીમાં જે સંસારસુખદાન છે, સ્વાર્થની માયા છે, મોહની આકર્ષકતા છે, એ બધું પેલા કરતાં બહુ ઓછી કિંમતનું લાગે. જો એને બહુ કિંમતી લેખે અને માતાના વાત્સલ્ય, નિઃસ્વાર્થ પ્રેમ, સેવા તથા પરમોપકારકતાને ઓછી કિંમતના લેખે, તો એ હૈયાથી પત્નીને નિકટ થયો, માતાને નહિ, પછી એ ભલે માતાની સેવા બજાવે પરંતુ એમાં માલ નહિ, ત્યારે પત્ની શેઠાણી બની ઓછું કામ કરતી હશે તોય એને એ ઘણું કરતી લાગશે. 'મા કરે છે એમાં શો નવાઈડો કરે છે ?' એમ લાગશે, કેમકે હૈયાથી પત્નીને નિકટ છે, માતાને નહિ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એમ સંસારીને જીવને ભગવાન ઘણું આપનારા અને કિંમતી આપનારા છતાં અર્થાત્ મનુષ્યભવથી માંડીને કેટલી બધી વાતની પુણ્યાઈ પ્રભુએ આપી, ઉપરાંત અહીં મહા કિંમતી દેવદર્શન-પૂજા-સામાયિક વ્રત-નિયમાદિ પ્રભુએ આપ્યા છતાં જીવને એ બધું મામૂલી લાગે છે ! ને સંસાર વિષયો અને પત્ની આદિ પરિવાર, જે સુખ આપે છે તે બહુ એને કિંમતી લાગે છે. એટલે એ એ બધાંને હૃદયથી નિકટ છે, પ્રભુને નિકટ નહિ. પછી એની વંદના આદિની શી કિંમત ?

પ્રદક્ષિણા હૃદયથી પ્રભુની નિકટ થવા માટે છે. કેમકે વીતરાગ પ્રભુને સતત ૩ વાર પ્રદક્ષિણા દઈએ ત્યારે અંતરમાં 'હે વીતરાગ ! હે અનંતોપકારી !' એવો સતત નાદ ગુંજે છે. તો જેવી રીતે ઈયળની આસપાસ ઘુમઘુમ કરતી ભમરી સતત ઘૂમે છે ને ગુંજે છે, તો ઈયળમાં ભમરીની હૈયાથી એટલી બધી નિકટતા વધે છે કે અંતે ઈયળ ભમરી બની જાય છે. એ રીતે વીતરાગને પ્રદક્ષિણા દેવાં 'હે વીતરાગ હે વીતરાગ' નું ગુંજન ચાલ્યા કરે એ આત્મામાં એના આકર્ષણના ઊંડા સંસ્કાર નાખે છે, જે વીતરાગતાના પ્રયત્નમાં ચડાવી અંતે વીતરાગ બનાવે છે.

આ પ્રદક્ષિણામાં જે વીતરાગનું ગુંજન થયા કરે એથી વીતરાગતાનું આકર્ષણ વધે, એમાં હૃદયથી વીતરાગની નિકટ આવવાનું થાય છે. વીતરાગ કિંમતી લાગે છે, વિષયો-સંસાર કિંમતી નહિ. એ તો માલ વિનાના લાગે છે. હૃદયમાં જેને વહાલાં કરીએ, હૃદયથી એને આપણે નિકટ થયા. વીતરાગને વહાલા કર્યા તો આપણે વીતરાગને નિકટ થયા, વિષયોને અળખામણા કરીએ એટલે વિષયોથી આપણે અંતરથી દૂર થયા.

એમ વીતરાગને વધુ નિકટ થઈએ એટલે પછી જે વંદન-સ્તુતિ-પ્રાર્થના થાય, એ વાસ્તવિક કોટિના થાય. માત્ર કાયાથી નિકટ થઈને વંદન-પૂજન કર્યા એની શી કિંમત ? પૂજારી કાયાથી નિકટ થઈને ભગવાનની ઘણી ય પૂજા કરે છે; પરંતુ એની પૂજાની કશી તેવી કિંમત હોતી નથી.

મંદિરમાં પ્રભુને દેવાતી ત્રણ પ્રદક્ષિણામાં વીતરાગને નિકટ થવાનું થાય છે. માટે જ એની બહુ કિંમત છે. એથી જ જ્ઞાનીઓએ પહેલાં પ્રભુને પ્રદક્ષિણા દેવાની કહી, પછી પ્રભુને પ્રણામ-સ્તુતિ વગેરે કરવાનું કહ્યું. મંદિરમાં આ પ્રદક્ષિણા ફરવા માટેની સગવડ જોઈએ જ. આજના શિલ્પીઓને આ મંદિર-વિધિની ગમ નથી એટલે મંદિર બાંધતાં અંદરમાં ફરવાની પ્રદક્ષિણા રાખતા નથી. કહે છે, 'ઓટલા પર પ્રદક્ષિણા ફરી શકાય ને ?' પરંતુ એમને ખબર નથી કે જે દીવાલને અડીને પ્રભુ બિરાજમાન છે. એ દીવાલના જ બહારના ભાગમાં ચકલા વિટ નાખે, કૂતરા મૂતરી જાય, અંતરાયવાળાં બેનો અડી જાય, વગેરે સંભવિત છે. જો મંદિરની



અંદરમાં પ્રદક્ષિણા હોય, તો પ્રભુનો ગભારો અલગ થઈ ગયો, ને એની દીવાલના બહારના ભાગને ફરતી પ્રદક્ષિણાની જગા આવી, ને એને ફરતી મંદિરની દીવાલો આવી. એટલે પ્રભુની બેઠક પાછળની દીવાલ અલગ થઈ ગઈ, અને એની બહારની દિવાલ અલગ થઈ ગઈ. તેથી અંદરની દીવાલની પવિત્રતા જળવાઈ રહે, પરંતુ જ્યાં શ્રાવકોને જ પ્રદક્ષિણાના મહત્ત્વની ખબર ન હોય, ત્યાં જૈનેતર શિલ્પીઓનું બિચારાનું શું પૂછવું ?

સારાંશ, પ્રદક્ષિણામાં વીતરાગને નિકટ આવવાનું થાય છે. આવો મહાન લાભ મળતો હોય તો પ્રદક્ષિણા કેમ ચુકાય ? જ્યાં પ્રદક્ષિણાની જગા ન હોય ત્યાં પ્રભુને ભાવથી પ્રદક્ષિણા દેવી જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૨,તા.૮-૯-૧૯૭૯

## (૩૬) જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કેમ થાય ?

રોજિંદા ગૃહસ્થ જીવનમાં ધર્મસાધનાના સમય મર્યાદિત હોય છે, તેમ સાધુજીવનમાં સાધુચર્યા પણ અમુક સમયની હોય છે. બાકીના સમયમાં કાર્યવાહીની વચમાં વચમાં સમય મળતો હોય એ ચોક્કસ સાધના વિના ફજુલ વેડફાઈ જતો હોય છે. ત્યારે અહીં એ વિચાર કરવો છે કે એવા સમયની મિનિટે મિનિટનો કેમ સદુપયોગ થાય. સદુપયોગ શેમાં કરવો ?

આ માટે શ્રી ભગવતી સૂત્રના પ્રારંભમાં શ્રી ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ પ્રથમ ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીના જે ગુણ ગાયા છે એમાંના-

'ઝાણકોટ્ઠોવગએ સંજમેણ તવસા અપ્પાણં ભાવે માણે વિહરઈ'એ ગુણાનુવાદના પદોમાંથી ખ્યાલ મળી રહે છે. અર્થાત્ ગૌતમસ્વામીજી ધ્યાનકોષ્ઠમાં રહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે;- સૂત્રના આ અર્થમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરવાની વસ્તુ સદુપયોગના ઉપાયની સૂચક છે. એટલે જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે સ્વાત્માને સંયમ-તપથી ભાવિત કરતા રહેવું, આ ઉપાય છે. હવે પહેલું એ જોઈએ કે સંયમ તપથી ભાવિત કરવું એટલે શું ?

'ભાવિત કરવું' એટલે વાસિત કરવું, રંગી નાખવું. દા.ત. કસ્તૂરીના ડબામાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

રાતભર મૂકેલું દાતણ કસ્તૂરીની ગંધથી ભાવિત થઈ જાય છે પછી સવારે એ દાતણ ચાવતાં કસ્તૂરીની મહેક ઊઠે છે. બસ એવી રીતે સંયમ અને તપથી આત્મા એવો રંગાઈ જાય કે આત્મામાં સહજ ભાવે સંયમ અને તપના જ ભાવ ઊઠે. ત્યારે આત્મા સંયમ તપથી ભાવિત થયો કહેવાય. આ સહજભાવ લાવવાનું કામ સહેલું નથી કે ઝટ આવી જાય ! એ માટે તો વરસોની જહેમત જોઈએ, મથામણ જોઈએ.

આનું કારણ એ છે કે સંસારી જીવ સહજભાવે અસંયમ અને ભોગ સુખશીલતાથી રંગાયેલો છે. એટલ એને સહેજે સહેજે આરંભ સમારંભાદિ પાપો, કષાયો અને ખાનપાન-રંગરાગના ભાવ જાગે છે. કપડાં-મકાન-વેપાર-ધંધો વગેરેના વિચાર સહેજે જાગે છે, પણ એના અંગેના ત્યાગમાં ભાવ કરવા હોય તો મન કેટલું મનાવવું પડે છે ! પછી દુન્યવી સુખ-સાધનોનો લાભ દેખાતો હશે તો એના અંગે જરૂરી જૂઠ અનીતિ વગેરેના પણ વિચાર સહેજે આવે છે ! એમ ગમતી વસ્તુના સંગ્રહ-પરિગ્રહનો ભાવ સહેજે જાગી જાય છે. ભૂખ લાગી કે ખાવાનો વિચાર સહજ ઊઠે છે. સારાંશ, રંગરાગ-ભોગ-સુખશીલતા અને હિંસાદિ પાપો તથા ક્રોધાદિ કષાય ને અસંયમના ભાવ સહજ ભાવે ઊઠે છે, ત્યારે એની સામે ત્યાગ-તપ-સંયમ ક્ષમા-નિર્લોભતાદિના ભાવ પરાણે જગાડવા પડે છે. એમાં શાસ્ત્ર, જિનાજ્ઞા, પરલોકભય વગેરેને ધ્યાન પર લાવી મનને ત્યાગાદિ માટે મનાવવું પડે છે.

કહો, આત્માના જાણે સ્વભાવમાં આ રંગરાગાદિ છે, આત્મા એનાથી ખૂબ ભાવિત છે, રંગાયેલો છે. હવે એના સ્વભાવમાં ત્યાગ-સંયમ વગેરેને ઉતારવાના છે, જેથી સહેજે સહેજે ત્યાગાદિના ભાવ જાગે એવું થાય તો આત્મા ત્યાગ-સંયમાદિથી રંગાઈ ગયો ગણાય, ભાવિત થયેલો ગણાય.

વિચારવા જેવું છે કે ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજ કે જેમના માટે શ્રી સુધર્માસ્વામીજી મહા સંયમી-ઉગ્ર તપસ્વી વગેરે વિશેષણ જોડે છે, ને જેમણે એ ઉચ્ચ સંયમ-સાધનાના બળે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એવા પણ ગૌતમસ્વામીજી મહારાજને હજી પોતાનો આત્મા સંયમ-તપથી પૂરો ભાવિત થયેલો નહિ લાગ્યો હોય ત્યારેસ્તો પોતાના આત્માને ભાવિત કરતા બેઠા હશે ને ? એનો અર્થ એ કે જેમ ચંદનમાં ગંધ ચંદન સાથે એકરસ છે, એનો અણુ અણુ ગંધમય છે, એમ સંયમ-તપ આત્મામાં એકરસ થઈ જાય, આત્માના પ્રદેશેપ્રદેશ તન્મય થાય. ચંદન-ગંધની જેમ ગમે તેવી ઘોર આપત્તિમાં પણ, ચંદનમાં સુગંધ જ જડે, એમ આત્મામાં ક્ષમા અહિંસાદિ સંયમ અને તપ જ જડે. આટલી



સ્થિતિએ ન પહોંચાય ત્યાં સુધી આત્માએ સંયમ-તપથી અધિક ને અધિક રંગ્યે જવાનો ભાવિત કર્યે જવાનો છે.

આ હિસાબે ભાવિતતાની અનેક કક્ષાઓ સમજવાની છે, જેથી ઉપરની કક્ષાની ભાવિતતા આપણામાં ન આવી હોય એટલે નિરાશ ન થઈ જવાય, ને નીચેની કક્ષાની ભાવિતતાથી આશ્વાસન લઈ શકાય, અને આગળ માટે પ્રયત્ન ચાલુ રહે.

પ્રયત્ન આ કરવાનો છે કે જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે શીલ-વ્રત-નિયમ સંયમ-તપ-અહિંસા-ક્ષમા વગેરે વગેરે ગુણોથી ભાવિત કર્યે જઈએ. આત્મા એનાથી રંગાઈ જાય એવું કરીએ, પછી તો આત્મામાં એ દાનાદિ સહજભાવે ઊઠશે. એ આપણા આત્માનો સ્વભાવ બની જશે. એનું નામ 'ભાવિત' બન્યા.

સંયમ અને તપના જીવન સુધી ન ચડેલા હોય એવા ગૃહસ્થો માટે પણ જિનવચન, જિનભક્તિ, દાન-પરોપકાર, શીલ-વ્રતનિયમ, સંઘભક્તિ, અહિંસા-સત્ય-નીતિ વગેરેથી પોતાના આત્માને ભાવિત કરવાનું કામ મોટું છે. સવાલ થાય, **આત્માને ભાવિત કરવા શું કરવાનું ?**

ભાવિત કરવા માટે, "તે તે ગુણ કે ધર્મનું જ જીવન ઉચ્ચ, પવિત્ર અને સુખાનુબંધી (સુખની પરંપરા ચલાવનારું) છે. નહિતર એની સામેના દોષ કે દુષ્કૃતથી જીવન અધમ, અપવિત્ર અને દુઃખાનુબંધી છે,"-એવું વારંવાર વિચારવું.

(૨) એમ તે તે ગુણ-ધર્મના અનેકાનેક લાભ વિચારતા રહેવું. એમ પ્રતિપક્ષી દોષ-દુષ્કૃતના અપાયો-અનર્થો-નુકસાનો જોવાના.

(૩) ત્રીજું આ ભાવનાનું કે 'હું જૈન જિનનો સેવક, મારું કર્તવ્ય આ ગુણ-ધર્મ સેવવાનું જ છે. બાકી દોષ-દુષ્કૃત તો મોટું કલંક છે, ધર્મનિષ્ઠામાં વિષરૂપ છે. ગધેડાની વાદે ઘોડો લાતાલાતી અને ઉકરડામાં આળોટવાનું કરે, એ એના માટે કલંકરૂપ; એમ જનસામાન્યની વાદે હું દોષ-દુષ્કૃત આચરું એ મારે જૈનને કલંકરૂપ.' વળી-

(૪) વીતરાગનો સ્વભાવ અને મહાપુરુષોનાં એવાં જીવન-પરાક્રમ વિચારવાનાં, જે એમના આત્માના જાણે સ્વભાવભૂત થઈ ગયા દેખાતા હોય.

આ બધું વારેવારે વિચાર્યા કરાય એટલે આત્મા તે તે ગુણ કે ધર્મથી રંગાતો જાય છે. અલબત્ત, શક્ય પાલન તો સાથે રાખવાનું જ, અને તે પણ ખૂબ ઉલ્લાસથી; નહિતર શક્ય પાલન વિનાનું ચિંતન કોરું તો ખાલી તરંગરૂપ થાય, હૈયાને સ્પર્શનારું ન થાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આત્માને ભાવિત કરનારું ચિંતન હૈયાને સ્પર્શીને થવું જોઈએ, હૈયું ગદ્ગદ બનીને થવું જોઈએ.

બસ, જ્યારે જ્યારે નવરાશ મળે, અવકાશ મળે, ભલે ૨-૫ મિનિટ, ત્યારે ત્યારે આત્માને ભાવિત કરવાનું કામ ચાલતું રહેવું જોઈએ. તે શક્ય છે. પૈસાના લોભીને પૈસા અંગેના વારંવાર ચિંતનનો અનુભવ છે એમ ગુણ ધર્મના લોભી જીવને હાલતાં ને ચાલતાં એનું ચિંતન ચાલતું હોય, ને એ પોતાના આત્માને ગુણ-ધર્મથી અધિક અધિક રંગતો જાય, ભાવિત કરતો જાય, જેમાં પહેલું કામ જિનવચનથી ભાવિત મતિવાલા બનવાનું છે. અર્થાત્ પોતાની મતિને જિનવચનથી રંગી નાખવાની છે, જેથી મતિ સહેજે સહેજે જિનવચનાનુસારી જ વિચારે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૩/૪,તા.૧૫/૨૨-૯-૧૯૭૯

## (૩૭) અધ્યાત્મયોગ અને ભાવનાયોગ

### (લેખાંક-૧)

યોગનું ભારે મહત્ત્વ છે; કેમ કે સંસારના જન્મ-મરણથી કંટાળેલા અને એથી મુકાવવાની ઈચ્છાવાળા મુમુક્ષુ આત્માને યોગની અત્યંત જરૂર છે. કારણ કે મોક્ષ સાથે યોજી આપે એવો માર્ગ એ યોગ છે. 'મોક્ષેણ યોજનાદ્ યોગઃ' અર્થાત્ મોક્ષ સાથે યોજી આપે છે માટે યોગ કહેવાય. એ પરથી સમજાય છે કે યોગનું એટલું બધું મહત્ત્વ છે કે જો મોક્ષની ઈચ્છા છે તો જીવન જ યોગમય બનાવવું જોઈએ. એમાં મોક્ષ માનવભવમાંથી જ થાય છે, માટે માનવભવનું તો સમગ્ર જીવન યોગમય જ બનાવી દેવું જોઈએ.

સમગ્ર જીવન યોગમય બનાવવું એટલે કે યોગને જીવનવ્યાપી બનાવવાનું શી રીતે બને ? એના માટે શ્રી જિનશાસન યોગના પાંચ પ્રકાર બતાવી એમાં પહેલા પ્રકાર તરીકે 'અધ્યાત્મ' નામનો યોગ બતાવે છે. યોગનાં પાંચ પ્રકાર આ-

**'અધ્યાત્મં ભાવના ધ્યાનં સમતા વૃત્તિસંક્ષયઃ'**

આમાં પહેલો અધ્યાત્મયોગ એવો છે કે જીવનના દરેક ક્ષેત્રમાં ને દરેક બાબતમાં વ્યાપીને રહી શકે. એટલે શું ખાતાં ને પીતાં ય અધ્યાત્મ-યોગ આવે ? હા, અધ્યાત્મનું સ્વરૂપ જ એવું છે કે એને ધાર્મિક અને સાંસારિક બધા ય ક્ષેત્રમાં બધીય બાબતમાં સ્થાન મળી શકે છે. તો એવું એનું સ્વરૂપ શું છે ?



'અધ્યાત્મ' એટલે સર્વજ્ઞકથિત જીવ અજીવ આદિ નવતત્ત્વનું ચિંતન. પરંતુ તે વ્રતસહિત જોઈએ, પરોપકારવૃત્તિ સાથે જોઈએ, અને મૈત્રી આદિ ભાવયુક્ત જોઈએ. અર્થાત્ **પરાર્થવૃત્તિ અને મૈત્ર્યાદિભાવવાળા વ્રતધારીનું તત્ત્વચિંતન તે અધ્યાત્મયોગ.**

'તત્ત્વચિંતનમાં ત્રણ વિશેષણ કેમ મૂક્યા ? એકેક વિશેષણથી શી શી વિશેષતા બતાવવી છે ? તેમ જ એ ન હોય તો શો વાંધો આવે ?' વગેરે વિચારણા પછી; પણ પહેલાં એ જોવું છે કે તત્ત્વચિંતન એ અધ્યાત્મયોગ શી રીતે ? અને એ જીવનવ્યાપી યાને જીવનના દરેકે દરેક ક્ષેત્રમાં શી રીતે અંતર્ગત બની શકે ? એ અહીં વિચારવું છે, જેથી યોગસાધના ચોવીસે કલાકની અખંડ ચાલુ રહી શકે.

અધ્યાત્મને અર્થાત્ તત્ત્વચિંતનને જીવનવ્યાપી બનાવવા માટે પહેલાં એટલું ધ્યાન રાખવાનું છે કે આ તત્ત્વચિંતન આત્માને ભાવિત કરે એવું કરવાનું છે, કેમ કે અધ્યાત્મયોગ પછી ભાવનાયોગમાં 'ભાવનાયોગ' એ તત્ત્વચિંતનનો અભ્યાસયોગ છે, તત્ત્વચિંતન આત્માને સારી રીતે અભ્યસ્ત થઈ જાય એવી આત્માની યોગદશા છે. ત્યારે પ્રશ્ન થાય, તત્ત્વચિંતન આત્માને સુ-અભ્યસ્ત થયું ક્યારે ગણાય ?

કે વાતવાતમાં પ્રસંગમાં જીવ-અજીવ, આશ્રવસંવર વગેરેમાંથી એક યા બીજા પ્રકારનું તત્ત્વ ઝટ નજર સામે તરવરતું થઈ જાય. દા.ત.,

'સમરાદિત્ય કેવળી' ચરિત્રમાં એક પ્રસંગ આવે છે. શેઠનો પુત્ર સમુદ્રદત્ત પોતાના નોકર સાથે લગ્ન પછી પહેલીવાર માબાપના આગ્રહથી પોતાની પત્ની જિનમતિને તેડવા સાસરાના ગામે જઈ રહ્યો છે. કેમ આગ્રહથી ? શું પોતાને નવી પત્નીને લઈને આવવા ઉમળકો નથી ? ના, પોતે જિનવચનથી ભાવિત મતિ વાળો છે, જિનવચન કથિત તત્ત્વથી ભાવિત મતિવાળો છે, એને તત્ત્વચિંતન સુઅભ્યસ્ત છે તેથી જ્યાં પત્નીને તેડવા જવાની વાત આવી એટલે ઝટ એના મનને થાય છે કે 'પત્ની એટલે આશ્રવ; કેમ કે એનું મોં જોવું આંખને ગમે, એના મીઠા બોલ કાનને ગમે, એનો સુંવાળો સ્પર્શ સ્પર્શનેન્દ્રિયને ગમે. આ બધા ઈન્દ્રિયોના આનંદથી કર્મ આત્મામાં શ્રવી આવે છે, વહી આવે છે માટે એ આનંદ, એ ઈન્દ્રિયો, અને આનંદદાયી પત્ની તથા પત્નીના રૂપ-સ્પર્શ-શબ્દ વિષયો એ આશ્રવ તત્ત્વ છે એમાં આત્મા કર્મોથી બંધાય છે તેથી પત્નીને લઈ આવવાની ઉતાવળ શી કરવી ?'

એમાં તો ઢીલ જ સારી' તેથી પોતાને ઉમળકો નથી, છતાં માતાપિતાના આગ્રહથી પત્નીને તેડવા જઈ રહ્યો છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

હવે જંગલના રસ્તે ચાલતાં વચમાં એક ઝાડ નીચે વિસામો કરવા બેસે છે ત્યાં એનો નોકર બેઠો બેઠો સળેકડીથી જમીન ખોદી રહ્યો છે. એમાં ખોદતાં ખોદતાં જમીનની અંદરમાં એક ચરુ-લોટો દટાયેલો પડ્યો હશે તે એના પરનો ઢાંકણરૂપ પથ્થર ખસી જતાં નોકરને ચરુમાં રહેલા સોનૈયા દેખાઈ પડ્યા.

સમુદ્રદત્ત-પુત્રની પણ એના પર નજર પડતાં એ તો તરત બોલી ઊઠે છે 'અરે ! અરે ! આ તું શું કરે છે ? આ તો અધિકરણ છે ઢાંક અધિકરણ ! ઢાંક એને ઝટ, ને ખાડો પૂરી દે ચાલ ઊઠ અહીંથી જલદી ચાલતી પકડીએ, નહિતર આ ધન બુદ્ધિ બગાડશે.'

શ્રેષ્ઠિ-પુત્રની કઈ દૃષ્ટિ છે ? 'સોનૈયા એ અધિકરણ !' જીવને મહારાગ કરાવી દુર્ગતિના અધિકારી બનાવે એનું નામ 'અધિકરણ'. જેમ પેલી પત્ની એટલે કે વિષયો એ આશ્રવ, એમ આ સોનૈયાનું ધન પણ આશ્રવ. એમાં હોંશ ને બાહોશી ન રખાય. એના પર તો અંતરમાં નફરત જોઈએ. સમુદ્રદત્તને એ નફરત છે, હોંશ-બાહોશી નથી, કેમ કે એણે જિનોક્ત નવ તત્ત્વનાં ચિંતનના તત્ત્વનાં ચિંતનના અભ્યાસથી પોતાના આત્માને તત્ત્વ એવા સુઅભ્યસ્ત કર્યા છે કે પ્રસંગ આવ્યે એનું તત્ત્વ એની નજર સામે આવીને ઊભું રહે છે.

જંગલમાં એકાંતમાં આવા લોટો ભરીને સોનૈયા મફતમાં મળતા હોય, એ જતા કરાય ? અરે ! એ લેવાની વાત તો પછી, પણ એ જોતાં જ આંખ ન મલકે ? જીવને એ મીઠા મીઠા ન લાગે ? પણ એ કોને ? જેને બિચારાને જિનેશ્વર ભગવાનનાં તત્ત્વ નથી મળ્યાં, કે મળ્યાં છે તો એ હૃદયમાં નથી વસી ગયા એ બિચારા પામર પ્રાણી સોનૈયા જોઈને મલકે, સોનૈયામાં કલ્યાણ દેખે. જિનોક્ત તત્ત્વ હૈયે વસી ગયાં હોય એ તો એમાં મહારાગ-મહામમતા-મહા આરંભને મહાવિલાસ વગેરે પાપોનાં સર્જન દેખી એનાથી આત્માનું અધઃપતન જોઈ એના પ્રત્યે નફરત-ગ્લાનિ-અભાવનો અનુભવ કરતા હોય. તત્ત્વ હૈયે વસી ગયાની આ દશા હોય.

**તત્ત્વ હૈયે વસી જવાનું તો જ બને કે તત્ત્વથી હૈયું ભાવિત કરાય, તત્ત્વને દિલમાં સુઅભ્યસ્ત કરી દેવાય.** એ કરવા માટે તત્ત્વનું ચિંતન એ ઉદ્દેશથી કરાતું હોય.

આ, કરવું જરૂરી છે તે માત્ર દિવસમાં માત્ર ૦ા-૦ાા કલાક કાઢીને કરી લીધું એટલેથી ન ચાલે, પરંતુ મોકે મોકે તત્ત્વચિંતન કરાતું રહેવું જોઈએ, તે શી રીતે બને એ હવે જોઈએ.





## (૩૮) (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે અધ્યાત્મયોગ એટલે તત્ત્વચિંતન ખરું, પરંતુ તે ભાવનાયોગ એટલે કે સુઅભ્યસ્ત તત્ત્વચિંતન સ્વરૂપ થઈ આત્માને તત્ત્વથી સારી રીતે ભાવિત થયેલી દશામાં લઈ જાય તેવું તત્ત્વચિંતન હોય એ અધ્યાત્મયોગ રૂપ બને. નહિતર ઘણુંય તત્ત્વચિંતન કરવા છતાં આત્માને કશું તત્ત્વ ભાવિત ન થવાનું હોય તો એવા કોરા તત્ત્વચિંતન કરવા છતાં આત્માને કશું તત્ત્વ ભાવિત ન થવાનું હોય તો એવા કોરા તત્ત્વચિંતનથી આત્માનો કશો ભલીવાર વળે નહી.

શાસ્ત્ર કહે છે, અનંતા ભૂતકાળમાં એવા ય અવસર આવી ગયા કે જ્યારે આપણા જીવે અહીંનાં માનપાન કે દેવતાઈ વગેરે ઊંચા દુન્યવી સુખો મળે એ માટે ઘરસંસાર છોડી ચારિત્ર લીધું, સારું પાળ્યું, અને સ્વર્ગમાં અવતાર મળ્યો. આવું અનંતી વાર બન્યું છતાં આપણો જીવ હજી સંસારમાં ભટકતો છે. સંસારથી ઉદ્ધાર કેમ નહિ ? શું ચારિત્ર જીવનમાં તત્ત્વચિંતન નહિ કરેલા ? સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનના શાસનમાં ચારિત્ર પાળવાનું એટલે એમાં સ્વાધ્યાયમાં સર્વજ્ઞે કહેલા જીવ-અજીવ-આશ્રવ-સંવર વગેરે તત્ત્વોનાં ચિંતન તો આવે જ, છતાં એ પ્રથમ પગથિયાના અધ્યાત્મયોગ રૂપ ન બન્યો ! તો પછી ઉપરના ભાવનાદિ યોગ તો ત્યાં આવે જ શાના ? એ તત્ત્વચિંતનમાં આત્માને તત્ત્વથી લેશ પણ ભાવિત કરવાની વાત જ નહોતી. માત્ર કોરેકોરું તત્ત્વચિંતન હતું. તત્ત્વચિંતનમાં આશ્રવ તત્ત્વનું તેમ જ મોક્ષ તત્ત્વનું ય ચિંતન કરવાનું આવે; પરંતુ મોક્ષની તો શ્રદ્ધા જ નહોતી એટલે મોક્ષનું માત્ર નામ ગણી જવાની વાત, કિન્તુ પોતાના મનને મોક્ષ સાથે કશી જ લેવાદેવા નહિ; જેમ કે, મુનિમ શેઠના ચોપડામાં હજારો રૂપિયાનો નફો તારવે, પરંતુ પોતાને એ નફા સાથે કશી લેણદેણ સમજતો નથી. આમ જો મોક્ષ સાથે કશી નિસ્બત જ નથી, તો મોક્ષ તત્ત્વનું ચિંતનમાં પોતાને કશું લાગુ પડતું નહિ, માત્ર કોઈની કહેલી વાત તરીકે ચિંતન રાખેલું. આ કોઈ અધ્યાત્મયોગ યોગ બને નહિ.

એમ, આશ્રવ તત્ત્વમાં દુન્યવી વિષયસુખની લાલસા પણ હેય-ત્યાજ્ય તરીકે આવે, કિન્તુ જીવે ચારિત્ર પણ વિષયસુખ ખાતર તો લીધેલું, ને ચારિત્ર પાળવામાં એ જ ઉદ્દેશ હતો, એટલે એ વિષયસુખ ત્યાજ્ય લેખવાની વાતે ય ક્યાં ? 'આશ્રવ સર્વથા ત્યાજ્ય' એવા રૂપનું આશ્રવ તત્ત્વનું ચિંતન દિલથી બને જ શાનું ? તો એનાથી આત્માને ભાવિત કરવાની વાત રહે જ ક્યાં ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સારાંશ, તત્ત્વચિંતન તત્ત્વભાવનારૂપ બનતું આવે અર્થાત્ તત્ત્વચિંતન આત્મામાં તત્ત્વ ભાવિતતા સરજતું જાય, એ જ ઉપયોગી તત્ત્વચિંતન છે. એ જ અધ્યાત્મયોગરૂપ બની શકે. ગત લેખમાં બતાવ્યા મુજબ પેલો શ્રેષ્ઠીપુત્ર તત્ત્વભાવિત હતો, એની મતિ તત્ત્વભાવિત હતી, એવો એનો તત્ત્વચિંતનનો અભ્યાસ હતો, એટલે જંગલમાં સોનૈયા ભરેલો ચરુ દેખતાં પોતે ગભરાઈ ઊઠ્યો કે ‘આ મહાધિકરણ ! મહાપાપોનું સાધન !’ એ તરીકે એ દલ્લાને નફરતથી દેખે છે. અને એ છોડી તરત ત્યાંથી ચાલતી પકડવામાં નિરાંતનો છુટકારાનો દમ ખેંચે છે કે ‘હાશ ! પાપથી છૂટ્યા, સારું થયું.’ આનું નામ તત્ત્વથી ભાવિત મતિ.

આવી તત્ત્વભાવિતતા ક્યારે આવે ? તત્ત્વનું ચિંતન, તત્ત્વ જેવા જ્ઞેય હેય કે ઉપાદેય સ્વરૂપનું હોય, તે સ્વરૂપને અનુરૂપ માનસિક વલણ સાથે થાય.

દા.ત. જીવ-અજીવ એ જ્ઞેય તત્ત્વ છે. અજીવ તત્ત્વમાં જગતના-સારા નરસા જડ પદાર્થ છે, એનું સ્વરૂપ માત્ર જ્ઞેય છે, એટલે કે એ નજર સામે આવતા એના પ્રત્યે રાગદ્વેષ કે હરખ-ખેદ ન કરતાં એ માત્ર ઉદાસીન તટસ્થ ભાવે જણાય એટલું જ. દા.ત. રાજા જિતશત્રુની જમણપાર્ટીમાં સુબુદ્ધિ જૈન મંત્રીને સારી સારી વાનગીઓથી હરખ નહોતો, તેમ જમણ પછીથી રાજા સાથે સવારીએ નીકળ્યા ત્યાં નગરની ખાળ પાસેથી જતાં ખાળની બદબો પ્રત્યે અરુચિ-ખેદ નહોતો, તેથી રાજાના પ્રશ્નમાં એ જ કહ્યું કે ‘આ તો બધા જડ પુદ્ગલના ખેલ, એમાં શા રાગદ્વેષ કે હરખ-ભેદ કરવા ? માત્ર તટસ્થ ભાવે નિરીક્ષણ કરવાનું; એટલે કે જીવ-અજીવ પ્રત્યે માત્ર તટસ્થતાનાં માનસિક વલણ સાથે એ તત્ત્વનું દર્શન હોય.

એમ આશ્રવ, પાપ અને કર્મબંધ એ ત્યાજ્ય તત્ત્વો છે. એનું હેય સ્વરૂપ છે. તો એ સ્વરૂપને અનુરૂપ માનસિક વલણ તરીકે એ આશ્રવાદિ પ્રત્યે નફરત, અભાવ, ગ્લાનિનું વલણ રાખી, એ તત્ત્વોનું દર્શન હોય.

સાંસારિક જીવનમાં ડગલે ને પગલે આશ્રવોનો સંપર્ક આવે છે. કહો, જીવનમાં હિંસાદિ અઢાર પાપ સ્થાનકોમાંથી એક યા બીજા પાપસ્થાનક પ્રવર્ત્યા જ કરે છે. હિંસા આરંભ-સમારંભ હાલતાં ને ચાલતાં, નાનું મોટું અસત્ય, નાની મોટી અનીતિ, સ્ત્રીરૂપ દર્શન, સંગ્રહ-પરિગ્રહ... વગેરે ક્યાં લેવા જવા પડે છે ? ત્યારે ક્રોધાદિ કષાયો ને હોંશાતોશી, ચડાઊતરી વગેરે સહેજ સહેજમાં બની આવે છે. આ બધા વખતે જો દિલ એમાં હરખ હરખ નહિ પણ ‘ક્યાં આ પાપ કરવાનું આવે છે ?’ એવી એના પ્રત્યે અભાવની લાગણી અનુભવે તો એ તત્ત્વચિંતન આવ્યું. એમ ફોગટિયા વાતો ફોગટિયા વહેવાર વગેરેમાં માનસીક અભાવ સાથે એને પતાવવાનું રાખ્યું હોય, તો ત્યાં તત્ત્વચિંતન જ છે.



એમ પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ, એ ઉપાદેય તત્ત્વો છે; તો દયા, દાન, દેવદર્શન, વ્રત નિયમ વગેરે એની વસ્તુઓ પ્રત્યે હર્ષ-ઉલ્લાસનું માનસિક વલણ રાખી, એની વાત આવે ત્યાં દિલ હરખભર્યું રહે. એમાં એક પ્રકારનું તત્ત્વચિંતન જ આવ્યું.

આ રીતે જોતાં તત્ત્વચિંતનને જીવનના પ્રસંગ-પ્રસંગમાં ગોઠવી શકાય. શું સાંસારિક જીવન, કે શું ધાર્મિક જીવન, બધે જ તેવા તેવા પ્રસંગ કે તેવી વસ્તુને જ્ઞેય હેય યા ઉપાદેયના હિસાબે તટસ્થતા, અભાવ કે હર્ષોલ્લાસની લાગણીથી પસાર કરવામાં આવે, એમ અધ્યાત્મ જીવનવ્યાપી બનાવી શકાય, અને એ બહુ અભ્યસ્ત થતાં, આત્મા એથી ભાવિત થતો જાય, એટલે ભાવનાયોગ સુલભ બને.

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૨૮,અંક-૧૧,તા.૧-૧૨-૧૯૭૯

## (૩૯) (લેખાંક-૩)

ગયા લેખમાં જોયું કે અધ્યાત્મયોગ એટલે સર્વજ્ઞોક્ત જીવ અજીવ વગેરે તત્ત્વનું ચિંતન કોરે કોરું નહિ, શુષ્ક નહિ, પરંતુ આત્માને તત્ત્વથી ભાવિત કરે એવું કરવાનું છે, અને એ માટે તત્ત્વ જેવું જ્ઞેય, હેય, કે ઉપાદેય, એની એને અનુરૂપ (મલતી આવતી) તટસ્થતા, નફરત કે આદર-ઉલ્લાસની લાગણી ઊભી કરવી જોઈએ. એવી લાગણીથી એ તત્ત્વને જોઈએ એ સાચું તત્ત્વચિંતન છે, એ અધ્યાત્મયોગ છે.

આ ઉપરથી સમજાશે કે સાંસારિક જીવન-પ્રવૃત્તિમાં ઠામ ઠામ, ભલે એક ક્ષણ પણ, તત્ત્વચિંતન લાધી શકે છે, અર્થાત્ તત્ત્વચિંતનને અધ્યાત્મને જીવન વ્યાપી બનાવી શકાય છે. દા.ત. વેપાર ધંધો કરવા નીકળ્યા, ત્યાં ક્ષણવાર પણ એમ મનને થાય કે આ આશ્રવનું સેવન કરવા જઈ રહ્યો છું, પણ સંવરની, આરાધનાને જ યોગ્ય આ ઊંચા માનવભવમાં આ આશ્રવની લોથ મારે ક્યાં સુધી ચલાવવાની ?’ એમ એ વેપાર-ધંધાની પ્રવૃત્તિ પ્રત્યે દિલના ઊંડાણમાં અભાવ-નફરત ગ્લાનિની લાગણી કરાય, તો એવી લાગણી સાથે એ આશ્રવ વેપારને નિહાળવો એ તત્ત્વચિંતન થયું.

વારંવાર આવું તત્ત્વચિંતન કરાય, એ આત્માને એ તત્ત્વથી ભાવિત કરતું જાય છે; કેમ કે એમાં વારંવાર આશ્રવ પ્રત્યેની અરુચિ-નફરતની લાગણી પોષાતી રહે છે. આશ્રવ પ્રવૃત્તિ પ્રત્યે બહુવાર નફરત-અભાવ કર્યા કરાય, એટલે સ્વાભાવિક છે કે આત્મા એનાથી રંગાતો જાય, ભાવિત થતો જાય, ને એમાં આગળ વધતાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આશ્રવ પ્રત્યે સહેજે સહેજે જીવની મતિ એને હેય તરીકે ત્યાજ્ય ખતરનાક તરીકે દેખતી રહે. સહેજે સહેજે એટલે ? આ આશ્રવને જ્ઞાનીઓ હેય કહે છે, અથવા એનાથી પાપ બંધાઈ જીવને દુર્ગતિનાં દુઃખ જોવા પડે છે, માટે એ ત્યાજ્ય એમ નહિ, પણ સહજભાવે મનને મતિને થાય કે 'આશ્રવ હેય, ત્યાજ્ય.' આપણી મતિને શાસ્ત્રાજ્ઞાના દબાણથી નહિ યા ભાવી દુઃખના ભયથી નહિ, પણ આશ્રવનું નામ પડે ત્યાં સહસા મતિને લાગે કે 'આ હેય ત્યાજ્ય', અને તે આશ્રવ પ્રત્યે દિલના અભાવ સાથે હેય લાગે. એ ભાવિત મતિ થઈ કહેવાય, આ ભાવિતતા એ ભાવનાયોગ છે.

એમ વિષયોના રંગરાગ હિંસાદિ પ્રવૃત્તિઓ વગેરે આશ્રવ પ્રત્યે સહેજભાવે અભાવ કેળવવાનો, એમ પત્ની પુત્ર કે બંગલો જોઈ રાગ થવા જતો હોય ત્યાં, આ તત્ત્વ વિચારાય કે 'આ તો જીવ તત્ત્વ કે અજીવતત્ત્વ છે, ને એ માત્ર જ્ઞેય તત્ત્વ છે, ઉદાસીન ભાવે જોવા યોગ્ય તત્ત્વ છે, પણ રાગ કરવા યોગ્ય તત્ત્વ નહિ.' ને એમ કરી એના પ્રત્યે અંતરનો રાગ દબાવવા મથાય, એના પ્રત્યે ઉદાસીન ભાવ તટસ્થ ભાવનો અભ્યાસ કરાય, તો એ જીવ-અજીવ તત્ત્વનું સાચું ચિંતન કર્યું કહેવાય; અને એવા વારંવારના અભ્યાસથી જીવની મતિ જ્ઞેય તત્ત્વથી ભાવિત થતી જાય.

એમ સંવરની સાધનાઓ જેવી કે દેવદર્શન પૂજન જીવદયા દાન શીલ તપ સામાયિક પોષધ વગેરે ધર્મપ્રવૃત્તિઓ ઉપાદેય લાગી એના પ્રત્યે હૈયામાં ખૂબ આદરભાવ ને ભાવોલ્લાસની લાગણી કેળવાય, એ લાગણીથી એને નિરખાય, એ સંવર તત્ત્વનું સાચું ચિંતન છે. વારંવાર એવી ઊછળતા આદરભાવ-પ્રમોદની લાગણીથી એને નિરખતા રહેતાં, મતિ સંવર તત્ત્વથી ભાવિત થતી જાય, એ ભાવના યોગની સાધના થઈ.

એમ, જ્યાં જ્યાં કર્મ બંધ છે ત્યાં ત્યાં દિલમાં નફરત; અને જ્યાં જ્યાં કર્મનિર્જરા છે દા.ત. ૧૨ પ્રકારના બાહ્ય અને આભ્યન્તર તપ, ત્યાં ત્યાં જીવને હૈયે આનંદ-આદરભાવની લાગણી કર્યા કરાય, એ સાચું તત્ત્વચિંતન છે, અધ્યાત્મ યોગ છે, ને એ વારંવાર કરતા રહેવાથી આત્મા એનાથી ભાવિત થતો જાય, એ ભાવના યોગની સાધના કહેવાય.

એમ દુન્યવી મોટા દેવતાઈ સુખોની સામે મોક્ષનું સુખ જ વાસ્તવિક સુખ લાગે; કેમ કે એ સુખ સ્વાધીન છે, એમાં વિષયોની કે શાતાવેદનીય કર્મની અપેક્ષા-પરાધીનતા-ગુલામી નથી, વળી મોક્ષ સુખ નાશવંત નથી, તેમજ એ સહજ આત્મગુણ હોઈ પરિમિત નથી પણ અપરિમિત અનંત છે, તેથી સંસાર સુખ પ્રત્યે ગ્લાનિ



પૂર્વક મોક્ષસુખ પ્રત્યે ઉપાદેયભાવ આદરભાવ કરતા રહેવાય, એ સાચું મોક્ષ તત્ત્વનું ચિંતન છે, અધ્યાત્મ યોગ છે, અને એના વારંવાર અભ્યાસથી આત્મા એનાથી ભાવિત થતો જાય છે. તે ત્યાં સુધી કે પછી એના હૈયાને સહજ ભાવે મોક્ષ સુખજ જચે, એ ભાવનાયોગ સાધ્યો ગણાય.

પ્રશ્નઃ- અધ્યાત્મયોગ અને ભાવનાયોગમાં તો માત્ર ચિંતન અને ભાવિતતાની વાત આવી, પરંતુ પાપો છોડવાની અને ધર્મ આચરવાની વાત ક્યાં આવી ? જો એ નહિ, તો શું આચરણ વિના જ આત્માની ઉન્નતિ થઈ શકે ?

ઉત્તરઃ- પાપ ત્યાગ અને ધર્મસેવનના આચરણ અધ્યાત્મયોગ અને ભાવના યોગમાં અંતર્ગત છે, વણાયલા છે; કેમ કે પહેલાં કહ્યું તેમ જ્ઞેય હેય અને ઉપાદેય તત્ત્વ પ્રત્યે તેવું તટસ્થતા, નફરત અને આનંદ-આદરભાવનું માનસિક વલણ ઊભું કર્યું છે, તો એ વલણથી પાપ-આશ્રવ-બંધના ત્યાગનાં આચરણ સહેજે આવે. એમ સંવર-નિર્જરામાં તપ તથા ધર્મચર્યાનાં આચરણ પણ સહેજ આવે. નહિતર તો પેલા માનસિક વલણ ઢોંગ રૂપ થાય, કેવળ મોંઢેથી બોલવા રૂપ થાય. કહો કે,

કદાચ માનસિક વલણ હજી તેવું ઊભું ન પણ થયું હોય છતાં પાપ આશ્રવના ત્યાગનું આચરણ કરતો રહે તો એથી પાપ-આશ્રવ પ્રત્યે હૈયામાં ખરેખરી ઘૃણા ઊભી થાય, ઘૃણાનું માનસિક વલણ ઊભું થાય. એમ સંવર પ્રત્યે આનંદ પ્રથમ તબક્કે આનંદ આલ્હાદનું માનસિક વલણ ન પણ હોય તોય સંવર માર્ગની ધર્મચર્યાઓ અને નિર્જરાતત્ત્વ તપની આચરણાઓથી એ સંવર નિર્જરા પ્રત્યે હૈયામાં પ્રમોદની લાગણી ઊભી કરે.

સારાંશ, સાચા અધ્યાત્મયોગ અને ભાવનાયોગની આરાધના આ ઉત્તમ માનવભવનું લક્ષ્ય બની જવું જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૧૨,તા.૮-૧૨-૧૯૭૯

## (૪૦) ભાવનાયોગ-ભાવિતકરણ

**(લેખાંક-૪)**

ગયા ત્રણ લેખોમાં જોયું કે અધ્યાત્મયોગ એટલે તત્ત્વચિંતન એ અધ્યાત્મયોગથી ભાવના યોગમાં જવાનું; અર્થાત્ આત્માને તત્ત્વથી ભાવિત કર્યે જવાનું વિચાર્યું. આત્મા તત્ત્વથી ભાવિત થાય તેમ તેમ એને તત્ત્વ ચિંતન કર્યે જવાનું સહેજે સ્ફુરતું જાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્ર.- તત્ત્વમાં તો આશ્રવ તત્ત્વ પણ છે; એમાં ઇન્દ્રિયોની વિષયાસક્તિ છે, ક્રોધાદિ કષાયો છે, અને હિંસાદિ પાપો છે. તો આત્માને આશ્રવ તત્ત્વથી ભાવિત કરવો એટલે શું આ વિષયો કષાયો વગેરે બધાથી આત્માને ભાવિત કરવાનો ? આ બધા આત્માને સહેજે સ્ફુરે એવા બનાવવાના ?

ઉ.- ના, 'આશ્રવ તત્ત્વથી ભાવિત'નો આ અર્થ નથી. પૂર્વે વિચાર્યું છે તેમ 'તત્ત્વથી ભાવિત' એટલે તે તે તત્ત્વના સ્વરૂપ પ્રમાણેના વલણથી લાગણીથી ભાવિત કરવો એ અર્થ છે. દા.ત. આશ્રવ તત્ત્વનું સ્વરૂપ હેય તરીકેનું છે, તો એને અનુરૂપ વલણમાં એના પ્રત્યે અભાવનું વલણ, નફરતનું વલણ, ગ્લાનીનું વલણ ઊભું કરવાનું છે, એટલે કે હેયસ્વરૂપ આશ્રવ તત્ત્વની અંતર્ગત ગણાતા વિષયાસક્તિ ક્રોધાદિ કષાય અને હિંસાદિ પાપો હેય છે, તેથી હેય પ્રત્યે દિલને અભાવ રહ્યા કરે, ગ્લાની ને નફરત રહ્યા કરે. માનસિક વલણ અભાવનું, ગ્લાનીનું, ને નફરતનું ઘડાતું જાય એવું કરવાનું છે. મનનું આવું વલણ ઘડતાં એટલે સુધી પહોંચવાનું છે કે આત્મા આ આશ્રવો વિષયાસક્તિ-કષાયો વગેરેથી તદ્દન પર થઈ જાય, અને એના પ્રતિપક્ષી વિરોધી ભાવો વિષય-વૈરાગ્ય, વિષય-ઔદાસીન્ય, ક્ષમાદિ વગેરે જ આત્માને સહજ બની જાય.

આ વિષય વૈરાગ્ય, ઔદાસીન્ય, ઉદાસીનભાવ તથા ક્ષમાદિ ભાવો એ સંવર તત્ત્વ છે. સંવર તત્ત્વનું સ્વરૂપ ઉપાદેય સ્વરૂપ છે, એટલે એ સ્વરૂપને અનુરૂપ એ બધા ક્ષમા આદિ સંવર પ્રત્યે પ્રમોદ-આદરભાવનું વલણ ઊભું કરવાનું છે. એવું વલણ વધતાં વધતાં ત્યાં સુધી પહોંચે કે એ ક્ષમાદિ ભાવથી આત્મા એવો ભાવિત થઈ જાય, એવો રંગાઈ જાય કે એ ક્ષમાદિભાવ આત્માને સહજ બની જાય, સ્વભાવ-સિદ્ધ બની જાય.

આ પરથી સમજાશે કે હેય આશ્રવ તત્ત્વ તરીકે ક્રોધાદિના ત્યાગનું વલણ, અને ઉપાદેય સંવર તત્ત્વરૂપ ક્ષમાદિના આદરનું વલણ વધારતા જવાનું; એવું કે આત્મા એનાથી ભાવિત થતો થતો એ ત્યાગ અને આદર એને સહેજે સ્ફુરતા થઈ જાય, સ્વભાવ-સિદ્ધ બની જાય. ભાવનાયોગમાં આવી ભાવિતતા કેળવ્યે જવાની છે. ધર્મની સાધના કરવાની છે તે, આત્માને ધર્મથી આવો ભાવિત કરવા રૂપે કરવાની છે. દિલને ધર્મ સહેજે સ્ફુરે. મુખ્ય ધર્મ છે, જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ; ચારિત્રમાં અહિંસાદિ વ્રતો અને ક્ષમાદિ ધર્મ આવે; તો આત્માનું સહજ વલણ જ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું બની જાય. એમાં ચારિત્રમાં અહિંસાદિ અને ક્ષમાદિ એ સહેજે સ્ફુરતા થઈ જાય એ રીતે આત્માને આ અહિંસાદિ ક્ષમાદિ તેમજ જ્ઞાનાદિથી ભાવિત કરતા ચાલવાનું છે.



એટલા જ માટે સાધુનું વિશેષણ આવે છે,- 'નાણેણં દંસણેણં ચરિત્તેણં તવસા અપ્પાણં ભાવેમાણાણં.' એમ કલ્પસૂત્રમાં મહાવીર ભગવાનની સાધના બતાવતાં કહ્યું 'અણુત્તરેણં નાણેણં, અનુત્તરેણ દંસણેણ, અણુત્તરેણં ચારિત્તેણં, અણુતરેણં તવસા, અણુત્તરેણં તુટ્ઠીએ... અપ્પાણં ભાવેમાણસ્સ દુવાલસં સંવચ્છરા વઈક્કંતા.'

અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને અનુપમ જ્ઞાનથી, અનુપમ દર્શનથી, અનુપમ ચારિત્રથી, અનુપમ તપથી, અનુપમ મનઃપ્રસન્નતાથી,... પોતાના આત્માને ભાવિત કર્યે જતાં બાર વર્ષ વીત્યા.

આમાં મુખ્ય વાત આત્માને ભાવિત કરવાની આવી. તે શેનાથી ? તો કે અનુપમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, મનપ્રસાદ વગેરેથી ભાવિત કરતા જવાની વાત આવી. આ ભાવિત કરવાનું એટલે શું કરવાનું ? આ જ, કે એ જ્ઞાન-દર્શન-ચારિત્ર-અહિંસા-સંયમ-તપ ને ગમે તેવા પરીસહ ઉપસર્ગોમાં પણ મનઃપ્રસન્નતા... વગેરેને આત્મામાં સહેજે સ્ફુરતા કરી દેવાના, એને સ્વભાવસિદ્ધ બનાવવા મથવાનું. સહેજે સહેજે જ્ઞાનદશા જ રહે, મૂઢતા નહિ; સહેજે સહેજે સમ્યગ્દર્શન જ પ્રકાશે, મિથ્યા માન્યતા નહિ; સહેજે સહેજે અહિંસાદિ ગુણ જ રહે, હિંસાદિ દુર્ગુણ નહિ; સહેજે સહેજે ક્ષમાદિભાવ જ રહ્યા કરે, ક્રોધાદિ મલિન લાગણી નહિ. સહજ ભાવે તપ જ બની જાય, ખાનપાન નહિ. આહાર સંજ્ઞા નહિ. સહેજે સહેજે સારા નરસા વિષયો પ્રત્યે ઔદાસીન્ય જ રહ્યા કરે. શું મોતી-રત્ન-સોનાના ઢગ, કે શું માટી ધૂળ ઉકરડાના ઢગ, બંને પ્રત્યે ઉદાસીનતા જ ઝગમગે, રાગ-દ્વેષ નહિ. આવું માનસિક વલણ, આવો આત્મસ્વભાવ, આવી હૃદય-પરિણતિ ઊભી કરવા, પુષ્ટ કરવા અને સ્વભાવ-સિદ્ધ બનાવવા મથવાનું. એનું નામ એનાથી આત્માને ભાવિત કરતા ચાલવાનું. બારે વરસ પ્રભુએ આ કર્યું.

આ જ્ઞાનાદિથી આત્માને ભાવિત કરવાની પ્રવૃત્તિ એ **'ભાવના'** યોગ.

આવા **'ભાવના'** યોગ સાધતા રહેવાય ત્યારે ત્યારે એમાં ચિત્તની એકાગ્રતા થતાં **'ધ્યાન'** યોગ આવે છે. એ બહુ સધાતો આવે એટલે **'સમત્વ'** યોગ ને વીતરાગ દશા આવે.

ભગવાન વીતરાગ ન થયા ત્યાં સુધી જેમ એમણે અહિંસા-ક્ષમા આદિ ગુણોથી આત્માને ભાવિત કરતા જવાની સાધના કરી, તેમ સાધુએ પણ સાધુ જીવનમાં પોતાના આત્માને હૃદય ને અહિંસાદિ ગુણોથી અને ક્ષમાદિ ધર્મોથી ભાવિત કરતા રહેવાની સાધના કરવાની છે, તો ગૃહસ્થે પણ પોતાના આત્માને પોતાના દિલને આ ભાવિત કરતા રહેવાની સાધના કરવાની છે. શેનાથી ભાવિત ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ગૃહસ્થે આ સંસાર, સંસારના સુખો, અને સંસારના વિષયોથી વિરક્ત બન્યા રહેવાનું છે એટલે કે પોતાના દિલને વૈરાગ્યથી ભાવિત કરતા રહેવાનું છે. એમ સમ્યક્ત્વથી સમ્યક્ત્વના શમસંવેગાદિ ગુણોથી જિનવચનથી જિનભક્તિથી ત્યાગ તપસ્યા દાન શીલ વ્રત નિયમ ગુરુ બહુમાન સંઘભક્તિ આદિથી સ્થૂલ અહિંસાદિ મૈત્રી આદિ ને શક્ય ક્ષમા આદિ ગૃહસ્થપણાના ગુણો ધર્મોથી દિલને ભાવિત કરતા રહેવાનું છે.

આ ભાવિત કરવાનું એટલે કે દિલમાં એ વૈરાગ્ય આદિનો રંગ ચડતો જાય. એ સહેજે સ્ફુરે, સહજ સ્વભાવે યાદ આવે. એ ગુણ-ધર્મોનો સહજ સ્વભાવે જ આલ્હાદ આવે, સહજ સ્વભાવ એની જ રુચિ રહે,-એવું કરવાનું છે. એ માટે અનાદિથી સહજ સ્વભાવે જે વિષયરાગ તેમજ અજ્ઞાનીના વચનનો રાગ, ખાનપાન, આરંભ સમારંભ પરિગ્રહ વિષય સુખો વગેરેની સહજ રુચિ આકર્ષણ આલ્હાદ રહ્યા કરે છે તે ફેરવી વૈરાગ્ય-સમ્યક્ત્વાદિ ગુણો સહેજે રુચે એના તરફ સહેજે આકર્ષણ રહે, સહેજે આલ્હાદ આવે, એ માટે મથવાનું છે. તો જ આપણે આત્મા, દિલ અને હૃદય એથી ભાવિત થતું જાય. આ ભાવિત-કરણ એ ભાવનાયોગ છે. અધ્યાત્મને આવા ભાવનાયોગમાં વાળવાનો છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૧૩,તા.૧૫-૧૨-૧૯૭૯

## (૪૧) વાચાલતામાં કેટલાં નુકસાન !

માણસ પાસે એક મહાન શક્તિ વાણીની છે. એમ તો જનાવર પાસે દા.ત. કૂતરા ગધેડા પાસે ય વચન શક્તિ છે, કિન્તુ એવી વ્યક્ત ભાષા નથી. ઝીણી ઝીણી બાબતો એકેક વ્યવસ્થિત રજૂ કરવાની વચન શક્તિ નથી, ત્યારે માણસ પાસે એ શક્તિ છે. દા.ત. એક પેટમાં દરદ થયું તો એ કેવું દરદ છે, શું શું થાય છે, કેમ દુઃખવાનું થયું... વગેરે વગેરે બાબત સ્પષ્ટ ભાષામાં માણસ બોલી શકે છે. ત્યાં કૂતરાની પાસે એ ભાષા નથી, એ તો માત્ર રુદન કરશે, તાત્પર્ય, માણસ પાસે અદ્ભુત વચન શક્તિ છે.

પરંતુ આ અદ્ભુત વચન-શક્તિનો સદુપયોગ કેટલો ? ને દુરુપયોગ કેટલો ? કહો, દુરુપયોગનો પાર નથી. માણસ વાણીથી એવું ને એટલું બોલે છે કે જેનો ખાસ લાભ કાંઈ જ નથી ! ને (૧) ઊલટું બોલીને બોળવાનું થાય છે. બહુ બોલ બોલ કરવામાં (૨) જૂઠ પણ આવી જાય છે; (૩) નિંદા તો સુલભ જ



થઈ ગઈ. માણસ પોતે જાતે બહુ બોલીને (૪) પોતાની કિંમત ઘટાડે છે. કહે છે ને કે 'બહુ બોલે એ તણખલાને તોલે !' (૫) નકામું બહુ બોલે એ બોલેલું તો કિંમત વિનાનું ઠરે છે, પરંતુ એ બોલનારો પણ તણખલાની કિંમતનો થાય છે.

બહુ બોલવાનાં આ ઓછા નુકસાન છે ?

(૬) મફતિયું બહુ બોલતો માણસ કિંમત વિનાનો થાય એટલે પછી ઉપયોગી વિષયમાં એની સલાહ નહિ મંગાય. લોક સમજે છે કે 'આ તો વાચાળ છે, બહુ બોલકણો છે એટલે ગંભીર નથી, છીછરો છે. એ ગંભીરતાથી શું વિચારી શકવાનો હતો ?'

વળી (૭) બહુ બોલે એનો લોક બહુ વિશ્વાસ નહિ કરે, કેમ કે એના બહુ બોલેલા પર લોકને થાય છે કે 'કોને ખબર આમાં કેટલું સાચું ?' આમ વિશ્વાસ ઊઠ્યો એટલે બીજી વાત અંગે પણ એના પર વિશ્વાસ મૂકતાં ખચકાય છે.

બહુ બોલ બોલ કરવામાં (૮-૯-૧૦) જૂઠ, અભિમાન અને નિંદાનો હિસાબ નથી રહેતો. સારું આત્મહિતકર બોલવાનું તો પાસે છે નહિ, એટલે પછી જે તે ભરડવાનું થાય છે, એમાં સાચાની જોડે કેટલું ય ખોટું બોલવાનું થાય છે, કોઈનું દબાણ નથી કે આટલું એમ બહુ બોલવું જ પડે, પણ પોતાને જ બોલ્યા કરવું છે એટલે સહેજે સાચું જૂઠુ ભરડ્યે જવાનું થાય છે.

પાછું એમાં વચ્ચે વચ્ચે જાતની વડાઈ જાતની હોશિયારી બતાવવી છે, એટલે અભિમાન પણ સારી રીતે પોષાય છે. 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું. આપણે તો ભાઈ ! આવું ચલાવી લઈએ નહિ, એટલે પછી આવી આવી રીતે કામ પાર પાડ્યું' શું છે આ ? નકરું અભિમાન-પ્રદર્શન. કેટલી નજીવી વાતમાં અભિમાન પ્રદર્શન ! જેની પછીથી કોઈ કદર નથી કરવાનું છતાં અભાગિયાને વાત વાતમાં પોતાની હોશિયારી બતાવવા જોઈએ છે. એને ખબર નથી કે 'આવા અભિમાન પોષવામાં એના એવા જાલિમ સંસ્કાર પડે છે કે જેનાથી આગળ પર મદ-અભિમાનની ગુલામીમાં આપમતિથી અવળાં કામ પ્રેરાશે, અને એમાં આઘા જઈને પાછા પડવાનું થશે.

એટલું સમજી રાખવાનું છે કે ભવભ્રમણની ઈમારતના બે સ્તંભ છે, (૧) અહંત્વ, ને (૨) મમત્વ. એમાં ય અહંત્વ કેવું અંધુ છે કે મુમુક્ષુએ સંસાર ત્યાગ કરી મમત્વ મૂક્યા સાધુ થયા, છતાં અહંત્વ-આપમતિ-માનાકાંક્ષા છોડવા મુશ્કેલ પડે છે ! કેમ કે આને પોષનારા નિમિત્તો મળી રહે. એમાંનું એક પ્રચંડ નિમિત્ત આ ફજુલ વાતોચીતો ને બીનજરૂરી બોલ બોલ કરવાનું છે. એમાં સહેજે પોતાની હોશિયારી દેખાડવાનું બને છે, યા બીજાનું ઘસાતું સંભળાવવાનું મન થાય છે;



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સામાને સારું લગાડી શાબાશી મેળવવાનું દિલ રહે છે. એમાં નકરું અભિમાન પોષાય છે. આ ખરાબીઓ મફતિયું બહુ બોલાવાના પાપ ઉપર છે.

બીનજરૂરી બોલવામાં લગભગ જડ પદાર્થોનું ને બહારનું બોલાય છે, તેથી આત્મામાં બહિર્મુખતા જ પોષાય છે. ૦।-૦।। કલાકની ધર્મક્રિયામાં પણ ફજુલ બોલવામાં બહિર્મુખતા આવવાથી ધર્મક્રિયાથી ઊભી થતી અંતર્મુખતા ઘવાય છે, ને એ ક્રિયાની પછીના સમયમાં તો બહારનું જ બોલ બોલ કરવામાં રહી સહી અંતર્મુખતા ખત્મ થઈ જાય છે ! એટલે આવી ધર્મક્રિયા જીવનભર ચલાવવા છતાં સરવાળે જીવ બહિર્મુખતા દઢ કરીને પરલોકમાં લઈ જાય છે. એ ત્યાં કેવું જીવન આપે ? ધર્મક્રિયાથી ઊભા થયેલ પુણ્યે થોડી સુખ-સગવડ તો મળી હોય, પરંતુ એમાં નકરું બહિર્મુખ જીવન મળે ! કોઈ ખુણામાં આત્મા યાદ ન આવે ! કેટલું દુઃખદ !

બાકી બહુ બોલવામાં કેટલીવાર (૧) ખોટું બફાઈ જાય એના મોટા નુકશાન, (૨) જેની નિંદા કરી એના કાને આ વાત જતાં એ વિરોધી બની જાય, (૩) જૂઠ બોલવાની આદત પડી જાય, (૪) જૂઠના પાપનો ભય ઊડી જાય, (૫) વાતોના ટેસમાં ધર્મસાધના ચૂકાય, (૬) મનને સાધનાનું મહત્ત્વ ઘટી જાય... આવાં આવાં ખતરનાક નુકશાનો છે. એ સમજીને બને તેટલા મૌનનો ગાંભીર્યનો અભ્યાસ કરવો અતિ જરૂરી છે, સાથે સાથે ભગવાનના સ્તોત્રો સ્તવનો સૂત્રો ભક્તિ વૈરાગ્યના શ્લોકો વગેરે સ્પષ્ટ બોલતા રહેવામાં બહુ લાભ છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૧૪,તા.૨૨-૧૨-૧૯૭૯

## (૪૨) સર્વ અસમાધિનું એક ઔષધ અરિહંત

જીવને સાંસારિક જીવનમાં અસમાધિનો પાર નથી. કાંઈક સારું થયું તો રાગની-હરખની અસમાધિ, નરસું થયું તો દ્વેષની-ખેદની અસમાધિ. આ ક્યારે ચાલુ નથી ? કર્માનુસાર સારું-નરસું બન્યા જ કરતું હોય છે, એટલે અસમાધિ લમણે લખાયેલી રહે છે.

'અસમાધિ' એટલે ચિત્તની અસ્વસ્થતા. ચિત્તમાં રાગના જોસ, કે હરખના ઉન્માદ, એ ચિત્તની અસ્વસ્થતા છે. દ્વેષમાં આવેશ, કે ખેદની દીનતા એ ચિત્તની અસ્વસ્થતા છે. ચિત્તની સ્વસ્થતા એ કે રાગ, દ્વેષ, હરખ ખેદ એમાંથી એકે ય ન હોય. અહીં પ્રશ્ન થાય,-



પ્ર.- રાગમાં અસ્વસ્થતા શી ? રાગમાં તો મન શાંત લાગે છે.

ઉ.- રાગમાં અસ્વસ્થતા આ, કે ચિત્ત રાગમાં પડ્યું એટલે સ્વાત્માને કે પરમાત્માને ભજવા માટે અશક્ત બની જાય છે. દા.ત. બીજી તો શી વાત, પણ પ્રભુનાં દર્શન વખતે 'આંગીના હીરા બહુ સરસ' એમ જો ચિત્ત હીરા પ્રત્યે રાગમાં તણાયું, તો એ વખતે 'પ્રભુ કેવા સરસ !' એ વીસરાઈ જાય છે.

પ્ર.- તો પછી પ્રભુને હીરાને આંગી કરવી નકામી નહિ ?

ઉ.- ના. અનાદિના જડના રસિયા જીવને પ્રભુ પ્રત્યે આકર્ષણ કરવા માટે પહેલું તો પ્રભુની આસપાસ જડનો ઠઠારો જરૂરી છે. માટે તો તીર્થંકર નામકર્મના ઉત્કૃષ્ટ પુણ્યના પ્રભાવે પ્રભુને અલૌકિક અષ્ટ પ્રાતિહાર્ય, રજત-કનક-રત્નનું જોજન મોટું સમવસરણ, નવ સુવર્ણ કમળ વગેરેની રચના થાય છે ! ને એ જોઈને જગતના મહામિથ્યાદષ્ટિ જીવોની પણ પ્રભુ તરફ નજર ખેંચાય છે. ત્યારે આપણી નજર પણ પ્રભુની વિશિષ્ટ આંગી શોભા સજાવટ જોઈને ખેંચાય છે એ અનુભવ છે. એટલે,

હવે વાત આ છે કે જો મન આંગીના હીરા કે સજાવટના ફુલ તથા કળાના રાગમાં અટકી ગયું, તો પ્રભુ વિસરાઈ જવાના. "આંગી સરસ" "ડેકોરેશન શોભા સરસ !" એમ થયા કરશે. 'અલ્યા ! પણ પ્રભુ કેટલા બધા સરસ !' એ ધ્યાનમાં નહિ આવે. ત્યારે જે જડરાગ પ્રભુને વીસરાવે એ રાગમાં ચિત્તની સ્વસ્થતા કહેવાય ? કે અસ્વસ્થતા ?

આ તો પ્રભુના દરબારમાં દુર્દશા, તો બહારમાં જડના રાગ વખતે પ્રભુ ય શે યાદ આવે ? અને પોતાનો આત્મા ય શે યાદ આવે ?

જડ રાગના આવેશમાં આત્મા આ રીતે ભૂલાય છે. દા.ત. મનમાં એમ આવ્યું "આપણો ફ્લેટ સરસ," ત્યાં 'આ પુણ્ય લાવનાર મારા આત્માના પૂર્વ ભવના સુકૃત કેવા સરસ ? પૂર્વના શુભ ભાવ કેવા સરસ !' આ નહિ યાદ આવે. આ જો મનમાં આવે તો તો ઝટ હવે નવા શુભ સુકૃત ને શુભભાવમાં લાગી જવાય, એથી એ પણ મનને થાય કે 'આ ફ્લેટ સરસ કરવું રહેવા દે, એ રાગ અશુભ ભાવ છે, અશુભ ભાવથી અશુભ કર્મ કાં બાંધું ? વળી નવા અશુભ ભાવના સંસ્કાર કાં ઊભા કરું ?" પણ રાગનાં આવેશમાં આત્મા યાદ આવે તો રાગથી બચવાનું મન થાય ને ? બીજી રીતે પણ આત્મા યાદ નથી આવતો કે 'ફ્લેટ તો સરસ, પરંતુ મારો આત્મા ક્યાં સરસ છે ?' એનામાં કેટકેટલાં કામ ક્રોધ લોભ વગેરે દોષો ભર્યા છે ? કેટકેટલી આહાર વિષય પરિગ્રહાદિની સંજ્ઞાઓ ? કેટકેટલા રસ-ઋદ્ધિ-શાતાના ગારવ પડ્યા છે ? કેટકેટલી ધર્મની કર્મની વિટંબણાઓ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે ? કેટકેટલી જિનભક્તિ શાસ્ત્ર રસ, દયા, સત્ય તથા શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્યની ખામીઓ છે ? જડના રાગમાં આમ આત્મા ભુલાય છે.

પોતાના આત્માને ભુલાવે એ રાગ ચિત્તની સ્વસ્થતા છે કે અસ્વસ્થતા ? એમ જો રાગની જેમ જડનો હરખ. પણ આત્મા ને પરમાત્માને ભુલાવે છે. માટે એ પણ ચિત્તની અસ્વસ્થતા જ છે, તો દ્વેષ અને ઉદ્વેગમાં ય ચિત્તની ભારે અસ્વસ્થતા ગણાય, એમાં નવાઈ નથી.

ચિત્તની અસ્વસ્થતા એ અસમાધિ છે, ને આ અસમાધિ લગભગ નિરંતર ચાલ્યા કરે છે. એનાથી આર્તધ્યાન અશુભ વિકલ્પો, વિચારો અને પાપપ્રવૃત્તિ જેવી કે જડના ગુણગાન કે નિંદા વગેરે ચાલ્યા જ કરતા હોય છે. આ બધા આત્માના રોગ છે, એ રોગોથી શી રીતે બચાય, એ જોવું છે. આ સમસ્ત અસમાધિના રોગોનું ઉત્તમ ઔષધ અરિહંત પરમાત્મા છે. એમનો ઉપયોગ એ રીતે કરવાનો કે જ્યાં અસમાધિ, ને રાગ-દ્વેષ, હરખ-ખેદનો ભાવ ઊભો થવા જાય, કે તરત "અરિહંતા મે સરણં" કરવાનું; અર્થાત્ પ્રભુને પ્રાર્થના કરવાની કે 'પ્રભુ ! હું મૂઢ છું, પાપી છું, અનાદિ અજાણ છું, મોહથી વાસિત છું. પાપી એવા મને અશુભ ભાવો સતાવે છે, પણ ભૂત એની પાછળ ભૂત-ભવિષ્યની મને ખબર નથી, પ્રભુ ! હું તમારે શરણે છું. મને બચાવો મને બચાવો. હું ભાવથી અભિજ્ઞ થાઉં," પંચ સૂત્ર શાસ્ત્રમાંની આ પ્રાર્થના છે. એનો પ્રભાવ છે કે રાગ-દ્વેષના ને હરખ-ખેદના ચિત્ત-સંક્લેશ પર કાપ પડે છે, સંક્લેશ મોળા પડે છે.

એટલે જ એ શાસ્ત્ર કહે છે કે 'સંક્લેશ હોય ત્યારે વારંવાર અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર કરો. વારંવાર આ રટવાનું 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, જિણધમ્મો મે સરણં,' વચમાં વચમાં આ મનમાં લાવવાનું હું મૂઢ છું, પાપી છું, અનાદિ મોહથી વાસિત છું, ભાવથી અનભિજ્ઞ છું, તમારા પ્રભાવે અભિજ્ઞ થાઉં.'

બીજી રીતે નજર સામે અરિહંતની ચક્ષુ લાવી એમ વિચારવાનું કે 'અહો ! આમાં પ્રભુની કેવી નિર્વિકારતા દેખાય છે. જગતના ભાવો સાથે એમને કશી નિસ્બત નથી. તેથી સારાથી હરખવાનું કે નરસાથી ખિન્ન થવાનું નથી, દુન્યવી સારા નરસા પર 'આ સરસ' 'આ ખરાબ' એમ રાગ-દ્વેષ કરવાના નથી. તો હું પણ શા માટે આ વિકાર વહોરું ?

ત્રીજી રીતે આ જોવું 'પ્રભુએ શું છોડ્યું ? ને શું રાખ્યું ? વૈભવના રાગ છોડ્યા ત્યાગ અપનાવ્યો વિષયભોગ છોડ્યા, સંયમ સ્વીકાર્યું, ખા-ખા છોડ્યું, તપ



રાખ્યો, ક્રોધાદિ છોડ્યા ઉપશમ સ્વીકાર્યો, ત્યારે હું શેના પર રીઝું છું ? રાચું છું પરલોકમાં આ મલિન ભાવો લઈ જવા છે ? તે આવા અરિહંત મળ્યા પછી પણ ? એમ વિચારતા અસમાધિ છૂટશે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૧૫,તા.૨૯-૧૨-૧૯૭૯

## (૪૩) ઈન્દ્રિય-વિષયોને ધર્મની હરોળમાં ન મૂકાય

શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત મહારાજાને બે વધામણી એકી સાથે આવી, (૧) ભગવાનને કેવળજ્ઞાન (સર્વજ્ઞતા) ઉત્પન્ન થયાની, અને (૨) આયુધશાળા આગળ ચક્રરત્ન પ્રગટ થયાની. ત્યારે ભરત રાજાને વિચાર આવ્યો કે 'આ બેમાંથી પહેલી ઉત્સવ-પૂજા કોની કરું ? કેવળજ્ઞાનની ? કે ચક્રરત્નની ?'

આ વિચાર આવતાની સાથે જ વિવેકી ભરત મહારાજાને પસ્તાવો થયો કે 'અરે રે ! આ મેં શું કર્યું ? આ કેવા મૂઢતાભર્યો વિચાર કર્યો ? કોની સાથે કોની તુલના કરી ? કોની હરોળમાં કોને બેસાડ્યું ? કયાં જગતના સૂક્ષ્મ પણ અનંતા જીવોને અભયદાન દેનારું કેવળજ્ઞાન ? ને કયાં મોટા દુશ્મન જીવોના સંહાર કરનારું ચક્રરત્ન ? મેં વિષયાંધ મૂર્ખતાથી આવા સંહારક ચક્રરત્ન સાથે અભયદાયી કેવળજ્ઞાનની સરખામણી કરી ? ધિક્કાર છે મારી વિષય-લંપટતાને કે જેણે મને મહાન વિવેક ચૂકાવ્યો ? પણ હવે પહેલી ઉત્સવ-પૂજા કેવળજ્ઞાનની જ કરું; એમાં ચક્રરત્નને રહેવું હોય તો રહે, ને જવું હોય તો જાય.'

ક્ષણવારના વિજળીના ઝબુકા જેવા કુવિચાર પછી તરતમાં જ પ્રગટેલો ભરત મહારાજાનો આ વિવેક આપણે જીવનમાં બોધ લેવા લાયક છે. ખૂબી તો એ છે, કે જે ચક્રરત્નના બળ પર છ ખંડના વિજેતા ચક્રવર્તી થવાનું છે, એ ચક્રરત્નની ઓળખ એ છ ખંડની સમૃદ્ધિ દેનાર તરીકે નહિ, પરંતુ જીવસંહારક તરીકે કરે છે ! કેમ વારું ? કારણ આ જ, કે તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાનનું અનંત જીવોને અભયદાયિત્વ નજર સામે તરવરે છે, અને એની ભારે મોટી વિશેષતા એમને દેખાય છે.

એટલે જ જેમ ગોળ ને ખોળ સામે આવ્યા હોય ને માણસ વિચાર કરે કે 'પહેલો ગોળ ખાઉં ? કે પહેલો ખોળ ખાઉં ? યા, જેમ કોઈ દેવ હીરાનો ઢગ ને કાચનો ઢગ આપવા આવે ત્યાં માણસ જો વિચાર કરે કે 'પહેલો હીરાનો ઢગ લઉં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કે પહેલો કાચનો ઢગ લઉં ?,' જેમ કોઈ સુશીલ સદ્‌ગુણી ને રૂપાળી શ્રીમંત કન્યા ને કોઈ દુઃશીલ કુબડી ભિખારણ કન્યા પરણવા મળતી હોય, ને ત્યાં એ વિચાર કરે કે 'હું સુશીલ શ્રીમંત કન્યાને પરણું ? કે કુશીલ ભિખારણ કન્યાને પરણું ?,' જેમ આ વિચાર પણ આવે, તો ય એ નરી મૂર્ખતા-મૂઢતાના ઘરના વિચાર છે, એમ ભરત રાજાને પહેલાં ચક્રને પૂજું ? કે પહેલાં કેવળજ્ઞાનને પૂજું ?' એ વિચાર આવ્યો એ ય ભારોભાર મૂઢતાભર્યો લાગે છે, ને એવા વિચાર ને મૂઢતા પર તિરસ્કાર છૂટી પાછા વળી જાય છે.

આપણા જીવનમાં તપાસવા જેવું છે કે આપણને પ્રસંગે પ્રસંગે આવી કોઈ મૂઢતા થાય છે ખરી ? ને એ થવા પર જાત પર તિરસ્કાર છૂટી પછી પાછા વળી જવાય છે ખરું ?

દા.ત. દેરાસર જવાનું, ને શાકભાજી લેવા જવાનું, એમ બે કામ સામે આવ્યા તો મનને વિચાર આવે ખરો ? કે પહેલાં દેરાસર જાઉં ? કે પહેલાં શાકભાજી લેવા ?' કદાચ આવ્યો તો એ વિચાર પર પોતાની મહા મૂઢતા દેખાય ખરી ? એ મહા મૂઢતા પર ધિક્કાર છૂટે ખરો ? ને એ વિચારથી પાછા વળી પહેલાં દેરાસરે જ જવાનું કરાય ખરું ? તારક દેવાધિદેવનાં દર્શનનાં કાર્યને મારક વિષયરંગ તથા હિંસાના પોષક શાકભાજીની ખરીદી આદિના કાર્યની હરોળમાં મૂકનારા કોણ છે ? પ્રભુ પ્રેમ ? કે પુદ્‌ગલ પ્રેમ ? સમ્યક્ત્વ ? કે મિથ્યાત્વ ?

'વીતરાગ બનવા માટે વીતરાગ દેવાધિદેવનાં દર્શન કરવા જ જોઈએ' એવી દેવાધિદેવનાં દર્શનની શ્રદ્ધામાં સમકિત આવે. પરંતુ કેવી શ્રદ્ધામાં ? સાથે પરિગ્રહ કે આરંભ-સમારંભનાં કાર્યની પણ શ્રદ્ધા સાથેની શ્રદ્ધામાં ? કે એ વિનાની દર્શનની અનન્ય શ્રદ્ધામાં સમકિત ? જે એમ કહે કે 'મને અરિહંત પર શ્રદ્ધા છે કે એ હિતકારી છે, ને પૈસા ઉપર પણ શ્રદ્ધા છે કે એ ય હિતકારી છે,' તો એને અરિહંત પર અનન્ય શ્રદ્ધા ગણાય ? ને એમાંથી મિથ્યાત્વ જઈને સમકિત આવે ? કે મિથ્યાત્વ જ ઊભું રહે ?

અલબત, મનમાં જો અફસોસી થાય કે 'હું જે આ પૈસા કે આરંભ-સમારંભની હિતકારિતા ઉપકાર કરતાં જોઈ રહ્યો છું એ મારી અજ્ઞાન મૂઢ દશા છે, તો તો હજી મિથ્યાત્વથી બચે; પરંતુ એ ધ્યાનમાં રહે કે જો આ ખેદ હોય તો તો ફરીથી પ્રસંગ પર અરિહંત-દર્શન આદિ ધર્મ ક્રિયાને આરંભ-વિષય-પરિગ્રહની પ્રવૃત્તિની સમાન હરોળમાં મૂકતાં, મન ખચકાય. એટલા માટે અરિહંત જ હિતકારી લાગીને એમની ઉપાસનાનાં કાર્ય પહેલાં જ કરવા જેવાં લાગે.

આ ઉપરથી સમજાશે કે એવું જે બોલાય કે 'ભાઈ ! આપણે તો બે ય



સાચવવાના, ધરમે ય સાચવવાનો અને સંસારે ય સાચવવાનો,' આ બોલવા પાછળ હૈયું તપાસવા જેવું છે કે આમાં ધર્મ અને સંસાર બંને સમાન રીતે સંભાળ કરવા જેવા તો લાગતા નથી ને ? આ બોલવા પાછળ સંસારને ધર્મ જેટલું જ મહત્ત્વ નથી અપાઈ રહ્યું ને ? 'ધર્મ પણ હિતકારી અને સંસાર પણ હિતકારી' આવું તો નથી લાગતું ને ? જો આ લાગતું હોય તો મિથ્યાત્વ આવતાં વાર નહિ લાગે; અથવા કહો કે હૈયે મિથ્યાત્વ વસ્યા પર જ આ સમાનતાનો હિસાબ મંડાય છે.

ખરી રીતે મનને એમ થવું જોઈએ કે 'આપણે સાચવવા જેવો તો ધર્મ જ છે; પરંતુ શું કરીએ, મોહવશ પડ્યા છીએ એટલે સંસાર લમણે લખાયો સાચવવો પડે છે. બાકી સંસાર જરાય સાચવવા જેવો નથી.' નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ, આ સમકિતીની નિર્વેદ દશા શું કહે છે ? સંસાર એ નરકાગાર ને કારાગાર સમજી સમકિતી એનાથી ઊભગેલો હોય, એને અહિતકારી જ માનનારો હોય, અને ધર્મ તારણહાર જાણી એના તરફ ભારે આકર્ષાયેલો હોય. સંસાર દુઃખ ભરેલો માટે નરકગાર જેવો; અને સંસારમાં પાપની બેડીઓ માટે કારાગાર જેવો.

સારાંશ, ધર્મને કદી આરંભ-વિષય-પરિગ્રહની હરોળમાં નહિ મૂકવો. બંનેને કદી સમાન કક્ષાથી ન વિચારવા.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૧૬,તા.૫-૧-૧૯૮૦

## (૪૪) ધર્મસાધનામાં નિત્ય ઉલ્લાસ કેમ રહે ?

ધર્મી જીવ સહેજે ઇચ્છે છે કે 'મને ધર્મમાં હંમેશાં ઉલ્લાસ બન્યો રહે,' છતાં એની જ ફરિયાદ હોય છે કે 'ધર્મસાધનામાં ઠેઠ સુધી ઉલ્લાસ કેમ બન્યો નથી રહેતો ?'

તો શું ધર્મસાધનામાં ઉલ્લાસ ઠેઠ સુધી નથી બન્યો રહેતો એ સાચું છે ? હા, દેવદર્શને ઉલ્લાસથી ગયા, 'ચાલ મંદિરે, પ્રભુનાં દર્શન કરું.' એમ ઉલ્લાસ થયો પછી દર્શન મળતાં 'વાહ કેવા સુંદર વીતરાગ પ્રભુ !' એમ ઉલ્લાસ થયો, પરંતુ જો મંદિર જરા આઘું હોય તો ઘરેથી નીકળતાં થોડે સુધી ઉલ્લાસ થયા પછી 'મંદિર કેટલું બધું દૂર !' એમ ચાલવાનો સહેજે કંટાળો ઊભો થાય, ત્યાં પેલો ઉલ્લાસ મોળો પડ્યો. એમ દર્શન મળતાં ક્ષણભર આનંદ-ઉલ્લાસ; પણ પછી દર્શન ચાલુ રહેતાં એટલો નથી રહેતો, એ અનુભવાય છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એમ અઠ્ઠમ, આયંબિલ ઓળી કે કોઈ બીજો તપ શરૂ કરતાં આનંદ ઉલ્લાસ; પણ પછી એ તપના પાછલા ભાગમાં મન દુબળું પડે છે કે 'મારે તપથી નબળાઈ આવી,' ને એમાં પ્રારંભનો ઉલ્લાસ મોળો પડે છે એ હકીકત છે.

એમ દાન-પરોપકાર-સુકૃતના પ્રારંભે ઉલ્લાસ, પણ પછી વધુ પૈસા ખરચાયા એવું મન પર આવતાં ઉલ્લાસ મંદ બને છે. સામાયિકમાં બેસતાં ઉલ્લાસ, પણ પછી એમાં આગળ વધતાં ઉલ્લાસ મોળો પડતો લાગે છે. જપમાળા શરૂ કરતાં આનંદ ઉલ્લાસ, પરંતુ પૂરી કરતાં મંદ ઉલ્લાસ. આમ ધર્મ-સાધનામાં આગળ વધતાં ઉલ્લાસ મોળો પડે છે. એવો અનુભવ થાય છે. પ્રશ્ન થાય,-

પ્ર.- ત્યારે શું ધર્મ સાધતાં અખંડ ઉલ્લાસ કે વધતાં ઉલ્લાસની જરૂર છે ?

ઉ.- હા, 'અરિહંત ચેઈયાણં' સૂત્રમાં બોલીએ છીએ એમાં 'સદ્ધાએ મેહાએ... અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ,' અર્થાત્ વધતી જતી શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા-અનુપ્રેક્ષાના સાધનથી કાયોત્સર્ગ કરું છું, એમ વિચાર્યું.

આમાં વધતી જતી શ્રદ્ધા વગેરે એ ઉલ્લાસ જ છે તે 'વઢ્ઢમાણીએ' કહ્યું પણ 'અખંડાએ' ન કહ્યું, અર્થાત્ શ્રદ્ધાદિ 'માત્ર અખંડ રહીને' એમ કહ્યું નહિ, પણ 'વધતી રહીને' એમ કહ્યું.

પ્ર.- શ્રદ્ધાદિ માત્ર અખંડ જ નહિ પણ વધતા રાખવાની શી જરૂર ?

ઉ.- એનું કારણ એ છે કે શ્રદ્ધાદિની સામે મિથ્યા માન્યતા, જડતા, ચંચળતા,... વગેરે દોષો આત્મામાં એટલા બધા દબાયેલા પડ્યા છે કે સાવધાન ન રહો તો એ બહાર કૂદી પડવા તૈયાર જ છે ! ત્યાં એની સામે સાવધાની આ જોઈએ કે શ્રદ્ધાદિને માત્ર અખંડ નહિ, પણ વધતી જતી રાખવી પડે, ધર્મ ઉલ્લાસ વધતો રાખવો પડે.

ઉલ્લાસ માત્ર અખંડ રાખવાના પ્રયત્નમાં સંભવ છે કે એ ઉલ્લાસ મોળો પડવા જાય, ને ત્યાં પછી ધર્મ-અનાદર, જડતા, ચંચળતા... વગેરે ચડી બેસે.

ત્યારે, જો ધર્મ ઉલ્લાસ વધતો ને વધતો રાખવાનો પ્રયત્ન છે, તો ધર્મનો આદર ઓછો થવાને ને જડતા ચંચળતા આવવાને અવકાશ નહિ રહે; કેમ કે ધર્મમાં જો ઉલ્લાસ વધારતા રહીએ છીએ તો ધર્મ પ્રત્યે આદર, માન શું કામ ઓછું થાય ? અનાદર શાનો આવે ? ધર્મમાં જડતા સુસ્તી શાની આવે ? ઊછળતા ઉલ્લાસથી ધર્મ કરીએ છીએ પછી ચંચળતા એટલે કે મન બીજે જવાનું શાનું થાય ?

તો સવાલ આ છે કે ધર્મમાં ઉલ્લાસ શી રીતે વધતો રહે ?

ધર્મ-સાધનામાં વધતો ઉલ્લાસ લાવવાનો ઉપાય આ છે કે ધર્મ કરવાની



સાથે સાથે હૈયે એની અનુમોદના અને એ મળ્યાનો અહોભાવ ભરપૂર રહેવા જોઈએ. તે ધર્મ કરી લીધા પછી પણ સુકૃત-અનુમોદના ચાલુ રહે.

આપણે ધર્મ-સાધના દા.ત. દેવદર્શન-પૂજા તો કરીએ છીએ પણ કાં તો પહેલેથી જ 'પતાવો ભાઈ ! પતાવો દર્શન, પતાવો પૂજા, એટલે બીજા કામમાં ઝટ લાગી જવાય,' એમ આદર ઉછરંગ વિના જ દર્શનાદિ કરાય છે; યા આનંદથી દર્શન પૂજા શરૂ કરીએ છીએ પણ એ દર્શનાદિ કરતાં કરતાં એની અનુમોદના નથી કરતા, એ મળ્યાનો અહોભાવ નથી લાવતા, તેથી દેવદર્શન-પૂજાદિમાં આગળ વધતાં ઉલ્લાસ મોળો પડે છે, એમાં વચમાં જડતા-સુસ્તી આવી જાય છે, મન ચંચળ બની બીજા ત્રીજા વિચારમાં ચાલ્યું જાય છે.

એના બદલે દર્શન પૂજાનું સુકૃત કરતાં કરતાં અનુમોદના અને અહોભાવ લાવ્યા કરીએ કે 'અહો ! કેવા સાચા તારક વીતરાગ મળ્યા ! અહો વીતરાગ દર્શન, વીતરાગ પૂજનની કેવી ભવ્ય ક્રિયા, કેવા ભવ્ય સુકૃત મળ્યાં ! અહો ! કેવા મારાં અહોભાગ્ય કે મને આ મળ્યું.' આમ વચમાં વચમાં મનને 'અહો અહો' થાય, ને એમાં સાધના કર્યાના આનંદના પૂર ઊછળતા રહે, અર્થાત્ સુકૃત કરતાં કરતાં વચમાં વચમાં એની અનુમોદના-આનંદ ઝળકતો રહે, તો ધર્મ-સુકૃતમાં ઉલ્લાસ બન્યો રહે, ઉલ્લાસ વધતો જાય.

દેવદર્શન-પૂજાદિનું સુકૃત કરી રહ્યા પછી પણ એની અનુમોદના અહોભાવ મનમાં લાવ્યા કરવાના છે. પૂછો, એથી શો લાભ ? લાભ આ, કે-

(૧) એક તો જોરદાર સુકૃતાનુમોદનાથી સુકૃત કર્યા જેવું નવું પુણ્ય મળે, ને (૨) બીજું એ, કે ફરીથી સુકૃત કરવાનો ઉલ્લાસ બન્યો રહે એવા સંસ્કાર મળે, એટલે જ્યારે પાછો મોકો મળે ત્યારે એ સંસ્કાર જાગીને સુકૃત કરવા દિલ ઉલ્લસીત રહે, અને (૩) ત્રીજો લાભ આ, કે સાધના કરતાં વચમાં વચમાં આનંદ-અહોભાવ ઝળક્યા કરે છે એટલે સાધનાનો ઉલ્લાસ મોળો ન પડે, બલ્કે અખંડ રહે, અરે ! વધતો ચાલે.

સારાંશ, દેવ ગુરુ અને ધર્મસાધના તથા ધર્મના અંગો જિનમંદિર, તીર્થ, શાસ્ત્ર, સંઘ વગેરે મળ્યા પર મનને વારે વારે થયા કરે કે 'અહો ! મને તે ઉત્તમોત્તમ વસ્તુઓની પ્રાપ્તિ ? આ મેળવવા સાધવા શી મારી લાયકાત ? કશી જ નહિ, છતાં મને આ બધું મળ્યું ? અહો કેવું મારું અહોભાગ્ય !' આમ અહો અહો થયા કરે, તેમજ જે જે સુકૃત થયા એની અનુમોદના યાને આનંદ પર આનંદ થયા કરે. આનામાં સુકૃત સાથે એની અનુમોદના-અહોભાવ એ મહા કર્તવ્ય બની જાય છે. આ કેમ એ હવે પછી જોઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૪૫) જિનશાસનમાં કુશળતા

જૈન શાસ્ત્રો બતાવે છે કે 'જિનશાસન પર હાર્દિક શ્રદ્ધા કરી એ સમ્યક્ત્વનું શરીર છે, તો જિનશાસનમાં કુશળતા એ સમ્યક્ત્વ-શરીરનો અલંકાર છે. સમ્યક્ત્વના પાંચ અલંકાર પાંચ ભૂષણ છે,- કુશળતા, તીર્થસેવા, સંઘભક્તિ, સ્થિરતા અને પ્રભાવના. આમાં જિનશાસન પ્રત્યેની કુશળતા એ સમકિતનું પહેલું ભૂષણ છે.

જિનશાસનમાં કુશળતા એટલે જિનશાસને ફરમાવેલ વ્રતનિયમ-આચાર-અનુષ્ઠાનનું કુશળ સેવન. એનાથી શ્રદ્ધા દીપ્તિમાન થાય છે, શોભિતી બને છે. માટે એને શ્રદ્ધાનો અલંકાર કહેવાય છે.

પ્ર.- શ્રદ્ધા તો આંતરિક ભાવ છે, એ બાહ્ય એવા આચાર-પાલન કે અનુષ્ઠાન-સેવનથી શી રીતે શોભિતી બને ?

ઉ.- એ રીતે બને કે જેમ પુત્રને માતા પર આંતરિક પ્રેમ-ભક્તિ છે, પરંતુ જો એ માતાની બાહ્ય સેવા કરે માતાનું કામકાજ બજાવે તો જ અંતરની પ્રેમ-ભક્તિ દેદીપ્યમાન બને છે, એમ અહીં આંતરિક માર્ગ-શ્રદ્ધા બાહ્ય માર્ગપાલનથી દેદીપ્યમાન બને એમાં નવાઈ નથી. તત્ત્વની માર્ગની શ્રદ્ધા તો કરી કે, 'આ વ્રત-નિયમ એ જ તારણહાર છે; દુન્યવી આસક્તિ અવિરતિ છોડી વ્રતનિયમ જ કર્તવ્ય છે,' પરંતુ એની સાથે વ્રત-નિયમ લઈ પાળી જુએ, તો મનમાં વ્રત-નિયમોથી છોડેલા વિષયો પર એવી આસક્તિ ન ઊભી થાય, અને પોતાના અહોભાગ્ય માને કે 'હાશ ! મારે આટલી આસક્તિ ટળી. કેવું આ બતાવનાર કલ્યાણકારી જિનશાસન ! કેવું પાપથી અને પરલોકના દુઃખથી બચાવનાર સુંદર જિનશાસન !'

જિન-જિનશાસન માટે અહોભાગ્ય માન્યું એ શું કર્યું ? એમના પરની શ્રદ્ધાને જ્વલંત બનાવી. ત્યારે જો જીવનમાં અલ્પ પણ વ્રત નિયમોથી તે તે વિષયોની આસક્તિ છોડવાની વાત જ ન હોય, આસક્તિની ગુલામી અને વિટંબણા પ્રત્યે અફસોસી ન હોય, તો આસક્તિને મહાપાપ લેખાવનાર જિનશાસન પર શ્રદ્ધા શી જ્વલંત બને ? એ તો કાંઈ ને કાંઈ વ્રત નિયમ હોય, તો 'અહો કેવું સરસ જિનશાસન ! અહો કેવી સુંદર એની વ્રત-નિયમ પદ્ધતિ ! કે વિષયાસક્તિ પર નિયંત્રણ મુકાય છે !' -એમ જિનશાસન પર અહોભાવ થાય, ને જિનશાસનની શ્રદ્ધા જ્વલંત બને.



એટલા માટે તો યોગદૃષ્ટિ શાસ્ત્રમાં સમ્યક્ત્વની યોગદૃષ્ટિ પામવા પૂર્વે પાંચ યોગબીજોનો સંગ્રહ કરવાનું કહ્યું, એમાં એક બીજ 'દ્રવ્યાભિગ્રહ-પાલન' મૂક્યું છે, અર્થાત્ દેવ ગુરુની સેવાના અને વિષયત્યાગના વ્રત નિયમ કરે. ભલે હજી એવા શ્રદ્ધાના ભાવ ન જાગ્યા હોય મનમાં ભાવથી અભિગ્રહ ન ઊઠતા હોય છતાં દ્રવ્યથી અભિગ્રહ કરે.

દ્રવ્ય અભિગ્રહો કરવાનું કેમ કહ્યું ? કારણ એ, કે એ અભિગ્રહો પાળતાં પાળતાં આત્માર્થી જીવને એનો આનંદ ઊભો થાય છે, અને એ બતાવનાર જિનશાસન પર હૈયે શ્રદ્ધા-આદર-બહુમાન ઊભા થાય છે. વળી શ્રદ્ધા ઊભી થયા પછી પણ વ્રત નિયમ કરવાનું ચાલુ છે તો, એ શ્રદ્ધા દીપ્તિમાન બને છે, જ્વલંત બને છે.

જેવું વ્રત નિયમનું છે એવું જિનશાસને ફરમાવેલ ધાર્મિક આચાર અનુષ્ઠાનનું છે. એનો આદર-અમલ કરતાં કરતાં પણ જિનશાસન જૈનધર્મ પ્રત્યેની શ્રદ્ધા જ્વલંત બને છે. આ અનુભવવાની વસ્તુ છે. પૂછશો.

પ્ર.- ક્રિયાને ને શ્રદ્ધાને શો સંબંધ કે ક્રિયા કરતાં કરતાં શ્રદ્ધા વધે ?

ઉ.- નવા સ્નેહી બનેલાને અવારનવાર જમાડતાં જમાડતાં પ્રેમ વધે છે ને ? તો પછી જિનભક્તિ આદિ ધર્મ કરતાં કરતાં ધર્મ-પ્રેમ ધર્મશ્રદ્ધા ન વધી શકે ? એમ કહો,- ધર્મ-શ્રદ્ધાને વ્યક્ત થવાનું ધર્મ-ક્રિયામાં મળે છે. ધર્મ-શ્રદ્ધાને પુષ્ટ થવાનું ધર્મ-સેવનમાં બને છે. માત્ર ક્રિયામાં કુશળતા જોઈએ.

ચંદનબાળાને ભોંયરામાં ભૂખી ભૂખી પુરાવાનું આવ્યું. તો ત્યાં એણે ભૂખમરાથી સોસાવાને બદલે ઉપવાસ તપનો આચાર પાળવા માંડ્યો. તે પણ 'હાય ! ભૂખે મરવાનું આવ્યું તો તપ ન કરું તો બીજું શું કરું ?' એમ દીન હીન બનીને નહિ, પરંતુ 'વાહ ! મારા પ્રભુ કેવા ઉપકારી કે આવા સંયોગમાં ઉપવાસ તપ કમાઈ લેવાનું દેખાડ્યું !' એમ વિચારી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પુષ્ટ કરી. પછી એ ઉપવાસમાં ય પ્રભુ નામની 'નમો મહાવીરાય નમો મહાવીરાય' આવી કોઈ રટણા અને કર્મવિપાક વગેરે પ્રભુનું તત્ત્વચિંતન જમાવ્યું. એથી પછી શ્રદ્ધા કેમ જ્વલંત ન બને ? બસ, આ વાત છે,-જિનશાસનની કુશળતા એ શ્રદ્ધા-દેહને દેદીપ્યમાન કરનારો અલંકાર છે.

આજના બહુવિધ ભૌતિક પ્રવૃત્તિના યુગમાં આપણી દેવ ગુરુ ધર્મની શ્રદ્ધાને સુશોભિત કરવા માટે જિનશાસને ફરમાવેલ આચાર-અનુષ્ઠાનો કુશળપણે આરાધવાની પ્રવૃત્તિ અત્યંત આવશ્યક છે. કારણ એ છે કે ભૌતિક પ્રવૃત્તિઓથી મન ભૌતિકતાથી રંગાય છે. તો એવા મનને આધ્યાત્મિકતાથી રંગવું હોય તો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ખાલી કોરી ધર્મ-શ્રદ્ધાથી નહિ ચાલે, પણ ધાર્મિક પ્રવૃત્તિઓ દિલ દઈને કુશળપણે આરાધવી જોઈએ. એ ખૂબ ખૂબ આરાધતાં મન ધર્મપ્રેમ-ધર્મવૃત્તિથી રંગાય છે. પ્રવૃત્તિ બધી જ દુન્યવી હોય ત્યાં રંગ એના જ ચડે ધર્મના નહિ, એ સ્પષ્ટ છે.

માટે કહો, જિનશાસન-કથિત માર્ગ આરાધવાની કુશળતા અર્થાત્ માર્ગની કુશળ આરાધના અંતરમાં ધર્મનો રંગ ચડાવે છે. અંતરને ધર્મથી ભાવિત કરે છે, ધર્મશ્રદ્ધાને દીપ્તિમાન કરે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૮૦

## (૪૬) સુકૃત એ કર્તવ્ય : સુકૃતાનુમોદન-અહોભાવ એ મહાકર્તવ્ય

પૂર્વ લેખમાં એ જોયું કે સુકૃત મળ્યાના અહોભાવથી અને સુકૃતની અનુમોદનાથી ધર્મનો ઉલ્લાસ અખંડ બન્યો રહે ઉલ્લાસ વધતો રહે. અહીં એ જોઈએ કે સુકૃત એ કર્તવ્ય છે, પણ સુકૃતના આનંદ-અનુમોદન અને અહોભાવ એ કેમ મહાકર્તવ્ય બની જાય છે.

આપણે જાણીએ છીએ કે જેમ વેપારમાં રોકેલી મૂડીની સફળતા સારા નફાથી છે ખોટથી નહિ, એમ આ ભવમાં જીવનની સફળતા સુકૃતોથી છે, દુષ્કૃતોથી નહિ. જેમ વેપારમાં ખોટ પર ખોટમાં તો મૂડી બરબાદ ને અંતે રોવાનું થાય, એમ જીવનમાં દુષ્કૃત પર દુષ્કૃતોમાં માનવ જન્મરૂપી મહામૂડીની બરબાદી અને અંતે રોવાનું આવે.

એટલે જ આ જીવન દા.ત. શીલ, તપ, ભાવનાના સુકૃતોથી જિનભક્તિ, ગુરુસેવા, સંઘ-વાત્સલ્ય, જીવદયા, સામાયિક, પ્રતિક્રમણ, શાસ્ત્ર સ્વાધ્યાય, નવકારસ્મરણ વગેરે ધર્મસાધનારૂપી સુકૃતોથી તેમજ અહિંસા સત્ય વગેરે ધર્મ આસેવન રૂપી સુકૃતોથી અને ક્ષમા મૃદુતા લઘુતા વગેરે સદ્ગુણ અભ્યાસરૂપી સુકૃતોથી ભર્યું રાખવું જોઈએ જેથી જીવ્યું સફળ થાય, અર્થાત્ આત્માને મહાલાભમાં ઊતરે, મહાન ઉદય પમાડનારું થાય.

પરંતુ દુષ્કૃતો છોડી સુકૃતો આચરીએ માત્ર આટલેથી બસ નથી, કિન્તુ વિશેષ કર્તવ્ય સુકૃતોનો આનંદ અનુમોદન અને અહોભાવ છે. જો સુકૃત કર્તવ્ય છે તો સુકૃતાનુમોદનાદિ મહાકર્તવ્ય છે.



સુકૃતાનુમોદના સાથે અહોભાવ એ મહાકર્તવ્ય એટલા માટે છે કે (૧) સુકૃત કરતાં જે ભાવોલ્લાસ હોય છે એના કરતાં એની અનુમોદના અને અહોભાવમાં વધારે ભાવોલ્લાસ હોય છે.

ધર્મસાધના કરતી વખતે ભલે ઉલ્લાસ હોય છે પરંતુ ધર્મસાધનાની વચ્ચે કે પછી 'અહો ! કેવી સુંદર આ કરણી મને મળી !' એમ મનમાં આવે ત્યાં 'સંસારની કરણીઓ ભલે ભરચક રૂપિયા કે સુખ લાવી આપનારી હો, પણ આવી ધર્મકરણી જેવી સુંદર નહિ,' એવું ગર્ભિત બેઠું હોવાથી ધર્મકરણીની સુંદરતાના વિચાર પર ભાવોલ્લાસ વધી જાય છે.

સાધના વખતે સાધનાનો વિચાર હતો, ત્યારે આમાં સાધનાની સુંદરતાનો વિચાર છે, એ ભાવને વધારી દે છે.

શાલિભદ્રના જીવ સંગમે મુનિને થાળી ખીર વહોરાવી, એ ઊંચા ઉલ્લાસથી, પરંતુ એટલા માત્રથી શાલિભદ્રની મહાઋદ્ધિ નથી પામ્યા; અને એવી પણ મહાસમૃદ્ધિનો રોજને રોજ ત્યાગ નથી પામ્યા, કિન્તુ દાન વખતે કરેલ ખૂબ અનુમોદના-અહોભાવ, તથા દાન પછીથી મર્યો ત્યાં સુધી 'અહો ! કેવા કૃપાળુ ગુરુ મળ્યા ! કેવો ઉત્તમ ખીર ત્યાગ કરવા મળ્યો !' આ અહોભાવ કર્યે ગયો, અને ગુરુ તથા ત્યાગ-દાન મળ્યાનો અનહદ આનંદ માણતો રહ્યો,- આ અનુમોદના કર્યે રાખી, એના પ્રતાપે શાલિભદ્રના ભવમાં રોજ રોજ પૂર્વ દિવસની દેવતાઈ ૯૯ પેટીના જર-ઝવેરાતના માલનો એંઠવાડિયા કૂવામાં ત્યાગ કરતા રહ્યા, તથા ગુરુ મહાવીર પ્રભુ એવા મળ્યા કે સહેજ વાતમાં સર્વત્યાગ પર ચડી ગયા !

આ બતાવે છે કે પૂર્વે સુકૃતના ભાવોલ્લાસ કરતાં સુકૃતના વારંવાર કરેલ અહોભાવ અને અનુમોદનાના ભાવોલ્લાસ ખૂબ ઊંચા હશે જેણે સુકૃતનો પાવર વધારી દઈ ભવાંતરે મહાગુરુ અને મહાત્યાગ આપ્યા !

**સુકૃતનો અહોભાવ અને અનુમોદના એ સુકૃતનો પાવર સુકૃતનું સામર્થ્ય વધારી દેનારા છે.**

આ હિસાબે કહેવાય કે જો સુકૃત એ કર્તવ્ય છે, તો સુકૃતના અહોભાવ અને અનુમોદના મહાકર્તવ્ય બની જાય એ સ્વાભાવિક છે.

એમ બનવાનું બીજું કારણ એ છે સુકૃતના અહોભાવ સાથેની અનુમોદનામાં સુકૃત ઉપરનો રાગ સતેજ બને છે, ને એ પ્રતિપક્ષી દુષ્કૃત પર ભારે સૂગ-અરુચિ-અભાવ કરાવે છે. એથી જીવનમાંથી દુષ્કૃત ઓછા થવાને અવકાશ મળે છે. એકલા સુકૃત-સેવનથી આ ન બને; કેમ કે સુકૃત તો સેવતો હોય, પરંતુ એમાં જો એવો આનંદ ન હોય તો દુષ્કૃતના રાગને ધક્કો શી રીતે લાગે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દા.ત. ઉપવાસ તો કર્યો પણ કરવો પડે માટે કર્યો કિન્તુ એમાં એવો આનંદ અહોભાવ નથી કે 'અહો ! અહો ! આજે ખાવાની બલા છુટી ! કેવો સુંદર તપ સાધવા મળ્યો ! તો એવા આનંદ વિનાના એ એકલા તપસુકૃત માત્રથી, ખાનપાનના રસ પર અર્થાત્ આહાર-સંજ્ઞાના દુષ્કૃત પર ઘૃણા-અરુચિ-અભાવ ક્યાંથી થાય ?

ખ્યાલમાં રહે, સુકૃત કરીને આ કરવા જેવું છે કે પ્રતિસ્પર્ધી દુષ્કૃતનો રાગ ઘટે. દાનસુકૃત કરીએ તો એનાથી દાનના પ્રતિસ્પર્ધી યાને પ્રતિપક્ષી પરિગ્રહ-મમતારૂપી દુષ્કૃતનો રાગ ઘટવો જોઈએ. એ તો જ બને કે દાન-સુકૃતનો તીવ્રરાગ અહોભાવ અને ભરપૂર આનંદ અનુમોદના થાય.

સુકૃત એ કર્તવ્ય છે, પણ સુકૃતનો રાગ મહા કર્તવ્ય છે. એટલા માટે શાસ્ત્રે કહ્યું 'જે સુકૃત કરીને પાછળથી એની નિંદા સંતાપ કરે છે, એ સુકૃત-શક્તિનો નાશ કરે છે.' મમ્મણે પૂર્વ ભવે દાન સુંદર કર્યું, પરંતુ પછીથી 'હાય ! મેં ક્યાં લાડુનું દાન કર્યું !' એમ દાનનો સંતાપ કર્યો, દાનની નિંદા કરી, તો ભવાંતર માટે દાનસુકૃતની શક્તિ નાશ પામી ગઈ, તેથી મમ્મણના ભવે અઢળક ધન છતાં રાતા પૈસાનું ય દાનસુકૃત કરવા બુદ્ધિ જ ના થઈ, ને મહા કૃપણ મમ્મણ તરીકે ઓળખાયો.

આ સુકૃત-શક્તિ શું છે ? આ જ કે સુકૃત પર અનહદ રાગ, સુકૃત મળ્યાનો, અહોભાવ, સુકૃતના આનંદ-અનુમોદન. મમ્મણે આ ગુમાવ્યું તેથી પ્રતિપક્ષી મમતા-દુષ્કૃતનો રાગ ચડી બેઠો.

સારાંશ આ છે, કે ધર્મસાધના-ધર્મક્રિયા-ધર્મસેવન વગેરે સુકૃતની વચ્ચે વચ્ચે અને પછીથી પણ એના પર તીવ્રરાગ સાથે એ સુકૃત મળ્યાનો અહોભાવ તથા ભરપૂર આનંદ-અનુમોદના કરાય એજ મહાકર્તવ્ય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૨૦,તા.૨-૨-૧૯૮૦

## (૪૭) સુકૃતનો ઉત્સાહ કેમ વધે ?

માનવ જન્મ એ ઉત્તમ ક્ષેત્ર છે. જેમાં સુકૃતનાં પુણ્યોના અને સુસંસ્કારોના પાક ઉગાડી શકાય છે. જનમની આ ઉત્તમતા ન સમજે એ અજ્ઞાન માણસ આવા જન્મરૂપી ક્ષેત્રમાં દુષ્કૃત્યોનાં પાપના અને કુસંસ્કારોના પાક સર્જે છે, માનવ અવતારથી તો સુકૃતોના વૈભવ અને પુણ્યોની તવંગરતા કમાઈ લેવી જોઈએ, કેમ કે અંત સમયે માટીના વૈભવ તો વિખુટા પડી જાય છે, ત્યારે સુકૃતોના પુણ્ય-ભંડાર અને સુસંસ્કાર-નિધિ જીવની સાથે ચાલે છે. એટલે જો આ કરતાં ન આવડ્યું તો



દુષ્કૃતોનાં પાપના ગંજ અને કુસંસ્કારોની મૂડી પરભવે સાથે લાગવાની, જેથી ભવાંતરે દુઃખોના પોટલાં અને પાપિષ્ઠ જીવન ઊભા થવાના ! પરભવે જીવ પાપિષ્ઠ એટલે કેવી દુર્દશા ?

આ વસ્તુસ્થિતિ હોઈને, કોઈ મહારોગ કે કોઈ અણધાર્યા અકસ્માતથી બચી જતાં, દા.ત. રસ્તા પર પાસે થઈને બેજ આંગળના અંતરે કોઈ મોટી તોતિંગ મોટર બસ ધરરર કરતી ચાલી ગઈ ત્યાં હૈયાને ધડકારો થઈ જે વિચાર આવે છે કે 'હાશ ! આબાદ બચી ગયો,' ત્યાં ખરેખર શો વિચાર આવવો જોઈએ ? આ જ, કે-

'આ હું આબાદ બચી ગયો ને સુકૃતોના સંચય માટે અને પાપના ક્ષય માટે જીવતો જાગતો રહી ગયો છું, માટે હવે એ જ કરું. મરી ગયો હોત તો આ સુકૃત સંચય ક્યાંથી કરી શકવાનો હતો ? કે પાપોનો ક્ષય શી રીતે કરી શકવાનો હતો ?' વાત પણ સાચી છે કે કોઈ મુંઝવણ કે ભયને લીધે યા બેઆબરૂ થવાને લીધે આપઘાત કરવાનું ન વિચારતાં આ જ વિચારવાનું છે કે 'હજી હાથમાં રહેલ માનવ જિંદગી અમૂલ્ય છે. એમાં પાપોનો ક્ષય કરનારી જોરદાર જિનભક્તિ, સામાયિક, ભગીરથ તપ, વગેરે સાધનાઓ અને અર્હદ્‌ભક્તિ વગેરે સુકૃતો કરવાની તક છે, અવકાશ છે. એ તક જિંદગી એમજ આપઘાતથી ગુમાવીને, શું કામ ખોઈ નાખું ?'

આ વિચાર જાગતો હોય તો સુકૃત કરી લેવાનો ઉલ્લાસ નિરંતર રહ્યા કરે. પરંતુ સવાલ આ થાય છે કે,-

સુકૃતની ભાવના થયા પછી પણ સુકૃતનો ઉલ્લાસ મોળો કેમ પડે છે ?

એ જો બરાબર તપાસીએ તો દેખાશે કે જડપુદ્‌ગલના રસ જ્યારે વધી જાય છે ત્યારે એમ બને છે. દા.ત. દેવદર્શને જવું છે, ને ત્યાં કોઈએ આવીને સારા વેપારની આશા આપી, તો એનો રસ વધી જતાં, એની વાતો દહેરે જતાં મગજમાં ઘુમ્યા કરે છે. પછી મંદિરમાં પ્રભુનાં દર્શન કરતાં પૂર્વ દિવસ જેવો રસ નહિ રહે. એમ દાનનું સુકૃત કર્યે જવાની ભાવના થઈ, થોડું દાન કર્યે પણ ગયા, પરંતુ જો ઘરવાળાએ રોક્યા કે 'આમ દાન કર્યે જશો પછી છોકરા-છોકરી મોટા થતા જાય છે એનો વિચાર નહિ કરો ?' ત્યાં મન સુકૃતમાંથી પાછું પડે છે. આ નહિ ને બીજા પણ એવા નિમિત્તો બાહ્યથી આવી લાગે છે, અગર કલ્પનામાં ઊભા થાય છે. ત્યારે સવાલ આ રહે છે કે આવા નિમિત્તોની સામે સુકૃતનો ઉલ્લાસ મોળો ન પડે પણ વધતો ચાલે એ માટે શું કરવું ?

આનું સમાધાન સ્પષ્ટ છે કે જીવન જીવતાં આ એક ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે 'દુન્યવી બાબતો ભલે મહેનત માગે છે, પરંતુ સરવાળે તો કર્માનુસાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બનવાનું બને છે.' હવે જો આ ધ્યાનમાં રાખ્યું હોય તો જ્યાં સુકૃત ઉત્સાહ મંદ કરનારું કોઈ નિમિત્ત આવ્યું કે તરત મનને થશે કે 'અરે ! આ હું શું વિચારું છું ? આખર તો ભાગ્યાનુસાર બનવાનું છે પછી શા સારુ સુકૃતની આડે આવનારને બહુ મહત્ત્વ આપવું ? પૈસા અને સુખ તો ભાગ્યના જ પ્રમાણે મળવાના છે, ને ભાગ્ય મારી ઈચ્છાનુસારી વર્તે એમ નથી, ત્યારે ધર્મ-સુકૃત મારી ઈચ્છાનુસાર પુરુષાર્થ કરીશ એટલા પ્રમાણમાં થવાના જ છે. તો એ પુરુષાર્થ શા માટે ચૂકું ? આ વિચાર હોય તો સુકૃતમાં મંદતા ન આવે.

એક શેઠની પાસે ૯૯ લાખ રૂપિયા હતા. એક લાખ વધારીને હવેલી પર કોટિધ્વજ ચડાવવાની ઈચ્છાથી પરદેશ કમાવવા ગયો. ૨-૩ લાખ કમાઈ લાવ્યો પણ એટલામાં અહીં એક વખાર બળી, વેપારમાં ખોટ, એમ કરી ૨-૩ લાખની નુકસાની આવી, સરવાળે નવાણું લાખના નવાણું લાખ જ રહ્યા. ફરીથી પરદેશ ગયો, જેટલા કમાઈ લાવ્યો એટલા અહીં ગમે તે કારણે ઓછા થયા, છતાં 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ સૂત્ર લગાવી બાર વખત પરદેશ જઈ આવ્યો, પણ સરવાળે હાથ પર રૂપિયા નવાણું લાખના નવાણું લાખ જ રહ્યા.

ત્યારે એ ગયો સાધુ પાસે વંદન કરી હકીકત કહી પૂછે છે 'પ્રભુ ! કેમ મારે આમ થાય છે ?' સાધુ કહે, 'મહાનુભાવ ! શું આમાં તમને નથી લાગતું કે તમારું ભાગ્ય નવાણું લાખનું બંધાયેલું છે ? આ ઉત્તમભવમાં સુકૃતના પુરુષાર્થ કરવાની સોનેરી તક ગુમાવી આ પાપના પુરુષાર્થમાં કાં પડો ? મનને એમ કેમ નથી થતું કે, 'લાવ સુકૃતમાં ખરચવા દે, ભાગ્યમાં હશે તે ઓછું થવાનું નથી; ને સુકૃત કરવા જતાં મૂડી કદાચ ઓછી થશે તો ય પરભવની પુણ્ય મૂડીને ઉત્તમ સુકૃત સંસ્કારની મૂડી કેવી મજેની ઊભી થશે !' શેઠ સમજી ગયો બસ, હવે એણે મંદિર-જીર્ણોદ્ધાર, ભક્તિ-ઉત્સવ, ધર્મસ્થાન, યાત્રાસંઘ, ઉપધાન વગેરે વગેરે સુકૃત વરસો વરસ ક્રમસર કરવા માંડ્યા એમાં આશય માત્ર પરભવ માટે ધર્મસંસ્કારની મૂડી ભેગી કરવાનો હતો, એટલે 'સુકૃતમાં આટલા ખરચાયા' એમ સમજવાને બદલે સુકૃતમાં મૂડીનું investment અર્થાત્ રોકાણ થયું સમજતો. સુકૃતમાં ખરચવા છતાં શેઠને ભાગ્ય દૃઢ બંધાયેલાના હિસાબે વરસ દહાડાને અંતે નવાણું લાખના નવાણું લાખની મૂડી ઊભી રહે એટલી વેપારમાં કમાઈ થતી.

આ દૃષ્ટાંત પરથી મન પર એ લેવા જેવું છે કે "ધન મળવા-સચવાવાનું ભાગ્ય પર છે; તેથી એનો વિચાર ન કરતાં હંમેશાં સુકૃતના પુરુષાર્થની તક જોતો રહે, એ તક મળે એમાં બને તેટલી પ્રગતિ સાધતો રહું." આ મન પર રખાય તો સુકૃતનો ઉલ્લાસ મંદ ન પડતાં વધતો રહે.





## (૪૮) વીસસ્થાનક તપ એટલે માત્ર ઉપવાસ નહિ

શ્રી તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કરવામાં એક મહાન સાધન વીસસ્થાનક તપ છે. પરંતુ આ 'તપ' એટલે જો માત્ર ઉપવાસ આદિ તપસ્યા સમજીએ તો શ્રેણિક કૃષ્ણ મહારાજાએ તો ઉપવાસ કરેલા નહિ, તો એમને શી રીતે એ ઉત્કૃષ્ટ પુણ્ય મળ્યું ? વળી વીસસ્થાનકના તપ કરતાં કેટલોય અધિક તપ અન્ય મહાપુરુષોએ કરેલો તો એમને કેમ આ ઉત્કૃષ્ટ પુણ્ય ન મળ્યું ?

આનું સમાધાન આ છે કે વીસસ્થાનક તપ એટલે માત્ર તપસ્યા નહિ પરંતુ વીસસ્થાનકની આરાધના લેવાની છે. દા.ત. વીસસ્થાનકમાં પહેલું સ્થાનક અરિહંત પદ છે એનો તપ એટલે શું માત્ર ૨૦ ઉપવાસ કરી આપવાના ? ના, અરિહંત પદની શક્ય બધી જ આરાધના કરવાની.

પ્ર.- જો અરિહંત પદની બીજી આરાધનાઓ ન હોય તો શું અટકે ?

ઉ.- જો, તપસ્યા સિવાયની બીજી આરાધનાઓ ન હોય તો તો એની સામેની સંસારની પાપ સાધનાઓ જોરમાં ચાલ્યા કરવાની, ને એમ શું તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય ? એમ તો એ પુણ્ય તો બંધાવાનું દૂર રહ્યું, પરંતુ એ જ્વલંત સંસાર-સાધનાઓના રસના હિસાબે સમ્યક્ત્વના વિરોધી અનંતાનુબંધી રાગદ્વેષ સુલભ થઈ જવાના, અને તેથી મિથ્યાત્વ પણ મહાલતું રહેવાનું, તેમજ કષાયો વિષયાસક્તિ અને હિંસાદિ પાપસ્થાનકોનાં સેવન પણ એમજ ફાલ્યા-ફુલ્યા રહેવાનાં. એ તો જો અરિહંત પદની બીજી બીજી આરાધનાઓ જોરદાર ચાલતી હોય તો જ એ અનંતાનુબંધી રાગ-દ્વેષને તથા મિથ્યાત્વને તોડી નાખે, અને વિષયાસક્તિ-કષાયાવેશ અને હિંસાદિ પાપસ્થાનકો સેવાતાને મોળા પાડી દે. તો આ થયા વિના ભવસાગર તરવાનું ક્યાં સસ્તું પડ્યું છે ? જો પોતાને તરવાનું મોંઘું છે તો અરિહંત બની બીજાને તારવાની શક્તિ ય ક્યાં રસ્તામાં પડી છે તે મળી જાય ?

સારાંશ વીસસ્થાનકના પહેલા અરિહંત પદના તપમાં તપસ્યા ઉપરાંત અરિહંત પદની બીજી બીજી આરાધનાઓ કરાવી જ જોઈએ.

અરિહંત પદની આરાધનાઓમાં શું શું કરવાનું આવે ?

અરિહંત પર અથાગ પ્રેમ, ઊંચું બહુમાન અને 'મારે મન કિંમતી એક

અરિહંત' એવી અનન્ય શ્રદ્ધા કરવાની. વળી અરિહંતનું હાલતાં ને ચાલતાં સ્મરણ રાખવાનું. અરિહંતના ત્રિકાળ દર્શન પૂજન, અરિહંતના સ્તુતિ-સ્તોત્ર-સ્તવનથી ગુણગાન. અરિહંતને પ્રાર્થના, અરિહંત આગળ સ્વકૃત દુષ્કૃતના ખેદનું કથન. બીજાઓ આગળ અવસરે અવસરે અરિહંતની પ્રશંસા કરતા રહેવાય; તથા અરિહંતના સુકૃતોની અનુમોદના તો વારે ને વારે થયા કરે.

અરિહંતની આરાધનામાં અરિહંતના જિનમંદિરો બંધાવાય, જિનભક્તિ-મહોત્સવો ઉજવાય; રથયાત્રા યોજાય. તીર્થયાત્રાઓ કરાય; યાત્રાસંઘો કઢાય, એ શક્તિ ન હોય તો ય ૨-૫ જણને પણ તીર્થયાત્રા કરાવાય.

વળી અરિહંત પદની આરાધનામાં ખીરના એકાસણા વગેરે વ્રત રાખી અરિહંત એ ચતુરાક્ષરી મંત્રનો અથવા નમો અરિહંતાણં એ સપ્તાક્ષરી મંત્રનો ૧ ક્રોડ જાપ, તે પણ મોકે મોકે એક દિવસમાં ઓછામાં ઓછા ૫૦૦ માળા જેટલો જાપ કરી કરીને જેથી મન પર અરિહંત યા નમો અરિહંતાણંના અજપા જાપની ધૂન લાગી જાય.

એમ, અરિહંતની આરાધનામાં ૨૪ તીર્થંકર ભગવાનના ચરિત્ર વારંવાર વંચાય. ઉપરાંત જનતા પણ સાંભળે એ માટે ગુરુ પાસે એ વંચાવાય, જનસમાજમાં અરિહંતની ભક્તિ આવે માયા લાગે એવા પ્રલોભક આયોજનો કરાય. પોતાને પણ અરિહંત પ્રભુના ગુણોથી ભાવિત કરતા રહેવાય.

અરિહંતની આરાધનામાં અરિહંતના ગુણોના અનુભવ જ્ઞાન કરતા રહેવાય. અર્થાત્ દા.ત. અરિહંત પ્રભુએ સાધના-કાળમાં ભયંકર ઉપસર્ગમાં પણ ઉચ્ચ કોટિની ક્ષમા કરુણા રાખી તો પોતે કલ્પનાથી પોતાના પર એવા ઉપદ્રવ આવેલા સમજી પોતે ક્ષમાનું આંતર સંવેદન કરતા રહેવાય. એમ ઉપશમ, ઉદારતા, ગંભીરતા, તપનાં કષ્ટની સહનવૃત્તિ વગેરે વગેરે ગુણોનાં કલ્પનાથી આંતર સંવેદન કરતા રહેવાય.

તાત્પર્ય આ છે કે અરિહંતની જીવનભર એવી વિવિધ આરાધનાઓ સતત કરતા રહેવાય કે પોતાને લાગે કે જાણે પોતાનો આત્મા અરિહંતમય થઈ ગયો છે. જીવનમાં બીજી પ્રવૃત્તિઓ ય કરવાની રહે છે. પરંતુ એમાં ય એક યા બીજી રીતે અરિહંતની ધુમધામ ચાલ્યા કરે.

વીસસ્થાનકમાં બીજા પણ પદોનો તપ એટલે તે તે પદનો તપસ્યા ઉપરાંત આવી આરાધના કરતાં રહેવાનું.





## (૪૯) દૂધપાકમાં ઝેર અને વિષ્ઠાનો કણ

જીવનું ધર્મ વિના કલ્યાણ નથી. જો દુનિયાદારીથી કલ્યાણ થતું હોત, તો તો આખી દુનિયા દુનિયાદારી કરતી આવી છે તો આખી દુનિયાનું કલ્યાણ થઈ ગયું હોત; બધા જ જીવ મોક્ષ પામી ગયા હોત ! એમ બન્યું નથી એ સૂચવે છે કે ધર્મ વિના કલ્યાણ નહિ. જીવનમાં ધર્મનું જ મહત્ત્વ છે.

બીજી રીતે જોઈએ તો પરમ પુરુષ શ્રી તીર્થંકર ભગવાન સુધીના મહાપુરુષો ધર્મ સાધીને જ પરમ પુરુષ અને મહાપુરુષ બન્યા છે, અને એમના ચીલે ચીલે જગત પણ ધર્મ સાધતું આવ્યું છે. એ પણ સૂચવે છે કે માનવ ભવમાં ધર્મનું ઊંચું મહત્ત્વ છે, ધર્મથી જ આત્માનું હિત છે.

ત્યારે એ પણ એક દૃષ્ટિ છે કે આપણે જગત પાસેથી આ અપેક્ષા રાખીએ છીએ કે 'કોઈ મારી હિંસા ન કરે, મારી પ્રત્યે જૂઠ ન બોલે, મારી વસ્તુની ચોરી ન કરે, મારી સ્ત્રી સાથે દુરાચાર ન કરે. મારી સામે, હું ખોઈને કોઈ માલદાર પરિગ્રહી ન બને. મારી સામે કોઈ ગુસ્સો ન કરે...વગેરે. આમ આપણી પ્રત્યે બીજાઓ અહિંસા સત્ય વગેરે તેમજ ક્ષમા નમ્રતા વગેરે આચરે એ અપેક્ષા પણ શાની અપેક્ષા છે ? ધર્મની જ અપેક્ષા છે કે 'દુનિયા મારી પ્રત્યે ધર્મ આચરે, અધર્મ નહિ.' સામાનું આપણી પ્રત્યે ધર્મ વર્તાવથી જ કલ્યાણ થાય' એવી આપણી સમજ છે. આ પણ ધર્મનું જ મહત્ત્વ સૂચવે છે.

ત્યારે અહીં કેટલાકો જનમથી સુખી હોય છે, એ એમની પૂર્વ ભવની ધર્મસાધનાના લીધે જ છે. નહિતર જનમતાં શો પુરુષાર્થ કર્યો હતો કે શ્રીમંત બની ગયો ? એ તો પૂર્વ ભવના ધર્મ પુરુષાર્થનું જ ફળ છે. એમ પાપ કરનારા દુનિયામાં ઘણા, પરંતુ એમાંના કોઈ કોઈને જ સારી સંપત્તિ વગેરે સુખ મળે છે, એ પણ એમની પૂર્વભવની વિશેષતાને લીધે હોવાનું સૂચવે છે. આ વિશેષતા તે ધર્મની સાધના જ છે. એ પણ ધર્મનું જ મહત્ત્વ સૂચવે છે.

સવાલ થાય કે 'જો પૂર્વ ધર્મથી અહીં સુખ મળ્યું, તો અહીં એવા પાપી કેમ ?' એનો જવાબ એ છે કે એમણે પૂર્વે ધર્મ તો સારો સાધ્યો, પરંતુ સાથે સાથે ધર્મના ફળમાં માત્ર દુન્યવી સુખની તીવ્ર લાલસા રાખી, એ લાલસાએ દિલમાં પાપભાવ મજબૂત કર્યો એના સંસ્કાર અહીં જીવને પાપિષ્ઠ ન બનાવે તો શું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બનાવે ? બાકી 'સુખ મળ્યું એ તો પૂર્વના ધર્મના પ્રભાવે જ,' એમ કહ્યા વિના ચાલે નહિ. શુદ્ધ આત્મ કલ્યાણની લાલસા એ અમૃત છે, ને 'શુદ્ધ' એટલે કે એકલા પૌદ્ગલિક સુખની જ લાલસા એ ઝેર છે. અમૃતથી અમૃત મળે, ઝેરથી ઝેર મળે. ધર્મ સાધીને ય જો પૌદ્ગલિક સુખો જ જોઈએ છે, તો એ ઝેર-મિશ્રિત ધર્મ-સાધના છે. એ પાપાનુબંધી પુણ્ય આપે છે ને એથી ભવાંતરે પુણ્યથી સુખ તો મળે, પણ એ સુખ નકરી પાપ લાલસાના ઝેરથી મિશ્રિત મળે, કેમ કે પૂર્વ ભવેથી એ જ પાપ લાલસાનો અભ્યાસ લઈ આવ્યો છે. પાપભાવનાના વારસામાં પાપભાવના મળે, ધર્મભાવનાના વારસામાં ધર્મભાવના મળે. અને ધર્મના વારસામાં સુખ મળે. એટલે એટલું નિશ્ચિત છે કે સુખ કે કલ્યાણ તો ધર્મથી જ થાય, એ ધર્મનું મહત્ત્વ સૂચવે છે. વળી એ પણ સૂચવે છે કે ધર્મ સાધના જરૂર કરો, પરંતુ સાથે સાથે ધર્મ વેચવાનું ન કરો, દુન્યવી સુખની જ લાલસા રાખવામાં ધર્મને વેચવાનું થાય છે. 'હું આટલો ધર્મ કરી આપું છું ને મને આ ધર્મથી દુનિયાનાં સુખ સન્માન મળો' એ નિર્ધાર એ ધર્મનું વેચાણ છે. ધર્મ સાથે શું આ સોદો નથી કે 'હું તને સાધું ને તું મને આટલું દુન્યવી સુખ આપ ?' આ સોદાબાજીમાં ધર્મ તો બહારથી સધાય છે, પરંતુ અંદરખાને આત્માના અંતરમાં ધર્મભાવ નહિ, પણ નર્યો પાપભાવ પોષાય છે.

**દુન્યવી સુખ સાહ્યબીની ઉત્કટ લાલસા એ પાપભાવ છે.**

"માટે એ જેમ એ ધર્મસાધનામાં ઝેરનો કણિયો છે એમ ધર્મ સાધના વખતે હૈયામાં (૧) વૈર-વિરોધ, (૨) દુઃખી પાપી પ્રત્યે દ્વેષ કઠોરભાવ, (૩) સુખી કે ગુણી પ્રત્યે ઈર્ષ્યાભાવ, અથવા (૪) પરચિંતા-પરપિંજણ-પરદોષદર્શન એ દૂધપાકમાં વિષ્ઠાના કણ જેવા છે.

શાસ્ત્ર કહે છે, 'સર્વજ્ઞના વચન મુજબનું ધર્માનુષ્ઠાન પણ જો મૈત્રી આદિ ભાવથી યુક્ત હોય, તો જ તે ધર્મ છે.' મૈત્રી આદિ ભાવને બદલે શત્રુતા-વૈર-વિરોધ-દ્વેષ આદિ ભાવ હોય, તો તે ધર્માનુષ્ઠાન પણ ધર્મરૂપ ન બની શકે.

મૈત્રી એટલે સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ. કરુણા એટલે દુઃખી પાપી અધર્મી કે ભૂલભાલ કરનાર પ્રત્યે દયાભાવ. પ્રમોદ એટલે ગુણવાન પ્રત્યે હરખ રાજીપો; અને મધ્યસ્થભાવ એટલે પરના દોષ પ્રત્યે ઉપેક્ષા ભાવ. એમાં પરચિંતા, પરસંતાપ, પરની પંચાતી કૂટવાની નહિ.

હૈયામાં જો કોઈના પ્રત્યે દુશ્મનભાવ-વૈરવિરોધ, અંટસ લાવીએ તો મૈત્રીભાવ નષ્ટ થાય, દુઃખી પ્રત્યે 'એના પાપે દુઃખી છે આપણે શું કરીએ ?' એમ



કઠોરભાવ લાવીએ, પાપી અધર્મી કે ભૂલ કરનાર પ્રત્યે આ નાલાયક છે હરામખોર છે એમ દ્વેષ રોષ લાવીએ તો કરુણાભાવ નષ્ટ થાય. એમ બીજાના ગુણ, સુકૃત અને ધર્મકાર્ય પ્રત્યે ઈર્ષ્યા-અસૂયા લાવીએ કે 'જોયો જોયો એનો ગુણ દંભી છે, અભિમાની છે, જોયું એનું સુકૃત. બાપનું બુધવારું સુકૃત ?' એમ ઈર્ષ્યા અસહિષ્ણુતા લાવીએ તો પ્રમોદભાવ નષ્ટ થાય. એમ પરના દોષો જ જોયા કરીએ, 'આ બરાબર છે, ને પેલા એવા છે'... એમ પરની હલકાઈ જ દેખ્યા કરીએ તો મધ્યસ્થભાવ નષ્ટ થાય.

ધર્મ સાધના કરતી વખતે મૈત્રી આદિ ભાવોના આ વિરોધીભાવ જો હૈયામાં હોય, તો એ ભાવો હૈયાને એવું પકડી લે છે કે ત્યાં હૈયામાં ધર્મનો ભાવ ધર્મપરિણતિ ન આવવા દે.

શાસ્ત્ર કહે છે 'હૈયામાં કાં સંકલેશ હોય, યા વિશુદ્ધિ હોય.' સંકલેશ એટલે અશુભ પરિણામ. વિશુદ્ધિ એટલે શુભ પરિણામ. બે પરિણામ એક સાથે ન હોય. અશુભ હોય તો તો શુભ નહિ, શુભ હોય તો અશુભ નહિ. રાગ-દ્વેષ, કામ-ક્રોધ-માન વગેરે કષાયો તરફ હૈયાનો ઝોક એ સંકલેશ છે, અશુભ ચિત્તપરિણામ છે, વૈરાગ્ય-ક્ષમા-ઉપશમ તરફ હૈયાનો ઝોક એ વિશુદ્ધિ છે, એ શુભ પરિણામ છે.

ધર્મ સાધના કરીએ એ હૈયામાં શુભ પરિણામ જગાવવા માટે ધર્મ સાધનાથી શુભ પરિણામ જાગે છે. દા.ત. વીતરાગના દર્શન પૂજન કે સ્મરણ કરીએ એથી વીતરાગના ગુણોની અનુમોદનાનો ભાવ મનમાં આવે છે, એ શુભ પરિણામ છે. એમાં આપણા રાગ દ્વેષાદિ અશુભ ભાવની ગર્ભિત નિંદા-ગર્હા-સંતાપ રહે છે.

હવે જુઓ કે હૈયામાં કોઈના પ્રત્યે વૈરભાવ આવ્યો, દ્વેષભાવ આવ્યો, કે ઈર્ષ્યાભાવ યા પરદોષ નીરખવાનો ભાવ આવ્યો, તો તે કષાય તરફ ઝોક છે, સંકલેશ છે, અશુભ પરિણામ છે. અશુભ ભાવ હોય ત્યાં ધર્મનો શુભ પરિણામ ન ઊભો રહે, કે ન આવી શકે.

સારાંશ, ધર્માનુષ્ઠાન એ જો દૂધપાક છે, તો એમાં વૈરભાવ અ-મૈત્રી વગેરે એ વિષ્ઠાના કણ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૫૦) આત્માની ઉન્નતિ આંતરિક ધર્મભાવથી

**(લેખાંક-૧)**

આત્માની ઉન્નતિ ધર્મ પર આધારિત છે. બોલો 'હૃદયમાં ધર્મના ભાવ છે ? દયા-દાન-શીલ વગેરેના પરિણામ છે ?' જો, હા, તો એ આત્માની ઉન્નતિ છે, એના બદલે દિલમાં જો પાપના ભાવ છે, પાપના એટલે કે ૧૮ પાપસ્થાનકના; હિંસાના આરંભ-સમારંભના ભાવ છે. જૂઠના, ચોરી-અનીતિના કે પરિગ્રહના ભાવ છે, જો શબ્દાદિ વિષયો અંગેના રાગ દ્વેષના ભાવ છે, મનગમતા શબ્દાદિ સાંભળવા-જોવા-ચાખવા વગેરેના ભાવ છે, ઇન્દ્રિયોને ઠીક લાગે એવું કરવાના ભાવ છે, તો એ પાપના ભાવ છે, ને એથી આત્માની ઉન્નતિ નહિ, પણ અવનતિ છે, આત્માનું ઉર્ધ્વગમન નહિ, પણ અધઃપતન છે.

એમ જો સારાં સારાં ખાનપાન, ધનમાલના પરિગ્રહ, ટેસથી નિંદ્રા-આરામી... વગેરેના ભાવ છે, અથવા ક્રોધ-અભિમાન-માયા-લોભ વગેરે કષાયના ભાવ દિલમાં તગમગતા છે તો એ પાપના ભાવ છે, ને એથી આત્માની અવનતિ છે.

એથી ઊલટું, જો જીવદયા-અહિંસાના ભાવ છે, તપના ભાવ, ત્યાગના ભાવ, દાનના ભાવ છે, શીલ-સદાચાર-બ્રહ્મચર્યના ભાવ છે, અર્થાત્ જો હૈયાનું આંતરિક વલણ ધર્મભાવનું છે, તો જ આત્માની ઉન્નતિ છે. દા.ત. ભલે બહારથી દાન તો દીધું, પરંતુ જો હૈયામાં કચવાટ છે કે, 'ક્યાં મારે દેવાનું આવ્યું ? ક્યાં અહીં ફસાઈ પડ્યો ? આટલી રકમ મારે ઓછી થઈ,' તો આ બહારથી ધર્મ પણ અંદરખાને અધર્મ છે, પાપનો ભાવ છે.

એથી ઊલટું, દાન દેવા પર રાજી તો થયા, પરંતુ એમ સમજીને કે 'ચાલો આપણી તકતી લાગશે પૈસા લેખે લાગ્યા,' અથવા સારું પુણ્ય થયું પૈસા સારા મલશે, દેવલોકના સુખ મળશે, અહીં પ્રતિષ્ઠા-વાહવાહ-સન્માન સારાં મળશે,' તો આ બધા પણ પાપના જ ભાવ છે, અને એમાં આત્માની અવનતિ છે, માટે જ્ઞાનીઓ કહે છે,- 'એકલું બહારનું શું જુએ ? અંદરનું જો.'

દા.ત. બહારથી પૂજારીને ઇનામ તો દઈ દીધું પરંતુ અંદરખાને એ ભાવ છે કે 'ચાલો ઇનામ દઈએ છીએ તો પૂજારી આપણી સગવડ સારી સાચવશે,' તો એ ભાવ પાપનો ભાવ છે. એના બદલે જો મનને એમ થાય કે, ઇનામથી પૂજારી પ્રભુની આશાતના નહિ કરે, ભક્તિ સારી કરશે,' તો એ ધર્મનો ભાવ છે, એમ



બહારથી બ્રહ્મચર્ય લીધું. પરંતુ અંદરખાને 'ચાલો બ્રહ્મચર્ય પાળવાથી શરીર-શક્તિ સારી રહેશે, તો રોગો ઓછા જાગશે, ખાનપાન સારાં પચશે, જીવન સુખાકારી ચાલશે,' આવા ભાવ હોય તો તે પાપના ભાવ છે; અથવા જો અંદરખાને અબ્રહ્મનાં મીઠાં સ્મરણ છે. 'મારે અબ્રહ્મની ક્રિયા નહિ કરવાની, બાકી સ્પર્શ-રૂપદર્શન વગેરેનો નિયમ નથી કર્યો, એટલે એની છુટ છે એ સારું છે,' એવો ભાવ હોય તો તે પણ પાપભાવ છે.

એમ બહારથી તો 'ખામેમિ સવ્વ જીવે' બોલે, પણ અંદરખાને કોઈના પર શત્રુતા હોય, વૈર-વિરોધ-અંટસ હોય, તો એ પાપભાવ છે. એમ બહારથી તો પૂજા-પ્રતિક્રમણ વગેરે ધર્મસાધના ચાલુ છે, પરંતુ અંદરખાને બીજાની ભૂલો જોવાના ભાવ છે, ભૂલ કરનાર પ્રત્યે જો દયા નહિ પણ દ્વેષ થાય છે; એમ આપણાથી સવાઈ સાધના કરનાર પ્રત્યે ઈર્ષ્યા થાય છે કે, 'આ શાનો આગળ વધી ગયો ? પ્રપંચી છે, અભિમાની છે,' વગેરે. અર્થાત્ પ્રમોદભાવને બદલે અસૂયા-અસહિષ્ણુતા-દોષદૃષ્ટિ વગેરે હૈયામાં મહાલતા છે, તેમ એ સરાસર પાપભાવ છે. એમાં પછી બહારથી ધર્મ સાધવા છતાં હૈયામાં ધર્મભાવ શાનો રહી શકે ? જો માણસ બાહ્ય સાધનામાં તો કોઈ કમીના નથી રાખતો પણ હૈયે પાપભાવ છે, તો છતે ધર્મે એમાં તો આત્માનું અધઃપતન કરી રહ્યો છે, આ કેવી દુર્દશા ગણાય !

ત્યારે જો આમ આત્માની ઉન્નતિના ફાંફાં, તો ઉન્નતિમાં તો સંવેગ લાવવાની તો વાતે ય શી ?

ઉન્નતિના કેમ ફાંફા છે ? ઉપરના દાખલાઓમાં જોઈએ તો દેખાય કે,

(૧) મૂળ પાયામાં સંસાર પ્રત્યે અને વિષયો પ્રત્યે વૈરાગ્ય જળહળતો નથી માટે જડપુદ્ગલના રસ બેફામ પ્રવર્તે છે. ખરી રીતે વૈરાગ્ય ઝગમગતો જોઈએ.

(૨) બીજું એ, કે ધર્મ સાધે છે પરંતુ અંદરખાને મૈત્રી-કરુણા આદિ ભાવોને બદલે વૈર-વિરોધ-દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા, પરસંતાપ-પરતપ્તિ વગેરે પાપભાવ સ્ફુરે છે, માટે ધર્મભાવ અને આત્મ-ઉન્નતિના વાંધા છે. ત્યાં ખરેખર તો એ અમૈત્રી આદિ અટકાવી મૈત્રી-કરુણા આદિથી હૈયું ભીનું ભીનું રાખવું જોઈએ. એમ,

(૩) ત્રીજું એ, કે ધર્મસાધનામાં આળસ-પ્રમાદ-નિરુત્સાહ-નીરસતા કરાતા હોય છે, ને દુનિયાદારી રસપૂર્વક કરાતી હોય છે. તેથી હૈયામાં પાપભાવો રમતા રહે છે. એ મિટાવવા દુન્યવી પ્રવૃત્તિ ઓછી કરી નાખવી જોઈએ, અને ધર્મ-પ્રવૃત્તિ સારી કરતા રહેવું જોઈએ. આમ ઉન્નતિના ૩ કારણ,- વૈરાગ્ય, મૈત્રી આદિ ભાવ, અને ધર્મસાધનાનો ઉત્સાહ ભર્યો ઉદ્યમ જળહળતો જોઈએ.

હવે જો ઉન્નતિમાં વેગ લાવવો છે, તો એ માટે વિચારીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

# (૫૧) આંતરિક ધર્મભાવમાં જોસ કેમ આવે ?

(લેખાંક-૨)

ગત લેખાંકમાં એ જોયું કે આત્માની ઉન્નતિ આંતરિક ધર્મપરિણતિ-ધર્મભાવથી થાય છે, ને એ ધર્મભાવ ત્રણ વસ્તુ પર આધારિત છે. (૧) જિનોક્ત ધર્મસાધનાઓ-ધર્માનુષ્ઠાનો, (૨) વૈરાગ્ય અને (૩) મૈત્રી આદિ ભાવો આ ત્રણથી અંતરમાં તેવો તેવો ધર્મપરિણામ-ધર્મભાવ જાગે છે. હવે એ વિચારવું છે કે હૈયામાં ધર્મભાવમાં જોસ ફોર્સ કેમ આવે ? વેગ કેમ આવે ?

આનો સીધો જવાબ એ છે કે આ ત્રણે ય ઉપાયમાં જોસ વધારવાથી આંતરિક ધર્મભાવમાં જોસ આવે. પરંતુ એ કેવી રીતે બનતું હશે અને એમાં કેવી કેવી પદ્ધતિ અજમાવવી એ જાણવું જરૂરી છે, જેથી એનો અમલ અભ્યાસ કરી શકાય.

પહેલો ઉપાય આ, કે જિનોક્ત ધર્મસાધનાઓ અને ધર્માનુષ્ઠાનમાં જોસ વધારીએ. એ જેમ વધે તેમ આંતરિક ધર્મ પરિણતિમાં જોસ આવે. ધર્મ સાધનાઓમાં જોસ એટલે, દા.ત. દેવદર્શન-પૂજા કરીએ તો (૧) એમાં ખૂબ ઓતપ્રોત થઈને કરીએ, એવાં એમાં તન્મય થઈ જઈએ કે આજુબાજુ શું ચાલી રહ્યું છે એની ખબર જ ન પડે, તેમજ આજુબાજુનું જોવા-સાંભળવાની જરાય આતુરતા ન હોય, ત્યાં જરાય આંખ-કાન ન લઈ જઈએ, સહેજ પણ ડાફોડીયું ન મારીએ.

(૨) બીજું એ, કે દેવદર્શનાદિ સાધનામાં ઊંચો અહોભાવ લાવીએ. મનને એમ થાય કે 'અહો ! આ કેવું અનન્ય અનુપમ અતિ કિંમતી અને અતિ દુર્લભ વીતરાગ ભગવાનનું દર્શન પૂજન વગેરે કરવાનું મને મળ્યું ! કેવું મારું અહોભાગ્ય !' એમ વચમાં વચમાં અહોભાવ આવ્યા કરે તો એનાથી પણ એ સાધનામાં જોસ એવો ચડે કે એમાં બીજા ત્રીજા વિચાર ન આવે. આવ્યા તો તરત ચાલી જાય.

(૩) વળી એ ધર્માનુષ્ઠાન બરાબર વિધિસર કરીએ ને એમાં રંગાઈ જઈને કરીએ. વિદ્યામંત્ર સાધવાની જેમ ધર્મસાધના સધાતી ચાલે.

(૪) વળી એ ધર્મક્રિયા દા.ત. દેવપૂજામાં આપણા પોતાનાં સારાં વધુ સારાં દ્રવ્યો જોડીએ, તે એમ સમજીને કે 'લક્ષ્મી તો નાશવંત છે, જવાવાળી છે, તેમજ રહી ત્યાં સુધી તે મારા અને કુટુંબના વિષય વિલાસ મમતા તથા ષટ્કાય જીવોના



સંહારમાં વપરાવાની છે. માટે એ જેટલી પ્રભુભક્તિમાં જાય એટલી સારી.' એમ આપણાં દ્રવ્ય પ્રભુ-પૂજામાં અહોભાગ્ય માનીને જોડીએ; તેથી પણ અંતરમાં ધર્મ પરિણતિનું જોસ વધે.

(૫) ધર્મ સાધનામાં એક ધ્યાન રાખવાનું છે કે એ જિનેશ્વર ભગવાને કરવાની ફરમાવી છે માટે આપણે એ કરીએ છીએ, એટલે એમાં ગર્ભિત રીતે ભગવાનના વચન પર અથાગ શ્રદ્ધા યાને સમ્યગ્દર્શન જળહળતું રાખવાનું. તેથી એ શ્રદ્ધા ને એ જિનવચન-રાગમાં પણ જોસ વધારવાનો છે. જિનવચન પર શ્રદ્ધા-રાગ-મમતા જેટલા જોસિલા બનાવીએ, એટલો ધર્મ સાધનામાં જોસ વધે ઉલ્લાસ વધે. માટે તો શાસ્ત્રે કહ્યું,-

**જેટલી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ વધે, એનું જોશ વધે, એટલી ચારિત્રની વિશુદ્ધિ વધે.** તેથી જ ચારિત્ર લીધા પછી પણ સમ્યગ્દર્શનનો પાવર વધારવા માટે શક્તિ હોય તો દર્શનશાસ્ત્ર જેવાં કે **સંમતિ તર્ક** વગેરે ભણવા પર ખાસ ભાર મૂક્યો. એ માટે બીજો ઉપાય ન હોય તો દોષિત પણ આહાર લઈને એ ભણવાની છુટ આપી. કેમ વારુ ? સમ્યગ્દર્શન યાને સર્વજ્ઞવચનપ્રેમ-શ્રદ્ધા જેમ વધુ વિકસે એટલી ચારિત્ર ધર્મસાધનામાં વિશુદ્ધિ વધે, જોસ પાવર વધે. સંમતિ તર્ક વગેરે દર્શનશાસ્ત્રમાં મિથ્યાદર્શનની માન્યતાઓનું ખંડન કરીને જૈન માન્યતાઓ જિનોક્ત તત્ત્વો અને સિદ્ધાંતોની સત્યતા અને સર્વોપરિતા સાબિત કરી છે. એ ભણવાથી જિનવચન પર પક્કી અને જોરદાર શ્રદ્ધા થાય છે એટલે પછી 'અહો ! શું આવા અકાટ્ય અને સર્વેસર્વા સત્ય જિનવચનોએ આ ચારિત્ર વગેરે ધર્માનુષ્ઠાન ફરમાવ્યા છે ? ને એવાં જિનવચનોથી ફરમાયેલા ચારિત્ર વગેરે ધર્માનુષ્ઠાન મને આચરવા મળ્યા ?' એમ કરીને ચારિત્રાદિમાં ભાવ વધારાય છે.

ચારિત્ર એટલે (૧) મહાવ્રતો તેમજ સામાયિકનો સમભાવ અને (૨) સમિતિ-ગુપ્તિ તથા પ્રતિક્રમણ-પડિલેહણ-સ્વાધ્યાયાદિ ધર્માનુષ્ઠાનો; એમાં જોમ જોસ ઉલ્લાસ વધે છે. એમ ગૃહસ્થ શ્રાવકને પણ દાન-શીલ-તપ-ભાવનાઓ તથા જિનભક્તિ-સાધુસેવા-જીવદયા વગેરે સાધનાઓમાં, સમ્યગ્દર્શન વધુ જોરદાર બનાવવાથી જોમ જોસ ઉલ્લાસ વધે, એમાં નવાઈ નથી. એ વધે એટલે સાધુને ને શ્રાવકને આંતરિક ધર્મભાવમાં જોસ આવે, પ્રબળતા આવે, એ સહજ છે.

(૨) આંતરિક ધર્મભાવમાં જોસ લાવવા બીજો ઉપાય વૈરાગ્યમાં જોસ લાવવો એ છે.

વૈરાગ્યનો પાવર વધારવાથી સંસારના પદાર્થો વધુ અસાર માલ વિનાના અને સંસારની ક્રિયાઓ વધુ બેકાર-નિષ્ફળ લાગે છે. વૈરાગ્ય એટલે જ સાંસારિક



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પદાર્થો અસાર, અને સાંસારિક ક્રિયા બેકાર લાગે, અસાર એટલે તદ્દન માલ વિનાની અને બેકાર એટલે તદ્દન નિષ્ફળ વ્યર્થ, ફજુલ. જ્યારે વૈરાગ્યનો પાવર વધારવાથી સાંસારિક પદાર્થ વધુ માલ વિનાના અને બેકાર લાગ્યા એટલે પૂર્વે જે એ પદાર્થોના મોહની અસરમાં ધર્મસાધનાઓ લુખ્ખી થતી હતી, તે હવે એવા મોહની અસર નહિ રહેવાથી ધર્મસાધનાઓ ભાવભીની થાય છે. વૈરાગ્ય વધવાથી જ્યાં સાંસારિક વસ્તુ અને ક્રિયા ખૂબ અસર ને બેકાર લાગી એટલે એની સામે મહા કારગત લાગેલી ધર્મપ્રવૃત્તિ-ધર્મસાધનાઓમાં જોસ જોમ ઉલ્લાસ વધે, એમાં નવાઈ નહિ.

આજે ઘણા માણસોની ફરિયાદ છે કે 'અમને ધર્મક્રિયામાં એટલો રસ નથી આવતો,' પરંતુ એનું કારણ વિચારતા નથી. ધર્મમાં રસ ન આવવાનું કારણ વૈરાગ્યની ખામી છે એટલે કે સાંસારિક પદાર્થો અને પ્રવૃત્તિ એવા અસાર અને બેકાર લાગ્યા નથી, તેથી એનો આંધળો મોહ નડી રહ્યો છે. એટલે એ દુન્યવી પદાર્થો-પ્રવૃત્તિઓનો ભારે રસ છે, તેથી પછી ધર્મમાં રસ ક્યાંથી આવે ? ધર્મમાં રસ લાવવો હોય તો કરવા જેવું આ છે કે મનને દુન્યવી પદાર્થ સરવાળે તદ્દન અસાર અને માલ વિનાના લગાડવા અને દેવ-ગુરુ-ધર્મ, મંદિર-ઉપાશ્રય, શાસ્ત્ર, તીર્થ વગેરેને સારભૂત માલવાળા લગાડવા. વળી સાંસારિક ક્રિયાઓ સરવાળે બેકાર છે, એમ મનને લગાડવું, અને ધર્મક્રિયાઓ, ધર્મસાધનાઓ જ કારગત છે; એમ મનને લગાડવું-ઠસાવવું. એથી પછી દુન્યવી પદાર્થ-પ્રવૃત્તિમાં રસ ઓછા થશે, નીરસતા આવશે.

આમ કરી ધર્મનો રસ વધારવો. એ વધે તેમ તેમ ધર્મમાં પ્રવૃત્તિ અને જિનવાણી-શ્રવણ કરતા રહેવાથી વૈરાગ્ય વધતો રહેશે અને તેથી આંતરિક ધર્મપરિણતિ ધર્મભાવ પણ વિકસતો રહેશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૮૦

## (૫૨) (લેખાંક-૩)

જીવનમાં જીતવાનું છે માત્ર બાહ્ય ધર્મસાધના પર નહિ, કિન્તુ અંતરમાં ધર્મપરિણતિ-ધર્મભાવ જાગે એના પર; કેમ કે અંતરની જ ધર્મપરિણતિ-ધર્મભાવ વધતાં વધતાં પરાકાષ્ઠાએ વીતરાગ ભાવ સુધી પહોંચે છે. એ વીતરાગ ભાવ આવે એટલે જીવન સંપૂર્ણ જીતી ગયા. પછી કાંઈ સાધવાનું રહેતું નથી. એટલા જ માટે આંતરિક ધર્મભાવમાં ઉલ્લાસ-જોસ-પાવર વધારવાની જરૂર છે. એ વધારવા



માટે ગત લેખમાં બે ઉપાય વિચાર્યા,- (૧) ધર્મસાધનામાં જોસ લાવવો; અને (૨) વૈરાગ્યમાં જોસ લાવવો, હવે (૩) ત્રીજો ઉપાય મૈત્રીભાવમાં જોસ લાવવો, એ અંગે વિચારીએ.

ધર્મપરિણતિમાં જોસ લાવવા માટે એ ઉપાય વિચાર્યા. (૧) ધર્મસાધનામાં જોસ લાવવાનો, અને (૨) બીજું વૈરાગ્યમાં જોસ લાવવાનો, (૩) હવે ત્રીજો ઉપાય તે મૈત્રીઆદિ ભાવોમાં જોસ લાવવાનો એ વિચારીએ.

શાસ્ત્રે જ્યારે ધર્મની વ્યાખ્યામાં મૈત્રીઆદિ ભાવનો યોગ સાધવાનો આવશ્યક કહ્યો છે, તો પછી એ સહજ છે કે એટલા અંશમાં ય જોસ આવે તો આંતરિક ધર્મપરિણતિમાં જોસ આવે, આ માટેની યુક્તિ શી ? તે હવે જોઈએ.

કેટલીક વાર માણસ ઈર્ષ્યાથી ધર્મ કરવા જાય છે. દા.ત. 'ફલાણાએ શું તપ કર્યો ? હું ય તપ કરી બતાવું.' એમ ધારીને તપસ્યા કરે છે. અથવા 'ફલાણો શું ઓચ્છવ કરે ? હું સારો ઓચ્છવ કરી બતાવું.' 'ફલાણો સૂત્ર-સ્તવન શું બોલે છે ? હું સારું બોલી બતાવું.' આમ હૈયામાં જ્યાં ઈર્ષ્યાનો ભાવ છે, અર્થાત્ જ્યાં બહારથી ધર્મસાધના સારી કરી દેખાડવાનો ભાવ છે. ત્યાં, અલબત્ત ધર્મસાધના સારી કરશે. દા.ત. બહારથી તપસ્યા પ્રમાદ કર્યા વિના અને તપ સાથે બીજી ધર્મક્રિયાઓ પણ અપ્રમતપણે કરવા લક્ષ રહે છે, પરંતુ એમાં કાંઈ અંતરમાં તપધર્મનો પરિણામ ન ઊભો થાય. બહારથી સારું કરી દેખાડ્યું એ જુદી વસ્તુ છે, ને નિરાશંસભાવે તપ કરવો અર્થાત્ બીજી ત્રીજી ઇચ્છા એટલે કે સારામાં સારી ધર્મક્રિયા કરી દેખાડવા વગેરેની ઇચ્છા વિનાનો તપ કરવો એ જુદી ચીજ છે. એવા નિરાશંસપણે કરાતા તપમાં તો અંતરમાં તપની-પરિણતિ આવે એટલે કે આહાર-સંજ્ઞાના નિગ્રહપૂર્વક તપ ધર્મની અર્થાત્ આહારની લપ છુટ્યાની ખુશી ખુશાલી સાથે તપનાં ભાવ આવે. મનને થાય કે 'ચાલો પાપી આહારની વેઠ ટળી, પર ઘરમાંથી અર્થાત્ જડપુદ્‌ગલની ગુલામીમાંથી નીકળી આત્મ-ઘરમાં વસવાનું મળ્યું !' હવે જો દિલમાં ઈર્ષ્યા યાને બીજા પર દ્વેષનો ભાવ અને સારું કરી દેખાડવાનો અભિમાનનો ભાવ રમતો હોય ત્યાં કષાયના ભાવ રહ્યાથી આહારની ઇચ્છાનું પાપ ટળ્યાની ખુશીનો ભાવ અર્થાત્ અંશે અનાહારી આત્મસ્વરૂપમાં, બીજા શબ્દમાં કહીએ તો, આત્માના શુદ્ધસ્વરૂપના અંશમાં રમણતાનો ભાવ ક્યાંથી જાગે ?

હૈયામાં ઈર્ષ્યા છે, ધર્મ કરી દેખાડવાનો ભાવ છે. એ શું છે ? ઈર્ષ્યામાં એ દ્વેષનો અને અહંત્વનો ભાવ છે, ત્યારે તપની પરિણતિમાં ખુશાલી પૂર્વક અંશે અનાહરીપણાનો ભાવ છે. અપ્રશસ્ત દ્વેષ અને પ્રશસ્ત ખુશાલી એ સાથે શી રીતે રહી શકે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એટલે જ એ આવશ્યક છે કે અંતરમાં શુદ્ધ ધર્મપરિણતિ જગાવવા માટે આ દ્વેષ-અભિમાનરૂપ ઈર્ષ્યાને રોકવી જોઈએ; ને એ રોકાય મૈત્રીભાવ-પ્રમોદભાવથી, માટે કહ્યું ધર્મપરિણતિ બનાવવા ધર્મ-અનુષ્ઠાન મૈત્રીઆદિ ભાવથી યુક્ત હોવું જોઈએ.

હવે આ મૈત્રી-પ્રમોદભાવ જેટલો જોરદાર બનાવાય એટલો ધર્મપરિણતિ ધર્મભાવમાં જોસ આવે. એ માટે વિચારાય કે 'હું સામા પર દ્વેષ શા માટે કરું ? એણે તપ કર્યો ઓચ્છવ કર્યો એટલે કે ધર્મ કર્યો એથી શું મારો ગુનેગાર છે તે એના પ્રત્યે દ્વેષ ધરું ?

મારા પ્રત્યે પાપ કરીને ગુનેગાર દેખાતો હોય તો ય કર્મને જ ગુનેગાર માની એ ધણીને ગુનેગાર નથી માનવાનો અને એના પર દ્વેષ નથી કરવાનો, પણ સ્નેહભાવ, મૈત્રીભાવ રાખવાનો છે; તો પછી આમાં તો એણે પાપ નહિ પણ તપ વગેરે કોઈ ધર્મ કર્યો છે, અને મને જ્યારે ધર્મ ગમે છે, ધર્મ પર માન છે, પછી એ શું મારો ધર્મ કે શું બીજાનો ધર્મ, એના પર તો રાજીપો જ જોઈએ. પછી ધર્મના કારણે એના પર દ્વેષ ઈર્ષ્યા કેમ જ કરાય ? જીવમાત્ર પર સ્નેહભાવ તે મૈત્રીભાવ. સામો જીવ છે, તો એ જીવ હોવાની રૂએ એના પર સ્નેહભાવ જ રખાય, દ્વેષ નહિ.

વળી એનામાં તપ એ ગુણ છે, ધર્મ છે, તેથી એના પર પ્રમોદ જ કરાય, આનંદ જ રખાય; ઈર્ષ્યા નહિ, દ્વેષ નહિ. તો જ મને ધર્મ કે ગુણ ગમ્યો ગણાય, ને અંતરમાં સાચી ધર્મ-પરિણતિ આવે. ધર્મ-પરિણતિ લાવવા માટે પહેલા નંબરમાં ધર્મ ગમવો જોઈએ, ભલે પછી એ બીજાનો ધર્મ હોય. મૈત્રી ને પ્રમોદભાવથી બીજાનો ધર્મ બીજાનો ગુણ ગમતો થાય છે, અને એથી આપણા અંતરમાં ધર્મપ્રેમપૂર્વક ધર્મ-પરિણામ ઊભો થાય છે.

હવે જો આપણે આ મૈત્રી-પ્રમોદ ભાવમાં જોસ લાવીએ અર્થાત્ સામા પર અને સામાના ધર્મ-ગુણ પર પ્રેમ વધારીએ તેથી સામા પર અધિક સ્નેહભાવ-પ્રમોદભાવ આવે, તો સહજ છે કે આપણા અંતરમાં ધર્મ-ગુણ પર અધિક રાગ થવાથી ધર્મ પરિણતિમાં જોસ આવે.

એક સવાલ બાકી રહે છે કે ધર્મ કે ગુણ અંગે ઈર્ષ્યાભાવ આવતો હોય તો તે તો ઉપરોક્ત વિચારણાથી રોકી શકાય, પરંતુ સામાની લક્ષ્મી-સત્તા-પ્રતિષ્ઠા અંગે ઈર્ષ્યાભાવ આવતો હોય તો તે શી રીતે રોકવો ?

ઉ.- એ પણ રોકવા માટે આ વિચારવાનું કે 'હું ગમે તેટલું બળું, બખાળા કાઢું, પરંતુ સંપત્તિ, સત્તા, કે પ્રતિષ્ઠા એના પુણ્યથી એને મળી અને મળતી



રહેવાની છે. તો મારે એના પર શા સારું બળવું ? બળવાથી મારું શું ઊપજવાનું છે ? બળતરાથી ધારું તો ય એને ય હાનિ નથી કરી શકવાનો, તેમ મારું ય પુણ્ય નથી વધારી શકવાનો, તાત્પર્ય, શું ઈર્ષ્યા-દ્વેષ કે શું વેર-વિરોધ, યા શું પરદોષ-દૃષ્ટિ, એ કશું સાર નહિ નિપજાવનારા બલ્કે હૈયું બગાડનારા અને ધર્મભાવ ધર્મપરિણતિને ખત્મ કરનારા છે. ને એમ હોવાથી એને દૂર હટાવી મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થને હૃદયમાં સ્થિર કરવા જોઈએ, એટલું જ નહિ; પણ વૈર-વિરોધાદિ દિલમાં ઊઠે જ નહિ એટલા માટે મૈત્રી આદિ ભાવોમાં જોસ વધારતા રહેવું, એનો પાવર વધારતા રહેવું જોઈએ. એથી આંતરિક ધર્મભાવ-ધર્મપરિણતિમાં પણ જોસ વધતો રહેશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૨૮,તા.૨૩-૯-૧૯૮૦

## (૫૩) 'સમ્યગ્દર્શન બળિયો રે'

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રીપાળરાસ નવપદ મહિમાની ઢાળમાં સમ્યગ્દર્શનના ગુણ ગાતાં કહે છે 'સમ્યગ્દર્શન બળિયો રે' અર્થાત્ સમ્યગ્દર્શનનો આત્મ પરિણામ બળવાન છે, સમ્યગ્દર્શનની આ બળવત્તા અનેક રીતે વિચારી શકાય છે, એમાંની કેટલીક વિચારણા અહીં કરવામાં આવે છે.

સમ્યગ્દર્શન જિનોક્ત તત્ત્વની સમ્યક્ શ્રદ્ધારૂપ છે, આ સમ્યક્ તત્ત્વશ્રદ્ધા એટલે સમ્યક્ તત્ત્વદૃષ્ટિ, મોટા ભાગે માણસ જે જીવન જીવે છે એમાં વસ્તુને મોહની દૃષ્ટિથી જુએ છે. દા.ત. પાસે બહુ પૈસા છે તો એમજ સમજે છે કે 'આપણે સુખી છીએ, આપણને કોઈ વાતે ચિંતા નથી; કેમ કે પૈસા ભરપૂર છે એટલે ધારી સગવડ સાહ્યબી ભોગવી શકશું.' આ પૈસાના મહત્ત્વની અને મમત્ત્વની દૃષ્ટિ છે એટલે કે મોહની દૃષ્ટિ છે, અજ્ઞાન દૃષ્ટિ છે; કેમ કે પોતાના આત્માના પુણ્યને અને પુણ્ય પાછળના સુકૃત-શુભભાવોને મહત્ત્વ આપવાને બદલે, ને એની જ મમત્તા કરવાને બદલે પુણ્યને પરાધીન અને પુણ્ય ખાઈ જનારા જડ પૈસાને મહત્ત્વ આપી એનું મમત્ત્વ કરી રહ્યો છે ! પરંતુ એને ખબર નથી કે જ્યારે પુણ્ય પરવાર્યું ત્યારે પૈસા ઊડી જવાના છે, તેમજ જેટલા પૈસા ભેગા થાય છે એટલું પુણ્ય વટાવાતું જાય છે. હવે જો માણસને આ પુણ્ય અને એને ઊભું કરનારા સુકૃતો તથા શુભભાવો પર દૃષ્ટિ જ નથી, તો એ માણસ શું કરવાનો ? પૈસાને અંતિમ સત્ય માની એ કેમ ભેગા કરવા, કેમ સંઘરી રાખવા, અને કેમ એનાથી ભોગ-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

વિલાસ તથા મદ અને સન્માન પ્રાપ્ત કરી લેવું, એટલું જ જોવાનો. એમાં પૈસા કમાવા ખાતર જરૂર લાગી તો જુઠ-ડફાણ, અનીતિ-અન્યાય તથા મહા પાપમય ધંધા-ધાપા કરવાનો; તેમજ પૈસા સંઘરી રાખવામાં આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરવાનો. વળી પૈસાથી રંગરાગને ભોગ-વિલાસ ઉડાવવામાં એના હૈયે પારાવાર વિષયાસક્તિ, તીવ્ર ભોગલાલસા અને અનહદ જડપ્રીતિ છવાઈ રહેવાના છે. આમાં ક્યાંય પરલોક ચિંતા ?

ત્યારે સમ્યક્ તત્ત્વદૃષ્ટિવાળો શ્રીમંતાઈમાં આ જ જોયા કરશે કે ''આ પૈસા એ તો પૂર્વના પુણ્યનું ફળ છે, ને એ પુણ્ય સુકૃત તથા શુભભાવોથી ઊભું થયેલું છે. માટે મારે સાવધાન રહેવા જેવું છે કે આ પૈસા દુષ્કૃતો અને મલિન ભાવો પોષનારા ન બને.'' પૈસા પ્રત્યે આ તત્ત્વદૃષ્ટિ હોય એટલે શક્ય એટલા પ્રમાણમાં જિનભક્તિ, સાધુસેવા, દયા, દાન, શીલ, તપ, આદિ સુકૃતો સાધવાની અને સદા દિલમાં મૈત્રી, કરુણા, ક્ષમા, વૈરાગ્ય આદિ શુભભાવો રમતા રાખવાની ચીવટ રાખવાનો.

આમ તત્ત્વશ્રદ્ધા યાને તત્ત્વદૃષ્ટિ રાખનાર અને નહિ રાખનારમાં કેટલો મોટો ફરક !

તત્ત્વદૃષ્ટિ વિનાનાને ગરીબાઈ હશે તો તે ય એને પાપવિચારો અને દુર્ધ્યાનમાં સડતો રાખશે એને એમ થશે કે 'હાય ! કેવી ગરીબી ! આજની સમાજ-પદ્ધતિ અને મોટા ઉદ્યોગોએ કેવો દાટ વાળ્યો છે કે મૂડીવાળાઓને ઘેર ધનના ઢગલા થાય છે. ને બીજાઓ ગરીબીમાં સડે છે !' આમ શ્રીમંતો પર દ્વેષ રહ્યા કરશે, ને વળશે કાંઈ નહિ.

ત્યારે તત્ત્વદૃષ્ટિવાળો તો જોશે કે 'આ ગરીબાઈ મારા પૂર્વના અશુભ કર્મના પ્રતાપે છે, ને એ ભોગવી લીધાથી મારા એ અશુભ કર્મ ઓછા જ થતા જાય છે. તેમ અહીં નવાં અશુભ કર્મ ન બાંધું.'

આ તત્ત્વદૃષ્ટિ હોય એટલે એને હાયવોય કરવાની કે દુર્ધ્યાન કરવાની જરૂર રહેતી નથી. જ્યાં અશુભ કર્મના કચરા નીકળી જતા હોય ત્યાં શું કામ હાયવોય કરે ? દૃષ્ટિ સમ્યક્ અને નિર્મળ બને એનો પ્રભાવ મોટો છે, જીવન જીવવાની પદ્ધતિ જ ફેરવી નાખી એને પ્રશાંતતા, પ્રસન્નતા અને પ્રફુલ્લિતતાભરી કરી દે છે. આ સમ્યગ્દર્શનની બળવત્તા છે.

સમ્યક્ત્વની એક બળવત્તા એ છે કે એ થોડા પણ જ્ઞાનને સમ્યક્ બનાવી દે છે, ને એ જ્ઞાન આત્મામાં એવો પ્રકાશ અને પરિણતિ ઊભી કરી દે છે, કે જ્યાં



સમ્યક્ત્વ વિનાના મોટા પંડિત પણ અવસરે મુંઝવણ અને દુર્ધ્યાનમાં ફસાતા હોય ત્યાં આ જ્ઞાન-પરિણતિવાળો ભવ્યાત્મા સ્વસ્થ બન્યો રહે.

કંડરીક એક હજાર વર્ષનો સંયમી અને શાસ્ત્રો ભણેલો પણ અંતકાળે સમ્યક્ત્વ ગુમાવી પેટની પીડામાં રૌદ્રધ્યાનમાં મર્યો તો સાતમી નરકે ગયો અને એના મોટાભાઈ પુંડરીક જીવનના છેલ્લા બે દિવસના સંયમી પારણું કરી પેટની પીડામાં અંતકાળ આવતાં સમ્યક્ત્વના બળે જે કાંઈ થોડું સમ્યગ્જ્ઞાન પામેલા એની ઉત્તમ પરિણતિમાં ધર્મધ્યાનમાં ચડ્યા ને મરીને અનુત્તર વિમાનમાં પહોંચ્યા ! સમ્યક્ત્વની કેવી બળવત્તા !

સમ્યક્ત્વની વળી એક બળવત્તા એ છે કે જેમ જેમ સમ્યક્ત્વ વધુ ને વધુ નિર્મળ કરતા રહેવાય તેમ તેમ દાનાદિ ધર્મસાધના અને સંયમ સાધનામાં વેગ ઉલ્લાસ અને તન્મયતા વધતા જાય છે, કારણ આ જ છે કે સમ્યક્ત્વ એટલે સમ્યગ્દૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિ, એ વધુ તેજસ્વી બનતાં આત્મહિતકર તત્ત્વોનું આકર્ષણ વધતું જાય છે, એની મમતા અને લગન વધતી જાય છે, તેથી આરાધનામાં જોમ વધે એ સહજ છે.

સમ્યગ્દર્શનની બળવત્તા બીજી પણ અનેક રીતે વિચારવા જેવી છે, જેથી જીવન જીવતાં સમ્યક્ત્વ સિદ્ધિની મહા ઝંખના અને પ્રયત્ન જાગતો રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૨૯,તા.૫-૪-૧૯૮૦

## (૫૪) જિનશાસનમાં સાધકનું મુખ્ય લક્ષ્ય સ્વોપકાર

### (લેખાંક-૧)

શાલિભદ્ર અને ધનાજીએ મહાવૈરાગ્યથી ચારિત્ર લીધું અને ચારિત્રનું પાલન કરતાં કરતાં જ્ઞાનધ્યાન અને સાધ્વાચારો સાધવા સાથે કઠોર તપ એવાં આદર્યાં કે એમની કાયા સુકાતી ગઈ, તે એવી હાડપિંજર શી બની કે જ્યારે પ્રભુની સાથે વિહાર કરતાં પાછાં રાજગૃહીમાં પધાર્યા અને માસખમણના પારણે બંને મહામુનિ શાલિભદ્રની સંસારીપણાની હવેલી આગળ ગોચરી માટે જઈ ઊભા, તો કોઈએ એમને ઓળખ્યા નહિ, બોલાવ્યા નહિ એટલે ત્યાંથી પાછા વળી ગયા, ને રસ્તામાં શાલિભદ્રની પૂર્વભવની માતાએ દહીં વહોરાવ્યું, તે લાવી તેનાથી પારણું કરી પ્રભુ મહાવીર પરમાત્માની આજ્ઞા માગે છે,-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

"ભગવન્ ! આ કાયા હવે સાવ ઘસાઈ ગઈ છે, ક્યારે અચાનક દગો દે એનો ભરોસો નથી, તેથી હવે આ કાયામાંથી આરાધનાનો અંતિમ કસ ખેંચી લેવા જાવજ્જીવના અનશનની આજ્ઞા પ્રસાદ કરો."

ભગવાને 'જહાસુહં દેવાણુપ્પિયા ! મા પડિબંધં કુણહ' અર્થાત્ 'હે દેવાનુપ્રિય ! જેમ તમારા આત્માને સુખ ઊપજે એમ કરો. એમ કરવા માટે ક્યાંય મમત્વ કરશો નહિ;'- એમ કહીને આજ્ઞા આપી; અને આ બે મહામુનિએ વૈભારગિરિ પર જઈ શિલા પર પોતાની હાડપિંજરશી કાયાને એવી સુવરાવી દીધી કે હવે જીવનના અંત સમય સુધી એને લેશ પણ સ્વેચ્છાથી હલાવવાની નહિ ! મતલબ, પાદપોપગમન અનશનથી જીવન ભરનો કાયોત્સર્ગ કરી દીધો.

અહીં સાવલ એ થાય છે કે "શાલિભદ્રને બાપ દેવતા જ નવાણું દેવતાઈ પેટી માલ ભરી મોકલતા હતા, તે હવે જો શાલિભદ્ર મુનિ બન્યા છે, તો એમના હાથે પરોપકાર કરાવવામાં દેવતા મહાસહાયક થાય એવો સંભવ છે, તેમજ શાલિભદ્ર મહાત્યાગ કરી સંયમી મુનિ બન્યા છે, એટલે લોકમાં સારા વિખ્યાત થયેલા છે, એ પરોપકાર કરવા જુદા વિચરે તો લોકો એમનો ઉપદેશ સાંભળી કેટલાય ધર્મ પામી જાય, ને એ રીતે એ મહાન પરોપકાર કરી શકતે.

એમ ધનાજી અભયકુમાર મહામંત્રીની ગેરહાજરીમાં મહારાજા શ્રેણિકના મહામંત્રી બનેલા હતા એટલા બુદ્ધિમાન હતા, તેમજ રાજગૃહીના એક મહાધનાઢ્ય તરીકે પણ પંકાયેલા હતા; તો એ પણ મુનિ ધન્યમુનિ બની જુદા વિચરી ધર્મનો ઉપદેશ રેલાવી અનેકોને ધર્મ પમાડવાનો મહાન પરોપકાર કરી શકતે.

છતાં આ બંને મહામુનિઓ એ તરફ ધ્યાન લઈ જવાને બદલે ચારિત્ર લઈને આકરી તપસ્યાથી અને રસ-કસ-સુખશીલતાના મહાત્યાગથી એમણે કાયાને કેમ સુકવવા માંડી ? તેમજ એવી કાયાથી ય કેમ જુદા વિચરી લોકોને તપસ્વી-દર્શનદાન અને ઉપદેશ કરવાનો ઉપકાર કરનારા ન બન્યા ?

આ સવાલનો જવાબ જૈન શાસન આ આપે છે કે આત્માએ મુખ્યપણે સ્વોપકાર સાધવાનો છે. પરોપકાર તો સ્વોપકાર સાચવીને પછી શક્તિ અનુસાર કરવાનો છે. શ્રી ભવભાવના શાસ્ત્રના પ્રારંભે આ વિધાન મળે છે. મોટા બાહુબળ મુનિ, સનત્કુમાર ચક્રવર્તીમુનિ, મેઘકુમારમુનિ, નંદીષેણમુનિ, ધન્ના અણગાર વગેરેનાં જીવનમાં આ દેખાય છે કે એમણે ઘોર તપસ્યા, મહાત્યાગ, અને કઠોર પરીસહ સહન વગેરેથી સ્વોપકાર જ કરવાનું રાખેલું.



ખુદ તીર્થંકરદેવો પણ ચારિત્ર લઈને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્વોપકારની જ સાધના કરતા મૌનપણે વિચરે છે. એટલા માટે તો ભગવાન મહાવીર સ્વામીએ આર્યભૂમિ પર પોતાના ભારે કર્મ ખપે એવાં કષ્ટ સહવાનાં નથી મળતાં માટે ખપે એવા નથી તેથી મહા કષ્ટદાયી અનાર્ય ભૂમિ પર છ મહિના વિચરવાનું રાખેલું. જોવા જઈએ તો અનાર્ય ભૂમિ પર અનાર્યો પ્રભુને કદર્થના કરીને ઘોર પાપ બાંધનાર હતા, તો પ્રભુએ પરોપકાર ખાતર એમની દયા કેમ ન વિચારી કે 'બિચારા મારા નિમિત્તે ઘોર કર્મ બાંધશે ? માટે મારે અનાર્ય દેશમાં ન જવું.' આવું કેમ ન વિચાર્યું ? કહો, પ્રભુને લક્ષ્ય હતું પોતાના કર્મની નિર્જરા કરવાનું, એટલે કે સ્વોપકાર કરવાનું જ લક્ષ્ય હતું, તેથી એટલું જ વિચાર્યું.

પ્ર.- **તો શું સ્વોપકારની ધૂનમાં પ્રભુએ અનાર્યો પર ઘોર કર્મ બંધાવવાનો અપકાર થવાનું વિસાર્યું ?**

ઉ.- ના, અપકાર કર્યો ત્યારે કહેવાય કે જો પ્રભુએ એમને દુષ્ટ બુદ્ધિ કરાવી હોત, દુષ્ટ બુદ્ધિ શીખવાડી હોત પરંતુ અહીં તો અનાર્યો જાતે જ દુષ્ટ બુદ્ધિવાળા હતા એટલે ઘોર કર્મ બાંધવામાં જાતની જ દુષ્ટબુદ્ધિ જાતના જ અતિ સંકલિષ્ટ પરિણામ જવાબદાર હતા. દા.ત. મીરાંબાઈ જેવા મર્યાદિત વેશવાળી સ્ત્રીને જોઈ કામી માણસ મોહિત થાય તો એમાં કાંઈ એ સ્ત્રી જવાબદાર નથી એમાં તો કામીની પોતાની જ દુષ્ટબુદ્ધિ કારણ છે. જેમ કે સીતાને જોઈને રાવણ મોહિત થયો, તો એના મોહમાં સીતા જવાબદાર નથી, રાવણની પોતાની જ દુષ્ટબુદ્ધિ કારણ છે. દુષ્ટબુદ્ધિ સીતાએ નથી જગાવી, તેથી મહાસતી સીતા રાવણને મોહ થવામાં કારણ ન કહેવાય, રાવણ પર અપકાર કરનારી ન કહેવાય, પરંતુ જો કોઈ સ્ત્રી ઉદ્ભટ વેશ પહેરી નીકળે ને અચાનક એને જોઈ સારા માણસને પણ વિકાર જાગે, તો એ સ્ત્રી એને દુષ્ટબુદ્ધિ જગાવનારી કહેવાય, એના પર અપકાર કરનારી કહેવાય.

બસ, આ રીતે સુશીલ મર્યાદા સંપન્ન સતી જેમ દર્શનનું નિમિત્ત આપી કામી પર અપકાર કરનારી ન કહેવાય. એમ મહાવીર ભગવાન અનાર્યોને દર્શન આપી એમના પર અપકાર કરનારા ન કહેવાય.

સારાંશ, જિનશાસનમાં શ્રી તીર્થંકર ભગવાન જેવા પણ જો સાધના કાળમાં સ્વોપકાર મુખ્ય કરનારા છે, તો આપણા જેવાએ તો સ્વોપકારને મુખ્ય બનાવવો જ જોઈએ એમાં પૂછવાનું જ શું ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૫૫) (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે 'જિનશાસનના સાધકે સ્વોપકારનું મુખ્ય લક્ષ્ય રાખવાનું છે,' અને એ માટે સ્વોપકારની જ સાધનામાં લીન તીર્થંકર ભગવાનથી માંડી શાલિભદ્ર વગેરે મહામુનિઓનાં દૃષ્ટાંત જોયાં. અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- તો પછી શ્રી 'લલિત વિસ્તરા' શાસ્ત્રમાં 'પુરુષોત્તમ' પદની વ્યાખ્યામાં જે કહ્યું છે કે "તીર્થંકર ભગવાન હંમેશાં સ્વાર્થને ગૌણ અને પરાર્થને મુખ્ય કરનાર હોય છે" તેનું કેમ ?

ઉ.- એ-જે કહ્યું છે એનો અર્થ એ, કે ભગવાન પોતાના લૌકિક સ્વાર્થને ગૌણ કરનારા અને પરના ભલાને મુખ્ય કરનારા હોય છે. યાવત્ છેલ્લા ભવમાં તો પરાર્થોદ્યત જ હોય છે, અર્થાત્ ચારિત્ર લઈને પોતાના લૌકિક સ્વાર્થને ભૂલનારા એટલે કે પોતાની સુખ-સગવડ-આરામીને બિલકુલ નહિ જોનારા, અને 'પરાર્થ-ઉદ્યત જ' એટલે કે 'બીજા જીવોની હિંસા વિચારણાથી પણ ન થાય ને પોતાના નિમિત્તથી બીજાને લેશપણ દુઃખ ન થાય'- એ જોનારા હોય છે. આમાં પોતાના આત્માના ઉપકાર રૂપે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ અહિંસા-સત્ય વગેરેનું પાલન તથા ઉત્કૃષ્ટ ક્ષમા, સંયમ, સ્વાધ્યાય, તત્ત્વચિંતન આદિને ગૌણ કરવાની જરાય વાત નથી હોતી. એ સ્વોપકારને મુખ્ય જ રાખે છે, ને સ્વોપકારની જ સાધનામાં ઠેઠ કેવળજ્ઞાન પામે ત્યાં સુધી લીન હોય છે. અલબત્ત એમાં પરાર્થ-ઉદ્યતતા અંતર્ગત જ છે. ચારિત્ર-જીવનમાં પ્રભુનો મોટો ભાગ ધ્યાનની સાધનામાં જાય છે એ શું છે ? સ્વોપકારની જ સાધના. પોતાને અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન જેવી અદ્‌ભુત શક્તિ હોવા છતાં એના બળે એ જીવોને ઉપદેશ કરી પરોપકાર કરવા નીકળી પડતા નથી. અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- તો પછી પૂર્વે અને અત્યારે આચાર્યાદિ મુનિઓ ઉપદેશ વગેરે પરોપકાર કરે છે, ત્યાં સ્વોપકારનું મુખ્ય લક્ષ્ય ક્યાં રહ્યું ?

ઉ.- સ્વોપકાર કરતી વખતે પરોપકારની મનાઈ નથી; શક્ય પરોપકાર કરવાનો છે, કિન્તુ સ્વોપકારને ગુમાવીને નહિ. કેમ કે જૈન શાસનનું આ સૂત્ર છે કે **'પહેલો સ્વોપકાર, ને પછી શક્તિ હોય એટલો પરોપકાર.'** આચાર્ય આદિ મુનિઓ જુએ કે પોતાની સાધના અર્થાત્ સાધુપણાના આચારોનું પાલન પોતાના ગજા સુધીનું સંપૂર્ણ થઈ રહ્યું છે, તેમજ જ્ઞાનસંપત્તિ પોતાની શક્તિ પહોંચે એટલી પ્રાપ્ત કરી લીધી છે, ને હવે એમાં આગળ વધાય એમ નથી, તેમજ પ્રાપ્ત જ્ઞાન-



સંપત્તિનું પારાયણ દ્વારા સંરક્ષણ થઈ રહ્યું છે, તો હવે સમય બચે છે એનું શું કરવાનું ? તો કે જીવોને ધર્મનો ઉપદેશ દેવા વગેરેનો પરોપકાર શક્ય એટલો કરવાનો. તો એ શક્તિ અનુસાર એ કરે છે. ત્યાં પણ જુઓ સ્વોપકારની કેવી સુંદર દૃષ્ટિ છે.

મુનિઓ ઉપદેશનો પરોપકાર કરે છે એમાં પણ એ જુએ છે કે એમાં પોતાનો ઉપકાર અર્થાત્ પોતાનું હિત સધાતું રહે છે ને ? દા.ત. ઉપદેશ આપે એમાંય એ ભાવના છે કે :-

(૧) હું લોકોને ઉપદેશ આપું છું એ મારી જાતને પણ લાગુ પાડી રહ્યો છું ને ?

(૨) 'ઉપદેશની વસ્તુ હું જાતે પણ શક્તિ અનુસાર આચરી રહ્યો છું ને ?

(૩) ઉપદેશ દઈનેય મારે 'પરત્થકરણ'ની જિનાજ્ઞા પાળવી છે.'

(૪) શ્રોતા જીવો ઉપદેશ સાંભળી પ્રભુનું શાસન પામે તો એમનું ભલુંય થાય, ને મારા પરમ ઉપકારી શાસન પ્રત્યે મારે યત્કિંચિત્ કૃતજ્ઞતા અદા થાય.

આ બધી ભાવનાઓ શું સૂચવે છે ? પોતાના સ્વોપકારનું જાગતું લક્ષ્ય સૂચવે છે.

ત્યારે જેનામાં આ ભાવનાઓ નથી ને એટલી જ ભાવના છે કે,- 'બીજાઓને પમાડી દઉં,' ને પછી આખો દિવસ 'બીજાઓને કેમ પોતાનું વ્યાખ્યાન ગમી જાય' એટલું જ જોયા કરે છે. એને 'પોતાને કશું પામવાનું છે, પોતાની સ્ખલનાઓને પોતાના રાગદ્વેષાદિ કષાયો ઓછા કરતા ચાલવાનું છે' એનો વિચાર સરખો નથી; ને પ્રતિક્રમણાદિ સાધનામાં પોતાના આત્માની જડતી લેવાની નથી, પોતાના દોષોના કશા સ્મરણ નથી, કશો સંતાપ નથી, એ જીવનમાં શું પામી રહ્યો છે ? **સ્વોપકાર ભૂલીને પરોપકારની જ રખાતી ધૂન જાતને ખાડામાં ઉતારે છે.** બીજાઓ તરશે પણ પોતે લુખ્ખો બાકસ રહેશે, અગર માનાદિ કષાયને મજબૂત કરી જશે ! કેવી દુર્દશા !

અગર આપણે જીવનમાં કાંઈક સારું કરી જવું છે તો આ ખૂબજ જોયા કરવાનું છે કે 'બીજાઓમાં મન ઘાલતા પહેલાં આપણી ધર્મ આરાધના અને શુભ ભાવ સારા ચાલ્યા કરે છે ને ?' આપણી ચાલુ આરાધના વખતે તો આ ખાસ ધ્યાન રાખવાનું છે કે એને અને એમાં જરૂરી શુભ ભાવને બીજાની ચિંતાથી સહેજ પણ ધક્કો ન લાગે. દા.ત. આપણે ચૈત્યવંદન કરી રહ્યા છીએ ને કોઈ ભગવાનની આડે ઊભું, ત્યાં જો 'આ કેવા વિવેક વિનાના માણસ છે ? એમને ભાન નથી કે આ પાછળવાળાને પ્રભુદર્શનનો અંતરાય પડશે'... વગેરે ચિંતા અને કષાયમાં જો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

મન પડી જાય, તો પોતાની ચૈત્યવંદનાની આરાધના સ્ખલિત થઈ જાય, વંદનાને બદલે પરદોષચિંતામાં મન ગયું; વીતરાગને વંદનમાં જરૂરી શુભ ભાવ 'ઉછળતી પ્રભુ ભક્તિ'ના ભાવ, તેને ધક્કો લાગી એ અદશ્ય થઈ જાય. સ્વોપકારનું મુખ્ય લક્ષ્ય રાખનાર અહીં પર ચિંતા મૂકી તરત આંખ મીંચી મનની સામે પ્રભુને રાખી ચૈત્યવંદના ચાલુ રાખે.

એમ કુટુંબના વડિલ તરીકે કુટુંબના જ ભલેને ધર્મસાધનાના વિચાર કર્યા કરે ને શિખામણ આપ્યા કરે, પરંતુ એમાં પોતાની સાધનાની અને સાધનામાં જરૂરી શુભ ભાવોની ધગશ ભૂલવાનો સંભવ ઊભો થાય છે, તેથી એ પરોપકાર પણ સ્વોપકારને અખંડ જાગતો રાખીને કરવાનો છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૩૧,તા.૧૯-૪-૧૯૮૦

## (૫૬) ગાઢ સંસ્કાર સમૂહનો પ્રભાવ : આરિસા ભવનમાં કેવળજ્ઞાન !

ચક્રવર્તી ભરત મહારાજા હમણાં સુધી તો ચક્રવર્તીપણામાં છ ખંડની ઠકુરાઈ ભોગવી રહ્યા છે, ને બનીઠનીને રોજની જેમ આજે આરિસા ભવનમાં પોતાનો પહેરવેશ બરાબર અંગ પર ગોઠવાઈ ગયો છે ને ?' એ જોવા ગયા છે. ત્યાં કદાચ એક આંગળિયેથી વીંટી ઊતરી ગઈ ને આંગળી બુઠ્ઠી લાગવા માંડી તો શું એમાં વૈરાગ્ય ભાવના વધી જાય ? ત્યાં બધા આભૂષણ ઉતારીને જોયું ને આખી કાયા શોભા વિનાની લાગી, પણ એટલામાં ભાવનામાં ચડતાં ઠેઠ શુકલ ધ્યાન ક્ષપકશ્રેણિ અને વીતરાગ ભાવ સુધી ચડી જાય, એ શી રીતે બને ?

માણસ ગિરિરાજની ભક્તિથી ઠેઠ ત્યાં પહોંચી જાય છે, ને ગિરિરાજ ઉપર છેક આદીશ્વર દાદાના દરબારમાં જઈને ઊભો રહી જાય છે ! છતાં એની ખુશાલીમાં કોઈ નાની વસ્તુનો ય ત્યાગ કરવાનું મન નથી થતું કે "વાહ !" મને આવો ગિરિરાજ અને આ આદીશ્વરદાદા ભેટવા મળ્યા ? લાવ, આની ખુશાલીમાં આજે ઉપવાસ કરું, યા જીવનભર માટે એક વસ્તુનો ત્યાગ; ફરીથી યાત્રાએ ન આવું ત્યાં સુધી અમુક વસ્તુનો ત્યાગ." આવું કાંક કરવાનું મન નથી થતું, વાતાવરણ નિમિત્ત તો કેટલું બધું ઊંચું મળ્યું છે ! કે જ્યાં જે ગિરિરાજ પર અનંતા મુનિઓ મોક્ષે પધાર્યા છે.



જે આદીશ્વરદાદાએ શાસન સ્થાપ્યું એના આલંબને પાટપરંપરાએ અસંખ્ય રાજાઓ ચારિત્ર લઈ લઈને મોક્ષે કે અનુત્તર વિમાનમાં પધાર્યા. એ અદ્ભુત ગિરિરાજ અને અદ્ભુત આદીશ્વર ભગવાન ભેટવા મળ્યા. છતાં એની કોઈ ત્યાગ તરફ અસર જ નહિ, ભાવનાય નહિ ને અહીં આરિસા ભવનમાં એવું કશું વાતાવરણ નહિ, બલ્કે સુંદર રૂપરંગના પ્રતિબિંબ પડે એવા વાતાવરણનું આરિસાભવન મળ્યું છે ! વળી મંદિરમાં તો બીજા પણ ધર્માત્માઓ આવેલ હોય, તેથી એમની ધર્મભક્તિનું વાતાવરણ પણ જોવા મળે, ને તેથી પોતાનામાં ધર્મભાવના વધવાને અવકાશ રહે; જ્યારે અહીં કોઈ એવો ધર્માત્મા ય આરિસા ભવનમાં નથી, કે ધર્મનું કશું વાતાવરણ નથી, છતાં ભરત મહારાજા ભાવનામાં ચડી રાગદ્વેષને સમૂળા હણી નાખવાનું કરે એ કેમ બન્યું હશે ?

આની પાછળ કારણ એ છે કે એમની પાસે શુદ્ધ નિષ્ઠાથી ક્રોડો અબજો વાર હૈયામાં લાવેલી વૈરાગ્ય ભાવનાઓ અને વૈરાગ્યના ભાવથી ઊભા થયેલા શુભ વૈરાગ્યતાનું બળ હતું. આટલા ક્રોડો અબજો સંસ્કારોનું જૂથ ઊભું કર્યું. પછી જ્યાં આરિસાભવનમાં વૈરાગ્યની ભાવના કરવાનો મોકો મળ્યો, ત્યાં એ શુભ સંસ્કારોના સહારે વૈરાગ્યભાવના એટલી બધી જ્વલંત બનતી ચાલી અને એ જ્વલંતતામાં વૈરાગ્યભાવ એટલો બધો જ્વલંત બનતો ચાલ્યો કે એની સાથે એ વૈરાગ્યને આદરણીય સમજાવનાર શ્રી જિનવચન પરની શ્રદ્ધા યાને સમ્યગ્દર્શન પણ જ્વલંત બનતું ચાલ્યું. આ વૈરાગ્યભાવ અને સમ્યક્ત્વ એટલા જોરદાર વિકસવામાં હિંસાદી પાપોમય, વિષયાસક્તિ અને ક્રોધાદિ કષાય પાપમય સંસાર પ્રત્યે નફરત સૂગ અભાવ ઘૃણા એટલા બધા વધી ગયા કે એણે હૃદયમાં એ સંસાર પાપો પરથી વિરક્તિ ઊભી કરી દીધી ! હૃદયને થયું હશે કે-

'અરે ! સંસારના આ ગોઝારા પાપો ?... સંસારમાં આવા ભયંકર હિંસા જૂઠ વગેરે દુષ્કૃત્યો ? એવી ભયંકર ઈન્દ્રિય વિષયોની આસક્તિ ? તેમ અરે ! સંસારમાં એટલા બધા ભયંકર કામ ક્રોધ લોભાદિ કષાયોના માર ? હાય ! આ બધાના યોગે તો ભૂતકાળમાં અનંતાનંત કાળ ભવમાં ભટક્યો છું. તો હવે આજ પાપો પાછા ચાલુ રહે તો ભવિષ્યમાં કેવા જાલિમ ભવ-ભ્રમણા મારે કરવાના રહે ? આવા અદ્ભુત ઊંચા માનવભવે આવ્યા પછી, અને તારણહાર શ્રી જિનશાસન પામ્યા પછી પણ મારે આ ગોઝારાં પાપ ચાલુ રાખવાનાં ? કોણ મને એ પાપો કરવાનો ફોર્સ પાડે છે ? શા સારુ આની ગુલામી મારે સેવવી જોઈએ ? એ જે સુખ દેખાડે છે એ તો ઝાંઝવાના નીર જેવું છે, ખરજવાની ખણજ જેવા છે, ક્ષણ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દૃષ્ટ નષ્ટ છે શા સારુ મારે ને એને કશો સંબંધ જોઈએ ? સર્યું મારે એના સંબંધથી મારે વોસિરે વોસિરે વોસિરે એ પાપો.

આવી કાંઈક ઉમદા ભાવનાથી હૃદયને ભાવિત વધુ ભાવિત કરતા ચાલ્યા, એમાં સર્વ વિરતિભાવ એના ઉપર અપ્રમતભાવ, એના પર અપૂર્વકરણનો સામર્થ્ય યોગ વિકસતો ચાલ્યો ! મૂળમાં ક્રોડો અબજો વાર સેવેલી વૈરાગ્યભાવના અને વૈરાગ્યભાવનાના શુભ સંસ્કારોનું જૂથ બળ હતું, એથી અહીં ભાવના એટલી બધી જોરદાર થઈ ગયેલી કે વિષયો કષાયો અને હિંસાદિ પાપો પ્રત્યે ભારેમાં ભારે ઘૃણા ઉભરાયેલી, ને એવી કે અપૂર્વકરણ ગુણસ્થાનકે ચડીને અટક્યા નહિ, એથી આગળ વધતા શુદ્ધ આત્મસ્વરૂપ સાથે એકાકાર થઈ અનાસક્તયોગ સમત્વ યોગમાં ચડી વીતરાગભાવની પરાકાષ્ઠાએ પહોંચી ગયા ! ને ક્ષણવારમાં કેવળજ્ઞાન પામ્યા !

વાત આ છે, મૂળમાં વૈરાગ્ય ભાવ વારંવાર ખૂબ ખૂબ વાર હૈયામાં લાવવાનો છે, હૃદયને વૈરાગ્યથી ભાવિત-વાસિત-રંગાયેલું કરી દેવાનું છે, અને તેમાં પણ વૈરાગ્ય ભાવિતતાનો રંગ વધારતા જવાનું છે. એ કાર્ય વારંવારની બહુવારની વૈરાગ્યભાવના સેવાતી હોય તો બને, કેમ કે વૈરાગ્યભાવના અને વૈરાગ્યભાવ ખૂબ ખૂબ વાર સેવાયે જતાં વૈરાગ્યના સંસ્કાર દૃઢ દૃઢતર થતા જાય છે. એ સંસ્કારના જૂથના સહારે આત્મા આગળ આગળ વધે છે.

એમ સમ્યગ્દર્શનના દયાના દાનના વગેરેના સંસ્કારના જૂથના જૂથ ઊભા કરવા એ મહાન જીવન-કર્તવ્ય છે. એ માટે વારંવારનાં દાનાદિ સુકૃતો જોઈએ, ને અંતરમાં એની ઊલસતી ભાવના જોઈએ, જેથી એના ઊંડા ઊંડા સંસ્કાર પડતા જાય; ને એ ભવિષ્યમાં ઉચ્ચ દાનાદિ ધર્મ બહુ સુલભ કરી આપે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૩૨,તા.૨૬-૪-૧૯૮૦

## (૫૭) નામ કમાવવું છે ? કે ધર્મ કમાવવો છે ?

ધર્મ કરનારો માણસ દાવો રાખે છે કે 'મને ધર્મ ગમે છે,' પરંતુ એ તપાસવા જેવું છે કે 'ધર્મ વધારે ગમે છે ? કે નામ-નામના વધારે ગમે છે ? ધર્મ કરીને શું એમ નથી ઇચ્છતા કે આ ધર્મથી લોકો મને સારો ગણે ? દા.ત. મંદિર કે ઉપાશ્રયાદિમાં રકમ ખરચી, તો એની તકતી લગાડવાનું મન નથી થતું ? અથવા ટ્રસ્ટીઓએ આપમેળે આપણા નામની તકતી લગાડી, તો શું એ ખટકે છે કે



હાય ! આ મારું નામ ક્યાં પ્રસિદ્ધ કર્યું ? મારે તો સુકૃત કમાવવું હતું, એમાં નામ કમાવવાનું આ લફરું ક્યાં ઊભું થયું ?' આવો ખેદ થાય છે ?

જો તકતીનું મન થાય છે, તકતી ન ખટકતાં વહાલી લાગે છે, તો એનો અર્થ એ કે 'ધર્મ કમાવવો છે પણ નામે ય કમાવવું છે.'

તો શું બંને ગમ્યા ધર્મ અને નામ ? દેખીતું દેખાય કે બંને ગમ્યા; પરંતુ હકીકતમાં, નામ-નામના જેવા ગમે છે એવો ધર્મ નથી ગમતો. કેમ કે જ્યાં તકતી ન હોય પ્રશંસા-વાહવાહ ન થવાની હોય, એવો ધર્મ કમાવવાનું મન નથી થતું; એટલે તો રૂા. પાંચ હજાર ખરચીને સાધર્મિક વાત્સલ્ય જમાડશે, કેમ કે એમાં નામના વાહવાહ મળે છે. પરંતુ સીદાતા સાધર્મિકને માત્ર રૂા. સો પણ નહિ આપે ? કેમ કે એમાં નામના મળતી નથી. આનો અર્થ એ કે હજી ધર્મ જતો કરીને ય નામ કમાવવા મળતું હોય તો એમાં એ તૈયાર; પરંતુ નામ જતું કરીને ધર્મ કમાવવા મળતો હોય તો ત્યાં તૈયાર નહિ.

દા.ત. વહીવટદાર બનીને લોકોના રૂપિયા ઉઘરાવી ધર્મનું સારું કામ થતું હોય તો કરશે, કેમ કે એમાં પોતાની વાહવાહ થાય છે કે 'આ કેવા સરસ આયોજક કારભારી !' પરંતુ એમાં પોતાના સારા પૈસા, છતી શક્તિ એ પણ, નહિ ઘાલે ! આનું નામ, 'દાન ધર્મ વિના પણ નામના કમાવવા મળે છે ?' તો તૈયારી ! એ હવે નામના ન થતી હોય એવું ધર્મનું ગુપ્તદાનનું કામ શું કરે ?

ત્યારે આ જોતાં પૂછવાનું મન થાય કે ધર્મ ગમે છે ? જો નામના થાય એવો જ ધર્મ ગમે છે ? તો એનો અર્થ એ કે ખરેખર તો નામના જ ગમે છે, ધર્મ તો એના એક સાધન તરીકે ગમે છે; જેમ કે વેપાર ગમે છે પણ જો પૈસા કમાવવા મળતા હોય તો જ; એનો અર્થ એ કે ખરેખર તો પૈસા જ ગમે છે, વેપાર તો માત્ર એક એના સાધન તરીકે ગમે છે, તેથી જ જો વેપારને બદલે દલાલીમાં પૈસા સારા મળતા દેખાશે તો તરત વેપાર બંધ કરી દલાલી કરવા માંડશે અર્થાત્ વાસ્તવમાં ગમે છે પૈસા જ; પણ નહિ કે વેપાર યા દલાલી. વેપાર યા દલાલી કર્યા વિના જ જો પૈસા મળી જતા હોય તો એને કશું કરવું નથી ગમતું, ન વેપાર કે ન દલાલી.

એમ અહીં નામનાના ભૂખ્યા ને વાસ્તવમાં ધર્મ કશો ગમતો નથી. સવાલ થાય,-

પ્ર.- ભલે બીજાના પૈસા ઉઘરાવી મંદિર નિર્માણ કે એવું ધર્મનું કાર્ય કર્યું તો શું એમાં આયોજન રૂપ ધર્મ તો ગમ્યો ને ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઉ.- ના, એ પણ આયોજન વહીવટદાર તરીકેની નામના મળે છે માટે કર્યું, નહિતર તો શું ગુપ્તપણે પોતે પડદા પાછળ રહીને બીજા વહીવટદારને આગળ કરી એ કામ એ કરશે ? ના, નામ કમાવવાનું ન મળે ત્યાં ધર્મ કરવાની વાત જ નથી ને ? જાણે સિદ્ધાંત બાંધ્યો કે જશ-નામના-વાહવાહ મળે એ જ ધર્મકાર્ય કરવાં.

વાત આ છે, કે જો ખરેખર ધર્મ ગમે છે ને ધર્મ કમાવવો છે, તો નામનાથી ભડકો અને નામ કમાવવાથી આઘા રહો; નહિતર નામ-નામના એ ધર્મને ખાઈ જશે.

ધ્યાનમાં લેવા જેવું આ છે કે,-

પરલોક કોણ સુધારે ? નામ ? કે ધર્મ ?

છ ખંડના સમ્રાટ મોટા ચક્રવર્તી, પણ જેમણે ચારિત્ર ધર્મ ન સ્વીકાર્યો એમને છ ખંડમાં ચક્રવર્તી તરીકે નામના તો ઘણી મળી, પરંતુ પછી મરીને નરકે ગયા ! તો શું નામનાથી પરલોક સુધાર્યો ?

આ જ જોવાનું છે કે જીવને ધર્મ ગમે છે કે નામ ? જો નામના ગમી બીજાની આગળ સારા શાણા દેખાવાનું ગમ્યું તો એ રાગ એવો ખંધિલો છે કે પછી જે કાંઈ કરશે એમાં આ મુખ્યપણે જોશે કે 'બીજાની દૃષ્ટિમાં સારો લાગું છું ને ?' એ માટે જરૂરી માયા પણ રમી લેશે ! જો સાંસારિક બાબતોમાં પણ આટલી બધી નામનાની ભૂખ છે, માનાકાંક્ષા પ્રવર્તે છે, તો ધર્મની બાબતમાં તો એ ખાસ આગળ આવવાની; કેમકે હૈયામાં માનાકાંક્ષા એ મુખ્યરૂપે વર્તે છે; ને અહીં મન સમજે છે કે 'ચાલો ધર્મ પણ કમાવાય છે, ને માન પણ; ને નામના પણ કમાવાય છે.' 'ધર્મનો ઓઠા હેઠળ સમાજમાં સારા ધર્મી તરીકે તો ઓળખાઈએ છીએ ને વધારામાં તકતી વગેરેથી નામના મળે છે. આમ નામનાની કારમી ભૂખ હોય ત્યાં ધર્મ હૈયામાં શી રીતે વસી શકે ?

ખરેખર તો નામના ગમે છે ધર્મ નહિ, એટલે જ તો નામના વિનાનો ધર્મ કરવાનું મન નથી થતું. નહિતર ધર્મ પર જ પ્રેમ હોય તો નામના મળી કે ન મળી, ધર્મને શું કામ ગુમાવે ?

વાત આ છે કે ધર્મપ્રેમ સાચો રાખવો છે તો ધર્મની સાથે બીજા ત્રીજા બદલાની અપેક્ષા છોડો. એમાંય નામના-વાહવાહ-શાબાશી લેવાની કામના તો બહુ ખતરનાક છે એને તો મૂળથી જ ઉખેડી નાખવી જોઈએ એજ.





## (૫૮) જીવન લક્ષ્ય સગવડ નહિ સાધના

### (લેખાંક-૧)

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ આ અવસર્પિણી કાળમાં સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું તે આ કાળમાં દીક્ષાનો પહેલો જ પ્રસંગ હતો. લોકોને ખબર જ નહોતી કે ચારિત્ર શું ? સાધુ શું ? સાધુને શું ખપે ? શું ન ખપે ?

એટલે જ ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુ ચારિત્ર લીધા પછી પારણે ગોચરીએ ગયા ત્યારે કોઈ એમને ભોજનની વસ્તુ આહારપાણી, આપવાનું સમજતા જ નથી. પણ ભગવાને વરસીદાનમાં રૂપિયા-સૌનૈયા-હીરા-માણેક-મોતી-હાથી-ઘોડા વગેર આપેલા છે. તેથી એ દેવા જેવું સમજી, પ્રભુ આંગણે પધાર્યા તો પ્રભુની આગળ એ જ ધરે છે !

પ્રભુને ભિક્ષામાં જોઈએ છે, આહાર-પાણી ને તે કોઈ દેતું નથી તેથી મૌનપણે ઘરોમાં ફરી ભિક્ષા ન મળતાં પાછા આવી કાયોત્સર્ગ ધ્યાનમાં લાગી જાય છે. ગામમાં એક રાત્રિ નગરમાં પાંચરાત્રિ, એ ક્રમથી પ્રભુ ભૂખ્યાને તરસ્યા વિહાર કરે છે. ચોમાસું વર્ષાકાલ આવ્યો તોય ભૂખ્યાને તરસ્યા ચાર મહિના એક જ ઠેકાણે સ્થિરતા કરે છે. આમ લગભગ ૪૦૦ દિવસ પ્રભુ ભૂખ્યાને તરસ્યા વિચરે છે. પણ પ્રભુને કોઈ ભોજનની વસ્તુ આહાર-પાણી દેવાનું સમજતું નથી. એ કાળમાં કોઈ ભિખારી જ નથી એટલે લોકોને અન્નપાણીનું દાન કરવાનો ખ્યાલ નથી. અન્ન એટલે તુચ્છ વસ્તુ, આંગણે આવેલા મોટા મેમાનને એવી તુચ્છ વસ્તુ દેવાની કલ્પના પણ કેમ આવે ? એ દેવા યોગ્ય વસ્તુ તરીકે નહિ સમજતા પ્રભુની આગળ આહાર-પાણી કોઈ ધરતું જ નથી.

અહીં સવાલ થાય છે કે :-

(૧) પ્રભુએ દીક્ષા લેતા પહેલા લોકોને કેમ એ શીખવ્યું નહિ ? પ્રભુએ શિલ્પ કળા વગેરે વ્યવહાર શિખવાડ્યો હતો પણ સાથે સાધુ જીવન અને સુપાત્રદાનનો વ્યવહાર ન શિખાવાડ્યો. ઊલટું, સુપાત્રદાનમાં તો નિરવદ્ય નિષ્પાપ વ્યવહાર હતો તો એ કેમ બતાવ્યો નહિ ?

(૨) દીક્ષા લીધા પછી ગોચરી રોજને રોજ ન મળવા માંડી તો પ્રભુને અફસોસીય કેમ ન થઈ કે 'અરેરે ! દીક્ષા લેતા પહેલા લોકોને આ બતાવવાનું રહી ગયું કે જુઓ હું સાધુ થઈશ, સાધુને આ આ ખપે ?' આ શિખવાડવાનું રહી ગયું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

તે ભૂલ થઈ ગઈ ? આવો અફસોસ કેમ ન થયો ?

જો કહીએ કે પ્રભુને કર્મો ખપાવવા હતા એટલે લોકોને આ શિખવાડ્યું નહિ, તો તો પ્રશ્ન એ થાય કે તો પછી પ્રભુએ લાંબો તપ જ કરી લેવો હતો, એ ન કરતાં રોજને રોજ ગોચરી શું કામ ગયા ?

(૩) શરીર ટકાવવા આહારની અપેક્ષા હતી એટલે રોજ ગોચરી જતા હતા. હવે જો લોકોને આહાર-પાણી દેવાની સમજ નથી; તો પ્રભુએ એ દેવાનું ઈસારાથી પણ કેમ ન સમજાવ્યું ?

આનું સમાધાન એ છે કે સાધુ એટલે શું ? સુપાત્રદાન એટલે શું ? એ બધી ધર્મની વસ્તુ છે. ને પ્રભુને કેવળજ્ઞાન થવા પૂર્વે ધર્મનો ઉપદેશ દેવો નહોતો તેથી સમજાવ્યું નહિ.

પ્ર.- ભલે ધર્મ તરીકે એનો ઉપદેશ ન દીધો પરંતુ પોતે સાધુ થઈને લોકોના ઘરે જ ગોચરી જવાના છે, તો એક સારા વ્યવહાર તરીકે ય આહારપાણી દેવાનું કેમ ન સમજાવ્યું ? એ સમજાવ્યા વિના જ કેમ દીક્ષા લઈ લીધી ? એમાં કાંઈ આરંભ-સમારંભની વાતે ય નહોતી.

ઉ.- અલબત્ત દીક્ષાનું પચ્ચકખાણ કરતા પહેલા પ્રભુ ગૃહસ્થ-ઘરબારી હતા તેથી બીજા વ્યવહારની જેમ હવે ભિક્ષાનો પ્રસંગ આવવાનો છે તેથી સાધુને આહારપાણીના દાનનો વ્યવહાર શીખવાડી શકતા હતા, પરંતુ 'દીક્ષા લેવામાં પ્રભુને સાધનાની દૃષ્ટિ હતી સગવડની દૃષ્ટિ નહિ.' દીક્ષા લઈને મારે શું શું સાધવાનું એ તરફ પ્રભુનો ખ્યાલ હતો, પરંતુ દીક્ષા પછી મને સગવડ કેવી કેવી મળશે એ તરફ પ્રભુની દૃષ્ટિ નહોતી. ગોચરી જઈએ અને ભિક્ષા કેમ મળી જાય, ભિક્ષાની કેમ સગવડ થઈ જાય એ જોવું એ સગવડની દૃષ્ટિ કહેવાય.

પ્રભુને સાધનાનું લક્ષ હતું તેથી શું શું સાધી લઉં એજ જોયું હતું, પણ શી શી સગવડ મળશે એ તરફ લક્ષ જ નહિ સગવડની દૃષ્ટિ જ નહિ, લક્ષ જ નહિ, પછી શાનું જોવાનું ? ત્યારે દીક્ષા લીધા પછી પ્રભુને ભિક્ષા નથી મળતી તો અફસોસી પણ શાની થાય કે 'અરેરે ! કેમ મેં દીક્ષા લેતા પહેલા લોકોને ન શીખવાડ્યું ? કે સાધુને આવી આવી ભિક્ષા ખપે, અફસોસી ન થવાનું કારણ આ જ કે દીક્ષા લીધા પછી સાધના શી થઈ રહી છે એ તરફ મનની ચોંટ હતી, પણ સગવડ કેટલી મળી કે મળે છે કે નહિ એ ઉપર મનની ચોંટ જ નહોતી, ભિક્ષા ન મળી તો તપ સાધનામાં વૃદ્ધિ થઈ તે સારું થયું, આ દૃષ્ટિ હતી.

પ્ર.- પરંતુ એટલું બધું મહિનાઓના મહિના સુધી સાવ ભૂખ્યા તરસ્યા રહી સહન કરવું પડે ત્યાં શું મનને કંટાળીને એમ ન થાય કે હવે આ ક્યાં સુધી સહન



કરવાનું ? જો એમ થાય તો એમાં સગવડનું જ લક્ષ આવ્યું ને ?

ઉ.- વાર છે, આ તો તીર્થંકર ભગવાન છે, લોખંડી મનના; ને વીતરાગ-સિદ્ધ ન થવાય ત્યાં સુધી સાધના છોડવી નથી, ને સાધનાનું જ લક્ષ જાગતું રાખવું છે, એટલે લક્ષ સગવડમાં જાય જ શાનું ? સગવડમાં જવા જ શાનું દે ? જેમ સગવડવાળાને એમ થાય કે 'ક્યાં સુધી સહન કરવાનું ?' તેમ સાધનાવાળાને એમ થાય છે કે 'આ જેટલી ક્ષુધા પરિસહ વગેરેની સાધના થતી જાય છે એટલા કર્મ અને કુસંસ્કાર તુટતા જ આવે છે પછી સહન કરવામાં કંટાળો શાનો ? ને ઉદ્વેગ શાનો ?

વાત આ છે, કે ઉત્તમ ભવમાં વિવિધ ધર્મસાધનાનું લક્ષ જાગતું રાખવાનુ છે, ને સગવડનું લક્ષ બંધ કરવા જેવું છે. ઓછું કરવા જેવું છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૩૪,તા.૧૦-૫-૧૯૮૦

## (૫૯) (લેખાંક-૨)

ગયા લેખમાં જોયું કે શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લેતાં પહેલા ન લોકોને શીખવ્યું યા દીક્ષા પછી ભિક્ષા ન મળતાં ન અફસોસી કરી કે ''અરેરે ! લોકો સાધુને શું ખપે એ શીખવવું રહી ગયું !'' આનું કારણ કે પ્રભુને સાધના-દૃષ્ટિ હતી સગવડ-દૃષ્ટિ નહોતી... 'મારે જ્ઞાન-દર્શન ચારિત્ર-તપની સાધના શી શી કરવાની,' એ લક્ષ હતું, પરંતુ એ લક્ષ જ નહિ કે 'મને દ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવની શી શી સગવડ મળશે ?' અર્થાત્ 'અમુક ગોચરી મળશે કે નહિ ? ઉતરવા મુકામ મળશે કે નહિ ? બીજા ગામે પહોંચતાં વાર લાગે તો ભિક્ષા-સમય સચવાશે કે નહિ ? લોકોના ભિક્ષા દેવાના ભાવ હશે કે નહિ ? ...આવી આવી સગવડો તરફ કોઈ દૃષ્ટિ જ નહિ, લક્ષ જ નહિ; પછી શું કામ દીક્ષા પહેલાં લોકોને શીખવે કે 'સાધુને આવું આવું વહોરાવાય ?' યા ન શીખવ્યાની પછી અફસોસી પણ શાની થાય ?

આ પરથી એક મોટો બોધપાઠ શીખવા મળે છે કે આપણે મોક્ષ-માર્ગના આરાધક બનવું હોય તો દૃષ્ટિ સાધના તરફ રહેવી જોઈએ, પરંતુ સગવડ તરફ નહિ; ને એથી સગવડ-દૃષ્ટિ ઉપર ઊભા થતા કષાયો અને પાપોથી બચી જવાય. દા.ત. પ્રભુદર્શને ગયા. દર્શન કરતાં વચ્ચે કોઈ પ્રભુને ઢાંકીને આડો આવીને ઊભો. અહીં જો સગવડની દૃષ્ટિ હશે તો સામા પર ગુસ્સો ચડશે કે 'આ કેવા વિવેકહીન છે, પ્રભુને ઢાંકી આડા ઊભા રહે છે !' પરંતુ જો માત્ર સાધનાની દૃષ્ટિ હશે તો ત્યાં સામો ખસી જવાની સગવડ પર લક્ષ ન લઈ જતાં, દર્શન-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સાધના અખંડ રાખવા આંખ મીંચીને પડલની આરપાર કલ્પનાથી ભગવાન જોવાશે, ને પ્રભુને સ્તુતિ સંભળાવાશે, યા પ્રભુ સાથે ખાનગીમાં વાત કરાશે. જો આ આવડે તો અભિમાન, સામાનો તુચ્છકાર, ઉકળાટ વગેરે કષાયોથી કેવું સરસ બચી જવાય ?

એમ યાત્રાએ ગયા ત્યાં તીર્થભક્તિ ને પ્રભુભક્તિની કિંમત શી શી સાધના શક્ય છે એ જોવા તરફ લક્ષ રહેશે, પછી સગવડ ઓછી મળી એની ચિંતા નહિ. ત્યારે જો સગવડની જ મુખ્ય દૃષ્ટિ હશે તો સગવડો ખૂબ મેળવવાનું જ ધ્યાન રાખ્યા કરશે ! ને સાધનાને જેમ તેમ પતાવશે ! સગવડ ઓછી મળી તો બીજા આગળ એનાં જ રોદણાં ગાયા કરશે કે 'જુઓને આ તીર્થના ટ્રસ્ટીઓ જાણે બાદશાહ થઈને બેઠા છે, ધર્મશાળામાં કશી સગવડ નહિ, આ નહિ, તે નહિ, મંદિરમાં પૂજારી શેઠ જેવા, કશું સાંભળે નહિ,... "આવાં ને આવા રોદણાં ને કષાયના બખાળા કલાકો સુધી કાઢ્યા કરશે ! તીર્થે શક્ય સાધના સારી સારી ને અધિકાધિક કમાઈ લેવા તરફ દૃષ્ટિ જ નહિ તેથી જ આવા મહાન તીર્થની યાત્રા મળી, સુંદર સાધનાઓ મળી, એની અનુમોદના કરવાનું ને, પ્રશંસા ગાવાનું નહિ આવડે. એને મન ગાવાની વસ્તુ સાધના નહી, પણ ફરિયાદોના રોદણાં !!

જીવન-લક્ષ સાધનાનું નહિ, પણ સગવડનું હોય તેથી આ રોદણાંએ ઉત્તમતીર્થ-તીર્થપતિ મળવાં છતાં કેવી દુર્દશા !

સાધના તો એવી મહાન વસ્તુ છે કે એ કર્યાનો લાભ તો મળ્યો, પણ એની અનુમોદના પ્રશંસા કરો એટલે નવા પુણ્યનો લાભ અને સાધનાના સુસંસ્કારોનો લાભ મળે છે. જેના ભવિષ્યમાં મહાન લાભ એ, કે સાધનાના સુસંસ્કારોથી પરભવે સાધના સુલભ થાય;-ને અહીંની સાધનાની ભારોભાર અનુમોદનાથી ભવિષ્યમાં સાધનાના ગુણાકાર થાય.

શાલિભદ્રના જીવ સંગમે આ કરેલું કે એણે વહોરાવતાં પોતાને પછી ખીર ખાવાની સગવડ રહેશે કે નહિ ? એ ન જોયું, તેમ વહોરાવવામાં માતાની સંમતિ છે કે નહિ, એ ન જોયું; દૃષ્ટિ માત્ર સાધનાની, તેથી પૂરેપૂરી વહોરાવી દીધી ! ને પછી બીજી ખીર મળ્યાનો આનંદ નહિ, પણ ખીરનું દાન કર્યાનો ભારોભાર આનંદ માણ્યો, ને ભારોભાર અનુમોદના કર્યે ગયો ! તો જ તેનાં ભરચક સુસંસ્કાર ઊભા થયા ને ભવાંતરે દાન અર્થાત્ ત્યાગ સુલભ થઈ ગયો ! આજે દેવતાઈ માલની ૯૯ પેટી નવી આવી તો ગઈકાલની ૯૯ પેટીનો માલ એંઠવાડિયા કૂવામાં પધરાવ્યો ! એમ રોજ ને રોજ ચાલ્યું, અંતે સહેજ વાતમાં કાયમ માટે ૯૯ પેટી,



૩૨ પત્નીઓ, વહાલસોયી માતા, વિશાળ હવેલી, વગેરે સમસ્ત સંસારનો ત્યાગ સુલભ થઈ ગયો.

જીવનમાં લક્ષ સાધનાનું બનાવી દેવું જોઈએ, પણ સગવડોનું નહિ; તો આત્માની આ સુંદર દશા પ્રાપ્ત થાય કે શોધીશોધીને શક્ય સાધના અનેક પ્રકારે કરતા રહેવાય, ને જીવનમાં એનો જ ભારોભાર આનંદ માણતા રહેવાય, તેમજ ભારોભાર એની અનુમોદના કરતા રહેવાય, તથા બીજાની આગળ પણ સાધનાના મહાન લાભ બતાવવા સાથે સાધનાના ગુણ ગાતા રહેવાય, ને તે દ્વારા બીજાને સાધનાની પ્રેરણા કરતા રહેવાય. આત્માની આ સુંદર દશા ઊભી કરાય છે. ત્યારે સગવડપંથી ને માત્ર સગવડના પૂજારી તથા સગવડ રસિયા બન્યા તો ક્યારેક સાધના સારી મળ્યાના આનંદ કરતાં સગવડ સારી મળ્યાના આનંદ મનાશે અને સાધનાના નહિ, ને સગવડના ગુણ ગાયા કરાશે ! દા.ત. સિદ્ધગિરિ જેવા મહાન તીર્થની યાત્રા કેવી સરસ મળી !' એનાં પેટ ભરીને ગુણ નહિ ગવાય એવા 'ફલાણી' ધર્મશાળામાં સગવડ કેવી કેવી સરસ !' એના ગાણાં અને બીજી ધર્મશાળાની અગવડોની નિંદા કર્યા કરાશે. રોદણાં એના જ રોયા કરાશે. આ આત્માની, તીર્થાધિરાજ મળ્યા છતાં દુર્દશા છે.

વિચારવા જેવું છે કે જૈનકુળમાં માનવ જનમ મળ્યો છે તો અનેકાનેક પ્રકારે ધર્મની સાધનાઓની છેવટે ધર્મના વિચારોની તક મોંઘેરી મળી છે. તો સગવડના પૂજારી બનવા કરતાં સાધનાના રસિયા બનવું શું ખોટું ? જેથી એક યા બીજા પ્રકારની વિચારવાણી કે વર્તાવથી સાધના જ્યાં મળતી હોય ત્યાં એને ઝડપી લેવાય; પછી ભલે બીજી ત્રીજી અનેક અગવડ ફરિયાદો હોય પણ એના તરફ મન જ નહિ લઈ જવાનું. મન સાધના પર જ જાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૩૫,તા.૧૭-૫-૧૯૮૦

## (૬૦) ખરેખરો ચમત્કાર આરાધનાના વેગનો

**(લેખાંક-૧)**

માણસ ચમત્કારથી અંજાઈ જાય છે, ને માને છે કે 'ઓહોહો ! શું કમાલ કામ કર્યું ?' એમ એના પર ઓવારી જાય છે. (૧) જાદુનો ખેલ જોઈ આમ બને છે. અથવા (૨) યોગી સમાધિ લગાવી જમીનમાં દટાયો અને કલાકો કે દિવસો


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પછી ક્ષેમકુશળ બહાર આવ્યો, એ ચમત્કાર જોઈ સ્તબ્ધ થઈ જાય છે; એમ (૩) કોઈને દેવસાંનિધ્ય થાય, ને એના પર અદૃશ્ય વાસક્ષેપ પડે. એ જોઈ બીજાઓ ચમત્કાર પામી જાય છે; યા (૪) નવકારમંત્રના પ્રભાવે, કટોકટીમાં ગેબી સહાય મળી જાય, ને ઉગારો થઈ જાય, તો એ જોનારને ચમત્કાર લાગી અંજાઈ જાય છે.

પરંતુ એ બધા ચમત્કારવાળાને એથી શું ? જાદુના ખેલ, સમાધિ, કટોકટીમાં ગેબી બચાવ, કે દેવ-સાંનિધ્યવાળાને એથી શી આત્મપ્રગતિ ? જાદુવાળો અધિકાધિક ધનકમાઈ ને સન્માનની એષણા વિસ્તારતો જાય છે. સમાધિવાળો ય જ્યાં ત્યાં જગતને સમાધિનું પ્રદર્શન કરી માનાકાંક્ષાને પોષે છે, કટોકટીમાં ચમત્કારિક બચાવથી નવકાર પર અલબત્ત શ્રદ્ધા વધારે છે, પરંતુ કેવી શ્રદ્ધા ? કે 'અહો ! આ નવકાર આવા ગેબી ચમત્કાર સર્જે છે !' દેવ સાંનિધ્યના ચમત્કારમાં પણ દેવ પરની આસ્થા-ભક્તિ વધારે છે, દેવાધિદેવ પરની આસ્થા નહિ.

આમાં કઈ આત્મ પ્રગતિ સધાઈ ? આત્માના નિર્લોભતા, નિરહંકારિતા, ધનની ઘૃણા, વિષયનો વૈરાગ્ય, ક્ષમા-સમતા-ઉદાસીનતા, જિનભક્તિપ્રગતિ, સંયમપ્રગતિ વગેરે કાંઈ નીપજે વધે એ આત્મપ્રગતિ ગણાય, એ જો ન નીપજ્યું, તો એમાં પરલોક હિત શું સધાયું ? ઊલટું ચમત્કારથી ધન લાલસા સારી પોષાઈ, યા માનાકાંક્ષા પોષાઈ, ને અધિક ધન-માનની એષણામાં તણાયો. વાસક્ષેપ ચમત્કારમાં દેવાધિદેવ કરતાં દેવ પર વધુ ભક્તિ આસ્થામાં તણાયો, નવકાર ચમત્કારમાં નવકારથી ઐહિક ભૌતિક સિદ્ધિ તરફ આકર્ષણ થયું, આમાનું કશું આત્માની પ્રગતિરૂપ કે પરલોક સુધારનારું નથી. માટે એ ખરેખર ચમત્કાર નથી. ને એમાં કશું અંજાવા જેવું નથી.

ખરેખરો ચમત્કાર તે છે કે જે અજબ ગજબ આત્મપ્રગતિ સધાવે, ને એથી પરલોક ભારે સદ્ધર અને સલામત બની આવે.

આવો સાચો ચમત્કાર ધર્મ આરાધનાના વેગથી સધાય છે.

દા.ત. કમઠ તાપસના બળતા કાષ્ઠમાંથી બહાર કઢાયેલ સાપને ભગવાન પાર્શ્વકુમાર દ્વારા નવકાર મંત્રના શ્રવણની ને શ્રદ્ધાની આરાધના મળી, ને એમાં એણે વેગ આપ્યો, તો મરીને ધરણેન્દ્ર થયો. આમાં ઇન્દ્રપણાના ઐશ્વર્ય મળ્યાનો ય ચમત્કાર નથી, પરંતુ મહાન સમ્યગ્દર્શન અને જિનભક્તિપણું મળ્યું અને ભવસ્થિતિ ભારે કપાઈ એ ચમત્કાર છે. એ આત્મપ્રગતિ છે.

**નાગકેતુ** અરિહંત પ્રભુની પુષ્પ પૂજા કરતા હતા એમાં સર્પદંશ થયો, અને 'હાય !' ન કરતાં આરાધનાનો વેગ વધારી એ વીતરાગ સર્વજ્ઞ બન્યા ! એ ઉત્કૃષ્ટ આત્મપ્રગતિ સધાઈ એ ખરેખરો ચમત્કાર બન્યો.



**શેઠ** સામાયિક કરતા હતા અને ચોરોએ અંદર ઘુસી ધનના પોટલા બાંધવા માંડ્યા. ત્યાં શેઠ ચોરની પ્રવૃત્તિ અને શબ્દો તરફ ધ્યાન ન જાય અને સામાયિકના ભાવને આંચ ન આવે એટલા માટે આંખ મીંચી દઈ જોર જોરથી નવકાર બોલવા લાગ્યા. એ સાંભળતાં ચોરોને જાતિસ્મરણ થઈ પૂર્વનું સંયમ યાદ આવ્યું અને હવે ભાવથી એની આરાધનાનો વેગ પકડ્યો એમાં ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા, આ ખરો ચમત્કાર બન્યો. દેવોએ આવી કેવળજ્ઞાન ઉજવ્યું, ત્યારે શેઠ એ જોઈ ચમત્કાર પામી ગયા કે 'અહો ! ચોરોને કેવળજ્ઞાન !'

**શિકાર માટે નીકળેલો રાજા** જંગલના નાકે ધ્યાનસ્થ અવધિજ્ઞાની મુનિને દેખી અપશુકન માની એમના પર શિકારી કૂતરા છોડે છે, પરંતુ કૂતરા મુનિના ધર્મ તેજમાં અંજાઈ જઈ મુનિની સામે ભક્ત થઈ બેસી જાય છે ! આ ચમત્કાર જોઈ અને એક શ્રાવક પાસેથી મુનિનું સ્વરૂપ સાંભળી રાજા શરમાઈ જઈ આપઘાત કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ મુનિ સમજાવે છે કે 'એમાં જીવનનો અંત થશે પણ પાપનો અંત નહિ થાય. પાપનો અંત તપ સંયમની સાધનાથી થાય ને તે સાધના આ જિંદગી હાથમાં છે તો જ થશે.' એ સાંભળી રાજાને આરાધનાનો વેગ વધવાથી એ ત્યાં જ જંગલમાં ઊભા પુત્રને રાજ્ય ગાદી સોંપી સંયમ-ચારિત્ર લઈ લે છે. એ સાચો ચમત્કાર.

**વિજય, વિજયા** બે પરણ્યા બરાબર પરસ્પરના સુદ વદ પક્ષના બ્રહ્મચર્યનો નિયમ જાણી આરાધનાનો વેગ વધતાં જીવનભરના બ્રહ્મચર્યને ઉચ્ચરી લે છે ! આ ખરો ચમત્કાર કહેવાય.

**ધરણશાહ પોરવાળ**ને નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્નું આવ્યું. પ્રભુભક્તિની આરાધનાનો વેગ વધ્યો ને પોતે એકલે એ કાળના ૯૯ ક્રોડ રૂપિયાના ખર્ચે રાણકપુરનું મંદિર બંધાવ્યું ! એ ખરો ચમત્કાર.

**આભડ મંત્રી**એ કુમારપાળ સમ્રાટ તરફથી લાખોનું ઇનામ પામી તે લઈને ઘરે જતાં ઘરે પહોંચતા સુધીમાં યાચકોની માગણી થતાં દાન ધર્મની આરાધનાનો વેગ વધતે એ બધું ધન યાચકોમાં ઉરાડી દીધું ! એ સાચો ચમત્કાર.

તાત્પર્ય, આરાધનાનો વેગ વધે એ ખરો ચમત્કાર છે, ને એ ચમત્કારિક આત્મ-પ્રગતિ સાધી આપે છે.

ત્યારે સવાલ થાય કે આરાધનાનો વેગ લાવવા શું શું કરવાનું ? વેગ વધારવાના ઉપાય કયા કયા ?

આના માટે આપણને 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામના શાસ્ત્રમાંથી ૩ ઉપાય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

મળે છે. ત્યાં 'જિનનું કુશળ ચિંતન' વગેરે યોગબીજ વિશુદ્ધ કેમ બને એના ત્રણ ઉપાય બતાવ્યા છે,-

(૧) અત્યંત ઉપાદેય બુદ્ધિ. (૨) સંજ્ઞાની અટકાયત, અને (૩) ફળની આશંસા નહિ, ફળની ચિંતા નહિ.

જેવા યોગ બીજની વિશુદ્ધિના આ ત્રણ ઉપાય, એવી કોઈ પણ આરાધનાની વિશુદ્ધિના આ ત્રણ ઉપાય છે. આરાધનાની વિશુદ્ધિના ઉપાય એટલે આરાધનાના વેગના ઉપાય. આ ઉપાયો યોજો એટલે આરાધના વિશુદ્ધ બને, આરાધનામાં વેગ આવે. એમાં પણ આ ઉપાયોમાં જેટલી પ્રબળતા વધે એટલી વિશુદ્ધિ વધે, વેગ વધે.

દા.ત. એ જ કમઠ-કાષ્ઠના સાપને અંતકાળે નમસ્કાર મહામંત્રનાં શ્રવણ અને એના પર શ્રદ્ધા-બહુમાનની આરાધના મળી તો એ એને અત્યંત કર્તવ્ય લાગ્યા; તેમજ સંજ્ઞાની અટકાયત એ રીતે કરી કે ભૂખ તરસ તો શું પણ શારીરિક તીવ્ર અગ્નિદાહની પીડારૂપ વિષયસંજ્ઞાને પણ વિસારી દીધી. તેમજ કોઈ પણ પ્રકારના ફળની અર્થાત્ 'આ શ્રવણ શ્રદ્ધા બહુમાનનું શું ફળ આવશે' એની ચિંતા જ ન કરી. 'બસ, મારે તો આ કેવું સુંદર સાંભળવા મળ્યું ! અહો ! મને કોઈ આવા સમયે પણ આવું આશ્વાસન આપે છે ? શું એકેકો અક્ષર અદ્ભુત છે !' આમ માત્ર આરાધનાની ચિંતા જ અત્યંત કર્તવ્ય તરીકે રાખી; કશી ફળની ચિંતા નહિ. એ જ એ ત્રણ ઉપાયની પ્રબળતા હતી અને એથી આરાધના વિશુદ્ધિ અને વેગવંતી બનેલી, જેણે એકદમ જ ધરણેન્દ્ર પદ, સમ્યગ્દર્શન, અર્હદ્ભક્તિ વગેરે ચમત્કાર સર્જ્યા.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત"      વર્ષ-૨૮,અંક-૩૬,તા.૨૪-૫-૧૯૮૦

## (૬૧) ચમત્કાર સાચો : આરાધનાનો વેગ

### (લેખાંક-૨)

ગત લેખમાં આરાધનાનો વેગ વધારવાની જરૂર અને એવો વેગ વધાર્યાથી કમઠ-કાષ્ઠના સાપ વગેરેને થયેલા વિશિષ્ટ લાભના ચમત્કારના દૃષ્ટાંત બતાવી, આરાધનાનો વેગ વધારવાના ત્રણ સાધન, 'અત્યંત કર્તવ્ય બુદ્ધિ' વગેરેનો વિચાર આપેલો. હવે આ ત્રણ સાધન શી રીતે વેગ વધારે છે એનો વિચાર કરીએ, જેથી પૂર્વોક્ત દૃષ્ટાંતોમાં આ ત્રણ સાધન શી રીતે કામ કરી ગયા એનો વિચાર કરી



શકાય, તેમજ આપણી ચાલુ સાધના આરાધનામાં વેગ વધારવા ઉજમાળ બનાય અને પ્રયત્ન થાય.

પહેલું સાધન **'અત્યંત કર્તવ્ય બુદ્ધિ'** 'અત્યંત ઉપાદેય બુદ્ધિ' એ રીતે કામ કરે છે કે આરાધનાની ચીજ દા.ત. રોજિંદા પ્રભુદર્શનની આરાધના, એ છે તો એની એ, પરંતુ જો એના પર આ ભાવ આવે કે 'અહો ! આ પ્રભુદર્શન એ કેટલું બધું ઊંચું આદરણીય તત્ત્વ છે ! ઉપાદેય તત્ત્વ છે ! કે આની આગળ દુન્યવી મોટા કરોડોની કમાઈવાળા વેપારની સાધના વિસાતમાં નથી; અત્યંત તો શું, પણ સામાન્ય રૂપની પણ ઉપાદેય નથી; કેમ કે એનાથી કશું પુણ્ય મળતું નથી; ઊલટું સીલિકનું પુણ્ય વેચાઈ જાય ત્યારે પૈસા મળે છે. ત્યારે જો પુણ્યકમાઈ નહિ, તો પછી એવા વેપારથી સદ્ગતિ તો મળે જ શાની ? એથી વિપરીત, પ્રભુ દર્શનથી પુણ્યાઈ કમાવાય છે, સદ્ગતિનો લાભ મળે છે.

એટલું જ નહિ, પણ વેપાર અને વિશાળ ધનપરિગ્રહના ઘેરા કુસંસ્કાર પડે છે, એથી અહીં પણ વેપાર અને કમાઈનો રસ વધે છે, ને પરલોકમાં એ કુસંસ્કારોથી પાપિષ્ઠ જીવન મળે છે, પછી ભલે અહીંથી મરીને કીડી થયો તો કણ કણ ભેગું કરવાની ભારે દોડધામ આખો દિવસ કરશે !

એથી ઊલટું, પ્રભુ દર્શનના સુસંસ્કાર અહીં પણ દર્શન-ભક્તિનો રસ વધારે છે, ને ભાવિ ભવોમાં એ ધર્મજીવનની પરંપરા આપે છે. અલબત્ત પ્રભુનાં દર્શન ખૂબ શુદ્ધ ભાવોલ્લાસથી કરવા જોઈએ.

આ વિચારતાં મનને એમ થાય કે 'અહો ! ત્યારે આ વીતરાગ પ્રભુનું દર્શન કેવું ભારે ઉપાદેય ! કેવું અત્યંત આદરવા જેવું ! તો હેં ? મને આવું પ્રભુદર્શન મળ્યું ? વાહ ! મારા ભાગ્યની અવધિ નથી,' એમ કરીને પ્રભુદર્શન થાય એમાં ભાવોલ્લાસ વધી જાય, તન્મયતા વધી જાય, દર્શન કરતાં કરતાં વીતરાગ અરિહંત પરમાત્માના અનુપમ ગુણો અને જીવન વિચારી વિચારી એના પર ઓવારી જવાય, એની સામે જગતભરની સંપત્તિ કદાચ મળે એવી હોય તો ય તે કૂચા લાગે. આ છે પ્રભુ દર્શનની આરાધનામાં વેગ.

પ્રભુ દર્શનની જેમ બીજી બધી ધર્મ આરાધનામાં આવી ઉત્કટ ઉપાદેય બુદ્ધિ લાવવાની છે; વળી એ જેમ જેમ અધિકાધિક ઉપાદેયતાની બુદ્ધિ થાય તેમ તેમ આરાધનાનો વેગ વધતો જાય. યાવત્ ચારિત્રની આરાધનામાં પણ એ રીતે વેગ વધારવાનો, મનને એમ લાગ્યા કરે, કે અહો ! કેવું ઉત્તમ ચારિત્ર !

જગતભરમાં આવું ચારિત્ર બતાવનાર કોઈ બીજો ધર્મ નથી. માત્ર જૈન ધર્મ જ આ અનંત કલ્યાણકર ચારિત્ર બતાવે છે. શું એ ચારિત્ર મને મળ્યું ? એમાં કેવું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સુંદર સર્વજીવ અભયદાન ! કેવો સરસ સર્વ પાપત્યાગ !' આમ હૈયામાં ઊછળતો અહોભાવ વધારતા રહેવાય અને પછી ગમે તેવા કષ્ટ-પરીસહ-ઉપસર્ગોની સામે ચારિત્રમાં સ્થિરતા-મક્કમતા-એકતાનતા વધતી જાય એ આરાધનામાં વેગ વધ્યો.

આમ કોઈ પણ આરાધના અત્યંત ઉપાદેય લાગે એટલે, બને; અર્થાત્ અપૂર્વ અહોભાવ, તન્મયતા અને સ્થિરતા બની આવે એ આરાધનાના વેગથી બન્યું.

હવે આરાધનાનો વેગ લાવવાનું બીજું સાધન આહારાદિ સંજ્ઞાઓની અટકાયત કરવી એ છે. એ આરાધનાનો વેગ વધારવા એ રીતે કામ કરે છે કે કેટલીયવાર આરાધનાનો વેગ એવો જ સામાન્ય રહેતો હોય કે ઘટતો રહેતો હોય તો ત્યાં કેટલીકવાર આહારસંજ્ઞા, શરીર-વિષયસંજ્ઞાદિ કામ કરતા હોય છે એટલે જેમ આ સંજ્ઞાઓ આરાધનાનો વેગ ઘટાડવામાં કારણ છે, તેમ એથી ઊલટું તેને સંજ્ઞાની ચાહીને સંકલ્પપૂર્વક કરેલી અટકાયત વેગ વધારનારી બને એમાં નવાઈ નથી. દા.ત.

રામચંદ્ર મુનિને ધ્યાનથી ચલિત કરવા સીતાજી જે બારમા દેવલોકના અચ્યુતેન્દ્ર થયેલા, તે આવ્યા સીતાનું રૂપ કરી બીજી વિદ્યાધરીઓ સાથે ગીત નૃત્ય અને કાલાવાલા કરે છે કે 'હે સ્વામિન્ તમે કેમ હવે મારી સાથે બોલતા નથી ? મારે તો તમે એક જ છો.' એમ અહીં આ અનુકૂળ ઉપદ્રવ આવ્યો, પરંતુ રામમુનિને જો સીતા તરફ આકર્ષણ-મમત્વ થાય તો એ વિષયસંજ્ઞા છે, ને અહીં એને ખાસ અટકાવવાની છે; એટલે એની સામે તત્ત્વ-ધ્યાનની તન્મયતા અને વૈરાગ્ય ને વિશેષ જળહળાવી એને અટકાવે છે. એમાં આરાધના વેગ વધ્યો, એવો વધ્યો કે રામચંદ્ર મુનિ કેવળજ્ઞાન પામે છે. શું થયું આ ? સંજ્ઞાની અટકાયતના જોસથી આરાધનાનો વેગ વધ્યો જોસ વધ્યું.

ત્રીજું સાધન છે, આરાધના વખતે ફળનો વિચાર નહિ. જેથી મન એકલું આરાધનામાં રક્ત રહીને વેગ વધારે. અર્ણિકાપુત્ર આચાર્ય સંયમની આરાધનામાં રક્ત હતા અને કેવળજ્ઞાની પુષ્પચૂલા સાધ્વીજીએ એમને 'ગંગા પાર કરતાં કેવળજ્ઞાન પામશો' એમ કહેલું, એટલે એ ગંગા કાંઠે આવી નાવમાં બેસી ગંગા પાર કરી રહ્યા છે. ત્યાં વૈરી દેવતાએ નાવ ડોલં ડોલ કરી નાવના લોકોને ભ્રમિત કર્યો કે 'આ સાધુના અપશુકને આમ બને છે,' તેથી લોકોએ એમને ગંગા પર ઉછાળ્યા, ને દેવતાએ ભાલા પર લીધા. અહીં આચાર્ય મહારાજ જો આરાધનાના ફળસ્વરૂપ કેવળજ્ઞાનના વિચારમાં રહ્યા હોત કે 'મને અહીં કેવળજ્ઞાન મળવાનું છે, અથવા ભાલે વિંધાયા શરીરરૂપી વિષયની સંજ્ઞામાં પડ્યા હોત તો કે 'હાય ! બહુ



પીડા !' તો સંયમ-અહિંસાની આરાધનાનો એટલો વેગ ન વધારી શકત.

પરંતુ ફળ તરફ ને શરીર પીડા પર દૃષ્ટિ જ ન લઈ ગયા, તેથી અહિંસાની આરાધનામાં વેગ આવ્યો. વિચારે છે, 'અરે ! આ મારું શરીર ઉપરના કોઈ જીવને પાપ કરવામાં નિમિત્તભૂત બની એની ભાવહિંસામાં નિમિત્ત બની રહ્યું છે, અને નીચેના પાણીના જીવોની શરીરના લોહીના ટીંપાથી દ્રવ્યહિંસા કરી રહ્યું છે એવા શરીર પર શી મમતા કરવી કે જે અસંયમમાં નિમિત્ત બને ? એમ શરીર પર અનાસક્તિ આવી એ આરાધનાનો વેગ વધ્યો ને એમાં આગળ વધતાં કેવળજ્ઞાન થયું.

આરાધનાનો વેગ એ સાચો ચમત્કાર છે. તરત કેવળજ્ઞાન અને મોક્ષરૂપી ચમત્કાર સર્જ્યો !

આ વેગ વધારવાનાં ત્રણ સાધન ખૂબ સેવવા જેવા. દૈનિક આરાધના પણ અત્યંત ઉપાદેય બુદ્ધિ વધારતાં વધારતાં ને સંજ્ઞાઓને મનથી રોકતાં રોકતાં વધતા વેગવાળી બનાવવી જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૩૭/૩૮,તા.૭-૬-૧૯૮૦

## (૬૨) નદી આખી ઓળંગી, પગનો અંગૂઠો ય ભીંજ્યો નહિ !

આજે જ્યાં સુગુરુઓના સુકાળ છે, અને જિનવાણીના શ્રવણ મળ્યા કરે છે, ત્યાં રહીને એ શ્રવણ બહુ લેવા છતાં જો આત્મામાં ધર્મના ભાવ વધતા નથી, ધર્મ કરવા છતાં ધર્મમાં પૈસા કમાવવા જેવો રસ-ધગશ આવતી નથી, તો એ એના જેવું થયું, કે નદી ખુલ્લા પગે આખી ઓળંગી ગયાં, પણ પગનો અંગૂઠો ય ભીંજ્યો નહિ, નદી ખુલ્લા પગે ઓળંગી, ને અંગૂઠો ય ન ભીંજાય ? હા, નદી પરના પૂલ પરથી ચાલી ગયા તો અંગૂઠો ય ન ભીંજાય, એ તો નદીની અંદરથી ચલાય, અર્થાત્ નદીના પાણીને ઓળંગવામાં આવે, તો પગનો અંગૂઠો જ શું, પગ પણ ભીંજાય.

એમ વીતરાગની વાણીનું શ્રવણ તો કર્યું, પરંતુ માત્ર કોઈની વિગતો જાણવા માટે, કિન્તુ પોતાના આત્માને લાગુ કરવા માટે નહિ, તો કલાક દોઢ કલાકનું પણ શ્રવણ અને એય એક બે દિવસ નહિ, પરંતુ ચોમાસાભર રોજ શ્રવણ કર્યું તો એમાં આત્માને ભીંજાવાનું રહે નહી, આત્મા પર કશી અસર ન લાગે, કશો ધક્કો ન પહોંચે, કે જેથી પોતાના દોષો સુધારવાનું અને ગુણો પ્રગટ કરતા જવાનું, ગુણોનો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અભ્યાસ કરતા જવાનું, તેમજ ધર્મપ્રવૃત્તિ રસથી કરવાનું ને ધર્મ પ્રવૃત્તિ વધારતા જવાનું બને. એ તો વાણીની અંદર ઉતરાય, અર્થાત્ પોતાના આત્મામાં એ ઘટાવતા જવાય તો જ ધર્મ રસ જાગે ને વધે.

જ્યાં સુગુરુઓનો સુકાળ નથી, ત્યાં પણ આવા ધર્મનું વાંચન મળી શકે છે, તીર્થંકર ભગવાન અને બીજા મહાપુરુષોનાં ચરિત્ર વાંચવા મળે છે, છતાંય સરવાળો જોવાય, અને એમ દેખાતું હોય, કે એટલું ય વાંચન કર્યા પછી આપણો આત્મા એટલા જ રાગ દ્વેષથી ભરેલો, ધનના એટલા જ લોભવાળો, મદ-અભિમાન એટલું ને એટલું જ રાખનારો, સ્વાર્થનો એટલો જ રસિયો, જૂઠ-અનીતિ એટલી જ નિર્ભીકપણે આચરનારો, આમ અનેકવિધ દોષોથી ભરેલો રહે છે, તેમજ દેવદર્શન કે પૂજા રાબેતા મુજબની સામાન્ય કરતો હોય તે સિવાય કશો ધર્મ નહિ કરનારો બન્યો રહે છે, તો પછી એ ધર્મ વાંચનનો ચરિત્ર વાંચનનો કે એના શ્રવણનો શો ઉપયોગ રહ્યો ? આમ કેમ બને છે ? કહો !

આપણે પ્રભુનો અને મહાપુરુષોનો ચોપડો વાંચીએ છીએ, પરંતુ સાથે આપણે આપણો ચોપડો વાંચતા નથી.

અર્થાત્ પ્રભુના કે મહાપુરુષના જીવનમાં આમ બન્યું, આમ બન્યું, આમ બન્યું.' સામાન્ય ઉપદેશમાં એ પલળી ગયા... એમણે પછી આવી આવી ધર્મ પ્રગતિ કરી, એમાં વળી આ આ કારણે ભૂલ્યા તો આવું આવું એમનું અધઃપતન થયું, વળી, પાછા કર્મનો કેટલોય માર ખાઈ વળી ઊંચે ચડ્યા, એમાં વળી આવી રીતે રીતે વેગ બંધ પ્રગતિ કરી ઉચ્ચ ઉચ્ચ સાધનાઓ કરી, આવું બધું જાણ્યું, એ તો એમનો ચોપડો વાંચ્યો, પરંતુ એની સાથે એ આપણા આત્મામાં ઘટાવ્યું નહિ, કે આપણે વિશિષ્ટ ઉપદેશ મળવા છતાં કેમ પલળતા નથી, પલળ્યા તો શી પ્રગતિ કરી ? મહાપુરુષ ભૂલા તો પડ્યા, આપણે કેટલા ભૂલીએ છીએ ? એમને ભૂલવાની સજા મળી, તો આપણને કેવી કેવી સજા મળશે ? એ મહાપુરુષ ભૂલ્યા પછી કેવી રીતે માર્ગે વળ્યા ? અને કેવી પ્રગતિની ફાળ માંડી ? એની સામે આપણે ફરીથી માર્ગે વળી જઈએ છીએ ખરા ? જો માર્ગે વળીએ છીએ તો કેમ કીડીના વેગે ? ફાળ કેમ નથી મારતા ? કેમ વિશિષ્ટ પ્રગતિ નથી કરતા ? વગેરે વગેરે જો હૃદયથી વિચારાતું નથી તો એનો અર્થ એજ ને કે પ્રભુનો ચોપડો વાંચ્યો, પણ આપણો ચોપડો નહિ !'

જો વાંચન-શ્રવણની સાથો સાથ જાત માટે કશું લેવું નથી, આત્મા પર કશી અસર લેવી નથી; અરે ! આત્મનિરીક્ષણ પણ કરવું નથી તો વાંચન-શ્રવણ હજારો



દિવસ થાય તોય પોતાના આત્મામાં શી ધર્મ પ્રગતિ થાય ? દોષો કેમ ઘટતા આવે ? ને ગુણો શા વધતા આવે ?

માટે કરવા જેવું આ છે કે વાંચન શ્રવણની સાથો સાથ આત્મ-નિરીક્ષણ કરતા રહેવાનું છે. પતનની ભડક અને પ્રગતિની લાલસા ઊભી કરવાની છે.

દા.ત. મરીચિ ચારિત્ર લીધા પછી ચારિત્રની સાધનામાં રસ ગુમાવતા રહ્યા તો ચારિત્ર કઠિન કઠિન લાગતું ગયું, ને અંતે ભ્રષ્ટ થયા ને સંન્યાસી વેશ સજી લીધો ! આપણે આપણા આત્મામાં આ પરથી જોવાનું કે આપણે ધર્મનો રસ ગુમાવતા રહીએ છીએ ખરા ? શું આપણા રોજિંદા દેવદર્શન રસ વિનાના નથી બનતા જતા ? રોજિંદી નવકારની માળામાં રસ ફિક્કો પડી માથેથી ભાર ઉતારવા રૂપે માળા ગણવાનું નથી થતું ? તો પછી એમાંથી 'હું કેમ પાછો ફરું ? ધર્મમાં કેમ અધિકાધિક રસ ઊભો કરું ? રસ ઊભો કરવા એ વિચારું કે આ મોંઘેરો અને દુર્લભ માનવભવ શા માટે છે ? કર્મ સાધના કરવા ? કે ધર્મ સાધના કરવા ? કર્મ સાધનામાં જન્મારો ગુમાવ્યો તો ધર્મ સાધનાની ખરેખરી તક ગુમાવીશ ! 'અંતે મહામુર્ખાઈ લાગશે.' એમ હૃદયસ્પર્શી વિચારણાથી ધર્મરસ વધારાય.

એમ, સાંભળ્યું કે વાંચ્યું કે 'ત્રિપુષ્ટ વાસુદેવ વિષય રંગ અને કષાયાવેશમાં રાચ્યા માચ્યા રહ્યા તો સાતમી નરકે જઈ પડ્યા !' ત્યાં શું એટલું જ વિચારવાનું કે બિચારા વિષય કષાયમાં મહાલ્યા તો નરકે ગયા ? ના, ત્યાં પહેલી તો ભડક જ લાગે કે 'તો પછી મારી વિષય-કષાયની લગનમાં હાય ! મારું શું થશે ?' પછી કેમ એને ઓછી કરાય એની વિચારણા થાય. માત્ર ભગવાનનો ચોપડો નહિ પરંતુ પોતાનો ય ચોપડો વાંચવાનો છે.

એમ, સાંભળ્યું મહાવીર પ્રભુએ પૂર્વ ભવે લાખ વરસ માસખમણો અને સંયમ સાથે વીસ સ્થાનકની આરાધના કરી, તો આપણે શું માત્ર ધન્યવાદ આપવાનો કે 'પ્રભુ ! ધન્ય ધન્ય તમારા અવતારને ! ધન્ય તમારી પુણ્ય સામગ્રીની કદર ને ? ના, એ ઉપરાંત જાત માટે વિચારવાનું કે 'પ્રભુ રાજવી શરીરે એવા લગભગ ૧૨ લાખ માસખમણો કરી શક્યા, કરી શક્યા એટલું જ નહિ, પણ કરવા જરૂરી માન્યા, તો હું કેટલો તપ કરી શકું ? કરી શકું એટલું જ નહિ, પણ મેં જીવનમાં શું જરૂરી માન્યું છે ? ખાવું જરૂરી કે તપ ? કેટલો તપ જરૂરી માન્યો છે ? સવાર પડે ને જો આ વિચાર આવે તો કાંઈક ને કાંઈક તપ, છેવટે ત્યાગ કરવા મન ઉલ્લસિત બને ! પરંતુ સવારે આ વિચાર આવે ક્યારે ભગવાનનું જીવન ભગવાનનો તપ એટલે કે ભગવાનનો ચોપડો સાંભળતાં કે વાંચતાં સાથે પોતાનો ચોપડો પણ વાંચવાનું રાખ્યું હોય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સારાંશ.

જિનવાણી-શાસ્ત્ર સાંભળવા-વાંચવા સાથે સાથે આત્મ નિરીક્ષણ જોઈએ, આત્મા પર અસર લેવી જોઈએ, ને એ અનુસારે શક્ય પ્રયત્ન જોઈએ. તો જ પોતાનો ચોપડો વાંચવા વિચારવાનું બને; મહાપુરુષોનાં જીવન ચોપડા વાંચવા-વિચારવા સાથોસાથ પોતાનો ચોપડો જોતા રહેવાનું બન્યા કર્યું ગણાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૩૯,તા.૧૪-૬-૧૯૮૦

## (૬૩) વીર્યાચારનું રહસ્ય અને મહત્ત્વ

### (લેખાંક-૧)

શ્રી જિનશાસનમાં જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચાર એ મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયભૂત પાંચ સદ્ આચારો છે. એમાં જ્ઞાનાચારથી તપાચાર સુધીના ચાર આચારોના દરેકના ૮-૮-૮-૧૨ એમ અવાંતર સ્વતંત્ર પ્રકારો છે, પરંતુ વીર્યાચારમાં તો અવાંતર કોઈ સ્વતંત્ર પ્રકાર નહિ કિન્તુ એજ કુલ ૩૬ પ્રકારોને જ વીર્યાચારના પ્રકારો તરીકે લીધા છે. એના પર પ્રશ્ન થાય કે 'તો પછી વીર્યાચારને એક સ્વતંત્ર આચાર તરીકે સ્થાન આપવાનું શું રહસ્ય છે ? તેમ એનું કેટલું સ્વતંત્ર મહત્ત્વ છે ?' આ અંગે અહીં વિચારણા કરવી છે જે જાણ્યા પછી કદાચ ચોંકી ઊઠાશે કે 'અરે ! આ અજબ ગજબનો વીર્યાચાર છે ?' અને ચોંકીને નવેસરથી ધર્મનો એકડો શરૂ કરવાનું મન થશે ! વિચારણા આ રીતે છે,-

પ્ર.- વીર્યાચારમાં નવું પાળવાનું શું આવ્યું ? જ્ઞાનાચાર વગેરેના જે પ્રકારો છે તે જ વીર્યાચારના પ્રકાર તરીકે ગણેલા છે, કિન્તુ જ્ઞાનાચારઆદિ દરેકમાં એના અવાંતર સ્વતંત્ર પ્રકારો છે, એવું વીર્યાચારમાં એના સ્વતંત્ર પ્રકારો નથી, તો પછી વીર્યાચારને કેમ સ્વતંત્ર પાંચમો આચાર કહ્યો ?

ઉ.- જેવી રીતે જ્ઞાનાચાર આદિ દરેકના સ્વતંત્ર પ્રકાર બતાવી, આરાધકને માથે એને સ્વતંત્ર આરાધવાનો ભાર મૂક્યો છે, એવી રીતે વીર્યાચારને પણ સ્વતંત્ર આરાધવાનો ભાર મૂકવા માટે એને અલગ પાંચમા આચાર તરીકે ગણવામાં આવ્યો છે, અને એને આરાધવા માટે જ્ઞાનાચારાદિમાં જોમ ઉત્સાહ વગેરે વધારવાના છે, એ વીર્યાચાર તરીકે નવું સ્વતંત્ર પાળવાનું આવ્યું જ ને ?

**જ્ઞાનાચારમાં વીર્યાચાર :-**

પ્ર.- જ્ઞાનાચાર આદિનું સ્વતંત્ર વિધાન કર્યું તે આચરવા માટે જ કર્યું છે,



તો શું એમાં પુરુષાર્થ-વીર્ય-જોમ લગાવવાનું વિધાન ન આવી ગયું ? જો પુરુષાર્થનું વિધાન ન આવ્યું હોય તો પછી આચાર શું આચરવા માટે નહિ, પણ માત્ર જાણવા માટે જ કહ્યા છે ? અને જો આચરવા માટે પણ છે, તો એમાં પુરુષાર્થનું વિધાન તો હોય જ; એટલે કે જ્ઞાનાચાર આદિનાં વિધાનથી એમાં વીર્ય-પુરુષાર્થનું વિધાન આવી જ ગયું, પછી મફતિયો વીર્યાચાર અલગ બતાવવાનું શું કામ ?

ઉ.- વાત ડહાપણ ભરી છે, પરંતુ અહીં વિવેક સમજવાનો છે કે જ્ઞાનાચારાદિના વિધાનમાં અલબત્ત એના પુરુષાર્થનું વિધાન આવી જાય છે, કિન્તુ તે તો ચાલુ પુરુષાર્થ રખાયા કરાય તો ય જ્ઞાનાચારાદિ પાળ્યા ગણાય. એટલે એમાં પાળીને મન સમજશે કે જ્ઞાનાચારાદિ પાળવાનું કર્તવ્ય પૂરું થયું, જ્યારે ખરેખર તો દિનપ્રતિદિન પુરુષાર્થનો વેગ વધારવાનો છે, જોમ-ઉત્સાહ-ઉલ્લાસ-તન્મયતા વગેરે વધારતાં રહેવાનું છે, એ વીર્યાચારના સ્વતંત્ર આચારનો ભાર માથે આવે તો જ બની શકે.

પ્ર.- એમ શા માટે ?

જ્ઞાનાચારાદિનું વિધાન અધિકાધિક જોમ ઉત્સાહ ઉલ્લાસ સાથેનું જ હોય તો તો પછી એ વિધાનથી જ વધતા જોમ-ઉલ્લાસવાળા જ્ઞાનાચાર આદિ સેવવાનો ભાર આત્માને માથે આવી જ જશે ને ? પછી વીર્યાચારના સ્વતંત્ર વિધાનની શી જરૂર ?

ઉ.- એમ તો ચાર આચારને પણ જુદા બતાવવાની શી જરૂર છે ? એવો સવાલ થઈ શકશે; કેમ કે એકલા જ્ઞાનાચારનું જ વિધાન એવી રીતનું કરે કે દર્શનાચાર આદિના જે પ્રકારો છે, તે સહિત જ જ્ઞાનાચારનું પાલન કરવું. એટલે પછી 'આચાર કેટલા ? તો કે એક જ્ઞાનાચાર;' એમજ આચાર બતાવવો પડે; કિન્તુ એમ નથી ચાલી શકતું, કારણ કે જો કે વિદ્વાન પુરુષ તો એક જ આચારના આ જાતના વિધાનથી બીજા આચાર પાળવાનું સમજી શકે, પણ જન સામાન્ય બાળજીવો એ રીતે સમજી ન શકે. એ તો બિચારા એમ જ સમજી બેસે કે આપણે મુખ્ય પાળવાનો આચાર એક માત્ર જ્ઞાનાચાર જ. તેથી દર્શનાચારો-ચારિત્રાચારો વગેરે પર સ્વતંત્ર ભાર આપવાનું નહિ કરે; ને એથી દર્શનાચાર આદિ એને મન ગૌણ થઈ જશે ! અને જો એમ થાય તો તે ખોટું છે, કેમ કે જેટલું જ્ઞાનાચારનું મહત્ત્વ છે, તેટલું જ દર્શનાચારનું, તેટલું જ ચારિત્રાચારનું, ને એટલું જ તપાચારનું મહત્ત્વ છે. બાળ જીવોને આ દરેકનું મહત્ત્વ બરાબર ખ્યાલમાં આવે એ માટે એ દરેકે દરેક આચારનાં સ્વતંત્ર વિધાન કરવા જ જોઈએ.

બસ, જો આ સમજાઈ જાય તો હવે વીર્યાચારનું સ્વતંત્ર મહત્ત્વ કેમ ? તે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સમજાઈ જશે; કારણ કે પૂર્વે કલ્પના કરી તેમ, વધતા જોમ ઉલ્લાસ સાથે જ્ઞાનાચાર આદિ ચારના પ્રકારો સેવવાનું વિધાન કરવામાં આવે તો બાળજીવનું મન એ જ્ઞાનાચારાદિના પ્રકારોને જ મહત્ત્વ આપશે, અને વધતા જોમ ઉલ્લાસ વગેરે એને મન ગૌણ થઈ જશે; જ્યારે વીર્યાચારને એક સ્વતંત્ર આચાર બતાવ્યો, તો એથી બાળજીવો વીર્યાચાર તરીકે અથાગ જોમ, અથાગ ઉલ્લાસ, અથાગ ઉત્સાહ વગેરેને સ્વતંત્ર કર્તવ્ય સમજશે એટલે પછી જેમ જ્ઞાનાચાર આદિનો પુરુષાર્થ એ સ્વતંત્ર કર્તવ્ય છે, માટે એ જ્ઞાનાચારાદિને સારી રીતે સેવવા જોઈએ, તેમ વીર્યાચાર તરીકે એ આચારોમાં જોમ-ઉલ્લાસ ઉત્સાહ વધારવાનું કર્તવ્ય એ પણ સ્વતંત્ર કર્તવ્ય છે માટે એ જોમ-ઉલ્લાસ વગેરે સારી રીતે વધારવા જ જોઈએ એમ બાળજીવ સમજી શકશે, એટલા જ માટે વીર્યાચારનું પાંચમા આચાર તરીકે સ્વતંત્ર વિધાન કર્યું.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૪૦,તા.૨૧-૬-૧૯૮૦

## (૬૪) (લેખાંક-૨)

ગતાંકમાં એ જોયું કે વીર્યાચારના અવાંતર પ્રકારો જ્ઞાનાચારાદિના જ પ્રકારો હોવા છતાં, જેમ એ આચારો પાળવાનું સ્વતંત્ર કર્તવ્ય છે, એમ એમાં વીર્ય-જોમ-ઉત્સાહ-તન્મયતા વધારતા રહેવાનું પણ સ્વતંત્ર કર્તવ્ય છે અને આ કર્તવ્યનો ભાર માથે આવે એટલા માટે વીર્યાચારનું પાંચમા આચાર તરીકે સ્વતંત્ર વિધાન કર્યું. હવે એમાં કરવાનું આ,-કે જ્ઞાનાચાર આદિના ૩૬ પ્રકારોમાંના દરેકે દરેક પ્રકારને આચરવાનો તો ખરો જ, પરંતુ આ પાંચમા આચાર 'વીર્યાચાર'ના સ્વતંત્ર વિધાનની રૂએ એ દરેક પ્રકારમાં સહેજ પણ શક્તિ ન ગોપવવી, તેમજ એ આચાર-પાલનમાં નિત્ય નવો ઉલ્લાસ, નવો ઉત્સાહ, નવો ઉછરંગ, નવું પરાક્રમ-જોમ-એકાકારતા-તન્મયતા વગેરે પણ વધતા રાખવાના, એ સ્વતંત્ર વીર્યાચારનું પાલન થયું.

આ જો ધ્યાનમાં રહે તો જ્ઞાનાચારના પાલન તરીકે ''જ્ઞાન ભણવાનું તે ભણી કાઢવાનું'' એમ મુડદાલગીરીથી તથા વચમાં ડાફોળિયાં ને બીજા વિચારો સાથે ભણીને મન જ્ઞાનાચાર પામ્યાનો સંતોષ માની લેશે કિન્તુ એમાં જોમ-ઉત્સાહ વગેરે વધતા રાખવાનું ભાન નહિ રહે. એ તે સ્વતંત્ર વીર્યાચારનું પાલન પણ માથે છે, એવું મનને રહે, તો જ વીર્યાચારના પાલન તરીકે એ જોમ-ઉત્સાહ વગેરેને દરેક આચારના પાલનમાં વધાર્યા કરાય.

અર્થાત્ વીર્યાચારના પાલન તરીકે જ્ઞાન ભણવામાં નિત્ય નવો ઉત્સાહ, અધિક ઉલ્લાસ, તથા અધિકાધિક એકાકારતા-તન્મયતા લાવ્યે જવાની.



એમ વીતરાગ પ્રભુનું દર્શન કરાય, એ સમ્યગ્દર્શનની કરણી છે. એમાં સ્વતંત્ર વીર્યાચારના પાલનનો ખ્યાલ રાખીને જો એ કરાય તો દર્શનમાં જોમ-ભાવોલ્લાસ વગેરે વધારતા રાખવાની તકેદારી રહે.

એમ ઉપવાસ કર્યો એ તપાચાર તો પાળ્યો, પરંતુ જો વીર્યાચાર પાલનનો અતિ જરૂરી કર્તવ્ય તરીકે ભાર માથે નથી, તો ઉપવાસ મુડદાલગીરીથી પૂરો થશે. હજુ તો સવારે દશ વાગ્યા હશે ત્યાં વ્યાખ્યાનમાં મોઢું દિવેલ પીધા જેવું કરી લમણું હાથ પર ટેકાવી માથું નીચું ઘાલીને બેસશે. એને પૂછો; 'કેમ ભાઈ ! આમ ? કાંઈ બિમાર છો ?' તો રોતડગીરીથી કહેશે; ''આજ મારે ઉપવાસ છે.'' અલ્યા અત્યારમાં ઉપવાસ ? સાંજ પડ્યે મનની નબળાઈ ભારે વધી જશે એટલે ઉપવાસના જાણે હક્કની રૂએ આખું પ્રતિક્રમણ બેઠો બેઠો કરશે. અલબત્ત આમાં તપાચાર તો પાળ્યો પરંતુ તેમાં ભલીવાર નહિ, કારણ કે વીર્યાચારના પાલનની ખામી રહી. જો તપાચારની જેમ વીર્યાચારનો પણ માથે ભાર હોત તો સવારથી જ 'અનાદિની પેંધેલી અને ભવના ફેરા વધારનારી પાપિણી આહાર સંજ્ઞાને કચડવાનો આજે ખરેખરો મોકો મળ્યો છે, ધન્ય અવતાર ! ધન્ય શાસન !' એમ માનીને ઉપવાસમાં ભારે ઉત્સાહ ઉછરંગ વગેરે જરૂર રખાશે.

જો આ જોમ-ઉલ્લાસ-ઉત્સાહની વૃદ્ધિ ન રખાય તો ઉપવાસ આદિ કરવા છતાં વીર્યાચારનો ભંગ કર્યો કહેવાય; અને વીર્યાચારના ભંગથી વીર્યાંતરાય કર્મ બંધાય.

આ કેવી કમનસીબી કે જ્ઞાનાચાર આદિના આચારો પાળવા છતાં એમાં જોસ (પરાક્રમ) ઉલ્લાસ-ઉત્સાહ ન રાખવા ન વધારવાના કારણે વીર્યાચારનો ભંગ થવાથી વીર્યાંતરાય કર્મ પણ સાથે બંધાતા રહે !

**દર્શનાચારમાં વીર્યાચાર :-**

એવી રીતે દર્શનાચારમાં પહેલો નિઃશંકિત આચાર પાળવાનો એટલે ભગવાનના વચનમાં લેશમાત્ર શંકા નહિ કરવાની. હવે જો એને પૂછો 'કેમ ભાઈ ! શાસ્ત્રની આ વાત તમને મગજમાં બેસે છે ?' તો જો વીર્યાચાર-પાલનનો ભાર માથે નહીં હોય તો રોતડની જેમ કહેશે; 'ભાઈ ! શું કરીએ ? બેસતી તો નથી પણ હવે ભગવાનના વચનમાં શંકા તો ન કરાય, એટલે માની લેવાનું,' એમ મુડદાલગીરીથી નિઃસ્સંકિય આચાર પાળશે.

પણ ખરેખર જો ત્યાં વીર્યાચાર પાળવાનો સાથે રાખ્યો હોય તો જવાબમાં કહેશે : ''અરે ! તમે આ શું બોલ્યા બેસે છે ? સર્વજ્ઞ ભગવાનનાં વચન એટલે ત્રિકાલાબાધ્ય સત્ય ! એમાં મીનમેખ ફેરફાર નીકળે નહિ. મારી ને તમારી બુદ્ધિ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કેટલી કે એવા અનંત જ્ઞાનીના વચન પર તર્ક વિતર્ક કરવા નીકળી પડીએ ?" આમ આવો નિઃશંકિત આચાર ખૂબ જોમ-ઉત્સાહ અને વધતા ઉલ્લાસથી પળાય, તો એ લેખે લાગે. એ માટે મન પર દર્શનાચાર સાથે વીર્યાચારનું પાલન જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૪૧,તા.૨૮-૬-૧૯૮૦

## (૬૫) (લેખાંક-૩)

એમ ચારિત્રાચારમાં પણ વીર્યાચારને ઘાલવાનો. જો એ નહિ ઘાલ્યો હોય તો દા.ત. ગમનાગમન વિધિમાં નીચું જોઈને તો ચાલશે, પરંતુ સાથે વીર્યાચારનો એટલે વધતા-ઉછળતા-ઉત્સાહ-ઉલ્લાસનો અમલ નહીં હોય તો "પરાણે પ્રીત"ની જેમ નીચું જોતો રહેશે. કોઈ પૂછે 'કેમ ભાઈ !' નીચું જોઈને ચાલો છો ?' તો કહેશે : 'ભાઈ ! સાધુ થયા એટલે એમ જ ચાલવું પડે, નહીંતર પાપ લાગે.' ત્યાં જો વીર્યાચારનો ભાર માથે હશે તો સાથે એટલો બધો ઉલ્લાસ ઉત્સાહ હશે કે ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં તે કહેશે 'અરે ! આપણાં અહોભાગ્ય કે આપણને જિનશાસન મળ્યું જેણે જીવરક્ષા માટે ઈર્યા સમિતિ (નીચું જોઈને ચાલવું) વગેરે ઉચ્ચ કોટિના ધર્મ બતાવ્યા.'

એથી એમાં જીવદયાનો પરિણામ વધતો જાય, તેમજ ભગવાને બતાવેલ ક્રિયામાં અહોભાવ વધતો જાય. આ બધું સ્વતંત્ર વીર્યાચાર્યના પાલનનો ભાર માથે રખાય તો જ બને; કેમ કે એ વીર્યાચારના પાલનમાં જોમ વધારવાનું છે એટલે માનસિક પરાક્રમ અર્થાત્ અત્યંત ઉપાદેયભાવના વિચાર સાથે મનની એકાકારતા-તન્મયતા વધારવાની છે, ને સાથે મનનો ઉછરંગ-ઉત્સાહ પણ ખૂબજ વધારવાનો છે.

આવા સ્વતંત્ર વીર્યાચાર પાલનના મહત્ત્વના હિસાબે જ જ્ઞાનાચારાદિના એકેક પ્રકારનું આચરણ જોમ વેગ Force-પાવરવાળું બને છે, કે જે અવસર આવ્યે વીતરાગ સર્વજ્ઞ બનાવી દે છે.

દા.ત. **વલ્કલચીરી** રાજકુમાર મૂળ તાપસકુમારની અવસ્થાના ભાંડાનું વીર્યાચારની પ્રબળતા સાથે પડિલેહણ કરતાં કરતાં કેવળજ્ઞાન પામી ગયા !

**ભરતચક્રવર્તી** અનિત્યતાની ભાવના પર ધ્યાન નામના તપાચારમાં ચડ્યા ત્યાં સાથે વીર્યાચારનો વેગ આપતા ગયા, ને કેવળજ્ઞાન પામ્યા !

આમ જ્ઞાનાચારના ૮ ભેદ, દર્શનાચારના ૮ ભેદ, ચારિત્રાચારના ૮ ભેદ, તપાચારના ૧૨ ભેદ મળી કુલ ૩૬ ભેદ, તે વીર્યાચારના ૩૬ ભેદ છે; અને એ દરેકમાં પ્રબળ વીર્ય ફોરવવાનું છે.



જ્ઞાનાચાર વગેરે દરેકમાં વીર્યાચાર ભેળવવાનો છે તેથી તન્મયતા વધતાં ઉત્સાહ વધતો હોય છે, જોમ વધતું હોય છે. પછી સાધના થાય તે આત્મસાત્ થાય.

**તપાચારમાં વીર્યાચાર :-**

દા.ત. અનશન ઉપવાસ કરે. એમાં વધતું જોમ હોય, એટલે ઉપવાસમાં પાવર-Power આવે, ઉત્સાહ વધતો જાય, સાંજ પડતાં પડતામાં એટલો ઉત્સાહ વધી જાય કે એને થાય કે 'આવતી કાલે ઉપવાસ કરી લઉં' આવો વિચાર-આવો ભાવ થાય.

પ્ર.- તો પછી બીજે દિવસે તેવો ભાવ રાખી ઉપવાસ કેમ નથી કરતો ?

ઉ.- બીજે દિવસે સવારે તે ભાવના તો ભાવે જ છે કે "ભગવાને છ માસ તપ કહ્યો છે, તે સંયમ-યોગો સાધીને હું કરી શકીશ ?" સંયમ અને યોગ સાધનાથી ઉપવાસ કરતાં અધિક લાભ દેખીને ઉપવાસને ગૌણ કરે છે. બાકી ઉપવાસની ભાવના તો છે જ. કિન્તુ તપ કરવાનો છે, તે સંયમ-યોગો સલામત રાખીને.

આમાં 'સંયમ' એટલે જીવજતના જીવરક્ષણ તથા ઇન્દ્રિય સંયમ વગેરે. 'યોગ' એટલે સાધ્વાચાર સાધુપણાનો આચાર, તેમાં આવશ્યક ક્રિયા, સ્વાધ્યાય, સેવા, વૈયાવચ્ચ એ પ્રધાન આચાર છે.

પ્ર.- આવશ્યક ક્રિયા પ્રધાન કેમ ?

ઉ.- એનાથી પાપનાશ અને સમભાવની સાધના થાય છે.

પ્ર.- સ્વાધ્યાય પ્રધાન કેમ ?

ઉ.- એનાથી સમ્યક્ તત્ત્વબોધ, તત્ત્વ રમણતા વધતી જઈ, પાપ વિકલ્પોથી બચાય છે, ને શુભભાવ અખંડ રહે છે.

**વૈયાવચ્ચની પ્રધાનતા :-**

પ્ર.- સેવા તે વૈયાવચ્ચ પ્રધાન કેમ ?

ઉ.- તે એટલા માટે કે સેવા ને વૈયાવચ્ચ એ સ્વાર્થનો હ્રાસ કરે છે, નાશ કરે છે, જેને સેવા વૈયાવચ્ચ ખપતા નથી, તેનામાં સ્વાર્થ બુદ્ધિ વિસ્તાર પામે છે, સ્વાર્થ બુદ્ધિ પોષાયેલી રહે છે અને તે જો હોય ને બીજું તપ, સ્વાધ્યાય વગેરે ઘણુંય કરે, તો પણ સ્વાર્થ વૃત્તિના હિસાબે જાતની સંકુચિતતાથી ગુણસ્થાનની પરિણતિ વધતી નથી. આ સંયમ ને યોગ એ એકલો તપ કરાય. એના કરતાં મહાન વસ્તુ છે, તેથી સવારે તપ ભાવનામાં મનને થાય છે કે બીજો ઉપવાસ લઈશ, તો આ સંયમ આ યોગ નહિ સચવાય, સીદાશે, માટે અધિક મહત્ત્વના સંયમ-યોગ સાચવી લઈ બીજે દિવસે તપ ભાવના વધવા છતાં તપ જતો કરવો પડે છે. ક્યાં એકલા તપની પરિણતિ ? ને ક્યાં અતિમહાન સંયમ યોગોની પરિણતિ ? પરિણતિનો વિચાર નથી કરતા તેથી બાહ્યમાં ભૂલા પડીએ છીએ કે 'સંયમ યોગો ભલે સીદાય,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઉપવાસ કરવાનો તે સૂતા રહીને કરીએ તો ચાલે.'

આ બધું વીર્યાચારની ખામીના લીધે છે. વીર્યાચાર બરાબર પળાય, તો લક્ષ્ય શુદ્ધિ હોવાથી ઉપવાસમાં જોમ-ઉત્સાહ-તન્મયતા જોરદાર રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૦

## (૬૬) અર્હદ્ અભિષેકથી કર્મની રજ કેમ હટે ?

કહ્યું છે **'ભત્તીઇ જિણવરાણં ખિજ્જંતિ પુવ્વ સંચિય કમ્માઇં'**

જિનેશ્વર ભગવાનની ભક્તિથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે. પરંતુ અહીંય પાછો પ્રશ્ન તો આ જ છે કે,

પ્ર.- કર્મ એકત્રિત થયેલા તે તો જીવે કેટલાય રાગાદિ દોષો અને હિંસાદિ દુષ્કૃત્યો કરી કરીને કરેલા, તે કર્મો માત્ર જિનભક્તિથી નાશ કેમ પામે ?

ઉ.- આ સમજવા માટે પહેલાં અરિહંત પ્રભુને સમજી લેવા જેવા છે કે એ કેટલું વિશ્વોત્તમ દ્રવ્ય છે ! વિચારો, અરિહંત ભગવાન શી રીતે થયા ? ત્યારે, પહેલું તો એ જ્યારે આ સંસારમાં અનંતકાળમાં ભ્રમણ પછી પહેલું સમ્યક્ત્વ પામે છે તે અદ્ભુત યોગ્યતાથી ! દા.ત.

**અરિહંતની સમ્યક્ત્વ-પ્રાપ્તિ :-**

મહાવીર ભગવાનનો જીવ મુખી નયસાર જંગલમાં સમ્યક્ત્વ પામ્યા. તે જે વિકરાળ જંગલમાં પોતાને ય શિકારી પશુના ભય સામે શસ્ત્રો લઈને જવું પડેલું ત્યાં જમવાના અવસરે અતિથિને યાદ કરે છે ! મળે ત્યાં અતિથિ ? પણ પોતે નોકર દ્વારા નહિ કિન્તુ જાતે તપાસ કરવા નીકળે છે, કેવી યોગ્યતા ! ત્યાં નસીબ જોગે ભૂલા પડેલા મુનિઓ મળી ગયા, તો એમને આહારપાણીનું દાન કરી જાતે રસ્તો બતાવવા જાય છે ! કેવી યોગ્યતા ! પાસે નોકરો છે, પણ નોકરને આ કામ નહિ ભળાવવાનું ! કેમ ? મોટા માણસની સરભરા ભાડુતી નોકર પાસે ન કરાવાય. તમે ભગવાનની પૂજાવિધિ સરભરા પગારદાર પૂજારી પાસે કરાવો છો એ કેટલું વ્યાજબી છે ? એમાં તમારી યોગ્યતા પરખાય છે. નયસાર મુનિઓને રસ્તે ચડાવી પાછો વળવા જાય ત્યાં મુનિઓ કહે 'અમારે તમને કાંઈક કહેવું છે.' ત્યાં એ 'હવે માફ કરો, બહુ સમય ગયો, મારે મારાં કામ બગડે છે.' એવું રુક્ષ અને ધિઠ્ઠાઈ ભર્યું નહિ કહેતાં કહે છે 'અહોભાગ્ય મારાં કે આપ મહાન પુરુષ મારા જેવા નરાધમને કાંઈક કહેવા ઈચ્છો છો ! ખુશીથી આપના નાના શિષ્ય જેવો મને સમજી કહો,'



મુનિઓ નયસારને નરોત્તમ સમજે છે. ત્યારે આ જાતને નરાધમ તરીકે ઓળખાવે છે. કેવીક યોગ્યતા ! ત્યાં મુનિઓ આત્મા-મોક્ષ અને દેવ-ગુરુ-ધર્મની ઓળખ કરાવી સમ્યક્ત્વ સાથે નવકાર મંત્ર આપે છે.

**અરિહંતની સંયમ-તપ-સાધના :-**

સમ્યક્ત્વ પામતાં આટ આટલી અદ્ભુત યોગ્યતાઓ ! ને પછી આગળના ભવોએ સાધનાઓ કેવી અદ્ભુત ! મરીચિના ભવે માત્ર સમવસરણ-દર્શન કરી વૈરાગ્ય પામે છે ! ચારિત્ર લેવાનો નિર્ધાર કરે છે ! કેવીક યોગ્યતા ! વિશ્વભૂમિ રાજકુમારના અવતારે નહિ જેવી વાતમાં વૈરાગ્ય પામી તરત ચારિત્ર લઈ સંયમ સાથે ૧૦૦૦ વર્ષ ઘોર તપ આદરે છે ! પ્રિય મિત્ર ચક્રવર્તીના અવતારે ૧ ક્રોડ વરસ ચારિત્ર પાળે છે ! નંદન રાજાના અવતારે ચારિત્ર સાથે દીક્ષા દિવસથી માંડી માસખમણના પારણે માસખમણ ૧ લાખ વરસ સુધી કર્યે રાખે છે ! મહાવીર પ્રભુના અવતારે ચારિત્ર લઈ ૧૨ાા વર્ષમાં ૧૧ાા વરસ જેટલા ઉપવાસ કરે છે ! કેવીક અતિ કઠોર સાધનાઓ ! કેવીક યોગ્યતા ! છ માસી ૨ વાર, ચાર માસી ૯ વાર, માસખમણ ૭૨ આવી તપસ્યામાં પણ સાડા બારેય વરસ દિવસે કે રાતે ખડા ખડા જમીન પર પલાંઠી માંડીને બેસવાની ય વાત નહિ, તો સુવાની તો વાતેય શી ? ક્યાં સુધી ? સાડા બાર વરસ ! મોટા ભાગે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવાનું. તેમાંય ગમે તેવી ઠંડી પડો, ગરમી પડો કે માખી-ડાંસ-મચ્છર કરડો પણ તત્ત્વ-ચિંતનની વચમાં એનો કાંઈ વિકલ્પ વિચાર પણ લાવવાની વાત નહીં. ઘોર ઉપસર્ગ પણ આનંદથી સહી લેવાના ! કેવી મહાન યોગ્યતા અને કેવો ગજબ પુરુષાર્થ !

આ બધું કહેવાનું કારણ એ, કે અરિહંત શી રીતે થયા એનો ખ્યાલ આવે. તાત્પર્ય ઘોર તપસ્યા ! કઠોર સાધનાઓ ! અદ્ભુત યોગ્યતાઓ ! એ એની પાછળ કામ કરી રહ્યા હોય છે.

અરિહંત આ બધી અસાધારણ યોગ્યતાઓ અને અનન્ય કઠોરાતિકઠોર સાધનાઓની મૂર્તિસમા છે. અર્હદ્ અભિષેક વખતે આ નજર સામે આવે ત્યારે વિચારો, એ કેટલા કર્મોનો ખોડો કાઢી નાખે ? એ અરિહંતના ગર્ભમાં આ બધું હોય ત્યાં એ અરિહંતનું જેણે આલંબન લીધું એણે કમ કામ કીધું ? એને એ ભીષ્મ સાધનાઓની અનુમોદનાનું ભવ્ય બળ મળવાથી કેમ એ પણ કર્મરજને ન ખંખેરી નાખે ? 'કરણ કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નીપજાયો' એમ શાસ્ત્ર કહે છે.

અરિહંતને અભિષેકમાં એ બધી અતિ કઠોર અર્હત્-સાધનાઓની અનુમોદના છે, તેથી અર્હદ્-અભિષેકને કર્મ-રજ દૂર કરનાર અને પૂર્વે કહ્યું તેમ મોહમળને દૂર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કરનાર તરીકે ઓળખાવ્યો. બધીય અરિહંત-ભક્તિ, અરિહંત-નમસ્કાર, અરિહંત-સ્મરણ, અરિહંત-ધ્યાન વગેરેમાં આ તાકાત છે કે એ આપણા આત્મા પરની કર્મરજ અને મોહમળને દૂર કરી નાંખે.

આ ઉપરથી એટલું ખાસ ધ્યાન રાખવા જેવું છે કે આપણે અરિહંત-સ્મરણ-નમસ્કાર-દર્શન-પૂજન વગેરે કાંઈ પણ કરીએ એની સાથે અરિહંત પરમાત્માની વિશિષ્ટ યોગ્યતાઓ સાથે સમ્યક્ત્વની અને ચારિત્રની અનન્ય ભવ્ય સાધનાઓ લક્ષમાં લાવવી જોઈએ અને એની ભારોભાર અનુમોદના તથા સ્વાત્મામાં એ લાવવાની ઉત્કટ આશંસા આપણા હૈયામાં પ્રસરવી જોઈએ. જેથી એ સાધનાઓનો સ્વયં કરવા જેવો લાભ મળે. **'ઉપયોગે ધર્મ'** એ સૂત્ર-અનુસાર આપણા ચિત્તનો, એ અર્હત્ સાધનાઓમાં, ઉપયોગ હોય તો જ એ ધર્મરૂપ બને.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૪૩,તા.૧૨-૭-૧૯૮૦

## (૬૭) વૈરાગ્ય વિના ધર્મ બેકાર

શાસ્ત્ર કહે છે ''जत्थ य विसय विराओ,... सो धम्मो सिवसुहोवाओ.''

જે ધર્મ સાધનાની સાથે વિષય-વૈરાગ્ય હોય એ ધર્મ મોક્ષ સુખનો ઉપાય બને. સાધના ભલે નાની નવકાર-સ્મરણ કે પ્રભુદર્શન જેવી હોય પરંતુ જો એની સાથે હૈયે વિષયો પ્રત્યે વૈરાગ્ય હોય તો એ સાધના મોક્ષનો ઉપાય છે, મોક્ષને નિકટ કરે છે.

ત્યારે જો સાધના મોટી ચારિત્ર-પાલન જેવી છે, પાલન પણ શુદ્ધ ચારિત્રનું પાલન છે, કિન્તુ સાથે વિષય વૈરાગ્ય નથી તો એ મોક્ષ-સાધક નહિ, મોક્ષની નિકટ લઈ જનારી નહિ. પૂર્વનાં આપણા અનંતા ચારિત્ર નિષ્ફળ કેમ ગયા ? ચારિત્ર તો નવગ્રૈવેયક વિમાનમાં દેવ બનાવે એવા ઉત્કૃષ્ટ પાળેલા, છતાં નિષ્ફળ કેમ ? કારણ આ જ, કે એ વિષય-વૈરાગ્યથી નહિ, પણ વિષય સુખની અંધ લાલસાથી પાળેલા. અલબત્ત અહીં વિષયોના ત્યાગ કરી કઠોર ચારિત્ર લીધું ને પાળ્યું, પરંતુ તે ભાવી ઊંચા દેવલોકનાં સુખ લેવા માટે ! 'અહીં થોડા વરસ તુચ્છ વિષય-સુખોનો ત્યાગ કરવાથી ભવિષ્યમાં અસંખ્ય વરસોના દેવતાઈ સુખો મળે છે, તો આ ભાવમાં ખોટું નથી, એમ માનીને વિષય-સુખોની આંધળી લંપટતાથી ચારિત્ર લીધાં ને પાળ્યાં ત્યાં વિષય વૈરાગ્ય નહોતો માટે એ ચારિત્ર નિષ્ફળ ગયાં.



અનંતીવાર એમ ચારિત્ર લીધાં ને પાળ્યાં છતાં જીવ ભવમાં ભટકતો રહ્યો, મોક્ષ પામ્યો નહિ, એ કેટલી મોટી દુર્દશા ! એ કોના વાંકે ? કહો, અંધ વિષયરાગના ગુન્હાથી ભટકતો રહ્યો.

અંધ વિષયરાગ એટલે મનગમતા વિષયો મળ્યા તો સર્વસ્વ મળ્યું માની ખુશી ખુશી માને; અને અણગમતા વિષય મળ્યા તો જાણે સર્વસ્વ લૂંટાઈ ગયું માની દુઃખી દુઃખી થઈ જાય. એથી ઊલટું વિષય-વૈરાગ્ય એટલે વિષયો મોક્ષ પામવાની ને મોક્ષમાર્ગ આરાધવાની આડે આવનારા છે, માટે એના પ્રત્યે અંતરમાં ઘૃણા રહે ગ્લાની રહે; એ સારા સુખકારી મળ્યાથી બહુ વિશેષતા ન માને, સર્વસ્વ ન માને, અને અણગમતા વિષય મળ્યા, એથી કોઈ મોટી ખોટ આવી ગઈ એમ ન માને. એ વિષય વૈરાગ્યનો પ્રભાવ.

સીતાજીને પતિ રામની સાથે બાર વરસ વનમાં ભટકવાનું આવ્યું છતાં એમણે મનમાં દુઃખ લગાડ્યું નહિ કે 'હાય ! ક્યાં મહેલવાસ ને બદલે આ વનવાસ ? હાય ! હીરા માણેકના આભૂષણ, રેશમી જરિયાન સાડીઓ, નોકર ચાકરો, ઉમદા ખાનપાન વાહન, વગેરે બધું લૂંટાઈ ગયું ? ''આવું મનમાં ન આવ્યું, મનને દુઃખ ન માન્યું કેમ કે એમને હૈયામાં વિષય-વૈરાગ્ય હતો. સીતાજીએ પતિવ્રતા ધર્મને જીવનનું સર્વસ્વ માનેલું ઊંચા વિષયોને સર્વસ્વ માન્યા નહોતા. પતિવ્રતા ધર્મને સર્વસ્વ માન્યો હતો. વનવાસમાં એ ધર્મ સલામત હોઈ બાજુમાં વિષયોની ખોટમાં કશું સર્વસ્વ લૂંટાઈ ગયું માન્યું નહોતું. તેથી વનવાસમાં શું કામ દુઃખ કરે ?

વિષય-વૈરાગ્ય આ ચીજ છે, વિષયો મળ્યાથી વડાઈ ન લાગે, વિષયો ગયાથી મોટી ખોટ ન લાગે.

એટલા માટે તો સીતાજીના બે પ્રસંગમાં એમનું ઉમદાપણું તરવરે છે. એક તો,-

(૧) રામથી તરછોડાયા પછી સીતાજીને ધર્મનો ભાઈ એક રાજા આશ્રયદાતા મળ્યો, બે બાળકો લવણ અંકુશનો જન્મ થયો, બે મોટા થઈ એક વાર કહે 'મા ! તેં તો અમને અત્યાર સુધી કહ્યું પણ નહિ કે તને અમારા બાપુજીએ વનમાં ધકેલી દીધી હતી ? શું તારો કોઈ બેલી નહોતો, એટલે તને આમ ધકેલી દે ? હવે અમે મોટા થઈ ગયા છીએ હવે બાપુજીને ને કાકાને બતાવી આપીએ છીએ કે સીતાજીના અમે રક્ષણહાર જીવતા છીએ, આવો મેદાન પર, બતાવો તમારું પાણી કે સીતાજીને કેમ ધકેલી દેવાય છે ? એમને લડાઈ આપવા જઈએ છીએ તો માથે હાથ મૂક આશીર્વાદ આપ.''



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ત્યાં સીતાજી કહે 'ગાંડાઓ ! બાપુજીની સામે લડવા જવાય ! એમનાં દર્શને જવું હોય, એમને પગે પડવા જવું હોય, તો જાઓ; લાવો આશીર્વાદ આપું.'

સીતાજી આ ક્યારે કહી કહી શકે ? વનમાં હકાલપટ્ટી અને વિષયો લુંટાઈ ગયાની મોટી ખોટ માની નહોતી ને એની ગાંઠ વાળી નહોતી ત્યારે. જો ગાંઠ વાળી હોત તો આ ઉદ્ગાર ન નીકળે. પણ અંતરમાં ધર્મ મોટો કરીને રાખ્યો છે, તેથી પુત્રોને ધર્મ શીખવે છે. સારા વિષયો મળ્યાથી બહુ વિશેષતા નહિ, વિષયો લુંટાઈ ગયાથી બહુ મોટી ખોટ નહિ માનવાની. દિલમાં મોટો ધર્મ સલામત છે, પછી નાના વિષયો બિનસલામત થયા તેથી શું ? એમાં કાંઈ બહુ બગડ્યું નથી, તો એ કરનાર રામે કાંઈ બગાડ્યું નથી. માટે રામ તરફ લેશ પણ દ્વેષ નહિ. આ વિષય-વૈરાગ્ય.

(૨) બીજો પ્રસંગ,- સીતાજીએ દિવ્ય કર્યું અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગઈ. પછી રામ ગળગળા થઈ કહે 'અમે તમારો બહુ અપકાર કર્યો હતો, ક્ષમા કરો,' ત્યાં સીતાજી કહે, 'આ શું બોલ્યા ? તમે તો મારા બહુ ઉપકારી છો, કેમ કે આ તમે જ મારા દિલમાં હતા તો આ અગ્નિનું પાણી થઈ ગયું. તમારા બદલે હૈયામાં જો બીજો કોઈ ઘાલ્યો હોત તો અગ્નિમાં મારા શરીરની રાખ જ થઈ જાત,- આવા તમે મહાઉપકારી તમારે વળી ક્ષમા શાની માંગવાની ?' રોતા રામ હસતા થઈ ગયા ! અહીં સીતાજીએ વનમાં ધકેલાતાં મોટા વિષયો ગયા એ વિષયરાગથી મોટી ખોટ માની હોત અને એની ગાંઠ વાળી રાખી હોત, તો અહીં આટલું બધું ઉમદા દિલ રહેત ? કહી દેત કે 'ઠીક છે બન્યું એ બન્યું, ચાલો હવે તમને સતીત્વની પ્રતીતિ થઈને ? ચાલો ઘરે, હવે ફરીથી ધ્યાન રાખજો !' ના, સીતાજીએ આવું કશું કહ્યું નહિ; ઊલટું ત્યાંથી જ ચારિત્ર લેવા નીકળી પડ્યા ! કેમ વારું ? વિષયોની ખોટથી મનને ઓછું નહોતું આવતું, તેથી એનો કોઈ ટોણો મેણો મારવાની વાત નહિ. તેમ હવે ઠરીઠામ મહેલમાં બેસી સન્માનપૂર્વક વિષયસુખો મળવાના હતા, એની કોઈ વડાઈ માની નહિ, એમાં વિષય-વૈરાગ્ય જ કામ કરતો હતો. તેથી જ અવસર આવી લાગતાં, વિષયત્યાગ કરી ચારિત્ર લેતાં વાર લગાડી નહિ. જીવન વિષય-વૈરાગ્યથી શોભતું જોઈએ.

તાત્પર્ય, કોઈ પણ ધર્મસાધના કરીએ એની સાથે હૈયામાં વિષયવૈરાગ્ય અવશ્ય હોવો જોઈએ, એથી આ એક મહત્ત્વનો લાભ થાય કે ધર્મસાધના નિરાશંસ ભાવે થાય, ને આત્માના અનંત કલ્યાણને ઉઘાડનારી ધર્મસાધનાને વિષયસુખો માટે વેચી નાખવાનું ન થાય.





## (૬૮) મહત્ત્વની જિનપૂજા : અભિષેક પૂજા : એનાં રહસ્ય

**(લેખાંક-૧)**

સીતાજી બારમા દેવલોકના ઈન્દ્ર બન્યા છે. કઈ આરાધના પર ઈન્દ્ર બન્યા હશે ? ઈન્દ્ર તે કેવા ? અરિહંત પ્રભુના પરમભક્ત ! પ્રભુનો મેરુ શિખર પર જન્માભિષેક કરવા દોડતા જાય ! અને જન્માભિષેકનો લાભ લઈ એટલો બધો અવર્ણનીય આનંદ અનુભવે કે પ્રભુ આગળ ઈકરાર કરે છે, કે-

"પ્રભુ ! મેં આજ સુધી સ્વર્ગમાં રહી સ્વર્ગીય સુખો ભોગવતાં જે આનંદ ન અનુભવ્યો, તે આજે નાથ ! તમારો અભિષેક કરીને આનંદ અનુભવું છું. ધન્ય અવતાર મારો કે જગતના તારણહાર એવા તમારો આ અભિષેક કરવાનું મહાન સદ્ભાગ્ય મને મળ્યું ! પ્રભુ ! મારા પર ઉપકાર કરી મને વહેલો વહેલો મોક્ષમાર્ગ દઈ મારો ઉદ્ધાર કરજો. આ ભવકૂપમાંથી મને ઉગારી લેજો. અભિષેકનું આટલું જ ફળ માંગુ છું."

અરિહંત પ્રભુ પ્રત્યે ઈન્દ્રની કેવી ભક્તિ ! સ્વર્ગમાં દિવ્ય સુખો મૂકી ભગવાનના અભિષેક કરવા નીચે ઊતરી આવે અને મેરુ પર પહોંચે અને થનથન નાચતા હૈયાથી પ્રભુનો અભિષેક કરે. આ ભક્તિ ઈન્દ્રપણે કરે ત્યારે પૂર્વ ભવમાં એના કેવા પાયા નાખ્યા હશે ? ઈન્દ્રપણે દેવતાઈ સુખોમાં ય આનંદને તુચ્છ લેખી અર્હદ્ અભિષેકના આનંદને અપૂર્વ માને છે ! તો પૂર્વ ભવેય દેવતાઈ તો સુખ મળેલા નહિ પણ મળેલા માનવીય સુખોને તો તુચ્છ લેખ્યા જ હોય ને ? ઈન્દ્ર કેમ બનાય ? એમજ ન બનાય ! કિન્તુ વિષય-સુખો તુચ્છ માનીને બનાય ! પછી પ્રભુને અભિષેકમાં અનન્ય આનંદ કેમ ન આવે ?

તમે પૂજા કરવા ગયા હો, અને એક ભગવાનને અભિષેક કરી માળા ગણતા બેઠા હો, એમાં દેખાય કે પૂજારી બાજુના ભગવાનોને કે ધાતુના બિંબોને નવરાવી નાખે છે, તો તમે ઝટ ઊઠીને જઈ અભિષેકનું કામ તમે લઈ લો ખરા ? કે માળા ગણતાં જ બેસી રહો ? ઈન્દ્રને બહુમાન્ય અર્હદ્-અભિષેક શું પૂજારી-નોકર-માણસે પતાવવાની ક્રિયા છે ?

પ્રભુને અભિષેક એ શ્રાવક પોતાના હૃદય-સિંહાસન પર પ્રભુનો રાજ્યાભિષેક કરવા રૂપે અભિષેક કરવાનો એક લહાવો છે.

અજ્ઞાન માણસો આ લહાવો સમજતા નથી એટલે ભગવાનને અંગે તિલક



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કરવા એને જ પૂજા માને છે ! પરંતુ 'પ્રભુને અભિષેક કર્યા એ પૂજા કરી' એમ સમજતા નથી ! એટલે પછી પૂજા કરવા ક્યારે જવાનું રાખ્યું ? વહેલી સવારે નહિ; કેમ કે 'એ વખતે ભગવાન નોકર પૂજારીના હાથે ધોઈને સાફ કરવામાં રહ્યા હોય એટલે ભગવાનને તિલક ન થઈ શકે ને ? ને તિલક વિના પૂજા કરી શી કહેવાય ?' એમ સમજે છે. "અભિષેક એ થોડી જ પૂજા છે ? એટલે અભિષેકના બદલે ભગવાનને ધોઈ નાખવાનું કામ નોકર પૂજારી પતાવી દે, અંગલૂંછણા કરી કારવી ભગવાનને રેડીમેઈડ રાખે, એટલે ભગવાનના આ ભગતે સારાં સારાં નાસ્તા પાણી ઉડાવી કરી હાઈકલાસ સ્નાનાદિ કરીને પછી રેડીમેઈડ ભગવાનને તિલક કરવા જવાનું," આ અજ્ઞાન મોહમૂઢ જીવોની મનોદશા છે.

ગામે ગામ થોડા અપવાદ બાદ કરીને જુઓ તો દેખાશે કે વહેલી સવારે પૂજારીઓ જ ભગવાનને મજબૂત બાવડે વાળાકૂંચીના ગોદા-ઘસરકા લગાવીને વાશી કેશર સાફ કરી નાખી ભગવાનને ધોઈ નાખતા હોય છે ! ત્યારે એ વખતે પૂજા કરનારા શ્રાવકો વિષય-વિલાસમાં પડ્યા હોય છે. અભિષેક એ પૂજા જ ન સમજે, અને પૂજા એ શ્રાવકનું પોતાનું કર્તવ્ય હોવાનું ન માને, એટલે પછી નોકર-પૂજારીના હાથે વાળાકૂંચીના કૂચડાનાં ગોદા-ઘસરકા ખાવાની વિટંબણામાં ભગવાનને મૂકવાની ક્રૂરતા-ધિઠ્ઠાઈ અવગણના કરવામાં હૈયે કશો જ આંચકો શાનો આવે ?

આજની સ્થિતિ જોતાં એમ લાગે કે કદાચ પોતાના હાથે અભિષેક પૂજા ન કરવી હોય અને પૂજારીના હાથે પ્રભુની વિટંબણા જ કરાવવી હોય, તો ભગવાનને અભિષેક વિનાના રાખે એમાં ઓછું પાપ બાંધે; પરંતુ નોકર પૂજારીના હાથમાં ભગવાનને સોંપી એના હાથે ભગવાનની આ વિટંબણા કરાવે એ ઘોર પાપ બાંધી રહ્યા છે. એટલે જ દિલમાં ખરેખરો ધર્મનો ઉદય થતો નથી. આજે ધર્મ-ક્રિયાઓ વધી પરંતુ આવી નાલાયકી પૂર્વકની ક્રિયાથી હૈયે ધર્મ શી રીતે વસે ? હૈયે પ્રભુભક્તિ શી આવે ?

અભિષેક-પૂજા એ એક મહાન પૂજા છે, એ એમને સમજાતું નથી. પ્રભુને અભિષેક કરતાં કરતાં ઈન્દ્રો જેવાને ય કેટલો અદ્ભુત આનંદ થતો હશે ત્યારે એની સામે દેવતાઈ સુખના આનંદને અને દેવતાઈ સુખોને કૂચા ગણતા હશે ? એમ કહો,

પ્રભુને અભિષેક એ મહાન યોગ-સાધના છે. જેમાં વિષય વૈરાગ્ય, કષાય ત્યાગ, વીતરાગપ્રેમ, નમ્રતા, ધર્મપ્રીત, પાપો પ્રત્યે અભાવ-ઘૃણા-નફરત, વગેરે અનેક મોક્ષ-યોગનો મિલાપ છે. પૂછો શી રીતે ?





## ૬૯ મહત્ત્વની જિનપૂજા : અભિષેક પૂજા : એનાં રહસ્ય

(લેખાંક-૨)

ગયા અંકમાં એ જોયું કે અજ્ઞાન માણસો તિલક પૂજાને જ પૂજા સમજી અભિષેક ને પૂજા તરીકે સમજતા નથી, જ્યારે ઈન્દ્ર પ્રભુને અભિષેકનું ઊંચું મહત્ત્વ આંકી, એ કરી, અવર્ણનીય આનંદ મ્હાણે છે. કેમ કે પ્રભુને અભિષેક એ મહાન યોગ-સાધના છે, જેમાં વિષય-વૈરાગ્ય, વીતરાગપ્રેમ, નમ્રતા, ધર્મપ્રીતિ, પાપો પ્રત્યે અભાવ-ઘૃણા-નફરત વગેરે અનેક મોક્ષ-યોગોનો મિલાપ છે. પૂછો શી રીતે ?

**અભિષેક પૂજામાં વિષય વૈરાગ્ય શી રીતે ?**

આ રીતે, કે ઈન્દ્રોનાં હૈયાં વીતરાગ પરમાત્માને અભિષેક કરતી વખતે એટલા બધા ઉચ્ચ આનંદભર્યા બને છે કે ત્યાં દેવતાઈ વિષયો તુચ્છ લાગે છે. એમના મનને થાય છે કે 'દિવ્ય પણ વિષયોમાં આનંદ શા ? આનંદ નહિ પણ નર્યો ઉન્માદ છે. ઉન્માદને જગાવનારા વિષયો તો વહાલા નહિ પણ વૈરી ગણાય; માલવાળા નહિ, પણ વિકાર કરનારા ગણાય.'

બોલો, દારૂ અને દૂધ વચ્ચે કેવો ફરક લાગે છે ? દૂધ શક્તિદાયક દેખાય છે, પણ દારૂ ઉન્માદકારક દેખાય છે. તેથી દારૂ પ્રત્યે ઘૃણા થાય છે, 'હટ દારૂ ? ડાહ્યા ને દિવાના કરનારો,'-એમ એના પ્રત્યે તિરસ્કાર છૂટે છે.

બસ, એ પ્રમાણે 'અભિષેક વગેરે વીતરાગની ભક્તિ તો આત્માને શક્તિ-સ્ફુર્તિદાયક; પરંતુ ઈન્દ્રિયોનાં વિષયો નર્યો ઉન્માદ કરનારા ડાહ્યા આત્માને દિવાના બનાવનારા.'

આ ભેદ નજર સામે રહે એટલે પછી જેવી રીતે અભિષેક-પૂજામાં આનંદ આનંદ થાય; એવી રીતે વિષયો પ્રત્યે અભાવ-સૂગ-તિરસ્કાર થાય. એટલે જ કહેવાય છે, કે

જેમ શક્તિપ્રદ દૂધનો આનંદ જોઈ ઉન્માદકારક દારૂ પ્રત્યે ઘૃણા થાય એમ સ્ફુર્તિપ્રદ જિન અભિષેકની સામે ઉન્માદકારક વિષયો પ્રત્યે ઘૃણા થાય એજ વિષય વૈરાગ્ય.

માત્ર એ સમજવું જોઈએ કે અભિષેક અરિહંતને એટલે અરિહંતના અનંત ગુણોને અભિષેક છે, તેમની ગજબનાક સાધનાઓને અભિષેક-અંજલિ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અભિષેક કરતી વખતે મન પર એ ખ્યાલ લાવો કે, 'વાહવાહ ! આ મારા પ્રભુએ દુન્યવી કિંમતી પણ વિષયોને તુચ્છ લેખી એને ફગાવી દીધા, અને અતિ કઠોર સંયમયોગ-ધ્યાન-સાધનામાં લાગી ગયા. સાધનાની મૂર્તિ-સમા બની ગયા. એમને અભિષેક કરવાનો મને લહાવો મળે છે ? ધન્ય જનમ ! ધન્ય સમય !' આમ એ વખતે વિષય-વૈરાગ્ય ખીલે.

**અભિષેકમાં કષાય-ત્યાગ**

તીર્થંકર ભગવાનને અભિષેક કરીએ એ સમજીને જ કરીએ છીએ કે 'આ પ્રભુ વીતરાગ છે, રાગદ્વેષાદિ કષાયોને એમણે હટાવી દીધા છે. માટે જ રાગી દ્વેષી દેવને છોડી આમને અભિષેક કરીએ છીએ. એ એમના કષાય નાશને અંજલિ છે.' આ સમજથી અભિષેક કરીએ એમાં પ્રભુના કષાયનાશની અનુમોદના થઈ, કષાયનાશનું આકર્ષણ થયું, કષાયનાશ ગમ્યા, તેથી આપણા કષાયો પર ઘૃણા થઈ. એટલે જ અનંતાનુબંધી કોટિના કષાયોનો નાશ થયો. કવિ ઠીક જ કહે છે,-

**"ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજ ને,"** 'પ્રભુ ! મારે અનંતાનુબંધી કોટિના ઉગ્ર ક્રોધાદિ કષાયરૂપી આંતર શત્રુઓનો નાશ થયો, તેથી તારી મને ઓળખ થઈ,' પ્રભુની ઓળખ એટલે પ્રભુનો આરાધ્ય તરીકે સ્વીકાર. 'પ્રભુ વીતરાગ છે માટે જ મારે સ્વીકાર્ય છે, આરાધ્ય છે,'- આ ઓળખમાં રાગાદિ કષાયો પર અભાવ છે. એ જ અનંતાનુબંધી કષાયનો નાશ. એ થાય ત્યારે જ વીતરાગની ઓળખ થાય.

બે વાત એ આવી કે પ્રભુને કરાતા અભિષેક પૂજામાં (૧) વૈરાગ્ય વધે છે ને (૨) કષાયો મોળા પડે છે, તેથી જ સમ્યક્ત્વ ચળકે છે, પ્રભુ પર સાચો પ્રેમ થાય છે. અભિષેક પૂજાથી વીતરાગ પર અનન્ય પ્રેમ જાગે છે. હિંસાદિ પાપયોગો પર ઘૃણા થાય છે, વીતરાગને અભિષેક છે, તેથી રાગાદિની ઘૃણા થાય, વૈરાગ્ય જાગે, ને વૈરાગ્ય પોષાય. એમ 'પ્રભુ કષાયોનો નાશ કરી જગતના નાથ બન્યા છે, માટે એમને હું અભિષેક કરું છું,' એ ભાવથી કરાતા અભિષેક દ્વારા કષાય તરફ નફરત છુટે, ને એમ રોજ ને રોજ કરતાં પોતાના જીવનમાંથી કષાયો ઓછા કરવાની જાગૃતિ આવે, ઉત્સાહ વધે.

એમ અભિષેક કરતાં 'હું આ ત્રણ જગતના ચક્રવર્તીને અભિષેક કરું છું એ દયાના સાગર પ્રભુ ત્રણ ભુવનના જીવોના નાથ છે. એવા આ પ્રભુને અભિષેક કરવાનું સૌભાગ્ય મને મળે ક્યાંથી ? ધન્ય ઘડી ! ધન્ય પળ ! પ્રભુ તમારા વિના મારો કોણ નાથ છે ? કર્મના જુલ્મો વરસી રહેલા આ વિરાટ વિશ્વમાં તમારા વિના કોણ મારો બેલી ? કોણ શરણ આપી શકનાર ?'



સતી જેમ સમર્થ પતિને આ ભાવથી માથે ધરે છે અને એના પર અપરંપાર પ્રીતિ ધરે, બહુમાન ધરે છે, એમ પ્રભુને અભિષેક આ ભાવથી રોજ ને રોજ કરતો રહે તો એથી પરમાત્મા પર ભારોભાર પ્રેમ ઊલસે બહુમાન ઊછળતું રહે. અભિષેક પૂજાનું આ ત્રીજું ફળ.

મોટા ઈન્દ્રો જન્માભિષેક ઊજવતાં સ્વર્ગના આનંદ કરતાં કઈ ગુણો આનંદ શી રીતે અનુભવતા હશે ? પોતાના અંતરમાં એવા જ ભાવો જગાવવાથીસ્તો. અંતરમાં ઊછળતી ભક્તિ, ઉછળતું બહુમાન અને પ્રભુ પ્રત્યે અનન્ય શરણભાવ, એમને અભિષેક કરતી વખતે અપાર આનંદનો અનુભવ કરાવે છે. સમજે છે કે 'સ્વર્ગના વિષયોનો આનંદ ઉન્માદના ઘરનો છે, ત્યારે આ અભિષેકનો આનંદ આત્માની શાંત-સૌમ્ય-અવસ્થાનો છે.'

તાત્પર્ય, આવા મહાન લાભોને જોઈ અભિષેક પૂજા અવશ્ય અને ભર્યાભાવથી કરવી જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૮,અંક-૪૬,તા.૯-૮-૧૯૮૦

## (૭૦) પાંચ કારણ-સમવાય પર અરિહંતનું વર્ચસ્વ

**(લેખાંક-૧)**

શ્રી 'ઉપમતિ ભવ પ્રપંચા કથા' શાસ્ત્ર કહે છે કે 'પ્રાયઃ કોઈ પણ શુભકાર્ય બનવામાં ભવિતવ્યતા, સ્વભાવ, કાળ, કર્મ અને પુરુષાર્થ એ પાંચ કારણનો સમવાય સાધારણ કારણ છે, અને 'શ્રી અરિહંતદેવ અસાધારણ કારણ છે.'

શ્રી 'લલિત વિસ્તરા' શાસ્ત્રની ટીકામાં લખ્યું છે કે **'शुभाध्यवसायस्यापि भगवत्प्रसादलभ्यत्वात्'** અર્થાત્ 'એક શુભ અધ્યવસાય પણ અરિહંત ભગવાનના પ્રભાવથી પ્રાપ્ત થવાને લીધે.' એમ સદ્ગતિ આદિ સત્પ્રાપ્તિ ભગવાનના પ્રભાવે થાય છે.

શ્રી 'શક્રસ્તવ-નમુત્થુણં' સૂત્રના 'અભયદયાણં'થી 'ધમ્મદયાણં' પદો કહે છે કે અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિ અને ધર્મના દાતા શ્રી અરિહંત ભગવાન છે.

પ્રભાવક 'પાર્શ્વનાથ સ્તોત્ર'માં આવે છે કે 'સર્વજ્ઞઃ સર્વદેવેશઃ સર્વદઃ સર્વગોત્તમઃ' અર્થાત્ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સર્વજ્ઞ છે, સર્વ દેવોના સ્વામી છે, સર્વદાતા છે, સર્વ વ્યાપી છે, ઉત્તમ પુરુષ છે,' આમાં ભગવાનને સર્વ શુભના દાતા કહ્યા, અર્થાત્ સર્વ શુભ કાર્ય બનવામાં ભગવાન કારણ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ગણધર રચિત 'શ્રી ચતુર્વિંશતિજિનસ્તવ' (લોગસ્સ) સૂત્રમાં કહ્યું 'આરુગ્ગ બોહિલાભં સમાહિવર મુત્તમં દિંતુ.' અર્થાત્ હે કીર્તિત-વંદિત-પૂજિત સિદ્ધ (અરિહંત) ભગવાન મને આરોગ્ય, બોધિલાભ, અને ઉત્તમ ભાવસમાધિ આપો. ભગવાન કશું આપતા ન હોય તો આ વચન ઔપચારિક ગણાય. પરંતુ જો ખરેખર આ વચન ઔપચારિક ન હોય કિન્તુ વાસ્તવિક હકીકત જણાવનારું હોય તો એનો ભાવ એ છે કે આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ ભાવસમાધિ રૂપ કાર્ય થવામાં અરિહંત ભગવાન એ અસાધારણ કારણ છે.

ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પ્રભુની સ્તવના કરતાં કહે છે, કે 'ભવિતવ્યતાદિ તુજ દાસો રે,' હે અરિહંત પ્રભુ ! ભવિતવ્યતાદિ પાંચ કારણ તમારા દાસ છે, અર્થાત્ પાંચ કારણના તમે પ્રભુ છો. પાંચ કારણ પર તમારું પ્રભુત્વ છે. વર્ચસ્વ છે.

હવે ભવિતવ્યતા વગેરે એકેક કારણ પર અરિહંત દેવનું વર્ચસ્વ કેવી રીતે એનો વિચાર કરીએ.

(૧) કાર્ય માત્રમાં ભવિતવ્યતા એટલે કે નિયતિ કારણ છે. અમુક જ પ્રકારના સંયોગ બનવાનું નિયત હતું, માટે એવા જ પ્રકારના સંયોગ બન્યા, એમાં નિયતિ કારણ થઈ દા.ત. પાર્શ્વનાથ ભગવાનના જીવને ભવોભવ કમઠના જીવથી જ ઉપદ્રવ આવ્યો, એ તેવા પ્રકારની નિયતિના લીધે. અહીં 'પોતાના પુરુષાર્થના લીધે એમ બન્યું' એવું ન કહેવાય. કેમ કે પ્રભુએ ચાહીને એવો પુરુષાર્થ કર્યો નથી. કે 'કમઠ પાસે જાઉં ને એ મને ઉપદ્રવ આપે.' તેમ પ્રભુનાં પૂર્વના અશાતા કર્મના લીધે એ સંયોગ બન્યો એમ પણ ન કહેવાય, કેમ કે અશાતા કર્મનું કામ તો એટલું જ કે અશાતા આપે; પરંતુ અમુકથી જ અશાતા મળે, એવું કાંઈ કર્મમાં લખ્યું નથી હોતું, કાળ કે સ્વભાવના લીધે આમ બન્યું. એમ પણ ન કહેવાય. માટે કહેવું પડે કે નિયતિ નામના કારણને લીધે એમ બન્યું કે કમઠના જીવનો જ વારેવારે સંયોગ અને એનાથી જ ઉપદ્રવ. હવે પાંચ કારણ પર અરિહંતના વર્ચસ્વનો વિચાર કરીએ. ત્યાં પહેલા કારણ અંગે, સવાલ આ છે કે આવી નિયત થઈ ગયેલી નિયતિ પર અરિહંત ભગવાનનું વર્ચસ્વ શું ?

**નિયતિ નિયતાનિયત :-**

આનો ઉત્તર એ છે કે નિયતિ એકલી નિયત નથી કે એકલી અનિયત નથી, કિન્તુ નિયતાનિયત છે. એમ શ્રી 'આચાર પ્રદીપ' નામના શાસ્ત્રમાં લખ્યું છે. જૈન ધર્મમાં અનેકાંતવાદ છે, નિયતિ નિયત પણ ખરી, અને અનિયત પણ ખરી, દા.ત. ચોવીશમા તીર્થંકર તરીકે મહાવીર સ્વામી જ કેમ થયા ? તો કે તેવા



પ્રકારની નિયતિ ભવિતવ્યતા. પરંતુ આમ બનવાનું નિયત જ થઈ ગયેલું એમ નહિ, અનિયત પણ હતું. કેમ કે મહાવીર પ્રભુએ ત્રીજા મરીચિના ભવે ઉત્સૂત્ર ભાષણ કરવાનાં અસત્ પુરુષાર્થ કર્યો, તેથી એમનો સંસાર એટલો બધો વધી ગયો એટલે કોડા કોડી સાગરોપમે તીર્થંકર બનવાનું ઊભું થયું. જો એમ ઊભું થવાનું નિયત જ હોત તો શાસ્ત્ર એમ ન લખત કે 'એણે વચને વધ્યો સંસાર ! કેમ કે એટલા કાળે જે થવાનું નિયત જ હોય એમાં વધવાનું કેમ કહેવાય ? 'સંસાર વધ્યો' કહ્યું એનો અર્થ જ એ કે ઉત્સૂત્ર ભાષણના અસત્ પુરુષાર્થ પહેલાં એટલો સંસાર નહોતો, નિયત નહોતો, તે ઉત્સૂત્ર-ભાષણથી ઊભો થયો. આમ અસત્ પુરુષાર્થ પછી છેલ્લા તીર્થંકર થવાનું નિયત થયું, માટે નિયતી અનિયત કહેવાય.

તો તો નિયતિને અનિયત જ કહોને ? ના, એ નિયત પણ છે, કેમ કે એટલા કાળ પછી તીર્થંકર થવાનું તો મહાવિદેહમાં તીર્થંકર થઈને પણ બનત, કિન્તુ આ ભરતક્ષેત્રમાં જ તીર્થંકર થવાનું કેમ બન્યું ? તો કહેવાય કે નિયત જ એવી હતી કે અહીં જ તીર્થંકર થાય.

આમ જ્યારે નિયતિ નિયતાનિયત છે, તો કહી શકાય કે અરિહંતની ઉપાસના કરવામાં આવે તો નિયતિ અમુક પ્રકારની ગોઠવાઈ જાય છે અને એના બદલે જો અરિહંતની વિરાધના-આશાતના-અવગણના કરવામાં આવે તો નિયતિ બીજી રીતે ગોઠવાઈ જાય છે, જેમ મરીચિને બન્યું.

ભગવાને મોક્ષમાર્ગ આરાધવાના કહ્યા છે એ જ સૂચવે છે કે 'એ આરાધો, અરિહંતની ઉપાસના કરો, તો તમારા ભવ ટૂંકા થાય; અને વિરાધના કરો તો ભવના ફેરા વધી જાય.' જો થવાનું બધું નિયત જ હોય તો મોક્ષમાર્ગની આરાધના કરવાનો કોઈ અર્થ જ ન રહે. પણ અરિહંતની ઉપાસનાથી ભવ ટૂંકા થાય છે, એ નિયતિ પર અરિહંતનું વર્ચસ્વ બતાવે છે,

**(૨) સ્વભાવ પર અરિહંતનું વર્ચસ્વ શું ?**

શું પ્રભુ સ્વભાવને ફેરવી નાખે છે ? શું અભવીને ભવી બનાવે છે ? ના, સ્વભાવ પર વર્ચસ્વ એ કે સ્વભાવને જલ્દી પકવી દે છે, જલ્દી કાર્યોન્મુખ કાર્ય-સન્મુખ કરી દે છે.

દા.ત. જેમ સારી કેરીનો પાકવાનો સ્વભાવ છે, પરંતુ ઝાડ પર જ રહે તો મોડી પાકે, ને ઘાસમાં નાખો તો વહેલી પાકે; પાકે તે તો એના સારા સ્વભાવને લઈને જ પાકે; માટે તો એવા સ્વભાવ વિનાની કેરી તો ઘાસમાં ય પાકે નહિ, કિન્તુ સારા સ્વભાવવાળી પણ કેરી ઘાસથી વહેલી પાકે એ ઘાસે એના સ્વભાવને વહેલો પકવ્યો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એમ ભવ્યત્વ સ્વભાવ, જો અરિહંતની ઉપાસના કરો તો, વહેલો પાકે, ને વહેલો મોક્ષ થાય. ભવ્યત્વ સ્વભાવ હોવા માત્રથી મોક્ષ નથી થતો કિન્તુ એ સ્વભાવ પાકે ત્યારે જ મોક્ષ થાય છે. સ્વભાવને વહેલો પકવનાર અરિહંતની ઉપાસના છે, માટે કહેવાય કે અરિહંતનું સ્વભાવ ઉપર પણ વર્ચસ્વ છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત''  વર્ષ-૨૮,અંક-૪૭,તા.૨૩-૮-૧૯૮૦

## (૭૧) (લેખાંક-૨)

અરિહંત પ્રભુની સ્તવના કરતાં શ્રી ઉપાધ્યાયજી મહારાજે કહ્યું **'ભવિતવ્યતાદિ પાંચે તુજ દાસો રે,'** અર્થાત્ ભવિતવ્યતાદિ પાંચ કારણ કાર્ય નીપજાવે; પરંતુ એમના પર અરિહંત પ્રભુનું વર્ચસ્વ છે. એમાં ભવિતવ્યતા અને સ્વભાવ પર અરિહંત પ્રભુનું વર્ચસ્વ કેવી રીતે, એ ગયા લેખમાં જોયું. હવે કાળ-કર્મ-પુરુષાર્થ પર વર્ચસ્વ કેવી રીતે એ જોઈએ.

(૩) કાળ ઉપર અરિહંત પ્રભુનું વર્ચસ્વ એ રીતે કે જો તમે અરિહંતની ઉપાસના કરો, આરાધના કરો, તો અનિકાચિત કર્મોનો સ્થિતિકાળ ઘટે છે. કર્મ બાંધ્યા ત્યારે અમુક કાળ-સ્થિતિના બાંધ્યા, પછી એમાં સ્થિતિ-કાળ-ઉદીરણા-ઉદ્વર્તના-અપવર્તના વગેરે ફેરફારો થતા રહે છે. હવે જો સમ્યક્ત્વ પામો અર્થાત્ અરિહંતની જિનવચનશ્રદ્ધા દ્વારા વિશિષ્ટ ઉપાસના કરો, તો અપૂર્વ સ્થિતિ હ્રાસ થાય છે. વળી વ્રત-નિયમનાં ગ્રહણ-પાલન દ્વારા અરિહંતની ઉપાસના વધારો, તો એથીય વધુ કાળ-સ્થિતિનો હ્રાસ થાય છે.

કહ્યું છે મિથ્યાત્વ મંદ કરી કરેલી કર્મોની એક કોડાકોડિ સાગરોપમ સ્થિતિમાંથી પણ પલ્યોયમનો અસંખ્યાતમો ભાગ જેટલો સ્થિતિહ્રાસ કરાય ત્યારે ગ્રન્થિદેશ પ્રાપ્ત થાય છે, એમાંથી પણ અપૂર્વકરણ ગ્રન્થિભેદ આદિ યોગ્ય સ્થિતિહ્રાસ થાય ત્યારે સમ્યક્ત્વ મળે છે, અને એમાંથી ય પલ્યોપમ પૃથકત્વની સ્થિતિ ઓછી કરાય ત્યારે દેશવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, એમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ કપાય ત્યારે સર્વવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે.

કર્મોની આ કાળ-સ્થિતિનો હ્રાસ કોણ કરી આપે છે ? અરિહંત પ્રભુની ઉપાસના. માટે કહેવાય કે અરિહંતનું કાળ ઉપર પણ વર્ચસ્વ છે, ત્યારે પ્રશ્ન થાય.

પ્ર.- પરંતુ આ તો અનિકાચિત કર્મોની સ્થિતિ પરને ? નિકાચિત કર્મોની સ્થિતિ પર તો અર્હદ્-વર્ચસ્વ નહિ ને ?

ઉ.- નહિ કેમ ? ત્યાં વર્ચસ્વ ખરું, પણ તે એ રીતે કે અરિહંતની ઉપાસનાથી



નિકાચિત કર્મોમાં રહેલા અશુભ અનુબંધ તુટે છે. જો ઉપાસના ન કરાય તો એ પાપાનુબંધો એનો કાળ પાક્યે પાપબુદ્ધિ કરાવત ! તેની પાછી દીર્ઘકાળ પરંપરા ચાલત ! તે હવે અરિહંતની ઉપાસનાથી પાપાનુબંધોની કાળ-સ્થિતિ ઘટતી આવે છે એમ કરતાં કરતાં અરિહંત-ઉપાસના ચાલુ રહીને પાપાનુબંધો સાવ તુટી જાય છે. એ તુટી ગયા પછી ભલે નિકાચિત કર્મ ન તુટ્યાં, કિન્તુ હવે જ્યારે એ કર્મ ઉદયમાં આવશે ત્યારે ત્યાં પાપાનુબંધ નહિ હોવાથી પાપબુદ્ધિ નહિ જાગે; એટલે નવા પાપ નહિ બંધાય. પાપાનુબંધો તુટ્યાથી આત્માનો ભૂતકાળે ય ચોકખો થઈ ગયો, અને હવે પાપબુદ્ધિ નહિ થાય એટલે ભવિષ્યકાળ પણ ચોકખો ઊભો રહ્યો, કર્મમલિન નહિ. તો આમાં પણ કાળ ઉપર અરિહંતનું કેવુંક વર્ચસ્વ !

(૪) હવે **ચોથું કારણ કર્મ,** એના પર અરિહંતદેવનું વર્ચસ્વ વિચારીએ.

પ્ર.- બાંધેલા કર્મ અવશ્ય ભોગવવા પડે છે, એમ શાસ્ત્ર કહે છે, તો બાંધેલા પર અરિહંત શું કરી શકે ? કેમ કે અરિહંતને સેવો તો ય બાંધેલા કર્મ ભોગવવા તો પડવાના જ છે. તેમ 'નવમા ગુણઠાણાના છેડા સુધી દરેક જીવ સાતેય કર્મ પ્રતિસમય બાંધે છે' એમ જૈન શાસ્ત્રો કહે છે તો એનો અર્થ એ, કે અરિહંતને સેવો તોય સાતેય કર્મનો બંધ અટકાવી શકાતો નથી. પછી અરિહંતનું બંધાનાર કર્મ પર પણ શું વર્ચસ્વ રહ્યું ?

ઉ.- બંધાઈ ચુકેલા અને આત્માની સિલિકમાં રહેલા કર્મ ઉપર પણ અરિહંત દેવનું વર્ચસ્વ એ રીતે, કે એમની ઉપાસનામાં રહ્યાથી શુભભાવ ઊલસે છે, ને તેના લીધે પૂર્વબદ્ધ અશુભ કર્મના સ્થિતિ અને રસમાં ઘટાડો થાય છે. રસ ઘટવાથી પછી એ કર્મ ઉદયમાં આવશે ત્યારે પીડા ઓછી આપશે. સ્થિતિ ઘટવાથી એટલો લાંબો કાળ પીડા નહિ ચાલે આ અશુભ કર્મ પર અસરની વાત, ત્યારે, અરિહંત-ઉપાસનાથી શુભ કર્મોનો રસ વધે છે, એટલે પછી એ ઉદયમાં આવ્યે આરાધનાની સામગ્રીની વિશેષ અનુકૂળતા કરી આપશે. વળી અરિહંતની ઉપાસના વખતે બંધાતાં નવા શુભકર્મોમાં પૂર્વબદ્ધ કેટલાક અશુભકર્મોનું સંક્રમણ થવાથી શુભમાં ભળીને એ અશુભકર્મ શુભ થઈ જાય છે ! આ બંધાયેલા કર્મ ઉપર અરિહંતનું વર્ચસ્વ કહેવાય.

હવે નવા બંધાનાર કર્મ પર અરિહંતનું વર્ચસ્વ એ રીતે કે ઉપદેશમાળા શાસ્ત્ર કહે છે ''જં જં સમયં જીવો, આવિસઈ જેણ જેણ ભાવેણ; સો તંમિ તંમિ સમયે સુહાસુહં બંધએ કમ્મં.'' અર્થાત્ જે જે સમયે જીવ જેવા જેવા શુભ કે અશુભભાવમાં હોય, તે તે સમયે તેવા તેવા શુભ કે અશુભકર્મ બાંધે છે. શુભભાવમાં શુભકર્મ બંધાય, અશુભમાં અશુભ બંધાય. અરિહંતની ઉપાસનામાં, અરે ! નાની અરિહંત સ્મરણ જેવી ઉપાસનામાં પણ મનમાં શુભભાવ રહે છે, ને તેથી અશુભ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કર્મ-બંધ અટકી શુભકર્મ બંધાય છે. આમ, અરિહંતનું કર્મ ઉપર પણ ચોકખું વર્ચસ્વ રહ્યું.

(૫) હવે **પુરુષાર્થ** ઉપર અરિહંતનું વર્ચસ્વ વિચારીએ.

પ્ર.- પુરુષાર્થ તો સ્વતંત્ર છે. જીવ જેવો પુરુષાર્થ કરવા ધારે એવો થાય, ત્યાં અરિહંતનું શું વર્ચસ્વ ?

ઉ.- વર્ચસ્વ એ કે જીવ જો અરિહંત પ્રભુનું આલંબન લે, પ્રભુની ઉપાસનામાં રહે તો એ સત્ પુરુષાર્થ છે, એ પુરુષાર્થને સત્ બનાવનાર અરિહંત છે. એમ અરિહંતની ઉપાસનાની પ્રવૃત્તિ ન હોય, પણ વેપાર વગેરે દુનિયાદારીની પ્રવૃત્તિ ચાલુ હોય, પરંતુ જો એ વખતે દિલમાં પ્રેમથી અરિહંતને રાખે, અરિહંતની આજ્ઞાને દિલમાં લાવે, તો પેલી પાપ પ્રવૃત્તિ ઉગ્ર નથી રહેતી, કિન્તુ મંદ બને છે; આમ અરિહંતના આલંબને પાપમાં ને પાપ પુરુષાર્થમાં મંદતા આવે છે, આ પણ અરિહંતનું પુરુષાર્થ પર વર્ચસ્વ છે.

સારાંશ, ભવિતવ્યતાદિ પાંચે કારણ પર અરિહંતનું વર્ચસ્વ છે. અરિહંત પાંચે કારણને પ્રતિકૂળને બદલે અનુકૂળ બનાવી દે છે ! આવું અરિહંતનું વર્ચસ્વ જોઈ કોણ સુજ્ઞ અરિહંતની વિવિધ ઉપાસનામાં લાગી ન જાય ? ઉપાસનામાં જ ચોવીસે કલાક કોણ લાગ્યો ન રહે ? ઉપાસનામાં અરિહંતનું સ્મરણ-જાપ-ધ્યાન-દર્શન-પૂજન-વંદન ગુણગાન-ભક્તિ-ઓચ્છવ-યાત્રા વગેરે તથા અરિહંત કથિત દાનાદિ ધર્મ યાને અરિહંતની આજ્ઞાનો સર્વેસર્વા સ્વીકાર અને પાલન આવે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૮,અંક-૪૮,તા.૩૦-૮-૧૯૮૦

## (૭૨) દેવ-ગુરુની કિંમત ઘટાડતાં આપણી કિંમત ઘટે

અબુઝ માણસ પાસે પૂર્વજોનો કિંમતી હીરો હોય, પણ એને કિંમતનું ભાન ન હોય, તે એ હીરો રૂા. ૧૦ લાખની કિંમતનો છતાં રૂા. ૩૦-૪૦ હજારની કિંમતનો સમજી બજારમાં રૂા. ૫૦ હજારે વેચવા નીકળે તો ય કિંમત કોની ઘટી ? હીરાની ? કે માણસની ? કહેવું જ પડે કે હીરાની કિંમત તો છે તે જ છે, પણ આ ઓછી કિંમત આંકનાર માણસ પોતાની જ કિંમત ઘટાડી રહ્યો છે; કેમ કે લોક એને મૂઢ-મૂર્ખ જ ગણે એની મશ્કરી જ કરે; મૂર્ખ ! ૧૦ લાખનો હીરો પણ ૫૦ હજારમાં વેચાય ?' એમ લોકમાં એની કિંમત ઘટી હીરાની કિંમત તો એ



જ ઊભી છે, કેમ કે ૫૦ હજારમાં ખરીદનારો એજ હીરાને ૧૦ લાખમાં વેચી શકે છે.

બસ, જેવી રીતે મોટી કિંમતના હીરાની ઓછી કિંમત આંકી એ ભાવે વેચનાર પોતાની કિંમત ઓછી કરે છે, ને હીરો તો કિંમતી જ રહે છે, એવી રીતે દેવગુરુની કિંમત ઓછી આંકનારો પોતાની જ કિંમત ઘટાડે છે. દેવ-ગુરુની કિંમત તો એજ મોટી ઊભી રહે છે.

હવે એ જોઈએ કે દેવ-ગુરુની કિંમત ઘટાડવાનું ક્યાં ક્યાં બને છે ? દા.ત.

સવારે ઊઠતાં જ દેવાધિદેવનું ને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવાને બદલે મનમાં બીજા ત્રીજાના વિચાર લાવ્યા તો એમાં દેવાધિદેવની કિંમત ઘટાડી, તે એ રીતે ઘટાડી કે મનને ચલાવ્યું કે 'દિવસના મંગળ પ્રારંભે ભગવાન જ યાદ કરાય એવું કશું નહિ. ભગવાનને બદલે બીજું ત્રીજું યાદ કરીએ તો ય વાંધો નહિ.'

એમ મંદિર ગમન, ભગવાનનાં દર્શન-પૂજન, વગેરેમાં નિઃસંકોચ અવિધિ-અવિનય-અશિસ્ત ચલાવતા હોઈએ, તો એમાં પણ ભગવાનની કિંમત ઘટાડી, કોઈ દુન્યવી મોટા માણસ ઑફિસર સાહેબને મળવાનું હોય તો વિધિ-વિનય-શિસ્ત કેટલું બધું સચવાય છે ? ત્યારે અહીં અવિધિ આદિ નિઃસંકોચ ચલાવી લેવાય છે. એમાં મન સમજે છે કે 'આમેય ચાલે, વાંધો નહિ, પ્રભુને વિધિથી, વિનયથી શિસ્તથી ભજીએ તો જ ભજ્યા કહેવાય એવું કાંઈ નહિ.' આમાં શું કર્યું ? પ્રભુની દુન્યવી ઑફિસર સાહેબ જેટલી ય કિંમત ન આંકી.

હા, અવિધિ-અવિનયાદિ થવા પર હૈયે પારાવાર ખેદ થતો હોય કે હું કેવો મૂઢ કે ત્રણ જગતના નાથ જગતના સર્વ શ્રેષ્ઠ પુરુષ ભગવાનને એમના દરજ્જા પ્રમાણેના વિધિ વિનય વિવેકથી ભજતો નથી ! એટલે જ એમનું ગૌરવ ઓછું આંકી રહ્યો છું !' આવું કોઈ તીવ્ર દિલ દુઃખ અને અફસોસી હોય તો તો હજી ભગવાનની કિંમત લક્ષમાં રાખી ગણાય નહિતર તો કિંમત ઘટાડી જ કહેવાય. એમ ભગવાનની ભક્તિ શક્તિ છતાં હલકા દ્રવ્યથી કરવામાં આવે, કંજુસાઈથી કરવામાં આવે, ભગવાનનું દ્રવ્ય મોજુદ છતાં ભગવાન તથા મંદિરને શોભા વિનાના રાખવામાં આવે, 'સેંકડો માણસ ભગવાનનાં દર્શન પૂજન કરી શુભ ભાવો કમાય' એને મહત્ત્વ આપવાને બદલે પૂજા વગેરેની બોલીની આવકને મહત્ત્વ આપી વહેલી સવારે ૬-૭ વાગે પ્રભુની ભવ્ય અંગરચના આભૂષણ વગેરે ઉતારી નાખે, ભગવાન કે મંદિરના કામકાજ કરતા માણસોને ખર્ચની કરકસર માટે નારાજ રાખીને કામ લેવામાં આવે; ભગવાનના મહત્ત્વને બદલે તકતી વગેરેથી જાતનું મહત્ત્વ, આગળ કરવામાં આવે,... ઈત્યાદિ બાબતોમાં દેવાધિદેવની કિંમત ઘટાડવાનું થાય છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એમ પૂજારીના હાથે કે પોતાના હાથે ભગવાનના અંગે વાળાકૂંચીના ગોદા ઘસરકા મારવામાં આવે, મેલાદાટ કે શ્યામ પડી ગયેલા કડક અંગલૂંછણાથી પ્રભુના અંગ લૂંછવામાં આવે, પ્રભુને ધરાયેલા ચોખા ફળ નિવેદ વરખ બાદલું વગેરેના દેવ દ્રવ્ય ખાતે રીતસર નાણાં ન ઊભા કરતા માણસોને ભેટ આપી દેવામાં આવે, દેવ દ્રવ્યના ભંડોળને સ્થાનિક તેમજ બીજા મંદિરમાં જરૂરી ન લગાવવામાં આવે,... વગેરે વગેરેમાં પણ દેવાધિદેવની કિંમત ઘટાડવાનું થાય છે, અને પૈસાનું તથા વહીવટદાર તરીકેનું મહત્ત્વ વધારવાનું થાય છે.

ભગવાનની પૂજા આદિ ખાસ કારણ સિવાય પ્રભુથી ૩ા હાથના અવગ્રહમાં રહેવામાં આવે, તો એ પણ પ્રભુની કિંમત ઘટાડી. પ્રભુની આગળ શેઠની જેમ પલાઠી માંડીને બેસવામાં આવે, પ્રભુને પૂંઠ દઈને ચાલવામાં આવે, પ્રભુની આડે ઊભા રહી બીજાને દર્શન કરવામાં અંતરાય કરવામાં આવે, પ્રભુની સમક્ષમાં કષાય, ચડા ઉતરી, લડાઈ વગેરે અભદ્ર વર્તાવ કરવામાં આવે, બીજાનાં ભક્તિ ગીત સ્તોત્ર સ્તુતિ વગેરેના અવાજને પોતાના મોટા ભેંસાસુર અવાજથી દબાવી દેવામાં આવે; પ્રભુની પૂજા પક્ષાલાદિ કરતાં મોટા અવાજે દોહરા નવસ્મરણ વગેરે બોલવામાં આવે, મંદિરમાં સાંસારિક વાત કરવામાં આવે,... વગેરે વગેરેમાં પણ પ્રભુની કિંમત ઘટાડવાનું થાય છે; ને પોતાની વડાઈ, અહંત્વ, સગવડ-લાલચ વગેરેની કિંમત વધારવાનું થાય છે.

એમ, ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવામાં ગુરુની કિંમત ઘટાડવાનું થાય છે. એમ, ગુરુને દબાવી દેવાના અવાજથી બોલવામાં, ગુરુને તોછડો ઉત્તર દેવામાં, ગુરુએ કોઈને સમજાવ્યા પર એને પોતાનું વધારે ડહાપણ બતાવવામાં, અગર બીજા સાથે ગુરુની વાતમાં વચ્ચે ડહાપણ ડહોળવામાં,... વગેરે વગેરેમાં ગુરુની કિંમત ઘટાડવાનું થાય છે.

એમ જાતની હોશિયારીના કામોમાં પણ જાતે યશ લઈ ગુરુને યશ ન આપવામાં ગુરુની કિંમત ઘટાડી. એમ, ઉપદેશમાં ગુરુનો પ્રભાવ ન ગાતાં જાત વડાઈ પ્રદર્શિત કરવામાં ગુરુની કિંમત ઘટાડી. એમ ગુરુની આજ્ઞા ન માનવામાં, ગુરુની ઈચ્છાથી વિરુદ્ધ વર્તવામાં, ગુરુની હલકાઈ દેખાય એવા બોલ કાઢવામાં યા વર્તાવ કરવામાં, પોતે ગુરુની સમાન દેખાય એ રીતે એમની હારોહાર બેસવા-ચાલવામાં, ગુરુનો ઉપકાર ભૂલી બીજાનો ઉપકાર ગાવામાં, ગુરુ આદેશ કરે એના પર તહત્તિ-તથાસ્તુ ન કહેવામાં, ગુરુની સામે બોલવામાં...વગેરેમાં ગુરુની કિંમત ઘટાડી ગણાય. એમ, 'ગુરુની સેવા કરવા માટે ગુરુનો શિષ્ય થયો છું.' એમ માનવાને બદલે 'ગુરુ મારી સેવા સંભાળ રાખે એટલા માટે આમનો શિષ્ય થયો



છું.' એવું માનવામાં વગેરે વગેરેમાં ગુરુની કિંમત ઘટાડવાનું થાય છે.

એટલું ધ્યાનમાં રહે કે પૂર્વોક્ત હીરાના દાખલાથી હીરાની જેમ દેવગુરુની કિંમત આપણે ઘટાડીએ તેથી ઘટતી નથી; કિન્તુ આપણા આત્માની જ કિંમત ઘટે છે, આત્મા નીચી પાયરીએ દોષની ભૂમીકામાં ઊતરી પડે છે, જેનાં પરિણામમાં મિથ્યાત્વ સહિત પાપાનુબંધો ઊભાં થઈ ભવના ફેરા વધે છે !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૨,તા.૧૩-૯-૧૯૮૦

## (૭૩) સમ્યક્ત્વનું બળ : અવિરતિ અને પાપોનો કાળો કકળાટ

મગધ સમ્રાટ શ્રેણિક મરીને પહેલી નરકમાં ગયા. નરકમાં તો ભયંકર વેદનાઓ એવી કે 'મુખે પાડતા નિત્ય રીવો (ચીસો) રે.' અહીં સવાલ એ છે કે નરકમાં પરમાધામીઓ અને અન્ય નરકજીવો તરફથી આવી વેદનાદાયી ભયંકર છેદન-ભેદન-કૂટન વગેરે થવા છતાં શ્રેણિકના જીવને કેમ એવા જાલિમ કષાયો અને સામાને મારી નાખવાની દુષ્ટ બુદ્ધિઓ ન થઇ ?

આપણને કોઈની બેદરકારીથી જરાક કોણી કે છત્રી લાગી જાય તો જો ઝટ ગુસ્સો થઈ આવે છે, ને જો સામાની ખબર લઈ નાખવાનું મન થઈ જાય છે, તો નરકના જાલિમ પ્રહારો આવતાં શ્રેણિકને પારાવાર ગુસ્સો ને હિંસા-બુદ્ધિ ન થાય ? જો એ થઇ હોત તો તો એના યોગે દુર્ગતિઓમાં રખડવાના કેટલાય પાપો ઊભા થતા જ રહ્યા હોત.

પરંતુ આપણે શાસ્ત્રથી જાણીએ છીએ કે શ્રેણિક રાજા નરકમાંથી નીકળી તીર્થંકરનો અવતાર પામવાના છે. તો નક્કી થાય છે કે એમણે એવાં દુર્ગતિદાયી પાપો નથી બાંધ્યા. એવા પાપો બંધાવનાર દુષ્ટ કષાય, ને તીવ્ર પાપબુદ્ધિઓ નથી કરી. પ્રશ્ન ઊઠે કે,-

પ્ર.- એટલા જાલિમ મારપીટ-છેદન-ભેદનમાં પણ દુષ્ટ પાપબુદ્ધિ કયા કારણે નહિ ?

ઉ.- 'પાપબુદ્ધિ કરાવનાર પાપાનુબંધો છે' એ પાપાનુબંધો શ્રેણિકના જીવને હતા નહિ, માટે દુષ્ટ પાપબુદ્ધિ ન થઈ.

પ્ર. - શ્રેણિક રાજાને ઠેઠ ગર્ભિણી હરણીનો શિકાર કરી કરવા સુધી હરણી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અને ગર્ભ બંનેય બાણથી વિંધાયા તરફડતા જુએ છે છતાં 'શિકાર કેટલો સરસ !' એમ અનુમોદના કરે છે, ને અભિમાન લે છે કે 'શિકાર આને કહેવાય' આમાં તો તીવ્ર પાપાનુબંધ ઊભા કર્યા હોય. વળી અહીં સુધી મિથ્યા માર્ગમાં પડેલા તે જન્માન્તરના પાપાનુબંધો પણ કયાં તોડ્યા ? તો પછી એટલા બધા જનમ-જન્માન્તરના પાપાનુબંધો ઊભા રહયે નરકમાં કેમ ભયંકર માર પીટમાં ય દુષ્ટ પાપબુદ્ધિ નહિ ?

ઉ.- નરકમાં એવી દુષ્ટ પાપબુદ્ધિ નથી થઈ એ હકીકત છે. એ પરથી માનવું જોઈએ કે પાપાનુબંધો ત્યાં નડ્યા નથી. એટલે માનવું જોઈએ કે પાપાનુબંધો અહીં શ્રેણિકના અવતારમાં સમ્યક્ત્વના બળ ઉપર તોડી નાખ્યા છે.

**સમ્યક્ત્વનું બળ શું ?**

સમ્યક્ત્વનું બળ અવિરતિ અને પાપોનો કાળો કકળાટ, સળગતો હૃદય-સંતાપ.

મગધ સમ્રાટ શ્રેણિકને મહાવીર ભગવાન મળ્યા, ભગવાનની વાણી મળી, એના પર માનવભવનો સાર ઘોર કર્મબંધ અને ભવભ્રમણવૃદ્ધિ કરાવનાર અવિરતિ અને હિંસાદિ દુષ્કૃત્યો છોડી સર્વવિરતિ-ચારિત્ર, સર્વપાપ ત્યાગ કરવામાં દેખાયો. નિકાચિત ભોગાવલિ કર્મોના યોગે ચારિત્ર લેવાનું જીગર નથી. એટલે સંસારમાં અવિરતિમાં રહેવું પડે છે તેમજ સત્તર પાપસ્થાપક સેવવા પડે છે. એનો એમના હૈયે કાળો કકળાટ હતો, હૈયે ભારે બળતરા હતી; એવી કે એ અવિરતિ અને પાપના દુઃખદ ભારની સામે રાજ્યપાટ ને રાણીઓ ખાવા ધાતા હતા. 'બળ્યા આ ગોઝારા સુખ !' એમ થયા કરતું હતું. ત્યારે

'પાપો દુષ્કૃતોનો તીવ્ર સંતાપ પાપાનુબંધોને તોડી નાખે છે.'

આ સિદ્ધાન્ત ઉપર એ વારંવાર પાપ-સંતાપ કરી પાપાનુબંધો તોડતા જાય, એમાં નવાઈ નથી. કદાચ પૂછો,-

પ્ર.- શી ખાતરી કે શ્રેણિકને અવિરતિ અને પાપોના કાળા કકળાટ ને તીવ્ર સંતાપ હતા ?

ઉ.- ખાતરી એ કે જ્યાં મેઘકુમાર નંદીષેણ વગેરે સોભાગી પ્રિય પુત્રોએ અને કાલી મહાકાલી વગેરે દશ રૂપાળી ને સેવાકારી પ્રિય રાણીઓએ ચારિત્રની રજા માંગી તો તરત વરઘોડા કાઢીને એમને ચારિત્ર માર્ગે વરાવી આવ્યા. છેલ્લે છેલ્લે અભયકુમારને કહે 'હવે મારી ઉંમર થઈ, તું રાજગાદી સંભાળી લે.' તો અભય મહાવીર પ્રભુને પૂછી આવ્યા ને કહે છે 'પ્રભુ કહે છે છેલ્લા રાજર્ષિ



ઉદાયન થઈ ગયા હવે કોઈ રાજા દીક્ષા નહિ લે' માટે મારે રાજ્ય લઈ દીક્ષા વિનાનો રહી નરકે નથી જવું. મહાવીર પ્રભુના ભકત એવા આપનો પુત્ર હું રાજ્ય લઈ નરકે જાઉં એમ ઇચ્છો છો ? નહિ, તો મને દીક્ષાની રજા આપો.' તરત જ શ્રેણિકે વરઘોડો કાઢી અભયકુમારને દીક્ષા અપાવી દીધી ! કેમ ? પોતાને હૈયે અવિરતિ અને સંસારના પાપોનો કાળો કકળાટ હતો,- 'હું આમાં મરી રહ્યો છું, પણ પ્રિય પુત્રને આમાં શું કામ મરવા દઉં ?'

આવા શ્રેણિક ચારિત્રને જ સારું માનતા હતા તેથી અભયકુમારની દીક્ષા પછી કોણિકે એમને પ્રપંચ કરી જેલમાં નખાવીને ત્યાં રોજ કોરડા ઝીકાવે છે છતાં શ્રેણિકના મનને લેશ માત્ર એમ નથી થતું કે 'હાય ! આ અભયે ક્યાં દીક્ષા લીધી તે મારે આ દિવસ જોવાના આવ્યા ?' સમજતા હતા કે "ચારિત્ર તો સારું જ છે. આ મારે દુઃખ અભયના ચારિત્રથી નહિ, પણ મારા તેવા પૂર્વ કર્મ અને પૂર્વ દુશ્ચરિત્રથી આવ્યા છે. વળી અહીં પણ મેં જાતે ચારિત્ર ન લીધું. તેથી જ આ દુઃખ જોવાના આવ્યા. ધન્ય છે તે મેઘકુમાર-નંદીષેણ-અભયકુમાર વગેરેને કે જેમણે આ ભયંકર સંસાર વાસનો ત્યાગ કરી ચારિત્ર લીધું !"

સારાંશ, સમ્યક્ત્વનું બળ સમ્યક્ત્વનું હાર્દ, જિનેશ્વર ભગવાને ભાખ્યા મુજબનો અવિરતિ અને પાપનો કાળો કકળાટ છે. તીવ્ર-હૃદય બળાપો છે, તે પૂર્વકની ચારિત્રની ઉત્કટ ભૂખ છે.

સમ્યક્ત્વના ત્રણ લિંગ કહ્યા છે, એમાં

(૧) જિનવાણી શ્રવણનો તીવ્ર રાગ.

(૨) અવિરતિ અને પાપોના કાળા કકળાટ પૂર્વકની ચારિત્રની ઉત્કટ અભિલાષા; તથા

(૩) દેવાધિદેવ અને ગુરુની વૈયાવચ્ચ.

આ ત્રણ લિંગ એટલે કે આ ત્રણ હોય તો જ સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન હોય અને લિંગ ન હોય તો સમ્યક્ત્વ નહિ, એમ શ્રી 'સમ્યક્ત્વ સપ્તતિકા' શાસ્ત્રમાં લખ્યું છે.

બસ, પાપો અને અવિરતિનો કાળો કકળાટ રાખી રાખી પાપાનુબંધો તોડતા ચાલો, જેથી ભવિષ્યમાં પાપબુદ્ધિ ન જાગે, એ ઉપદેશ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૭૪) સમાધિ કેમ મળે ?

આપણે ભગવાન આગળ રોજ માગીએ છીએ,-

'સમાહિવર મુત્તમં દિંતુ' 'સમાહિ મરણં ચ સંપજ્જઉ' અર્થાત્ તીર્થંકર ભગવંતો મને ઉત્તમ ભાવ-સમાધિ આપો. સમાધિમરણ પ્રાપ્ત હો.' એમ કવિઓ ગાય છે,- **સમાધિ સરખું ધન નહિ,' સમતા સમ નહિ સુખ'** બિમારને કહેવાય છે **'ચિત્તની સમાધિ ચૂકશો નહિ.'**

આ બધે 'સમાધિ' શબ્દ મુખ્ય છે. ત્યાં સમજવા જેવું છે કે

સમાધિ એટલે શું ? અને તે કેમ એટલી બધી જરૂરી ? તથા તે કેમ મળે ? ઉત્તર આ છે,-

સમાધિ એટલે સમાધાન; તે બે પ્રકારે દ્રવ્ય-સમાધિ અને ભાવ-સમાધિ. 'દ્રવ્ય સમાધિ' એટલે પરસ્પર લડતા બે જણનો વિવાદ ટાળી સમાધાન કરવું તે બંને વચ્ચે હાર-જિતની વિષમતા ટાળી સંતોષ-સંપ સ્થાપવો તે. 'ભાવ-સમાધિ' એટલે ઈષ્ટ-અનિષ્ટ વચ્ચે હર્ષ-ખેદની વિષમતા ટાળી ઉદાસીનતા ભાવ સ્થાપવો; ઈષ્ટની જિત નહિ એટલે કે ઈષ્ટમાં હરખ નહિ, અનિષ્ટની હાર નહિ એટલે કે અનિષ્ટમાં ખેદ નહિ. બંને પ્રત્યે મન સમવૃત્તિ-સ્વસ્થ-ઉદાસીન રહે. દા.ત. પૈસા કમાયા તો ચિત્ત હરખી ન ઊઠે, પૈસા ગુમાવ્યા તો મન ખિન્ન ન બને. બંનેમાં 'આ કમાણી-ગમાણી તો કર્મના નાટક છે. મારા આત્માનું કશું ભલું કે બુરુ નહિ કરનારા એમ માની પ્રેક્ષકની જેમ સ્વસ્થ ચિત્તે મધ્યસ્થભાવથી એને માત્ર જુએ, પણ હરખ-ખેદ ન કરે.

આ મધ્યસ્થભાવથી જોવાનું શા માટે ? એટલા માટે કે જો એ ભાવ ન હોય અને હરખ-ખેદ તથા રાગ-દ્વેષના ભાવ હોય તો, આત્મામાં એના કુટિલ સંસ્કાર પડે એવા જનમભરના હજારો લાખો વિષય-દર્શન-શ્રવણ અભિલાષ-પ્રાપ્તિ આદિ પ્રસંગોમાં લાખો વાર હરખ-ખેદ અને રાગદ્વેષના કુસંસ્કારોનો મોટો ખડકલો થાય અને તે જનમ જનમ દુર્ગતિઓમાં ભટકાવનાર બને. તેમજ ત્યાં એ જ હર્ષ-ખેદ-રાગદ્વેષના કલુષિત ભાવો જાગ્યા જ કરે.

આ સિવાય બીજું નુકશાન એ છે કે અહીં દુન્યવી વસ્તુ-દર્શનોમાં કરવા યોગ્ય મધ્યસ્થભાવ અર્થાત્ માત્ર જ્ઞાતા-દૃષ્ટાપણું રાખવા જેવું છે; જેથી પાપ કર્મ અને કુસંસ્કારોની લખલૂટ કમાઈ બંધ થઈ જાય.



આ જ હિસાબે ઈષ્ટ-અનિષ્ટના પ્રસંગોમાં આત્માના હિતની દૃષ્ટિએ ભાવ-સમાધિ જાળવવાની ને તે માટે મધ્યસ્થભાવ રાખવાનો; પણ ન રાગ-હરખ કે ન દ્વેષ-ઉદ્વેગ લાવવાનો. નહિતર ઈષ્ટમાં હરખ ને અનિષ્ટમાં ખેદ કરવા જતાં ચિત્તની અસ્વસ્થતા-અસમાધિ ઊભી થાય છે. ખૂબ ધ્યાનમાં રહે કે હરખ એ સ્વસ્થતા નથી.

એટલું જ નહિ, પણ ઈષ્ટ અનિષ્ટના એટલે કે ઇન્દ્રિયોને ગમતા અણગમતા કરેલા વિષયોના સંયોગ-વિયોગ ખરેખર ઊભા થવાની વાત તો પછી કિન્તુ એની માત્ર આતુરતા થાય એમાં પણ ચિત્તની અસ્વસ્થતા છે અસમાધિ છે. અરે ! ગમતા મળ્યા નથી, ને પોતાનું અલ્પ પુણ્ય સમજી એ મળવાની આતુરતા ય કરી નથી, કિન્તુ "આ કેવા સારા !" એમ એનું આકર્ષણ માત્ર ઊભું કરવામાં ય અસમાધિ છે.

દા.ત. 'લાખ રૂા. કેવા સારા !' એટલું જ આકર્ષણ ઊભું કર્યું તો તે ય અસમાધિ ઊભી થઈ એમ લાખ રૂા. જાય એ કેટલું બધું ખરાબ ! એમ વિકર્ષણ ઊભું કર્યું એ પણ અસમાધિ છે.

ત્યારે જોવા જેવું છે કે દુનિયાની વચ્ચે રહેતા અને ફરતાં મનને માની રાખેલા ઈષ્ટ-અનિષ્ટ નજર સામે કેટલા ને કેટલી વાર આવે છે ? સુમાર નથી ત્યાં આકર્ષણ વિકર્ષણ એક દિનના કેટલા ? એ જોવાની આતુરતાઓ કેટલી ? ને ઈષ્ટ-અનિષ્ટના સંયોગ-વિયોગ ખરેખર થનારા કેટલા ? કહો પાર નથી ! તો પછી પાર વિનાના ઈષ્ટ-અનિષ્ટના યોગે અસમાધિઓ થનારી કેટલી ?

આમ, ઈન્દ્રિયના એક પણ વિષયને ઈષ્ટ કે અનિષ્ટ કરવામાં અર્થાત્ ગમતો અણગમતો અને અનુકૂળ-પ્રતિકૂળ માનવામાં એ વિષય અંગે અસમાધિ કેટલી ? એવા સેંકડો હજારો વિષયો અંગે અસમાધિઓ કેટલી ? પાર નથી. માટે તો ચારિત્રજીવન જ આદરણીય છે.

પ્ર.- તો પછી એકેક દિવસભરની ઢગલાબંધ અસમાધિઓથી શે બચાય ?

ઉ.- બચાય, એનો ઉપાય છે, દુન્યવી કોઈપણ ઈષ્ટ-અનિષ્ટ વિષય તરફ ઈન્દ્રિય આકર્ષણ-વિકર્ષણ અર્થાત્ રાગ કે અરુચિ કરવા જાય કે તરત જ આ વિચારવું કે 'મૂઢ જીવ ! આમ ઈન્દ્રિયનું અનુકૂળ-પ્રતિકૂળ જોતો રહીશ તો પછી તારા પોતાના આત્માનું અનુકૂળ-પ્રતિકૂળ ક્યારે જોઈશ ? ક્ષણે ક્ષણે ઈન્દ્રિયોનું હિત-અહિત જોયા ને સાધ્યા કરીશ, તો પછી આત્માનું હિત-અહિત ક્યારે જોઈશ ? ક્યારે સાધીશ ?'

વિચારવા જેવું છે,-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્ર.- આ મોંઘેરા માનવ જનમ શું ઈન્દ્રિયોના જ હિત-અહિતને પોષવા શોષવા માટે છે ? કે આત્માના હિત અહિત પોષવા શોષવા માટે છે ?

ઉ. આ વિચાર કરીએ એટલે મનને થાય કે "અતિ અતિ મૂલ્યવાન જૈન માનવ જનમમાં તો મારી ઈન્દ્રિયોના હિત ભલે ન પોષાઓ, એમ એના અહિત ભલે ન શોષાઓ, મારે તો આત્માના હિત પોષવાના છે, ને આત્માનાં અહિત શોષવાના છે. તેથી લાવ, વિષય તરફ ઈન્દ્રિયને ન લઈ જતાં આત્માનાં હિતકર તત્ત્વમાં એને માનસિક કલ્પનાથી જોડું."

દા.ત. આંખને ખણજ ઊઠી કે 'જોઉં પેલી બાઈની છાતી કેવી છે,' ત્યાં તરત જ મનથી આંખને આત્માના હિતકર તત્ત્વમાં જોડવી; દા.ત. ગિરિરાજ ઉપરના પ્રૌઢ આદીશ્વર દાદામાં કલ્પનાથી આંખ જોડવી ને પ્રભુના એકેક અંગને જોતા એકેક અંગની જગદ્ ઉપકારક શી શી રીતે તે વિચારવું.

તેમ, વિષયની ખણજ જ ન ઉઠે, એ માટે આ વિચારતા રહેવું કે 'ઈન્દ્રિયે જો વિષય તરફ લઈ જવા મન પણ કર્યું તો તે અસમાધિ છે. મારે સમાધિનો ખપ છે, માટે મારે એવી ખણજો જ નહિ ઉઠવા દેવાની, અને એ માટે વિચારવાનું કે વિષયો અનંતી જોઈ સાંભળી કે સ્પર્શી નાખ્યા, એમાં જોવા-સાંભળવા-સ્પર્શવા જેવું છે જ શું ? અમે તો કલ્પનાથી આના કરતાં ઘણા સારા વિષય જોઈ સાંભળી કે સ્પર્શી શકાય છે પરંતુ એમાં જોવા-સાંભળવા-સ્પર્શવા જેવું કશું છે જ નહિ.' આમ વિચારી આત્માને કોઈ હિતકર તત્ત્વમાં જોડવો. એટલે આત્મામાં સમાધિ ઊભી રહે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૪,તા.૨૨-૯-૧૯૮૦

## (૭૫) ગણધર ગૌતમ મહારાજે રાગ કેમ ન છોડયો ?

ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી મહારાજ જેમને દીક્ષા આપી પ્રભુ પાસે લાવતા તેમને કેવળજ્ઞાન થતું. તેથી એકવાર પ્રભુને પૂછે છે "ભગવન્ આ બધાને કેવળજ્ઞાન ને મને કેમ કેવળજ્ઞાન નહિ ?"

પ્રભુ શ્રી મહાવીર પરમાત્મા કહે છે "ગૌતમ !" તમે દીર્ઘકાળના મારા સંબંધમાં હોઈ તમને મારા પર રાગ છે તેથી તમને કેવળજ્ઞાન અટકે છે."



આ સાંભળી ગૌતમ મહારાજ સમજી ગયા કે 'પ્રભુની વાત બરાબર છે, મને રાગ છે ત્યાં સુધી વીતરાગ ન થવાય ને વીતરાગ બન્યા વિના કેવળજ્ઞાન ન થાય.'

સવાલ એ છે કે આટલું સાંભળી સમજી લીધા પછી પોતાને વીતરાગ તો થવું જ છે, તો પછી એમાં અટકાયત કરનાર પ્રભુ પરનો રાગ એમણે કેમ છોડી ન દીધો ?

અહીં એમ બચાવ કરાય કે એ તો ભક્તિરાગ હોઈ પ્રશસ્ત રાગ હતો તે ત્યાજ્ય નહિ, ત્યાજ્ય તો અપ્રશસ્ત રાગ કહ્યો છે, પ્રશસ્ત રાગ નહિ, પછી ભક્તિરાગ શું કામ છોડી દે ? કિન્તુ આ બચાવ સામે તો પ્રશ્ન ઊભો જ છે કે શું ભક્તિરાગ એ રાગ નથી ? તો શું વીતરાગ અવસ્થામાં ભક્તિરાગ નભી શકે ? વીતરાગ એટલે તો રાગનું નામ નિશાન નહિ, અપ્રશસ્ત રાગ પણ નહિ, ને પ્રશસ્ત રાગ પણ નહિ તો પછી ગૌતમ ગણધર ભગવાને પ્રભુ પરનો રાગ કેમ છોડી ન દીધો ?

આનો ઉત્તર એ છે કે પ્રશસ્ત એવો પ્રભુ પરનો રાગ એવો મહેકાવવો છે કે એ ભેદમાંથી અભેદમાં પરિણમી જાય. એ બને પછી ત્યાં રાગનું સ્વરૂપ જ રહેતું નથી. એટલે વીતરાગ દશા પ્રગટ થઈ જાય છે.

એ કેવી રીતે ? એ સમજવા, આ પ્રક્રિયા છે,-

પહેલા એ સમજવવાનું છે કે પ્રશસ્ત રાગ કેમ આદરણીય કહ્યો છે ? એ એટલા માટે આદરણીય છે કે દુન્યવી જડ ચેતન પદાર્થ કાયા-કંચન-કામિની-કુટુંબ આદિ પરનો રાગ હટાવવા પ્રભુ પર રાગ, ગુરુ પર રાગ અને દાનાદિ તથા ક્ષમાદિ ધર્મ પર રાગ ખાસ કરવાનો છે; કેમકે દેવ-ગુરુ-ધર્મ પર રાગ કરવાથી પેલા દુન્યવી પદાર્થ પરના રાગ મોળા પાડવા જ પડે. દા.ત. પૈસા પર રાગ, જો દાન પર રાગ થાય તો, છોડવો જ પડે. દાન કરવું છે પૈસાથી, ત્યાં પૈસા પર તીવ્ર રાગ હશે તો એ પૈસા હાથથી છૂટશે જ નહિ, કાં તો દાન ગમે, કાં તો પૈસા ગમે. દાન ગમતું કરીએ તો પૈસા અણગમતા કરવા જ પડશે. તો હાથથી પૈસા છૂટે.

એમ પ્રભુ પર રાગ કરવો છે તો કામિની-કુટુંબ પર રાગ ઓછો કરવો જ પડે, તો જ એમના સમાગમથી છુટી પ્રભુના સમાગમમાં રહેવાય. દેવ-ગુરુનો સાક્ષાત્ કે આંતરિક ભાવનાથી ખૂબ સમાગમ કોણ નથી કરવા દેતું ? કાયા-કંચન-કામિની-કુટુંબનો બહુ રાગ અને બહુ સમાગમ. માટે એ રાગ ઘટાડવા દેવાધિદેવ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અને સાધુ પર રાગ સારો જમાવવો પડે; એમની સાથે સારો સમાગમ સાધતા રહેવું પડે.

સારાંશ, અપ્રશસ્ત રાગથી છુટવા પ્રશસ્ત રાગ સારી રીતે કરવો એ જ ઉપાય છે. તો ગૌતમ સ્વામીજી મહારાજ આ સમજતા હતા કે હજી મારે અપ્રશસ્ત રાગ સર્વથા નષ્ટ નથી થયા તો એ સમૂળ નષ્ટ ન થાય ત્યાંસુધી પ્રશસ્ત રાગ કરવો અતિ આવશ્યક છે.

તો હવે સવાલ એટલો કે માનો એમ કરતાં ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગથી અપ્રશસ્ત રાગ બધો છુટી ગયો, પરંતુ પ્રશસ્ત રાગ તો ઊભો રહ્યો ને ?

તો રાગ ઊભો ત્યાંસુધી વીતરાગ કયાંથી બનાય ?

આનો ઉત્તર એ જ કે વીતરાગ પરમાત્મા પરનો ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગ પરમાત્મા સાથે અભેદમાં લઈ જશે પછી પોતાના આત્મામાં વીતરાગ સાથે અભેદ યાને એકરૂપતા સ્થાપિત થવાની. એટલે કે પહેલાં વીતરાગ પરમાત્મા પર રાગ હતો તે 'વાહ મારા વહાલા પ્રભુ ! મારા પરમ ઉપકારી ! જગદ્ દયાળુ અનંત ગુણસંપન્ન પ્રભુ ! ઓ મારા તારણહાર ! તમે વીતરાગ હું તમારે શરણે છું તમારું ધ્યાન ધરું છું.' એમ વીતરાગ પ્રભુ જુદા ને આપણે જુદા, એ રીતે જુદાઈ સમજીને રાગ હતો પરંતુ પછી ધ્યાનમાં એકાકારતા વધારતા ગયા એટલે વીતરાગના ગુણો સહજ ક્ષમા-બ્રહ્મચર્ય-અનાસક્તિ-નિર્વિકારતા વગેરેનું આપણામાં પ્રતિબિંબ ઝીલતા ગયા, જાણે આપણે એવા કલ્પિત ઉપદ્રવ પ્રસંગોમાં એવી ક્ષમા વગેરેનો અનુભવ કરીએ છીએ ! જેને વીતરાગના ગુણોનો અનુભવ-અભ્યાસ કહેવાય. એ કરતાં કરતાં એક દિવસ આપણે જ જાણે વીતરાગ છીએ, એમ સર્વ આસક્તિ છુટી જતાં વીતરાગ બનીએ. એ આમ વીતરાગ પરના રાગના ઉત્કર્ષે અન્ય સર્વ રાગ-આસક્તિ છોડી વીતરાગમાં ભળી જતાં ભેદ ટળીને આપણે વીતરાગ બનીએ છીએ.

ભગવાન પર રાગમાં આગળ વધવાની આ પ્રક્રિયા બહુ ધ્યાન પર લેવા જેવી છે. પરમાત્મા પર રાગ કરીએ છીએ તે એમના અનંત ઉપકાર અને અનંત ગુણથી આકર્ષાઈને કરીએ છીએ. એ રાગ એટલો બધો વધારવાનો છે કે મન પ્રભુમાં અને પ્રભુના ગુણોમાં એટલું વિશેષ વિશેષ ગોઠતું જાય કે એટલા પ્રમાણમાં મન દુન્યવી પદાર્થો પરથી ઊંચકાતું જાય, યાવત્ પોતાની કાયા અને પોતાના અહંત્વ-આવડત-હોશિયારી પરથી પણ ઊંચકાઈ જાય. જેટલા પ્રમાણમાં મન આ થોડા પણ દુન્યવી પદાર્થમાં ગોઠતું જાય, એટલા પ્રમાણમાં માનવું પડે કે એટલું પરમાત્મામાં ગોઠી જવું બાકી છે.



દુન્યવી પદાર્થોમાં મન ગોઠતું અટકાવવા એ વિચારવું જોઈએ કે ઈન્દ્રિયના વિષયમાં રાખી શા સારું પરમાત્મામાં જ મન ગોઠવું મોળું પાડી રહ્યો છે ? મન પરમાત્મામાં ગોઠે એ ઝવેરાતનો વેપાર અને લાખોની કમાઈ છે, ત્યારે ઈન્દ્રિય વિષયમાં મન ગોઠતું રાખવું એ રાખનો વેપાર અને ધૂળની કમાઈ છે. એમાં મન ઘાલી શા સારું ઝવેરાતનો વેપાર ગુમાવવો ?

આ વિચારથી મન ભગવાનમાં જ ગોઠે, એમના સુકૃત અને સાધનાઓ તથા ગુણો અને ઉપકારોમાં જ મન ગોઠે, એટલે વીતરાગ પર રાગ અનન્ય થાય. એ થતાં એવી સ્થિતિ આવીને ઊભી રહે કે વીતરાગ સાથે એકાકારતા થઈ સ્વયં વીતરાગ બની જવાય. એટલે હવે સમજાશે કે જો ગૌતમ મહારાજે વીતરાગ પ્રભુ પરનો રાગ છોડ્યો હોત તો ભવના રાગ અંતરમાં ફાલત ફૂલત; અને એમ ક્યારેય વીતરાગ થવાત નહિ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૫,તા.૪-૧૦-૧૯૮૦

## (૭૬) પ્રભુભક્તિ શા માટે ? : ગીત ભક્તિનું સ્થાન

વીતરાગ પરમાત્માની ભક્તિ એ મુક્તિની દૂતી છે. દેવાંગના શી રાજકુમારીની દૂતી જેની પાસે જઈને ઊભી, એ જીવને દૂતી રાજકુમારી પાસે લઈ જવાની અને એને જીવનભર માટે વરવાની તૈયારી કરાવે છે. એમ, પ્રભુભક્તિ પણ જીવને મુક્તિ પાસે લઈ જવાની અને મુક્તિને કાયમ માટે વરવાની તૈયારી કરાવે છે. માટે એને મુક્તિની દૂતી કહી.

પ્ર.- મુક્તિમાં તો સર્વમોહ-સર્વકર્મથી રહિત સ્થિતિ છે, એને ભક્તિ સાથે શો મેળ ? કેમકે ભક્તિ કરનારો જીવ તો બીજી બાજું મોહ અને કર્મબંધનમાં તરબોળ છે.

ઉ.- મુક્તિ સાથે ભક્તિને એ મેળ છે કે વીતરાગની ભક્તિ કરવા માટે પહેલા તો વીતરાગનું મૂલ્યાંકન કરવું પડે, વીતરાગનું મહત્ત્વ સમજવું ને હૈયે વસવું જોઈએ. જે પુત્રને માતા-પિતાનું ઊંચું મહત્ત્વ નજર સામે હશે, એજ એમની ભક્તિ માટે સદા સજ્જ રહેવાનો, માટે તો ચાર ભાઈઓમાંથી જેને આ મહત્ત્વ હૈયે વસ્યું છે એ માતા પિતાની ભક્તિ કરવામાં ખડે પગે રહે છે; બીજાઓ એમાં સુસ્ત રહે છે. આપણી જાતનું મહત્ત્વ આપણા હૈયે વસ્યું હોય છે તો જાતની સેવા-સરભરા કેટલી બધી કરીએ છીએ ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આમ વીતરાગ પ્રભુનું મહત્ત્વ જેના હૈયે વસે એ જ પ્રભુની ભક્તિ કરવા હંમેશા તત્પર હોય. ત્યારે વીતરાગ પ્રભુનું મહત્ત્વ હૈયે વસાવ્યું તે એવું કે મન પોકારે છે કે "વીતરાગ તીર્થંકર પ્રભુમાં એવી એવી વિશેષતાઓ છે કે જગતમાં જેનો જોટો નથી. માટે મારે તો હૃદયનાથ એક અરિહંત" આ ભાવ સમ્યક્ત્વ તાણી લાવે છે, ને પછીથી સમ્યક્ત્વ ક્રમશઃ મુક્તિને તાણી લાવે છે, એટલે કહેવાય કે, ભક્તિને મુક્તિ સાથે મેળ છે. એના મૂળમાં અરિહંતનું અનન્ય મૂલ્યાંકન છે, ને એ અરિહંત પ્રભુની ભક્તિમાં વ્યક્ત થાય છે, તેથી ભક્તિ મુક્તિને બોલાવી લાવનારી દૂતી ગણાય એમાં નવાઈ નથી. તેથી જ કોઈપણ મોક્ષાર્થી જીવને અરિહંત ભક્તિ એ મહાન શું, અનન્ય કર્તવ્ય બની જાય છે. વારેવારે કરવા પડતા જનમ-મરણથી થાક્યા છો ? તો અરિહંતને ભજો, અરિહંતની ભક્તિ કરો.

પ્રભુભક્તિ (૧) વંદન-પૂજન-સત્કાર અને સન્માનથી થાય છે, પ્રભુભક્તિ (૨) પૂજા-સ્તોત્ર-જાપ-ધ્યાન અને લયથી થાય છે. પ્રભુભક્તિ (૩) પુષ્પ-આમિષ સ્તોત્ર પ્રતિપત્તિ પૂજાથી થાય છે.

આમાં 'સન્માન' ને 'સ્તોત્ર' એટલે પ્રભુના ગુણગાન એ બહુ ઉચ્ચ કોટિની ભક્તિ છે. કહ્યું છે,-

"ગગનતણું નહિ જિમ માનં, તિમ અનંતગુણ જિન ગુણગાનં" અર્થાત્ જેમ આકાશનું માપ નથી, એ અનંત છે, તેમ જિનેશ્વર પ્રભુના ગુણોનું ગાન પૂર્વથી બધીય દ્રવ્ય-પૂજા કરતાં આ અનંતગુણ ફળ આપે છે.

પ્રાચીન ગીત પુસ્તકોમાં આ માટે સુંદર ભક્તિ-ગીતો સંગૃહીત કરવામાં આવે છે, જેનો સમ્યગ્ ઉપયોગ કરી ભવ્યાત્માઓ અનંતગુણ ફળ મેળવી શકે છે.

એમ પણ પ્રભુ-ભક્તિ પાંચ પ્રકારે બતાવી છે,-

**"પૂજા કોટિ સમં સ્તોત્રં, કોટિ સમો જપઃ ।**
**જપ કોટિ સમં ધ્યાનં, ધ્યાન કોટિ સમો લયઃ ॥"**

અર્થાત્ અરિહંત ભક્તિ કરવી છે. તો આ ક્રમ છે,-

અરિહંતની પૂજા-સ્તોત્ર-જપ-ધ્યાન અને લય આમાં નીચે નીચે કરતા ઉપર ઉપરની ભક્તિ કરોડ ગુણું ફળ આપે છે, દા.ત. એક કરોડ અર્હત્ પૂજાનું જે ફળ, તે એક અર્હત્ સ્તોત્રભક્તિનું ફળ. કરોડ અર્હત્-સ્તોત્રના ફળ જેટલું એક અરિહંત જાપનું ફળ. કરોડ અર્હદ્-જાપના ફળ જેટલું એક અરિહંત ધ્યાનનું ફળ અને કરોડ અર્હદ્-ધ્યાનના ફળ જેટલું એક અરિહંતમાં લયનું ફળ; અથવા કહો, અરિહંતની દ્રવ્ય-પૂજા કરતા એમની સ્તોત્ર ભક્તિનું ફળ કરોડ ગુણું. સ્તોત્રના ફળ કરતાં જાપનું કરોડ ગુણું ફળ. જાપના ફળ કરતાં અરિહંત ધ્યાનનું ફળ કરોડ ગુણું અને



અરિહંત ધ્યાનના ફળ કરતાં અરિહંતમાં લયનું કરોડ ગુણું ફળ. અહીં કોઈ કહે,-

પ્ર.- તો પછી અમે સીધી લયભક્તિ કે ધ્યાન ભક્તિ જ કરીએ તો પૂજા કરતાં કરોડ કરોડ કરોડ ગુણું ફળ મળે ને ? પછી પૂજા-સ્તોત્ર-જાપ કરવાની શી જરૂર ?

ઉ.- આ ક્રમ બતાવે છે કે પૂર્વના પૂજા-સ્તોત્ર-જાપ-ભક્તિના પ્રકારો આદર્યા વિના ધ્યાન-ભક્તિ ન આવી શકે. એનું કારણ એ છે કે જેને સારો ધનવ્યય-સમયવ્યય-નમ્રતા પૂર્વકના પૂજા વિધિ-શ્રમવ્યય કરવા પૂર્વે કરાતી દ્રવ્ય-પૂજા કરવી નથી, એનામાં બીજા પગથિયે સ્તોત્ર અર્થાત્ અરિહંતના સંગીત ગુણગાન કરવાને યોગ્ય દિલ જ નથી હોતું. તો એવા દિલમાં દિલથી ગુણગાન વિના અહોભાવ-એકાગ્રતા-ગદ્ગદ દિલનો અરિહંત જાપ નથી બની શકતો.

કેવી મજાની ગોઠવણ ! પ્રભુ ભક્તિ કરવી છે ? તો પહેલાં અનંત અનંત કાળની મમતાની વસ્તુ કિંમતી સ્વદ્રવ્ય-સ્વશરીર-સ્વસમય-સ્વસુખશીલતા અને અહંત્વનો પ્રભુના ચરણે ભોગ આપી પ્રભુની પૂજા કરો પછી જ આગળ પ્રભુના સ્તોત્ર-સન્માન-ગુણગાન કરો. કેમ વારું ? અરિહંત પ્રભુના ગુણો ત્યાગ-વૈરાગ્ય-વીતરાગતા-કરુણા વગેરે પર અત્યંત બહુમાન ધરી એ ગુણો પર ઓવારી જવું છે અને એનાં ગુણગીત-સ્તોત્ર-સ્તવન ગાવા છે, તો પહેલા નક્કર આત્મભોગ આપવો જોઈએ. એ ભોગ અપાય તો જ પ્રભુના ને પ્રભુના ગુણોમાં મન ઠરે. ભોગ નથી આપવો તો મન એ પોતાની મમતાની વસ્તુઓ કિંમતી સ્વદ્રવ્યો-સ્વકાયા-આરામી વગેરેમાં મન ઠરેલું છે, એવું મન પ્રભુમાં શે ઠરે ?

એમ ભોગ આપીને મનને પ્રભુના ગુણોમાં અને પ્રભુમાં ઠરતુ કર્યું; પછી જ મન પ્રભુના નામના જાપમાં ઠરે. નહિતર મન પ્રભુ અને પ્રભુના નામમાં ઠર્યા વિના આગળ પ્રભુનું ધ્યાન પણ શી રીતે થાય ? ધ્યાન માટે તો મન પ્રભુમાં એકાકાર થવું જોઈએ...પરંતુ મનને બિચારાને જો સ્વદ્રવ્યાદિમાં એકાકાર રાખ્યું હોય અને પ્રભુના ગુણોમાં મસ્ત ન બનાવ્યું હોય, તેમજ પ્રભુના નામમાં એકાકાર ન કર્યું હોય, તો અહીં પ્રભુમાં એકાકાર શી રીતે થાય ? એ વિના પ્રભુના ધ્યાનમાં મસ્ત શી રીતે બને ?

એ જ પ્રમાણે મનને પ્રભુમાં એકાકાર કર્યા વિના લય અવસ્થા શી રીતે આવે ? લય પામવો એટલે મન પ્રભુમાં ધ્યાનથી એકાકાર થયા પછી અનુભવજ્ઞાન દ્વારા પ્રભુમય થઈ જાય. અર્થાત્ પ્રભુના ઉચ્ચ ગુણોનું સ્વાત્મામાં પ્રતિબિંબ પકડી જાણે એ ગુણોનો સ્વાત્મામાં સાક્ષાત્ અનુભવ કરવો, તે એટલે સુધી કે પ્રભુય વીતરાગ અને જાણે પોતે ય વીતરાગ, એમ સ્વાત્મામાં પરમાત્માનો અભેદ લાગે;



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

હવે પોતે જે વીતરાગ પરમાત્મા છે એવો ભાસ થાય એ ધ્યાન પછીની લય અવસ્થા છે. આવી જાપ ધ્યાન અને લય ભક્તિને પમાડનાર છે સ્તોત્રભક્તિ. પ્રભુની દ્રવ્ય-પૂજાની ભક્તિ કરીને પણ સ્તોત્ર ભક્તિમાં જવાનું છે, કેમકે દ્રવ્ય-પૂજાનું ફળ સ્તોત્ર સ્તવનાદિથી ભાવભક્તિ છે. બાહ્યમાં રખડતા જીવને ભાવ ભક્તિથી પ્રભુના સ્વરૂપમાં રમતો કરી શકાય; માટે પ્રભુના સ્વરૂપમાં ને પ્રભુના ગુણોમાં રમતું કરાવનાર સ્તોત્ર ભક્તિ, ચૈત્યવંદના ભક્તિ, ભક્તિ ગીતો, અને ભક્તિમય પૂજા-ભાવનાઓ ગાવી એ આ ઉત્તમ જનમનું ઉત્તમ કાર્ય છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૮૦

## (૭૭) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧

જગત પર અજ્ઞાનનો અંધકારપટ છવાયો છે સુખ કયાંથી મળે છે એનું ભાન નથી તેથી સુખની ઇચ્છા અને પ્રયત્ન છતાં સરવાળે મહાદુઃખ આવીને ઊભું રહે છે. નેપોલિયન, હિટલર, મુસોલીની, અમેરિકન વિદેશ પ્રધાન ડલેસ કરુણ રીતે ઊડી ગયા. મોટા સમ્રાટ ને અબજોપતિઓ પણ અંતે ભયંકર દુઃખદ મૃત્યુ પામ્યા. સુખ કયાં રહ્યું ? સરવાળે દુઃખ એ સુખ પણ દુઃખરૂપ.

સુખ પરમાત્માથી મળે છે, દુઃખનાશ પરમાત્માથી થાય છે, અને સર્વ શુભ પણ પરમાત્માથી મળે છે. કેમ ? પરમાત્માનો અચિંત્ય પ્રભાવ છે. પરમાત્માના આલંબનથી અચિંત્ય સિદ્ધિઓ થાય છે.

વર્તમાનનો દાખલો,-ઉજ્જૈનથી ૭ માઈલ દૂર હાસામપુરામાં પ્રગટ પ્રભાવી અલૌકિક પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ છે. વર્તમાન કાળે એમના અચિંત્ય પ્રભાવો :-

(૧) ચાઈનીસો પૂજારીએ ના કહેવા છતાં ભંગાર રંગમંડપમાં ઊતર્યા, રાતના એમના પર પત્થરનો વરસાદ !

(૨) મેળા વખતે નુકતી માટેની ગરમાગરમ ચાસણી કઢાઈ ચૂલેથી ઉતારતા છલકાણી શ્રાવકના પેટ ને પગ પર પડી. પણ એને ઠંડા પાણીનો જ અનુભવ થયો !

(૩) યાત્રિક બસ અંધારે પાછી ફરતાં પાટા પર, ને ફલેશ વિનાની ટ્રેન આવી, ડ્રાઈવરે એકસીલેટર દબાવતા મોટર જાણે ઊછળી પાટા વટાવી ગઈ માત્ર પાછળની સીડીને ગાડી ટકરાઈ.



(૪) બાળક અગાસીની સીડી પર લથડ્યું, ૨૫ પગથિયા ગબડતું નીચે પત્થર પર છતાં ઉની આંચ નહિ !

(૫) દર ભા. સુ. ૧ ત્યાં જ ફરનાર યુવાનની સાઈકલ નદીના પૂલના કિનારે ટકરાણી. પોતે ઊછળીને નીચે નદીમાં પડયો, પણ ગેબી રીતે પોતાને પૂલ ઉપર દેખ્યો.

અમેરિકન મોટર મેન્યુફેકચરનો પગ ખોટકાયો. ખોડ રહી, પ્રાર્થનાથી સાજો ! પ્રાર્થના દીનતાથી નહિ કે 'પ્રભુ ! મારો પગ સાજો કરી આપો,' કિન્તુ પ્રાર્થના વિશ્વાસથી કે 'પ્રભુ ! તું સર્વ દયાળુ છે. સર્વ શક્તિમાન છે. મને વિશ્વાસ છે કે તારા અચિંત્ય પ્રભાવથી મારો પગ સાજો થઈ જ જશે.'

પ્રાર્થના અહોભાવ લાવીને 'અહાહા ! હું રાંક, પાપી ને મહાદુઃખી, અને પ્રભુ કેવા વીતરાગ ! અનંતગુણી !'

આ પરમાત્માથી જ સુખસિદ્ધિ-દુઃખનાશ-શુભપ્રાપ્તિ થાય. એક સારો ભાવ પણ પરમાત્માના પ્રભાવે જ પ્રાપ્ત થાય.

જૈન ધર્મ માને છે કે 'વીતરાગ પ્રભુ ભકત ઉપર રીઝે નહિ કે શત્રુ પર રીસ કરતા નથી.

કિન્તુ, વીતરાગ પ્રભુના જ આલંબને દર્શન-વંદન-પૂજન, પ્રાર્થના-સ્તુતિ-ગુણગાન, જાપ-ધ્યાન-સ્મરણ, આજ્ઞાપાલન, વગેરે ઉત્તમ ફળ આપે છે; માટે એ પ્રભુનો જ અત્યંત ઉપકાર છે. ફળદાતા પ્રભુ જ ગણાય.

પ્રભુ રીઝે રીસે નહિ તેથી પ્રાર્થના ઔપચારિક છે; વાસ્તવમાં પ્રાર્થના વખતે આપણી પ્રાર્થિત વસ્તુની તીવ્ર આશંસા અભિલાષા વ્યક્ત કરીએ છીએ.

દા.ત. 'હોઉ મમ તુહપ્પભાવઓ ભયવં ! ભવનિવ્વેઓ' 'મારે પ્રભુ ! તમારા પ્રભાવે ભવનિર્વેદ હો.'

અર્થાત્ મને ભવનિર્વેદની તીવ્ર અભિલાષા છે. આશંસા છે.

આશંસા એ વસ્તુ-પ્રાપ્તિનું બીજ-અંકુર છે.

'બીજં સત્પ્રશંસાદિ ચિન્તાદિક તદંકુરમ્

કોઈ પણ ધર્મ કે ગુણ સિદ્ધ કરવા માટે એની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ વગેરે એ બીજ છે, બીજનું વાવેતર છે, અને તેની ચિંતા એટલે કે તીવ્ર અભિલાષા એ અંકુર છે. એમાં મુખ્યતા પ્રભુના આલંબનની છે, તેથી પાર્થિત વસ્તુ પ્રભુથી જ મળી કહેવાય.

**પરમાત્મા કોણ ?** કેવા ?

પરમાત્મા અરિહંત દેવ, એ વીતરાગ સર્વજ્ઞ છે, અસંખ્ય ઇન્દ્રોના પૂજ્ય છે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

એમના ૩૪ અતિશય છે. અતિશય એટલે અનન્ય વિશેષતા અર્થાત્ જગતના બીજા માનવીઓ કે દેવોની વિશેષતાને ટપી જાય એવી વિશેષતા. એ મુખ્ય અતિશય અરિહંતમાં ચાર (૧) જ્ઞાનાતિશય, કેવળજ્ઞાન, જગતના બીજા કેવળજ્ઞાની કરતાં પણ વિશિષ્ટ, જે જગતને બોધ કરનારું અને બીજાઓના કેવળજ્ઞાનનું પ્રેરક છે. (૨) વચનાતિશય-૩૫ ગુણો અને અતિશયોવાળી વાણી જેનાથી ધર્મતીર્થ-ધર્મશાસન સ્થાપે છે. (૩) પૂજાતિશય અષ્ટ-પ્રાતિહાર્યની અને સુરાસુરેન્દ્રોની પૂજાને યોગ્ય, જેનાથી પ્રભુ અરિહંત (અરિહ+અંત=યોગ્ય હોનારા) કહેવાય છે. (૪) અપાયાપગમ અતિશય 'અપાય' = રાગાદિ અનર્થનો યા ૧૨૫ જોજનમાં મારી મરકી વગેરે ઉપદ્રવનો "અપગમ" = નાશ છે જેમાં એવો.

આ ૪ અતિશય અને ૮ પ્રાતિહાર્ય મળીને ૧૨ ગુણવાળા અરિહંત કહેવાય. એ કેવળજ્ઞાનથી મોક્ષ પામે ત્યાં સુધી ચોવીસે કલાક સાથે રહે.

૮ પ્રાતિહાર્ય સમજવા માટે પ્રભુની નીચેથી ઉપર ઉપર જુઓ -

(૧) રત્ન સિંહાસન, (૨) બે બાજુ ચામર, (૩) મુખ પાછળ ભામંડલ (પ્રકાશ પૂંજ) (૪) માથે ઉપર ઉપર મોટા ૩ છત્ર, મોતીના ઝુંબખડાવાળા, (૫) અશોક વૃક્ષ જોજન પ્રમાણ આખા સમવસરણને ઢાંકે, (૬) નીચે સુગંધિત ઝરમર ઝરમર પુષ્પ વૃષ્ટિ. (૭) આકાશમાં દેવ દુંદુભિ (૮) દિવ્ય ધ્વનિ, પ્રભુના વાણીના સૂરમાં સૂર પૂરનારી બંસરી.

**અરિહંતનો બીજો વૈભવ** (૧) જોજનનું સમવસરણ કે ગઢ નીચેનો ચાંદીનો કિલ્લો, ગોળ કે ચોખંડો ૪ ગાઉં લાંબો પહોળો, એના પર સોનાનો કિલ્લો, એના પર રત્નનો કિલ્લો એની વચ્ચે અશોક વૃક્ષની નીચે ચારે બાજુ વ્યાસપીઠ પર સિંહાસન; (૨) ચતુર્મુખ ભગવાન; પૂર્વમાં પ્રભુ બિરાજે, ૩ દિશામાં પ્રભુ જેવા જ બિંબ (૩) પ્રભુ ચાલે ત્યારે પગ નીચે ૯ સુવર્ણ કમળ ગોઠવાઈ જાય. (૪) પ્રભુ ચાલે ત્યારે છત્ર સિંહાસન આકાશમાં ચાલે, ચામર વીંઝતા રહે, (૫) પંખેરા ઘુમરી લે (૬) વૃક્ષ નમે (૭) કાંટા ઊંધા થાય (૮) જઘન્યથી ૧ કરોડ દેવતા સાથે જ રહે ને ગીત વાજિંત્ર નૃત્ય વગેરે ભક્તિ કરે. આવું અરિહંતપદ તીર્થંકરનામકર્મના પુણ્યથી પ્રાપ્ત થાય.

**તીર્થંકરનામકર્મનું પુણ્ય ઉપાર્જવાના મુખ્ય ૩ સાધન :-**

(૧) સમ્યગ્દર્શનની અત્યંત વિશુદ્ધિ-નિર્મળતા ઉત્કટતા દેવાધિદેવ ત્યાગી ગુરુ અને જૈન ધર્મ પર જ ૧. પૂજ્યભાવ, ૨. ઉપાસના, ને ૩. અનુષ્ઠેયતા (આજ્ઞાસ્વીકાર જિનોક્ત તત્ત્વરુચિ).

(૨) સર્વ જીવની ભાવ-કરુણા, જગતના જીવમાત્ર બિચારા કર્મપિશાચથી



પીડાય છે એમને એથી છોડાવવા કેમ મોક્ષ માર્ગ પમાડું ! સવી જીવ કરુ શાસનરસી !-એ ભાવના.

(૩) અરિહંત આદિ ૨૦ પદની, વીસ સ્થાનકની આરાધના.

**(અ) જે માત્ર સ્વાત્માની ભાવકરુણા ચિંતવે તે મૌન કેવળી થાય; (બ) કુટુંબ-જ્ઞાતિ-ગામ-દેશના જીવોની ભાવકરુણા કરે તે ગણધર થાય. દા.ત. કુમારપાળ રાજા ને (ક) જે જગતના જીવ માત્રની કરુણા કરે તે તીર્થંકર થાય.**

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૮૦

## (૭૮) પરમાત્મ ભક્તિના રહસ્ય-૨

**● વીસ સ્થાનક**

અરિહંતાદિ (૨૦ પદ) યાને ૨૦ સ્થાનક યાદ રાખવા સહેલા. પાંચ પરમેષ્ઠીમાં ત્રીજે પ્રવચનપદ, પાંચમે સ્થવિરપદ મૂકો એટલે ૭ પદ થાય, 'પ્રવચન' એટલા માટે કે એના આધારે આચાર્ય આદિ થાય. આચાર્ય જિનશાસનના રાજા છે એમની સાથે એમના ગચ્છની સંભાળ 'સ્થવિર' કરે માટે સ્થવિરપદ. આ સાતની અત્યંત વાત્સલ્ય-બહુમાન પૂર્વક પૂજા-ભક્તિ-ઉપાસના-પ્રશંસા-ગૌરવ વૃદ્ધિ વગેરે તે તે પદની આરાધના. એમ અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય-સાધુ એ ૭ પદ.

પછી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આવે; પરંતુ ચારિત્ર વિનયપૂર્વક જ શોભે, ને ચારિત્રમાં મુખ્ય બ્રહ્મચર્ય તથા ક્રિયા અને તપ હોય, તેથી ચારિત્રની આસપાસ વિનય, ને પછી બ્રહ્મચર્ય, ક્રિયા, તપ મૂકવાનો. એમ (૮) જ્ઞાન (૯) દર્શન (૧૦) વિનય, (૧૧) ચારિત્ર, (૧૨) બ્રહ્મચર્ય, (૧૩) ક્રિયા, (૧૪) તપ, આની સર્વ પ્રકારે આરાધના.

શીલ ને તપ આવ્યા, દાન નથી આવ્યું તે હવે ૧૫ મું દાન પદ. અનેરું દાન ગૌતમસ્વામીનું. પોતાની પાસે નહિ એવા કેવળજ્ઞાનનું ૫૦ હજારને દાન. માટે ૧૫ મું ગૌતમપદ પણ કહેવાય. દાન પહેલું વર્ષીદાન જિનેશ્વરદેવનું, તેથી ૧૬ મું જિનપદ (વિચરતા જિન) એ અસંયમ-અસમાધિવાળા જગતને સંયમ-અસમાધિવાળા જગતને સંયમ-સમાધિ આપે છે. તેથી ૧૭ મું સંયમ-સમાધિપદ. એ માટે જ રોજ નવું જ્ઞાન મેળવવાનું તેથી ૧૮ મું અભિનવજ્ઞાન તે પણ જિનાગમનું માટે ૧૯ મું શ્રુતપદ (શ્રુત=સમ્યક્ શાસ્ત્ર જિનાગમ) શ્રુતના આધારે તીર્થ ટકે,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

તેથી ૨૦ મું તીર્થ પદ. સારાંશ ૪ ગૃપ :-

અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર.

ઉપાધ્યાય-સાધુ-જ્ઞાન-દર્શન-વિનય.

ચારિત્ર-શીલ-ક્રિયા-તપ-દાન.

જિન-સંયમ-અભિનવજ્ઞાન-શ્રુત-તીર્થ.

આ બધાની અત્યંત પ્રીતિ-બહુમાન સાથે, અનેકાનેક પ્રકારે આરાધના-તીર્થંકરપણાનું પુણ્ય આપે. ઓછાની આરાધના...યાવત્ એક પદ (સ્થાનક) ની પણ આરાધના એ જ પુણ્ય બંધાવે. જેમકે દેવપાલે શ્રેણિક મહારાજે 'અરિહંત' પદની આરાધનાથી એ પુણ્ય બાંધ્યું.

દેવપાલ ઢોરા ચારનારો નોકર જંગલમાં તુટેલી ભેખડમાંથી ઋષભ પ્રભુ મળ્યા, નાચ્યો, રોજ દર્શન પૂજનનો નિયમ, -૭ દિનની હેલી ઉપવાસમાં-૮ મે દિને રોતો 'પ્રભુ ! મારા ૭ દિન તારા દર્શન વિના વાંઝિયા ગયા. મને આવી સજા ન કરો.'-ચક્રેશ્વરી તુષ્ટ. 'ભક્તિના બદલામાં માગી લે, માગ તે આપુ.'- "ભક્તિ આપ"-'એ તો તારી પાસે છે જ. બીજું કિંમતી ખજાના વગેરે માગ'- "ઐરાવણ હાથી વેચી ગધેડો ખરીદવાની મૂર્ખાઈ હું ન કરું." ઉત્કૃષ્ટ પુણ્યથી ૭ મે દિન રાજા, પણ શ્રાવક શેઠને મહા અમાત્ય બનાવી કારભાર સોંપી પોતે અરિહંતની વિવિધ આરાધનામાં.

શ્રેણિક મગધ સમ્રાટ, (૧) રત્ન કાંબળ લેવા ૧૬ લાખ સોનૈયા નથી, પણ મહાવીર પ્રભુની સુખ-શાતાના સમાચાર લાવનારને વધામણી દાનમાં હીરાનો હાર ! (૨) ત્રિકાળ જિનપૂજામાં તાજા સોનાના જવલાથી સાથિયો (૩) પાપો અને અવિરતિનો હૈયે કાળો કકળાટ તેથી રાજ્યને બદલે દીક્ષા માગતા પુત્ર અભયને પોતાની વૃદ્ધ વય છતાં દીક્ષા અપાવી દીધી ! મારા પ્રભુની સેવા ભલે કરે; મારી નહિ. અરિહંત પર અનહદ રાગ.

પ્ર.- પરમાત્મ-ભક્તિનો ધર્મ કરવા કહો છો, પણ પહેલી વાત તો એ છે કે જીવનમાં ધર્મની જ શી જરૂર છે ?

ઉ.- જીવનમાં ધર્મની જરૂર એટલા માટે છે કે,-

(૧) દરેક માણસ પોતાની પ્રત્યે આખી દુનિયા તરફથી દયા, અહિંસા, સત્ય, નીતિ, વગેરે ધર્મ ઇચ્છે છે. હિંસાદિ પાપ નહિ; તો શું એ ધર્મની જરૂર નથી સૂચવતું ?

(૨) જીવનમાં વિષમ પ્રસંગોમાં ધર્મ જ મનને સમાધિ-સમાધાન આપી શકે છે.



(૩) જીવનમાં સાધેલા ધર્મથી અંતકાળે મૃત્યુ હસતાં મળે છે.

(૪) પરલોકમાં અહીંનો ધર્મ જ સદ્ગતિ અને ઓથ આપે છે.

**વૈષ્ણવ મરણ પથારીએ,** ડૉ. 'રાત કાઢે તો ભાગ્યશાળી'ના ડૉ.૨-૨૨ મિનિટ 'છતાં ખુશીમાં ?' 'હા મારે જવાની ઉતાવળ છે' કારણ ? પાંચ વરસનું પ્રમુખપણું બુદ્ધિપૂર્વક બજાવ્યું છે. 'એ શું ?' મારે શ્રાવક મિત્ર. એમના સાધુના પ્રવચનમાં માનવ જનમ એ પાંચ વર્ષનું પ્રમુખપણું બજાવતા આવડે તો મોત હસતાં ! નહિતર રોતા કકળતા !

**પાંચ વરસનું પ્રમુખપણું શું ?**

બંદરનું રાજ્ય, ૫ વરસનો પ્રમુખ ચૂંટાતાં પૂરો થયે બેડીએ બાંધી સમુદ્ર તટે નાવડામાં નાખી ૫૦૦ માઈલ દૂર નિર્જન દ્વીપમાં બધા રોતા જતા. એક પ્રમુખ હસતો દોડ્યો કિનારે. નાવડામાં હાઈજંપ, નાવિકને કહે જલદી હાંકજે મારે ત્યાં પહોંચવાની ઉતાવળ છે. ચકિત ખલાસી ને સિપાઈઓ પૂછે 'પૂર્વે તો બધા રોતા કકળતા હતા, તમે ખુશી ?' 'હા, પૂર્વના પ્રમુખ બુદ્ધુ. એમણે માત્ર પાંચ વરસનો વિચાર રાખી લહેર કરી લીધી; હું બુદ્ધિમાન તે પાંચ વરસ પછી કયાં જવું છે તેનો વિચાર રાખ્યો. ૧/૨ લશ્કર, ૧/૨ ખજાનો, કડિયા મજુર સુથાર મોકલીને તે દ્વીપને સુધરાવી નાંખ્યું. જંગલ કપાવી બંદર બનાવરાવ્યું. હવે હું ત્યાંનો કાયમનો રાજા. બોલો ઉતાવળ ન હોય ? સાધુએ પરલોક સુધરવાનું કહ્યું. કરે એ બુદ્ધિમાન. માત્ર આ જનમની લહેર કરી લે એ બુદ્ધુ, પરલોક સુધારવા દેવ-ગુરુ-ધર્મની ઉપાસના, નવકાર, દયા-દાન-શીલ-તપ-ભાવના-વ્રત-નિયમાદિ ખૂબ કર્યું.

અમેરિકામાં 'રીટર્ન ટુ રીલીજીયન' નામના પુસ્તકની અનેક આવૃત્તિઓ લેખક લખે છે. '૨૫ વર્ષના ગાળા પછી ધર્મમાં પાછો ફરું છું. કેમ ? બુઢ્ઢો નથી થયો, રોગ નથી, ગરીબી નથી, ઘરમાં કલેશ નથી, જેથી ચર્ચમાં જઈ બેસું, પરંતુ હું માનસરોગોનો ડૉ. છું. પિતા સાથે ૨૦ વર્ષની ઉંમર સુધી ચર્ચમાં ગયો. પિતા મરતાં છોડી દીધું.' આ શું હમદ્રમ ? પણ ૪૫ વર્ષની વયે એકવાર બાઈબલ વાંચતાં ચોંક્યો. 'અરે ! આજ સુધી મેં માનસ દરદી લગભગ ૪૦૦૦ સુધાર્યા, એમાં જે સલાહો આપતો. ને એના પર ગુમાન રાખતો કે 'આ મારી જ શોધ છે;' પરંતુ ૨૦૦૦ વર્ષ પૂર્વે લખાયેલ બાઈબલમાં આ સલાહો તો ભરી પડી છે ! મારી સલાહો, માનવજાતને બહુ કલ્યાણકર માનતો, તો આ બાઈબલ જ કલ્યાણકરું ઠર્યું. આને મેં મૂર્ખે નકામું માન્યું ? બસ, તે રાતથી રોજ ચર્ચમાં જઈ ધર્મસમર્થક ભાષણો દેવા માંડ્યા હજારો લોકો ઝીલતા.

સીતાજી જંગલમાં તરછોડાયા. વિચારે છે.,- "આ સંસાર સુખની લાલચમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

હું પડી તો આ દિવસ જોવાનો આવ્યા. જ્ઞાનીના કહ્યા મુજબ ૮ વર્ષની વયે ચારિત્ર લીધું હોત તો આ ઘોર અપયશ અને ઘોર દુઃખ જોવાનું ન આવત. માટે હવે કલંક ઊતરતા એ જ કરું'' દિવ્ય કર્યા બાદ તરત ત્યાંથી જ ચારિત્ર લેવા ગયા !

પ્ર.- ભલે અહિંસાદિ ધર્મની આવશ્યકતા મંજુર; પણ પરમાત્મ-ભક્તિના ધર્મની શી આવશ્યકતા ?

ઉ.- અહિંસાદિના સ્વરૂપને શીખવનાર કોણ ? ઋષભદેવ ભગવાનને દીક્ષા; પછી ગોચરી નહોતી મળતી કેમકે યુગલિકો સાધુ ધર્મ શું એ જાણતા નહોતા. વર્ષીદાન જોયેલું. તેથી હીરા, મોતી, હાથી, ઘોડા, કન્યાઓ દેવા તૈયાર. કેવળજ્ઞાન પછી પ્રભુએ અહિંસા ધર્મ શીખવ્યો. પરમાત્મા જ અનન્ય ઉપકારી છે, કેમકે સર્વજ્ઞ પરમાત્મા આ અહિંસાદિની ને એ માટે જીવોની ઓળખ-સમજુતી આપે છે.

**● જૈન ધર્મનું અપૂર્વ પ્રદાન**

બનારસ સંસ્કૃત યુનીવર્સિટીમાં ભાષણ ''વિશ્વને જૈન ધર્મની વિશિષ્ટ બક્ષીસમાં કહ્યું (૧) એકેન્દ્રિય સુધીનું જીવ-વિજ્ઞાન-જૈન ધર્મે જ આપ્યું છે. **તર્ક**-કુદરતમાં જો પાંચ ઇન્દ્રિયવાળા જીવ ચાર ઇન્દ્રિયવાળા માખી-ભમરાદિ, ત્રણ ઇન્દ્રિયોવાળા કીડી-કીડા, બે ઇન્દ્રિયવાળા કૃમિ-પોરા-શંખ, તો એક ઇન્દ્રિયવાળા જીવો પણ કેમ નહિ ? (૨) જો પૂર્ણ જીવ વિજ્ઞાન આપ્યું તો પૂર્ણ અહિંસા પણ જૈન ધર્મની જ. નાગપુરમાં હીસ્ટ્રી કોન્ફરન્સમાં 'કોની જયંતી ઉજવવી ?' એક ખ્રિસ્તી કહે 'જિસસની' કેમકે એમણે સર્વ માનવની દયા બતાવી. કનૈયાલાલ મુન્શી કહે 'શ્રી કૃષ્ણની' કેમકે એમણે ગાયની પણ દયા બતાવી. ઋષભદાસજી સ્વામી કહે 'મહાવીરની' કેમકે એમણે એકેન્દ્રિય સુધીનાની દયા કરી. (૩) વિરતિનું મહત્ત્વ જૈન ધર્મે બતાવ્યું (૪) કર્મ-વિસ્તાર જૈન ધર્મનો જ, (૫) અને અનેકાંતવાદાદિ સિદ્ધાંત જૈન ધર્મે જ આપ્યા.

અરિહંત-ભક્તિ શા માટે ? (૧) પરમાત્મા અહિંસાદિ સમજાવનારા છે. માટે કૃતજ્ઞતારૂપે ભક્તિ. (૨) પરમાત્મા પરમપાત્ર છે. માટે આપણા દ્રવ્યનો શ્રેષ્ઠ વિનિયોગ એમની ભક્તિમાં છે. ભિખારીને દાનમાં દે અને દેનાર કેટલું પામે ? ત્યારે પ્રભુ ભક્તિમાં ખર્ચેલાથી બીજા સેંકડો હજારોને શુભ અધ્યવસાયનો ને આપણને ઉચ્ચ સુકૃતનો લાભ મળે. પરમ પાત્રે દાન એ સમુદ્રમાં નાખેલા ટીપાની જેમ અક્ષય લક્ષ્મી બને, ભામાશાએ એક પ્રતાપ રાણાને કરોડોનું દાન આમ-સંસ્કૃતિ રક્ષાર્થે દીધું.



**રત્ન પાત્રસમ જિનવર ભાખ્યા, ગણધર કંચન પાત્રઃ**
**રજત પાત્ર સમ-મુનિવર ભાખ્યા, શ્રાવક તામ્ર પાત્ર.**

(૩) જીવન સામે ઊંચો આદર્શ પરમાત્માનો છે; ભક્તિથી એ નજર સામે રહ્યા કરે ને જીવનમાં એનો પડઘો પડે.

(૪) અવસરે ને અંતે પરમાત્મા જ શરણરૂપ.

(૫) પરમાત્મભક્તિથી એના અનંત ગુણો સુકૃતોની અનુમોદનાનો લાભ એ ગુણ-સુકૃતનું બીજાધાન છે. માટે પરમાત્મભક્તિ એ મહાન ધર્મ, અતિજરૂરી ધર્મ છે. દાનના પાત્ર-ભેદની નંદીષેણ અને સેચકન હાથી. નંદીષેણ પૂર્વ ભવે શ્રાવક, એના સ્નેહી બ્રાહ્મણે ચોરાશી જમાડી. શ્રાવકે એની વ્યવસ્થા સાચવ્યાથી ચોરાશી સુંદર જમી. વધેલો ચોકખો માલ નંદીષેણ શ્રાવકને મહેનતાણારૂપે મળ્યો. એણે એ સાધુ-સાધ્વીની ભક્તિમાં લગાવી દીધો. તેથી પછીના ભવે એ નંદીષેણ થયો. બ્રાહ્મણ સેચનક હાથી અવધિજ્ઞાની થયો; પરંતુ અંતે ખાઈમાં બળી મરવાનું આવ્યું. નંદીષેણે દીક્ષા લીધી. તીવ્ર ભોગાવલિ કર્મથી વૈશ્યાને ત્યાં પડ્યા છતાં સાધુજીવનના તપથી ઊભા થયેલ લબ્ધિથી રોજ ૧૦ ને બોધ આપી ચારિત્ર લેવા મોકલતા. એવું ૧૨ વર્ષ ચાલ્યું. પછી પોતે ફરીથી સાધુ થઈ પ્રભાવક આચાર્ય થયા. સેચનક હાથી ? ક્યાં નંદીષેણ ? આ ફરક દાનના પાત્રભેદથી પડ્યો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૮,તા.૧-૧૧-૧૯૮૦

## (૭૯) પરમાત્મ ભક્તિના રહસ્ય-૩

પરમાત્માની ભક્તિ એમના વિરહકાળમાં એમની મૂર્તિની સ્થાપના દ્વારા થાય છે. વળી જીવંત વિચરતા પરમાત્મા કરતાં એમની મૂર્તિ દ્વારા વિશેષ ભક્તિ થઈ શકે છે. દા.ત. પુત્ર દ્વારા પિતાજીને ખુદને હીરા કે મોતીનો હાર નથી પહેરાવાતો, કિન્તુ એમના ફોટાને એ પહેરાવી શકાય છે.

**જડ પાષાણની મૂર્તિ પૂજ્ય કેમ ?** મૂર્તિ પૂજ્ય હોવાનાં પ્રમાણો :-

(૧) પાણીને ઝેરની ભાવના આપતાં ઝેરનું કામ કરે, અમૃતની ભાવના આપતા અમૃત થાય, તો મૂર્તિને પરમાત્માની ભાવના દેતાં પરમાત્માનું કામ કેમ ન કરે ? આજે દેખાય છે કે શંખેશ્વરનીમૂર્તિ, અલૌકિક પાર્શ્વનાથનીમૂર્તિ, વગેરે ચમત્કારિક કામ કરે છે. માત્ર પૂજ્યભાવે એને આવકારવી જોઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(૨) જગતની દરેક વસ્તુ ચાર વિભાગે હોય; ૧. વસ્તુનું નામ, ૨. વસ્તુની આકૃતિ, ૩. વસ્તુની પૂર્વોતર અવસ્થા, ૪. વસ્તુનું સ્વરૂપ. આ ચારેયમાં એ વસ્તુ તરીકેનો વ્યવહાર થાય છે. દા.ત. દેવ-દાનવ-માનવ-ઈન્દ્ર વગેરે અનેક નામોમાંથી "ઈન્દ્ર" નામને લઈ પૂછાય કે આ કોણ તો બોલાય 'ઈન્દ્ર'. ઈન્દ્રનું નામ પણ ઈન્દ્ર કહેવાય છે. એ નામ-ઈન્દ્ર એમ બ્રહ્મા-શિવ-ઈન્દ્ર વગેરેની મૂર્તિઓમાં ઈન્દ્રની મૂર્તિ માટે પૂછાય કે 'આ કોણ ?' તો કહેવાય "ઈન્દ્ર". શું ? ઈન્દ્રની મૂર્તિ પણ ઈન્દ્ર. એ સ્થાપના ઈન્દ્ર. ઈન્દ્રનું સ્વરૂપ દેવસભામાં મુખ્ય સિંહાસને છત્ર ચામર વગેરેથી શોભવાપણું; કિન્તુ સિંહાસને ન બેઠા હોય ત્યારે પણ ઈન્દ્ર કહેવાય છે, એ દ્રવ્ય ઈન્દ્ર છે; ને એ સ્વરૂપમાં હોય ત્યારે તો ઈન્દ્ર છે જ; એ ભાવ ઈન્દ્ર. આમ ચાર વિભાગને ચાર નિક્ષેપા કહેવાય,- 'નામ નિક્ષેપ, સ્થાપના૰ દ્રવ્ય૰ ભાવનિક્ષેપ. પૂજ્યના ચારે નિક્ષેપા પૂજ્ય છે. ભગવાનનું જો નામ પણ આદરણીય છે, તો ભગવાનની મૂર્તિ કેમ આદરણીય નહિ ?

(૩) કરન્સીનોટ કાગળિયું છે, છતાં આ 'સો રૂપિયા' 'હજાર રૂા.' એમ વ્યવહાર થાય છે, અને એના પર એવું માન થાય છે.

(૪) સમવસરણ પર પૂર્વ દિશામાં જ સાક્ષાત્ જીવંત તીર્થંકર ભગવાન બેસે છે, બાકી ૩ દિશામાં દેવો દ્વારા એમના બિંબ જ સ્થાપેલા વંદાય છે પૂજાય છે, શું એ વાંદનારા પૂજનારા ગાંડા ?

(૫) હજારો લાખો વરસની મૂર્તિઓ મળે છે; ને એ પૂજાતી આવી છે. એ પૂજનારા બધા જ મૂર્ખ નહોતા.

(૬) ગુરુના ફોટા તરફ આદર થાય છે, તો પ્રભુ મૂર્તિ પર કેમ નહિ ? પંજાબમાં દયાનંદના આર્ય સમાજ ધર્મનો પ્રચારક. "મૂર્તિ તો પત્થર છે. મૂર્ખાઓ એનેજ ભગવાન માની બેઠા..." વગેરે ભાષણ કરતાં, એક જણે દયાનંદના ફોટા પર થુંકવાનું ને લાતા-લાતી કરવાનું કરતા એ વિરોધ કરવા જતાં ઝંખવાણો પડી ગયો. એની હુરિયા બોલાઈ.

(૭) આજે પણ મૂર્તિ-પૂજાના પ્રભાવ દેખાય છે. શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિની પ્રભુ તરીકે આદર પૂજાના ચમત્કાર દેખાય છે, ગઈ ચોવીસીમાં આષાઢી શ્રાવકે 'ભવિષ્યમાં પોતે પાર્શ્વપ્રભુના ગણધર થઈ મોક્ષ પામશે.' એમ સાંભળી પાર્શ્વપ્રભુની મૂર્તિ ભરાવી, તે જ આજે શંખેશ્વર પાર્શ્વનાથ છે, એના સ્નાત્ર જલથી કૃષ્ણની મૂર્છિત સેના જાગૃત થઇ ગયેલી.

(૮) જનમથી ભોંયરામાં જ ઊછરેલ, એણે સાચી નહિ, પણ પત્થરનીય



ગાય નહિ જોયેલ; તે મોટો થતાં બહાર જ જંગલમાં મુકાયે ત્યાં સાચી ગાય છતાં ભૂખે મરે; પરંતુ જેણે ભોંયરામાં પત્થરની ગાય જોઈ, ઓળખી છે, એ હવે સાચી ગાયને દોહી દૂધ પી શકે. આમ પત્થરની ગાય પણ દૂધ આપે.

(૯) રાષ્ટ્રધ્વજ લુગડાનો છતાં એની રાષ્ટ્ર તરીકે પૂજા થાય છે. સારાંશ, પ્રભુની મૂર્તિ પણ પ્રભુ જ છે. પૂજ્ય જ છે !

**પ્રભુના દરબારે પેસતાં પાંચ અભિગમ (વિનય)**

અરિહંત પરમાત્માની મૂર્તિની અરિહંતની જેમ, ભક્તિ-પૂજા થાય, એમના દરબારમાં જવું હોય તો પાંચ પ્રકારે વિનય સાચવવાનો એને પાંચ **'અભિગમ'** કહેવાય છે. તે આ-

(૧) સચિત્તત્યાગ (૨) અચિત્ત ગ્રહણ (૩) ખેસ-ઉતરાસંગ પહેરીને જવું (૪) પ્રભુને જોતાં જ લલાટે અંજલિ સાથે 'નમો જિણાણં' બોલવું (૫) મન-વચન-કાયાની એકાગ્રતા સાચવવી.

(૧) પ્રભુના મંદિરમાં 'સચિત્ત' યાને આપણે વાપરવાના ખાનપાન ન લઈ જવા. કેમકે એ તુચ્છ વસ્તુ લઈ વંદના ન થાય; નહિતર એની સાચવવાની કાળજીમાં પ્રભુ કરતાં એના પર વધુ માયા લાગી રહે ! (૨) મંદિરમાં 'અચિત્ત' યાને પ્રભુની પૂજામાં ધરવા યોગ્ય વસ્તુ લઈને જ જવાય; દા.ત. અગરબત્તી; ઘીની બત્તી, દૂધ, વરખ, ચંદન, કેસર વગેરે. ઈતરોમાં **"રિક્તપાણિર્ન પશ્યેત રાજાનં દૈવતં ગુરું"** કહ્યું છે.

એક રાજા-સંન્યાસીના દર્શને, સોનૈયાની ઢગલી કરી, સંન્યાસીએ મોં બગાડી ફેરવી નાખ્યું. 'કેમ ?' 'આમાંથી દુર્ગંધ આવે છે.' 'દેખાડો' 'તને નહિ દેખાય' ચમારવાડે લઈ ગયો. ચમારની દિકરી નાકે ડુચો માર્યા વિના રહે છે, રાજાને ડુચો મારવો પડ્યો. 'કહોવાતાં ચામડામાં જ રહેનારને દુર્ગંધ ન લાગે; એમ પૈસામાં જ રહેનારને પૈસાની દુર્ગંધ ન લાગે. રાજા બુઝ્યો.

(૩) ખેસ નાખીને જવું એ મોટા આગળ વિનય છે.

(૪) પ્રભુ દેખતાં જ લલાટે હાથ જોડાઈ જ જાય. મંદિર પાસેથી ખાલી પસાર થતાં પણ 'નમો જિણાણં' બોલવાનું

(૫) મંદિરમાં મન-વચન-કાયા પ્રભુમાં એકાગ્ર કરી રાખવાના.

સ્ત્રીઓએ ત્રણ જ અભિગમ સાચવવાના; અંગ ઢાંકેલુ છે. તેથી ખેસ નહિ, અંજલિ લલાટે નહિ, લગાડવાની, હાથ એમ ઊંચા કરતાં સ્ત્રીની છાતી ઊંચી થવાથી અભદ્ર દેખાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

# (૮૦) પરમાત્મ ભક્તિના રહસ્ય-૪

## (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

● **જિનમંદિર વિધિ :-**

કોઈપણ કાર્યની સિદ્ધિ તેની વિધિ જાળવવાથી થાય છે. મગનું શાક બનાવવું હોય તો ય પહેલા ગેસ પર તપેલી મૂકે. પાણી નાખે... તેમાં મગ નાખે... મસાલો નાંખે... ત્યારે તે તૈયાર થાય. આ પ્રમાણે ન કરવાને બદલે ઊલટું જ કરે તો મગનું શાક શી રીતે તૈયાર થાય ? એટલે જ્યાં જે વિધિની જરૂર હોય ત્યાં તે વિધિ ન કરે, ઓછી કરે કે વધારે કરે તો તેટલા પ્રમાણમાં કાર્યની સિદ્ધિમાં વાંધો આવે.

જિનમંદિરમાં પરમાત્માની પૂજા કરવા જતાં ચૈત્યવદન ભાષ્યમાં જે વિધિ કહી છે તે આ પ્રમાણે છે. **૧૦ ત્રિક.** ૩ નિસીહિ, ૩ પ્રદક્ષિણા, ૩ પ્રણામ, ૩ પૂજા, ૩ ભાવના, ૩ દિશાત્યાગ, ૩ પ્રમાર્જના, ૩ આલંબન, ૩ મુદ્રા, અને પ્રણિધાન ત્રિક.

**નિસીહિ :-** દેરાસરમાં ત્રણ નિસીહિ કહેવાની છે. નિસીહિનો સામાન્ય અર્થ છે,-નિષેધ. પ્રથમ નિસીહિ દેરાસરમાં પ્રવેશ કરતી વખતે. આ નિસીહિનો અર્થ છે, સંસાર સંબંધી સમસ્ત પાપ વ્યાપારોનો ત્યાગ. ગમે તેવા સાંસારિક કાર્યો આવી પડે તો ય તે અંગેની કોઈ વિચારણા પ્રથમ નિસીહિ કહીને દેરાસરમાં પ્રવેશ કર્યા પછી ન કરાય.

માંડવગઢના મહામંત્રી પેથડશા પરમાત્માની પૂજા કરતા હતા. તે વખતે રાજાનો સંદેશવાહક રાજાની આજ્ઞા લઈને આવ્યો કે પેથડશા તાત્કાલિક હાજર થાય. પરંતુ દેરાસરની બહાર રહેલા માણસે રાજાના સંદેશવાહકને કહી દીધું કે પેથડશાને હમણાં નહિ મળી શકાય. ‘પૂજા પૂરી થયા પછી જ મળી શકાશે.’ પણ આ તો રાજાની આજ્ઞા છે ! ‘ભલે ને ગમે તેની હોય ! મંત્રીશ્વર નહિ મળે.’

ખુદ રાજા પોતે આવ્યો. મંદિરમાં ગયો. પેથડશા તલ્લીનતાથી પુષ્પપૂજા કરી રહેલા. પેથડશાની પાછળ બેઠેલો માણસ પુષ્પો આપતો જતો હતો. પેથડશા તે ચડાવતા જતા હતા. તે માણસને ચૂપચાપ ઊઠાડી રાજા પોતે બેસી ગયો. ને ફૂલ આપવા જાય છે, પણ ભળતું ફૂલ આપવા જતાં પેથડશાએ પાછું જોયું. રાજાને



જોયો. આશ્ચર્ય થયું. રાજા બહાર નીકળી ગયો. પેથડશાની આવી એકાગ્રતાવાળી પૂજા જોઈને ખુશ થઈ ગયો. માંડવગઢનો મહામંત્રી હોવા છતાં જિનપૂજામાં કેવી તલ્લીનતા ! આ વિચારે રાજાનું મસ્તક અહોભાવથી ઝૂકી ગયું. કહેવાનું તાત્પર્ય એ છે કે ગમે તેવા સંસારના કાર્યો આવે તો ય તેની વિચારણા દેરાસરમાં નિસીહિ કહીને પ્રવેશ કર્યા પછી ન થાય.

બીજી નિસીહિ ગભારામાં પૂજાર્થે પ્રવેશ્યા પછી કહેવી. પહેલી નિસીહિ કહ્યા પછી દેરાસર સંબંધી કોઈ સૂચના કરવી હોય અથવા આપણે જાતે કાંઈ સુધારા વધારા કરવા હોય તો કરી શકીએ છીએ. દા.ત. પાટલા કે કેસરની વાટકીઓ ગમે ત્યાં પડ્યા હોય તો તેને યોગ્ય સ્થાને મુકી શકાય. કાજો કાઢવાની જરૂર હોય તો તે ય કાઢી શકાય. ટુંકમાં દેરાસર કે દેરાસરના ઉપકરણો વગેરે સંબંધી જે કાંઈ કરવું હોય તો તે કરી શકાય. પરંતુ બીજી નિસીહિ કહ્યા પછી દેરાસર સંબંધી સમસ્ત વ્યાપારનો ત્યાગ થઇ જાય છે.

ત્રીજી નિસીહિ ચૈત્યવંદનની શરૂઆત કરતાં પહેલા અર્થાત્ ભાવપૂજામાં પ્રવેશ કરતા પહેલાં કહેવાની છે; આ નિસીહિનો અર્થ છે દ્રવ્ય પૂજા સંબંધી વ્યાપારનો ત્યાગ. એટલે ચૈત્યવંદન શરૂ કર્યા પછી પૂર્વે આપણે જે જિનબિંબ પર સુંદર અંગરચના કરી હોય તે અંગરચના કોઈ ભાગ્યશાળીથી પૂજા કરતાં બગડતી હોય તો ય આપણે તેનો વિચાર નહિ કરવાનો. એજ રીતે સાથિયો વગેરે જે પાટલા પર કર્યો હોય તે પાટલો ય કોઈ ઉઠાવી લે તો લેશ પણ મન ન બગાડવું. કારણ આપણને જે લાભ મળવાનો હતો તે તો મળી જ ગયો છે.

**પ્રદક્ષિણા :-** પ્રથમ નિસીહિ કહી ગભારા પાસે આવી પરમાત્મા આપણી જમણી બાજુ રહે તે રીતે ત્રણ પ્રદક્ષિણા દેવાની છે.

રત્નત્રયી અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ માટે સમવસરણની કલ્પના કરીને ત્રણ પ્રદક્ષિણા દેવી. જેમ ઈયળ જેવી પણ ભમરીના સતત ગુંજારવ સાથેના ભ્રમણના કારણે ભ્રમરી બની જાય છે તેમ પરમાત્માના ગુણોનું ગુંજન સાથે પ્રદક્ષિણા દેતા આપણો આત્મા ખુદ પરમાત્મા બની જાય છે.

ચાતુર્માસના ટાઈમમાં ભમતીમાં જો લીલ ફુગ અર્થાત્ નિગોદ થઇ ગઇ હોય અથવા તો કોઈ જગ્યાએ ભમતી હોય જ નહિ તો મસ્તક નમાવી હાથવતી પણ ભાવથી પ્રદક્ષિણા દેવાનો નિયમ જાળવી રાખવો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## ૮૧ પરમાત્મ ભક્તિનાં રહસ્ય-૫

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

**''મંદિરની સંભાળ રાખવી એ પ્રભુની ખરેખર પૂજા છે, ભક્તિ-વિનય છે.''**

અરિહંત પરમાત્માની મૂર્તિની ભક્તિ એ પરમાત્માનીજ ભક્તિ છે. કેમકે એ મૂર્તિમાં પરમાત્માના પાંચે કલ્યાણકોનો વિધિસર સંસ્કાર નાંખેલો છે. મૂર્તિમાં વિધિસર દેવત્વ સ્થાપિત થયા પછી એને ભગવાન ન માનતા ભગવાનની માત્ર મૂર્તિ જ માને તો મિથ્યાત્વ લાગે. મહાવીર પ્રભુની મૂર્તિ એટલે ખુદ 'મહાવીર સ્વામી' એમ માને વર્તે તો જ સમ્યક્ત્વ રહે.

ભગવાનની ભક્તિ કરવા જવા માટે મંદિરમાં ૧૦ ત્રિક બરાબર સાચવવા જોઈએ. એમાં નિસીહિ-નિસીહિ-ત્રિકનો વિચાર પૂર્વે થઇ ગયો છે. છતાં અહિ એ દરેક નિસીહિના રહસ્ય જોઈએ.

(૧) પહેલી નિસીહિનું રહસ્ય આ છે કે મંદિરમાં પહેલી નિસીહિથી માત્ર સંસારની જંજાળનો ત્યાગ, એટલું જ બસ નથી, પરંતુ તે ઉપરાંત મંદિરની યથાશક્તિ સંભાળ કરવાનો ભાર છે; કેમકે બીજી નિસીહિ વખતે મંદિર-વ્યાપારનો ત્યાગ કરવામાં આવે છે. એ મંદિર વ્યાપાર અર્થાત્ મંદિરની ચિંતા કરવાનો ભાર ન હોય તો એનો પછીથી ત્યાગ શો કરવાનો ?

આજે આ ભાર માથે નથી રખાતો એ દેખાય છે, કે મંદિરમાં વચ્ચે પાટલો હશે તો ૧૦ જણ ત્યાં થઈને જશે પણ કોઈ પાટલો ઊંચકીને બાજુએ નહિ મૂકી દે.

મંદિરની સંભાળ કરવી એ ભગવાનની ખરેખરી પૂજા છે, ભક્તિ છે, વિનય છે.

આ સંભાળનું મહત્ત્વ જુઓ, એક મોટા શેઠને સારો પ્રાઈવેટ સેક્રેટરી જોઈતો હતો. અમુક યોગ્યતાઓ સાથે ઉમેદરવારની જાહેરાત આપી. અરજીઓમાંથી પાંચ ચૂંટી મુલાકાત માટે બોલાવ્યા. શેઠે પારખા માટે પોતાની કેબીનમાં કાગળિયાં ફાડી વેરેલાં, પાંચ જણ આવ્યા, એમના પ્રમાણ-પત્રો શેઠે માગ્યા, લઈને કહે છે,- 'જરા બેસો પ્રમાણપત્રો જોઇ લઉં.' એમાંથી એક ઊઠીને ઝાડું લઈ કાગળના ટુકડા વગેરે સાફ કરી નાખે છે. શેઠ પૂછે ''કેમ ? પેલો કહે 'આપ મોટા શેઠ આગળ આ બધું



ભદ્દુ લાગે છે, તેથી સાફસુફી કરી' એને પી.એસ. તરીકે રાખી લીધો.

એમ ભગવાનને ભજવા છે, ને ભગવાનના દરબારની સુઘડતાની ચિંતા નથી કરવી, એ ભક્તિભાવની ખામી સૂચવે છે.

(૨) બીજી નિસીહિનું રહસ્ય :-

દ્રવ્ય પૂજામાં પેસતા પહેલાં, બીજી નિસીહિ મંદિર-ચિંતાના ત્યાગ માટે છે કે જેથી અષ્ટપ્રકારી પૂજા જે પ્રભુ સાથેના મિલન માટે છે, એ મિલન, પૂજામાં અખંડ તન્મયતા હોય તો જ, સળંગ બન્યુ રહે. એના બદલે વચમાં જો મંદિરની કોઈ ચિંતા વચમાં ટપકી પડે તો પૂજાના ભાવ અખંડ ન ચાલે, પ્રભુ સાથે સંગીન નક્કી મિલન ન થાય, વીતરાગ પ્રભુની નિકટ ન અવાય.

સારાંશ, દ્રવ્ય-પૂજાના બધા પ્રકારોમાં પ્રભુનું મિલન સાધવાનું છે. મંદિરમાં કેટલાક કારભારી કે કારભારી જેવા પ્રક્ષાલ તિલક વગેરે પૂજા કરતા જાય છે; ને વચમાં વચમાં મંદિરની ચિંતામાં પૂજારીને ઠપકારતા જાય છે. એમની દશા ચમચા જેવી થાય છે. ચમચો દાળમાં પડે, શાકમાં પડે, ભાતમાં પડે, પણ એકેયને એને સ્વાદ ન મળે. એમ પૂજાની વચમાં વચમાં મંદિરની ચિંતા કરનારા પૂજાનો સ્વાદ ન પામી શકે. તો પછી બીજી બહારની ચિંતા કરનારા તો પામેજ ક્યાંથી ?

(૩) ત્રીજી નિસીહિનું રહસ્ય :-

ત્રીજી નિસીહિ ભાવ પૂજામાં બેસતા પહેલાં કહેવાની, તે દ્રવ્ય પૂજાની ચિંતાના ત્યાગ અર્થે, જેથી ભાવ પૂજા ચૈત્યવંદનમાં અંતરના શુભ અધ્યવસાય અખંડ ચાલી શકે. જો મારા ફુલ ચડાવેલા કેમ ફેરવ્યા ? મારો સાથિયો કેમ ભાગ્યો ? વગેરે દ્રવ્ય પૂજાની ચિંતા ઘાલે તો ત્રણ ભાવ પૂજા (૧) પ્રભુના ગુણગાન. (૨) સ્વદોષ નિવેદન. (૩) ભવનિર્વેદ વગેરેની પ્રાર્થના એના અખંડ શુભ અધ્યવસાય ન ચાલે.

ચૈત્યવંદનાનું એટલું ઊંચુ ફળ બતાવ્યું કે,-

**''ગગનતણું જિમ નહિ માનં તિમ અનંતગુણ જિનગુણ ગાનં''** માટે એ શરૂ કરતાં વિચારે 'અહો મને કલ્પવૃક્ષ અને ચિંતામણીની ઉપમાને ય હલકી પાડી નાખે એવું ભગવંતના ચરણે ચૈત્યવંદના કરવાનું મળ્યું ! મારા ભાગ્યની અવાધિ નથી ! એમ કરીને આંખે હર્ષના આસું ઊભરાય, ને શરીરે રોમાંચ ખડા થઇ જાય ! આવા અનંત લાભની ભાવ પૂજામાં બીજી કોઈ ચિંતાની દખલ ન ચાલે.

**૩. પ્રદક્ષિણા :-**

(૧) અરિહંત પ્રભુને સ્તુતિ નિવેદન વિનયપૂર્વક જ થાય, એમાં પહેલા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

વિનય ૩ પ્રદક્ષિણા, કેમકે પ્રભુને મનમાં લેવા માટે મનમાંથી બહારનો ઘુમરાહ હટાવવો જોઈએ. પ્રભુને પ્રદક્ષિણાથી મનમા પ્રભુનો ઘુમરાહ ઊભો કરવાથી એ હીટ જાય. (૨) પ્રભુને ફેરા દેવાથી ભવના ફેરા ટળે; કેમકે વીતરાગની સ્તુતિ બોલતાં બોલતાં, અથવા 'નમો જિણાણં નમો જિણાણં' કે 'વીતરાગને વંદના, વીતરાગને વંદના' એમ બોલતા બોલતા પ્રદક્ષિણા દેવામાં મનમાં વીતરાગના આકર્ષણ, અભિલાષાના સંસ્કાર ઊભા થાય છે, જે આગળ પર મોક્ષ કારણોને ઊભા કરી સધાવી મોક્ષ અપાવે છે. ભવના ફેરા ટાળે છે. (૩) પ્રદક્ષિણા પ્રભુની જમણી બાજુથી એટલા માટે કે સારી વસ્તુ પોતાની જમણી બાજુએ રખાય.

(૪) ત્રણ પ્રદક્ષિણાથી ત્રણ મોક્ષ-સાધન મળે, દર્શન-જ્ઞાન-ચારિત્ર. (૫) પ્રદક્ષિણામાં સમવસરણની ભાવના કરવાની, અર્થાત્ ચારે બાજુ ભગવાન છે, એમ કલ્પીને ચારે બાજુ નમસ્કાર કરતા ચાલવાનું સમવસરણ પ્રદક્ષિણાનો લાભ મળે.

(૬) પ્રદક્ષિણા મંગળ છે. મુનિઓને વિહાર સમવસરણને પ્રદક્ષિણા દેવા પૂર્વક કરવાનો કહ્યો છે.

**૩ પ્રણામ :-**

(૧) અંજલિબદ્ધ પ્રણામ એટલે કે યોગમુદ્રાથી જોડેલા હાથ લલાટ આગળ રહે, અને માથું નમાવી 'નમો જિણાણં' બોલવું. મંદિરની બહાર કે અંદર જ્યાં પહેલ વહેલા પ્રભુ દેખાય ત્યાં આ પ્રણામ કરવાનો.

(૨) અર્ધાવનત પ્રણામ એટલે કેડથી નમીને અંજલિબદ્ધ પ્રણામ. તે ગભારા પાસે સ્તુતિ કરતા પહેલા પ્રણામ, અડધા નમવાનું એટલા માટે કે સ્તુતિથી પ્રભુને નિવેદન કરવું છે; તો મોટા પુરુષ (દેવ-ગુરુ)ને નિવેદન અડધા નમીને પ્રણામ કરવા પૂર્વક જ થાય.

(૩) પચાંગ પ્રણિપાત; બે ઢીંચણ, વચ્ચે બે-હાથ, તથા માથું એમ પાંચ અંગ ભૂમિને અડાડી 'મત્થએણ વંદામિ' બોલવું. ઢીંચણથી આગળ હાથ રાખો તો માથું હાથ પર આવશે. ભૂમિને નહિ અડે. ઈતરોમાં સાષ્ટાંગ દંડવત્ છે, પરંતુ એમાં જીવ-જયણા નથી સચવાતી. પચાંગ પ્રણિપાતમાં ખેસના છેડાથી ભૂમિ વગેરે પૂંજીને પ્રણિપાત કરતા જીવ-જયણા થાય.

જૈનશાસ્ત્રની બલિહારી છે ! એના એકેક વિધાન વિધિની સૂક્ષ્મતા જીવદયા, ઉચ્ચ આશય વગેરેથી ભરેલા છે.





## (૮૨) પરમાત્મ ભક્તિના રહસ્ય-૬

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ મોક્ષાર્થી જીવ માટે અલૌકિક સાધના છે. એ ભક્તિ કરવા માટે શ્રી જિનમંદિરમાં આરાધવાના ૧૦ ત્રિકનો વિચાર કરીએ છીએ. એમાં ૩ નિસીહિ, ૩ પ્રદક્ષિણા, અને ૩ પ્રણામનો વિચાર કર્યો છે. હવે ૩ પ્રકારની પૂજાનો વિચાર કરીએ.

વીતરાગ પરમાત્માની પૂજા એ વીતરાગ ભગવાનમાં આપણા આત્માનો લય કરી દેવા સુધીની ભક્તિનો પાયો છે. માટે પૂજા વિસ્તારથી અને સારી રીતે કરવાની છે. એ વિસ્તારનો વિચાર કરતાં પહેલા પૂજાથી લય સુધી પહોંચવા માટેનો ક્રમ જોઈએ. આ અંગે કહ્યું છે,-

"પૂજા કોટિ સમં સ્તોત્રં, સ્તોત્ર કોટિ સમો જપઃ
જપ કોટિ સમં ધ્યાન, ધ્યાન કોટિ સમો લય."

ઉત્તરોત્તર એકેકનો વધુ પ્રભાવ શાથી ?

ક્રમ આ છે,- (૧) પૂજા, (૨) સ્તોત્ર, (૩) જપ, (૪) ધ્યાન, અને (૫) લય. એ ઉત્તરોત્તર પ્રકારનો કેવો ચડિયાતો પ્રભાવ છે કે કરોડ પૂજા જેટલું ફળ એક સ્તોત્ર-ભક્તિનું છે, કરોડ સ્તોત્ર જેટલું ફળ જાપ-ભક્તિનું છે, કરોડ જાપ એટલું ફળ ધ્યાન-ભક્તિનું છે; કરોડ ધ્યાન જેટલું ફળ લય-ભક્તિનું છે. અથવા કહો. પૂજા કરતાં કરોડ ગુણી ઊંચી સ્તોત્ર-ભક્તિ છે, સ્તોત્ર-ભક્તિ કરતાં કરોડ ગુણી ઊંચી જાપ-ભક્તિ છે, જાપ કરતાં કરોડ ગણું ઊંચુ ધ્યાન છે. ને ધ્યાન કરતાં કરોડ ગુણી ઊંચી લય-અવસ્થા છે.

(૧) પહેલું પરમાત્માની પૂજા-પ્રવૃત્તિનો પ્રભાવ દુન્યવી કરોડોની પણ કમાણી કરાવનારા વેપારની પ્રવૃત્તિ કે દેવતાઈ સુખ વિલાસની પ્રવૃત્તિ કરતા કેટલા ગુણો ઊંચો છે એ કહેવું મુશ્કેલ છે; કેમકે પ્રભુની પૂજા શુભ અધ્યવસાય, સમાધિ, પાપ-ક્ષય, પુણ્યાનુબંધી પુણ્ય, અને સદ્ગતિના જે ફળ આપે છે, તે આપવાની તાકાત દુન્યવી વેપલા કે રંગરાગમાં એક ટકો ય નથી. એનું કારણ એક જ કે આપણી કાયા, આપણા દ્રવ્યો, અને આપણો કિંમતી માનવ સમય તથા બુદ્ધિ-શક્તિ એનો સુંદર વિનિયોગ (ઉપયોગ) અરિહંત પ્રભુમાં કરવાનું પૂજા-પ્રવૃત્તિમાં મળે છે. દુન્યવી

વેપાર અને રંગ-વિલાસમાં તો માનવ-કાયા-દ્રવ્ય-સમય-બુદ્ધિશક્તિનો અપવ્યય છે, બધાને વેડફી નાખવાનું થાય છે. કેમકે એમાંથી શુભ અધ્યવસાય વગેરેનું કશું સર્જન નથી થતું; ઊલટું અશુભ ભાવ, અસમાધિ, પાપ-વૃદ્ધિ, પુણ્ય-ક્ષય અને ભવ ભ્રમણના સર્જન થાય છે.

આ જોતા અરિહંત-ભક્તિ માટે પહેલા નંબરમાં આપણી કાયા, આપણાં કિંમતી દ્રવ્યો વગેરેને બહારમાંથી ઉઠાવી અરિહંત પ્રભુમાં જોડવા જોઈએ. એ જોડીએ એ અરિહંતની પૂજા-ભક્તિ છે.

(૨) એ પૂજા-ભક્તિ કરતાં સ્તોત્ર-ભક્તિનું કરોડ ગુણું ફળ એટલા માટે કહ્યું કે પૂજામાં માત્ર બાહ્ય-સામગ્રીને પ્રભુમાં જોડી, પરંતુ હવે સ્તોત્ર-સ્તુતિ-ચૈત્યવંદન-ભક્તિમાં આપણું દિલ અને વાણી પરમાત્માના ગુણગાનમાં જોડીએ છીએ. એમાં પૂજા કરતા વિશિષ્ટ કોટિના અધ્યવસાય જાગે છે, તેથી પૂજા કરતા આમાં કરોડ ગુણું ફળ છે.

(૩) સ્તોત્ર-ભક્તિમાં પ્રભુના અન્યાન્ય ગુણોમાં મન અને વાણી જોડ્યા પછી હવે મનને પ્રભુ નામના જપમાં જોડીએ ત્યાં મન પ્રભુમાં વધારે કેન્દ્રિત, વધુ સ્થિર થઈ વિશિષ્ટ શુભ અધ્યવસાય ઉલ્લસિત થાય છે, તેથી સ્તોત્ર કરતા જાપને કરોડ સ્તોત્ર સમાન ગણ્યો.

(૪) એના કરતાંય ધ્યાનમાં મન અરિહંતમાં, અરિહંતના કોઈ પિંડસ્થ આદિ સ્વરૂપમાં વિશેષ તન્મય થાય છે, તેથી મન અરિહંતમાં વિશેષ પ્રવેશ પામવાથી અધ્યવસાય વિશિષ્ટ કોટિના વિશુદ્ધ બને છે. માટે જાપ કરતાં ધ્યાન કોટિગણું ફળ આપે છે.

(૫) ધ્યાનથી આગળ લયઅવસ્થા છે. એ પામવા માટે ધ્યાનને સંભેદ-પ્રણિધાનમાંથી અભેદ-પ્રણિધાનમાં લઈ જવાનું રહે છે. એ એ રીતે બને કે ધ્યાનમાં આપણે ધ્યાતા તરીકે ધ્યેય-અરિહંતને નજર સામે રાખી અરિહંતને ક્ષમા-સમતા-નિર્વિકારતા-વીતરાગતા વગેરે ગુણસંપન્ન જોઈએ છીએ. એ જોવામાં એકાગ્રતા એ ધ્યાન છે, પણ અરિહંતને આપણાથી ભિન્ન તરીકે જોઈએ છીએ. માટે એ 'ભેદ-ધ્યાન' યાને 'સંભેદ-પ્રાણિધાન' છે. એ જોતા જોતાં આપણા આત્મામાં એ ગુણનું પ્રતિબિંબ ઝીલીએ; દા.ત. મહાવીર ભગવાનની સંગમ દેવતા પર ક્ષમા તેમજ નિર્વિકારતા-વીતરાગતા જાણે આપણામાં આવી એમ કલ્પીએ. પ્રભુના ગુણનું અનુભવ જ્ઞાન કરીએ, એટલે પ્રભુને આપણા આત્મામાં ઊતાર્યા એ અભેદ-પ્રણિધાન (ધ્યાન) થયું. પ્રભુને હવે ભિન્ન તરીકે સામે ન રાખતાં, આપણો આત્મા જ પ્રભુમય થઈ ગયો, એ પ્રભુમાં આપણો આત્મા લય પામી ગયો ગણાય. એ લયનું



ધ્યાન કરતાં કરોડગુણું ફળ હોય એમાં નવાઈ નથી.

આ બનાવવા અરિહંત પ્રભુનું મુખ્ય સ્વરૂપ જે વીતરાગ સર્વજ્ઞતા એનું અનુભવજ્ઞાન ખાસ કરવાનું. 'નમુત્થુણં'માં સર્વજ્ઞતા અને વીતરાગતા દર્શક 'અપ્પડિહયવર૦' અને 'વિયટ્ટ છઉમાણં' પદને સ્વરૂપ સંપદા કહી છે.

અરિહંતની આ પાંચ પ્રકારની ભક્તિમાં પહેલી પૂજા-ભક્તિ છે. એ ૫ પ્રકારી, ૮ પ્રકારી, ૧૭ પ્રકારી, ૨૧ પ્રકારી, વગેરે હોય છે. મુખ્ય અષ્ટપ્રકારી પૂજા ચાલે છે. એના નામ તો ''જલ ચંદન પુષ્પ ધૂપ દીપ, અક્ષત નૈવેદ્ય ફલ'' સાંભળ્યા હશે. આમા પહેલી જલ પૂજા એટલે અભિષેક-પૂજા છે. 'અભિષેક' એટલે ચોક્ખા થવાનું સ્નાન નહિ, કિન્તુ જેમ કોઈને રાજ્યગાદી પર બેસાડવા મંત્રીઓ નગરશેઠો વગેરે એના માથે અભિષેક કરે, એમ આપણા હૃદયસિંહાસને અત્યાર સુધી મોહરાજા બેઠો હતો. એને ઉઠાડી અરિહંતને રાજા તરીકે બેસાડવા પ્રભુના માથે અભિષેક કરવાનો છે. આ વિશિષ્ટ મહત્ત્વને લઈને જ મેરૂશિખર પર ૬૪ ઈન્દ્રો અને કરોડો દેવતાઓ પ્રભુનો અભિષેક મહોત્સવ ઊજવે છે. ને ભાવે છે કે 'પ્રભુ ! તમે અમારા હૃદયના રાજા થાઓ. અમારા પર તમારી આણ પ્રવર્તો' ઈન્દ્ર જેવા આ અભિષેક ઉજવીને રહે છે. 'પ્રભુ ! અત્યાર સુધી સ્વર્ગમાં જે આનંદ ન આવ્યો, એ આજ તમારો અભિષેક કરતા આવ્યો. ધન્ય ક્ષણ !' આ જોતા અભિષેક પૂજાનું ઊંચું મહત્ત્વ સમજી રોજ સવારે આ ભાવનાથી બધા ભગવાનનો અભિષેક કરવો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૮૦

## (૮૩) પરમાત્મ ભક્તિના રહસ્ય-૭

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

વીતરાગ પરમાત્માની ભક્તિમાં આત્મા રાગાદિ છોડી વીતરાગમાં ઓતપ્રોત થઈ જાય છે. તેથી એ ભક્તિ એને વીતરાગ બનાવે છે. એ ભક્તિ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે. ભાવથી ભક્તિ, 'વીતરાગ પ્રભુની આજ્ઞાનું પાલન છે.' એને ખેંચી લાવનાર દ્રવ્ય-ભક્તિ છે. માટે એ દ્રવ્ય-ભક્તિ ખૂબ ખૂબ કરવી જોઈએ.

કહે છે, 'ભાવ વિનાની દ્રવ્ય-ભક્તિ નકામી ! અને જો ભાવ-ભક્તિ છે તો દ્રવ્ય-ભક્તિની શી જરૂર છે ?'

આ કથન ગેરવાજબી છે, કેમકે પ્રારંભિક જીવને દ્રવ્ય-ભક્તિ કરતાં ભાવ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્રગટે છે. ભાવ વિના પણ કરેલ દ્રવ્ય-ભક્તિ એટલે કે દેવદર્શનાદિ સારી ક્રિયા કેવું કામ કરે છે તે જુઓ.

શ્રાવક શેઠનો છોકરો મોટો થયે કુમિત્રોના સંસર્ગથી જુગાર વગેરે વ્યસનોમાં પડી ગયો ! બાપે ઘણું કહેવા છતાં સુધર્યો નહિ. તેથી અંતે બાપે મરતા પહેલા ડેલીનું બારણું નીચું કરાવી દીધું, અને અંદર પેસતા જ્યાં માથું ઊંચું થઈ સામે મોભ પર દૃષ્ટિ જાય ત્યાં ભગવાનની પ્રતિમા કરાવી દીધી. બાપ મર્યા પછી છોકરાએ ઘરમાં જ જુગારનો અડ્ડો જમાવ્યો. એમાં દિવસમાં ડેલીમાં પેસતા એને વારે વારે એ મૂર્તિ દેખાઈ જાય છે. જીવનમાં પાપો કર્યા છે, તેથી મરીને એ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલો થયો. કેવું જીવન ? જીવતા માછલા ખાવાનું ! એકવાર પરમાત્મા આકારનો માછલો જોવામાં આવતાં 'આવું ક્યાંય દેખ્યું છે, ક્યાં દેખ્યું ? ક્યાં દેખ્યું ?' એમ ઊહાપોહ કરતાં પૂર્વ ભવનું જ્ઞાન થયું. ખૂબ પસ્તાવા સાથે અનશન કરી કષાયો વોસિરાવ્યા, ને નવકાર ધ્યાનમાં મરીને દેવલોકમાં અવતાર પામ્યો. ભાવ વિના પણ કરેલા દેવદર્શને એ ઊંચે આવ્યો.

પ્રભુની દ્રવ્ય-ભક્તિમાં રોજ અષ્ટપ્રકારી પૂજા કરવાની છે એમાં-

(૧) **પહેલી અભિષેક-પૂજા** વખતે ભાવ એ રાખવાનો છે કે, 'પ્રભુ ! આ હું તમારો અભિષેક કરું છું. તે તમને મારા હૃદય-સિંહાસન પર ગાદીનશીન કરું છું. મોહની આજ્ઞા ઊઠાડી તમારો રાજ્યાભિષેક કરતા ઈચ્છું છું કે, હવેથી મારે માથે મોહની આણા નહિ, પણ તમારી આણા પ્રવર્તો. રોજ ને રોજ આ ભાવના કરતા કરતાં એના સુસંસ્કાર જામે છે. એના બળે જીવને જિનાજ્ઞા શિરોધાર્ય બને છે. તેથી સમકિત પામી ગુણસ્થાનકોમાં આગળ વધે છે.

(૨) **બીજી પૂજા ચંદનપૂજા :-** એમાં સ્વચ્છ કરેલા ઓરશિયા પર પોતાના સ્વચ્છ હાથે ચંદન લસોટી તૈયાર કરવાનું હોય છે. એ જાતે તૈયાર કરવામાં 'મારા પ્રભુને આ ચંદનનું વિલેપન કરવું છે,' એટલો ભાવ પણ મનને નિર્મળ કરે છે. પછી પ્રભુને વિલેપન કરતાં એ ભાવના કરવાની છે કે "પ્રભુ ! જેમ આ ચંદનમાં શીતલતા અને સુવાસ છે, એમ મારા દિલમાં કષાયોની ગરમી મટી ઉપશમ વૈરાગ્ય ભાવની શીતલતા પ્રગટો, તેમજ પરોપકારની સુવાસ પ્રસરો."

રોજ ને રોજ ચંદન પૂજા કરતા હો તો આ ભાવના રોજ ને રોજ કરવાની મળે. એથી પહેલા નંબરમાં કષાયો અને સ્વાર્થમાયા ખરાબ લાગે, એની પ્રત્યે ઘૃણા થાય, પછી એ ઘૃણા વધતાં કષાયો અને સ્વાર્થમાયા ઓછા કરતાં આવવાનું ને વૈરાગ્ય ક્ષમાદિ તથા પરોપકાર વૃત્તિ કેળવવાનું બને, ચંદનને ગમે તેટલું ઘસો શીતલતા જ આપે. ગમે તેટલું બાળો સુવાસ જ આપે; એમ 'પ્રભુ ! મારે ગમે



તેવા દિવ્ય વૈભવો સામે આવો, પણ મારે વૈરાગ્ય જ બન્યો રહે, મને ગમે તેવા ક્રોધ-લોભાદિ કષાયના પ્રસંગ આવો મારે ક્ષમાદિ ઉપશમ ભાવ જ બન્યો રહે, તેમજ મને ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગો આવી મારી પરોપકાર વૃત્તિ જ બની રહે.' આ ભાવના ચંદન-વિલેપન-પૂજામાં કરવાની.

(૩) **ત્રીજી પુષ્પ પૂજા**માં ભાવવાનું કે "પુષ્પને ખૂણે ખૂણે સૌંદર્ય અને સુંગધ છે, એમ પ્રભુ ! મારામાં સર્વેસર્વા સુકૃતોનું જ સૌંદર્ય અને સદ્ગુણોની જ સુંગધ પ્રસરી રહો." આત્માનું ખરેખરું સૌંદર્ય રૂપરંગનું નથી પરંતુ સુકૃતો-સદાચારો-સદનુષ્ઠાનોનું છે. એનાથી જ નિર્મળ યશ મળે છે. સદ્ગતિ મળે છે. એમ સાચી સુગંધ અત્તર ઈસેન્સની નહિ, પણ સદ્ગુણોની છે. એ લોકમાં મહેક મારે છે. હૃદયમાં અશુભભાવ અટકાવી શુભભાવ જ બન્યા રાખવા એ પણ સદ્ગુણ છે. પુષ્પ પૂજા કરતાં એ માંગવાનું છે.

માનવ-હૃદયમાં સદ્ગુણો-શુભભાવોની જાહોજલાલી રાખવી એ માનવજન્મની મહાન સફળતા છે.

નાગકેતુએ પ્રભુની પુષ્પ-પૂજા કરતા આ શુભભાવ અને નિર્મળ જ્ઞાનદૃષ્ટિની જાહોજલાલી કરી, તો એ ત્યાં જ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

(૪) **ચોથી પૂજા ધૂપ-પૂજા.** એમાં એ ભાવવાનું કે 'ધૂપ જેમ દુર્ગંધ દૂર કરે છે ને એ ધૂપ ઊર્ધ્વગતિના સ્વભાવવાળો છે, એમ "પ્રભુ ! મારા આત્મામાંથી મિથ્યાત્વ કષાયો વગેરેની દુર્ગંધ દૂર થાઓ, અને ધૂપની જેમ સહજગતિ ઉર્ધ્વગતિ હો અર્થાત્ સિદ્ધશિલા પ્રાપ્ત હો. જીવની કર્મવશ ગતિ તો છએ દિશામાં હોય, પરંતુ કર્મ-બંધનો છુટી ગયે સહજગતિ લોકાંત તરફ એકમાત્ર ઊર્ધ્વગતિ હોય" એ મને મળો, આ ભાવના રોજ ને રોજ ત્રિકાળ કરતાં રહેવાથી મોક્ષની તીવ્ર અભિલાષા બની રહે. તેમ મિથ્યાત્વાદિ દુર્ગંધ તરફ ઘૃણા બની રહે.

મંદિરમાં પ્રભુ આગળ સુગંધમય વાતાવરણ બન્યું રહે એ માટે ધૂપ અગરબત્તીનો ઉપયોગ સામાન્ય સ્થિતિનો માણસ પણ કરી શકે. મનને એમ થાય "મારાથી વધુ કાંઈ બનતું નથી; તો કમમાં કમ મારા પ્રભુના મંદિરમાં અગરબત્તીથી સુગંધ સુગંધ કરતો રહું" પ્રભુની આગળ રાતના ધૂપ ન હોય પણ દ્વાર બંધ હોય તેથી બહારની દુર્ગંધ ત્યાં પેસી ન જાય એટલા માટે ગભારો બારી જાળી વિનાનો નિશ્છિદ્ર રાખવાનું વિધાન છે. ત્યારે દિવસના દ્વાર ખુલ્લા હોય માટે ધુપ ચાલુ જોઈએ. 'એ કરવાનો બને તેટલો લાભ લઉં જેથી બહારની આવેલી દુર્ગંધ દૂર થાય. આ ભાવના હોય તો વારે વારે ધૂપ કરવાનો નિયમ લેવાય. વારે વારે ધૂપ કરાય અને મન સુંદર અર્હદ્ભક્તિભાવથી પ્રફુલિત રહે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(૫) દીપક પૂજામાં પ્રભુ આગળ પોતાનો દીપક કરવાથી ભવાંતરે સમ્યગ્જ્ઞાન મળે. અંધાપો ન આવે, સૌભાગ્ય મળે. એ માટે રોજ ત્રિકાળ પોતાની ઘીની એક બત્તી પણ પ્રભુ આગળ મૂકાય ને ત્યાં ભાવના કરવાની કે ''પ્રભુ ! જેમ આ દીપક અંધકારનો નાશ કરી અજવાળું કરે છે એમ આ દીપક પૂજા કરતાં હું ચાહું છું કે મારા અજ્ઞાન અને મોહનો અંધકાર નષ્ટ થઈ મને સમ્યગ્જ્ઞાન અને સંયમનો પ્રકાશ મળો. યાવત્ કેવળજ્ઞાન મળો.''

દીપક પૂજા એ મહાન પૂજા છે. જગતમાં દીવો મંગળરૂપ ગણાય છે તેથી તો લોકો ખુશાલીના દીવા કરી દિવાળી ઊજવે છે. જિનેશ્વર ભગવાન આગળ પ્રભાતે દીવો કર્યો એટલે મહાન ઉન્નતિના પગરણ મંડાયા. આગ્રામાં આપણા ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરની અંદરમાં શીતલનાથ ભગવાનનું દેરાસર છે ત્યાં ભાગ્યવાનો આવે છે. બહાર ઓટલે માલણ બેઠી હોય છે પણ શું લઈને ? ફૂલો નહિ કિન્તુ નાની કટોરીઓમાં ઘીની બત્તીઓ લઈને બેઠી હોય. એની પાસેથી પાંચ બત્તી, દશ બત્તી લઈને પ્રભુ પાસે જઈ હારબંધ ગોઠવી પ્રગટાવીને પછી સ્તુતિમાં એવા લીન બની જાય છે કે એ વખતે મનમાં વીતરાગ જ વીતરાગ. મનમાંથી દુનિયા ડુલ, પણ પરભાર્યું ને પોણાબાર કરતા નહિ કે મંદિરના ભગવાન, મંદિરનો દીવો, ખાલી ભગવાન આગળ ધરી દીધે દીપક-પૂજા થઈ ગઈ ! એમ માનતા નહિ, ઘરનો દીવો લઈ જવાનો. 'મારે જાતે ને કુટુંબને ખાવા ખાસું ખાસું ઘી જોઈએ, ને પ્રભુ આગળ પાંચ ગ્રામની બત્તી ન જોઈએ ?' આ વિચારાય તો રોજ પ્રભાતે ઘીની બત્તી લઈ જઈ પ્રભુ આગળ પ્રગટાવી સુંદર સ્તુતિ ભાવના કરાય.

(૬) **અક્ષત પૂજા** કરતાં ભાવવાનું કે ''પ્રભુ ! આ અક્ષત વાગ્યા ઊગે નહિ, એમ મારો આત્મા સંસારમાં ફરી જન્મ જ ન લે, અક્ષય અમર બની જાય એવું માગું છું.'' પૂછો :-

પ્ર.- શું પ્રભુ આગળ અક્ષત ધરવાથી અક્ષય બની જવાય ?

ઉ.- આમાં ભાવના કામ કરે છે, અક્ષત પૂજા કરતાં કરતાં મનમાં અજન્મા બનવાની ભાવના થાય, એ મોક્ષનો પાયો છે, પછી એના પર બીજી સાધના મળ્યે એ જરૂર સફળ થાય. મોક્ષ અવશ્ય નીપજાવે. કોઈ પણ કાર્યના કારણને બીજી સામગ્રી મળે એટલે એ કાર્ય નીપજે છે.

(૭) **નૈવેદ્ય પૂજા**માં એ ભાવવાનું કે 'પ્રભુ તમારી આગળ આ નૈવેદ્યનો ત્યાગ કરતાં મને બધા મીઠા રસો પર નિર્વેદ-અભાવ થઈ જાઓ, એની આસક્તિ મટી જાઓ, અને છેવટે અનાહારી પદ મળો.' આ ભાવનાનો પ્રભાવ છે કે રોજ



ને રોજ ભાવતાં મનને સચોટ લાગી જાય છે કે 'મને ગમતા ખાટા-મીઠા રસો હંમેશ માટે ત્યાગ જ કરવા જેવા છે.'

(૮) **ફળપૂજા**માં ભાવવાનું કે 'પ્રભુ ! ફળ જેમ બીજની અંતિમ પક્વ અવસ્થા છે, એની ઉપર હવે કોઈ પક્વ અવસ્થા નથી; એમ મારા આત્મામાં પણ વીતરાગ દશા એ અંતિમ પક્વ અવસ્થા છે. મને એ પ્રાપ્ત થાઓ.' જેથી પછી એ ક્ષાયિક ભાવની હોવાથી કદી જવાની નથી. વીતરાગદશા આત્માની સાથે એકમેકપણે શાશ્વત કાળ માટે જડાઈ ગઈ, વીતરાગ પ્રભુ ભજવા મળ્યા પછી ફળ માગવામાં શું કામ બાકી રાખીએ ? પ્રભુ વીતરાગ છે, માટે તો એમને આપણે ભજીએ છીએ. તો એનો અર્થ એ કે આપણને વીતરાગતા ગમે છે, પછી આપણી જાત પણ હવે સરાગી બની રહે એ શું કામ ઇચ્છીએ ? માટે ફળ પૂજા કરી કવિ કહે છે, 'માંગો શિવફળ ત્યાગ' અહીં ત્યાગનો અર્થ દાન અર્થાત્ પ્રભુ આગળ ફળપૂજા કરી પ્રભુ પાસે શિવફળનું દાન માગો, કે 'હે પ્રભુ ! મને મોક્ષફળનું દાન કર.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૮૦

## (૮૪) પરમાત્મ ભક્તિના રહસ્ય-૮

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

## નવાંગી તિલકનાં રહસ્ય

વીતરાગ પરમાત્માની ભક્તિ બે પ્રકારે, દ્રવ્યભક્તિ અને ભાવભક્તિ, એમાં દ્રવ્યભક્તિ માટે મંદિરમાં ૧૦ ત્રિકની વિચારણા ચાલી, અને નિસીહિ-પ્રદક્ષિણા-પ્રણામત્રિક વિચાર્યા પછી પૂજાત્રિકના અંગપૂજા-અંગપૂજા વાળી અષ્ટ પ્રકારી પૂજાનાં રહસ્ય જોયાં. હવે ચંદન પૂજાની અંતર્ગત નવાંગી તિલક-પૂજાના રહસ્ય વિચારીએ. અહીં પહેલો સવાલ એ છે,

પ્ર.- ભગવાનના અંગોની પૂજા જ શા માટે ?

ઉ.- ભગવાનના નવ અંગો એવા છે કે એ એકેક અંગમાં અરિહંત ભગવાનની આગવી વિશેષતાઓ સમાયેલી છે. જે જગતના કોઈ ફિરસ્તામાં ન મળે. ભગવાનની એ વિશિષ્ટતાઓ વિચારીએ ત્યારે શરીર રોમાંચ વિકસ્વર થઈ આપણું હૃદય ભગવાન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્રત્યેના અનેરા ગૌરવથી અને ગદ્‌ગદતાથી ભર્યું ભર્યું થઇ જાય છે. આપણને એમ થાય કે "અહો ! અન્યત્ર અલભ્ય એવી આ અનુપમ વિશેષતાઓવાળા ભગવાન મને મળ્યા ! કેવું મારું પરમ સૌભાગ્ય !"

(૧) પહેલું અંગ **ચરણ-અંગૂઠો :-**

ચરણની વિશેષતા :-

દા.ત. તિલકનું પહેલું અંગ ભગવાનનો ચરણ-અંગૂઠો, અંગૂઠે પૂજા, એ પ્રભુના ચરણની પૂજા છે, અને પ્રભુના ચરણની વિશેષતા આ રીતે અદ્‌ભુત અલૌકિક છે, દા.ત. આ અવસર્પિણીમાં પહેલ-પહેલાં ધર્મ પ્રવર્તાવનાર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી ત્યારે ૧ લાખ પૂર્વનું આયુષ્ય બાકી છે, એમાં માત્ર ૧૦૦૦ વર્ષ ચારિત્ર પાળ્યા પછી કેવળજ્ઞાન પામ્યા, વીતરાગ સર્વજ્ઞ બન્યા. એટલે સાધના પૂરી થઈ. હવે જીવન-સિદ્ધ બન્યા તેથી હવે સાધના કશી કરવાની રહી નહિ, હવે બાકીનું આયુષ્ય પૂર્ણ થયે મોક્ષ થશે. તો પ્રભુ કેમ ભરતના ઘરે જઇને ન બેઠા ? તે એમ કહીને કે લે ભરત ! મારે કામ પૂરું થયું છે. હવે શેષ આયુષ્ય અહીં પૂરું કરીશ. એમ ન કરતા પ્રભુ લગભગ ૧ લાખ પૂર્વ વર્ષ સુધી પૃથ્વીતલ પર વિચર્યા ! દેવતાના સમવસરણ ઉપર બેસી પ્રભુ દેશના આપતા હતા. પરંતુ દેવતાની પાલખીમાં બેસી પૃથ્વી પર વિચરતા નહોતા ! એક પૂર્વમાં ૭૦,૫૬૦ અબજ વર્ષ જાય ! એવા ૧ લાખ પૂર્વ પ્રભુ પગે ચાલીને પૃથ્વી ઉપર વિચરતા રહ્યા ! શા માટે ? આપણા જેવા મોંહાધોને દેખતા કરવા.

'પ્રભુના જે ચરણોએ હજારો લાખ અબજો વર્ષ ચાલવાનું કષ્ટ ઉપાડી આપણા પર અનન્ય ઉપકાર કર્યા, એ ચરણોની કેટલી મહાન વિશેષતા ? આ વિચારીએ તો હૈયું ગદ્‌ગદ થઇ ચરણો પર એવું ઓવારી જાય કે જાણે ચોવીસે ય કલાક વળગી રહી ચરણોની પૂજા-ભક્તિ કરીએ. પ્રભુના અંગૂઠે તિલક પ્રભુના આ અનન્ય ગુણની પૂજા રૂપ છે.

અથવા, પ્રભુના ચરણે આપણા હાથનો સ્પર્શ એ વિનય છે, તે વિનય એ ધર્મનું મૂળ છે, માટે પહેલું તિલક પ્રભુના ચરણઅંગૂઠે કરવાનું.

અથવા કોઈ પણ વસ્તુના છેડામાંથી એનો પાવર વહે છે, એ હિસાબે પરમાત્માનો પાવર આપણામાં વહેતો કરવા પ્રભુના ચરણ-અંગૂઠે આપણી આંગળીના છેડાથી સ્પર્શી તિલક કરીએ.

(૨) બીજુ અંગ **જાનુ અર્થાત્ ઢીંચણ** એની આ વિશેષતા છે કે એના બળે ભગવાન ચારિત્ર-દિવસથી માંડીને કેવળજ્ઞાન-દિવસ સુધી જમીન ઉપર પલાંઠી માંડીને બેઠા નથી ! પછી સુવાની વાતે ય કયાં ? દિવસે શું કે રાતે, જાનુબળે



ખડાખડા કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહ્યા ! બહુ થાકે તો ઉભડક પગે બેઠા, તે પણ બહુ અલ્પ સમય પાછા ખડા કાઉસ્સગ્ગમાં ! ઋષભદેવ ભગવાને આવા ૧૦૦૦ વર્ષ પસાર કર્યા ! ત્યારે એ જાનુનું પરાક્રમ કેવું ? કેટલી બધી કલ્પનામાં ન આવે એવી કઠોર સાધના ? આ વિચારીએ તો મનને એમ થાય કે ચોવીસે કલાક પ્રભુના આ જાનુની પૂજા કર્યા કરીએ !

પ્રભુની આ રીતની કાયોત્સર્ગ-સાધના સૂચવે છે કે સાધના કરવી હોય એણે બરાબર વિધિસર સાધના કરવી જોઈએ, એક ખમાસમણ પણ ઊભા ઊભા હાથ જોડી 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિયાએ' બોલ્યા પછી ૧૪ સંડાસા પૂંજવા પૂર્વક નીચે પાંચ અંગ અડાડી 'મત્થએણ વંદામિ' બોલી પાછળ ૩ સંડાસા પૂંજી પગ ચપટ મૂકાય, એ ૧૭ સંડાસાની વિધિથી ખમાસમણું દેવું જોઈએ. આ હિસાબે પ્રતિક્રમણમાં કેટકેટલી વિધિ સચવાય ત્યારે પ્રતિક્રમણની વિધિસરની સાધના થઈ ગણાય ! ખપી શ્રાવક અને સાધુ વિધિપૂર્વકની સાધના કરનારા હોય છે.

દિલ્હીમાં મહણસિંહ સુખી શ્રાવકની ધર્મ ચુસ્તતા પરખવા બાદશાહે એનો કૃત્રિમ ગુનો ઊભો કરી એને એક મહિનો જેલમાં ઘાલ્યો. જેલમાં ઘાલી પગ હેડ (બેડી)માં નાખ્યો. મહણસિંહે ઉભયકાળ પ્રતિક્રમણ સાધના ત્યાં પણ ન ચૂકે. તે પણ બેઠા બેઠા પ્રતિક્રમણ કરી શકત; પરંતુ નહિ, પ્રતિક્રમણની સાધના વિધિસર કરવા માટે જેલરને રોજના ૨-૨ ટાંક સોનું અપાવી હેડ બે ઘડી માટે છોડાવી નખાવતો, ને વિધિસર પ્રતિક્રમણ કરી પોતાની સાધના અખંડ રાખી.

પ્રભુના જાનું ઉપર તિલક કરતા પ્રભુની કઠોર સાધનાની અનુમોદના કરી માગવાનું કે પ્રભુ ! અમને આવું બળ આપો.

(૩) ત્રીજુ તિલક-**અંગ કાંડું**, એની વિશેષતા એ કે બાર મહિના સુધી રોજ સવાર પડી ને આ હાથે ૧-૧ કરોડ ૮-૮ લાખ સોનૈયા જેટલું દાન દીધું. ને ઉદ્‌ઘોષણા કરી કરીને કે 'આવો ઈચ્છિત માંગો !' ચારિત્ર એ શીલ ધર્મ છે, એની પહેલા પ્રભુએ આ વરસીદાન ધર્મ સાધ્યો. દુનિયામાં કોઈ ફિરસતો નહિ જેણે આવું દાન દીધું હોય !

'ઈચ્છિત માગો ને હું આપું' એવા પ્રભુના દાનનો વારસો આભડ મંત્રીએ જીવનમાં ઉતાર્યો. મહારાજ કુમારપાળના આદેશથી બંડખોર જુલ્મી રાજાને જીતી લઇ એનો ખજાનો લાવી કુમારપાળને આપ્યો. રાજાએ એને લાખોનું ઇનામ આપ્યું. તે લઇને બહાર નીકળતાં યાચકો માગતા ચાલ્યા ને આભડ દેતા ચાલ્યા ! ઘેર પહોંચતા સુધીમાં ચાંદી-સોનું-હીરા-માણેક, હાથી-ઘોડા બધું જ દાનમાં દઇ દીધું !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

રાજા પૂછે છે, 'તુ દાનેશ્વરીમાં મારા કરતાં ચડી ગયો ?' કેમ ન ચડું ? તમે તો એક જાગીરદાર ઠાકોર ત્રિભુવનપાલના દીકરા, ને હું ૧૮ દેશના સમ્રાટ રાજા કુમારપાળનો દીકરો ! તે ચડી જ જાઉં ને ? રાજા હસી પડયા.

પ્રભુના કાંડે તિલક કરતાં 'ધન્ય આવા દાનેશ્વરી હાથ' એમ અનુમોદના કરી દાન-શક્તિ માગવાની.

(૪) ચોથું અંગ **બે ખભા**, ખભાએ વળી કમાલ કરી ! અનાદિકાળનું અભિમાન ફગાવી દીધું ! પ્રભુ પોતે અનંત શક્તિના માલિક છતાં ઉપદ્રવ કરનાર હાલી-મવાલી સામે ય અભિમાનથી ખભા ઊંચા ન કર્યા કે 'હં, ઓળખે છે મને ? આમ આવ ઓળખાવું.' પરંતુ તપ-સાધનાથી અભિમાન વગેરે આંતરશત્રુને ખત્મ કરવા નીકળ્યા છે તો શત્રુ સામે એ અભિમાનાદિનો જરાય ઉપયોગ નહિ કરવાનો, અલૌકિક શક્તિ છતાં જે ખભાએ નબળા-દુબળા પર પણ અભિમાન ન રાખ્યું. એ ખભા પર ઓવારી જઈ ખભે તિલક કરવાનું ને માગવાનું 'પ્રભુ ! મને આ નમ્રતા-લઘુતા નિરહંકારિતા આપો.'

(૫) **મસ્તકે તિલક** એટલા માટે કે પ્રભુએ પરીસહ ઉપસર્ગો વેઠી તો લીધા પરંતુ 'આ બહુ કષ્ટ !' એટલો પણ મનમાં વિચાર ન આવવા દેતાં પ્રભુએ મસ્તકમાં 'પરમ બ્રહ્મ' શુદ્ધ આત્માની જ વિચારણા રાખી. આ સહેલું નથી હોં. ઋષભદેવ પ્રભુ રોજ ગોચરીએ જાય, ભિક્ષા મળ્યા વિના પાછા ફરે આવું લગભગ ૪૦૦ દિવસ સુધી  ને એમાં એક દિવસ પણ અવધિજ્ઞાનથી જોયું નહિ કે 'ક્યારે ભિક્ષા મળશે !' અરે ! ખાલી પાછા ફરતાં એટલું ય મનમાં ન લાવ્યા કે 'આજે ય ભિક્ષા ન મળી !' હાય ! દીક્ષા લેતા પહેલા મેં લોકોને કેમ સુપાત્રદાન-વિધિ ન શીખવી ? હવે ભિક્ષા, ક્યારે મળશે ? આ કશું વિચાર્યું નહિ, પ્રભુ મસ્તકમાં પરમ બ્રહ્મનું જ ધ્યાન ધરતા રહ્યા 'ધન્ય મસ્તક !' એમ એના પર ઓવારી જઈ ત્યાં તિલક કરતાં પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન માંગવાનું.

અથવા 'હે પ્રભુ ! આપ લોકના અગ્રભાગે સિદ્ધશિલા પર જઈ વસ્યા તો આપના શરીરને અગ્રભાગ મસ્તકે પૂજા કરતાં હું એ જ સિદ્ધશિલા પર વાસ માંગુ છું.'

(૬) **છઠ્ઠે અંગ લલાટ,** એની વિશેષતા એ છે કે પ્રભુને ચરણે ત્રણે ભુવનના ઈન્દ્રો સુધી ભવ્યાત્માઓના લલાટ નમે છે. પ્રભુ એમના લલાટ-સ્થાને રહ્યા. વળી ઘોર આપત્તિઓમાં પણ પ્રભુનું લલાટ દીનતાથી નમ્યું નહિ. 'ધન્ય પ્રભુનું લલાટ !' એમ એના પર ઓવારી જઈ લલાટે તિલક કરી માગવાનું 'પ્રભુ ! તમે મારા પણ લલાટ-સ્થાને રહો.' લલાટમાં અર્હંનું ધ્યાન રહો.



અથવા વ્યવહારમાં લલાટ એ ભાગ્યનું સ્થાન કહેવાય છે, કહે છે ને કે 'લલાટમાં લખ્યું જ પામીએ ?' ત્યારે આ હિસાબે પ્રભુના લલાટમાં પ્રભુનું ભાગ્ય, એટલે કે ઉત્કૃષ્ટ પુણ્ય 'તીર્થંકરનામકર્મનું પુણ્ય' અને આનુષંગિક બીજા ઉત્કૃષ્ટ 'યશ સૌભાગ્યાદિનામકર્મના પુણ્ય' લખાયેલા પડ્યા છે. જે પુણ્યોની ઝલક તીર્થંકર ભગવાનના જીવનકાળમાં અદ્ભુત દેખાય છે ! પ્રભુના આવા લલાટનો જોટો ય ક્યાં મળે ? એવા અનંત ઉપકારી લલાટ પર ઓવારી જઈ એને જાણે જીવનભર પૂજ્યા કરીએ ! એ ઉમળકાથી પ્રભુના લલાટે તિલક કરવાનું અને કૃતજ્ઞતા અનુભવવાની.

લલાટની વળી બીજી વિશેષતા એ છે કે પ્રભુ પોતે ત્રૈલોકય-લક્ષ્મીના તિલક સ્થાને છે. **'વીરો તિલોયસિરિ-તિલઓ'** આ ઉપદેશમાળા શાસ્ત્રનું વચન છે અને પ્રભુનું લલાટ એનું સૂચક છે. એવા સૂચક લલાટને અનન્ય માની એના પર ઓવારી જઈએ ને લલાટે તિલક કરીએ.

(૭) **સાતમું અંગ કંઠ,** પ્રભુના કંઠે તો કમાલ કરી ! કેવળજ્ઞાનથી માંડી નિર્વાણ-અનશન સુધી પ્રભુના કંઠે અમૃતવાણીનો પુષ્કરાવર્ત મેઘ વરસાવ્યે રાખ્યો, જેમાં ભવ્ય હૃદયોમાંય તત્ત્વ અને મોક્ષમાર્ગના જ્ઞાનામૃત સિંચાયે જ ગયા !

'કેવા શ્રમ ! લગભગ રોજ સવારે સાંજે ૩-૩ કલાક, તે પણ કેટલા વરસ ?' ઋષભદેવ ભગવાને લગભગ ૧ લાખ પૂર્વ-વર્ષ, અર્થાત્ ૭૦ હજાર ૫૬૦ અબજ વર્ષ એક લાખ વખત પસાર કર્યા ! આટલા અતિ જંગીકાળ સુધી પ્રભુ સ્વ-કંઠેથી વાણી વરસાવતા જ રહ્યા ! આ કંઠે કેટલો શ્રમ લઈ કેવો ઉપકારનો મહાસાગર રેલાવ્યો ! અને કેવો હજારો-લાખો-અબજો વરસના દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ! આ કલ્પના બહારના ઉપકારની ભૂરી ભૂરી અનુમોદના સાથે પ્રભુના કંઠ પર કેવા ઓવારી જવાય ? અને એની પૂજા તો જાણે ચોવીસે કલાક કરતા બેસીએ ! પાછું, કંઠની વાણીએ શું શું પીરસ્યું ? નવતત્ત્વ, જીવવિજ્ઞાન, અહિંસાવાદ, અનેકાંતવાદ, અણમોલો વિરતિમાર્ગ, નયવાદ, કર્મ થીયરી, વગેરે વગેરે બધું જ અનન્ય ને અન્યત્ર અલભ્ય ! આ બધું મન પર લેવાય તો કંઠે તિલક કરતાં હૈયું તન્મય થાય, રૂંઢું રૂંઢું ગદ્ગદ થાય.

(૮) **આઠમું અંગ હૃદય.** આની વિશેષતા એ છે કે અનાદિ અનંત કાળથી હૃદયમાં પેંધેલા રાગ-દ્વેષાદિ કષાયો તથા વિષયની વાસનાઓને પ્રભુએ સાધના-કાળમાં પણ એવા બાળી નાખ્યા અને એ હૃદયમાં એવો ઉપશમ રસ ભરી દીધો કે પ્રભુ વીતરાગ થવા પહેલાંય જાણે વીતરાગ બની ગયેલા ! કોઈના તરફથી જરાક-કશા કષ્ટ કે ભારે શબ્દમાં ખળીભળી ઊઠનારા આપણે જ્યારે જોઈએ કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

'પરીસહો-ઉપસર્ગોની જાુલ્મ-ઝડીઓ વચ્ચે પણ પ્રભુનું હૃદય જરાય ઊકળ્યું-ખળભળ્યું નહિ, કિન્તુ શાન્ત-પ્રશાન્ત-ઉપશાન્ત રહ્યું ત્યારે આપણને કેવોક ચમત્કાર લાગે !

શૂલપાણી યક્ષ અને સંગમદેવતાના એક રાતના ભયંકર કરપીણ જુલ્મો વરસતાં પણ મહાવીર પ્રભુએ હૃદયમાં નીતરતો ઉપશમભાવ જ રાખ્યો, આ હૃદયની કોણ હરિફાઈ કરી શકે ? કેવું ધન્ય હૃદય ! કેવું ઉપાસનીય હૃદય ! — આ જોઈએ ત્યારે આવા પ્રભુ-હૃદય પર આપણે ઓવારી જઈએ ને ? એમ ઓવારી જઈ એની ગાઢ અનુમોદનારૂપી ત્યાં તિલક કરી પ્રભુ પાસે એવો ઉપશમ રસ માગીએ, ને એ માટે મનને થાય કે 'રાત દિવસ મન આ પ્રભુ-હૃદય પર કેન્દ્રિત કરી રાખીએ.

(૯) પ્રભુનું **નવમું અંગ નાભિ** એની વિશેષતા એ છે કે નાભિ એ શરીરના સેન્ટરમાં છે, મધ્યમાં છે; એમ આત્માના મધ્યમાં આઠ રુચક પ્રદેશ છે, તે અનાદિ કાળથી કર્મ-આવરણથી તદ્દન રહિત અને અત્યન્ત નિર્મળ છે. પ્રભુએ એની જેમ પોતાના સમગ્ર આત્મપ્રદેશ નિર્મળ કરી એમાં રત્નત્રયીરૂપ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-ચળકાવ્યા છે, ઝળકાવ્યા છે, ઝગમગતા કર્યા છે, જગતના કોઈ ફિરસ્તાએ આ કામ નથી કર્યું. પ્રભુના જે નાભિસ્થાન એટલે કે મધ્ય સ્થાનમાં રહેલ એ નિર્મળ રત્નત્રયીને પ્રભુએ પોતાના સમગ્ર આત્મામાં ફેલાવી, એ નાભિસ્થાન પર ઓવારી જઈ એની આ ભાવનાઓ સાથે પ્રભુને નવ અંગે તિલક કરાય તો આત્મામાં શુભ અધ્યવસાયોની છોળો ઉછળે, અને એના સુસંસ્કારોનો મહાન નિધિ થાય, ને એ પરલોકની મહા મૂડી બને.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત"　　　　વર્ષ-૨૯,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૮૦

## (૮૫) પરમાત્મ ભક્તિના રહસ્ય-૯

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

પરમાત્માની દ્રવ્ય-ભક્તિ કરતાં ભાવ-ભક્તિ ચડિયાતી છે, પરંતુ ભાવ-ભક્તિ પામવા માટે દ્રવ્ય-ભક્તિ અત્યંત જરૂરી છે. એ માટે આપણે મંદિર વિધિ વિચારી રહ્યા છીએ, એમાં નિસીહિ-પ્રદક્ષિણા-પ્રણામ અને પૂજાનો વિચાર કરી ગયા. પૂજામાં અષ્ટ પ્રકારી તથા નવાંગી તિલકના રહસ્ય વિચાર્યા. હવે પાંચમું ત્રિક અવસ્થા-ત્રિક જોઈએ.



**અરિહંત પ્રભુની ૫ અવસ્થાનું ચિંતન :-**

પ્રભુની ખૂબ સુંદર પૂજા કર્યા પછી ગભારાની બહાર આવીને પ્રભુજીની સામે ઊભા રહી અરિહંત પ્રભુની ૩ અવસ્થાનું ચિંતન કરવાનું છે. પિંડસ્થ અવસ્થા, પદસ્થ અને રૂપાતીત અવસ્થા છે.

'પિંડ' એટલે દેહ. પ્રભુએ આ દેહમાં રહીને, 'શા, શા, ગુણ સાધ્યા, અને શી શી સાધના કરી, એનો વિચાર એ **'પિંડસ્થ'** અવસ્થાનો વિચાર.

'પદ' એટલે તીર્થંકર પદ એમાં રહીને પ્રભુ કેવા સ્વરૂપવાળા બન્યા તેમજ જગત પર કેવા કેવા ઉપકાર કર્યા એ પર **'પદસ્થ'** અવસ્થા વિચારવાની.

**'રૂપાતીત'** એટલે 'અરૂપી' 'મોક્ષ' અવસ્થા, એનો વિચાર કરવાનો. (૧) **પિંડસ્થ અવસ્થામાં** વળી (i) 'જન્મ-અવસ્થા' (ii) રાજ્ય-અવસ્થા, અને (iii) શ્રમણ-અવસ્થા એ ત્રણનો વિચાર કરવાનો. એ ત્રણ અને બાકી બે મળી કુલ ૫ અવસ્થા ચિંતવવાની. એમાં પ્રભુના સામું જોઇ જન્મ અવસ્થામાં એ વિચારવાનું કે :-

"હે મારા નાથ ! તમે કેવાંક તીર્થંકર નામકર્મની સાથે યશ-નામકર્મ, આદેય, સૌભાગ્ય, વગેરે નામકર્મના ઉત્કૃષ્ટ પુણ્યનો સમૂહ લઈને આવ્યા કે તમારા જનમતાં જ (૧) ત્રણેય જગતમાં પ્રકાશ ફેલાઈ જાય છે અને ત્રણેય જગતના જીવોને ક્ષણભર આનંદ થઈ જાય છે ! એટલું જ નહિ, પણ (૨) ૫૬ દિક્કુમારીઓના અને ૬૪ ઈન્દ્રોનાં સિંહાસન ડોલી ઊઠે છે ! જેથી એના પર એ અવધિજ્ઞાને પ્રભુ તમારો જન્મ થયાનું જાણે છે. જાણીને હરખ ઘેલા થઇ જાય છે !

એટલું જ નહિ, પણ પ્રભુ ! તમારા પુણ્યના કેવા આકર્ષણ કે દિક્કુમારીઓ સૂતિ કર્મ કરવા અને ઈન્દ્રો મેરુ શિખર પર આપનો અભિષેક કરવા ઊતરી પડે છે !

એમાં પહેલા ૫૬ દિક્કુમારીઓ મોટી સામ્રાજ્ઞી જેવી એકેક દિક્કુમારી હજારો સેવક દેવતાના પરિવાર સાથે માતાના ઘરે ઊતરી પડે છે.ત્યાં આવી આપની સૂતિ કર્મની ભક્તિ કરવી છે તો એ આસપાસના ગંદા વાતાવરણમાં ન થાય, તેથી પહેલા તો ઘરની આસપાસ એક જોજન-ચાર ગાઉની ભૂમિને કચરારહિત શુદ્ધ કરી, એના પર અત્તર જેવા સુગંધિદાર પાણીની વૃષ્ટિ કરે છે. ચારેકોર સુગંધમય વાતાવરણ અને શીતલ જલકણભરી પવનની લહેરો છવાઈ જાય છે !

ત્યાં ત્રણ કેળના ઘર કરી પ્રભુ ! તમને અને માતાજીને તેલ-મર્દન-સ્નાન અને વસ્ત્રાલંકારાદિ પરિધાપન કરે છે. પછી રાસડો લઇ ગંધર્વ સૂરે ગીત ગાય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે ! હે નાથ ! આ તમારા કેવા ઊંચા સન્માન !

જેને હૈયે પ્રભુ ભક્તિ વસી છે એ મોકો મળ્યે ભક્તિમાં બાકી રાખે ?

મોતીશા શેઠ સિદ્ધિગિરિ યાત્રાએ ગયા. ગિરિરાજ ઉપર જોયું કે એક બાજુ દાદાની મોટી ટુંક ને બીજી બાજુ સાત ટુંકો, બેની વચ્ચે ૮૦ હાથ ઊંડી ખાઈ ! તેથી સાત ટુંક કરી સીધું દાદાની ટુંકમાં ન આવી શકાય, પણ પાછા હરમાનના હડે જઈ ત્યાંથી દાદાની ટુંકમાં અવાતું. ત્યાં શેઠને વિચાર આવ્યો કે,-

'અહો ! જો આ ખાઈ પૂરી દીધી હોય ને એના પર ટુંક રચી દીધી હોય તો તે પછી આજે અને ભવિષ્યમાં હજારો લાખો યાત્રિકોને સાત ટુંક ભેગી પોતાની ટુંક કરી શાતાપૂર્વક સીધું દાદાની ટુંકમાં આવી શકાય. એ લાખો લોકોને યાત્રા શાતાપૂર્વક થવામાં મને નિમિત્ત બનવાનું મળે એ મારું કેવું અહોભાગ્ય ! એની આગળ લાખો રૂપિયાનો ખર્ચ શી વિસાતમાં ?' બસ કામ શરૂ કરાવ્યું. પથ્થરથી પૂરવા પથ્થર કયાંથી લાવવાના ? આજની જેમ નહિ કે પરભાર્યું ને પોણાબાર, ગિરિરાજને જ ખોદી એના પથ્થરને એની માટી વાપરવાની એમ નહિ, પણ ઠેઠ નીચેથી પથ્થર માટી લાવવાની એકેક પથ્થરનો એકેક રૂપિયો ખર્ચ લાગે !

એ કુંતાસરનો ખાડો પૂરવા લાખો રૂપિયા લાગ્યા. એના પર મંદિરોની વિશાળકાય ટુંક બંધાવવાના બીજા લાખો રૂપિયા લાગ્યા, ફિકર નહિ. 'રૂપિયા મારા આદેસર દાદાના આપેલા છે, તે એમના જ ખોળે જાય ને ?' આ એમનું ગણિત હતું. મોકો મળ્યે શું કામ બાકી રાખવું ?

દિક્કુમારીઓ મહા સામ્રાજ્ઞી જેવી પ્રભુ-ભક્તિનો મોકો તો લહાવો લેવા શું કામ ચુકે ?

એવો જ લહાવો ઈન્દ્રોએ લીધો. સૌધર્મ ઈન્દ્રે સેનાપતિ પાસે સુઘોષા ઘંટ વગડાવી, જેના રણકારે ૩૨ લાખ વિમાનમાં દેવોને સાબદા કર્યા. એ ઘંટનાદ કરી એલાન કરાવ્યું કે 'તીર્થંકર ભગવાનનો જન્મ થયો છે તો સૌ મેરુશિખર પર જન્માભિષેક મહોત્સવમાં આવજો.'

એલાન સાંભળ્યા પછી ક્યારે નીકળવાનું ? આજના બગડી ગયેલા યુગની જેમ બાબાશાહી નહિ કે કલાક બે કલાલ પછી નીકળવાનું ! ના, તરત જ ઈન્દ્રો ને દેવો ઊપડયા મેરુશિખર પર. એમાં સૌધર્મ ઈન્દ્ર પ્રભુને માતા પાસેથી મેરુ પર લઈ આવવા નોકર નથી મોકલતા, પણ જાતે લેવા જાય છે. તમારે સ્નાત્ર માટે પૂજારીને કહેવાનું કે 'પ્રભુને બહાર લાવજે !' તમે બુદ્ધિમાન ? ત્યારે ઈન્દ્ર બુદ્ધિમાન ? કે બુદ્ધુ ? પ્રભુને ત્રિભુવનના ચક્રવર્તી માની પોતાને પ્રભુનો ચરણ-



સેવક માને, તે જાતે લેવા જાય એ બુદ્ધિમાન, ને નોકર પૂજારી પાસે પ્રભુને મંગાવે એ બુદ્ધુ.

પ્રભુ ! ઈન્દ્રને તમારી પર કેવી ભક્તિ કે પોતે માતાને ત્યાંથી તમને કમરેથી પકડીને કે એક હાથે તેડીને નહિ, પણ બે હાથથી હથેળી પર આરામથી બેસાડીને લઈ જાય છે ! તે પણ લુખ્ખા બાક્સ નહિ. કિન્તુ ચામર-છત્ર વજ્ર સાથે ! તે પણ નોકર-દેવ, પાસે એ કામ નહિ કરાવતાં પોતે જ ચાર રૂપ કરી, બે રૂપથી ચામર વીંજતાં, એક રૂપથી પાછળ રહી છત્ર ધરીને ને એક રૂપથી આગળ વજ્ર ઊલાળતા મેરુ શિખર પર તમને લઈ આવે છે !

પ્રભુ ! ત્યાં તમને ખોળામાં લઈ બેસે છે, ને ઈન્દ્રો વગેરે ક્રમસર તમને અભિષેક કરે છે. છેલ્લે પ્રભુ તમને ઈશાનેન્દ્રના ખોળામાં બેસાડી, સૌધર્મ ઈન્દ્ર વૃષભરૂપ કરી શૃંગમાં ન્હવણ ભરી અભિષેક કરે છે. ઈન્દ્ર પોતે તમારી આગળ પોતાની જાતને દેવ નહિ, પણ પશુ તરીકે ઉભવા લાયક માને છે. કુલ ૧ કરોડ ૬૦ લાખ અભિષેક દેવોના થાય છે. પ્રભુ ! તમારા આટલા ઊંચા સન્માન છતાં તમને લેશ માત્ર હરખ નથી ! લેશ પણ અભિમાન નથી થતું ! કેટલી અદ્‌ભુત વૈરાગ્ય-દશા અને નિરભિમાનિતા !

**પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય :-**

આટલા ઊંચા સન્માન અને પ્રભુની વિરક્તતા-નિરભિમાનિતા એ પ્રભુના પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ છે. એ પુણ્યના પ્રભાવે ઈન્દ્રો અને દેવોને પણ જિનભક્તિના મહાન સુકૃતનો લાભ મળે છે ! 'પુણ્ય તો કર્મની બેડી છે, માટે નકામું,' એમ લવારો કરનાર એ જોવું ભૂલી જાય છે કે 'તેને પુણ્યથી જ માનવભવ દીર્ઘ આયુષ્ય, આરોગ્ય, જીભ અને બિનપાગલ મન મળ્યું છે તો જ, તું જૈન ધર્મ પામ્યો ને તારા માનેલા તત્ત્વ-સિદ્ધાન્તનો ઉપદેશ કરી શકે છે. શુકલ ધ્યાન અને ક્ષપક શ્રેણી પણ સ્વસ્થ મન મળવાનું પુણ્ય હોય તો જ થઈ શકે. તો તારે આમ છતાં પુણ્ય નકામું કહેવું છે ?' માટે સમજો કે પુણ્યાનુબંધી પુણ્ય અને એ પેદા કરનારી ધર્મકરણી ઉપાદેય છે.

(ii) હવે પ્રભુની 'રાજ્ય-અવસ્થા' ભાવવાની કે "પ્રભુ તમે વિરકત અને નિસ્પૃહી છતાં રાજ્યપાટ તમારા ગળે આવ્યું તો એ ઐશ્વર્ય, સત્તા અને સંપત્તિ પર લેશ માત્ર આસક્તિ ન કરી ! અનાસક્ત યોગીની જેમ એ સંભાળ્યું. લેશ માત્ર રાગનો લેપ નહિ, ને છતાં રાજવીપણામાં પ્રજાના કલ્યાણ જ સાધ્યા ! પણ રાજયના વૈભવ કે વિષય-વિલાસને મહત્ત્વ ન આપ્યું ! રાજયપાટ પણ પરના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

હિતમાં ઉતાર્યું ! ધન્ય તમારી અનાસક્તિ ધન્ય તમારી કલ્યાણકારિતા !

પ્રભુની આ સર્વત્ર પરહિતકારિતાનો વારસો લેવા જેવો છે. દા.ત. વસ્તુપાલે તેજપાલ સંઘ લઈને શત્રુંજય ગયેલા. યાત્રાપૂજા કરી હવે પાછા ઊતરવા જાય છે ત્યાં ફુલો લઈને માળી આવ્યા પણ હવે ફુલ કોણ લે ? નિરાશ થઇને પાછાં ફરતાં હતા વસ્તુપાળે એમને તળેટીએ ઊભા રહેવા ઈશારો કર્યો, અહીં વસ્તુપાળે નીચે ઊતરતાં સંઘને કહ્યું "આપણે દાદાની તો ભક્તિ કરી, પરંતુ ગિરિરાજની પૂજા કયાં કરી ?" બધા કહે "હા એ વાત તો ખરી પણ હવે શું થાય ? હવે નીચે ફૂલ મળે તો ફુલથી પૂજા કરીએ ?" તળેટીએ માળીઓને ફુલના નાણાં સારા ઉપજ્યા. વસ્તુપાળની આ પરહિતકારિતાનો નમુનો.

(iii) હવે પ્રભુની 'શ્રમણ' અવસ્થા વિચારીએ. 'અહો ! અહો ! પ્રભુ ! તમારું ચારિત્ર અજોડ બેનમુન ! જગતમાં કોઈએ નહિ એવા વરસભરમાં ૩ અબજ ૮૮ કરોડ સોનૈયા જેટલા દાન કરીને પછી તમે ચારિત્ર લીધું. ચારિત્ર લઈને કેવળજ્ઞાન પામવા સુધી તમે પ્રભુ ! સદા કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! એમાં જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ. તો સંથારામાં સુવાની તો વાતેય શી ? વળી એમાં વિશેષતા એ કે માખી ડાંસ મચ્છરના કે બીજા ત્રીજા ઉપદ્રવ વખતે તમે એને ઉરાડયા સરખા નહિ. તમે એટલું ય મનમાં ન લાવ્યા કે 'આ પીડા છે તે કેમ ટળે ?' ત્યારે પ્રભુ તમારો વિશ્વના તત્ત્વોના ચિંતનમાં કેટલો બધો તન્મય ચિત્તોપયોગ કે ઘોર પીડાઓ પર પણ ચિત્ત ગયું નહિ ! ધન્ય રે ધન્ય પ્રભુ ! વળી કેટકેટલી તમારી સહિષ્ણુતા અને સહનવૃત્તિ કે કષ્ટમાં મહાકર્મનિર્જરાની ભરચક કમાણી પર લક્ષ રાખી સહન કરવાનું આનંદથી વધાવી લીધું. સામે પગલે ચાલી કષ્ટો સહન કરવા ગયા ! એટલે તો ઘોર તપસ્યાઓ કરવામાં બાકી ન રાખી ! કર્મક્ષયની આ કેવીક ઊતાવળ !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૧૫,તા.૨૭-૧૨-૧૯૮૦

## (૮૯) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૦

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

અનંત ઉપકારી ત્રિલોકનાથ 'વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ બે પ્રકારની, દ્રવ્ય-ભક્તિ અને ભાવભક્તિ, એમાં દ્રવ્ય-ભક્તિથી ભાવભક્તિમાં જવાય, આનો પ્રભાવ એટલો બધો મહાન છે કે પ્રભુની શુદ્ધ



દિલથી ભક્તિ કરનાર મોક્ષ તરફ ઝડપી આગેકૂચ કરી રહ્યો છે ! ત્યારે ભક્તિ ભૂલી પ્રભુની વિરાધના કરનારો ભવના ફેરા વધારી દે છે.

દ્રવ્ય-ભક્તિ ના ૧૦ ત્રિકનો વિચાર ચાલુ છે. એમાં નિસીહિ, પ્રદક્ષિણા, પ્રણામ અને પૂજા વિશેનો વિચાર કર્યો. હવે અવસ્થાત્રિકનો વિચાર જે ચાલુ છે. એમાં પ્રભુની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એમ ૩ અવસ્થામાંની પિંડસ્થ અવસ્થા પણ ત્રણ પ્રકારે એમાંથી જન્મ-અવસ્થા અને રાજ્ય-અવસ્થાનો વિચાર કર્યો છે, ત્રીજી શ્રમણ-અવસ્થાનો વિચાર ચાલુ છે. કે એમાં શું શું ચિંતવવાનું.

આ અવસ્થાઓનું ચિંતન એક ઉત્તમ કોટિનું શુભચિંતન છે; ને શુભચિંતન એ Brain-wash માનસિક સ્નાન છે.

શરીર-સ્નાન રોજ સંભાળો છો, જરૂર પડયે દિવસમાં બે વાર, અને હાથ-પગ-મોંનું સ્નાન તો અનેકવાર થાય છે, પરંતુ મનનું સ્નાન ક્યારે કરો છો ? શરીર પર મેલ ચડે એના કરતાં મન પર કેટલાય ગુણો મેલ ચડી રહ્યો છે ! એ મન પર મેલ ઈન્દ્રિયોના ગમતા-અણગમતા વિષયોના અને ક્રોધાદિ કષાયોના અશુભ ચિંતનથી ચડે છે.૨

રોજના દિવસમાં આવા ચિંતન કેટલા બધા ? અનાદિના કુસંસ્કારોના મળના થોક તો મન પર ચડેલા જ છે. એમાં વળી આ એકેક અશુભ ચિંતનના કુસંસ્કારના મળનો ઉમેરો થયે જાય છે ! જીવનભર જો આ જ કર્યે જવાનું હોય તો પછી મનનું સ્નાન ક્યારે કરવાનું ?

શુભચિંતનથી મનના મેલનું પ્રક્ષાલન થાય છે. એનો પ્રભાવ એટલો બધો જબરદસ્ત છે કે અશુભ ચિંતનો જન્મોના જન્મો કર્યા, પરંતુ જો શુભ ચિંતન ૧-૨-૫ ભવ કરો તો એ અનંતા જન્મોના મનના મેલને ધોઈ નાખે છે ! પછી આત્માને એ નિર્મળ થયેલું મન ક્ષપકશ્રેણી પર ચડાવી વીતરાગતા, કેવળજ્ઞાન અને મોક્ષ સુધી પહોંચાડી દે !

**● શુભ ચિંતન અનેક જન્મોના મેલ ધોઈ નાખે છે.**

શુભ ચિંતનનો આટલો ઊંચો ઉત્કૃષ્ટ પ્રભાવ હોય અને તે શુભ ચિંતન તીર્થંકર પરમાત્માની વિવિધ અવસ્થાઓ વિચારવાથી સુલભ થતો હોય, પછી કોણ અક્કલવાન માણસ આ અવસ્થા-ચિંતન ભૂલે ? માત્ર મંદિરમાં પ્રભુના દર્શન વખતે જ નહિ, કિન્તુ ગમે ત્યારે પણ આ અરિહંત પ્રભુની અવસ્થાઓનું ભરપૂર ચિંતન થઈ શકે છે. જેનો લખલૂટ લાભ મનનાં સંશોધન સાથે અપાર કર્મક્ષયનો છે ! આટલો નિયમ રાખો કે દેરાસરે દર્શન વખતે બે મિનિટ પણ પ્રભુની અવસ્થાનું ચિંતન કરવું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(સભામાથી સંખ્યાબંધ યુવાનોએ આ નિયમ કરી લીધો.)

શુભ ચિંતનનો પ્રભાવ હતો કે સીતાજી રામચંદ્રજી સાથેના બાર વરસના વનવાસે પણ શુભ ચિંતન દ્વારા આરામથી પસાર કરી શકયા ! કોઈ દિ મનને દુઃખ નહિ, મનને ઓછું ન લાવ્યા. શુભ ચિંતને એ વિચાર્યું કે હું કયાં મહેલવાસ અને રાજશાહી ખાનપાન તથા ફેન્સી સાડીઓ-ઘરેણા વગેરેને પરણી હતી ? હું તો પતિ રામચંદ્રજીને પરણી છું. એ મારે સલામત છે, એ સો ટચનું સોનું છે, તો પછી મારે મનને શું દુઃખ લગાડવાનું ?

શાસ્ત્રોમાં સરસ્વતી અને દેવદિન્નનો પ્રસંગ આવે છે, જેમાં એ પતિ દેવદિન્ન સરસ્વતીને પરણીને ઘરે બોલાવતો નથી, તો સરસ્વતીનું શુભ ચિંતન કેવું પ્રભાવક બને છે એની વાત આવે છે.

બન્યું હતું એવું કે એ બંને નાની ઉંમરમા મહેતાને ત્યાં ભણતા હતા. એમાં એક દિવસ મહેતો મહેતીને મારવા લાગ્યો. ત્યાં છોકરા-છોકરીઓ મહેતાજીને પગે પડી મહેતીને ન મારવા કરગરી રહ્યા છે. એક સરસ્વતી એમાં ન ભળી, ત્યારે પાછળથી દેવદિન્ન એને કહે 'કે અલી ! તુ છોડાવવા ન આવી ?'

આ કહે 'મહેતીનો વાંક હોય તો માર ખાયસ્તો'.

'એની બિચારીનો શો વાંક ?'

'વાંક એ, કે પરણીને ધણીને કબજે ન રાખ્યો'

'એમ ! તો તું પરણીને ધણીને કબજે રાખીશ ?'

'હાસ્તો વળી,'

'એમ ? તું એટલું બધું અભિમાન રાખે છે ?' 'એમાં અભિમાન શાનું ? સુખે જીવવું હોય તો એમ જ કરવું પડે.' દેવદિન્ને મનમાં ગાંઠ વાળી કે લાગ આવે તો આને જ પરણીને બતાવી આપું કે ધણીને તું કબ્જે રાખે છે ? કે હું તને કબજે રાખું છું ?' ભણવાનો અવસર વીતી ગયો, બંને મોટા થઇ ગયા, દેવદિન્નને એકવાર મા કહે, 'ભાઈ ! બે ત્રણ કન્યાના તારે માટે માંગા આવ્યા છે, તને પસંદ હોય તેની સાથે તારી સગાઈ કરીએ.'

આ કહે 'એમાંથી એકેય નહિ, તમારે કરવું હોય તો પેલા શેઠની કન્યા સરસ્વતી સાથે કરો !'

માબાપ શ્રીમંત હતા. સામેથી કહેવરાવ્યું, સરસ્વતીને એના માબાપ પૂછે છે તો સરસ્વતી શરમાઈને કહે 'આમાં અમો કુળબાલિકાથી ન બોલાય. માતાપિતા કહે તે જ પ્રમાણે કરવાનું હોય.'



બસ, લગ્ન થઈ ગયા, પરંતુ દેવદિન્ન એના માબાપ ઘણું કહેવા છતાં વહુને તેડવા નથી જતો ૫-૧૫-૨૫ દિન વીત્યા, મહિનો બે મહિના વીત્યા અરે ! મહિનાઓ વીતે છે પણ દેવદિન્ન કહ્યા કરે છે, 'હજી અમારી ઉંમર નાની છે, ઘરે લાવવાની શી ઉતાવળ છે ?'

અહીં સરસ્વતીના મા બાપ મૂંઝાય છે. મૂરતિઓ આપણે પસંદ કર્યો ને એ હવે તેડવા આવતો નથી. કન્યાને કેવી હાલતમાં આપણે મુકી ? વળી હવે તો લોકમાંય બોલાય છે કે 'સરસ્વતીમાં કશુંક કલંક હશે એટલે ધણી એને ઘરે લઈ જતો નથી.'

માબાપ દીનદુખિયારા થઈ સરસ્વતીને કહે, 'બેન માફ કરજે અમને. અમે મુરતિયા જોવાનું ભૂલ્યા, તને આ કેવા દુઃખના ખાડામાં નાંખી ! સરસ્વતીને બાળપણનું યાદ આવવાથી સમજી ગઈ છે કે પતિ મને કેમ નથી બોલાવતા. પરંતુ એના મનને હવે વિવેક પ્રગટ થઈ ગયો છે. વિવેક શાથી ? સતત શુભ ચિંતનથી.

સરસ્વતી કહે, ''બા-બાપુજી ! તમે જરાય દુઃખ ન કરો, આમાં તમારો ય દોષ નથી, ને એમનો ય દોષ નથી. દોષ મારી સંસાર વાસનાનો છે. ભગવાને તો આ ઉચ્ચ માનવભવ આઠ વરસની ઉંમરે સંસાર ત્યાગ કરી ચારિત્ર પાળવા માટે જ યોગ્ય કહ્યો છે. પરંતુ સંસારની વાસનાથી તે મેં ન કર્યું એટલે આ દિવસ જોવાના આવ્યા ! પણ ફિકર નહિ, મને બ્રહ્મચર્ય પાળવામાં આનંદ છે અને માથેથી કલંક ઊતરે એટલે ચારિત્ર લેવા માંગુ છું. હું તો માનું છું કે મને અનંતકાળમાં નહિ મળ્યા હોય એવા આ સોભાગી પતિ મળ્યા કે જેણે પરણ્યા બરાબર બ્રહ્મચર્યની બક્ષિસ કરી ! અને સંસારની અસારતા દેખાડી ને ચારિત્રની ભાવના કરવાનું નિમિત્ત આપ્યું ! સારું થયું. મારી સંસાર-વાસના એમના પ્રતાપે મરી પરવારી. હું એમનો લાખ લાખ ઉપકાર માનું છું. મને બહુ આનંદ છે, તમે ચિંતા ન કરશો, લેશમાત્ર દુઃખ ન કરશો.''

સરસ્વતીની આ અતિ ઉમદા ભાવના શાના પ્રતાપે થઈ ? કહો શુભચિંતનના પ્રતાપે. પિતાના ઘરે રહેતા જે ધર્મ અને તત્ત્વનું જ્ઞાન મેળવેલું એના પર શુભ ચિંતનનો અભ્યાસ રાખેલો. એ જ હિસાબ મહાસતી દમયંતીને હતો કે ધર્મ ને તત્ત્વના અભ્યાસના યોગે નળ એને જંગલમાં છોડી જતાં એ સાત વરસ પર્વતની ગુફામાં એકલી રહી ! માટીના શાંતિનાથ પ્રભુ બનાવી, પ્રભુ ભક્તિ અને શુભ ચિંતનમાં મસ્ત રહેલી !

આ શુભ ચિંતન માટે પરમાત્માની પાંચ અવસ્થાનું ચિંતન છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૮૭) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૧

**(મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)**

**બીજી રાજ્યાવસ્થા :-**

બીજી રાજ્યાવસ્થામાં પ્રભુની સામે ઊભા રહીને ચિંતવવાનું છે કે,- પ્રભુ ! તમે સંસારિપણે મોટું રાજ્ય પામ્યા ત્યારે પણ અનાસક્ત યોગી જેવા હતા, રાજ્ય-ખજાના-રાણીઓ-સત્તા ઠકુરાઈ વગેરે કશામાં આપને રસ નહોતો, મમતા આસક્તિ નહોતી, ઉપરાંત આપે રાજ્યપાલન પ્રજાના કલ્યાણ માટે કર્યું !

પૂર્વ મહર્ષિ શ્રી સિંહતિલકસૂરિજી મહારાજે 'મંત્રાધિરાજ' સૂરિમંત્રના શાસ્ત્રમાં લખ્યું છે કે તીર્થંકર ભગવાન રાજ્ય-પાલન પણ પ્રજાના કલ્યાણ માટે કરે છે. પ્રભુ ! આપ આવી સત્તા-સમૃદ્ધિમાંય વિરકત ? અને હું તમારો દાસ ઠીકરા જેવા વિષયોમાં અને અનેકવિધ પરાધીનતાઓમાં પણ રાગ દ્વેષમાં મરું છું ? કેવો પામર ! આપને નાથ કર્યા પછી ય આ મારી પામરતા ? આ કંગાળપણું ?

**૩. શ્રમણ-અવસ્થા :-**

હવે પ્રભુની ત્રીજી શ્રમણ અવસ્થા આ રીતે વિચારવાની કે :-

''પ્રભુ આપે ચારિત્ર લીધું. શ્રમણ બન્યા, તે પૂર્વે વરસ દહાડા સુધી દાન દઈને રોજ ને રોજ પ્રભાતે ? કરોડ ૮ લાખ સોનૈયા જેટલું દાન દેતા ! આ વરસભર ! કુલ કેટલા કરોડ રૂપિયાનું દાન ? દેવાની રીત કેવી ? વરસીદાને જગતને બતાવ્યું કે આ લક્ષ્મી રાખવા જેવી નહિ, પણ દાનમાં ઉછાળી દેવા જેવી છે.''

આ રીતે વરસભર દાન દેવાના શ્રીગણેશ કરીને પ્રભુ આપે સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું ત્યારે 'કરેમિ સામાઇયં સવ્વં સાવજ્જં જોગ પચ્ચક્ખામિ જાવજ્જીવાએ' એ પ્રતિજ્ઞા ઉચ્ચરવામાં મોહને પડકાર કર્યો કે હવે ગમે તેટલા કષ્ટ આવે, અપમાન આવે, ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે પરીસહ આવે, કે મરણાંત ઉપસર્ગ આવે, તો ય મારે એક પણ પાપ-વ્યાપાર નહિ. લેશમાત્ર રાગદ્વેષ-હાયવોય કશું જ કરવાનું નહિ ! નીતરતી ક્ષમા-સમતા-સહનવૃત્તિ જ રાખવાની ! ઉપસર્ગ કરનાર જીવ પ્રત્યે પણ મૈત્રી-સ્નેહ જ રાખવાનો. શુભ અધ્યવસાય ! આમાં દરેક તીર્થંકરની જેમ પ્રભુ આપને પણ દીક્ષા લેતા ચોથું મનઃપર્યાય જ્ઞાન પ્રગટ થાય છે !



ભગવાન માતાના ઉદરમાં આવે છે ત્યારથી એમને મતિ-શ્રુત-અવધિજ્ઞાન હોય છે.

મતિજ્ઞાન એટલે ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન. શ્રુતજ્ઞાન એટલે બીજાના સાંભળેલા ઉપદેશના આધારે થતું જ્ઞાન, અવધિજ્ઞાન એટલે દેશાન્તર કાલાન્તરે રહેલી વસ્તુનું પ્રત્યક્ષ દર્શન. મનઃપર્યાય જ્ઞાન એટલે અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનનું પ્રત્યક્ષ દર્શન.

પ્રભુ ! ચારિત્ર લીધા પછી આપની અહિંસા-સંયમ-તપ, ક્ષમા-મૃદુતાદિ યતિધર્મ, કાયોત્સર્ગ-ધ્યાન વગેરેની કેટલી ઊંચી ઉત્કૃષ્ટ સાધના !

પ્રભુ આપની અહિંસાની સાધના કેવી અનુપમ ! આપને ઉપદ્રવ કરવા જીવલેણ આફતો તુચ્છ માણસો અને શુદ્ર દેવોએ આપવા માંડી, એ નિવારવા અને અનાડીને દબાવવા આપની પાસે અગાધ બળ હતું છતાં પ્રભુ આપે એ કશું ન કર્યું ! કેમકે કોઈનું ય લેશ પણ મન દુભાય એવી હિંસા આપને કરવી નહોતી. 'અરે, પણ તમને કચડી નાખે છે, નહિ રોકો તો વધારે કચડશે ?' ભલે; કચડાય શરીર; પરંતુ સામાના મનને દુભાવવાની પણ હિંસા કરું તો મારો આત્મા કર્મ અને કુસંસ્કારથી કચડાય. શરીર તે નાશવંત છે આત્મા ઊભો રહેવાનો અમર છે. એને લેશ પણ હિંસાથી અશુદ્ધ ન કરાય. આ આપનો હિસાબ હતો.

**પ્રભુની સહનવૃત્તિ :-**

પ્રભુની શ્રમણ-અવસ્થા અંગે આ ચિંતવવાનું છે કે ''હે ત્રિલોકનાથ ! તમે ઈન્દ્રોને પૂજ્ય એટલે એટલા બધા ઊંચા સન્માન પામનારા ! અને વળી જન્મીને તરતમા પણ માત્ર પગનો અંગૂઠો ચાંપીને મેરુ ને ડોલાવી શકવાની તાકાતવાળા ! છતાં હાલી-મવાલી અનાડીઓના પણ ઉપદ્રવ કેવા અદ્‌ભૂત સહન કર્યા ! તે સ્વેચ્છાએ સહન કર્યા એટલે પરમ શાંતિથી સમતાભાવે સહન કર્યા !

**સામાને ઉપદ્રવમાં સહાયતા :-**

અહો ! માત્ર આવી પડ્યું ઘોર દુઃખ વધાવી લઈ શાંતિથી સહી લીધું એટલું જ નહિ, પરંતુ જ્યાં જરૂર લાગી ત્યાં સામાને આપના પર ઉપદ્રવ કરવામાં પ્રભુ ! આપે સહાયતા કરી ! હે વીર પ્રભુ ! તમને ગોવાળિયો કાનમાં ખીલો ઠોકવા તૈયાર થયો. પરંતુ એ એક હાથે કાન પર વાંસનો મોટો ખીલો ધરી બીજા હાથે ખીલા પર કશાનો ઘા ઠોકે તો સહેજે પ્રભુનું ડોકું આઘાતથી હાલી જાય ને તેમ થતાં ખીલો કાનની અંદર ઘુસી શકે નહિ. તેમ ત્યાં પ્રભુનું માથું બીજી બાજુથી પકડી રાખનાર બીજો કોઈ માણસ પણ નહોતો.

તો ખીલો કાનમાં અંદરમાં શી રીતે ઘુસી શકયો ? કહો, પ્રભુ આપે જ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

માથાને બળ કરીને એવું સ્થિર રાખ્યું તેથી ખીલો કાનના પડદા ફાડતો ઠેઠ અંદરમાં ઘુસી શકયો !

**ઉપદ્રવ ખરાબ માનવાનો નહિ :-**

"અહા હા હા ! પ્રભુ ! આપની આ સહન-વૃત્તિ" ગુણની કંઈ હદ ? વધારેમાં વધારે દુઃખ મારે સહન કરવા છે, એવી આપે મનોવૃત્તિ રાખી, સહર્ષ વધાવેલી બધી વેદનાઓમાં ખીલો ઠોકનારો ખરાબ, અગર ખીલો ઠોકાવાનું ખરાબ એવું તો મનમાં ય લાવવાનું ક્યા રહ્યું ? એ ખરાબ તરીકે માનવાની વાત નથી પછી ખીલો ઠોકનાર પર દ્વેષ ગુસ્સો કરવાની તો વાતે ય શી ? શ્રમણ અવસ્થામાં કેવી અદ્‌ભૂત સહિષ્ણુતા ! કેટલી ગજબ સહનવૃત્તિ ! લેશ પણ દ્વેષ વિનાની કેવી પરમ પ્રશાંત અવસ્થા ! પ્રભુ આપે કેવુંક સૂત્ર પકડ્યું, કે-

**'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણી રે.'**

'લખલૂટ કર્મ-ક્ષય કરવાનો આવો અનુપમ અવસર આવા ઉચ્ચ માનવ જન્મમાં ફરીથી ક્યારે મળે !'

કેમકે આવા ઘોર ઉપદ્રવ કરનાર તો મળે, પરંતુ એ વખતે શુદ્ધ બુદ્ધિ રાખી એકાંતે કર્મક્ષયનો લાભ માની સમતા રાખવાનું વારેવારે ન મળે. માનવભવ સિવાય બીજે ક્યાં મળે ? કેમકે બીજા અવતારમાં આટલી ઊંચી તત્ત્વ-સમજ સાથે ચિત્તની ઉચ્ચ કોટિની સમતા-સમાધિ ન મળે.

**પ્રભુ પરના ઉપદ્રવ પરથી પ્રેરણા :-**

મારા નાથ ! આ કષ્ટો સહન કરવાનું વધાવી લેવાની આપની વૃત્તિ મારા જેવા પામરને દુઃખો સહર્ષ સહી લેવાની ભારે પ્રેરણા આપી જાય છે, દુઃખ અને દુઃખદાતા તથા દુઃખ-નિમિત્તોને જરાય ખરાબ માનવાની ના પાડે છે. 'એમના પર લેશ પણ દ્વેષ નહિ કરવો,' એવી પ્રેરણા આપે છે.

**પ્રભુના તપ-અભિગ્રહ-**

વળી, હે તીર્થંકર દેવ ! આપની શ્રમણ-અવસ્થામાં તપસ્યા કેટલી ગજબ ! ત્યાગ-વૃત્તિ કેવીક અદ્‌ભૂત ! ચંદનબાળાએ પૂરેલા અભિગ્રહની કલમો શે પુરાય ! છતાં એવી કલમોનો વીર પ્રભુ ! આપે અભિગ્રહ કર્યો ! પછી રોજ ગોચરીએ જવાનું. અભિગ્રહ નથી પુરાતો તો લેશ પણ ખેદ વિના, જેવા ભાવે ગયા તેવા સમતા-ભાવે પાછા ફરવાનું ! તે ય ૩-૪ દિવસ નહિ, ૩-૪ અઠવાડિયા, પખવાડિયા નહિ, ૩-૪ મહિના નહિ, પરંતુ ૬-૬ મહિના સુધી વિના અન્નનો દાણો ને વિના પાણીનાં ટીપાંએ ચલાવ્યું ! ધીરજ ખૂટાડી નહિ, એકમાત્ર કર્મનિર્જરાની જ ધૂન હતી. એટલે એક હિસાબ રાખ્યો કે 'ગોચરી ન મળે ત્યાં સુધી અંતરાય



કર્મ ભોગવાઈને તુટયે જાય છે શી ફિકર ?'

**કષાયને સ્થાન નહિ :-**

વળી સાધુ અવસ્થામાં પ્રભુ ! આપે લેશ પણ ક્રોધ, માન, માયા, લોભને કે લેશ પણ રાગદ્વેષને સ્થાન જ ન આપ્યું, હજી વીતરાગ અવસ્થા નથી આવી છતાં જાણે વીતરાગ બની ગયા ! તે શરીર કે સ્વમાન-અહંત્વ પર પણ લેશમાત્ર રાગ ન રાખ્યો !

**મન-વચન-કાયાની અદ્‌ભુત સંલીનતા :-**

વળી અતિ અદ્‌ભુત તો પ્રભુ ! આપે એ કર્યું કે ચારિત્ર લીધું ત્યારથી માત્ર તત્ત્વ-ચિંતન જ કરવાનું રાખ્યું ! તે કષ્ટોમાં 'હાય ! આ વેદના આવી,' એવો લેશ વિકલ્પ પણ ન કર્યો. એમાં પ્રખર ઠંડી કે ગરમીમાં 'અરે ! બહુ ઠંડી ! બહુ ગરમી !' એટલું ય ચિંતવ્યું નહિ. વિશુદ્ધ તત્ત્વ-ચિંતનની ધારા ભારે પ્રતિકૂળ-અનુકૂળ પ્રસંગોમાં પણ અખંડ વહેતી રાખી ! કેવી અદ્‌ભુત મનની સંલીનતા !

ત્યારે પ્રભુ ! તમારી વાક્‌-સંલીનતા પણ કેવીક અદ્‌ભુત ! કે ચારિત્રકાળ ભલે હજાર વર્ષનો હો તો ય એવા જંગી દીર્ઘકાળ પર્યંત લગભગ મૌન જ રાખ્યું ! ગામ ગામ પીડનારા આવ્યા કે ભગત આવ્યા, પીડનારા સામે લેશ પણ વિરોધ કે ભગત સાથે વાતવિસામો ય ન કર્યો ! આમાં અસત્ય અપ્રિય કે પાપનું બોલવાની તો વાતે ય કયાં ?

તો પ્રભુ ! આપની કાય-સંલીનતા કેવી કે આંખો ય છદ્મસ્થ ચારિત્રકાળ રોજ લગભગ ચોવીસે ય કલાકે કાયોત્સર્ગ ધ્યાનમાં જ રહ્યા ! ઉપસર્ગોમાં કે પરીસહોમાં સામનો કરવાની કે બચી જવાની કોઈ જ ચેષ્ટા નહિ !

ધન્ય અવતાર ! ધન્ય સાધના ! ધન્ય લક્ષ્યશુદ્ધિ !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૮૧

## (૮૮) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૨

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

અનંત ઉપકારી ત્રિલોકનાથ ભગવાન શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ મુક્તિને ખેંચી લાવે છે. ભક્તિ બે પ્રકારે; એમાં ભાવભક્તિ છે પરમાત્માની આજ્ઞાનું પાલન,-આજ્ઞાનો સર્વેસર્વા સ્વીકાર અને આજ્ઞાનો યથાશક્તિ અમલ. એને તાણી લાવનાર છે દ્રવ્યભક્તિ, એમાં રોજિંદી અષ્ટપ્રકારી પૂજાના વિચાર પછી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પ્રભુની સન્મુખ ઊભા રહી બે હાથ જોડી પ્રભુની અવસ્થાનું ચિંતન કરવાનો વિચાર ચાલે છે. એમાં પિંડસ્થ અવસ્થામાં જન્મ-રાજ્ય-શ્રમણ અવસ્થાનો વિચાર કર્યો. હવે પ્રભુની પદસ્થ અવસ્થાનો વિચાર કરીએ.

**પદસ્થ અવસ્થા** એટલે તીર્થંકરપદની અવસ્થા. ઉત્કૃષ્ટ શ્રમણપણું પાળતાં પાળતાં શુકલ ધ્યાનમાં ચડી ક્ષપક શ્રેણી માંડી મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી પ્રભુ વીતરાગ બને છે.

આ શુકલ ધ્યાન શેના બળ ઉપર ? પ્રભુના ચારિત્ર-પાલનમાં અતિ મહત્ત્વની વસ્તુ લેશ પણ અસદ્ વિકલ્પ વિનાની અખંડ તત્ત્વ-ચિંતન ધારા છે ! તે ય મોટા ભાગે કાયોત્સર્ગમાં રહીને ! બાકી પણ વિહાર-ગોચરી-આહાર વગેરમાં ય સમ્યગ્ મનોવૃત્તિ એવી જોરદાર છે કે એમાં 'અહીં અપમાન થયું, ગોચરી ન મળી, તાપ-તડકો ભારે એ જરા ઠીક નહિ...' એવો લેશ પણ વિચાર નહિ !

આવી આછા પણ અસદ્ વિકલ્પ વિનાની તત્ત્વચિંતન-ધારાનો એ પ્રભાવ છે કે એનાથી રાગ-દ્વેષ તુટતા આવે છે, તેમ જ ધર્મ-ધ્યાનનો પાવર વધતો જાય છે. જે અંતે શુકલ ધ્યાનમાં પરિણમે છે; ને રાગદ્વેષ ઘસાતાં ઘસાતાં સર્વથા નામશેષ થઈ વીતરાગતા પ્રગટ કરે છે.

પ્રભુ વીતરાગ બન્યા પછી તરત જ બાકીના ત્રણ ઘાતી કર્મો બધા જ નષ્ટ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે !

શ્રમણ-અવસ્થાના ચિંતનમાં પર્યન્તે પ્રભુને ઉદ્દેશીને આ બધું લઈને સંબોધવાનું. હવે કેવળજ્ઞાન થતાં જ પ્રભુનું તીર્થંકરનામકર્મનું પુણ્ય ઉદયમાં આવે છે, ને પ્રભુ તીર્થંકર-પદ પામે છે. ત્યાં પદસ્થ અવસ્થાનું ચિંતન આ રીતે કરવાનું.

હે પ્રભુ ! તેમને કેવળજ્ઞાન પ્રગટવાની સાથે તીર્થંકરપણું દેનારા પુણ્યનો ઉદય પ્રગટ થાય છે; એના ફળમાં તમે તીર્થંકરપદ પામો છો, એટલે ત્યાં તમને અષ્ટ પ્રાતિહાર્ય, ચાલતા પગ મૂકવા નવસુવર્ણ કમળ, સમવસરણની દેશના-ભૂમિ...વગેરે અનુપમ ઐશ્વર્ય પ્રગટ થાય છે.

હે નાથ ! તીર્થંકરપણામાં આપનું કેવું સર્વોત્તમ ઐશ્વર્ય ! આપના કેવા સર્વોત્તમ સન્માન ! આપના કેવા લોકોત્તમ ઉપકાર !

**૩૪ અતિશય :-**

'આપને મળતા ઉચ્ચ સન્માન સાથે પ્રગટતા ઐશ્વર્ય ૩૪ અતિશયોમાં વ્યક્ત થાય છે. 'અતિશય' એટલે બીજામાં જોવા ન મળે એવી અસાધારણ વિશિષ્ટતા. દા.ત. ૩૪ અતિશયોમાં પહેલા ચાર મૂળ અતિશયો છે, એ માત્ર તીર્થંકર દેવોમાં જ જોવા મળે છે. એ મૂળથી એટલે કે, જન્મ-સિદ્ધ હોય છે. તેથી એને 'મૂળ'



અતિશય કહે છે. એ છે-

(૧) નિરુપમ દેહ (૨) અનુપમ ધાતુઓ (૩) સુગંધી શ્વાસ (૪) અદશ્ય આહાર-નિહાર-વિધિ.

(૧) હે જગત્પતિ ! જે માતાના ગર્ભમાં આપના બીજા ભાઈ કદાચ જનમ્યા હોય તેમને નહિ એવો આપનો દેહ તે જ ગર્ભમાં જનમાવા-પોષાવા છતાં મોટા ઈન્દ્રો કરતાં ય અનંતગુણા રૂપ-લાવણ્ય-સૌંદર્યવાળો અને સુગંધિત પેદા થાય છે ! વળી એ આપના દેહમાં જનમભર રોગ થતા નથી ! તેમ મેલ તેમજ પસીનો થતો નથી ! કવિ ગાય છે.

**'વગર ધોઈ તુજ નિર્મલી કાયા કંચનવાન; નહિ પ્રસ્વેદ લગાર.'**

**તારે તું તેહને, જે ધરે તાહરું ધ્યાન !**

શું કહ્યું ! જે તારું ધ્યાન ધરે તેને તું તારી દે છે ! ત્યારે પ્રભુની જુદી જુદી અવસ્થાનું ચિંતન કેવું પ્રભાવશાળી !

તીર્થંકર અવસ્થાના ચિંતનની જિનભક્તિ ઉચ્ચ કોટિની એટલા માટે છે કે શુભ ચિંતનને સુસંસ્કાર સાથે સીધો સંબંધ છે. બીજી ભક્તિમાં દા.ત. અભિષેક પૂજામાં ચિત્ત જોડો ત્યારે જ આ સુસંસ્કારને પેદા કરે; પણ અભિષેક રખડતા ચિત્તે કરે તે એ ફળ નહિ. જ્યારે અવસ્થા-ચિંતનમાં તો ચિત્ત જ લાગેલું રહે છે, એટલે એને રખડવાનો સવાલ જ નથી રહેતો. ને શુભ ચિંતન હોવાથી સારા સંસ્કાર પેદા કરે છે. ત્યારે,

માનવ જન્મમાં જો કોઈ મહાન કમાઈ હોય તો તે સુસંસ્કારની કમાઈ છે. માટે તો દેખાય છે કે પૂર્વ જન્મના સુસંસ્કારનો વારસો લઈ આવેલાને અહિ સદ્ગુણો-સદ્બુદ્ધિ-ધર્મભાવના અને સદ્વિચારો રહે છે.

**સરસ્વતીને સુસંસ્કાર વારસો :-**

જુઓ પેલી સરસ્વતી પૂર્વ ભવેથી એવા સુસંસ્કારોનો વારસો લઈ આવેલી, તે પતિ દેવદિન્ન પરણ્યા બરાબર એને પોતાને ઘેર બોલાવતો નથી, તો પોતે બ્રહ્મચર્ય પાળવા આનંદ માને છે ! ને આ પ્રસંગ મૂળ પોતાની સંસાર-વાસનાએ ઊભો કર્યો છે,' માની હવે કલંક ઊતર્યે સંસાર-ત્યાગ કરી ચારિત્ર લેવાની અભિલાષા સેવે છે. જાણો છો ને પતિ કેમ નથી બોલાવતો ?

બાલપણાની ચપળતાથી સરસ્વતી બોલેલી કે મહેતાના હાથે મહેતી માર ખાય એમાં મહેતીનો વાંક છે કે એણે ધણીને કબજે નહિ રાખ્યો. આ વચન પકડી દેવદિન્ન એને એટલા માટે જ પરણેલો કે જોઉં મને એ કેવી કબજે રાખે છે ? એને બોલાવું જ નહિ એટલે મને પગે પડતી આવશે. હવે વરસ થયું તો ય નથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બોલાવતો એટલે લોકમાં કોઈ બોલતું ય હશે કે એનામાં કંઈક કાળું પતિએ દેખ્યું હશે. એટલે પતિ એને ઘેર તેડતો નથી. આમ ખોટું કલંક પણ ચડે છે.

પરંતુ સરસ્વતી દુઃખિત માતા-પિતાને કહે છે, 'દુઃખ ન કરશો મારે તો આવો સોભાગી પતિ અનંતાકાળમાં નહિ મળ્યો હોય જે પરણ્યા બરાબર બ્રહ્મચર્યનું દાન કરે ! ને હવે તો મારે કલંક ઊતર્યે ચારિત્ર જ લેવાનું છે.'

સુસંસ્કાર-વારસાનો આ પ્રભાવ છે ! કેટલે સુધી દેવદિન્ન જુએ છે મા-બાપ વહુને તેડી લાવવાનો આગ્રહ કર્યે રાખે છે, તેથી મા બાપની ઈચ્છા નહિ છતાં એ આપકમાઈ કરવાના મિષે વણઝાર લઈ પરદેશ ચાલ્યો ગયો; ત્યારે એના માબાપે સરસ્વતીને ઘરે બોલાવી દીધી ને આશ્વાસન આપે છે, 'દીકરી ! અમારા દીકરાના વર્તન સામે ન જોઈશ, સૌ સારા વાનાં થશે.' ત્યારે સરસ્વતી કહે છે, 'બા-બાપુજી ! મને કશું દુઃખ નથી લાગતું. મારે તો બ્રહ્મચર્યનું પાલન મળ્યું તો લાખો જીવોના સંહારના પાપથી બચી છું ! આવો સોભાગી પતિ કયાં મળે ? ધન્ય છે તમને કે તમે આવા પુત્રરત્નને જન્મ આપ્યો !' સુસંસ્કારોનો આ પ્રભાવ છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૧૮,તા.૧૭-૧-૧૯૮૧

## (૮૯) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૩

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

**૪. મૂળ અતિશય :-**

વાત આ છે-સુસંસ્કાર-સર્જન એ મોટી કમાઈ છે, ને એ તીર્થંકર ભગવાનની વિવિધ અવસ્થાઓના ચિંતનથી મળે છે. પદસ્થ અવસ્થાના ચિંતનમાં ચાર મૂળ અતિશયોમાં ચિંતવવાનું

'પ્રભુ ! કેવો અતિ અદ્‌ભુત સુંદર આપનો દેહ ! કેવા અબિભત્સ અને સફેદ લોહી-માંસ ! આપનો શ્વાસ કેવો ? કમળ જેવો સુગંધીદાર !

તો આપ આહાર કેવી રીતે કરો છો તે અદશ્ય ! ને એમ નિહારવિધિ-શૌચવિધિ પણ અદશ્ય !

'હે ભગવંત ! આપને ઘાતી કર્મક્ષયથી કેવા અદ્‌ભુત ૧૧ અતિશય ઉત્પન્ન થયા ! એમાં ૭ અતિશય તો સાત અપાયો દૂર થવાના ને ૪ બીજા, એમ ૧૧ અતિશય.

૭ અપાયો, આ, વૈર-વિરોધ, રોગ, મારી-મરકીને તીડ ઉંદરના ત્રાસ, તેમ



અતિવૃષ્ટિ (હેલી) અનાવૃષ્ટિ (દુષ્કાળ) અને સ્વ-પર ચક્રભય (આંતર બળવો કે બાહ્યથી પર-લશ્કરની ચડાઈ), હે ત્રિભુવન ગુરુ ! આપનો કેવો પ્રભાવ કે, દુષ્કાળના ક્ષેત્રમાં આપ પધાર્યા અને એકાએક અનાજના ગાડેગાડા હાજર થયા ! ૧૨૫ જોજન સુધીમાં આ સાતેય ઉપદ્રવો હટી જાય !

ચંડ પ્રદ્યોત મૃગાવતી પ્રત્યે વેર ભૂલે છે, -

ચંડપ્રદ્યોતને મૃગાવતી રાણી ઉઠાવવી હતી. મોટું લશ્કર લઇ ચડી આવેલો. યુદ્ધમાં એના પતિ રાજાને ખત્મ કર્યો. રાણી કિલ્લાના દરવાજા બંધ કરાવી અંદર બેસી રહી. રાજા માગણી કરતાં એ કહે છે. 'કિલ્લો સમરાવો પછી વિચાર કરું' ઠેઠ ઉજ્જનથી ઈંટો મંગાવી કિલ્લો સમરાવ્યો. તે વધુ નિર્ભર બની. 'આ તો મને બનાવ્યો' સમજી ચંડપ્રદ્યોત ચિડાયો, ઘેરો ઘાલીને પડયો છે. ત્યાં ત્રિભુવનપતિ મહાવીર ભગવાન પધાર્યા, સમવસરણ મંડાયું, ચંડપ્રદ્યોત પ્રભુ પાસે ગયો. રાણી મૃગાવતી પણ ગઈ, ત્યાં સભામાં અવસર પામી મૃગાવતી ઊઠીને ચંડપ્રદ્યોતને ઉદ્દેશીને કહે છે, 'મારે ચારિત્ર લેવું છે. મારી તમને વિનંતી છે, એની તમે સંમતી આપો અને મારું બે વરસનું બાળક તમારા ખોળે સોંપું છું. પ્રભુનો અતિશય તે ચંડપ્રદ્યોતને મૃગાવતી પરનો વૈર વિરોધ શમી ગયો. એણે ક્ષમા માંગી, સંમતિ આપી, ને બાળકને એના પિતાના રાજયનો અધિકારી તરીકે સંભાળી લીધો. મૃગાવતી દીક્ષા લઈ ચંદનબાળા મહત્તરાના શિષ્યા થયા. બીજી રીતે વૈર-વિરોધ દૂરનો અતિશય એ કે સમવસરણમાં વૈરવાળો ઉંદર-બિલાડી વગેરે વૈર ભૂલી જાય છે.

**કર્મક્ષયકૃત ૧૧ અતિશય :-**

પ્રભુને કહીએ છીએ 'નાથ ! ઘાતી કર્મના ક્ષયે આપને ૧૧ અતિશય અદ્‌ભુત પ્રગટ્યા ! તેમાં આપ વિચરો ત્યાંથી ૭ અપાય દૂર :

(૧) વૈર વિરોધ (૨) રોગ (૩) મારી મરકી (૪) તીડ-ઉંદરાદિ
(૫) અતિવૃષ્ટિ (૬) અનાવૃષ્ટિ (૭) સ્વપર ચક્ર-ભય

આ સાત અપાયો દૂર થઈ જાય છે. ને આપને

૮. આપના મુખ પાછળ ભામંડલ (તેજોવર્તુલ) પ્રગટે છે !

૯. સમોસરણ પર કરોડ ગમે દેવો સમાય !

૧૦. આપની જોજનગામી ૩૫ અતિશયવાળી વાણી પ્રસરે !

૧૧. એ વાણી દેવો-મનુષ્યો તિર્યંચો સૌ સ્વ સ્વ ભાષામાં સમજે !

આ એકેક અતિશયને વિસ્તારથી વિચારી શકાય કે એનો લોક પર કેવો કેવો પ્રભાવ પડે, શો શો લાભ થાય ને પ્રભુનો મહિમા કેવો વધે, આમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

૪+૧૧=૧૫ અતિશય થયા. હવે પ્રભુના બાકીના,-

**૧૯ અતિશય દેવકૃત,** એને સહેલાઈથી યાદ કરવા માટે ૩ વિભાગે જોવાના. એમાં પહેલા વિભાગમાં ૭ અતિશય તે (૧) પ્રભુને કેશ નખ વધે નહિ, ને ૬ પ્રાતિહાર્ય (તે ભામંડલ ને દિવ્યધ્વનિ વિનાના એમ સાત અતિશય દેવકૃતનો પહેલો વિભાગ.

દેવકૃત **૧૯ અતિશયના ૩ વિભાગ :-**

| | | | |
|---|---|---|---|
| (૧) સિંહાસન | (૨) ચામર | (૩) છત્ર ૩ | (૪) અશોક વૃક્ષ |
| (૫) દેવદુંદુભિ | (૬) પુષ્પવૃષ્ટિ | (૭) કેશ-નખ ન વધે. | |

૨ જા ૩ જા વિભાગમાં અતિશય મુકામે સ્થિરતાના અને ૬ અતિશય વિહારના વખતના તે આ પ્રમાણે :-

**સ્થિરતાના - ૬**

| | | |
|---|---|---|
| ૧. જલવૃષ્ટિ | ૨. સમવસરણ | ૩. ધર્મચક્ર |
| ૪. ચતુર્મુખતા | ૫. અનુકૂળ વાયુ | ૬. જઘન્યથી કરોડ દેવ. |

**વિહારના - ૬**

| | | |
|---|---|---|
| ૧. રત્નધ્વજ | ૨. નવકમળ | ૩. કાંટા ઊંધા |
| ૪. વૃક્ષ નમે | ૫. પંખી પ્રદક્ષિણા દે | ૬. છ ઋતુ અનુકૂળ. |

આમ, ૭+૬+૬=૧૯ દેવકૃત+૧૧ કર્મક્ષયકૃત+૪ મૂળ = ૩૪ અતિશય. આ એકેક પર પ્રભુને સંબોધી શકાય, દા.ત.

‘હે મારા નાથ ! કેવું તમારું ભવ્યાતિભવ્ય ઐશ્વર્ય ! કે, તમે વિહાર કરતાં હો ત્યારે દેવતાઓ તમારા અતિપવિત્ર ચરણો મલિન ધરતી પર ન અડવા જાય - એ માટે પગ પડવાની નીચે માખણ જેવા નરમ નવ સુવર્ણ કમળ ગોઠવી દે છે ! બે પગ નીચે ૨ કમળ, ને આગળ ૨ કમળ તથા પાછળ ૫ કમળ. હવે જેમ જેમ આગળ ચાલે તેમ તેમ પાછળના ૨ કમળ અદશ્ય થઈ આગળ ૨ કમળ રચાતા જાય છે. રસ્તે વળવું હોય તો પ્રભુ ! આપને પગ કમળ પર લાવવાન ખ્યાલ ન કરવો પડે. એ તો દેવતા જ ખૂબ સજાગ હોય તે વળાંકમાં પગ નીચે કમળ લાવી જ દે. કેવુંક પ્રભુત્ત્વ ! આપ ચાલો ત્યારે રસ્તા પરના ઝાડ નમતા જાય ! ગગનમાં પંખેરા આપને પ્રદક્ષિણા દેતા ચાલે ! જઘન્યથી એક કરોડ દેવતા ચોવીસે કલાક સાથે રહે ! કેવુંક તમારું ઐશ્વર્ય ! ત્યારે પ્રભુ આપ મુકામ કરવાના હો ત્યાં દેવતાઓ જોજન ભૂમિ સાફ કરી એના પર સુગંધી શીતળ જળની વૃષ્ટિ કરી વાતાવરણ ઠંડુગાર ને મઘમઘતું કરી દે છે ! જાણે ત્યાં સો અત્તરની સુવાસવાળા એર-કન્ડિશનમાં બેઠા !



**સમવસરણ :-**

‘હે જગતદયાળુ ! ભવ્ય જીવોને દેશના આપવા તમને દેવતાઓ જે સમવસરણ પર પધરાવે છે, એના કેટલા ગુણ ગાઉં ? તે તે કાળના ૧ જોજન યાને ૪ ગાઉં નું લાંબુ પહોળું ગોળ કે ચોરસ સમોસરણ હોય છે. તે નીચે જમીન પરના ઝાડોને કિલામણા ન કરે એ માટે જમીનથી અધ્ધર આકાશમાં રચી કાઢે છે ! એમાં ત્રણ કિલ્લા, તે નીચેના સમગ્ર કિલ્લાના માથે ચાલવાની સપાટી પર વચમાં બીજો રત્નમય કાંગરાવાળો કિલ્લો સુવર્ણનો ! એમાં માથે સપાટી પર ત્રીજો કિલ્લો રત્નોનો ! એના માથે સપાટી પર ત્રીજો કિલ્લો રત્નોનો ! એના માથે સપાટી પર મધ્યમાં વ્યાસપીઠ, એની વચમાં ઊંચું અતિવિશાળ અશોકવૃક્ષ તે આખા સમોસરણને છાયા દેનારું હોય છે. ને વૃક્ષની ચારે બાજુ રત્નના સિંહાસન એમાં પૂર્વ દિશાના સિંહાસન પર પ્રભુ આપ બિરાજો છો, ને બાકી ત્રણ પર દેવો આપના જીવંત જેવા બિંબ સ્થાપે છે ! ત્યાં આપની વાણીનો પુષ્કરાવર્ત મેઘ વરસે છે !’

સમવસરણના પહેલા કિલ્લા પર જવા માટે નીચે ભૂમિ પરથી સહેજ ઢાળવાળા ૧૦ હજાર પગથિયાં હોય છે. બાકી બે પર ૫-૫ હજાર પગથિયા હોય છે, પ્રભુ આપનો કેવો અચિંત્ય પ્રભાવ કે ડોશીઓ ને મોટા હાથી જેવો પણ આ પગથિયા લેશ પણ કષ્ટ વિના એવા એવા સડસડાટ ચડી જાય છે કે જાણે લોહચૂંબકથી ઉપર ખેંચાયા !

હે વિશ્વનેતા ! સમવસરણ પર આપની હાજરીની કેવી બલિહારી કે એના બીજા કિલ્લા પર તિર્યંચો ગોઠવાઈ જાય છે. એમાં વિરોધી પ્રાણીઓ વાઘ-બકરી, સિંહ-હરણ, સાપ-નોળિયો, ઉંદર-બિલાડી વગેરે જન્મસિદ્ધ વૈર ભૂલી સગા ભાઈ-બેનની જેમ મિત્રતાથી બેસી જાય છે ! ભલું હોય તો વાઘની ગરદન પર બકરી પોતાની ડોક ઢાળી ટેસથી દેશના સાંભળે છે ! અહો ! અહો ! પ્રભુ ! કેવુંક આપનું તારક સાનિધ્ય !

પ્રભુ ! આપ તો અર્ધ માગધી ભાષામાં દેશના આપનારા, પરંતુ દેવ-નર-તિર્યંચ સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય છે.

ત્યારે ! એ વાણીની મીઠાશ એવી કે કદાચ છ મહિના સળંગ ચોવીસે કલાક સાંભળવાનું હોય તો ય એનો રસ એટલો બધો કે ત્યાં ન લાગે ભૂખ, ન લાગે તરસ, ન લાગે થાક, ન આવે નિંદ્રા !

પ્રભુ ! વાણીમાં આપ તત્ત્વ કહો, ધર્મ સમજાવો. એનાં તો આકર્ષણ ભવી જીવને અનેરા પરંતુ વાણીની ખાલી મીઠાશ પણ એવી કે અભવી અને રોજ ૫૦૦ પાડા મારનાર કાલસૌકરિક કસાઈ જેવા પણ આપની વાણી સાંભળવા આવે ! ને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

સાંભળતાં મસ્તીમાં માથું હલાવે !

**અવસ્થા ચિંતનના લાભ :-**

આમ, પદસ્થ-અવસ્થાના ચિંતનમાં પ્રભુના એકેક અતિશય પર ભાવના કરી શકાય. તેમાં બોલીને કે મનથી પ્રભુ સામે વાત કરી શકાય. એના મહાલાભમાં (૧) એના અદ્ભુત સુસંસ્કાર આપણા આત્મામાં જમા થતા જાય. વળી (૨) ચિંતન બોલીને કરીએ એમાં ભાષણ-શક્તિ ખીલી ઊઠે. (૩) અરિહંત પ્રભુ પ્રત્યે આપણા દિલ ભક્તિ-આદર-બહુમાન ખૂબ વિકસતા જાય. (૪) એ વધતું બહુમાન આપણા આત્માને પ્રભુની વધુ ને વધુ નિકટ લાવતું જાય. (૫) એના પરિણામે આપણા જીવનમાં ધર્મસેવન વધે, દાનાદિ સુકૃતો વધે, વ્રત-નિયમ, ત્યાગ, તપ વિકસતા આવે, યાવત્ સર્વ વિરતિ ચારિત્ર ખેંચાઈ આવે.

પ્રભુની વિવિધ અવસ્થાના ચિંતનની બલિહારી છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૨૨,તા.૧૪-૨-૧૯૮૧

## (૯૦) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૪

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્મા વિશ્વના ઉપકારી છે, સ્વયં તીર્ણ, ભવસાગર તરી ગયા છે, ને વિશ્વને તારનાર છે. એમને ભજવાથી આપણે પણ ભવસાગર તરી જઈ શકીએ છીએ. પ્રભુને ભજવું એટલે એમની ભક્તિર કરવી; પરંતુ તે ભક્તિના રહસ્ય સમજીને ભક્તિ કરીએ તો ભવસાગરથી જલ્દી છુટકારો થાય.

પરમાત્મ-ભક્તિના રહસ્ય સમજવા માટે આપણે ભક્તિ માટે પરમાત્મા પાસે જવાથી માંડીને ભક્તિના વિવિધ પ્રકારોની વિચારણા કરી રહ્યા છીએ; જેમાં તીર્થંકર ભગવાન પાસે જવા પાંચ અભિગમ યાને પાંચ પ્રકારના વિનય સાચવવાની વાત આવી. એમાં 'સચિત્તત્યાગ' એટલે કે આપણા ખાનપાનની વસ્તુ પ્રભુના દરબારમાં ન લઈ જવાય, એ વિનય કયા ધર્મમાં જોવા મળે ? એ પછી મંદિરમાં સાચવવાના ૧૦ ત્રિકના રહસ્ય વિચારી રહ્યા છીએ. ૩ નિસીહિ, ૩ પ્રદક્ષિણા, ૩ પ્રણામ, ૩ પૂજા, એનાં કેટલા અદ્ભુત રહસ્ય ! પૂજામાં અષ્ટપ્રકારી પૂજા તથા નવાંગી તિલક એ દરેકના કેવા કેવા ભાવ ! કેવા કેવાં રહસ્ય !

પ્રભુને અભિષેક કરવાનો તે આ ભાવનાથી કે 'પ્રભુ ! મારા હદય સિંહાસને



તમને ગાદીનશીન કરવા તમારો અભિષેક કરું છું.' અનંતાકાળથી મારા પર મોહની આણા હતી તેથી ભવસાગરમાં ભટકતો રહ્યો છું, હવે પ્રભુ ! તમારો અભિષેક કરવા દ્વારા મારા હૃદય સિંહાસને તમને પ્રતિષ્ઠિત કરું છું. એટલે હવે મારે માથે તમારી આણ હો. પરમાત્માની અભિષેક ભક્તિનું આ રહસ્ય બીજા કયાં ધર્મમાં જોવા મળે ? આ કેટલું જોરદાર રહસ્ય છે કે રોજ ને રોજ આ ભાવનાથી અભિષેક કરતાં કરતાં ચિત્તમાં જે જિનાજ્ઞા-બંધનના સંસ્કાર જામે એથી અવસર આવ્યે આજ્ઞાપાલન માટે જંગેબહાદુર બની જવાય.

જુઓ રામાયણનું પાત્ર. વજબાહુ રાજકુમાર પરણીને નવી પત્ની તથા સાળા સાથે પાછો ફરી રહ્યો છે, જંગલમાં પહાડ પર મુનિ દેખી રથ હાંકતા સાળાને રથ ઊભો રાખવા કહે છે. પેલો પૂછે, 'કેમ ?' 'ખબર નથી ? જંગલમાં મંગળ, પેલા પહાડ પર રહેલા મુનિરાજને વંદન કરીએ.' સાળો મશ્કરીમાં પૂછે છે, 'શું વૈરાગ્ય થઇ ગયો છે ?' વજ કહે, 'ભલા આદમી ! એમાં શું પૂછે ?' શ્રાવિકાના દીકરાને જન્મથી વૈરાગ્ય હોય, કોણ બોલાવે છે આ ? જિનાજ્ઞાનું બંધન બોલાવે છે. સાળો મશ્કરીમાં આગળ વધે છે, તો પછી કેમ સંસારમાં બેસી રહ્યા છો ? કોઈ અંતરાય હોય તો હું સહાયમાં ઊભો છું.

બસ આટલી જ વાર. વજબાહુ પર્વત ઉપર ચઢી કેશનો લોચ કરવા માંડે છે ! ત્યાં સાળો, 'અરે કુમાર કુમાર ! આ શું કરો ? હું તો મશ્કરી કરતો હતો.' આ કહે, 'ક્ષત્રિય બચ્ચો મશ્કરી કરે ?' 'પણ મારી બેનનું શું થાય ?' ત્યાં બેન, 'તે મારી દયા ખાય ?' એમ કહેતા તો પોતે જ કેશનો લોચ કરવા મંડી ! શું આ ? દિલમાં પરમાત્માને ગાદીનશીન કરી નક્કી કર્યું છે કે અમારા માથે જિનની આણ છે. એ સંસાર પર જંગે બહાદુરી.

અરિહંત ભક્તિનાં આ રહસ્ય છે. પ્રભુના એકેક અંગે તિલક પૂજાના કેવા કેવા રહસ્ય બતાવ્યા છે ! પૂજાત્રિક પછી અવસ્થા-ચિંતનમાં પરમાત્માની પિંડસ્થ અવસ્થામાં જન્મ-રાજ્ય-શ્રમણ એ ત્રણ અવસ્થાનો વિચાર કર્યો. હવે પ્રભુની પદસ્થ અવસ્થાનો વિચાર ચાલુ છે. એમાં પ્રભુ તીર્થંકરપદ પામ્યા એ 'પદસ્થ અવસ્થા.' એમાં પ્રભુનાં ઐશ્વર્યનો વિચાર તે પ્રભુના અરિહંત પ્રભુના ૩૪ અતિશયના વિચારથી કર્યો આ બધો વિચાર પ્રભુની સામે ઊભા રહીને કરવાનો છે. તે પ્રભુને સંબોધીને કરવાનો છે, જેમકે :-

'હે પ્રભુ ! તમે તીર્થંકર બન્યા. એમ તમારું ઐશ્વર્ય અને કુદરત પર પ્રભુત્વ કેવું અદ્ભુત ! ઐશ્વર્ય તો જનમથી ! જનમતાં તમને દિક્કુમારીઓ અને ઈન્દ્રો મહા સત્કાર સન્માન દે ! આ ઐશ્વર્ય જગતમાં બીજા કોનું જોવા મળે ? મોટા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઈન્દ્રને પણ આ ઐશ્વર્ય નહિ. ત્યાં તીર્થંકરપદમાં કુદરત પર પ્રભુત્વ કેવું કે પ્રભુ ! તમે વિચરો ત્યાંથી ૧૨૫ યોજનમાં કુદરતના મારી-મરકી-દુકાળ વગેરે ઉપદ્રવો ભાગી જાય ! ત્યારે ઐશ્વર્યમાં એ સમવસરણ, ચાલતી વખતે નવ સુવર્ણકમળ, આઠ પ્રાતિહાર્ય વગેરે ઐશ્વર્ય અજોડ ! બેનમૂન ! તો કુદરત પર પ્રભુત્વ કેવું કે બહાર ઋતુ ભારે કડક હોય, લોકોને ત્રાહિ ત્રાહિ બોલાવતી હોય, પણ પ્રભુની પાસે ગમે તેવી કડક ઋતુ પણ તદ્દન અનુકૂળ ! પ્રભુત્વ કેવું કે જમીન પર ચત્તા પડેલા કાંટાને પ્રભુ ત્યાં આવતાં પહેલાં ઊંધા થઈ જ જવું પડે ! ટાઈટ અક્કડ ઊભેલા ઝાડોને પ્રભુ ત્યાંથી પસાર થતાં નમવું જ પડે !

તો પ્રભુ ! તમારું ઐશ્વર્ય કેવું કે જ્યાં તમારે મુકામ કરવાનો હોય ત્યાં પહોંચતા પહેલાં જોજન ભૂમિમાંથી ગંદવાડ, કચરા ઊંચકાઈ જાય ને શીતલ સુગંધિત પાણીના છંટકાવ થઈ જાય !

પ્રભુની પદસ્થ અવસ્થામાં આ રીતે પ્રભુના એકેક અતિશય લઈ પ્રભનું અનન્ય ઐશ્વર્ય વિચારાય ને કુદરત પર પ્રભુત્વ વિચારાય, એમ હવે પ્રભુના ઉપકાર વિચારાય.

**અરિહંત પ્રભુના ઉપકાર ત્રણ પ્રકારે :-**

(૧) તત્ત્વ-પ્રકાશ-દાન (૨) મોક્ષમાર્ગ-દાન (૩) આલંબન-દાન

એમાં અરિહંત પરમાત્માએ જગતને કેવા કેવા અનન્ય અદ્ભૂત તત્ત્વોનો પ્રકાશ આપ્યો ! એની ભાવના કરવાની.

અનન્ય તત્ત્વ એટલે જગતને બીજા કોઈ ધર્મ-ફિરસ્તાએ જે તત્ત્વોનો પ્રકાશ ન આપ્યો હોય એવા તત્ત્વો.

અમારે કલકત્તા જતાં વિહારમાં બનારસ આવ્યું. ત્યાં અમને વર્ષો પહેલા ન્યાય અને દર્શન શાસ્ત્રો ભણાવનાર પંડિતજી મળ્યા. એ સંસ્કૃત યુનિવર્સિટીના પી.એચ.ડી.ની ડિગ્રી આપનાર રીસર્ચ ખાતાના ડાયરેક્ટર હતા. એમણે મને કહ્યું, તમારે યુનિવર્સિટીમાં એક લેકચર આપવું પડશે.

મેં કહ્યું 'કયાં વિષય પર ?'

એ કહે, 'જૈન ધર્મકી વિશ્વકો વિશિષ્ટ દેન.' એ વિષય પર અર્થાત્ જૈન ધર્મે, જગતને એવી વિશિષ્ટ બક્ષિસ કઈ આપી કે જે કોઈ ધર્મે ન આપી હોય.

કેવો વિષય આપ્યો ? મને કસોટીમાં ઉતાર્યો. યુનિવર્સિટીના લેક્ચરમાં મોટા મોટા વેદાન્તિ બોદ્ધ વગેરેના પ્રોફેસરો, આચાર્યો હોય એમની આગળ જૈન ધર્મના એવા વિશિષ્ટ અનન્ય તત્ત્વ મૂકવાના કે જેના સામે એ વિરોધ ન કરી શકે.

મેં કહ્યું, 'આ તો બહુ સરસ વિષય !'



કેમ ભય ન લાગ્યો કે આપણે કોઈક તત્ત્વ વિશિષ્ટ અનન્ય તરીકે કહીએ ને સામેથી પડકાર કરે તો કે આ તો બીજા ધર્મમા પણ છે ?

'ભય એટલા માટે ન લાગ્યો કે ખાતરી હતી કે જૈન ધર્મના એવા અનેરાં તત્ત્વ છે કે જેનાથી ચડિયાતા શું પણ જેની હરોળમાં આવી શકે એવા તત્ત્વ બીજા કોઈ ધર્મમાં નથી.'

આ ખાતરી હતી સીતાજીને; એટલે જાણો છો ને કે એમને રામચંદ્રજીએ જંગલમાં તરછોડાવી દીધા. ત્યારે એમણે રામને શો સંદેશો મોકલ્યો ? રામના આદેશથી સેનાપતિ શિખરજી જાત્રા કરાવવાના બહાને રથમાં લઈ સીતાજીને અધરસ્તે જંગલમાં કહે છે, 'સ્વામીનો આદેશ છે કે લોક તમારી પરપુરુષ રાવણને ત્યાં રહી આવ્યા. એવી નિંદા કરે છે. મને નિંદે છે કે આવીને શું જોઈ ઘરમાં ઘાલી મૂકી છે ? તેથી તમને કાયમ માટે જંગલમાં છોડી દેવા.'

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૨૩,તા.૨૧-૨-૧૯૮૧

## (૯૧) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૫

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

સીતાજી તરત રથમાંથી ઊતરી જઈ કહે છે, 'ભલે આમાં લોકનો કે સ્વામીનો દોષ નથી, દોષ મારા પૂર્વ કર્મનો છે, પૂર્વે કોઈના પર મેં આરોપ ચડાવ્યો હશે તેથી મારા પર આ આરોપ ચડ્યો, ફિકર નહિ, કર્મ ભોગવી લઈ ખત્મ કરવાના.'

સેનાપતિ પૂછે, 'તમારે સ્વામીને કાંઈ સંદેશો કહેવો છે ?'

સીતા કહે, 'કહેજો કે જેમ લોકોની નિંદાથી મને છોડી, તેમ કાલે તમારા જૈન ધર્મની નિંદા કરે તો પણ જૈન ધર્મ છોડતા નહિ. કેમકે મને છોડવાથી તમને બીજી સારી પત્ની નહિ મળે એમ નહિ, મળશે અને તેથી તમારો મોક્ષ અટકી જશે એમ પણ નહિ, મોક્ષ થઈ શકશે. પરંતુ જો જૈન ધર્મ છોડ્યો છે તો બીજો સારો તો શું, પણ જૈન ધર્મની હરોળનો ધર્મેય નહિ મળે, અને તેથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.' સીતાજીએ આમ કેમ કહ્યું ? તેઓ જાણતો હતા કે જૈન ધર્મમાં જે વિશિષ્ટ તત્ત્વો છે તે બીજા ધર્મમાં નથી.

ત્યાં બનારસ યુનિવર્સિટી હોલમાં અમે ગયા. અને પ્રવચનમાં વિશ્વને જૈન ધર્મની વિશિષ્ટ બક્ષિસોની એકેક વાત બતાવતા કહ્યું કે જૈન ધર્મે જે એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીનું જીવ-વિજ્ઞાન આપ્યુ છે. એવું કોઈ ધર્મે નથી આપ્યું. પૃથ્વીકાય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

જીવ, અપ્કાય જીવ, વગેરે એકેન્દ્રિય જીવો છે. એવું કોણ કહે છે, જૈન ધર્મ જ. જ્યારે જગતમાં પાંચ ઇન્દ્રિયવાળા જીવ છે, ચાર ઇન્દ્રિયવાળા જીવ છે, ત્રણ ઇન્દ્રિયવાળા અને બે ઇન્દ્રિયવાળા જીવ છે, તો પછી એક ઇન્દ્રિયવાવા જીવ પણ હોય જ એ યુક્તિસિદ્ધ છે.

(૨) હવે જ્યારે જૈન ધર્મનું જીવ-વિજ્ઞાન અનન્ય છે, તો પછી જૈન ધર્મે એ જીવોની જે અહિંસા ઉપદેશી છે એ પણ અનન્ય છે. સ્વાભાવિક છે કે જ્યારે બીજા ધર્મોમાં આટલું એકેન્દ્રિય સુધીના જીવોનું વિજ્ઞાન જ નથી તો ત્યાં એની અહિંસાનો ઉપદેશ ક્યાંથી હોય ?

(૩) ત્યારે મોક્ષ માટે અહિંસા તો પાયાનો ધર્મ છે. જ્યારે એ પૂર્ણ કોટિની અહિંસાનો માર્ગ પણ જૈન ધર્મમાં જ મળે, એ સ્વાભાવિક છે, તો આમ સંપૂર્ણ મોક્ષ-માર્ગ પણ જૈન ધર્મની વિશિષ્ટ બક્ષિસ ગણાય.

(૪) વળી, 'વિરતિ-માર્ગ' પણ જૈન ધર્મની જ વિશિષ્ટ બક્ષિસ છે. બીજા ધર્મો પાપ-દુષ્કૃત સંબંધમાં એટલું જ કહે છે કે 'કરે તે ભરે.' જૈન ધર્મ આગળ વધીને કહે છે કે 'વરે તે ય ભરે.' અર્થાત્ પાપ-દુષ્કૃત્ય કદાચ વર્તમાનમાં કરતો ન હોય, પરંતુ દુષ્કૃત્યને હૈયાથી વરેલો હોય, તો ય તેને પાપ લાગે, અને એનું ફળ ભરવું પડે, ભાગવવું પડે. માટે પાપથી બચવા હિંસાદિ દુષ્કૃત્યની વિરતિ કરવી પડે. વિરતિ એટલે કે વિરામની યાને ત્યાગની પ્રતિજ્ઞા કરવી પડે.

● વિરતી કરો એટલે પાપની સાથે કાયદેસર છૂટા છેડા.

એ જો પાપ-ત્યાગની વિરતિ-પ્રતિજ્ઞા નથી કરતો તો એનો અર્થ એ કે હાલમાં હિંસા, મૃષાભાષણ આદિ નથી કરતો. પરંતુ એના દિલમાં એ પાપોની અપેક્ષા બેઠી છે કે મારે પ્રતિજ્ઞા નથી તેથી અવસર આવ્યે હું હિંસાદી કરી શકીશ. અને હિંસાદીનું આચરણ એ જેમ પાપ છે, દુષ્કૃત્ય છે, એમ એની અપેક્ષા એ પણ દુષ્કૃત્ય છે, પાપ છે. માંસ નહિ ખનારો જો મનમાં અવસરે ખાઈ લેવાની અપેક્ષા રાખે તો તે શું પાપ નથી ?

જૈન ધર્મે પાપની અપેક્ષા તોડવા વિરતિ માર્ગ કહ્યો છે; એ એની વિશ્વને અનન્ય બક્ષિસ છે, જીવને હિંસાદિ સાથે અનાદિના સંબંધ છે. એની વિરતિ કરો એટલે એ પાપની સાથે કાયદેસર છુટાછેડા થયા. પછી એનો ભાર તમારા માથે નહિ. વ્યભિચારણિ પત્ની સાથે પતિએ કાયદેસર છુટાછેડા લીધા એટલે એના ભરણ પોષણનો ભાર પતિના માથેથી ઊતરી જાય છે ને ?

(૫-૬-૭) પછી તો યુનિવર્સિટીમાં પ્રવચનમાં જૈન ધર્મની વિશિષ્ટ બક્ષિસ તરીકે કર્મ સિદ્ધાંત, ૧૪ ગુણસ્થાનક અને સ્યાદ્વાદ સિદ્ધાન્ત સમજાવ્યો. કર્મ સિદ્ધાન્તમાં



જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ અને એના ૧૫૮ ઉત્તરભેદો આવે, એના બંધ-ઉદય ઉદીરણા, સત્તા, સંક્રમણ, ઉદ્વર્તના-અપવર્તના, ઉશમના-ક્ષપણા-નિધત્તિ નિકાચના વગેરે કરણો આવે. ૧૪ ગુણસ્થાનકમાં આત્માની મિથ્યાત્વના પહેલા ગુણસ્થાનકથી અયોગી કેવલી નામના ૧૪ માં ગુણસ્થાનક સુધીની ઉત્ક્રાંતિનો ક્રમ આવે.

સ્યાદ્વાદ સિદ્ધાન્ત એટલે વસ્તુનો સાપેક્ષ રીતે વિચાર, એનો સિદ્ધાન્ત આવે. એટલે દા.ત. એક અપેક્ષાએ વસ્તુ છે; એની સાથે જ બીજી વસ્તુ નથી. જેમકે ઘડો માટીનો છે, પરંતુ સોનાનો નથી. ગઈકાલ વાપરવા લીધેલ ઘડો આજે વાપરવા લીધેલા ઘડાની અપેક્ષાએ જુનો છે, પરંતુ ત્રણ દિ' પહેલાંના ઘડા કરતાં જુનો નહીં પણ નવો છે.

એક કલાકના પ્રવચનમાં કેટલું બતાવાય ? પ્રવચનના અંતે યુનિવર્સિટીના ધાર્મિક બંગાળી વાઈસ ચાન્સેલરે ઉપસંહાર કરતા કહ્યું. 'મહારાજે જે વિરતિ-માર્ગ બતાવ્યો એ બહુ માર્કાની વાત કરી. કેમકે મને એકવાર તાવ આવેલો. ડૉક્ટરે ગોળી આપી તે મેં ખાઈ લીધી. પણ પછી વિચાર આવ્યો કે આમાં અભક્ષ્ય જેવું તો કોઈ નહિ હોય ? જો મારે વિરતિ હોત, અભક્ષ્ય-ત્યાગની પ્રતિજ્ઞા હોત તો ડૉક્ટરને પહેલો જ પૂછી લેત કે 'આમાં કાંઈ અભક્ષ્ય જેવું તો કોઈ નથી ?' એમ ધારો કે તમે જંગલમાંથી ચાલ્યા જતાં ઝાડ નીચે રૂપિયાની થેલી જુઓ છો. જો તમારે અદત્તાદાનની વિરતિ અર્થાત્ ધણીએ નહિ આપેલું નહિ લેવું એવી પ્રતિજ્ઞા નથી તો થેલી લેવા મન લલચાશે. લેવા જશો ને કદાચ ધોખામાં પડશો. વિરતિ હશે તો એને અડ્યા વિના ચાલ્યા જશો, ને નિર્ભય.

યુનિવર્સિટીના પ્રવચનનું આ બધું કહેવાનો પ્રયત્ન એટલા માટે છે કે 'આના આધારે પ્રભુની પદસ્થ-અવસ્થાનું ચિંતન કરી શકાય કે 'પ્રભુ ! તમે તીર્થંકર પદ પામી કેવા કેવા અદ્ભુત અનન્ય તત્ત્વ કહ્યા !' એમ કહી એકેક તત્ત્વ પર વિસ્તૃત ચિંતન રજૂ કરી શકાય. આ ચિંતનમાં જેમ પ્રભુના ૩૪ અતિશયોના ઐશ્વર્યનું ચિંતન કરવાનું એમ પ્રભુના ઉપકારનું ચિંતન કરવાનું છે. એ ઉપકારમાં પહેલો ઉપકાર પ્રભુએ તત્ત્વપ્રકાશ આપ્યો એ ચિંતવવો છે તે પૂર્વે કહેવાયેલ સંક્ષેપને આમ ચિંતવાય :-

'હે જગદ્ગુરુ આપે કેવો અનન્ય તત્ત્વ-પ્રકાશ આપવાનો ભવ્ય ઉપકાર કર્યો ! આપે કેવું અનન્ય સૂક્ષ્મ ને વિસ્તૃત જીવ વિજ્ઞાન આપ્યું ! કેવો અનન્ય અહિંસા-માર્ગ બતાવ્યો ! કેવો અનન્ય મોક્ષમાર્ગ ને વિરતિમાર્ગ દેખાડ્યો ! કેવો કર્મ સિદ્ધાન્ત, સ્યાદ્વાદ સિદ્ધાન્ત, અને ૧૪ ગુણસ્થાનકનો ઉત્થાનમાર્ગ દેખાડ્યો ! વાહ રે વાહ ! ધન્ય મારા પ્રભુ ધન્ય ધન્ય તમારો તત્ત્વ પ્રકાશ !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## ૯૨ પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૬

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળા આધારે)

અનંત ઉપકારી જગદગુરુ અરિહંત પરમાત્માની ભક્તિના રહસ્યમાં પરમાત્માની પદસ્થ અવસ્થા અર્થાત્ તીર્થંકર પદ ભોગવી રહ્યાની અવસ્થાના ચિંતનનો વિષય વિચારી રહ્યા છીએ. એમાં પ્રભુની દ્રવ્ય-ભક્તિ કર્યા પછી ગભારાની બહાર પ્રભુની સામે ઊભા રહી હાથ જોડી પ્રભુને સંબોધીને તીર્થંકરપણાના ઐશ્વર્યરૂપે ૩૪ અતિશયોનું તથા તીર્થંકર પદ પામીને કરેલ તત્ત્વ-પ્રકાશની ઉપકારનું ચિંતન રજુ કરવાનું છે. તેથી વિચારણામાં અર્થાત્ એ તત્ત્વ-પ્રકાશમાં કેટલુંક વિચાર્યું છે, કેટલુંક હવે વિચારવાનું છે.

તીર્થંકર પ્રભુએ આપેલો વિશિષ્ટ તત્ત્વપ્રકાશ...

પ્રભુએ પ્રકાશેલ અનન્ય (૧) જીવ વિજ્ઞાન, (૨) અહિંસા તત્ત્વ, (૩) વિરતિ-તત્ત્વ, (૪) કર્મ સિદ્ધાન્ત-કર્મ તત્ત્વની કેટલીક વાત કરી છે.

(૫) અરિહંત પરમાત્માને કહીએ : 'પ્રભુ ! આપે ષડ્દ્રવ્ય અને પંચાસ્તિકાયનો કેવો અનન્ય તત્ત્વ-પ્રકાશ આપ્યો છે ! છ દ્રવ્ય તે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાય-જીવાસ્તિકાય અને કાળ. ધર્માસ્તિકાય એટલે જેમ માછલીને ચાલવા માટે સહાયક પાણી એમ, જીવ અને પુદ્ગલને ગતિમાં સહાયક છે. અરૂપી દ્રવ્ય છે, અને સમસ્ત લોક વ્યાપી છે. એવું જ અધર્માસ્તિકાય દ્રવ્ય તે સ્થિરતા કરવામાં સહાયક દ્રવ્ય છે. આકાશ તે બીજા દ્રવ્યોને રહેવા અવકાશ આપનારું આકાશાસ્તિકાય દ્રવ્ય છે, જીવાસ્તિકાય જીવ દ્રવ્ય છે. કાળ દ્રવ્ય વસ્તુમાં જુની નવી વર્તના ઊભી કરે છે. કાળ એ અસ્તિકાય નથી, કેમ કે 'અસ્તિ' = પ્રદેશોના, 'કાય' = સમૂહ. કાળ દ્રવ્યમાં મળે નહિ. કારણ જ્યારે ક્યારે પણ કાળ દ્રવ્ય માત્ર એક જ સમયરૂપ, અર્થાત્ કાળના એક જ અણુરૂપ વિદ્યમાન મળે. (૬) પ્રભુ ! આ દ્રવ્યો કાલ્પનિક નથી, સત્ છે અને સત્નું સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્તં સત્' એ આપે જ બતાવ્યું. એ કેવુંક ભવ્ય કે માણસ જો આ ધ્યાનમાં રાખે તો દુન્યવી સંપત્તિમાં પ્રાપ્તિની સાથે વિનાશ પણ દેખાયો રહે, તેથી ઉન્માદ ન થાય, વૈરાગ્ય બન્યો રહે.

(૭) આ ઉત્પાદ-વિનાશના હિસાબે દ્રવ્યમાં ગુણો અને પર્યાયોનું વિજ્ઞાન પ્રભુ ! તમે જ દેખાડ્યું છે. ગુણો વસ્તુમાં સમકાળવર્તી હોય છે. દા.ત. રૂપ-રસ-



ગંધ, જ્ઞાન-સમકિત-ક્ષમા વગેરે. ત્યારે પર્યાયો ક્રમવર્તી ધર્મોને કહે છે. દા.ત. ઘડો પહેલા ભુખરો, પછી લાલ, પહેલા કુંભારનો, પછી ખરીદનારનો વગેરે એમ જીવમાં બાલ્યાવસ્થા પછી કુમારાવસ્થા, પછી યુવાની વગેરે...એ ક્રમવર્તી ધર્મો (અવસ્થાઓ) છે. દ્રવ્ય એ સ્થાયી વસ્તુ છે, અને પર્યાયો એ એના પલટાતા ધર્મો છે.

**જૈન ધર્મનો આગવો સૂક્ષ્મ કર્મસિદ્ધાંત**

આમ નાથ ! દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન એ તમારી અનેરી બક્ષીસ છે.

(૮) **નવતત્ત્વ :** એમ જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ એ નવતત્ત્વ તો આપના જ પ્રરૂપેલા છે. કેવાં કમાલ તત્ત્વ ! એની શ્રદ્ધા- માત્રથી સમકિત મળે ! એમાં 'પુણ્ય-પાપ' એ ઈષ્ટ અનિષ્ટ શુભ-અશુભ કર્મ છે. 'આશ્રવ' એ કર્મ બંધના હેતુ છે. જેનાથી કર્મ આત્મા પર શ્રવી આવે, વહી આવે, તે આશ્રવ દા.ત. ઈન્દ્રિયાસક્તિ, કષાય, વગેરે. 'સંવર' એટલે કર્મ બંધાતા અટકાવનાર ઢાંકણ સમાન છે. દા.ત. સમિતિ-ગુપ્તિ વગેરે. 'બંધ' એટલે પહેલા કહ્યું તેમ આત્મા સાથે કર્મની થતી એકમેકતા. 'નિર્જરા' એટલે આત્મા પરથી કર્મનો વિયોગ. 'મોક્ષ' એટલે સર્વ કર્મનાશ થઈ આત્માનું અનંતજ્ઞાન-સુખાદિમય પ્રગટ થતું સ્વરૂપ, આમાં અજીવ તત્ત્વમાં એક વિભાગ કર્મ-પુદ્ગલનો બતાવ્યો. કર્મ તત્ત્વ અંગે પ્રભુને કહીએ કે,-

'નાથ ! આપે જે 'કર્મ' એટલે કે આત્મા પર કર્મ-અણુ કર્મ-પુદ્ગલ ચોંટે છે. એનો જે ભવ્ય પ્રકાશ આપ્યો એ બીજે ક્યાંય જોવા ન મળે. કર્મોની પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ, એ દરેકનો બંધ ઉદય, વગેરેનો અનન્ય પ્રકાશ આપ્યો.

મિથ્યાત્વાદિ કારણે આત્મા સાથે કાર્મણ સ્કન્ધો ચોંટી જઈ કર્મરૂપ બને છે. એના પ્રકૃતિ અનુસાર જુદા જુદા ભાગ છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. દા.ત. કોઈ કર્મનો જ્ઞાનનું આવરણ કરવાનો સ્વભાવ ને કોઈનો શાતા કે અશાતા આપવાનો સ્વભાવ, વગેરે નક્કી થાય તે પ્રકૃતિ બંધ.

દા.ત. ૨૦૦૦ કેન્ડલ પાવરના ગોળાનું લાઈટ જબરું, પરંતુ ઉપર ઝીણા ઝીણા કાણાવાળો ઘાસલેટિયો ડબો ઢંકાયો તો ધોરી લાઈટ (પ્રકાશ) આવરાયું. એમ જ્ઞાનાવરણ-કર્મની પ્રકૃતિ એવી કે આત્માના જબરા પણ જ્ઞાનને આવરી દે.

એમ કર્મોની સ્થિતિ એટલે કે એ કર્મના સ્કંધો ભોગવતા કયાં સુધી ચાલે તે કાળ, કર્મનો 'રસ' એટલે તીવ્રતા-મૃદુતા દા.ત. અશાતા વેદનીયનો મંદ રસ હોય તો ગુમડું, મોટું પણ પીડા બહુ અલ્પ હોય ને તીવ્ર રસ હોય તો નાની ફોડગી, પરંતુ ધોરી નસ પર એવી ઊઠી હોય કે ભારે લપકારાની પીડા આપે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

'પ્રદેશ' એટલે કર્મ-સ્કંધમાં રહેલ દલ (BULK).

આ પ્રકૃત્તિ-ચતુષ્ટયવાળા કર્મની પ્રક્રિયામાં બંધ-ઉદય-ઉદીરણા-સત્તા એમ સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના નિધત્તિ નિકાચના, ઉપશમના ક્ષપણા આવે એને કરણ કહે છે.

**કર્મ સિદ્ધાંતના કરણો :**

એમાં **'બંધ'** એટલે શું તે બતાવ્યું. **'ઉદય'** એટલે તે તે કર્મનો સ્થિતિ પામ્યે વિપાક થઈ ભોગવાવું. **'ઉદીરણા'** એટલે વહેલું ઉદયમાં તાણી લાવવું.

**'સત્તા'** એટલે આત્માની સિલિકમાં રહેવું.

**'સંક્રમણ'** એટલે નવા બંધાતા કર્મમાં જુના તે જાતના પણ વિરુધ્ધ-કર્મોમાંથી કેટલાકનું સંક્રિમત થઈ નવા રૂપે પરિવર્તન પામવું. દા.ત. અત્યારે મનના અશુભ ભાવથી અશાતા વેદનીય કર્મ બંધાતા હોય, એમાં જુના સજાતીય વિરુદ્ધ કર્મ અર્થાત્ શાતાવેદનીય કર્મ કેટલાંક આમાં ભળી અશાતારૂપ બની જાય. એમ વર્તમાનમાં શુભ ભાવે શાંતા બંધાતા હોય એમા પૂર્વના અશાતા ભળી શાતારૂપ થઇ જાય તે સંક્રમણ કહેવાય.

એમ **'ઉદ્વર્તના'** એટલે શુભ યા અશુભ ભાવે પૂર્વ બુદ્ધ કર્મોના સ્થિતિ અને રસ વધી જાય તે; ને **'અપવર્તના'** એટલે એ ઘટી જાય. દા.ત. કૃષ્ણ વાસુદેવ નેમનાથ પ્રભુને અને એમના મુનિઓને એટલા ઊંચા ભાવથી વંદન કર્યા કે પૂર્વ બદ્ધ સાતમી નરકની કાળ-સ્થિતિ અને રસની અપવર્તના થઈને ત્રીજી નરકની સ્થિતિ અને રસ સુધી ઘટાડો થઇ ગયો.

**'નિધત્તિ'** એટલે કે કર્મોને એવા કરવા કે કર્મોમાં માત્ર ઉદ્વર્તના અપવર્તના થાય. બીજું કોઈ કરણ ન લાગે એ નિધત્તિ. નિકાચના એટલે કે સકલ કરણને અયોગ્ય હોવું તે. એ નિકાચનાવાળા કર્મ તે નિકાચિત કર્મ એ બહુ થોડા હોય. બાકી ઘણાં કર્મ અનિકાચિત હોય. અનિકાચિતનું સંક્રમણ, ઉદ્વર્તના વગેરે કશું થાય નહિ; એ નિકાચિત કર્મ અવશ્ય ભોગવવા જ પડે.

પ્ર.- તપથી નિકાચિત કર્મ તૂટે નહિ ?

ઉ.- ના, માત્ર ક્ષપક શ્રેણિમાં જ્ઞાનાવરણીયાદિ નિકાચિત પણ કર્મ તૂટી જાય. બાકી નહિ. શ્રેણિકને શ્રી વીરપ્રભુએ કહ્યું 'તારે નરકના કર્મ નિકાચિત બંધાયા છે, તે માત્ર ભોગવાઈને જ નષ્ટ થવાના બાકી અહીં એ તોડવાનો કોઈ ઉપાય નથી.'

હા,



તપ અને શુભ ભાવોથી અલબત્ત નિકાચિત કર્મ ન તૂટે પરંતુ એના અશુભ અનુબંધ તૂટી જાય.

એ લાભ તપથી ને શુભ ભાવથી થયો કહેવાય.

**'ઉપશમના'** એટલે કર્મને એવા શમાવી દેવા કે અમુક કાળ સુધી એનો ઉદય જ ન થાય તે. પરંતુ પછી ઉદયમાં આવી જાય. **'ક્ષપણા'** એટલે કે કર્મો સર્વથા તૂટી જાય તે. ક્ષપક શ્રેણિમાં આ ક્ષપણા બનતી આવે ઉપશમ શ્રેણિમાં ઉપશમના થતી આવે.

(૭) આ બંધ-ઉદય વગેરે બધુંય વળી ૧૪ ગુણ સ્થાનકના પ્રત્યેક ગુણસ્થાનકે અને તે ય જીવ વિશેષે કેવું કેવું બનતું આવે એનો મહા વિસ્તૃત વિચાર છે. ત્યારે પ્રભુને કહીએ છીએ,-

'નાથ ! તમે એક કર્મ-તત્ત્વનો પણ આ કેવો અતિ વિસ્તૃત અને સૂક્ષ્મ મહાપ્રકાશ આપ્યો કે જે જગતના કોઈ ધર્મ-ફિરસ્તાએ નથી આપ્યો !'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૨૬,તા.૧૪-૩-૧૯૮૧

## (૯૩) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૭

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

**(૯) ૧૪ ગુણસ્થાનક એ આત્માનો ઉત્ક્રાન્તિક્રમ છે.**

(૧) પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે જગતના લગભગ બધા જ જીવો છે.

(૨) બીજું સાસ્વાદન એ સમ્યકત્વથી પતન પામતા આવે છે.

(૩) ત્રીજું મિશ્ર ગુણસ્થાનક મિથ્યાત્વ સમ્યકત્વ વચ્ચેની અવસ્થા છે.

(૪) ચોથું સમ્યકત્વનું ગુણસ્થાનક છે. એ મિથ્યાત્વ સાથે અનંતાનુબંધીને અર્થાત્ અતિ ઉગ્ર કોટિના એટલે કે નિર્ભીક આંધળા વિષયરાગને તોડવાથી આવે છે. એટલે સમ્યકત્વના બે અંશ, (૧) વિષય-વૈરાગ્ય (૨) સુદેવ-સુગુરુ-સદ્ધર્મની શ્રદ્ધા, તત્ત્વ-શ્રદ્ધા.

(૫) વિષયરાગમાં ભય લાગ્યા પછી રાગ પોષક હિંસાદિ પાપોની અંશે વિરતિ (ત્યાગ-પ્રતિજ્ઞા) એ દેશવિરતિ ૫ મું ગુણસ્થાનક.

(૬) એ પાપોની સર્વેસર્વા વિરતિ એ ૬ ઠું સર્વ વિરતિ પ્રમત્ત ગુણસ્થાનક.

(૭) પ્રમાદ ટાળ્યાથી ૭ મું અપ્રમત્ત ગુણસ્થાનક.

(૮-૯-૧૦) એમાં અપૂર્વ સામર્થ્ય પ્રટાવી ક્રમશઃ (૮મું અને ૯મું) અપૂર્વ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

કરણ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે ચડી સર્વ કષાયનો ક્ષય કરતાં સૂક્ષ્મ કષાય રહે, તે ૧૦મું સૂક્ષ્મ સંપરાય (કષાય) ગુણસ્થાનક.

(૧૧) જો કષાયના ક્ષયને બદલે ઉપશમ કરતો ૮-૯-૧૦ મે ચડે તો ૧૦ મા ને અંતે સર્વથા કષાય ઉપશમે તે ૧૧ મું ઉપશાન્ત મોહ ગુણસ્થાનક.

(૧૨) પરંતુ જો ત્યાંથી ક્ષયનો પુરુષાર્થ ચાલ્યો તો ૧૦ મા ને અંતે સૂક્ષ્મ પણ કષાયનો ક્ષય કરી ૧૨ મું ક્ષીણમોહ (વીતરાગ) ગુણસ્થાનક આવે.

(૧૩) ત્યાં ૧૨ મા ના અંતે જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાયનો સર્વથા ક્ષય કરી ૧૩ મું સયોગી કેવળી ગુણસ્થાનક આવે.

(૧૪) ત્યાં અંતે જીવનનો ૫ હ્રસ્વાક્ષર અ-ઈ-ઉ-ઋ-લૃ ના ઉચ્ચારણ જેટલો કાળ બાકી રહે તે પૂર્વે ૧૩ મે ગુણસ્થાનકે શૈલેશીકરણથી સર્વ યોગ-નિરોધ કરી અહીં ૧૪ મેં શૈલેશી અવસ્થામાં અયોગી કેવળીપણે સર્વ કર્મ ક્ષય કરી આયુષ્ય પૂર્ણ કરીને અંતે સિદ્ધ બુદ્ધ મુક્ત બને છે. "પ્રભુ ! આ કેટલો સુંદર અને સાયન્ટિફિક આત્મ-ઉત્થાન કર્મનો અનન્ય પ્રકાશ આપવાનો અપ્રતિમ ઉપકાર કર્યો !"

આ ચૌદ ગુણસ્થાનકમાં ચોથા ગુણસ્થાનકથી સમ્યક્ત્વ વણાયેલું રહે છે, એ મહત્ત્વનું છે. એ માટે માત્ર મિથ્યાત્વ ટાળવું બસ નથી. સમ્યક્ત્વમાં બે અંશ (૧) તત્ત્વ શ્રદ્ધા અને (૨) વૈરાગ્ય. તત્ત્વમાં મોક્ષતત્ત્વે મોક્ષની રુચિ જોઈએ. એમ સાથે ભવની અરુચિ-વૈરાગ્ય પણ જોઈએ જ ને ? એ માટે અતિ ઉગ્ર કોટિના અનંતાનુબંધી રાગ-દ્વેષ ન જોઈએ.

અનંતાનુબંધી રાગ એટલે કે અતિ ઉગ્ર કોટિનો રાગ અને કષાયો, અર્થાત્ આંધળા નિર્ભીક રાગ અને કષાયો જે રાગ અને કષાયો કર્તવ્ય લાગે, એમાં કશું ખોટું ન લાગે, તે આંધળા રાગ-કષાયો. "પોતાના શરીર પર, પૈસા પર, પરિવાર પર રાગ કરીએ એમાં શો વાંધો ? હરામી પર ક્રોધ તો કરવો જ જોઈએ, નહિતર માથે ચડી બેસે." આવા કર્તવ્ય માનેલા રાગ ને કષાયો હોય ત્યાં સુધી સમ્યક્ત્વ ન આવે. સમ્યક્ત્વ માટે વૈરાગ્ય પણ જોઈએ.

વૈરાગ્ય એટલે રાગ તથા કષાયો અને જગતના વિષયો આત્માની બરબાદી કરનારા લાગે. એ ભવવૈરાગ્ય શાલિભદ્ર જેવાના અંતરમાં હતો તેથી એ સાકર પરની માખી જેવા હતા. માખી સાકરનો સ્વાદ લે, પરંતુ ઠબકો લાગતા ઊડી જાય, એમ શાલિભદ્ર વિષયોનો સ્વાદ લેતા પરંતુ જરાક 'શ્રેણિક આપણો માલિક' એ શબ્દ શ્રવણ થતા ઊભા થઈ ગયા ! "શ્રેણિક માલિક ? માલિક તો એક મહાવીર" એ માટે ચારિત્ર લઈ લીધું.



પૂર્વે નિરાશંસ ભાવે દાન દીધેલું તેથી અહીં શુભાનુબંધી પુણ્ય લઈ આવેલા. 'પુણ્ય સાથે વૈરાગ્ય લઈ આવેલા. ત્રિપૃષ્ઠ, બ્રહ્મદત્ત, સુભૂમ વગેરેએ પૂર્વ ભવે મનમાં વિષયોની આશંસા ઘાલેલી એ ઝેરી મોહના કણિયા હતા તેથી એમને અહીં અશુભાનુબંધી પુણ્ય આવ્યું એમાં વૈરાગ્યના ફાંફા.

ઘાણીમાં પીલાતા મુનિઓ અલબત પાપકર્મ લઈને આવેલા. પરંતુ શુભાનુબંધી એટલે કે વૈરાગ્ય આદિ સદ્બુદ્ધિના સંસ્કારવાળા પાપકર્મ તેથી ત્યાં શરીર પર પણ રાગ ન રાખ્યો. યંત્રમાં પીલાવાની ઘોર વેદના છતાં જ્વલંત વૈરાગ્ય ! ને એના પર ક્રમશ ૭મા, ૮મા, ૯મા, ૧૦મા ગુણઠાણે ચડી વીતરાગતાએ પહોંચ્યા ! ૧૩ મે કેવળજ્ઞાન અને ૧૪ મા ના અંતે મોક્ષ પામી ગયા !

૧૪ ગુણસ્થાનકોનો આ વ્યવસ્થિત ક્રમ અને એ પમાડનાર વ્યવસ્થિત ૧૨ વ્રતનો શ્રાવક ધર્મ તથા ૧૦ યતિધર્મ વગેરે જોઈ પાશ્ચાત્ય વિદ્વાનો હર્મન જેકોબી, પ્રો. સુષ્ટર, લેડી ક્રાઉઝે, બર્નાડ શો વગેરે જૈન ધર્મના જ ચાહક બની ગયા હતા.

**(૧૦) નયજ્ઞાન :-**

(૧૦) પદસ્થ-અવસ્થાનું ચિંતન કરીએ : 'પ્રભુ ! તમે કેવા અવ્વલ તત્ત્વપ્રકાશ આપ્યો ! પ્રમાણજ્ઞાન અને નયજ્ઞાન : એમાં નયજ્ઞાન તો આપની જ ભેટ ! 'નય' એટલે દૃષ્ટિ વસ્તુને અંશે જોવાની દૃષ્ટિ. એમાં અપેક્ષા હોય છે. દા.ત. રામ પુત્ર પણ છે, ને પિતા પણ છે. પુત્ર એ પિતા હોય ? હા, દશરથની અપેક્ષાએ પુત્ર, અને લવણ અને અંકુશની અપેક્ષાએ પિતા. પર્વત બળે ? હા, એના પરના ઘાસની અપેક્ષાએ બળે છે, પત્થરની અપેક્ષાએ બળતો નથી. સમુદ્રનો એક ભાગ એ ભાગ છે. આખો સમુદ્ર નથી. પરંતુ એક ભાગમાં જતુ વહાણ 'સમુદ્ર લંઘે છે' એમ કહેવાય. એ નયજ્ઞાન, નયજ્ઞાન પર સાપેક્ષવાદ આવે છે. સાપેક્ષવાદ સ્યાદ્વાદ એ નિશ્ચયવાદ છે, સંશયવાદ નથી. શંકરાચાર્ય આ સમજવું ભૂલ્યા, ને સ્યાદ્વાદને સંશયવાદ કહ્યો. પરંતુ એમના અનુયાયી ગુજરાત કૉલેજના પ્રોફેસરને હિંદુ યુનિવર્સિટીના એક વખતના ઉપકુલપતિ પ્રો. આનંદશકર ધ્રુવે લખ્યું. સ્યાદ્વાદ ને સંશયવાદ કહેનાર શંકરાચાર્ય જૈનોના સ્યાદ્વાદ-સાપેક્ષવાદને સમજી શકયા નથી, તેથી ભ્રાન્તિથી એમ કહે છે. વસ્તુ જુદી જુદી અપેક્ષાએ વિરુદ્ધ સ્વરૂપવાળી હોય છે. જેમકે ત્રીજી આંગળી નાની પણ છે. મોટી પણ છે, એ જ્ઞાન નિર્ણયાત્મક છે, સંશયરૂપ નહિ.

પ્રભુ ! તમે નયજ્ઞાન સાથે સપ્તભંગીનો કેવો સુંદર પ્રકાશ આપ્યો !

**(૧૧) સપ્તભંગી** એટલે વસ્તુનો કોઈ એક ધર્મ લઈને સાત વિધાન થાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દા.ત. આત્મા નિત્ય છે, અને નિત્ય નથી પણ. આત્મત્ત્વ-ચૈતન્ય શાશ્વત છે, એ અપેક્ષાએ આત્મા નિત્ય. પરંતુ આત્મામાં દેવત્વ મનુષ્યત્વ એમ બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાની વગેરેની અપેક્ષાએ આત્મા નિત્ય નહિ, પણ પલટાતો છે; તેથી અનિત્ય છે. તો બંને અપેક્ષાએ કેવો ? નિત્યાનિત્ય નહિ, પણ ત્યાં 'અવક્તવ્ય' છે. કેમકે એક અપેક્ષાએ નિત્ય જ છે. બીજી અપેક્ષાએ અનિત્ય જ છે. કોઈ એક જ અપેક્ષાએ બે વિધાન ન થાય. માટે બંને અપેક્ષાએ એક સાથે અવકતવ્ય છે. પણ ક્રમશઃ કહેવું હોય તો નિત્ય પણ, અને અનિત્ય પણ છે. એ ચાર ભાંગા પછી નિત્ય અને અવકતવ્ય. અનિત્ય અને અવકતવ્ય એમ સપ્તભંગી બની.

**(૧૧) ધ્યાનતત્ત્વ :-**

(૧૧) પ્રભુ ! આપે ધ્યાન-તત્ત્વ પણ અનન્ય બતાવ્યું. બીજાઓ ધ્યાન કરો કહે છે, ધ્યાનના પ્રકારો બતાવે છે, પરંતુ પહેલાં અશુભ ધ્યાન રોકો પછી જ શુભ ધ્યાન લાગે. માટે ધ્યાન ૪ પ્રકારે : આર્તધ્યાન ને રૌદ્રધ્યાન એ બે અશુભ ધ્યાન, ધર્મધ્યાન-શુકલધ્યાન એ બે શુભધ્યાન. એ જૈન ધર્મ કહે છે. એ દરેકના પાછા ૪-૪ પ્રકાર દા.ત. **આર્તધ્યાન** એ ચાર પ્રકારે આ રીતે કે,-

(૧) ઈષ્ટના અવિયોગ કે સંયોગ સંબંધી

(૨) અનિષ્ટના અસંયોગ કે વિયોગ સંબંધી

(૩) વેદના સંબંધી

(૪) પૌદ્‌ગલિક તીવ્ર આશંસા સંબંધી. આ ન મિટાવો ત્યાં સુધી ધર્મધ્યાન શાનું લાગે ?

**ધર્મ ધ્યાન** (૪ પ્રકારે) છે,-

(૧) જિન (સર્વજ્ઞ) ની આજ્ઞા અંગેનું.

(૨) રાગાદિના અપાય (અનર્થ) અંગેનું.

(૩) કર્મના વિપાક અંગેનું.

(૪) સંસ્થાન યાને વિશ્વરચના અને વિશ્વ તત્ત્વો અંગેનું આ ધ્યાનતત્ત્વ.

**(૧૨) યોગતત્ત્વ :-**

(૧૨) પ્રભુ ! તમે યોગતત્ત્વ પણ કેવું અનુપમ બતાવ્યું. મોક્ષ સાથે યોજી આપે એ યોગ. 'અધ્યાત્મં ભાવના ધ્યાનં સમતા વૃત્તિ સંક્ષયઃ' એ પાંચ યોગ છે. એમ મિત્રાતારા વગેરે ૮ યોગ દૃષ્ટિ ખરેખરી આપે બતાવી ! ભગવાનની પદસ્થ અવસ્થામાં તીર્થંકર પદે આવ્યા પછી પ્રભુએ આવા અનન્ય તત્ત્વોનો પ્રકાશ આપ્યો તે ચિંતવવાનો છે.





## (૯૪) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૮

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

અનંત ઉપકારી ત્રિલોકનાથ અરિહંત પરમાત્માની મહાતારક ભક્તિના રહસ્ય, જિન મંદિરમાં આરાધવાના ૧૦ ત્રિકના આધારે વિચારી રહ્યા છીએ. એમાં પાંચમા ત્રિક 'અવસ્થા-ચિંતન' માં પ્રભુની પદસ્થ અવસ્થાનો વિચાર ચાલે છે.

પરમાત્માના તીર્થંકર પદના ભોગવટા વખતે ૩૪ અતિશયથી પ્રભુના લોકોત્તર ઐશ્વર્યનો અને પ્રભુના ઉપકારમાં તત્ત્વ-પ્રકાશ આપવાનો કેવો ઉપકાર કરે છે એનો વિચાર કર્યો. આમાં ઈતિહાસ-તત્ત્વ ઉમેરી લેવાનું, 'પ્રભુ ! તમે ભરત, બાહુબલિ, વગેરે મહાપુરુષોના કેવાં કેવાં ચરિત્ર આપ્યા કે જેનો બીજા ધર્મોના ચરિત્રોમાં જોટો ન મળે. આ તત્ત્વ-પ્રકાશ-દાનનો ઉપકાર વિચાર્યો.

આમાં નવતત્ત્વનો પ્રકાશ આવ્યો. એ ખૂબ ખૂબ ચિંતન-મનન યોગ્ય છે. પહેલાં તો જીવ અને અજીવ બે મુખ્ય તત્ત્વ. એમાં જીવ પોતાના જ્ઞાન, સુખ-દુઃખ વગેરે સ્વતંત્ર ગુણોથી અજીવ-કાયા વગેરેથી અલગ સ્વતંત્ર દ્રવ્ય છે. અજીવ તત્ત્વમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની માન્યતા જૈનોની જ. પુદ્‌ગલ દ્રવ્યમાં ઔદારિક વૈક્રિય વગેરે તે ઠેઠ કાર્મણ વર્ગણા કે જેમાંથી કર્મ બને છે, એ જૈનદર્શનમાં જ મળે છે. પુણ્ય-પાપ તત્ત્વ જીવને ઈષ્ટ-અનિષ્ટ આપનાર શુભાશુભ કર્મ તરીકે માન્યા વિના છુટકો જ નહિ. આખા વિશ્વ પર એનું સામ્રાજ્ય છે. એમાં ય પુણ્ય સાથે પાપના કઢંગા મિશ્રણ બહુ જોવા મળે; એથી જ સંસાર અસાર છે. આશ્રવ તત્ત્વ એ આત્મસરોવરમાં કર્મકચરો લાવનાર નીક જેવુ; એમાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ વગેરે નીક જેવા છે. એના પર ઢાંકણારૂપે સંવર તત્ત્વ જેથી કર્મકચરો આવતો અટકે. એમાં યતિધર્મ-મહાવ્રતો-ક્ષમાદિ-તપ આવે, ૨૨ પરીસહ, સમિતિ-ગુપ્તિ, ૧૨ ભાવના...વગેરે આવે. ત્યારે જુના કર્મકચરાને સાફ કરનાર નિર્જરાતત્ત્વ તો જૈનોનું જ. એમાં ૬-૬ પ્રકારે બાહ્ય-આભ્યંતર તપ આવે કે જે તીર્થંકર ભગવાન જેવા પણ આચરીને જ તીર્થંકર બને છે. છેલ્લું મોક્ષ-તત્ત્વ.

પ્ર.- જેમ જીવ સાથે અજીવ પુણ્ય સાથે પાપ, આશ્રવ સાથે સંવર, બંધ સાથે નિર્જરા, એમ મોક્ષ સાથે સંસાર-તત્ત્વ કેમ ન મૂક્યું ?

**વાહ પ્રભુ ! વાહ !**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઉ.- સંસારતત્ત્વ પાપ-આશ્રવ-બંધ તત્ત્વમાં સમાઈ જાય છે; માટે એને અલગ તત્ત્વ તરીકે નથી મૂક્યું.

હવે પ્રભુ **માર્ગ-દાન** પણ કેવું ભવ્ય કરે છે, એ વિચારવા પ્રભુને સંબોધીએ

'હે નાથ ! આપે આત્માના હિતકર મોક્ષ-માર્ગનું દાન કેટલું બધું અવ્વલ કોટિનું કર્યું ! જીવ-હિંસાદિ પાપ ન કરે છતાં જો વિરતિ નથી, અર્થાત્ પાપ-ત્યાગની પ્રતિજ્ઞા નથી, તો સઘળાં પાપ લાગે છે, માટે આપે વિશ્વમાં કેવો અનન્ય અદ્ભુત વિરતિમાર્ગ પાળવાનો આપ્યો !

**પંચાચારનો માર્ગ :-** ઉત્સર્ગ અને અપવાદ માર્ગ :-

હે જગદદયાળુ ! આ વિરતિ-માર્ગની આરાધના માટે આપે કેવો ભવ્ય પંચાચારનો માર્ગ આપ્યો. એ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારના ૮-૮ પ્રકાર તથા તપાચારના ૧૨ પ્રકાર અને વીર્યાચારના ૩૬ પ્રકાર કેવા અદ્ભુત કોટિના બતાવ્યા ! એમાં વળી ક્યારેક કટોકટીના પ્રસંગ આવે ત્યારે ભવ્ય જીવોના હિતાર્થે એ પંચાચારનો ઉત્સર્ગ-માર્ગમાં કેવા કેવા અપવાદ-માર્ગો પણ ઉપદેશ્યા, ને એ અપવાદ માર્ગમાં દૃષ્ટિ પણ કેટલી વિવેક ભરી ને દૂરંદેશિતા ભરી !

સાધુ-માર્ગમાં અહિંસાની પ્રતિજ્ઞા તે દા.ત. અપ્કાય જીવ પાણીને અડવાનું તો નહિ, પણ એના ભાજનને ય અડવાનું નહિ; 'રખે એથી ભાજનને સૂક્ષ્મ કંપ થતા પાણીના અતિ સૂક્ષ્મ જીવની હિંસા થાય !' આ પાણીના ભાજનને ય ન અડવાની અહિંસાના આચાર બતાવનારા આપે ચોમાસું કરી વિહાર માટે તત્પર સાધુને જરૂર પડયે પાણીમાં વિધિસર પગલાં ભરતા નદી ય ઓળંગી જવાનો અપવાદ-માર્ગ બતાવ્યો.

પ્ર.- કેમ વારુ, આટલી બધી ખુદ પાણીમાંથી ચાલી જવાની હિંસાનો માર્ગ બતાવ્યો ?

ઉ.- સાધુ જો એ હિંસા જોઈ વિહાર ન કરે, અને એ જ સ્થાને બેસી રહે, તો પરિચયમાં આવેલા લોકો પર રાગ થાય, મમત્વ થાય, એ ચારિત્રનો ઘાતક છે. સર્વવિરતિ ચારિત્ર અર્થાત્ ત્રીજી કષાય ચોકડી પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ છે. ત્રીજી કષાય ચોકડીનો એવો રાગ નહિ, એ જે ચારિત્ર-ગુણ એનો આ રાગ-મમત્વ ઘાત કરે.

વળી ભક્ત પર રાગ-મમતા થાય એટલે ભગત તો ગૃહસ્થ છે એ આવીને વાતચીતમાં સંસારની માંડે, દા.ત. 'જુઓને સાહેબ ! આજે સરકારી ટેક્ષ એવા વધી ગયા કે સીધા સીધા ચાલો તો લાખની કમાઈમાથી ૭૦ હજાર સરકારને ભરી દેવા પડે. એટલે પછી બે નંબરના ખોટા ચોપડા લખવા જ પડે ને ?' સાધુ



મમતાળુ થયા હોય એટલે આના જવાબમાં મતું મારે 'હાસ્તો !' આ શેમાં મતું માર્યું ? ચોરીમાં ! અનીતિમાં ! ત્યાં સાધુનું ત્રીજું મહાવ્રત ક્યાં રહ્યું ? માયા-પાપસ્થાનકનો ત્યાગ ક્યાં રહ્યો ? ભાંગીને ભુક્કો ! એમ ગૃહસ્થ સંસારની માંડે' જુઓને સાહેબ ! છોકરી મોટી થઈ હવે પરણાવવી તો પડે ને ? ત્યાં સાધુ ભક્તના રાગમાં તણાયેલો શું કહે ? આવું જ કાંક,- 'ખરી વાત' શું કર્યું આ ? છોકરી પરણીને અબ્રહ્મ સેવવાની, એકેક સંયોગે ૨ થી ૯ લાખ ગર્ભજ મનુષ્યોની હત્યા કરવાની, એમાં મતું માર્યુ ! મતું મરાય ? ચોથું મહાવ્રત કયાં રહે ?

સાધુ નદી ઓળંગી ન જાય, ને સ્થિરવાસ કરે એમાં આ કેવા અનર્થ ?

એમ, રાગી બનેલા ભગત સારી ચીજનો લાભ લેવા સાધુ માટે દોષિત ગોચરી ય બનાવે એવો સંભવ, સાધુને એ સેવવાના પ્રસંગ ઊભા થાય.

અથવા જે લોક સાધુના રાગી ન હોય એ સાધુ પર ઘૃણા કરે 'જુઓને આ અહીં પડ્યા ને પાથર્યા રહ્યા છે !' શરમે ય નહિ આવતી હોય ? આ તે સાધુ છે ?' અરિહંત દેવ, સાધુ, અને જૈનધર્મ પર ઘૃણા કરે એ દુર્લભ બોધિપણાનું કર્મ બાંધે, ને તેથી એને પરભવે મોટા તીર્થંકર પ્રભુ બોધ આપનાર મળે તો ય ધર્મ ન પામી શકે. દિલ ઘૃણાથી એવું કઠોર ને નઠોર બની ગયું, કે એના દિલને ધર્મ રુચે જ નહિ. તો બોલો નદી ઓળંગતા પાણીના જીવોની હિંસા થાય એ પાપ મોટું ? કે સાધુ સ્થિરવાસ રહેતા એ બધા ભારે ખતરનાક અનર્થો ઊભો થાય એ પાપ મોટા ?

ત્યારે સાધુને નદી ઊતરવાનો અપવાદ-માર્ગ મૂક્યો એ પણ સંયમના પાલન અર્થે. કેમકે એમ કરવાથી પેલા ઘાતક રાગ, દોષિત આહાર, ગૃહસ્થના અનીતિ-અબ્રહ્મ વગેરે પાપોમાં સંમતિ વગેરે સંયમ-ઘાતક અનર્થોથી બચી જવાયું તો જ સંયમને શુદ્ધ રાખી શકાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૧

## (૯૫) પરમાત્મ ભક્તિના રહસ્ય-૧૯

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

**પ્રાયશ્ચિત્ત માર્ગ :-**

વળી, પ્રભુ ! જ્યાં માર્ગ-પાલનમાં સ્ખલના થઈ ત્યાં એની શુદ્ધિ માટે કેવા કેવા પ્રાયશ્ચિત આપે બતાવ્યાં ! એની સૂક્ષ્મતા પાછી એવી કે સ્ખલના મોટી હોય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છતાં એમાં મનના પરિણામ એટલા ન બગડતા હોય તો પ્રાયશ્ચિત્ત નાનું ને સ્ખલના નાની સરખી દેખાતી હોય, પરંતુ પરિણામ ભારે બગડતા હોય તો પ્રાયશ્ચિત્ત મોટું.

દા.ત. પ્રમાદથી ચાલ્યા તે પગ નીચે વંદો કચડાઈ ગયો, તો પ્રાયશ્ચિત્ત નાનુ પણ જ્ઞાનીની ઉપરવટ જવાનું થાય તો પ્રાયશ્ચિત્ત મોટું. સિદ્ધસેન દિવાકરને વિચાર થયો કે "આગમો પ્રાકૃત ભાષામાં છે એટલે ગ્રામીણ ભાષામાં છે, એ બધાને સંસ્કૃતમાં કરી દઉં." એમ કરીને નવકાર સૂત્રને 'નમોર્હત્ સિંદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ' એમ સંક્ષેપમાં સંસ્કૃતમાં ઉતાર્યું તો ગુરુએ છેલ્લું પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું. એટલે કે ગચ્છ બહાર બાર વરસ સાધુવેશ છુપાવી સંન્યાસી વગેરે વેશે રહી શુદ્ધ ચારિત્ર પાળવાનું. કેમ આવી મોટી સજા ? કારણ આ, કે મહાજ્ઞાની ગણધર મહારાજાએ સમજીને જ બાળ જીવના બોધ આગમો પ્રાકૃતમાં રચેલા. હવે એ સંસ્કૃતમાં ફેરવવા એનો અર્થ એ કે એ ગણધર મહારાજાની ઉપરવટ થઈ એમને અબુઝ ઠેરવવા ! આવો મનનો પરિણામ એ ભારે સંક્લિષ્ટ પરિણામ છે; માટે એની શુદ્ધિ મોટા પ્રાયશ્ચિત્તથી થાય.

"પ્રભુ ! ત્યારે માર્ગદર્શનમાં આપ પ્રાયશ્ચિત્ત-વિધિ આપી એ કેટલી બધી યથાર્થ અને આત્મશોધક છે ! બીજા ધર્મમાં કેટલીકવાર ઢંગધડો નથી હોતો. દા.ત. કુવલયમાળા શાસ્ત્રમાં આવે છે કે એક ભાઈએ આવેશમાં પત્નીને મારી નાખવાના ઈરાદે અંધારે ઘા કર્યો. પરંતુ ઘા બેન પર જ લાગી ગયો ! પછી ખબર પડતાં આપઘાત કરવા તૈયાર થયો. તો બ્રાહ્મણોએ રોક્યો ને કહ્યું, 'પ્રાયશ્ચિત્તમાં બધુ દાનમાં દઈ દે, ને ગંગામાં જઈ સ્નાન કરે એટલે તારી શુદ્ધિ થઈ જશે.'

"આ પ્રાયશ્ચિત્ત કેવું ? ગુનો આત્માએ કર્યો, ને શરીરને ગંગામાં નવરાવવાનું ! તો શરીર-સ્નાનથી શરીર શુદ્ધ થાય કે આત્મા ? દાયાણી ઘી પીએ એટલે સુયાણી પુષ્ટ થાય એના જેવો ઘાટ થયો."

"પ્રભુ ! આપના શાસનમાં જે વિસ્તૃત અને સૂક્ષ્મ આચારમાર્ગ-અપવાદમાર્ગ અને પ્રાયશ્ચિત્તમાર્ગ છે. એના મોટા મોટા બૃહત્કલ્પ નિશીથ અને વ્યવહાર-સૂત્ર વગેરે જંગી મોટા શાસ્ત્રો ભર્યા પડયા છે. જગતના કોઈ ધર્મમા આ ન મળે; ને એવા આચાર-માર્ગ તથા શુદ્ધિમાર્ગ વિના મોક્ષ પણ શાનો મળે ?"

"ધન્ય ધન્ય પ્રભુ ! ધન્ય તમારું શાસન ! ધન્ય તમારો મોક્ષમાર્ગ ! તપાચારમાં છ પ્રકારના બાહ્ય તપને એવો બતાવ્યો કે જે મોટા તીર્થંકર બનનારને ય પહેલાં આચરવો પડે !"

**વિવિધ યોગ્યતાના માર્ગ :-**

"વળી પ્રભુ ! માર્ગદાનના ઉપકારમાં આપે વિવિધ યોગ્યતાના માર્ગ કેવા



કેવા સરસ આપ્યા ! (૧) સમ્યક્ત્વના માર્ગે આવવું છે ? તો પહેલા એની યોગ્યતા ઘડવા માર્ગાનુસારીના ૩૫ ગુણ કેળવો ! (૨) શ્રાવકના ૧૨ વ્રતના માર્ગે ચડવું છે ? તો પહેલા એની યોગ્યતાના ૨૧ ગુણ કેળવો (૩) ચારિત્ર લેવું છે ? તો એની પહેલા દીક્ષાની યોગ્યતાના ૧૬ ગુણ કેળવો. કેવા અદ્‌ભુત યોગ્યતા માર્ગ !"

"એમ નાથ ! આપના ધ્યાનમાર્ગ, વિનયમાર્ગ, પ્રભાવનામાર્ગ વગેરે પણ કેવા કેવા અદ્‌ભુત !" જિનશાસનની આ અનેકાનેક પ્રકારની અદ્‌ભુતતાઓ જોઈ હૈયું એના પર ઓવારી જાય. શાસન પર, શાસનના માર્ગો અને તત્ત્વો પર, 'અહો ! અહો ! ભાવ થાય. પછી જરૂર પડ્યે શાસનની આરાધના, પ્રભાવના, કે રક્ષા અર્થે પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દેવાય.

**આચાર્યની શાસન રક્ષાની તમન્ના :-**

રાજા સિદ્ધરાજ જયસિંહ પહેલાનો એક આચાર્યનો પ્રસંગ આવે છે. આચાર્યે અદ્‌ભુત શાસ્ત્ર રચી અને રાજાને ઉદ્‌ઘાટન વિધિ અર્થે જોવા આપ્યું. રાજાએ બ્રાહ્મણ પંડિતોના એક આગેવાનને જોવા આપ્યું. પંડિત ઘરે લઈ જઈ વાંચ્યું તો લાગ્યું કે આ શાસ્ત્રથી તો જૈનો જબદરસ્ત કીર્તિ ખાટી જશે ! તેથી ઈર્ષ્યાથી આચાર્યને હલકા પાડવા એણે રાતોરાત જુના કાગળ પર એની કોપી કરી લીધી, ને એના જુના કપડામાં પોથી બાંધી પોતાના પુસ્તક-સંગ્રહમાં મૂકી દીધી ! સવારે રાજાને કહે 'આ તો જુના શાસ્ત્રનો ઉતારો છે. મારે ત્યાં એ જુનું શાસ્ત્ર પડેલું છે, કહી લાવીને બતાવ્યું.'

રાજાને ગુસ્સો ચડ્યો. સભામાં આચાર્યને ધમકાવ્યા, 'આવી જુના શાસ્ત્રની ચોરી કરો છો ?' લોકોમાં આચાર્ય અને જૈનશાસનની ભારે ઠેકડી થવા લાગી. આચાર્યને ભારે આઘાત લાગ્યો, સમજે છે કે 'શાસ્ત્ર પોતે જ પોતાના અગાધ જ્ઞાન અને બુદ્ધિથી રચ્યું છે, પણ બ્રાહ્મણોએ ઈર્ષ્યાથી પ્રપંચ કર્યો લાગે છે, કિન્તુ હવે જૈનશાસનની હીલના અટકાવવી જોઈએ. શું આવા અનુપમ જિનશાસનની હીલના જોવા જીવતો રહું ?'

આચાર્યે ખાનગીમાં બે મુખ્ય શિષ્યો અને એક મુખ્ય શ્રાવકને સમજાવી દીધું કે 'હું શ્વાસ રોકીને મૃતવત પડી રહું છું. તમે જાહેર કરજો કે આચાર્ય પ્રપંચ થયાનું માની આઘાત લાગવાથી મરી ગયા. પછી સ્મશાન યાત્રાએ લઈ જજો. રસ્તામાં પેલા બ્રાહ્મણ પંડિતના ઘર પાસેથી જતા પંડિત કાંઈક બોલશે તો જીવતો બેઠો થઈશ. નહિતર મને ચિતામાં બાળી મૂકજો. લોકોને લાગશે કે જરૂર કાંક પ્રપંચ થયો ને આચાર્ય એના આઘાતથી મરી ગયા. બાકી એમનો કે જિનશાસનનો દોષ નથી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અનુપમ જિનશાસન પર ઓવારી જનાર આચાર્ય શાસન રક્ષાર્થે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર થઈ ગયા.

પછી તો રાજા અને દિવાન પણ આચાર્યની સત્યતા જાણી આવા મહાવિદ્વાન આચાર્યના આવા મૃત્યુથી દુખિત થઈ સ્મશાન યાત્રામાં જોડાયા. હજારો લોક પણ જોડાયા છે. પેલા પંડિતના ઘર પાસેથી જતાં પંડિતે રાજી થઇ બીજા પંડિતને પોતાનો પ્રપંચ કહ્યો. પણ એ સહૃદય પંડિત એ સહન ન કરી શક્યો. ને એણે જાહેરમાં પ્રપંચ ખુલ્લો કર્યો. આચાર્ય ત્યાં સળવળ્યા, બેઠા થયા, 'આઘાતથી અત્યંત-મૂર્ચ્છિત થઈ ગયેલા તે મૂર્ચ્છા ઊતરી' એમ લોકમાં જાહેર થયું. રાજાએ અને એ પ્રપંચી પંડિતે માફી માંગી જૈનશાસનનો અને આચાર્યનો જય-જયકાર થયો.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૩૧,તા.૧૮-૪-૧૯૮૧

## (૯૬) પરમાત્મ ભક્તિના રહસ્ય-૨૦

### (મુંબઈ રવિવારીય શિબિર-પ્રવચનમાળાના આધારે)

અરિહંત પ્રભુનો ત્રીજો ઉપકાર આલંબનદાનનો; આપણે જે કાંઈ અરિહંતના દર્શન-વંદન-પૂજન કરીએ, સ્તુતિ-પ્રશંસા-ગુણગાન કરીએ, જાપ-સ્મરણ-ધ્યાન, કરીએ વગેરે વગેરે એ અરિહંત પ્રભુને અવલંબીને કરીએ છીએ; તો પ્રભુ એ બધી સાધનામાં આપણને આલંબન આપે છે, એમ કહેવાય. એ પ્રભુનો આપણા પર પરમ ઉપકાર છે.

જુઓ, (૧) મંત્રસિદ્ધ, ગુરુની સમક્ષમાં શિષ્ય મંત્ર સાધના કરે છે તો મંત્ર સિદ્ધ થાય છે એ ગુરુના આલંબને જ થયો.

(૨) ધ્રુવ તારો કશું કરતો નથી છતાં, એના આલંબને જ નાવિક અંધારી રાતે સાચી દિશામાં નાવ હંકારી જાય છે.

(૩) જેમ કૂવામાં પડેલો માણસ કૂવામાં લટકતા દોરડાને અવલંબીને ઉપર આવે છે તો, જો કે દોરડાએ માણસને ઊંચકી ઉપર લાવવાનું કશું કામ નથી કર્યું. માણસે જ દોરડું પકડી ઉપર ચડવાની મહેનત કરી છે, છતાં ઉપર ચડવામાં આલંબન આપવા દ્વારા દોરડું ઉપકારક મનાય છે. દોરડું ન હોત તો શી રીતે ઉપર ચડવાનો હતો ? એનો ટેકો હતો તો જ ઉપર આવવાની ગતિ થઇ શકી. એમ અરિહંત બન્યા અને આપણને મળ્યા તો જ આપણને અર્હત્‌દર્શન અર્હદ્વંદન, અર્હતપૂજન...વગેરેનો લાભ મળે છે. સવારે પ્રભુદર્શને જઈએ ત્યાં આ કહેવું



જોઈએ કે પ્રભુ મને અર્હદ્દર્શનનો અનુપમ લાભ આપ્યો. એ આપનો કેટલો બધો ઉપકાર !'

**લાખના મુગટમાં વડાઈ કોની ?** આપણી ? કે પ્રભુની ?

બોલો, પ્રભુને લાખ રૂપિયાનો મુગટ ચડાવ્યો તો આપણે પ્રભુની શોભા કરી ? કે પ્રભુએ આપણા પર ઉપકાર કર્યો ? ભૂલા પડતા નહિ, પ્રભુ પ્રત્યે મહાન કૃતજ્ઞભાવ ગુમાવશો. અરિહંતને બદલે એજ મુગટ કોઈ મિથ્યાત્વી દેવને ચડાવો તો કેટલો લાભ મળે ? જાણો છો ? માળીએ જંગલમાંથી મળી આવેલું મોટું સુંદર કમળ પહેલાં તો શેઠને ભેટ આપ્યું. જો એ શેઠે રાખી લીધું હોત તો માળીને શું બહુ ખટાવત ? પરંતુ શેઠ કહે, 'હું આવા ભવ્ય કમળને લાયક નહિ, જા દિવાનને ભેટ કરું.' દિવાન કહે, 'મહારાજાને ભેટ કર.' રાજા કહે 'કોઈ મહાત્માને ભેટ કર' મહાત્મા કહે 'પરમાત્માને ચડાવ.' તો એણે નાહી ધોઈ કમળ જિનમંદિરે પ્રભુને ચડાવ્યું. એના લાભમાં એને દેવલોકે જન્મ મળ્યો ! તો આ સવાલ છે કે કમળ-પૂજામાં માળીએ પ્રભુની શોભા વધારી ? કે કમળ-પૂજામાં પ્રભુએ માળી પર ઉપકાર કર્યો ?

અરિહંતના આ ઉપકારને સમજતા નથી એટલે બોર્ડ પર લખવાનું મન થાય છે, 'પ્રભુની ફલાણાભાઈ તરફથી આંગી છે !' કેમ જાણે ભાઈ પ્રભુ પર આંગીનો ઉપકાર કરે છે ! ખરેખર તો પ્રભુ ભાઈ પર અર્હત્ પૂજાની મહાન સુકૃત-કમાઈનો ઉપકાર કરે છે.

શય્યંભવ બ્રાહ્મણને પ્રભુદર્શન મળ્યું તો એ પ્રભુના આલંબને દીક્ષા અને ઠેઠ પ્રભવસ્વામીના પટધર ચૌદપૂર્વી આચાર્યપદે પહોંચી ગયા !

એકલવ્ય ભીલ ગુરુદ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી એના આલંબને બાણવિદ્યાનો અભ્યાસ કરતા અર્જુન અને કર્ણને ટપી જાય એવો ધનુર્ધર બની ગયો ! મહેનત પોતાની પણ ભીલ રોજ ઉપકાર ગુરુનો માનતો.

અરિહંતનું મોટું શાસ્ત્ર લખો એમાં વડાઈ લેખકની નહિ, કિન્તુ અરિહંતની વડાઈ, અરિહંતનો ઉપકાર જોજો. અરિહંતની પૂજા-ભક્તિ-ધ્યાન-સત્કાર-સન્માન જે કાંઈ કરાય એમાં એ કરવાની વડાઈ નહિ, પણ અરિહંતની વડાઈ છે; કેમકે ભગવાન જો અરિહંત થયા, તો જ આપણને અરિહંતના દર્શન-પૂજાદિનો લાભ મળે છે. ઉપરાંત એ પણ હકીકત છે કે જો અરિહંતનું જ એ બધું થાય છે તો જ અનુપમ લાભ મળે છે ! માટે મેં કર્યું એવું અભિમાન નકામું છે.

માટે માનવભવથી માંડી ખાન-પાન-પૈસા-પરિવાર વગેરે જે કાંઈ અનુકૂળતા મળે છે, એમાં અરિહંતનો ઉપકાર માનતા ચાલો. તો અનુકૂળતાની પ્રત્યેક-વસ્તુએ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(આઇટમ) પ્રભુ-ભક્તિ કરવાનું મન થાય. દા.ત. લિટર દૂધ પીતા પહેલા ૦।-૦।। લિટર પણ પ્રભુના પ્રક્ષાલમાં લઈ જવાય.

**પદસ્થ-અવસ્થાના** ચિંતનમાં પ્રભુને સંબોધીને કહીએ, 'નાથ ! આપ અમારી બધી સાધનાઓમાં જબદરસ્ત અનન્ય આલંબન આપવાનો કેવો ભગીરથ ઉપકાર કરી રહ્યા છો !' એ પછી

**રૂપાતીત અવસ્થા :-**

રૂપાતીત અવસ્થાના ચિંતનમાં પ્રભુને કહીએ પ્રભુ ! સર્વ કર્મ ક્ષય કરી આપે કેવું સર્વ શ્રેષ્ઠ મોક્ષ-પદ-પામ્યા કે જે, અંતિમ પ્રાપ્તિ છે. હવે આગળ પ્રાપ્ત કરવાનું કશું જ કદી રહેતું નથી. એમાં પ્રભુ ! કેવી અનુપમ આપની રૂપાતીત-અરૂપી અવસ્થા ! કે આપને કોઈ કર્મ, કોઈ જ શરીર, કોઈ જ ઇન્દ્રિયો કે મન, વગેરેનો લેશ પણ સંબંધ નથી. એ સૌથી તદ્દન-અલિપ્ત કાયમી-અવસ્થા. એથી પ્રભુ ! આપને કશી શરીર-ઈન્દ્રિયો વગેરેની ગુલામી જ ન રહી ! કશી કર્મ-વિપાકદશાજ ન રહી ! તેથી શાતા-અશાતા, માન-અપમાન, યશ-અપયશ, વગેરે વિષમતાકારી દ્વન્દ્વો ભોગવવાના રહ્યા નહિ, સર્વથા સર્વતન્ત્ર-સ્વતંત્ર, અનંતજ્ઞાન-અનંતસુખાદિમય ભવ્યાતિભવ્ય તદ્દન નિર્મળ અવસ્થા જ અનુભવવાની ! સુખ કેટલું ? સર્વકાળના દેવોના એકત્રિત સુખને અનંત વર્ગ કરી થાય એટલું સિદ્ધના એક પ્રદેશે સુખ.

**છેલ્લા પાંચ ત્રિક :-**

(૬) પરમાત્માની ભક્તિના રહસ્યો, મંદિરમાં આરાધવાના ૧૦ ત્રિકના વિચારથી સમજી રહ્યા છીએ, એમાં પાંચમાં અવસ્થાચિંતન સુધી વિચાર્યું, એમાં દ્રવ્ય ભક્તિ આવી હવે બાકીના પાંચ ત્રિક ભાવભક્તિરૂપ ચૈત્યવંદન અંગેના છે. એમાં ચૈત્યવંદન-યોગ અખંડ-અત્રુટિત ચાલે, યોગ-વ્યાઘાત ન થાય, એ માટે એક ડાફોળિયું ન મરાય, એટલા માટે પ્રભુ સિવાયની બાકી ૩ દિશા જોવાનો ત્યાગ કરવાનો એ **છઠ્ઠું દિશા-ત્યાગ-ત્રિક.** આમ જો લેશ પણ યોગ-સ્થિરતા સચવાય તો જ શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણિના યોગની સ્થિરતાની ભૂમિકા લાગે.

(૭) ચૈત્યવંદન કરવા માટે નીચે બેસવાનું છે, તે પહેલા એની જગા ૩ વાર ખેસના કે રૂમાલના છેડાથી ૩ વાર પૂંજી પ્રમાર્જી લેવી જોઈએ. એ સાતમું **પ્રમાર્જનાત્રિક**, એથી જીવદયા થાય. હૈયામાં જયણાનો ભાવ ઊભો થાય.

(૮) ચૈત્યવંદન એકાગ્રતાથી કરવા માટે આંખ જીભ અને મનને પ્રતિમા સૂત્ર ને અર્થના ૩ આલંબન નક્કી કરી આપવા જોઈએ. અર્થાત્ આંખ માત્ર પ્રતિમા ઉપર ચોંટી રહે; જીભ માત્ર-સૂત્ર-સ્તવન-સ્તુતિના જ અક્ષરે બોલે અને



મન માત્ર એના અર્થનો જ વિચાર કરે; એ **આલંબન ત્રિક**. આથી ધ્યાનની ભૂમિકા સરજાય.

(૯) ચૈત્યવંદનમાં આસનની સ્થિરતા અને વિનયભાવ બરાબર જળવાય એ માટે નવમું ત્રિક **મુદ્રા ત્રિક;** તે અંજલિ જોડીને જ સૂત્ર-સ્તુતિ-સ્તવન બોલાય એ યોગ મુદ્રા. જિનાજ્ઞા છે, કે **'થયપાઢો હોઈ જોગ મુદ્દાએ.** એમાં 'જાવંતિ ચેઈ૦', જાવંત કેવિ૦ અને જયવિયરાય૦ મુક્તાશુક્તિ મુદ્રાએ જ બોલાય; એમાં મોતીની છીપની જેમ અંજલિ વચમાં પહોળી અને ટેરવા સામે સામે જોડાયા રહે. ત્રીજી **જિન મુદ્રા** તે ઊભા ઊભા કાયોત્સર્ગની મુદ્રામાં બે પગ-તળિયાં, આગળમાં ૪ આંગળ પહોળા અને પાછળમાં ઓછા પહોળા અને હાથ સહજ લટકતા રહે, દૃષ્ટિ નાસિકા પર રહે.'

(૧૦) છેલ્લું **પણિધાન-ત્રિક** એમાં સમગ્ર ચૈત્યવંદન ક્રિયામાં મન-વચન-ક્રિયાની એકાગ્રતા રાખવાની.

આ દશેય ત્રિકના રહસ્ય સમજવા સાથે પરમાત્માની ભક્તિ કરાય તો આત્માને પરમાત્મા અર્થાત્ વીતરાગ સર્વજ્ઞ બનવાની ભૂમિકા સરજાતી આવે.

આ વ્યાખ્યાનમાં જિનવચનથી વિરુદ્ધ કંઈ પણ કહેવાયું હોય તેનો મિચ્છામિ દુક્કડમ્.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૨૧,તા.૭-૨-૧૯૮૧

## (૯૭) કાળલબ્ધિ અને ભાવલબ્ધિ

ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રભુની આગળ ગાયું,-

'કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે'

આ ગાવાનું કારણ એ, કે પહેલા એમણે પ્રભુને પ્રાર્થના કરી કે 'પ્રભુ ! તમારા ખજાને કશી ખોટ નથી; અનંત આત્મ-સમૃધ્ધિના ભંડાર પડ્યા છો; તો મને વાંછિત દાન કરો. આપની કરુણા-નજર થઇ જાય તો સેવકનું વાન વધે, કાન્તિ-ઓજસ-પુષ્ટતા પૂરબહારમાં ખીલી ઊઠે.'

આના પર પ્રભુ અગર કહે, 'તું એ મારી પાસેથી શું ઇચ્છે ? તારી પાસે કાળલબ્ધિ છે અર્થાત્ કાળાનુસારે જિનાગમો, શાસ્ત્રો, તીર્થો, જીવાદિ નવ તત્ત્વ, સ્યાદ્વાદાદિ સિદ્ધાન્ત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના આચાર અને દયા-દાન-શીલ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આદિની જે લબ્ધિ થઇ છે, પ્રાપ્તિ થઇ છે, એની ઉપાસનાથી જ તારે વાંછિત આત્મશુદ્ધિ મળી રહેશે, અને કાન્તિ-ઓજસ-પુષ્ટતા પૂરી વિકસિત બની રહેશે; તો પછી એ તું મારી પાસે શું માગે ? મારી કરુણાદષ્ટિ શું ઈચ્છે છે ?'

-આમ જો પ્રભુ કહે, તો કવિ કહે છે, 'પ્રભુ ! મારી કાળલબ્ધિના સામે ન જુઓ, એને ન ગણો એને કાર્યસાધક તરીકે મત લેખો. કાર્યસાધક તો ભાવલબ્ધિ છે, ને એ તમારા હાથમાં છે.'

જેમ 'કાળલબ્ધિ' એટલે કાળથી-કાળાનુસાર જિનાગમાદિ સામગ્રીની પ્રાપ્તિ; એમ 'ભાવલબ્ધિ' એટલે ભાવથી એની પ્રાપ્તિ; અર્થાત્ એ જિનાગમ-શાસ્ત્ર-તીર્થ, જ્ઞાનાદિઆચાર વગેરે અંતરમાં તેવા પ્રકારની વિશુદ્ધભાવ પરિણતિ જગાવે એ ભાવલબ્ધિ કહેવાય. એ મુખ્યપણે આત્મકારક કહેવાય. આને જરા સ્પષ્ટ કરીએ.

જિનાગમશાસ્ત્રોનો બહારથી સ્વાધ્યાય કરીએ કંઠસ્થ કરી એનું પુનરાવર્તન-વિસ્તાર વિવેચન વગેરે કરીએ, એટલા માત્રથી ન તરાય; પરંતુ અંતરમાં એની શ્રદ્ધા જોઈએ, અને એ કરતાં નવનવો સંવેગ-વૈરાગ્ય જળહળવો જોઈએ; તો જ તરાય. નહિતર શ્રદ્ધા-સંવેગાદિ વિનાના કોરા સ્વાધ્યાય તો ચારિત્ર લઈને અનંતીવાર કર્યા, છતાં કયાં ભવસાગર તરી જવાનું થયું છે ? શ્રદ્ધા-સંવેગવિનાની સાક્ષરગીરીના કડવાં પરિણામ આજે દેખાય જ છે ને ? જિનાગમોના વિધાન પાલન જે માત્ર જૈન સંઘના આધારે ટકયા છે, એ સંઘની ઘોર-ખોદણી અને જિનાગમથી વિરૂધ્ધ વર્તનારના ગુણગાન એ પેટ ભરીને કરે છે. એ પ્રજાને જિનાગમના વિધાન-પાલનથી ઊભગાવી ભળતા વિધાનોનું આચરણ કરવા પોકારે છે. પોતાના અંતરમાં ભાવલબ્ધિના ફાંફાં આ અનર્થ સરજે છે. અસ્તુ. શાસ્ત્ર-સ્વાધ્યાય શ્રદ્ધા-સંવેગ સાથે અંતરમાં પરિણત થાય, તો જ એ તારે.

એમ, જિનબિંબ-તીર્થોની બાહ્યથી ભક્તિ થાય, પણ અંતરમાં એવો ઉચ્ચ વીતરાગપ્રીતિ-શ્રદ્ધા-બહુમાનાદિનો પરિણામ યાને ભાવલબ્ધિ ન હોય તો કશો અર્થ સરતો નથી. એમ જ્ઞાનાદિ-આચાર બહારથી પળાય. પરંતુ અંતરમાં શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્ય સાથે તેવા તેવા વિશુદ્ધ અધ્યવસાય ન થાય, તો એ માત્ર દ્રવ્યક્રિયાની મજુરી થાય.

પ્રભુની આગળ આ ભાવલબ્ધિ-ભાવપ્રાપ્તિની માગણી કરવામાં આવે છે, કવિ કહે છે કે આ ભાવલબ્ધિ પ્રભુના હાથમાં છે. પ્રભુની કૃપાએ એ મળે.

પ્ર.-ભાવલબ્ધિ એટલે કે શ્રદ્ધા-સંવેગ-વિશુદ્ધ અધ્યવસાય તો આપણે કરવાના ને ? એમાં પ્રભુની શી કૃપા જોઈએ.



ઉ.- પ્રભુની કૃપા એ જોઈએ કે આપણે મૂળ પાયામાં અત્યંત ભક્તિભાવ-શરણભાવથી પ્રભુનું આલંબન લઈએ તો જ એ ભાવલબ્ધિના પરિણામ ઝગમગે.

પ્ર.- તો ય શું ? એમા મહિમા તો આપણા એ ભક્તિભાવ-શરણભાવનો આવ્યો, પ્રભુની કૃપાનો ક્યાં આવ્યો ?

ઉ.- પ્રભુની કૃપાનો મહિમા એ રીતે કે, પ્રભુના આલંબને જ એ શરણભાવ આદિ કરેલા કારગત થાય છે. જો જિનેશ્વર ભગવંતને છોડીને બીજા સરાગી દેવ પ્રત્યે ઘણો ય ભક્તિભાવ-શરણભાવ ઊભો કરીએ, તો કશો ભલીવાર ન આવે. એ તો માત્ર વીતરાગ અરિહંત પ્રભુની પ્રત્યે જ કરેલો ભક્તિભાવાદિ તારક બની શકે. પ્રભુના જ આલંબને એ ફળે. કારણ, એ પ્રભુનો જ એવો અચિંત્ય પ્રભાવ છે, કે એમને અવલંબીને કરાતા ભક્તિભાવ-શરણભાવ ફળે, અને એની ઉપર જ અંતરમાં ભાવલબ્ધિ ઊભી થાય. શ્રદ્ધા-સંવેગ-નિર્મળ અધ્યવસાયાદિ ઝગમગે.

આલંબનનો મોટો પ્રભાવ છે. સુજ્ઞ કૃતજ્ઞ માણસ પોતાની શ્રદ્ધા-પ્રવૃત્તિ આદિ કરતાં આલંબનનો જ મુખ્ય ઉપકાર માને છે. આમ આલંબનભૂત વીતરાગ પ્રભુનો જ જે મુખ્ય ઉપકાર મુખ્ય પ્રભાવ, એ પ્રભુની કૃપા છે. રાત્રે ધ્રુવના તારાના આલંબને સીધા માર્ગે નાવ હંકારતો નાવિક એમાં ને ઈષ્ટ સ્થાને પહોંચવામાં ધ્રુવના તારાનો જ પ્રભાવ માને છે, એ જ ધ્રુવના તારાની કૃપા કહેવાય. એમ પ્રભુની કૃપા મુખ્ય છે.

એટલા જ માટે કવિ કહે છે, 'પ્રભુ ! ભાવલબ્ધિમાં ય મુખ્ય ઉપકાર તારો છે. માટે ભાવલબ્ધિ તુમ હાથે હોઈ તમારી દયા ચાહું છું. હું બધાય શ્રદ્ધા-સંવેગાદિના પ્રયત્ન કરું પણ તારા જ અનન્ય ભક્તિભાવ-શરણભાવ રાખીને કરું તો જ સફળતા મળે. **'લડથડતું પણ ગજબચ્ચું ગાજે ગય વર સાથે રે'** હાથીનું બચ્ચું હજી પગભર ન થયું હોય એટલે લડથડતું હોય, છતાં મોટો હાથી નાચતો ગર્જના કરે એના આધારે જ એ પણ નાચતું ગાજવા મંડી પડે છે. સારાંશ, પ્રભુ ! તમારો પ્રભાવ મારા દિલમાં ઊતરી જાઓ. તમારાથી જ કામ સિદ્ધ થાય એ શ્રદ્ધાથી તમે મારા દિલમાં વસી રહો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

(જનસત્તામાંથી ઉદ્ધૃત)

**માનવતાની કતલ**

## (૯૮) દવાખાના કે કસાઈખાના ?

ભારતના આરોગ્ય મંત્રીશ્રીએ થોડા મહિના પહેલા લોકસભામાં સગર્વ જાહેરાત કરી હતી કે વર્ષ ૧૯૭૮-૭૯ દરમિયાન સરકારને ચોપડે બે લાખ તેર હજાર ગર્ભપાતના કેસ નોંધાયા હતા. તેમણે એ વાતે ખુશી પણ વ્યક્ત કરી કે હવે ભારતમાં ગર્ભપાત લોકપ્રિય બનતો જાય છે. ધીમે ધીમે આ સામાજિક કલંક પ્રત્યે લોકોની સૂગ ઓછી થતી જાય છે. આ ભ્રૂણ હત્યામાં તામિલનાડુ અને મહારાષ્ટ્ર રાજ્ય આખા દેશમાં મોખરે છે. તે બદલ મંત્રીશ્રીએ તેમને અભિનંદન આપ્યા હતા અને બીજા રાજ્યોના આ બે પ્રગતિશીલ રાજ્યોને ચરણ ચિહ્નો પર ચાલવા સલાહ આપી હતી. સંભવ છે તામિલનાડુ અને મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીઓની છાતીઓ ગજગજ ફૂલી હશે અને તેમણે પોતાની ખૂની વિભાગના કસાઈઓને માન-ચાંદ કે ઈનામ રકમોથી નવાજ્યા પણ હશે. લોકસભાના તમામ માનનીય સભ્યોએ પણ આ આંકડા ઠંડે કલેજે સાંભળી લીધા હશે અને પછી પ્રજાને ખર્ચે કેન્ટીંગમાં જઈ ચહા-નાસ્તા કર્યા હશે. પરંતુ તમે જો આ લેખ જમ્યા પહેલા વાંચશો તો ભોજન નહિ ભાવે અને રાત્રે વાંચવા બેઠા હશો તો જલદી ઊંઘ નહિ આવે. એમ કરો, ફુરસદે જ વાંચજો.

**પડદા પાછળ શું થાય છે ? :-**

ગર્ભપાતની કેટલીક વૈજ્ઞાનિક માન્ય અન્ય સ્વીકૃતિ ડૉક્ટરી પદ્ધતિઓ જે આજે ભારતમાં પ્રચલિત છે તે જ જોઈ લઈએ.

**ડી. એન્ડ સી. ઓપરેશન :-**

દાકતરી સાધનો વડે સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે. પછી, એ સાધન વચ્ચેથી એક ચપ્પુ અથવા કાતર જેવું હથિયાર અંદર નાંખીને જીવતા બાળકને તે વડે વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ અસહ્ય વેદના ભોગવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડે ટુકડા બહાર કાઢવામાં આવે છે. ખીમો થઈ ગયેલું મગજ, લોહી દદડતા આંતરડા, બહાર નીકળી પડેલી આંખો, દુનિયામાં જેણે



પહેલો શ્વાસ નથી લીધો તેવા ફેફસાં, ધબકતું નાનકડું હૃદય, હાથ, પગ, બધું જલદી જલદી બહાર કાઢીને નીચની બાલટીમાં ડૉક્ટરે ફેંકી દેવું પડે છે. બહાર ગર્ભપાત માટેના ઉમેદવાર બહેનોની લાંબી લાઈન હોય છે. એટલે ડૉક્ટરે આ બધુ જલદી જલદી પતાવવું પડે છે. તેથી ઘણી વખત બાળકને અંદર તરફડીને મરી જવા માટે પૂરતો સમય પણ અપાતો નથી. અંધારામાં તીર મારવા જેવું આ ઓપરેશન છે. હથિયાર ગર્ભમાંહેના બાળકના માથામાં, છાતીમાં, પેટમાં કે હૃદયમાં ન વાગતા હાથ, પગ કે સાથળમાં ઘોંચાય તો બાળક જલદી મરતું નથી. ૭૦, ૮૦, કે ૯૦ વર્ષ જીવવા માટે કુદરતે જે છોડ તૈયાર કર્યો હોય છે તેની જિજિવિષા ખૂબ પ્રબળ હોય છે. તેથી બાલદીમાં ધબકતા હૃદય જોઈને ડૉક્ટરો, નર્સો અને સ્વીપરો સુધ્ધા બીજી બાજુ આંખ ફેરવી લે છે.

આ હથિયાર ક્યારેક ઉતાવળમાં અને ક્યારેક અનભ્યસ્ત હાથે ગર્ભાશયને પણ નુકશાન કરી દે છે. તેવા કિસ્સામાં લાંબા સમય સુધી લોહી વહે છે, અંદર ચાંદુ પડે છે. કાયમનો પ્રદર થાય છે. જાતીય આવેગો ઠંડા પડી જાય છે, પરિણામે દાંપત્ય જીવન ખોટું બને છે. અને ક્યારેક તો એવી સ્ત્રી ફરી કદી માતા બની શકતી નથી.

**ચુસણ પદ્ધતિ :-**

ગર્ભાશયમાં એક પોલી નળીનો છેડો દાખલ કરવામાં આવે છે. નળી સાથે એક પંપ બેસાડેલો હોય છે. અને નળીને બીજે છેડે મોટી બોટલ જોડેલી હોય છે. નળીનો એક છેડો ગર્ભાશયમાં બરાબર ગોઠવ્યા પછી પંપને ઉઘાડ-વાસ કરવાથી ગર્ભમાંહેનું જીવતું બાળક ગર્ભમાંથી પછડાય છે. કસાઈઓ-બકરાને એક ઝાટકે હલાલ કરે છે, જ્યારે આ પદ્ધતિમાં ક્યારેક બાળકના જુદા જુદા અંગો નળીમાં ખેંચાઈ આવે છે. ડોળા ફાટીને બહાર આવી જાય છે. સકશનને લીધે પેડું, છાતી, પેટ અને મગજના પોલાણમાં આવેલા અવયવો ફાટીને વિખેર થઈને બહાર આવે છે. અને જો કોઈ જીવ વધુ ગઠીલો અને બળિયો હોય તો આખો જીવતા સાંગોપાંગ બહાર આવે છે. ત્યારે છેવટે બંધ બોટલમાં જોરથી પછડાઈને તેના ભુક્કા બોલી જાય છે. કેટલીય વાર સુધી બાળક એ બોટલમાં તરફડતું રહે છે અને પછી શ્વાસ રૂંધાતા તે ઠંડુ પડી જાય છે.

આ પદ્ધતિમાં ક્યારેક આખું ગર્ભાશય બહાર ખેંચાઈ આવે છે. તેવી સ્ત્રીઓને જિંદગીભર અનેક તકલીફો થાય છે. કમરનો દુખાવો તો કાયમી જ બની જાય છે. પછીનું ગર્ભધાન ઉથલો મારે છે અને રક્તસ્ત્રાવને કારણે સ્ત્રી નંખાઈ જાય છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

**હિસ્ટેરોટોમી (નાનું સીઝેરિયન) :-**

પેડુને ચીરી, સગર્ભા સ્ત્રીનાં આંતરડા બહાર કાઢી, ગર્ભાશયને ખોલી, જીવતું બાળક બહાર કાઢવામાં આવે છે. પછી એને બાલદીમાં ફેંકી દેવું પડે છે. હાથપગ હલાવતું, હવાતિયાં મારતું, રડતું, અસહાય બાળક બાલદીમાં જ મરી જાય છે. તેમાં પણ કેટલાક જબરા જીવો કલાકો સુધી મરવાની ના પાડે છે અને ઓપરેશન થીયેટરમાં બીજો કેસ તુરત જ દાખલ કરવાનો હોય છે તેથી બાલદીમાં જીવતાં બાળકને તીક્ષ્ણ હથિયાર વડે વીંધી નાખવામાં આવે છે. અથવા મોટા ફટકાથી તેનો કચ્ચરઘાણ કાઢી નાખવામાં આવે છે. જો કાતીલ ખૂનીઓ, ડાકુઓ, મારાઓ અને આદતના નર હત્યારાઓ આવાં બે-ચાર ઓપરેશનો જોઈ લે તો કદાચ તેઓ પોતાનો ધંધો છોડીને સાધુ બની જાય, અથવા આવું કાળું કામ કરનારાઓનું જ ખૂન કરી બેસે.

**ઝેરી ક્ષારવાળી પદ્ધતિ :-**

એક લાંબો સોયો ગર્ભાશયમાં ભોંકવામાં આવે છે તેમાં પીચકારી વડે ભારે ક્ષારનું દ્રાવણ છોડવામાં આવે છે. ચારે તરફના દ્રાવણથી ઘેરાયેલું બાળક થોડો ક્ષાર ગળી જાય છે. જોતજોતામાં બાળકને ગર્ભાશયમાં હેડકી ઉપડે છે. ઝેર ખાધુ હોય એવા માણસની જેમ તે ગર્ભાશયમાં આમળવા-ખેંચાવા લાગે છે. પછી તેને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણીવાર ઉતાવળમાં કાઢવામાં આવે તો બાળક થોડું જીવતું હોય છે. એ વખતે તેની ચામડી વાદળી હોય છે. બહાર તે થોડી જ વારમાં મૃત્યુ પામે છે. આવા ગર્ભપાતમાં જો બાળક જોડિયું હોય તો એક મરેલું અવતરે ને બીજું જીવતું આવે, પરંતુ તેને પણ ટૂંક સમયમાં જ અન્ય ઘાતકી રીતો વડે મરણને શરણ કરવામાં આવે છે.

**નિકાલની આગવી રીતો :-**

એક ઓપરેશનમાં ૭ માસનું બાળક જીવતું નીકળ્યું. પોતાને આ દુનિયામાં જીવવાનો અધિકાર છે એમ વ્યક્ત કરવા માટે તે જોરશોરથી રડવા લાગ્યું. ડૉક્ટરે તેને મહેતરને આપી દેવા માટે આયાને આપ્યું. જીવતા બાળકને દાટી દેવા માટે મહેતરે અસ્વીકાર કર્યો. આયા અને મહેતર વચ્ચે ઝઘડો થયો. અંતે આયાએ બાળકને ભોંયતળિયે પછાડ્યું, થોડી વાર તરફડીને તે મૃત્યુ પામ્યું તે પછી જ મહેતરે તેના માસૂમ શબનો સ્વીકાર કર્યો. આયા (મોટીવેટર)ને દસ રૂપિયા મળ્યા, ડૉક્ટર તથા તેના મદદનીશને પાંચ રૂપિયા મળ્યા, નર્સને એક રૂપિયા મળ્યો અને પોતાના જ બાળકની હત્યારી માતાને પૂરા એક સો રૂપિયા મળ્યા. (૧૯૭૨ થી ભારત સરકાર એક ગર્ભપાત પાછળ આટલી રકમ પ્રોત્સાહનરૂપે આપે છે.)



ગર્ભપાતના કિસ્સામાં કેટલીક કન્યાઓ અને માતાઓ અજ્ઞાનવશ કે જાણી જોઈને ખોટી માહિતી આપે છે અને તે કહે છે તે કરતા બાળક વધુ પરિપક્વ નીકળે છે. કેટલાક કેસોમાં બાળક મરવાની ના જ પાડે છે અને કોઈ દયાળુ આત્મા તેને દત્તક પણ લઈ લે છે.

એક વખત એક પરિપક્વ ગર્ભનું મસ્તક જ ચૂસણ પદ્ધતિમાં અલગ થઈ ગયું, અને બાકીનું ધડ શ્વાસ લેવા અર્ધો કલાક સુધી હવાતિયા મારતું રહ્યું.

દિવસને અંતે ઓપરેશન થિયેટરને તમામ માનવ એંઠવાડ, ઉભરાતી બાલદીઓ, મૃત્યુ પામેલાં અને ટળવળતાં મનુષ્ય-સંતાનોને દાટી દેવામાં આવે છે, અથવા ભઠ્ઠીમાં નાખીને બાળી નાખવામાં આવે છે. જેથી સામાન્ય નાગરિકોની નજરે આ લીલા કદી ચઢતી નથી.

**ગાંધીનો આ દેશ ? :-**

અહિંસાનું દર્શન ભારતમાં સૂક્ષ્મરૂપે ખેડાયું છે અહીં જૈન ધર્મનો પ્રાદુર્ભાવ થયો છે, જેમાં લોકો પંચેન્દ્રિય જ નહિં, એકેન્દ્રિય જીવને મારવામાં પણ હિંસા માને છે. તે માટે મોંએ મુમતી બાંધે છે અને વર્ષમાં ચાર માસ સુધી લીલાં શાકભાજીનો પણ ત્યાગ કરે છે. આ દેશમાં મરઘીનું ઈંડુ પણ માંસાહાર અને પાપ ગણાય છે. અહીં લોકો કબૂતરને ચણ નાખે છે, કીડીઓના દર પર કીડિયારૂ પૂરે છે. માછલીઓને તલના લાડુ ખવડાવે છે, અરે, સર્પ સુદ્ધાને દૂધ પાય છે. જે બકરીના ગર્ભમાં બચ્ચુ હોય તે બકરીની કતલ કરવાની 'દીન' મનાઈ ફરમાઈ છે, લોકો પોતાના સગર્ભ પશુઓને કસાઈખાને વેચતાં નથી પ્રયોગશાળાઓના પ્રયોગો માટે વાંદરાઓની વિદેશોમાં નિકાસ થતી હતી. તે લોકોના આગ્રહથી આ સરકારે બંધ કરવી પડી છે અને પરિણામે તેટલું હુંડિયામણ ઓછું મળે છે, હવે કબૂતરોની નિકાસબંધી થવાની છે, અહીં મોરને મારવું ગુનો છે, સિંહ-વાઘ-ચિત્તાના શિકારની મનાઈ ફરમાવવામાં આવી છે. ઘરડી, લૂલી, લંગડી, પાખંડી ગાયો માટે અનેક પાંજરાપોળો 'આ દેશના સખી દાતાઓ ચલાવે છે. ગોવંશની કતલ બંધ કરાવવા દેશના આચાર્યો, સંતો અને મહંતો ઉપવાસ પર ઉતરે છે, ત્યારે ગાંધીના આ દેશમાં માનવ વંશની ક્રુરતાપૂર્વક કતલ કરવા માટે સરકાર પ્રોત્સાહન આપે છે. જાહેરાતો આપે છે, આંકડા જાહેર કરે છે, તે બદલ ગૌરવ અનુભવે છે અને આ ખૂની કાવતરામાં શામેલ આખી મશીનરીને બિરદાવે છે...!

**પ્રચાર જાળ :-**

બોલે તેના બોર વેચાય એવા જાહેરાતના આ જમાનામાં સરકાર લોકોને ફસાવવા માટે લોભામણાં સૂત્રો ચીતરે છે. "પ્રસુતિ નિવારણ એ સ્ત્રીનો અધિકાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે.'' આ સૂત્ર વાંચીને કોઈ બિન અનુભવી મહિલા કુટુંબ કલ્યાણ કેન્દ્રની મુલાકાતે જાય તો તેમને ગર્ભપાતની સલાહ આપવામાં આવે છે. સલાહ આપનાર પોતે અથવા તેની સાંકળ માંહેનો કોઈ બીજો જણ મોટીવેટર હોય છે. જે મોટી સંખ્યામાં મહિલાઓને ગર્ભપાત માટે તૈયાર કરવામાં પાવરધા હોય છે. તેઓ સગર્ભા સ્ત્રીઓને અનેક રીતે સમજાવે છે કે 'તમને બાળકોની હમણા જરૂર નથી. તમારું યૌવન તમારું સૌંદર્ય તમારી દેહષ્ટી તમારે અકબંધ રાખવી હોય તો ગર્ભપાત કરાવી નાખો. તમારે નોકરી કરવી છે, તમારે પતિને કંપની આપવી છે, તમારે વિદેશ જવું છે, તમારે મોજ મજા કરવી છે, બાળક તેમાં બાધક બનશે. પાંચ દસ વર્ષ થોભી જાવ. હમણાં ગર્ભપાત કરાવી નાખો. એબોર્શન હવે કાયદાની દૃષ્ટિએ માન્ય છે તેમાં કંઈ વાંધો આવતો નથી. તકલીફ થતી નથી. ઉપરથી રૂપિયા મળે છે. નોકરી કરતા હો તો ચાલુ પગારે રજા મળે છે. એ...ય ને ઘેર સુઈ આરામ કરી સરકારી પૈસે શીરો ખાઈ, તાજા-માજા થઈને ફૂલફટાક થઈને ફરી શકો છો. એકવાર ભૂલ કરી, તેવી બીજીવાર ન થવા દેજો. સંતતિ નિયમનનાં સાધનો વાપરજો પરંતુ આ વખતે તો નિકાલ કરાવી જ નાખો.'

તેમ છતાં ધર્મ ભીરૂ ભારતીય સ્ત્રી હજારો વર્ષના સંસ્કારોના બળે ગર્ભપાતનું પાપ કરતાં ખચકાય છે. ત્યારે તેને સમજાવવામાં આવે છે કે- 'હજુ તો શરૂઆત જ છે, તેમાં જીવ હજુ નથી. એ તો માંસનો લોચો જ હોય છે. તેને કાઢી નાખવામાં કશું પાપ જેવું નથી. ખાસ દર્દ થતું નથી.' અઠવાડિયામાં ઊભાં થઈ જશો. કોઈને ખબર પણ નહિ પડે.'

અને ભોળી સ્ત્રીઓ આ પ્રચાર જાળમાં ભરમાઈ જાય છે. તેમને ખબર નથી કે ત્રીજે મહિને તો બાળક પેટમાં ફરવા માંડે છે અને જીવ તો ગર્ભાધાન વખતે જ તેમાં પડી જાય છે. સંભોગ વખતે જ પુરુષ વીર્યના શુકાણુ અને સ્ત્રી બીજના મિલન વખતે એ જીવનથી ધબકતા હોય છે. જીવ જ જીવને જન્મ આપી શકે. મૃત પદાર્થમાંથી કદી જીવન ન સંભવે. વસ્તી ઘટાડવા માટેની આ એક નીચ અને ખૂની ચાલ છે, જેમ જીવનનો ઇન્કાર માટે જુઠાણું ફેલાવવામાં આવે છે. એ જુઠાણાની જનક સ્વયં સરકાર. છે વધુ હાથોને કામ, રોજી, રોટી આપવાને અશક્ત એવી સરકાર જુઠ્ઠા પ્રચાર દ્વારા માનવીના કતલખાનાં ચલાવે એ દેશમાં દુષ્કાળ પડે, ધરતીકંપો થાય, આગ લાગે, મોંઘવારી વધે, મનુષ્યો ચારિત્રભ્રષ્ટ થાય અને છેવટે યાદવાસ્થળી થઈ એ દેશનું સત્યાનાશ નીકળી જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે.



**કાયદો અને કુદરતી ન્યાય :-**

સરકારી અને ખાનગી દવાખાનાઓનાં લફરાક બારણાઓ પાછળ આવા માનવ કતલખાના કાયદાને આધારે આજે ચાલી રહ્યા છે. ડૉક્ટરો, મદદનીશો, નર્સો, મોટીવેટરો અને સંતતિ નિયમન વિભાગના કર્મચારીઓ, પોતાના વળતર માટે, પગાર ઉપરાંત મોટી કમાણી માટે, ભૌતિક સમૃદ્ધિની ભૂખ ભાંગવા માટે વધુ ને વધુ મહિલાઓને ગર્ભપાત કરાવવા કતલખાનાઓમાં હારબંધ લાવી રહ્યા છે. આરોગ્ય મંત્રી જે આંકડા બોલ્યા છે તે તો દવાખાનાઓનાં છે. અંધારી ગલીઓમાં સુયાણીઓ અને ઉંટવૈદોના હાથે જે ભ્રૂણ હત્યા અને સાથે સાથે સગર્ભા માતાઓના છાને ખુણે મોત થતાં હશે તેના આંકડા તો કોઈને કદી મળે તેમ નથી.

કુંવારી માતાઓ લોકલાજે ગર્ભપાત કરાવે છે તેના કરતાં ઘણી મોટી સંખ્યામાં પરિણિત માતાઓ કાયદાને આધારે છડેચોક પોતાના બાળકોની હત્યા કરે છે. બાળકો નહોતા જોઈતા તો લગ્ન શા માટે કર્યા ? મોજ માણવા જ લગ્ન કર્યા હોય તો સંતતિ નિયમના સાધનો શા માટે ન વાપર્યા ? ભૂલ જ થઇ ગઇ હોય તો ભોગવતા કેમ નથી ? ગર્ભાશયમાંથી અકાળે કાઢીને દાટી દેવાતા બાળકો જો મા-બાપ સામે કોર્ટમાં જઇ શકતા હોત તો ? તેઓને સરકારી વકીલની સહાય મળતી હોય તો ? આપણાં જ મા-બાપે એ રીતે આપણો નિકાલ કરી નાખ્યો હોત તો ?

વણ જોઈતા બાળકોનો સમયસર નિકાલ કરવાને રાષ્ટ્રીય સેવા માનનારાઓ એવી દલીલ કરે છે કે અનિચ્છનીય બાળકને જીવવાની ફરજ પાડવા કરતા મારી નાખવું સારું. આ દલીલને આગળ ચલાવીએ તો અનિચ્છનીય પત્નીઓને જે લોકો બાળી નાંખે છે એ પણ એક દિવસ રાષ્ટ્ર સેવક લેખાશે. પછી આંધળા, લુલાં, લંગડા, બાડા, બોબડા મંદબુદ્ધિવાળા બાળકો અને બોજારૂપ બનેલા વૃદ્ધોને પણ વધતી જતી જનસંખ્યા રોકવાને બહાને ઝેરનું ઇન્જેક્શન દઈને મારી નાખવા માટે કાયદો કરી શકીશું. લોકશાહીમાં બહુમતીને ફાવતું આવે તેને કાયદો બનાવતાં કોણ રોકી શકે છે ? સત્તા સ્થાને બેસનારાઓએ પણ બહુમતીના મત મેળવવા પડે છે ને ? બહુમતી સમાજ બીડી, સીગારેટ, દારૂ-ભાંગ પીએ તો નિયમાનુસાર કલ્યાણ રાજ્યમાં એ શિષ્ટાચાર ગણાય. હજાર વર્ષ સુધી હરિજનોને દૂર રાખ્યા મંદિરમાં પ્રવેશવા ન દીધા, તેમને સોનાનાં ઘરેણાં પહેરવાની મનાઈ ફરમાવી. તેમના ઘરો પર નળિયા ચઢાવવા ન દીધા અને તેમનું શોષણ કર્યું, એ બધુ સમાજ માન્ય હતું. છતાં કુદરત માન્ય ન હતું. તેના દુષ્પરિણામો આપણે આજે ભોગવી રહ્યા છીએ અને હજું ભોગવીશું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ગર્ભપાત કરીને આપણે કેટલા રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધી, નહેરુ, અને અન્ય મહાન વિભૂતિઓને ધરતી પર આવતાં પહેલાં જ મારી નાખીએ છીએ? આ દયામય કાયદો સરેઆમ બાળ હત્યા જ છે; દુનિયાના અનેક દેશોમાં ફાંસીની સજા રદ થઇ છે. ખૂનીઓને પણ ફાંસી આપવામાં આવતી નથી કારણ કે જીવ લેવાનો મનુષ્યને હક જ નથી. ગર્ભપાત એ ફાંસીની સજા કરતા વધારે ક્રૂર આચરણ છે. ફાંસી જેને આપવામાં આવે છે, તેનું તત્કાળ મૃત્યુ થાય છે 'જ્યારે ગર્ભપાતમાં બાળકો કલાકો સુધી તરફડીને મરે છે. ફાંસી પીડાહીન છે. ગર્ભપાતમાં જીવને ભયંકર યંત્રણા થાય છે. ફાંસી ગંભીર ગુનાની સજારૂપે આપવામાં આવે છે.' જ્યારે ગર્ભપાતમાં બાળકનો કશો ગુનો હોતો નથી. અન્યની સલામતી માટે ગુનેગારને સમાજ ફાંસી આપે છે, જ્યારે ગર્ભપાતમાં બાળકનો કશો અને તરંગ ખાતર આ લોકશાહી સમાજ પોતાના સંતાનોની ગર્ભમા હત્યા કરે છે. ફાંસીની સજા ખમનારાઓ તો થોડા વર્ષ પૃથ્વી પર વીતાવ્યા હોય છે. જ્યારે ગર્ભ માંહેના બાળકે તો હજુ ધરતી પર શ્વાસ પણ લીધો હોતો નથી. ગેસ ચેમ્બરમાં હજારો યહુદીઓને મારી નાખનાર હીટલરને દુનિયા જઘન્ય અપરાધી ગણતી હોય તો પોતાના સંતાનોને મોતને ઘાટ ઉતારનારા દંપત્તિ નિર્દોષ કેવી રીતે લેખાય ?

ગયે વર્ષે જ આપણે બાળવર્ષ ઉજવ્યું. એ વર્ષમાં જ આપણે કેટલા બાળકોની હત્યા કરી એ આંકડા આરોગ્ય મંત્રી જણાવે તો આપણાં બાળ પ્રેમ અને જીવદયાનો સાચો આંક જાણવા મળે.

આ દુનિયામાં માત્ર ત્રણ વ્યક્તિઓએ ગર્ભપાત સામે પોતાનો અવાજ બુલંદ કર્યો છે. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી અને ખ્રિસ્તી ધર્મના વડા નામદાર પોપ અન્ય કેટલાક વિચારકો, ચિંતકો અને સમાજ સેવકોએ મારી જેમ પોતાના વિચારો પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો હશે. પરંતુ ભૌતિકવાદી નગારખાનામાં અમારી તુતી કોણ સાંભળે ? ઈશ્વરીય ન્યાય જેવી કોઈ વસ્તુ હશે તો ત્યાં અમારો વિરોધ જરૂર નોંધાશે.

યાદ રાખો ગર્ભાધાન વખતે જ વ્યક્તિની ઊંચાઈ બુદ્ધિનો આંક (I.Q.) ચાલવાની ઢબ, આંગળાના નિશાન, લોહીનું ગ્રુપ, અને મોટા ભાગની વિશેષતાઓ નક્કી થઈ જાય છે. માંહેનું બાળક સંપૂર્ણ વ્યક્તિત્વ ધરાવે છે, પછીના ઉંમરમાં માત્ર તેનો ઉઘાડ જ થાય છે. જો ગર્ભપાત કાયદેસર ગણાય તો દુનિયામાં ચોરી, ખૂન, બળાત્કાર પણ આગળ જતા કાયદેસર થશે. એની તરવાર જંગલનો કાયદો છે. સભ્ય સમાજ તેને સ્વીકારે તો જંગાલિયત જીવનના હર ક્ષેત્રે ઝડપભેર પ્રવેશી



જશે. દાકતરોના પિતા હિપોક્રેટિકની સોગંદ વિધિમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે,-

"હું ડૉક્ટર બન્યો છું, જીવન બચાવવા માટે જીવનનો નાશ કરવા માટે નહિ," અને આજના ડૉક્ટરો નાશવંત જીવનના સુખચેન માટે પોતાની પ્રતિજ્ઞા તોડીને હજારો જીવોનો નાશ કરે છે. સરકારી સમર્થન સાથે કળિયુગના અંતિમ ચરણની આ બલિહારી છે. થઇ શકે માત્ર એટલું જ જેમનો આત્મા ન સ્વીકારે તેવા સજ્જનો આ ઘેટાં દોડમાં ન જોડાય."

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૨૯,તા.૪-૪-૧૯૮૧

## ૯૯ ભાવની જેમ તપનું મહત્ત્વ ખરું ? યોગ્યતાની જેમ આલંબનનું મહત્ત્વ ખરું ?

જૈન શાસનના અનેકાન્તવાદને નહિ સમજનાર જ્યારે એવાં પ્રતિપાદન કરે છે કે તમારા ભાવ મેલા છે, ત્યાં સુધી તમારી ધર્મક્રિયાઓ દુર્ગતિમાં લઈ જનારી છે, ભાવની મુખ્યતા છે ક્રિયાની નહિ. તમારા આત્માની યોગ્યતાની મહત્તા છે. આલંબનની નહિ. આમ કહીને પવિત્ર ધર્મક્રિયા અને દેવ-ગુર્વાદિનું આલંબન ભવવર્ધક કહેતા આવડે છે, પરંતુ હિંસાદિ ક્રિયાઓ અને મોહાંધ કુટુંબ પરિવાર એ ભવવર્ધક કહેતા અને એને ખાંડતા નથી આવડતું. એ પાપદેશના આપી રહ્યા છે. અને બાળ જીવોને ઉન્માર્ગે દોરી રહ્યા છે. આ અંગે મહાત્મા કૂરગડુનો પ્રસંગ લઈને જૈન શાસનનાં મંતવ્ય સમજીએ.

કૂરગડુ મુનિમાં તપસાધના બંધ પડી ગયેલી, અને મોટા પર્વને દિવસે પણ કૂર (ભાત) વાપરવાનું કરવું પડેલું, પરંતુ ભલે પુણ્યાઈની કમીને એમને બાહ્ય તપસાધના ન થઇ છતાં ઉપશમ ગુણોના આંતરિક પુરુષાર્થ એમણે વધારી દીધો તો એમના કૂરના પાત્રમાં જ્યાં તપસ્વી મુનિઓ થુંકેલા, ત્યાં એમના પર કે એમના તપ પર કૂરગડું મુનિએ રોષ નહિ કરેલો; પણ ઉપશમ-ગુણ વિકસાવી એમણે ઊલટું એમને મહાઉપકારી માન્યા ! આંતરિક ઉપશમ-પુરુષાર્થ વિકસાવવાનો આ પ્રભાવ છે. તો પરિણામ ? તપસ્વી મુનિઓ હજી મશ્કરી-ઈર્ષ્યા કરતા બેઠા છે, ને આ કૂરગડું મહાત્મા ઉપશમભાવમાં આગળ વધતાં વીતરાગ સર્વજ્ઞ બની ગયા ! ત્યારે મશ્કરી કરનાર મુનિઓ મહાતપસ્વી છતાં હજી વીતરાગ નથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

બન્યા. ત્યારે જુઓ આમાં પ્રશ્ન થશે કે,-

પ્ર.- તપ કરવા છતાં કેવળજ્ઞાન ન મળ્યું, અને તપ નહિ કરનાર મુનિ ભાવનાના બળે કેવળજ્ઞાન પામી ગયા, માટે કિંમત તપની નહિ. પણ ભાવની જ રહીને ?

ઉ.- ના, તપની કિંમત ઓછી નથી; કેમકે ભાવના કરનાર મુનિએ પણ ભાવના શી કરી ? આજ કે "અરેરે ! મારાથી તપ નથી થતો ! ધન્ય છે આ મહામુનિઓને કે જે તપ કરે છે ! ક્યારે મારી શક્તિ આવે ને હું પણ મહાતપ કરું !" બોલો, આ ભાવનામાં તપ કરનારને ધન્યવાદ આપ્યો, એ તપનો જ મહિમા ગાયો ને ? પોતાના માટે તપનો ઉત્કટ મનોરથ સેવ્યો એ પણ તપનો મહિમા સમજીને જ ને ? 'ના, મારા પાત્રમાં થૂંકનારા તપસ્વીઓનો તપ જોયો ! એમના કરતાં મારામાં ક્રોધનો ઉપશમભાવ છે એટલે હવે હું રોજ ખાઉં તો વાંધો નથી. મુખ્ય તો ઉપશમભાવની જ જરૂર છે.' તપને બદલે આવી 'ખાવાનું યોગ્ય માનવા' ની ભાવના કરી હોત ને તપને બિન જરૂરી માનવાની ભાવના કરી હોત, તો શું એ વીતરાગ બની શકત ? કેવળજ્ઞાન પામી શકત ? ના, એ જ વસ્તુ તપનો મહિમા બતાવે છે, માત્ર ભાવનાનો મહિમા નહિ.

**"ભાવના તપની કરાય તો તે તારણહાર,**
**ભાવના ખાવા પીવાની કરાય તો તે મારણહાર"**

આ નિયમ તપની મહત્તા બતાવે છે. દા.ત. 'ધ્યાન વીતરાગ પ્રભુનું તારણહાર, પણ ધ્યાન સરાગી મોહાંધ વહાલા-વાલેસરીનું કરાય તો તે મારણહાર,' એ શું બતાવે છે ? મહત્તા વીતરાગની ? કે મહત્તા વહાલા વાલેસરીની ? કોની મહત્તા સૂચિત થાય છે ? વીતરાગ પ્રભુની. તો જેમ આમાં વીતરાગની મહત્તા સૂચિત છે, એમ 'ભાવના તપની કરો તો તારણહાર અને ખાવાની કરો તો તે મારણહાર,' એમાં પણ મહત્તા તપને જ સૂચિત થાય છે, ખાનપાનની નહિ, કે કેવળ ભાવનાની મહત્તા નહિ; કહેશો,-

પ્ર.- ના, 'આમાં તો ખાનપાનની ય મહત્તા નથી ને, તપનીય ય મહત્તા નથી, કિન્તુ મહત્તા ભાવનાની છે.' એમ કેમ ન કહેવાય ?

ઉ.- જો આમ કહેવું હોય તો તો પછી પેલામાં ય મહત્તા વહાલા-વાલેસરીનીય ય નહિ, ને વીતરાગ ભગવાનનીય નહિ, કિન્તુ 'વીતરાગના ધ્યાનની જ મહત્તા,' એમ કહેવું પડશે, ને એમાંય 'ભલે એમ હો,' એવું પણ નહિ કહી શકાય; કેમકે વહાલા-વાલેસરી કરતાં વીતરાગ ભગવાનની મહત્તા જો ન હોય તો તો સવાલ થાય કે વહાલા-વાલેસરીને છોડી મનમાં વીતરાગ ભગવાનને કેમ લવાય



છે ? મનમાં વીતરાગને લાવવાની જરૂર જ શી ? ધ્યાન-ભાવના વિચારણાના આલંબન તરીકે વીતરાગ ભગવાનને પકડવાની જરૂર જ શી ?

ધ્યાનમાં આલંબન વીતરાગ પ્રભુનું જ લેવું પડે છે, એજ આલંબનની વિશેષતા બતાવે છે.

**ઉપાદાનની જેમ આલંબનની ય મહત્તા છે,-**

'ઉપાદાનની યોગ્યતા ને પુરુષાર્થ જ મહત્ત્વનો છે, આલંબનનું કશું મહત્ત્વ નથી.' એમ બોલનાર જુઠું બોલે છે; કેમકે એ પાછા શ્રોતાને કહે છે 'તમે મારા પ્રવચન સાંભળો તો તમને આ સમજાશે.' આમ કહીને એણે પોતાના પ્રવચનનું આલંબન જ આગળ કર્યું ને ? આલંબન મહત્ત્વનું બતાવ્યું જ ને ? નહિતર બોધ તો સામાની યોગ્યતા અને પુરુષાર્થના આધારે જ થવાનો છે; પછી મહત્તા ને વિશેષતા ઉપાદાનની યોગ્યતા ને પુરુષાર્થ ની જ રહી, પ્રવચનની મહત્તા-વિશેષતા કશી નહિ તો પછી ભારપૂર્વક જ કહે છે 'મારું પ્રવચન સાંભળો તો બોધ થશે, એ જુઠું બોલે છે કે નહિ ? તેણે તો એમ કહેવું જોઈએ કે "પ્રવચનના આલંબનની કશી મહત્તા નથી, મહત્તા તમારી યોગ્યતા ને પુરુષાર્થની છે, માટે પ્રવચન મારા સાંભળો કે બીજાના એ સરખું છે; પરંતુ આમ એ કહેતા નથી. એ તો કહે છે,- 'મારી પાસે તત્ત્વનું પ્રવચન સાંભળો એમ કહીને આલંબનભૂત પોતાના પ્રવચનનું મહત્ત્વ જ સૂચવી રહ્યા છે, એમ ધ્યાન વીતરાગ ભગવાનનું જ ધરવાથી વીતરાગ થવાય, એ પણ સૂચવે છે કે વીતરાગરૂપ આલંબનનું અતિશય મહત્ત્વ છે. એજ પ્રમાણે ખાનપાનની ભાવના નહિ પણ તપની જ ભાવના તારણહાર બને છે.' એ પણ સૂચવે છે કે તપની મહત્તા છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૩૨,તા.૨૫-૪-૧૯૮૧

## (૧૦૦) દુઃખદાન એ દુઃખનું કારણ

બીજાનું બૂરું જરાય મનમાં પણ નહિ લાવવું, અને સૌ કોઈનું ભલુ થાઓ એવી ભાવના કર્યા કરવી, એ સ્વાત્માના ઉત્થાનનો જબદરસ્ત ઉપાય છે, પુણ્યનો મહાન ઝરો છે, ગુણોની અનુપમ ખાણ છે, કર્મકાષ્ઠનો દાવાનળ છે, ને મોક્ષનો ધોરી પંથ છે. એથી ઊલટું.

બીજાનું બગાડવાની, બીજાનો તિરસ્કાર-અપમાન કરવાની, પરને દુઃખ પ્રતિકૂળતા દેવાની લેશ્યા એ સ્વાત્માના અધઃપતનનું કારણ છે. પાપનો ઝરો છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

દોષોની ખાણ છે, કર્મવનને માટે વરસાદ છે, ને સંસારનો ધોરી માર્ગ છે.

શાસ્ત્ર કહે છે

'परोपकार पुण्याय, पापाय परपीडनम् ।
श्रुयतां धर्मसर्वस्व, श्रुत्वा चैवावधार्यताम् आत्मनः ।
प्रतिकूलानि न सर्वेषा समाचरेत् ॥'

અર્થાત્ પરનું ભલુ કરવું એ પુણ્યનો ઉપાય, અને પરને પીડવું એ પાપનો ઉપાય છે.

સર્વ ધર્મનો ઉપદેશ-

'હે ભવ્યાત્માઓ ! તમે ધર્મનું રહસ્ય-સાંભળો અને સાંભળીને હૃદયમાં સ્થિર વસાવો. કે પોતાને જે પ્રતિકૂળ લાગે, તે કોઈનીય પ્રત્યે આચરવું નહિ.'

કોઈ ધર્મ એમ નહિ કહે કે 'બીજાને દુઃખી કરીને સુખી થવાય.' આજના તોફાન જુદા છે એ કહે છે કે પ્રાણીઓને મારીને જ પ્રજા સુખી થઈ શકશે ! એટલે તીડ આવ્યા તો બસ મારી નાખો, એકજ પ્રવૃત્તિ ! પણ એ જોયુ નહિ કે મરાવા ગયા છતાં બીજે વધુ ઉભરાયા ! તો તો તીડથી બચવાનો આ ઉપાય, શાનો ગણાય ? ઉપાય તો એ હોય કે "ઉપદ્રવ આવ્યો તો બીજા જીવોની દયા વધારો, પુણ્ય વધારો, પ્રભુ પ્રાર્થના કરવા માંડો, તીડનું ય ભલું ઇચ્છો. એને સદ્બુદ્ધિ મળવાનું પ્રાર્થો !"

કુદરતને રીઝવવાનો આ ઉપાય છે, એ રીઝે તો બધું શાંત થાય. પણ ના આ સૂઝતું નથી, બીજાને માર માર કરીને જીવવાનું અને સુખી થવાનું સૂઝે છે !

પણ કોઈ કાળમાં આ વાત બનવાની નથી કે બીજાને દુઃખી દેવાથી આપણને સુખ મળે. આપણે બીજાને ધુત્કારવા છે તો શું આપણને બીજા સન્માનશે ? આપણે સાધર્મિકની કે ગુરુની અવગણનાઓ કરવી છે, એમના દિલ દુભાવવા છે તો પછીથી શું આપણને પછી સાધાર્મિક સન્માનશે ? આપણને આપણા શિષ્યો આદરથી રાખશે ? જગતમાં દેખાય છે કે બાપને અવગણનારને એના પોતાના છોકરા એ રીતે નવાજે છે. માતાને વિડંબનારને અંતે પોતાના છોકરા અને છોકરાઓની વહુઓથી વિડંબાવું પડે છે. કોઈપણ જીવને દુભાવવાનું ફળ જાતને દુભામણ સિવાય બીજું નહિ મળે, સુખ નહિ મળે.

એક માણસ એકવાર રાત્રે પડોશીના બારણાં ખોલી ઘરમાં ગયો ત્યાં જોયું કે એ પડોશી સળગતી મીણબત્તી લઈ ભીતોના ખૂણામાં ફેરવતો હતો. ચોંકીને પૂછે છે,



'કેમ ભાઈ ! આ શું માંડ્યું છે. ?'

પેલો કહે, 'ભાઈ સાબ ! આ માંકડ રાતના ઊંઘવા દેતા નથી !'

'અરે ! તમારું ભલું થાય. તમને જરાક કરડે એની સજા એને જીવતા બાળી નાખવાની ? શ્રાવક થઈને ઘોર કૃત્ય કરે છે ?'

પેલો જડ હતો, માન્યું નહિ, પછી તો વર્ષો પછી એ દેશમાં ગયેલો ત્યાં આ દયાળું ભાઈને જવાનું થયું, મળવાનું થયું, પણ જોયું તો પેલાના હાથ-મોં બળીને કદરૂપા થઇ ગયા હતા ! પૂછે છે,- 'આ શું ?'

પેલો રોતા, રોતા કહે છે 'અરે ચમનભાઈ ! શું કહું ? આ સ્ટવ સળગાવી માથે તપેલી મૂકવા ગયો ત્યાં મોટો ભડકો ઊઠ્યો ! અને આ હાથ મોં બળી ગયાં !'

ચમનભાઈ શિખામણ દે છે 'મહાનુભાવ ! પેલું મીણબત્તીથી માંકડ બાળવાનું યાદ આવે છે ? હજી તો એના દુષ્ટ ફળમાં આ તો પાશેરામાં પહેલી પૂણી ગણાય માટે ચેતી જાઓ. એ પાપ ધોવા માટે હવે બધીય લક્ષ્મી જીવદયામાં અને બીજાના ભલામાં વહેવડાવી દો, તો સુખી થશો ! માટે બીજાને દુઃખ આપતાં ખ્યાલ રાખો કે-

**બીજાને દુઃખ આપવું એ પોતાને માટે દુઃખનું કારણ છે.**

આ ભાવો,- હિંસા જેવું કોઈ પાપ નથી. કારણ કે કોઈને દુઃખ જોઈતું નથી. શાસ્ત્ર કહે છે કે

'नय तिहुयणे वि पावं अन्नं पाणाइवायाओ अत्यि ।
जं सच्चे विय जीवां सुहलवतण्हालुया होन्ति ॥ '

અર્થાત્ ત્રણેય ભૂવનમાં જીવહિંસાથી વધીને બીજું કોઈ પાપ નથી, કેમકે આ જગતમાં સર્વેય જીવો થોડા પણ સુખની જ તૃષ્ણાવાળા હોય છે. (લેશ પણ દુઃખના ઈચ્છુક નહિ)

અર્થાત્ જીવનમાં દુઃખ કષ્ટ ભોગવતાં પણ જરા જેટલું સુખ મળતું હોય તો તે રીતે લેવા તૈયાર હોય છે. થોડું ખાઇને અગર ભૂખ્યા રહીને જીવવાનું સુખ ઇચ્છે છે પણ મોતનું દુઃખ પસંદ નથી કરતા, એવાં જીવને મૃત્યુ પમાડવું એ એને મહાદુઃખી કરવા જેવું છે, ત્યાં મહાપાપ કેમ ન લાગે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૧૦૧) દાનનું દિલ બનાવવા શ્રેષ્ઠભવ માનવભવ સુખ આપવાથી સુખ મળે; દુઃખ આપવાથી દુઃખ મળે.

આપણે સુખી થવું છે ? તો બીજાને સુખ આપવું પડશે. આ કરવાનું મૂકીને સુખ માટે નકામાં બીજા ફાંફા શા મારવા ? અહીં દુઃખી કેમ ? બીજાને દુઃખના પોટલા આપ્યા છે તેથી. તેના બદલે હવે બીજાઓને સુખ આપવા માંડો, તો બદલામાં સુખ મળશે. કુદરત દેખાડે છે જેવું વાવો તેવું લણો. જીવોને અભયદાન દો, ભુખ્યાને અન્નદાન કરો. રોગ વગેરેથી પીડાતાને સેવાદાન કરો, તો સુખ મળશે. જીવનમાં ધર્મ વધારો. સર્વને અભયદાન દેવાનો ડિંડિમ પીટનાર તીર્થંકર ભગવાનની પૂજા ભક્તિ-જપ-તપ બહુ કરો, તો દુઃખ ટળશે. સુખ જોઈતું હોય તો સુખની પ્રભાવના કરવી જોઈએ.

સુખમાં દાન માટે યોગ્ય હૃદય અહીં મળ્યું છે.

પશુના દિલથી નારકના હૃદયથી એ મુશ્કેલ. અરે ! દેવના હૃદયથી ય મુશ્કેલ. એ બધાની પાસે માનવ જેવું સુખદાન કરવાનું દિલ નહિ, માનવને આ કેવી અનેરી બક્ષીસ !

મનુષ્યભવ કિંમતી છે. શાથી ? એરંડા બજારમાં જઇ શકો છો માટે ? સારું ખાવા-પીવાનું બનાવી શકો છો માટે ? કપડાનો ઠઠારો કરી શકો માટે ? ના.

માનવભવ કિંમતી એટલા માટે કે બીજાને સુખ દેવાની ભાવના આપણા દિલમાં સદા જીવતી જાગતી રાખી શકાય છે માટે; બીજાને સુખમાં દાન કરી શકાય છે માટે. નરકમાં એવા દિલ નહિ, કેમ ? ત્યાં પરમાધામીનો માર ખાધા પછી ય બીજાને ઠોકવાની વાત હોય છે ! પછી ત્યાં બીજાનું સુખ વિચારવાનું કયાં ? તિર્યંચને એવા દિલ કેમ નહિ ? એનું ખાવાનું જ જીવહિંસા પર, યા જીવવાનું મેલી લેશ્યા પર. દા.ત. માછલાને એક જ લેશ્યા 'નાના શિકારને કેમ ઝડપું ?' ધરતી પર ચાલતા કૂતરાઓ બિલાડી વગેરેનો શિકાર શોધે છે !

ત્યારે દેવતાને સદા દાનનું દિલ કેમ નહિ ? એને કોઈનો માર ખાવો ન પડે, ગુલામી નથી, નોકરી નથી, ભોજન પણ બનાવવાની ખટપટ નહીં, તો એને દાનના દિલ કેમ નહી ? ભોગ-વૈભવ-વિલાસની અંજામણ-આકર્ષણ-ગળાડૂબ મગ્નતા એટલી બધી છે. એની સામગ્રી સમૃદ્ધિ એટલી બધી છે, કે એ એમાં જ લીન



એટલો બધો કે એમાંથી એ ઊંચો જ ન આવે ! નાટક ચેટક ગીત વાજીંત્ર-દેવાંગના, સરોવરમાં એની સાથે સ્નાન, ક્રીડા, વગેરેમાં એ મસ્ત રહે છે ! મઝામાં રહે છે. એકાંત સુખ-શ્રીકારમાં ડુબ્યા એને શાનું વિચારવાનું હોય કે 'મને સુખ કેમ મળ્યું ? બીજાઓને દુઃખ કેમ મળ્યું ? વિશ્વમાં અપાર દુઃખીઓની કેવી કરુણાભરી દશા છે !' એ કશું દેવતાને દેખાતું જ નથી. દેખવા ફુરસદ નથી, એવો દેવતાઈ રંગરાગમાં એને ભારે સુખનો નશો ચઢયો છે. તેથી ત્યાં દાન દેવા માટેનું ને બીજાને સુખી કરવા માટેનું દિલ બનાવવાની વાત કયાં ? સુખમાં ડુબી ગયેલાઓને બીજાના સુખ-દુઃખની પરવા નથી હોતી.

રાજકુમાર ભૂખ્યા દુબળા ભિખારીને માટે કહે છે 'દુબળા કયોં ? ખાજા કા ભુકા ક્યોં ખા નહીં લેતા ?' લ્યો, એની પાસે ઢગલા છે એટલે એને કયાં જોવું છે કે આ ભિખારીને લુખ્ખા સુક્કા રોટલાના ટુકડાના ફાંફા છે ત્યાં ખાજાનો ભુકો કયાંથી લાવે ? પણ જેવી આ રાજકુમારની આ બાબતમાં અજ્ઞાનતા છે એવી જ સુખમા ડુબી ગયેલાઓની દુઃખીઓની પીડા પ્રત્યે અજ્ઞાનતા હોય છે. એટલે દેવતાને ભારે સુખનો નશો ચઢ્યો હોવાથી બીજાને સુખનું દાન કરવા માટેનું હૃદય કયાંથી હોય ? તો શું માખી દાન કરે ? ના, માખી મધ બનાવીને તૈયાર કરે, તે દાન કરવા નથી કરતી એ તો માણસ પડાવી લે છે. બાકી એમને એમ ત્યાં જાઓ તો ફફડાવી નાખે ! એક દરમાંથી અઢળક કીડીઓ ઉભરાય છે, ત્યાં કેટલુંય ભેગું કર્યું છે. પણ કોઈ દાન માટે નહીં ! નદી અઢળક પાણી લઈ જાય છે. પણ દાન માટે નહિ. ઘર આગળ આંબો ઉગાડ્યો તો પછી આંબાએ કેરીનું દાન કર્યું કે નહીં ? આંગણે કેરી આવી ભુખ લાગી છે, તો આંબો શું કહે ખરા કે લ્યો શેઠ કેરી ?' ના, એ ન કહે ! માટે કહો કે-

સુખનાં દાન કરવાનું દિલ જેવું મનુષ્યપણામાં બનાવી શકાય છે એવું બીજે નહિ. માટે મનુષ્યભવ કિંમતી છે. સુખના દાન પછી સુખની વણઝાર પોઠ આત્મામાં ઊતરી આવે છે. પુણ્ય જોરદાર બને એટલે સુખની પોઠની પોઠો ઊતરે, કરીયાણામાં જેમ કાબુલી અંજીર ઊતરે તેમ ! ક્યારે ? સુખના દાન કર્યા હોય તો.

હંમેશાં આ મનમાં રાખો, 'મારે મારું નથી જોવું મારે બીજાને સુખ આપવાની વાત.' જીવો બિચારા જગતમાં કેટલા દુઃખી છે ! દુઃખની કેટલી પોકો મૂકે છે ! મારા દુઃખ મેં બહુ રોયા ! હવે તો હું પરના દુઃખ રોઈશ. માનવભવના કાને પણ પરના દુઃખ સાંભળવાના છે. બીજાના આર્તનાદ સાંભળી એના માટે માનવ દિલમાં હમદર્દી ઊભી કરીશ એના દુઃખ દૂર કરવા ઉદ્યમ કરીશ.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આવું કાંઈ જાગે તો પોતાના દુઃખ ભૂલી બીજાની સેવા કરવાનું, દયા કરવાનું ઊભું થાય. પછી ત્યાં બીજાને દુઃખ આપીને પોતાને સુખ લેવાની વિચારણા ય શાની હોય ?

જીવનનું મહાન કર્તવ્ય તો આ છે કે આપણા સુખ સગવડને એવા ગૌણ કરી દઈએ ને બીજાના મુખ્ય કરી દઈએ કે આપણા સુખના ભોગે બીજાને સુખી કરીએ.

જગતમાં થઇ ગયેલા મહાપુરુષોએ આ કર્યું છે પોતે દુઃખ વેઠીને બીજાને સુખના દાન કર્યા છે. બીજાને સુખ મળે અને દુઃખ જાય એ માટે પોતે ઘણા ઘણા દુઃખ વેઠયા છે. શાસ્ત્ર તીર્થંકર ભગવાન માટે 'પરાર્થોદ્યત એવ હિ' કહે છે. પ્રભુ, કેવા ? તો કે પરના ભલા માટે જ ઉદ્યત. પોતે ફાવે એટલા કષ્ટ વેઠીને ય પરનું ભલુ થાય ને પરના દુઃખમાં પોતે જરાય નિમિત્ત ન બને. એવી સતત તકેદારીવાળા. બીજા મહાપુરુષો પણ પ્રભુના આ પગલે ચાલ્યા છે.

જુઓને સુદર્શન શેઠ પર રાણીએ ખોટું આળ ચડાવ્યું છે, પરંતુ રાજાના પૂછવા પર સુદર્શન શેઠ આ જોઈ રહ્યા છે કે 'સાચી હકીકતનો પોતે ખુલાસો કરે તો એથી રાણી પર ઘોર આફત આવે એમ છે' તેથી પોતે મૌન રાખી પોતાના પર શૂળીની સજા વહોરી લે છે !

આ ક્યારે બને ? ત્યારે જ કે મનને નક્કી કરી રાખ્યું હોય કે બીજાને દુઃખના દાન નહિ જ કરવાનું દિલ અને સુખના દાન કરવાનું દિલ બનાવવાનું અહીં જેવું બીજા જનમોમાં નહિ મળે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૩૫,તા.૧૬-૫-૧૯૮૧

## (૧૦૨) ક્રોધની વારંવાર ઊઠતી લાગણી કેમ અટકે ?

સમજદાર માણસ ઈચ્છે છે કે મનમાં ખરાબ લાગણીઓ ઊઠે છે તે સારું નથી. એ કેમ અટકાવવી ? એ માટે અહીં એક ઉપાય વિચારીએ.

ખરાબ લાગણીઓને દબાવવી હોય તો સામે કોઈ સારું રસનું કાર્ય ઊભું કરો. રસનું કાર્ય હોય એટલે મન સહેજે એમાં લાગે ને એ વખતે પેલી લાગણી ભૂલાઈ જાય. વળી કાર્ય સારું હોય એટલે ઓલામાંથી ચુલામાં પડવાનું ન થાય. મન સારા કાર્યથી શુભ ભાવવાળું બને.



દા.ત. ક્રોધની લાગણી વારે વારે સતાવી રહી છે, તો એની સામે નવકારમંત્રના સ્મરણનો રસ ઊભો કરાય. મનને એમ સમજાવાય કે,-

ક્રોધ રાખવાથી કદાચ તાત્કાલિક કોઈક લાભ દેખાશે તો ય તે તુચ્છ છે; જ્યારે દિલથી યાદ કરેલ નવકારનો લાભ અપરંપાર છે. ક્યાં અહીંના લેભાગુને મગજમાં ઘાલવાનું ? ને ક્યાં એ ઉત્તમ પંચ પરમેષ્ઠીને મનમાં બિરાજમાન કરવાનું ? ક્યાં આ ધમધમાટ ? ને ક્યાં એ પરમેષ્ઠીને નમસ્કાર ? ગુસ્સો કરવાનું તો જગતમાં બધે મળે છે, મળ્યું છે, અનંતાનંત કાળ એ કર્યું છે, પણ આ પરમેષ્ઠીને મગજમાં બિરાજમાન કરવાનું ને એમને ભાવથી નમસ્કાર કરવાનું ક્યાં મળ્યું ને ક્યાં કર્યું ? તો પછી લાવ ને આ જ કરું.

એમ મનને સમજાવાય, તો નવકાર ગણવાનો રસ ઊભો થાય ને અવસરે એ કામ કરી જાય. ગુસ્સાની લાગણી બાજુએ રખાવી મનને એ નવકાર-સ્મરણોમાં લગાડી દે; તે પણ નજર સામે અનંતાનંત ક્ષમાશીલ પરમેષ્ઠીને લાવીને ! જાણે પોતે દરેકને ચરણે માથું અડાડતા નમસ્કાર કરે છે, એમની ક્ષમાને ઝીલે છે એ રીતે કલ્પીને નવકારપદો પુનઃ પુનઃ યાદ કરાય. આ બને ત્યાં ગુસ્સો મોળો પડી જાય.

ધ્યાનમાં રાખવાનું છે કે પોતાની પ્રકૃતિ અને અભ્યાસ ક્રોધના બનાવ્યા પછી અવસરે એનો પારો કાબુમાં કે માપમાં નહિ રહે. માટે જ એવા અણચિંત્યા અવસરે આપણે જાલિમ ક્રોધમાં ન ફસાઈએ એ માટે અત્યારથી જ ક્રોધના સ્વભાવ અને ક્રોધના અભ્યાસ ઉપર નવકાર-સ્મરણથી પરમેષ્ઠીની ક્ષમા યાદ કરી કાબુ મુકી દેવા જેવો છે; એને અટકાવવા દબાવવા જેવો છે. એ પણ વારે વારે એટલે કે જ્યારે જ્યારે ક્રોધ ઊઠે ત્યારે ત્યારે એને દબાવવો જ જોઈએ અને એના બદલે નવકાર-પરમેષ્ઠીની ક્ષમા આગળ કરી દયા-ક્ષમા-સમતાનો ભાવ ઊભો કરવો ખાસ જરૂરી. લાંબા ગાળાનો જ્યારે એવો અભ્યાસ થાય ત્યારે ક્રોધિલા સ્વભાવ પર અંકુશ આવે. એ મોળો પડે, ને પછી સહેલાઈથી દયા-ક્ષમા-સમતા મનમાં રમતા થઇ જાય. ક્રોધની લાગણી જેમ પહેલા મામુલી પ્રસંગોમાં પણ મનમાં સહેલાઈથી ઊઠી આવતી તે હવે એમ ન ઊઠે. અરે ! મહત્ત્વના અવસરે પણ જાલિમ ગુસ્સો ન ઊઠે.

**નાના પણ ક્રોધથી બચવું :-**

બાકી જો ભરોસે ભ્રમમાં રહ્યા કે 'આપણે કોઈ એવો ઉગ્ર ક્રોધ કરતા નથી;' ને વાસ્તવમાં નીચેની કક્ષાના ક્રોધ કરતા રહ્યા તો અવસરે ભાન ભુલાતા વાર નહિ લાગે. અત્યારે જે એવો ગુસ્સો નથી દેખાતો એનું કારણ તો એવો ભારે


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

અવસર નથી આવ્યો એ છે; બાકી ક્રોધના સંસ્કાર તો પૂર્વે વારંવારના ક્રોધના સ્વભાવ અને અભ્યાસથી ઘડાયેલા પડયા જ છે. માટે એવા ખોટા ભરોસે રહી ચાલુ નાના પ્રસંગના પણ ક્રોધને પંપાળવા મહલાવવા જેવો નથી.

એ તો ડર જ રહેવો જોઈએ કે 'રખેને હું આ જરૂર પડે ત્યારે ત્યારે ક્રોધ કરતો રહું છું એ ક્યારેક તેવા અવસરે ઉગ્ર રૂપમાં ફાટી નીકળે તો ? ત્યાં મારા તો બાર જ વાગી જાય. એવા ઉગ્ર ગુસ્સાનું અહીં ગમે તેવું મનમાન્યું ફળ દેખાતું હોય કે આત્મસંતોષ થતો હોય, પરંતુ એના નરકાદિની અસંખ્ય વર્ષની દારૂણ વેદનાના ફળ અસહ્ય છે, તેથી એ દુઃખ આવી પડતા અટકાવવા માટે બહેતર છે કે અહીંના મનમાન્યા તુચ્છફળ કે આત્મસંતોષ મારે જતા કરવા. એ મારે નથી જોઈતા. એ લાવનારા ક્રોધથી સર્યું.' એવા ઉગ્ર ક્રોધની પૂર્વ ભૂમિકારૂપ ચાલુ ક્રોધિલા સ્વભાવ અને ક્રોધના અભ્યાસથી સર્યું. આવી ભાવી મહાઅનર્થની આગાહી મન પર રાખી ચાલુ ક્રોધ ન કરવાનો દૃઢ નિર્ધાર જોઈએ, બરાબર ખબરદારી સાથેના પ્રયત્ન જોઈએ. સમજી જ રાખવાનું કે,-

માત્ર ક્રોધ જ શું **કોઈ પણ નાના દેખાતા દોષમાં ય ભાવી મહાદોષના બીજ પડેલા છે.**

એને વાવો-સિંચો-પોષો એટલે અવસર પામીને એમાંથી મોટા ઝાડ ઊગવાના માટે પ્રારંભથી જ એના પર કાપ જોઈએ.

પ્ર.- અપરાધી પર તો ગુસ્સો ચડે જ ને ?

ઉ.- ના, એવો નિયમ નથી કે ગુસ્સો ચડે જ. જગતમાં જોજો કે અપરાધી જો પોતે જ અપરાધનો ઈકરાર કરતો હશે અને રૂદન સાથે ભારે પસ્તાવો દેખાડતો હશે, તો સામાને એની પ્રત્યે લાગણી ઊભરાય છે. જીવનમાં આ અનુભવ કરવા જેવો છે. તમારા હાથે કોઈ ભુલ થઈ, કોઈ ઉતાવળું કામ થઈ ગયું, અને સામેથી કોઈ પૂછી શકે એવી વ્યક્તિ પૂછવા આવી કે કેમ આ કર્યું ? હવે ત્યાં જો તરત તમે સહૃદયતાથી કહો કે, આ મારી ભુલ થઈ છે મારા હાથે ઉતાવળ થઈ ગઈ છે. તો એની અસર પડશે. સામો આવેશમાં ચડીને આવ્યો હશે કે 'આને બરાબર ધમકાવી કાઢવો.' પણ એનો એ આવેશ મોળો પડી જશે. આ તો પરિણામ સામાના પૂછવા પર આટલી સામાન્ય દુઃખ વ્યક્ત કરવા સાથેની ભુલની કબુલાતમાં; પરંતુ સામાના વગર પૂછ્યે પણ જો તમે જાતે જ તમારા અપકૃત્યનો ભારે પશ્ચાત્તાપ વ્યકત કરતા હો, છાતીફાટ રૂદન કરતા હો, ભુલની સામે હવે કોઈ ભારે સજા જાતે જ લેવાની તૈયારી કરતા હો તો તો પરિણામમાં મજાલ નથી કે સામાના દિલમાં એવો ગુસ્સો ટકી શકે. એને પીગળ્યે જ છુટકો.



આ કેવો સરસ મંત્ર છે ?

બીજાના ગુસ્સાને પીગાળી એનામાં દયા સ્નેહ ઊભા કરવાનો મંત્ર આ, કે આપણી પોતાની ભુલનો નિખાલસ દિલ અને દુઃખના સંવેદન સાથે સ્વીકાર કરવો.

ઘડીભર આપણને લાગે કે આમાં આપણું માન હણાય, આપણે હલકાં પડીએ, અથવા કેટલીકવાર આપણને કેટલુંક વ્યાજબી લાગતું હોય તેમાં હવે ગેરવ્યાજબી આપણા મોંઢે કેમ બોલાય ? પરંતુ આ ટૂંકી દૃષ્ટિનો વિચાર છે. કેમકે ક્ષમા-ઉપશમથી દિલને જે શાતા મળે છે અને એના પર શુભ અધ્યવસાયની લહેરીઓ ઊઠે એ અમૂલ્ય છે.

સારાંશ, ક્રોધની લાગણીને દબાવવા નવકાર-સ્મરણ અને તે પણ અરિહંતાદિ પંચ પરમેષ્ઠીની ક્ષમા આગળ કરીને નવકારપદો યાદ કરવાનું કાર્ય રસમય બનાવી દેવું જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૩૬,તા.૨૩-૫-૧૯૮૧

## (૧૦૩) વીતરાગ પ્રભુની સાથે પ્રીત અને ઓળગ

(લેખાંક-૧)

પ્રભુના સ્તવનમાં એક ઠેકાણે કહે છે

**'પ્રભુજીની સાથે પ્રીત કરંતા કર્મતણી કસ તટકે,**
**પ્રભુજીની સાથે ઓળગ કરતાં વાંછિત સુખડા સટકે.'**

અહીં પહેલાં પ્રીત અને પછી ઓળગ એમ ક્રમ કેમ મૂક્યો ? અને એનાં ફળ જે બતાવ્યા એ કયાં નિયમથી ? એ વિચારવું છે, જેથી વીતરાગ પ્રભુ સાથેની પ્રીત અને ઓળગની મહાન સાધના આપણા જીવનમાં વ્યવસ્થિત રીતે આવે.

વીતરાગ પ્રભુ સાથે પ્રીત કરવી છે, એ ક્યારે બને ? જગતના સગા-સ્નેહી સાથેની પ્રીત એ સારા શબ્દાદિ વિષયોના સ્વાર્થના ઝેરથી ભરેલી છે, અને એના યોગે આપણો જીવ સંસારમાં અનંત અનંત કાળથી ભટકતો આવ્યો છે. મનને એવું દુઃખ ઊભું થાય ત્યારે પ્રભુ સાથે પ્રીત થાય. જીવનને શા સારું જનમ-મરણ જનમ મરણની સજા ભોગવવી પડે છે ? કહો, સારા સ્નેહ-સન્માનના શબ્દ અને સારા સારા રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ વિષયો પર પ્રીત છે ને એ પૂરા પાડનારા સગા સ્નેહી પર પ્રીત છે. એજ કારણે જનમ મરણની સજા છે; તો આ પ્રીત, આ વિષયો, અને આ સગા સ્નેહી ભૂંડા કે સારા ? ભૂંડા જ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આ સમજ આવી એટલે વીતરાગ પ્રભુ સાથે પ્રીત માંડી, જેથી પેલી પ્રીત છુટતી આવે. પ્રભુને કહીએ, પ્રભુ તમે એટલા માટે ગમો છો કે (૧) એક તો તમે જગતની ભૂંડી પ્રીત છોડી, પ્રીતના વિષયો છોડયા અને સગાં સ્નેહી છોડયા. તેથી તમે કેવળજ્ઞાન પામી જગતના તારણહાર તીર્થંકર બન્યા; ને (૨) બીજુ એ કે તમે જગતને આ ઝેરી પ્રીત ને વિષયો તથા સગા સ્નેહી છોડવાનો ઉપદેશ આપ્યો, જેથી તમારી પાછળ બીજા લાખો કરોડો જીવો એમ કરીને દુઃખદ જન્મ-મરણમય ભવસાગર પાર કરી ગયા ! માટે પ્રભુ ! તમે બહુ ગમો છો, હવે સાચી પ્રીતિ તમારા પર થાય છે.

આમ પ્રભુ સાથે પ્રીત કરતાં કરતાં 'કર્મતણી કસ તટકે' અર્થાત્ મિથ્યાત્વ, મોહનીય કર્મના બંધન તૂટે છે. કેમકે જીવને પ્રભુ સાથે પ્રીત નહોતી મળી ત્યાં સુધી જગતના જડ વિષયો અને સગા સ્નેહીને સારા સુખકારી માની એમના પર પ્રીત-રાગ-આસક્તિ કરવામાં દોડયો જતો હતો, પણ હવે પ્રભુ મળ્યા અને વીતરાગ પ્રભુને ઓળખ્યા પછી ભાન થયું કે 'એ પ્રીત અને એના વિષયો તથા સગા સ્નેહી જુદા છે, ખતરનાક છે, ભૂંડાં છે.'

અલબત મિથ્યાત્વ ટળ્યું એટલે એમ હૃદયને હાડોહાડ લાગી ગયું કે 'જગતના વિષયો અને સગા સ્નેહી ખરેખર સુખકારી નહિ પણ દુઃખ-મહાદુઃખકારી છે, સારા નહિ પણ ભૂંડા છે, અલબત આમ એ ભૂંડા હોવાનું લાગી ગયું, સમજાઈ ગયું.'

પરંતુ હજી અવિરતિ ઊભી છે એટલે એ સારા સારા શબ્દ-રૂપ-રસ અને સારી પત્ની-પુત્રાદિ ખરાબ લાગતા નથી, તેથી તો એમાં વિભાગ કરીને નરસા અનિષ્ટ વિષયો છોડીને સારા ગમતા વિષયો લેવા જવાય છે, ભોગવાય છે. અપમાનના શબ્દ ખરાબ ભૂંડા લાગે છે પણ સન્માનના શબ્દ તો ગમે છે, સારા લાગે છે, ઝુંપડિયું મકાન ખરાબ લાગે છે, પણ બંગલો-ફ્લેટ-હવેલી સારી લાગે છે. તેથીસ્તો ખરાબને છોડી સારાને પકડે છે, આ અવિરતિ હોવાને કારણે છે. પરંતુ મિથ્યાત્વ ટાળ્યું છે તેથી આ સારા લાગતા વિષયો અને સગા સ્નેહી સારા નહિ ભૂંડા છે ખતરનાક છે એમ હૈયાને જરૂર લાગે છે.

મિથ્યાત્વ હોત તો એ વિષયો ને સગા-સ્નેહી હૈયાને પણ સારા લાગત, પણ એ નથી એટલે વિષયો વગેરે ભૂંડા છે એમ હૈયું કબુલે છે; આમ હૈયાને એ વિષયો ભૂંડા લાગવા છતાં અવિરતિ છે આસક્તિ છે તેથી ઈષ્ટ વિષયો ઈન્દ્રિયોને ખરાબ નથી લાગતા, ઈન્દ્રિયોને સારા લાગે છે. એટલે "સંસારના સુખ ભૂંડા નથી લાગતા માટે મિથ્યાત્વ છે" એમ કહેવું એ તત્ત્વની અજ્ઞાનતા છે, તત્ત્વની ગમ નથી. તત્ત્વનું ભાન હોય તો એમ કહેવાય કે "સંસારના સુખ ભૂંડા છે એમ ન



લાગે એ મિથ્યાત્વ છે, અને એ ભૂંડા છે, એમ લાગે એ સમ્યક્ત્વ છે." પછી હૈયામાં એ ભૂંડા હોવાનું લાગવા છતાં ઈન્દ્રિયોને એ સંસારના સુખ મીઠા મીઠા લાગે એ અવિરતિ છે. આ અવિરતિ આસક્તિ છોડે તો સુખ ભૂંડા લાગે, મીઠા નહિ.

અહીં વીતરાગ પ્રભુ સાથે પ્રીત કરતાં કરતાં સંસારસુખ ભૂંડા હોવાનું લાગતું જાય છે, ને ત્યાં મિથ્યાત્વ કર્મ મોળું પડતું જાય છે. આમ જ્યારે સાચી પ્રભુ પ્રીત થાય, પછી જ પ્રભુની સાથે ઓળગ કરવાનું સાચું બને છે.

ઓળગ એટલે પ્રભુની પૂંઠે લાગી જવું, પ્રભુનું જ આલંબન પકડવું, પ્રભુનો જ આશરો લેવો. એ માટે પ્રભુના દર્શન-નમન-સ્તુતિ-પ્રાર્થના, પૂજન-ભક્તિ-બહુમાન, શરણ-સ્મરણ-આજ્ઞાપાલન વગેરે કરતાં રહીએ, એ પ્રભુ સાથે ઓળગ કરી કહેવાય.

આ ઓળગ નિઃસ્વાર્થ ભાવે થાય, કિન્તુ દુન્યવી માનપાનાદિની લાલચથી ન થાય, તો સાચી ઓળગ કરી કહેવાય. એ માટે પહેલાં પ્રભુ સાથે સાચી પ્રીત જરૂરી; જેથી લાલચ કરાવનારા જગતના વિષયો ભૂંડા છે એમ હાડોહાડ લાગે ને તેથી પ્રભુની ઓળગ કરી કરીને આ ભૂંડા વિષયો માગવાની ઈચ્છા જ ન થાય.

આ હિસાબે આ ક્રમ છે કે પહેલાં પ્રભુ સાથે સાચી પ્રીત થાય, અને પછી પ્રભુની ઓળગ કરાય.

વીતરાગ પ્રભુ સાથે પહેલા પ્રીતિ બાંધીએ, પછી ઓળગ કરાય. પ્રીતિનું ફળ છે,-કર્મના બંધનનો નાશ. અહીં 'કર્મ' એટલે મિથ્યાત્વ મોહનીય કર્મ અને અનંતાનુબંધી કષાયમોહનીય કર્મ લેવાના. પ્રભુ-પ્રીતિથી એનો નાશ થાય. કારણ એ છે કે આપણે સરાગી દેવ સાથે નહિ ને વીતરાગ દેવ સાથે પ્રીતિ એટલા માટે માંડીએ છીએ કે આપણે અંતે વીતરાગ થવું છે, જેથી પછી આપણા સંસારનો યાને ભવમાં સંસરણ-પરિભ્રમણનો અંત આવી જાય, તો જન્મ-મરણના ફેરા મટી જાય. જ્યારે આપણે વીતરાગ થવું છે, રાગાદિરહિત થવું છે, તો એ સૂચવે છે કે આપણે તો પછી રાગ-દ્વેષ વગેરે કષાયોને ભૂંડા માની આદરણીય નહિ કિન્તુ ત્યાજ્ય માન્યા.

હજી આપણામાં રાગદ્વેષ છે, પરંતુ જો એ ભૂંડા અને ત્યાજય લાગે છે, એના પર જો લાલ આંખ રહે છે, તો એ રાગદ્વેષ અપ્રત્યાખ્યાનીય વગેરે નીચેની કક્ષાના છે. પરંતુ જો એ ભૂંડા નહિ પણ સારા લાગે છે, ત્યાજ્ય નહિ પણ કર્તવ્ય લાગે છે. જો રાગદ્વેષ કરવામાં કશું ખોટું લાગતું નથી. 'રાગદ્વેષ કેમ ન કરાય ? કરવા જ જોઈએ.' એવું જો મનને લાગે છે ને રાગદ્વેષ કરીએ છીએ, તો એ ઊંચી કક્ષાના ઉગ્ર રાગદ્વેષ છે એને અનંતાનુબંધી કષાય કહે છે, ને એ મિથ્યાત્વની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

લગભગ સાથો સાથ રહે છે. એ જ્યારે જરાય ખોટા-ખરાબ-ભૂંડા-અકર્તવ્ય લાગતા જ નથી પછી 'વીતરાગ પ્રભુને ભજવાનું તે વીતરાગ થવા માટે' એ વાત રહેતી નથી. જેને રાગદ્વેષ કર્તવ્ય જ લાગે છે, એને વીતરાગ થવું જ શાનું હોય ?

આ પરથી જણાશે કે વીતરાગ થવા વીતરાગ સાથે પ્રીતિ માંડીએ એટલે રાગદ્વેષ, ભૂંડા માન્યા; તેથી ભૂંડા મનાયેલા રાગદ્વેષ એ ભૂંડા નહિ મનાયેલા રાગાદિ કરતાં મોળા પડ્યા, ઊગ્ર મટી ગયા; એટલે કે અનંતાનુબંધી કોટિના ન રહ્યા. ત્યાં અનંતાનુબંધી કષાય-મોહનીય કર્મના બંધન તૂટ્યા ગણાય. વીતરાગ સાથે પ્રીતિ માંડી એનું આ એક ફળ આવ્યું કે મિથ્યાત્વ અને ઉગ્ર કષાયના કર્મબંધન તૂટ્યા.

હવે વીતરાગ સાથે પ્રીતિ માંડીએ એટલે સહજ છે કે આપણને વીતરાગ જ ગમ્યા અને એમના જ ઉપદેશ-વચન ગમ્યા પણ સરાગી દેવ અને એમના ઉપદેશ-વચન નહિ આથી મિથ્યાત્વ ટળ્યું, મિથ્યાત્વ મોહનીય કર્મના બંધન તૂટ્યા એમ કહેવાય; કેમકે મિથ્યાત્વ આ છે કે સરાગી-અસર્વજ્ઞના વચન ગમે, એના પર શ્રદ્ધા થાય, પરંતુ એ મિથ્યાત્વ ટળે એટલે સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન ગુણ આવે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૩૭,તા.૩૦-૫-૧૯૮૧

## (૧૦૪) વીતરાગ પ્રભુની સાથે પ્રીત અને ઓળગ

### (લેખાંક-૨)

'વીતરાગ સર્વજ્ઞના વચન જ સાચા અને શંકા વિનાના' એવી શ્રદ્ધા થાય ને એ જ ગમે એટલે સમ્યક્ત્વ આવે, સમ્યગ્દર્શન પ્રગટે.

આમ વીતરાગ પ્રભુ સાથે પ્રીતિ કરતા 'કર્મ તણી કસ તટકે, એટલે કે મિથ્યાત્વ-મોહનીય અને અનંતાનુબંધી કષાય-મોહનીય કર્મના બંધન તુટે, એ જે ફળ બતાવ્યું તે યુક્તિયુક્ત છે.

વીતરાગ પ્રભુજી સાથે પ્રીત માંડ્યા પછી જ વીતરાગ પ્રભુની જે ઓળગ કરાય, આલંબન કરાય, અર્થાત્ એમના જે દર્શન-વંદન-પૂજન, ભક્તિ-બહુમાન, સત્કાર-સન્માન, શરણ-સ્મરણ-ધ્યાન અને આજ્ઞાપાલન કરાય એ લેખે લાગે. નહિતર તો જો વીતરાગ પ્રભુને ભજીએ ખરા, પ્રભુની ઓળગ કરીએ પરંતુ દુન્યવી લાડવો લેવાની લાલચે; તો ત્યાં પ્રીતિ લાડવાની રહી, વીતરાગ પ્રભુની નહિ. પ્રભુની ઓળગ કરીએ ત્યાં પ્રભુને તો લાડવો લેવાનું એક મીડિયમ-માધ્યમ બનાવ્યું એટલું



જ. હૈયાનું હેત તો દુન્યવી સુખ પર વરસ્યું. બાકી વિષયો સાથે નહિ કિન્તુ વીતરાગ સાથે પ્રીતિ માંડી એ તો પૂર્વે કહ્યું તેમ વીતરાગ બનવા માટે રાગાદિને કાઢવા માટે; એટલે ત્યાં દુન્યવી પદાર્થોના રાગ ભૂંડા માન્યા અને એ રાગ થવામાં નિમિત્ત બનનાર દુન્યવી પદાર્થ પણ ભૂંડા માન્યા એટલે પછી જે પ્રભુની ઓળંગ કરાય આલંબન કરાય, અર્થાત વીતરાગના આલંબને જે દર્શન-વંદન-પૂજન આદિ કરવામાં આવે તે શાનાં દુન્યવી લાડવો લેવા માટે કરાય ? એ તો વીતરાગ થવા માટે જ કરાય. આમ પ્રીત પછી ઓળગનો ક્રમ બરાબર છે. પહેલા શુદ્ધ પ્રભુપ્રીત લાવવી જ જોઈએ; તે પછી જ ઓળગ કરાય.

હવે આ ઓળગનું ફળ બતાવ્યું,- **''પ્રભુજીની સાથે ઓળગ કરતા વાંછિત સુખડા સટકે''** ઓળગ કરવાથી મનવાંછિત સુખ આપણી પાસે સરી આવે. અહીં પ્રશ્ન થાય,

પ્ર.- મનવાંછિત સુખ એટલે સંસારી જીવને તો ખાન-પાન, હવેલી-વાહન, માલ-મિલકત, પ્રતિષ્ઠા-પરિવાર વગેરે વિષયોના સુખ હોય છે તે શું વીતરાગ પ્રભુની ઓળગ અર્થાત્ દર્શન-વંદન-પૂજન-પ્રાર્થના વગેરેથી મળી આવે ?

ઉ.- અહીં પહેલા જે કહ્યું છે કે ઓળગ સાચી કોની ? તો કે વીતરાગ સાથે પ્રીતિ માંડી હોય એની અને વીતરાગ સાથે પ્રીતિ માંડી એટલે વિષયોની આંધળી પ્રીત ગઇ. વિષયોની મુખ્ય પ્રીત ગઈ. હજી સંસારમાં છે એટલે વિષયોનો ત્યાગ નથી કર્યો, વિષયો ગમે છે; પરંતુ એ વિષયો તો પછી ગમે છે, ને વીતરાગ પહેલા ગમે છે. વિષયોની પ્રીત એવી નથી કરતો જે વીતરાગની પ્રીતને ગૌણ બનાવે. દા.ત. મેવા-મિઠાઈ પર રાગથી એ ખાવાનું મન કરશે. પરંતુ એ જાલિમ માનીને. શું જાલિમ ?

'મેવા-મિઠાઈ વગેરે વિષયો જાલિમ' અને એના રાગ પણ જાલિમ; જ્યારે એની સામે વીતરાગ તારણહાર અને એમની સાથેની પ્રીત પણ તારણહાર; એમ માને છે. એટલે જો કે મનવાંછિત વિષયસુખો અનુભવે ખરાબ-ભૂંડા નથી લાગતા પણ મીઠા મીઠા લાગે છે. એટલે તો એ લેવા દોડે છે, ને પ્રતિકૂળ વિષયોમા ઉદ્વેગ અને અનુકૂળ વિષયોમાં આનંદ અનુભવે છે; છતાં એના અંતરામાં બેઠું છે કે 'આ વિષયો ભૂંડા.' વીતરાગ સાથે પ્રીત માંડી એ પ્રીતે આ કામ કર્યું કે વીતરાગ મુખ્ય અને સારભૂત મનાવ્યા અને વિષયો ગૌણ અને નિસ્સાર લેખાવ્યા.

એટલે આ ફરીથી સમજી રાખવાનું છે કે એવી ભ્રમણામાં ન ફસાતા કે અમને સંસારસુખ ભૂંડા નથી લાગતા મીઠા મીઠા લાગે છે માટે અમારામાં વીતરાગની પ્રીત ન હોય ને અમારી ધર્મક્રિયા એ ધર્મ નહિ, આ ભ્રમણા છે, કેમકે જો અંતરમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

વિષયો-વિષયસુખો ભૂંડા હોવાનું લાગતું હોય તો ત્યાં વીતરાગ સાથે પ્રીતિ બની શકે છે, પછી ભલે અવિરતિના યોગે અનુભવમાં સુખ ભૂંડુ નહિ, પણ મીઠું લાગતું હોય.

અલબત અંતે તો અનુભવમાં પણ સુખ ભૂંડું લગાડવાનું છે, અને તે મહાત્યાગમય જીવન બનાવાય ત્યારે જ બને; ત્યાંજ સુખ ભૂંડુ લાગવાનું. મહાત્માઓને મોટી તપસ્યાના પારણે ખીર કે લાડું મળતા તે વાપરતા ત્યાં શું મહાત્માઓને એ ખીર-લાડુ સારા લાગતા હતા ? ના ભૂંડા જ લાગતા; કેમકે એમને એની લેશમાત્ર આસક્તિ નહોતી. એ તો એને લેશ પણ જીભને અનુકૂળ કે શરીરને પુષ્ટિકારક માની વાપરતા નહોતા. માત્ર દેહના ભાડારૂપે ગણી વાપરી લેતા. એ વાપરવા રીત પણ કેવી કે કોળિયો ગાલના એક ગફોલામાંથી બીજા ગફોલામાં ફેરવવાનો નહિ, તેમજ એક ગફોલે પણ સારો સ્વાદ આવે માટે બેઠી દાઢે ચાવવાનો નહિ, પણ ઝટપટ ગળે ઉતારી દેવાની જ વાત. કેમ આમ ? કહો, મિઠાઈ લેશમાત્ર સારી-સરસ, મીઠી-મીઠી નહોતી લાગતી. ભૂંડી જ લાગતી. એટલે જ મોંમા નાખ્યા પછી ગળે ઉતારવા લાયક થતાં તરત જ ગળે ઉતારી નાખવાનું કરતાં.

આ સ્થિતિ કોની ? વિરતિધર ત્યાગી મુનિમહાત્માની. એમના માટે કહેવાય કે એમને સુખ ભૂંડુ લાગે છે. એ સૂચવે છે કે એમનામાં સર્વવિરતિ ત્યાગ-ધર્મ છે.

પરંતુ સમકિતી આત્માની કઈ સ્થિતિ છે ? એ તો ચાહીને વિશિષ્ટ દિવસે ઘરે આદેશ કરે છે કે દા.ત. 'આજે પૂરણપોળીનું મિષ્ટાન બનાવજો.' શું આ પૂરણપોળી ભૂંડી લાગીને કહે છે ? ના, સારી લાગીને જ કહે છે. ત્યાં જો કહીએ કે 'તને સંસાર-સુખ મિષ્ટાન-સુખ ભૂંડુ નથી લાગતું ને ? તો તારામાં સમકિત નહિ. તારામાં ધર્મ નહિ.' આવું જો કહીએ તો એ જિનવચનાનુસાર કથન થયું ? કે જિનવચનથી બાહ્ય કથન થયું ? અહીં પૂછો,-

પ્ર.- જો સમકિતીને સુખ ભૂંડુ લાગતું નથી. મીઠું મીઠું લાગે છે, તો એમ તો મિથ્યાત્વીને પણ સુખ ભૂંડુ નથી લાગતું, મીઠું મીઠું લાગે છે. સમકિતી અને મિથ્યાત્વીમાં શો ફરક ? સમકિતીમાં સમકિતથી શી વિશેષતા ?

ઉ.- ફરક આ છે,- સમકિતીના દિલમાં સંસારસુખ ભૂંડા છે ! એવું સચોટ લાગે છે એ સુખ ભૂંડા કહેનાર શાસ્ત્રવચન પર શ્રદ્ધા છે, ત્યારે મિથ્યાત્વીને દિલમાં આ શ્રદ્ધા જ નથી, સંસારસુખ ભૂંડા છે, એવું એને લેશમાત્ર લાગતું નથી. એ તો કહે છે સુખ વળી ભૂંડા શાના ? એને જો કહો અલ્યા પણ સુખ મીઠા કયાંથી



પરલોકમાં ડુચા નીકળી જશે. તો એ કહેશે આ ભવ મીઠા પરલોક કોણે દીઠા ? ત્યારે સમકિતી શાસ્ત્રવચન બરાબર માને છે. એટલે એનું અંતર વેદનાથી પોકારે છે કે,-

"સંસાર-સુખ ભૂંડા છે સંસારના વિષયો ભૂંડા છે, કેમકે દુર્ગતિ-દાતા છે, મારી મોહમૂઢતા અને ઈન્દ્રિય ગુલામી છે કે ઈન્દ્રિયોને એ વિષયો ભૂંડા નહિ પણ મીઠા લાગે છે. અને તેથી જ સામાન્ય સામાન્ય વિષયોને આઘા મૂકી કિંમતી કિંમતી વિષયોની ઝંખના થાય છે; વિષયો મેળવવા ભોગવવાના પ્રયત્ન કરાય છે; ભોગવતા મીઠા મીઠા લાગે છે શું થશે મારું ? આ વિષયો ભૂંડા છે એમ અંતરને લાગવા છતાં કયાં સુધી હું એના મીઠા મીઠા આનંદમાં ફસાયો રહીશ ?"

આ આંતરવેદના-વ્યથા સમકિતીને હોય છે. ત્યારે મિથ્યાત્વીને એવી લેશમાત્ર વ્યથા નથી. સમકિતીમાં સંભવ છે કોઈક સમકિત પ્રાપ્તિ પૂર્વના વેશ્યાગામીય હોય, કોઈક માંસાહારી કુળનો હોવાથી સમકિત પામવા પહેલેથી માંસાહારી ય હોય, એવાને એ વેશ્યાના કે માંસાહારના સુખ ભોગવતાં ભૂંડા નહિ પણ મીઠા મીઠા લાગે છે, પરંતુ એનું દિલ સમજે છે કે 'આ સુખ ભુંડા છે નરકે ઘસડી જનારા છે' છતાં એ મારાથી છૂટતા નથી ને એ ભોગવતા મિઠાશનો અનુભવ થાય છે; અરેરે ! તો મારું શું થશે ! આ લપ ક્યારે છુટશે !

તાત્પર્ય, ત્યાગી મુનિમહાત્માને વિષયસુખ ભુંડા લાગે છે; ને ભોગી સમકિતીને સુખ ભોગવતાં ભુંડા નહિ પણ મીઠા લાગે છે. છતાં એને અંતરમાં 'આ વિષયસુખ ભુંડા છે' એવું જરૂર લાગતું હોય છે વીતરાગ ભગવાનની ઓળગ કરતાં આવાં સમકિતીને વાંછિત સુખડાં કયા હોય ? ઓળગથી એ કેવા સુખની વાંછા કરનારો હોય ? એ ગમે તે સંયોગમાં પણ આત્માની મસ્તીના સુખ ચાહનારો હોય. અલબત વીતરાગનાં ભાવથી દર્શન-વંદન...વગેરે વીતરાગ અને વીતરાગતા પરની પ્રીતિપૂર્વક થતા હોય, એ ઊંચી કોટિના શુભભાવ હોવાથી શુભભાવે શુભ કર્મ બંધાય એ નિયમના અનુસારે દુન્યવી સુખોના ઊંચા પુણ્ય બંધાય, ને એથી ઊંચા સુખ મળે, પરંતુ સમકિતનું અંતરનું વાંછિત હૃદયમાં ઊંચી ધર્મ-લેશ્યા, મહાવૈરાગ્ય, દેવ-ગુરુ પર ભક્તિ-બહુમાનનો સંવેગ...વગેરે ઈચ્છનારો હોય ને એ મળે એમાં મહાસુખ માનનારો હોય.

વીતરાગ સાથેની પ્રીતિ અને ઓળગનું આ માત્ર બિન્દુ જેટલું દિગ્દર્શન છે. ભવ્યાત્માઓ એના પર વિશાળ ચિંતન કરે એ જ શુભેચ્છા.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

## (૧૦૫) પગરખાનો બોધપાઠ

આજે માણસને ઘણી ઘણી ફરિયાદો છે, જેમકે 'ઘરવાળાનો સ્વભાવ તીખો છે;' માતાને વહુનું સહન થતું નથી; પરણાવવામાં તો રાજીની રેડ હતી. પણ પરણાવ્યા પછી વહુ ખરાબ લાગે છે;' 'પડોશી સારો નથી ઝગડાખોર છે;' 'બજાર વાંકા ચાલ્યા છે;' 'વેપારી લુચ્ચા છે;' 'મકાન જોઈએ તેવું સગવડવાળું નહિ'...આવી આવી અનેક ફરિયાદો ઊભી છે, માણસને જરાક ઊભો રાખી પૂછો 'કેમ છે ? કેમ ચાલે છે ?' ત્યાં એનું ફરિયાદ-પારાયણ ચાલુ થયું જ સમજો !

આની સામે પગરખા-બુટ ચંપલ એક બોધપાઠ આપે છે. મૂર્ખ બાદશાહ ફરવા નીકળ્યો, પરંતુ ઊઘાડા પગે નગરની બહાર નીકળ્યો ત્યાં પગમાં કાંટા લાગ્યા. દિવાનને કહે, 'દિવાનજી ! આ તમે રાજ્ય કેવું સંભાળો છો ? જુઓ આ પગમાં કાંટા વાગ્યા.' દિવાન પૂછે, 'સાબ ! શું કરવું જોઈએ ?' બાદશાહ કહે આંખી પૃથ્વીને ચામડાથી મઢી લેવી જોઈએ. એટલે પૃથ્વી પર ઊગેલા કાંટા વાગે જ નહિ.'

દિવાન બાદશાહની મૂર્ખાઈ પર મનોમન હસ્યો છતાં બાદશાહને કહે 'હાં, સાબ ! એ તો બરાબર. પરંતુ ચામડાથી પૃથ્વીને મઢી લીધા પછી વાડ બાંધવા કાંટા લઈ જનારા લોકો કાંટા વેરે એનું શું કરવું ? બાદશાહ કહે 'હા, એ પાછી આફત છે જ. તો તમે જ કહો, શું કરવું જોઈએ ?'

દિવાન કહે 'આપણે જ પોતે કાંટા વાગે છે માટે પગને જ ચામડાથી મઢી લેવા જોઈએ. પછી ગમે તેટલા કાંટા આવોને ? આપણને એક પણ વાગે નહિ. બાકી આખી પૃથ્વીને ચામડે મઢવાનું શે પહોંચાય !'

બસ, પગરખા જાણે આ બોધપાઠ આપે છે કે "તમો મારા સામે જુઓ, આખી દુનિયાની ફરિયાદો જોઈ એને સુધારવા અર્થાત્ સુધારાથી મઢવા તમે કેટલે પહોંચશો ? એના બદલે તમે પોતે જ તમારા મનને સુધારાથી મઢી લો, પછી તમને કશી ફરિયાદ નહિ નડે. નહિતર તો પેલો પૃથ્વીને ચામડે મઢ્યા પછી કોઇના ઉપર કાંટા વેર્યા તો શું કરવાનું ? એ પ્રશ્ન આવ્યો, એમ અહીં સામા અંગેની ફરીયાદ પર એને ધમકાવી કરીને એની ભૂલ માનો ને સુધરાવી દીધી. પણ પછી એણે બીજી ભૂલ ઊભી કરી...એમ બીજાઓની ભૂલ ગમે તેમ કરીને સુધરાવ્યા પછી નવી ભૂલો ઊભી થઈ, 'તો શું કરવાનું ?' એ પ્રશ્ન ઊભો થવાનો. માટે ડહાપણ આ છે કે તમો તમારા મનને જ એવું વ્યવસ્થિત કરી લો કે બીજા અંગેની ફરીયાદના કાંટા તમને લાગે જ નહિ."

પગરખાની આ શિખામણ પ્રમાણે જો દુનિયાની ભૂલો જોનારા આપણા મનને જ સુધારી લીધું. મનને જ એવું કંઈક સમજાવી દીધું કે જેથી એ બીજાની ભૂલ જોતું જ બંધ થઈ જાય પોતે જ પોતાને એવું વ્યવસ્થિત કરી લે છે કે પછી પોતે જ કહે કે 'બહાર દુનિયામાં જે ચાલે છે તે કાર્ય-કારણના નિયમ મુજબ બધું બરાબર છે.' અથવા 'કુદરતનો આમાં કોઈ સારો સંકેત છે જે મને લાભકારી છે.' આમ જો મન વ્યવસ્થિત થઈ જાય, તો પછી દુનિયાના જીવો કે જડ પદાર્થોનો વાંક જોવાનું અને એની ફરિયાદોનું બંડલ લઇને ફરવાનું રહે નહિ.

દા.ત. ઘરવાળાનો સ્વભાવ તીખો છે એની સામે પોતે જ પોતાના મનને એવું વ્યવસ્થિત કરી દે કે 'મારે આમાં સુંવાળા મનને ખડતલ કરવાની તક મળે છે ! મારે આ કિંમતી જનમમાં ક્ષમા-સમતાનો કિંમતી અભ્યાસ કરવાની તક મળે છે ! એ સારું છે. સામા જો મુલાયમ સ્વભાવના હોત તો તક ન મળત; કેમકે ક્ષમાનો વેપાર ક્રોધના બજારમાં થાય છે, પ્રતિકૂળતાના બજારમાં થાય છે, શાંતિ અને અનુકૂળતાના બજારમાં નહિ. ત્યારે આ ઉત્તમ માનવ જનમમાં અનુકૂળ-અનુકૂળ ભોગવીને ખુશી થયા એ તો માત્ર ક્ષણિક રાજીપો. પરંતુ મન સુંવાળુ બન્યું, અનુકૂળતાના જ રાગવાળું બન્યું એ પરભવ માટે બહુ ખતરનાક છે ! કેમકે આ અનુકૂળ-અનુકૂળનો દૃઢ કરેલો રાગ ત્યાં અનુકૂળ-અનુકૂળની લાલચે કેટલાય કાળાં કામ કરાવશે ! ધરખમ પાપો કરાવશે ! તેમ અહીં પ્રતિકૂળ પરના દ્વેષથી પડેલા સંસ્કારો પરભવે પ્રતિકૂળ પર ભારે દ્વેષ અને પ્રતિકૂળને ટાળવા ધરખમ પાપો કરાવશે ! એના બદલે જો અહીં મન જ એવું બનાવી દીધું કે એ પ્રતિકૂળને કોઈ દૃષ્ટિએ આપણને અનુકૂળ હોવાનું દેખતું રહે, તો પ્રતિકૂળ પર કશો દ્વેષ કરવાની જરૂર જ નહિ.

નહિતર, દુનિયા અંગે ફરિયાદ જ ફરિયાદ મગજમાં ઘાલ્યા પછી મન હંમેશા સંતપ્ત જ રહે છે, પછી બીજું ગમે તેટલું સારું હોય પણ એનાથી સુખશાંતિ નહિ અનુભવી શકે. દા.ત. ભોજન કરવા બેઠા એમાં એક ચીજ બરાબર ન આવી; હવે જો એની જ ફરિયાદ મનમાં ઘુસી, તો બીજી સારી ચીજોનો આનંદ ડુલ થઇ જવાનો.

માત્ર આ આનંદ ડુલ એટલું જ નહિ. પણ ત્યાં પેલા સંતાપ પર અસમાધિ-





E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આર્તધ્યાન ચાલવાનું ! મનને થશે કે 'આ નરસું કયાં આવ્યું ? આ કેમ ચલાવી લેવાય ? માંડ બહાર મજુરી કરીને ઘરે આવ્યા ત્યાંય ખાવાનું સુખ નહિ ? રસોઈ કરનારે અમારી ચિંતા જ રાખી નહિ કે આમને આ ફાવશે ? ને જેમ તેમ રાંધી કાઢવું ? નરી વેઠ ઉતારવાની વાત છે...' આવું આવું કેટલુંય દુર્ધ્યાન અને અસદ્ વિકલ્પો ચાલવાના ! એમાં કષાય પોષાવાના, અને નજીવી વાત પર લખલૂટ પાપકર્મ બંધાવાના.

આટલેથી ય બસ નથી, પરંતુ આ પ્રતિકૂળના સંતાપ અને દુર્ધ્યાન પર રસોઈ કરનારને ધમધમાવી નાખશે ! એથી સામાના કાં તો હૃદય ભાંગી જશે. 'લ્યો બીજી સત્તર ચીજો સારી બનાવીએ છીએ એની કદર નથી, ને એકમાં જરાક વાંકુ થયું તે લઈને રગડો જ માંડવો છે ! આ અમે કેવાના પનારે પડ્યા ?' એવું એવું એમના મનને થશે, અથવા જબરા હશે તો સામે દોઢું ઠોકશે કે 'બેસોને બોલવા જ શીખ્યા છો તે ? તમારામાં કેટલા કેટલા વાંકો ભર્યા છે ? તમારા કામોમાં કેટલીય ભૂલ થાય છે. એનું કાંઈ નહિ ? તમને પરણ્યા એટલે તમારા ગુલામ નથી બન્યા કે આટલું સંભળાવો છો ? ખબરદાર ફરીથી આવી કચકચ કરી છે તો ?...' કહો, ફરિયાદનું-કચકચનું શું સારું પરિણામ આવ્યું ?

ફરિયાદ કરવાને બદલે જો મન મનાવી લેતા આવડે કે 'હોય, એક ચીજ બરાબર ન બની પરંતુ બીજી કેટલી બધી ચીજો સારી બની છે ! ને આપણે કંઈ પૂર્વ જનમમાં પ્રભુની સર્વ અંશે સારી ભક્તિ કર્યા કરી છે કે એનાથી સબળું પુણ્ય લઈને અહીં આવતાં બધું સર્વાંશે સારું જ મળે ? પૂરવની ભક્તિ ખોડખાંપણવાળી એટલે પુણ્ય ખોડખાંપણવાળું મળ્યું, તેથી અહીં અનુકૂળતા ખોડખાંપણવાળી જ મળે. સારું છે આ ખોડખાંપણ અને આ પ્રતિકૂળતા મને સાવધાન કરે છે કે 'આગળ પણ જો આવી ખોડખાંપણ ન જોઈતી હોય તો હવે અહીં ખોડખાંપણ વિનાની પ્રભુભક્તિ કર. પ્રભુભક્તિમાં અને ધર્મમાં સર્વાંશે વિધિ સાચવ, ભાવો સર્વથા શુદ્ધ રાખ. લેશ પણ બીજાના વાંકે તારા ભાવ ન બગાડીશ. લેશ પણ કષાય ન કરીશ. સહેજ પણ મન ન બગાડતો.'

મનને જો આવું કોઈક સમાધાન કરી લેવામાં આવે તો પ્રતિકૂળ અંગે કશી ફરિયાદ જ નહિ રહે; મનને કશો કચવાટ જ નહિ થાય. પછી ધર્મની બાબત હશે, આપણી ધર્મસાધનામાં દખલ હશે અંતરાય કરતા હશે, તોય ત્યાં મન સમાધાન કરી લેશે કે 'ભલેને બહારથી ધર્મમાં દખલ આવી અંતરાય આવ્યો, પરંતુ મારી અંતરની ધર્મલેશ્યા, ધર્મપરિણતિ જો સલામત છે તો મારે કશી ખોટ નથી. આ સમાધાન કરી લેવા પર મનને કશો કચવાટ કે આર્તધ્યાન કરવાનું નહિ રહે.



સુલસા શ્રાવિકાને શું બન્યું ? દેવ-પરીક્ષામાં મુનિને વહોરાવવા લક્ષપાક તેલના ત્રણેય શીશા દેવ દાસીના હાથે અદૃશ્ય ધક્કાથી ફોડાવી નાખ્યા ! સુલસાને દાનધર્મનો અંતરાય આવ્યો છતાં એ જરાય દાસી પર ગુસ્સે કે આકુળ-વ્યાકુળ થઈ નહિ; કેમકે સમજે છે કે મારી દાનપરિણતિ સલામત છે, પછી શી ફિકર ? બાહ્યદાન તો પુણ્યાનુસાર થાય પુણ્યને આધીન છે. પુણ્ય તેવું પહોંચતું નથી તેથી દાનનું સાધન નથી એટલે ધાર્યું દાન ન બને. પરંતુ ધર્મલેશ્યા મારે આધીન છે. એ ધર્મલેશ્યાને શા સારું દાસી પરના ગુસ્સાથી ને આંતરિક કચવાટથી બગાડું ?'

સારાંશ, પગરખા આ શિખામણ આપે છે કે 'દુનિયાને સારાપણાથી મઢવા જવાને બદલે તમારા મનને સારાપણાથી મઢી દો, તમને પ્રતિકૂળના કાંટા નહિ વાગે.'

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૪૦,તા.૨૦-૬-૧૯૮૧

## (૧૦૬) કાળલબ્ધિ-ભાવલબ્ધિ

**'કાળલબ્ધિ લઈ પંથ નિહાળશું'**- આનંદઘનજી મ.

**'કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથ રે'**- ઉપા. યશોવિજયજી મ.

આનંદઘનજી મહારાજ શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુનો પંથ નિહાળવા અનેક ઉપાયો વિચારતાં એ નિષ્કર્ષ પર આવ્યા કે કાળલબ્ધિ અર્થાત્ વર્તમાનકાળે પ્રાપ્ત શાસ્ત્રો, ગીતાર્થ આચરણા, મોક્ષમાર્ગના અનુષ્ઠાનો, તીર્થો, મંદિરો, સંઘ વગેરે લબ્ધિના આધારે પ્રભુનો પંથ જોઈશું.

ત્યારે ઉપા. યશોવિજયજી મહારાજ શ્રી સંભવનાથ ભગવાનને વિનંતી અવધારવા કહે છે 'પ્રભુ ! તમે અમારી સેવાનું ફળ આપનારા ક્યારે બનશો ? એ માટે મારી કાળલબ્ધિ સામે જોશો નહિ, કેમકે ભાવલબ્ધિ વિનાની કાળલબ્ધિ નિરર્થક છે.'

આમ એકે કાળલબ્ધિ મહત્ત્વની ગણી તો બીજાને એને નિરર્થક ગણી. આ ભેદનો શો અર્થ ? એ અહીં વિચારીએ,-

આનંદઘનજી મહારાજે શ્રી ઋષભદેવ પ્રભુના સ્તવનમાં પ્રભુ સાથે નિરુપાધિક નિઃસ્વાર્થ પ્રીત જાહેર કરી, જેથી પ્રભુ રીઝી જાય તો સાદિ-અનંત ભાંગાથી પ્રભુ આપણા સંબંધ ન છોડે, અનાદિથી તો કોઈ સંગ છે નહિ, સાદિ સંગ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

'સાદિ' = આદિવાળા, નવા શરું થનારા. પરંતુ દુનિયાના એ સંગનો અંત આવે છે, માટે એ સાદિ-સાંત બને છે. એના બદલે પ્રભુ સાથે ભલે નવો સંગ સાદિ સંગ હો, પણ પછી એનો કદી અંત ન આવે તેથી 'સાદિ-અનંત' બને. કવિ કહે છે. 'રીઝયો સાહિબ સંગ ન પરિહરે ભાંગે સાદિ-અનંત.' અર્થાત્ "મારો સાહિબ રીઝે તો એમનો મને સંગ મળે તે કદી નાશ ન પામે, શાશ્વત અનંત સંગ થઇ જાય." હવે જુઓ બીજા પ્રભુના સ્તવનમાં કવિ શું કહે છે.-

પ્રભુ સાથે પ્રીત માંડ્યા પછી પ્રભુને કેમ ભેગા થવું એ પ્રશ્ન આવે છે, કેમકે પ્રભુ તો મોક્ષે પધાર્યા છે; તો હવે પ્રભુ કયા માર્ગે મોક્ષે ગયા એ માર્ગ શોધી કાઢવો જોઈએ. એમાં કવિએ જોયું કે માર્ગ (૧) ચર્મચક્ષુથી જોવા જતાં તો આખો સંસાર ભૂલો પડયો છે. ત્યારે (૨) દિવ્યચક્ષુ મળી નથી. (૩) લોકની પરંપરામાં જોતા ગાડર પ્રવાહ જેવું દેખાય છે. (૪) આગમમાં જોતા તો એટલો કડક માર્ગ દેખાય છે કે ધરતી પર ઊભા રહેવું કઠણ છે ! (૫) તર્કથી જોતા ઘણાં વાદવિવાદ ઊભા થાય એવું છે. (૬) ધર્મના અનુભવીને પૂછવા જઈએ તો એ બધા તરતમતાવાળા વિવિધ ધર્મયોગથી ઊભા થયેલ તરતમતાવાળા સંસ્કારથી વાસિત બોધવાળા છે. એટલે એ પોતપોતાના સંસ્કારવાસિત બોધના આધારે કહે એમાં કોઈ તપ પર ભાર મૂકે, તો કોઈ જ્ઞાન પર, તો કોઈ ભક્તિ પર, કોઈ ક્રિયાપર...એથી કોઈ નિશ્ચિત માર્ગ ન સમજાય. આમ કહીને નિષ્કર્ષ આપ્યો કે 'પ્રભુ ! નિશ્ચિતમાર્ગ કાળલબ્ધિથી અર્થાત્ વર્તમાનકાળે ઉપલબ્ધ તમારા શાસ્ત્રો તેમજ સુવિહિત પરંપરા ઉપરથી જાણીશું. એની આશાએ આ તમારો સેવકજન જીવે છે.'

આમ આનંદઘનજી મહારાજનો ઉદ્દેશ પ્રભુનો માર્ગ નક્કી કરવાનો હોવાથી એમણે કાળલબ્ધિ પર આધાર રાખ્યો; ને હકીકત એ જ છે કે વર્તમાનકાળે લબ્ધ શાસ્ત્ર તથા સુવિહિત પરંપરા પરથી સાચો વીતરાગ પ્રભુનો માર્ગ મળી શકે. અહીં ભાવલબ્ધિ અર્થાત્ પ્રભુની મહેરબાનીની આશાએ બેસી ન રહેવાય. શાસ્ત્રોના તથા પ્રામાણિક આચાર્ય પરંપરાના આધારે માર્ગ શોધવો પડે.

ત્યારે ઉપાધ્યાયજી મહારાજે જે કહ્યું, 'પ્રભુ ! મારી કાળલબ્ધિ સામે ન જોશો એનાથી કાંઈ નહિ વળે, મારે તો ભાવલબ્ધિ જોઈએ છે, અને ભાવલબ્ધિ તમારા હાથ પર છે.' તો તે તમારે જ આપવી પડશે. આ જે કહ્યું તે એ અનુસંધાનમાં કહ્યું કે 'પ્રભુ મારી વિનંતી ધ્યાન પર લો, અને રાત દિવસ હું તમારા ધ્યાનમાં રહું છું.' તો એના ફળદાતા ક્યારે થશો ? પ્રભુને એ પણ કહ્યું કે 'પ્રભુ ! તમારે આપવામાં ખજાને ખોટ નથી, અનંત અનંત જ્ઞાન-સમૃદ્ધિ, અને અનંત નિર્મળ સુખ-



સંપત્તિ વગેરે તમારે છે. તો મને વાંછિત આપો. તમે કાંઈ કૃપણ પણ નથી કે ન આપી શકો; કેમકે તમારી તો જીવો પર કરુણાદૃષ્ટિ છે, તે કેઈ તમારી પાસેથી પામી ગયા છે.

હવે પ્રભુ ! તમે કદાચ કહો 'તારી પાસે કાળલબ્ધિ છે અર્થાત્ કાળાનુસાર શાસ્ત્ર-તીર્થ-મંદિર-સંઘ વગેરે પ્રાપ્તિઓ મળે છે, એનાથી વાંછિત ફળ મેળવી લે જે.' તો મારી પ્રભુ ! વિનંતી છે કે એ લબ્ધિઓ તમારી કૃપા વિના બેકાર છે. એકલી કાળલબ્ધિથી કંઈ થઇ શકશે નહિ. મુખ્યપણે ભગવત્-કૃપા જ કામ કરે છે. અત્યાર સુધી આટલે ઊંચે તમારું ધ્યાન કરવા સુધી હું આવી પહોંચ્યો એ આપ અરિહંતના પ્રભાવે જ; અને હજી પણ આગળ વધી શકીશ તે આપ અરિહંતના પ્રભાવના હિસાબે જ દા.ત.

**'લડથડનું પણ ગજ બચ્ચું ગાજે ગયવર સાથે રે'**

અર્થાત્ હાથીનું નાનું બચ્ચું ગાજતું ને ગોળ ગોળ ઘુમતું દેખાય છે, તે કાંઈ પોતાની શક્તિથી નહિ કિન્તુ ગાજતા ઘુમતા મોટા હાથીના સહારે જ ગાજતું ઘુમતું દેખાય છે. નહિતર પોતે તો હજી લડથડતું છે, ઊભું થાય ને થોડીવારમાં પડી જાય છે; અથવા બચ્ચું ઊભું થઈ ચાલવા માંડે એમાં લડથડિયાં ખાય છે એ શું ગોળ ગોળ ઘુમી શકે ? પરંતુ મોટા હાથીને ઘુમતો જુએ એટલે એને પાનો ચડે છે, તે એના વાદે સાથે સાથે એ પણ ઘુમવા લાગે છે !

બસ, આજ રીતે પ્રભુ કાળલબ્ધિ ગમે તેટલી સારી મળી. પરંતુ નિઃસહાય મારું એકલાનું વાંછિત ફળ લેવાનું કશું ગજુ નહિ. એ તો પ્રભુ તમારી કૃપાનો સહારો મળે તો જ મારાથી સારી સાધના થાય, વાંછિત સિદ્ધ થાય. માટે મને તમારી કૃપારૂપી ભાવલબ્ધિ આપો. (પાંચ કારણ એ સાધારણ કારણ છે. અર્હત્પ્રભાવ એ અસાધારણ કારણ છે. 'પાંચે કારણ તુજ દાસો રે' જેમ અર્હત્કૃપા મળી અને પાંચેય કારણ અનુકૂળ; એમ શાસ્ત્ર કહે છે.)

આમ ત્યાં પંથ નિહાળવા શોધવાની વાત હતી, તે કાળલબ્ધિથી જ શોધી શકાય એમ છે એની વાત હતી; ત્યારે અહીં 'કર જોડી ઊભો રહું રાત દિવસ તુમ ધ્યાને રે' તો કદીય હોંશો ફળદાતા રે એ વાત છે. તે આ ભગવાનની કૃપાથી સાધ્ય વસ્તુ કોઈ માત્ર કાળલબ્ધિથી પતે નહિ.

સારાંશ કાળલબ્ધિથી માર્ગ જડે એટલું થાય, પરંતુ માર્ગની આરાધના અને તે ફળ સુધી પહોંચાડનારી આરાધના તો અરિહંતકૃપાથી જ થાય; અરિહંતના અચિંત્ય પ્રભાવથી જ થાય. ત્યાં જો જીવ અભિમાન રાખે કે 'દાન-શીલ-સંયમ-તપસ્યા-અહિંસા વગેરે માર્ગ આરાધીને હું કલ્યાણ સાંધી લઈશ, મારે અરિહંતના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

આલંબનની જરૂર નથી,' તો એ ભૂલો પડ્યો.

દરેક સાધના અરિહંતના આલંબનથી જ ફળ માટે સમર્થ બને છે, પછી એ આલંબન અરિહંતના સાધના-જીવન અને સિદ્ધસ્વરૂપને નજર સામે રાખવારૂપ હોય તેમજ અરિહંતના વચન પર આધાર રાખવારૂપ હોય.

આમ બંને મહાપુરુષોના વચનમાં કશો પરસ્પર વિરોધ નથી. બલ્કે પ્રેરણા છે કે પ્રભુના માર્ગ માટે જિનાગમ તથા પ્રામાણિક આચરણા આદિને જ પકડો. તેમજ આરાધના અરિહંતને પ્રભાવે જ થાય છે એ ખ્યાલમાં રાખો અને તેથી અરિહંતનો અનન્ય ઉપકાર માનો.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૪૧,તા.૪-૭-૧૯૮૧

## (૧૦૭) જિન શાસનની દેશના પદ્ધતિ

### (લેખાંક-૧)

'ધર્મ-બિન્દુ' શાસ્ત્રમાં બતાવેલ દેશના-પદ્ધતિનો સાર એ છે એ જીવની કક્ષા ઓળખી એને અનુસાર (એને છાજતો) એને ધર્મનો ઉપદેશ આપવો.

માટે તો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે રાજા સિદ્ધરાજ જયસિંહને એ ઉપદેશ આપ્યો કે 'તું સર્વ દેવો અને સર્વ ગુરુઓને માનતો રહેજે એમની પૂજાભક્તિ કરતો રહેજે તો તારુ કલ્યાણ થશે.' અહીં પ્રશ્ન થાય,-

પ્ર.-સર્વ દેવ-ગુરુમાં તો મિથ્યાદષ્ટિ દેવ-ગુરુ પણ આવે તો એને માનવા પૂજવાનો ઉપદેશ કેમ હેમચંદ્રસૂરિજી મહારાજે આપ્યો ?

ઉ.- સૂરિજી મહારાજે સિદ્ધરાજની કક્ષા જોઈ, સ્થાન જોયું, કે હજી આને સમ્યગ્ દેવ-ગુરુ અને મિથ્યા દેવ-ગુરુનો વિવેક કરવાની ભૂમિકા આવી નથી. તેથી આને જો કહીએ કે મિથ્યા દેવ-ગુરુ તો મિથ્યાત્વ પોષનારા છે, માટે એને છોડ અને સમ્યગ્દેવ-ગુરુ માન-પૂજ, તો એથી એને લાગે કે 'શું માત્ર સમ્યગ્દેવ-ગુરુ તમારા માનેલા છે, તેથી એને આગળ કરો છો ? ને મિથ્યા કહીને બીજા દેવ-ગુરુની નિંદા કરો છો ? જાઓ મારે તમારું સાંભળવું નથી.' એમ સમ્યગ્થી ઊભગી જાય અને રાજ્યપાટના રંગ-વિલાસમાં તરબોળ રહી મિથ્યા દેવ-ગુરુને ભજવા એને ફુરસદ ન હોય એટલે આ જીવ મોટો રાજા હોઈ વિષય-કષાયમાં ચકચૂર રહી નરકગામી બને.

તેથી પહેલા તો આને વિષય-વિલાસમાંથી થોડો પણ બહાર કાઢવો જોઈએ.



એમાં એનામાં પહેલાં તો 'એકલા અર્થ-કામ-પુરુષાર્થ નરકાદિ ચારે ગતિમાં ભમાવનારા છે, ને ધર્મ-પુરુષાર્થ તારણહાર છે.' એ દૃષ્ટિ ઊભી કરવી જોઈએ. એટલે હાલ ભલે દેવ-ગુરુ મિથ્યા તો મિથ્યા, પરંતુ અહીં સામાન્યથી એને દેવ-ગુરુનો ઉપાસક બનાવવો; જેથી એ ઉપાસનામાં રહ્યો એટલો એ વિષય-વિલાસમાંથી બચે, અને સમજે કે "આ મનુષ્ય જનમમાં એકલા વિષય-વિલાસ ખતરનાક છે, માટે એનાથી જેટલો બચાય એટલો બચું અને એ માટે દેવ-ગુરુની સેવામાં રહું. એથી ધર્મ પુરુષાર્થ પણ થાય, અને આત્માનું પરલોકહિત પણ સધાય. વિષય-વિલાસ કાંઈ એક આંકડાનું ય પરલોકહિત ન સાધી આપે." આ ક્યારે બને ? દેવ-ગુરુ સામાન્ય તરફ એને આકર્ષ્યો હોય તો જ બને. હવે દેવ-ગુરુમાં લાગ્યો છે એટલે પછીથી વિવેક કરવા મન થશે કે 'સુ' કોણ ? અને 'કુ' કોણ ? જાતે જાણકારને પૂછશે, અને સમ્યગ્દેવતત્વ-ગુરુતત્ત્વનું સ્વરૂપ સાંભળી 'કુ' ને છોડી 'સુ' ને પકડશે.

જૈન શાસનની આ પદ્ધતિ સમજ્યા વિના એવા જીવને સીધો 'સુ-કુ' નો ભેદ વર્ણવી 'સુ' ને પકડવાનો આગ્રહ કરવા જાય, તો જો એ શ્રોતા જૈનેતર કુળમાં તો જન્મ્યો હોય પરંતુ જો એ દેવ-ગુરુનો ઉપાસક ન હોય, તો એમ જ સમજે કે 'આ લોકો બીજાના દેવ-ગુરુની નિંદા કરનારા છે. આમનો જૈન ધર્મ જ આવું નિંદા કરવાનું શીખવતો લાગે છે. કેવો એ રદ્દી ધર્મ ! એમ જૈન ધર્મ પ્રત્યે સૂગ કરે ! ધિક્કારની લાગણીથી જુએ ! ને એમાં એ દુર્લભ-બોધિ થાય.

ધર્મનો ઉપદેશ તો સામાને ધર્મ પમાડવા માટે હોય, એના બદલે ઉપદેશ ધર્મથી જો ઉભગાવનારો બને તો એ શું ધર્મ પમાડનારી દેશના છે ? શું એ ધર્મદેશના છે ? કે પાપદેશના ? કહો,

**શ્રોતાની કક્ષા બહારની દેશના એના માટે પાપદેશના છે.**

આટલા જ માટે કાનજીસ્વામીની દેશના પાપદેશના છે. કેમકે આજના શ્રોતાઓની કક્ષા ધર્મના વ્યવહારોનું સારું પાલન કરવાની, એને પાલન કરીને મનને વિષયરસિયાને બદલે ધર્મરસિયું બનાવવાની છે. આજના મોટા ભાગના શ્રોતાઓ કેમ બહુ અર્થરસિક અને કામરસિક છે ? કારણ એ જ, કે એમની પાસે અર્થ અને કામની બહુ અને બહુવિધ પ્રવૃત્તિઓ છે. એવી પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહે એટલે સહજ છે કે એ ભારે અર્થરસિયા અને કામરસિયા હોય.

હવે આવાને જો એમ ઉપદેશ કરવામાં આવે કે "શું પૂજા પૈસા ને પડિક્કમણામાં ધર્મ માની બેઠા છો ? એ તો પરની ક્રિયા કાયાની ક્રિયા છે. કાયાની ક્રિયાથી આત્માનું કલ્યાણ માનવું એ મિથ્યાત્વ છે. કાયાની ધર્મ-ક્રિયાથી આત્માનું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ભલું ને સંસારક્રિયાથી આત્માનું ભૂંડું થાય નહિ. એટલે બાહ્યક્રિયાથી આત્માનું કલ્યાણ ન થાય. આત્માનું કલ્યાણ તો આત્માની ક્રિયાથી થાય. આત્માની ક્રિયા આ,- 'આત્માનું ત્રૈકાલિક શુદ્ધ સ્વરૂપ વિચારવું. આત્માને દેહ નથી, મન વચન નથી, કર્મ નથી, રાગ દ્વેષ નથી, આત્મા વીતરાગ છે, આત્મા અરૂપી છે, અસંગ છે, અવિનાશી છે, શુદ્ધ ચૈતન્ય યાને જ્ઞાનદર્શનના ઉપયોગ સ્વરૂપ છે, એને દેહની ક્રિયાનો કર્તા માનવો, અને દેવ દર્શન પૂજન વગેરે કાયાની ક્રિયાઓને ધર્મ માની આત્માની તારણહાર માનવી એ મિથ્યાત્વ છે. આત્મજ્ઞાન વિનાની ધર્મક્રિયાઓ તો દેહની માત્ર મજૂરી છે; તે આત્મજ્ઞાન પામેલાને ધર્મક્રિયાની જરૂર નથી; કેમકે દેહની ક્રિયાથી આત્માનું કશું ભલું થાય નહિ.''

આવો ઉપદેશ આજના શ્રોતાને આપવાથી શું થાય ? આમે ય એને ધર્મક્રિયાનું લગભગ દેવાળું હોય એટલે એમજ સમજે કે ''મહારાજની વાત ખરી છે, ચાલો આપણે ધર્મના ભ્રમમાં ધર્મક્રિયા તરફ દોડત ને કાયાની મજૂરી કરતે. તે હવે કાયાની મજુરીથી બચ્યા ! આપણે આત્માને ઓળખવાનો, આત્મસ્વરૂપમાં રમવાનું, ખાવા-પીવાનું કરીએ ત્યાં તો સમજવાનું કે આ તો પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય છે મારો આત્મા તો આ ક્રિયાથી તદ્દન નિરાળો, અલિપ્ત, શુદ્ધ-બુદ્ધ સ્વરૂપ છે, એ વસ્તુનો માત્ર જ્ઞાતા દૃષ્ટા છે.'' એને ખાનપાન આદિ બાહ્યક્રિયા સાથે કશી નિસ્બત નથી. એ ક્રિયાઓ એનું કશું ભલું ભૂંડું કરી શકતી નથી. આવું સમજયા પછી એ શું કરશે ?

ધર્મની ક્રિયાઓને ધર્મના આચાર-વિચાર તો હતા જ નહિ. યા હતા તે ય પડતા મૂક્યા ! પણ દુનિયાની બધી ક્રિયાઓ સારી રીતે કરશે ! ધંધો-ધાપો, આરંભ-પરિગ્રહ વગેરેની ક્રિયાઓ ધૂમધામ કરશે, ને એમાં એને કાંઈ ખોટું નહિ લાગે. કેમકે એને સમજાવવામાં આવ્યું છે કે 'બાહ્યક્રિયાઓ આત્માનું કશું ભલું-ભૂંડું કરી શકતી નથી.' એટલે હવે એને તો ધર્મી જીવો પૂજા સામાયિક પોસહ, પ્રતિક્રમણની ક્રિયાઓ કરતા હશે એ ખોટી લાગશે ! એ મૂઢતા ભરી લાગશે ! છોડી દેવા જેવી લાગશે ! પણ આરંભ-હિંસા-પરિગ્રહ વિગેરેની ક્રિયાઓ ખોટી નહી લાગે ! છોડી દેવા જેવી નહિ લાગે ! કેમકે માને છે કે આત્માનું આ બાહ્યક્રિયાથી ભૂંડું ન થાય. આત્માનું ભૂંડું તો અશુદ્ધ પરિણતિથી થાય.

આ શું થયું ? મહામિથ્યાત્વમાં પતન ! સામાન્ય મિથ્યાત્વ શું ? ''સંસાર ક્રિયાઓ કરવા જેવી, ધર્મક્રિયાઓ નહિ''- એવું માનવું એ સામાન્ય મિથ્યાત્વ છે; પરંતુ ''ધર્મક્રિયાઓ કરવામાં મોટું નુકશાન, એમાં તો મિથ્યાત્વ લાગે; અને સાંસારિક ક્રિયાઓ કરવામાં મિથ્યાત્વ ન લાગે,'' એવું માનવું એ મહામિથ્યાત્વ છે.



આમ શ્રોતાની કક્ષા બહારનું તત્ત્વ સમજાવવું, એ તત્ત્વ ભલે સાચું હોય પરંતુ આ દેશના સામાને પાપ પ્રેરનારી હોવાથી પાપ-દેશના છે. માટે શાસ્ત્રે કહ્યું **'પરસ્થાન દેશના પાપદેશના.'**

એવી રીતે સભાને એમ કહેવું કે,- ''તમને સુખ ભૂંડું છે એવું તમારા અંતરને લાગે છે ? જો ના, તો તમારામાં મિથ્યાત્વ છે, ને તમારી ધર્મક્રિયાઓ ધર્મરૂપ ન થાય; કેમકે ધર્મના પાયામાં ભવનિર્વેદ જોઈએ, 'ભવનિર્વેદ એટલે ભવ-વૈરાગ્ય, વિષય-વૈરાગ્ય સંસારસુખ પર વૈરાગ્ય,' 'સંસારસુખ રુડાં નહિ પણ ભૂંડા છે,' એવી સચોટ શ્રદ્ધા, સચોટ માન્યતા, એ વૈરાગ્ય, એ ધર્મના પાયામાં જોઈએ.''

અલબત અનુભવમાં સંસારસુખ ભૂંડા નહિ, કડવા નહિ, પણ રૂડા મીઠા મજેના લાગતા હોય છે, કેમકે રાગદશા છે. રાગદશાનું કાર્ય જ આ છે કે રાગની વસ્તુ સારી લાગે, મીઠી મીઠી લાગે. નહિતર જો મીઠી ન લાગતી હોય તો રાગદશા શી ? પેંડા પર રાગદશા છે માટે તો એ મીઠા સારા સારા લાગે છે. માટે રોટલી ને બદલે ભાણામાં પેંડા લઈને શું કામ બેસે ? શું પેંડા ભુંડા લાગે છે માટે રોટલી છોડીને પેંડા લીધા ? ના, પેંડા સારા રુડા લાગ્યા માટે જ લીધા. અહીં હવે એને કહો,- 'તને પેંડા ભુંડા નથી લાગતા ? તો તારામાં સમકિત નહિ.' એ કહેવાનું શું સાચું છે ? એ કહેવાથી શું થાય ? તને મિઠાઈ-મોટર-બંગલો વગેરે સંસારસુખ, મીઠું-મીઠું લાગે છે, કડવું ભૂંડુ નથી લાગતું માટે તારામાં સમકિત નહિ, ધર્મ નહિ, તારી ધર્મક્રિયાઓ ભવવર્ધક.' - આ સાંભળીને ગુરુવચન પર શ્રદ્ધાવાળાને શું થાય ? આવું જ કાંક કે 'હાય ! ત્યારે મને સંસારસુખ ભૂંડુ નથી લાગતું મારી ધર્મસાધનાઓ એળે ગઈ ! હું જનમ હારી ગયો ! મારી ધર્મક્રિયાઓ માત્ર નિષ્ફળ ગઈ એમ નહિ, પણ સંસાર-ભ્રમણ વધારનારી થઈ !' આ શું થયું ? ખોટી સમજથી સુકૃતને દુષ્કૃત માન્યું ! અશુભ પરિણતિ થઈ ! આર્તધ્યાન થયું !

જો દેશનાથી આ ફળ આવતું હોય તો એમાં શ્રોતાને બુદ્ધિ-ભેદ પણ થયો, માટે એ દેશના જૈનશાસ્ત્રની દેશના-પદ્ધતિની ન રહી.

કેટલીકવાર સાચું પણ ધર્મ-વચન જો સામાને બુદ્ધિભેદ ને શ્રદ્ધાભેદ કરાવનારું હોય તો એ વચન ધર્મવચન નહિ, પણ પાપવચન-પાપદેશના રૂપ બને છે.

દા.ત. એકાંત નિશ્ચયવાદી નિશ્ચયથી ધર્મ આત્માની શુદ્ધ પરિણતિને કહે છે. એ વચન સાચું છે, પરંતુ વ્યવહારમાં બેઠેલા બાળજીવને આ વારંવાર સંભળાવવાથી બુદ્ધિભેદ થાય કે 'હેં ત્યારે ! હું આ દેવદર્શન-પૂજા-ગુરુભક્તિ દાન-શીલ-તપ વગેરે કરું એ ધર્મ નહિ ? તો શા સારું મારે આ વેઠ કરવી ? ફોગટ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

તન-ધનના ખર્ચ કરવા ?' એમ કરી ધર્મના અનુષ્ઠાન મૂકી દે, એ બુદ્ધિભેદ થયો. એ કરનારું પેલું સાચું પણ નિશ્ચયનું વચન બાળજીવ માટે પાપવચન બન્યું.

જુઓ, સુદર્શન શેઠ જેમને શૂળીનું સિંહાસન થયેલું, એ પૂર્વભવે એ જ ઘરમાં ઢોર ચરાવનારા નોકર હતા. અને મહાત્માને કડકડતી ઠંડીમાં આખી રાત ખુલ્લા બદને જોઈ એણે પૂછેલું કે 'આપે આ ભયંકર ઠંડી શી રીતે સહન કરી ? જોગાજોગ આ પૂછવા વખતે સૂર્યોદય થયો તેથી મહાત્માએ કાઉસ્સગ્ગ અભિગ્રહ પૂરો થવાથી 'નમો અરિહંતાણં' બોલીને પાર્યો ને તરત વિદ્યાબળે આકાશમાં ઊડી ગયા. અહીં ગમાર નોકર સમજ્યો કે મહાત્માએ મને ઠંડી ઉરાડવાનો મંત્ર આપ્યો. તે 'નમો અરિહંતાણા'ની રટણા લઈ બેઠો, ઘરે ગયા પછી પણ એજ રટણા કરે છે. શેઠે પૂછ્યું 'આ શું રટે છે ?' તો એ કહે મહાત્માએ મને ઠંડી ઉરાડવાનો મંત્ર આપ્યો. શી રીતે ? તો વિગત કહી. શેઠ સમજી ગયા કે, 'આ તો વિદ્યાધર મુનિ પોતાનો અભિગ્રહ-કાઉસ્સગ્ગ પારવાનું પદ બોલેલા. પરંતુ જો એ સાચાનો ખુલાસો કરવા જાય તો નોકરની શ્રદ્ધા ઊડી જાય.' તેથી શેઠ એની એ પદ પર શ્રદ્ધા વધારવા કહે, "આવા દિવ્ય શક્તિવાળા મહાત્મા સામાન્ય વસ્તુ આપે નહિ. તેથી સમજ કે તને મહામંત્ર આપ્યો. 'નમો અરિહંતાણં' મંત્ર તો જનમ-જનમના પાપો ને દુઃખોને ફેડી દેનારો મંત્ર તને મળ્યો !"

સારાંશ, જિનશાસનની દેશના-પદ્ધતિ શ્રોતાને પાપમાંથી ઊંચે ઊંચકનારી હોય. ધર્મશ્રદ્ધા, દેવ-ગુરુશ્રદ્ધા, ગુરુરાગ, દાનાદિ ભાવના, દેવદર્શનાદિ ધર્મક્રિયા વગેરે વધારનારી હોય, ને સમ્યક્ત્વ વગેરનાં સાચા સ્વરૂપને કહેનારી હોય, એટલે "સંસારસુખ ભૂંડુ છે એવું તમારા અંતરમાં લાગે છે ? જો હા, તો જ તમારામાં સમ્યક્ત્વ હોય." એ દેશનામાં તો સારી જૈન શાસનની દેશના પદ્ધતિ છે. પણ 'તમને સંસારસુખ મીઠું નહિ પણ ભૂંડુ લાગે છે ?' ભૂંડુ લાગતું હોય તો જ તમારામાં સમકિત,' એ દેશના-પદ્ધતિ જિનશાસનની નહિ, પણ આપમતિની.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૪૩,તા.૧૮-૭-૧૯૮૧

## (૧૦૮) (લેખાંક-૨)

જૈન શાસન એ લોકોત્તર શાસન છે. 'લોકોત્તર' એટલા માટે કે જ્યારે લૌકિક શાસનો સરાગી અસર્વજ્ઞ-અલ્પજ્ઞાનીઓએ સ્થાપેલા છે, ત્યારે જૈન શાસન વીતરાગ સર્વજ્ઞ ભગવાને સ્થાપેલું-કહેલું છે. આમ જૈન શાસન સર્વજ્ઞ-કથિત હોવાથી ઠેઠ એકેન્દ્રિય અનંતકાય જીવો સુધીની દયાને પાળવાનું કહે છે ! એથી આગળ



વધીને જૈન શાસન દ્રવ્યદયાની સાથે ભાવદયાને ઘણું મહત્ત્વ આપે છે; કેમ કે દ્રવ્યદયાથી માત્ર આ જનમનાં દુઃખ દૂર થાય છે. જ્યારે ભાવદયાથી આત્મદોષ-દુર્ગુણો-દુષ્કૃત્યો ટળવાથી એના યોગે લાગતા પાપ અટકે છે તેથી ભવાંતરોમાં દુઃખ આવતા નથી.

**'દ્રવ્યદયા'** એટલે દ્રવ્યદુઃખ દૂર કરવા; દા.ત. જીવોના પ્રાણ બચાવવા; ભૂખે તરસે મરતાને અન્ન પાણી આપવા; રોગીને દવા સારવાર આપવી; જીવોને નડતા ત્રાસ-મારપીટ-અપમાન-તિરસ્કાર વગેરે દુઃખ દૂર કરવા.

**'ભાવદયા'** એટલે ભાવદુઃખ દૂર કરવા; દા.ત. (૧) જીવને કષાયથી બચાવવો. (૨) એનું અજ્ઞાન દૂર કરવું, (૩) એની ભૂલને ક્ષમા આપવી, (૪) ભૂલતાનો તિરસ્કાર ન કરવો, (૫) અધર્મીને ધર્મ પમાડવો, (૬) પાપીના પાપ છોડાવવા, (૭) બીજાને અસમાધિ-દુર્ધ્યાન-સંકલ્પવિકલ્પો વગેરેથી મુકત કરવા.

દ્રવ્યદુઃખ દૂર કરવાનું તન-ધનનું દ્રવ્ય ખરચીને થાય છે; દા.ત. ભૂખ્યાને અન્નદાન કરાય એમાં પોતાનું દ્રવ્ય ખરચવું પડે. કસાઈ પાસેથી જીવ છોડાવી એના પ્રાણ બચાવવા પૈસા ખરચવા પડે. કોઈને મારપીટમાંથી છોડાવવા લાગવગ ખરચવી પડે. આ દયા એટલા માટે કરાય કે જીવને દુઃખમાં જે ભારે અશાતા-અસમાધિ હોય, એમાંથી એને મુક્ત કરતાં એને શાતા-સમાધિ આપવાનું થાય; અને એ કુદરતી હિસાબ છે કે આપણે બીજાને શાતાનું દાન કરીએ તો આપણને બદલામાં શાતા મળે. ખેડુત ધરતીને ઘઉંનું દાન યાને વાવેતર કરે છે, તો ધરતી એને ઘઉં આપે છે, તે ય કેટલાગુણા કરીને આપે છે ! આ ફળ તો જ મળે છે કે જો દ્રવ્યદુઃખ દૂર કરવાનું તન-ધન ખરચીને થાય.

ભાવદુઃખ દૂર કરવાનું મન-વચન ખરચવાથી થાય; દા.ત. કોઈ કષાયમાં ચડ્યો હોય એને વાણીથી સમજુતી કરી ઠંડો પડાય, તો ભાવદુઃખ દૂર થયું ગણાય. સાધુ પુરુષોનો ઉપદેશ આ માટે જ હોય છે કે જીવોના કષાયો-મોહમાયા-વિષયા-સક્તિ-અસમાધિ-દુર્ધ્યાન વગેરે ઓછા થાય. જીવો પર આ જબરદસ્ત ઉપકાર છે; કેમકે કષાયાદિ ઓછા થવાથી દુર્ગતિઓમાં ભટકવાનું ઓછું થાય છે. નાગકેતુનો જીવ પૂર્વ ભવે ખેડુતપુત્ર એને ઓરમાન માતા પીડતી હતી તેથી એને ભારે મુંઝવણ અસમાધિ હતી કે 'હવે શું કરવું ?' એથી શ્રાવકમિત્ર પાસે પોતાની હકીકત કહીને સલાહ માગી કે 'મારે શું કરવું ?' તો મિત્રે એને કહ્યું "જો ભાઈ ! પૂર્વ ભવે તેં તપ નથી કર્યો એટલે આ પરાભવ પામે છે. તેથી માતા પર દ્વેષ ન કરીશ, મૂળ વાંક એનો નથી, પણ પૂર્વ ભવે તેં ખાનપાનની મોજ ઉડાવી એનો છે. હવે અહીં પણ તપ નહિ કરે તો સમજી લે આવતા ભવે શું દેખવા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પામીશ ? માટે તપ કર.'' ખેડુતપુત્રને આ વાત ગળે ઊતરી ગઈ અને માતા પર દ્વેષ ન કરતાં, પહેલાં અઠ્ઠમ-તપ કરવાનો નિર્ણય કર્યો મનની મુંઝવણ મટી, ચિત્તને શાંતિ-સમાધિ મળી.

શું કર્યું. શ્રાવકમિત્રે ? ભાવદયા કરી, ઉત્તમ વાણીથી ખેડુતપુત્રની અસમાધિ ઓછી કરી, માતા પ્રત્યેનો દ્વેષ ઓછો કરાવ્યો. અલબત ખેડુતપુત્ર એ ભવમાં અઠ્ઠમ કરવા પામ્યો નહિ,-કેમકે એકવાર એ ખેતરમાં બપોરે જે ઘાસની ઝુંપડીમાં સૂતેલો એ ઝુંપડી સાવકી માતાએ ચારે બાજુથી સળગાવી દીધી ને એની આગમાં એ બળી મર્યો.-પરંતુ એ 'અરે ! અઠ્ઠમ કરવો રહી ગયો !' એના ખેદમાં મર્યો એટલે પછીના જન્મે શ્રીકાંત શ્રાવકશેઠને ત્યાં જન્મીને તરત ઘરમાં અઠ્ઠમની વાત સાંભળી જાતિસ્મરણજ્ઞાન પામ્યો ! અને એણે ત્યારે જ 'હવે અઠ્ઠમ વાયદે ન રાખવો.' એમ કહી તરત અઠ્ઠમ લગાવ્યો ! અને એ ભવના અંતે મોક્ષ પામ્યો !

અહીં એક સવાલ છે કે શ્રાવકમિત્રે એને એવો ઉપદેશ આપ્યો હતો. ''કે તને સંસારના સુખ ગમે છે, સુખ ભૂંડુ લાગતું નથી, માટે જ તને માતાના ટોણાં-મેણાનું દુઃખ ખરાબ લાગે છે, માટે તું'' 'સુખ ખરાબ અને દુઃખ સારું' એમ મનને લગાડ તો આ મુંઝવણ નહિ રહે. બાકી તો તું અઠ્ઠમ કર કે અઠ્ઠાઇ કર, પરંતુ તને સુખ સારું ને દુઃખ ખરાબ લાગે છે ત્યાં સુધી એ ધર્મ જ નથી.'' શ્રાવકમિત્રે જો આ સલાહ આપી હોત તો ખેડુતપુત્રનો ઉદ્ધાર થાત ? શું એ અઠ્ઠમ કે જિનભક્તિ વગેરે ધર્મક્રિયા કરવાની ભાવના પામત ? એ તો કદાચ એ જ રાહ જોયા કરતે કે 'ક્યારે સુખ ભૂંડુ ને દુઃખ સારું લાગે !' જો કોઈ સ્વમતસ્થાપક ગુરુ પાસેથી શ્રાવકમિત્રે એટલું જ વારંવાર સાંભળ્યા કર્યુ હોત કે 'સંસારનું સુખ ભૂંડુ ન લાગે, ખરાબ ન લાગે, ત્યાં સુધી ધર્મ જ નહિ. ભગવાનની પૂજા કરતા હો છતાં જો સંસારસુખ ભૂંડુ ખરાબ નથી લાગતું તો તમે મલિન ભાવમાં હોઈ મંદિરમાં ય નરક સુધીના પાપ બાંધો છો' તો એ માન્યતામાં તણાઈ ભ્રમણામાં જ રહેત. શ્રાવકમિત્રે જો એમ વિચાર કર્યો હોત કે 'આ પટેલપુત્રને માતા તરફથી પરાભવ એ સંસારનું દુઃખ છે, અને એને દુઃખ સારું ને સુખ ખરાબ નહિ લાગે ત્યાં સુધી એને બતાવેલ અઠ્ઠમાદિ તપનો ધર્મ ભવના ફેરા વધારનારો થશે,' -જો શ્રાવકમિત્રને આવી શ્રદ્ધા થઈ હોત તો એ પટેલ ખેડુતપુત્રને અઠ્ઠમાદિ તપ શું કામ કરવાનું કહેત ? એ તો 'સુખ ખરાબ ને દુઃખ સારું લાગવું જોઈએ.' પહેલા એમ જ સમજાવવાનું કરતે, પણ તપની ભાવના ન કરાવતે, અરે ! તપ-ધર્મ શું કે બીજા કોઈ ધર્મ શું એના તરફ દૃષ્ટિ ય ન લઈ જાત.

અથવા, ''સંસારમાં પરાભવ-અપમાન ન આવે, સત્કાર-સન્માન મળે એ



માટે કરાતો તપ વગેરે ધર્મ તો વિષક્રિયા કહેવાય માટે આ જીવને એમ કહેવાય જ નહિ કે તું તપ કર, તારે આવા પરાભવ વગેરે દુઃખ નહિ આવે કેમકે એમ ધર્મ કરે એ મોક્ષની ઈચ્છાથી ધર્મ ન થયો, માટે એને ધર્મ ન કહેવાય.''

શ્રાવકમિત્રની જો આવી કોઈ સમજ હોત તો એ અહીં 'પૂર્વે તે તપ નથી કર્યો માટે આ માતા તરફથી પરાભવનું દુઃખ આવ્યું. તો હવે ભવિષ્યમાં ફરીથી આવા પરાભવ ન જોઈતા હોય તો તપ કર એવો ઉપદેશ શું કામ આપત ?'

ત્યારે શું એણે પાપનો ઉપદેશ આપ્યો ? તેમજ ખેડુતપુત્રને ભવિષ્યમાં પરાભવ ન આવે એ માટે તપ કરવાની ભાવના કરી એ શું પાપની ભાવના કરી ? એને એના સંસ્કારના અનુસંધાનમાં બીજા ભવે જનમતા અઠ્ઠમ કર્યો એ વિષક્રિયા કરી ? પાપક્રિયા કરી ?

ના, એમ કહો કે એણે પટેલપુત્રને એના સ્થાને (એની કક્ષા) પ્રમાણે દેશના આપી, માતા પ્રત્યે દ્વેષ કરવાનું મુકાવી એને ધર્મ તરફ વાળ્યો, સંસારનાં દુઃખ કોઈ માનવી તરફથી નથી આવતા, પરંતુ તપ વગેરે ધર્મ વિના આવે છે. માટે જો દુઃખ ન જોઈતા હોય તો ધર્મ કરો.

શ્રાવકનો ઉપદેશ પટેલપુત્રના સ્થાન સંબંધી હતો. એની દેશનાસ્થાને દેશના હતી. પરસ્થાન દેશના નહોતી. પરંતુ જો ત્યાં 'ધર્મ તો મોક્ષ માટે જ થાય, સંસારના સુખ માટે દુઃખ ટાળવા માટે ન થાય' એવી દેશના જો શ્રાવકમિત્રે દીધી હોત તો એ પરસ્થાન દેશના થાત; અને ધર્મબિન્દુ શાસ્ત્ર કહે છે કે 'પરસ્થાન દેશના એ પાપ દેશના છે,' પછી ભલે એ તત્ત્વની દેશના હોય.

ધર્મબિન્દુ શાસ્ત્રમાં જિનશાસનની દેશના પદ્ધતિ મૂકી છે જેનો સાર આ છે કે જીવની કક્ષા પ્રમાણે દેશના આપવી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૯,અંક-૪૪,તા.૨૫-૭-૧૯૮૧

## (૧૦૯) (લેખાંક-૩)

જિનશાસન એટલે વીતરાગ તીર્થંકર ભગવાનનું ધર્મશાસન. ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં જગતના જીવોની કર્મ-પીડિત ભયંકર દુર્દશા જોઈ દ્રવિત થઈ ગયેલા, અને ભાવના કરેલી કે 'ક્યારે શક્તિ આવે ને હું જગતના જીવોને આ કર્મ-પીડિત દુર્દશાથી છોડાવવા મોક્ષમાર્ગના રસિક બનાવી દઉં !' આ ભાવના લઈને અહીં છેલ્લા ભવમાં આવ્યા ને હવે તીર્થંકરપદ પામતા એ ભાવના સક્રિય કરવાનો અવસર આવી લાગ્યો. એટલે ભગવાન ધર્મશાસન સ્થાપે છે. આનો ઉદ્દેશ સ્પષ્ટ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

છે કે જીવો શાસનની આરાધનામાં જોડાય જેથી હંમેશ માટે કર્મ-પીડાથી બચી જઈ મોક્ષ પામે.

હવે અહીં એ વિચારવું છે કે જીવો શાસનનાં આરાધનાના માર્ગ આરાધે તે શું એકલા મોક્ષના જ આશયથી ? કે એ સિવાય બીજા પવિત્ર આશયો હોય ?

આ એટલા માટે વિચારવું પડે છે કે આપણે જ્યારે પ્રભુ પાસે માગીએ છીએ કે 'સેવક અરજ કરે છે રાજ ! શિવસુખ અમને આપો' ત્યારે આપણા મન પર આપણે કશું કરવાનું આવતું નથી. તેમજ મોક્ષ સિવાય કશું પામવાનું આવતું નથી; કેમકે દા.ત. આપણા કરતાં કોઈ મોટા સ્વરે ગાતો હોય તો એની અનુમોદના કે સહિષ્ણુતા રાખવા જેટલું ય આચરણ મન પર આવતું નથી ! તેથી જ આપણે ઝટ મનમાં ઊકળી ઊઠીએ છીએ કે 'આમને બોલવાનો વિવેક છે ? આમ બરાડા પાડવાના ? ને બીજાનું ચૈત્યવંદન બગાડી નાખવાનું ?' આ શું કર્યું ? ક્રોધ દ્વેષ ચકાવ્યો ? વીતરાગ પ્રભુની સામે જ આ ક્રોધ કરાય ? ના, તો પછી કેમ કરાય છે ? કારણ આ જ છે કે આપણે પ્રભુ પાસે મોક્ષ સિવાય બીજું કશું માગતા જ નથી. હાં, આપણે જો માગતા હોઈએ કે 'પ્રભુ ! મારા પર કૃપા કરો, મારા ક્રોધને શમાવો.' તો તો આપણે શું માગીએ છીએ એ લક્ષમાં રહેવાથી બીજાના મોટા અવાજ અંગે એના પર ક્રોધ કરતાં અટકીએ.

એટલે હવે જ્યારે મોક્ષથી નીચેની વસ્તુ કષાયોપશમ વગેરે પ્રભુ પાસે માગવા જેવા છે, તો ધર્મપ્રેમી જીવના મનને એમ થાય કે 'મારામાં જે દોષ નડતા હોય તેનું નિવારણ પ્રભુ પાસે વારંવાર માગું, અને એ દોષ નિવારવાના ઉદ્દેશથી ધર્મસાધના કરતો રહું.'

સાધનામાં આવા ઉદ્દેશ મનને નિશ્ચિત કર્યા હોય એટલે પ્રભુ પાસે એ વારંવાર માગે, અને ધર્મસાધના ય એ ઉદ્દેશ નજર સામે રાખીને કરે. પછી સહેજે સાધના કરતો જાય ને એ દોષ દબાવવા તેમજ એની સામેના ગુણને પ્રગટાવવા પ્રયત્ન કરતો રહે. દા.ત. મનને નક્કી કર્યું કે 'મને ગુસ્સો વારેવારે થઈ આવે છે, સહેજ સહેજમાં થઈ આવે છે, તેથી ગુસ્સાની અટકાયત અને ક્ષમાની સિદ્ધિ માટે પ્રભુને પ્રાર્થના કરતો રહું તેમજ ધર્મસાધના કરું તે પણ એ ઉદ્દેશથી કરતો રહું.' ને એ પ્રમાણે એ કરતો રહે એમાં ખોટું શું ? એને પૂછો 'કેમ ભાઈ ! મંદિરે ચાલ્યા ?' તો કહેશે 'અંતરનો ક્રોધ શમાવવા. વીતરાગના દર્શન કરતો રહું જેથી અંતરના ઉકળાટ શમે.' 'કેમ સામાયિક કરો છો ? કેમ આજે ઉપવાસ કર્યો ? કેમ સત્સંગ ?...' બધાનો જવાબ એક જ, 'ક્રોધ શમાવવા.' તપ વિના ખા-ખા કરતા



રહેવાથી મન તામસી બને છે. ખાવાના ટંક ઓછા રાખું એથી મનનું તોફાન ઓછું રહે, ને સમતાભાવ આવે.

હવે અહીં જો કોઈ કહે 'દેવદર્શનાદિ ધર્મ મોક્ષના ઇરાદે જ કરાય. અહીં એ ઇરાદે નથી, માટે આ ધર્મક્રિયા એ પાપક્રિયા છે.' તો એ કેવું અજ્ઞાનતા ભર્યું કથન છે ? અજ્ઞાનતા એટલા માટે કે ભલા આદમીને એટલી ગમ નથી કે 'મૂળમાં ક્રોધ શમ્યા વિના વીતરાગ સર્વજ્ઞ અને મુક્ત બનવાનું કયાં રસ્તામાં પડ્યું છે ? એટલે નવકાર-સ્મરણ, દેવદર્શન-પૂજા, સાધુ-ભક્તિ વગેરે ધર્મ ક્રોધની પરિણતિ ઓછી કરી સમતાભાવ રાખવા કરે એ ખોટું નથી. અહીં જો કોઈ એમ કહે કે 'ધર્મ કરવામાં મોક્ષ સિવાય બીજો ઉદ્દેશ રખાય જ નહિ,' તો આ ઉદ્દેશને શું કહેશે ? પાપ-ઉદ્દેશ કહે તો તે જુઠો છે.

એમ આજીવિકા તુટતી હોય યા કોઈ તીવ્ર વેદના હોય ને તેથી ચિત્તને સમાધિ ન રહેતી હોય, દેવદર્શનાદિ ધર્મ, સમાધિપૂર્વક થઈ શકતા ન હોય, અને એ પ્રભુ પાસે ઇષ્ટ ફૂલ સિદ્ધિ માગે તો એ પાપ નથી કરતો, એમ 'જય વીયરાય' સૂત્રના અક્ષર કહે છે. દ્રવ્યપૂજા કર્યા પર ભાવપૂજામાં આ માગણી સૂચવે છે કે દ્રવ્યપૂજા આ ઉદ્દેશથી કરી હોય એ ખોટું નથી; કેમકે જો આ ઉદ્દેશ 'પાપરૂપ હોય તો દ્રવ્યપૂજા કર્યા પછી એની માગણી જ કેમ કરી શકાય ?

'જય વીયરાય' સૂત્રમાંથી સૂત્રમાંની ૧૩ માગણી વાસ્તવમાં પ્રાર્થનારૂપ નથી, પણ આશંસારૂપ છે, એમ શ્રી લલિતવિસ્તરા શાસ્ત્ર કહે છે; અને 'આશંસા' એટલે હૃદયની તીવ્ર અભિલાષા, કે આ મારે જોઈએ છે. એ ઉદ્દેશથી ધર્મ કરે એ મોક્ષ સિવાયના ઉદ્દેશથી કર્યો, તો તે શું પાપ કર્યું ?

'મોક્ષ સિવાય બીજા કોઈ ઉદ્દેશથી ધર્મ ન જ થાય.' એમ એકાંતવાદનું વચન બોલે એ અહીં શું કહેશે ? દા.ત. કોઈ કહે 'ભગવાનની ચરણ-સેવા ભવોભવ મળે, એ ઉદ્દેશથી ધર્મ કરું છું.' એવી રીતે, બીજો કહે, 'આ જીવનમાં ભગવાનની આજ્ઞા જેટલી બને તેટલી વધુ આરાધાય એ માટે ધર્મ કરું છું.' તો એ ઉદ્દેશને શું પાપ-ઉદ્દેશ કહેવો ? ધ્યાનમાં રહે; 'પ્રભુ ચરણ-સેવા, જિનાજ્ઞાપાલન, વગેરે એ મોક્ષ નથી.' ધર્માત્માના મનને થાય કે 'આ પાંચમા આરામાં મોક્ષ મળે એમ નથી, અને મારે ઉદ્દેશ એવો રાખવો છે કે જે સાધના કરતા કરતાં કાંઈક સિદ્ધ થતો આવે, એટલે મારે તો જિનાજ્ઞાપાલન જેટલું વધારે થઈ જાય એટલું સારું, એ માટે બધો ધર્મ કરું છું,' તો આ ઉદ્દેશને કેવો કહેવો ? પાપ-ઉદ્દેશ છે ? મોક્ષ સિવાય બીજા કોઈ ઉદ્દેશથી ધર્મ ન જ થાય. એમ કહેનાર આ ઉદ્દેશને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

શું કહેશે ? આ કોઈ મોક્ષનો ઉદ્દેશ નથી કેમકે જિનાજ્ઞાપાલન એ મોક્ષ નથી. મોક્ષ તો સર્વ કર્મ ક્ષય પૂર્વકની આત્માની તદ્દન શુદ્ધ અવસ્થા છે. જયારે આ તો આત્માની કર્મબદ્ધ અવસ્થામાં સિદ્ધ કરવાની વસ્તુ છે. તો જિનાજ્ઞાપાલનના ઉદ્દેશથી જ ધર્મ કરતો હોય એણે મોક્ષથી અન્ય વસ્તુનો ઉદ્દેશ રાખ્યો, એણે શું પાપ-કામ કર્યું ? એને મોક્ષનો ઉદ્દેશ નથી. જિનાજ્ઞાપાલનનો ઉદ્દેશ છે, તો શું એણે ધર્મ સંસાર માટે કર્યો ?

ના, તો જે સાધુ એમ ઉપદેશ કરે કે 'જિનાજ્ઞાપાલનના ઉદ્દેશથી યા ઈષ્ટફળના સિદ્ધિના ઉદ્દેશથી ધર્મ થાય,' એના માટે એવી ટીકા-આક્ષેપ કરવામાં આવે કે, "લ્યો મહારાજ હવે કહે છે કે સંસાર માટે ધર્મ થાય," તો શું આ આક્ષેપ કરવામાં બુદ્ધિમત્તા છે ? કે બુડથલપણું ? 'જય વીયરાય' સૂત્રમાં ૧૩ માગણી મૂકી છે, એ ૧૩ આશંસા છે, ને ગણધર ભગવાને આ સૂત્ર રચીને આ ૧૩ આશંસા કરવાની કહી છે. એમાં એક 'ઈષ્ટફળ સિદ્ધિ'ની આશંસા છે.

'ઈષ્ટફળ સિદ્ધિ' નો અર્થ 'લલિતવિસ્તરા' કારે 'અવિરોધિફળ નિષ્પત્તિ' એવો કર્યો છે, કેમકે, કહ્યું છે કે, આ ઈષ્ટફળ દા.ત. આજીવિકા સિદ્ધ થાય તો એ અત્યાર પહેલાં સિદ્ધ ન થતાં એની ઈચ્છાનો વિઘાત થતો હતો અને તેથી ઈષ્ટફળની ઉત્સુકતા બની રહેવાથી ઉપાદેય દેવદર્શનાદિમાં પ્રસન્નતાથી પ્રયત્ન થતો નહોતો. તે હવે ઈષ્ટફળ આજીવિકાદિ સિદ્ધ થતાં ઈચ્છાને હણાવાનું ન રહ્યું તેથી એની ઉત્સુકતા મટવાને લીધે દેવદર્શનાદિમાં મનની પ્રસન્નતા બની રહેવાની, -ચિત્તસમાધિ-ચિત્તસ્વસ્થતા બની રહેવાની, અને દેવદર્શનાદિ ઉપાદેય સુકૃતની પ્રસન્નતાપૂર્વક આરાધના થતી રહેવાની. ગણધર વચનનો લલિતવિસ્તરામાં આ ભાવ કાઢેલો છે, તો શું ગણધર મહારાજ પર આમાં સંસાર માટે ધર્મ કરવાનું કે વિષક્રિયા કરવાનું કહ્યાનો આક્ષેપ મુકાય ?

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૯,અંક-૪૫,તા.૧-૮-૧૯૮૧

## (૧૧૦) કહેવાતા શાકાહારી ઈંડાઓ ખાનારા, સાવધાન !

આજે 'નિર્જીવ ઈંડા'નું તુત ચલાવીને જનતાને ઈંડા ખાઉં બનાવવામાં આવે છે, પરંતુ જનતાએ નીચે લખેલ બાબતો ખૂબ ધ્યાન પર લઈ કહેવાતા ઈંડાનો પણ ત્યાગ કરવા જેવો છે. સંપૂર્ણ માંસાહારી બનવાનું પ્રથમ પગથીયું છે. Pilot Car 'વિલાયતી ઈંડાની આમલેટ' નો આહાર. દા.ત. દારુડીયા બનવાની શરૂઆત



તાડી, બીયર પીવાથી થાય છે. વિલાયતી ઈંડાના બીજા નામ છે 'શાકાહારી ઈંડા' 'નિર્જીવ ઈંડા' 'NON FERTILISED EGGS' 'કૃત્રિમ ઈંડા'...આવા ઈંડા શાકાહારી કે નિર્જીવ છે તેના માટે મુખ્યત્વે ત્રણ દલીલો થાય છે. (૧) મરઘા-મરઘીના સંયોગ વગર આ ઈંડાનું સર્જન થાય છે. (૨) મરઘી આ ઈંડુ સેવે તો પણ બચ્ચાનો જન્મ થતો નથી; (૩) વૈજ્ઞાનિકો આને નિર્જીવ કહે છે.

ઈંડાનું ઉત્પાદન કલ્પના બહાર વધી રહ્યું છે. ખપત વગર આ ધંધો ભાંગી પડે માટે સમસ્ત હિન્દુસ્તાનની ચુસ્ત શાકાહારી પ્રજા પણ જરાય સંકોચ વિના આ ઈંડા વાપરે અને મારકેટ જળવાઈ રહે તે માટે આ પ્રચાર ચાલુ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન એ છે કે શું નર-માદાના સંયોગ વિના થતા હોવાથી સાચે જ આ 'ઈંડા 'શાકાહારી' છે ?...

ના....કારણ કે (૧) 'નર અને નારીના સંયોગથી જ જીવની ઉત્પત્તિ થાય, નહિતર એ નિર્જીવ કહેવાય, એવું જો માની લઈશું તો કીડી, મંકોડા કે દેડકા વિગેરે કેટલાયને નિર્જીવ કહેવા પડશે ! જો આ બધા નિર્જીવ નથી તો પછી આ ઈંડા પણ નિર્જીવ નથી જ !

(૨) શું આ કહેવાતા શાકાહારી ઈંડા ઝાડ કે જમીન પર થાય છે ? ના...મરઘીના ગર્ભાશયમાં જ તે વિકસે છે ! ઝાડ ઉપર ન ઉગતા અને ગર્ભાશયમાં ગર્ભરૂપે તૈયાર થતા ઈંડાને 'શાકાહારી' શી રીતે કહેવાય ?

(૩) ગર્ભાશયમાં આ ઈંડાનું સર્જન થયા પછી બહાર નીકળે ત્યાં સુધી તેની સાઈઝ એક જ હોય છે ? હકીકતમાં ગર્ભાશયમાં આ ઈંડાનું સર્જન શરૂ થાય ત્યારે તે નાનું હોય છે અને બહાર નીકળે ત્યારે મોટું હોય છે. શું ગર્ભાશયમાં નિર્જીવ ઈંડાનો વિકાસ થાય ખરો ? વિજ્ઞાન પણ કહે છે કે વિકાસ ન જ થાય ! જ્યારે અહીંયા તો વિકાસ થાય છે માટે આ ઈંડાને નિર્જીવ ન કહેવાય.

(૪) એક સ્ત્રીના ગર્ભમાં રહેલા બાળકને પાંચમા મહિને કોઈક દવા દ્વારા પ્રસૂતિ કરાવે તો એ બાળક બહાર આવે ત્યારે સજીવ કે નિર્જીવ ? સ્વાભાવિક છે કે નિર્જીવ હોય. પરંતુ નિર્જીવના ૨ પ્રકાર છે. જેનામાં ક્યારેક જીવ હતો નહિ તે; અને બીજો પ્રકાર, અગાઉ ક્યારે જીવ હતો પરંતુ હાલ નથી. તે હવે આ પાંચમા મહિનાવાળું બાળક કયા પ્રકારમાં ગણાય ? શું નિર્જીવ બાળક ખાઈ શકાય ખરું ? 'દયાથી મોત' અને 'કાયદેસર ગર્ભપાત'ના જમાનામાં આ વિચાર પણ 'નિર્જીવ ઈંડા'ની માફક રજુ થાય તો નવાઈ નહિ. મરઘીના ગર્ભાશયમાં ઈંડું નાનામાંથી મોટું બને છે, પરંતુ મરઘીને વિશિષ્ટ પ્રકારના અપાતા ખોરાક અને


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ઈંજેક્શનના કારણે આ ઈંડુ કૃત્રિમ રીતે વહેલું બહાર લાવવામાં આવ્યું છે. પાંચ મહિનાના બાળકની માફક આ ઈંડામાં ક્યારેક તો જીવ હતો જ, હાલ નથી. છતાં એ મરઘીનું મરેલું બચ્ચું જ છે, તેથી ન જ ખવાય.

(૫) 'ટેસ્ટ ટ્યુબ બેબી' અને 'કૃત્રિમ ગર્ભાધાન'ના જમાનામાં મરઘા-મરઘીના સંયોગ વિના પેદા થતું ઈંડું એ નિર્જીવ છે. એ પ્રચારમાં વિજ્ઞાનનું અપમાન નથી ?

(૬) ક્યારેક જીવ હતો અને આજે જીવ નથી માટે પ્રાણીજ વસ્તુઓ જો શાકાહારી થઈ જતી હોય તો પછી કાલે 'હિન્દુઓથી મરેલી ગાય પણ ખાઈ શકાય. એવું કોઈ નહિ કહે ?

(૭) એક સ્ત્રીને સતત ગર્ભવતી રાખી ઠેઠ પાંચમા મહિને કસુવાવડ કરાવે તેમાં સ્ત્રીને જે વેદના થાય છે તેવી જ વેદના સતત ગર્ભવતી રાખી અને ઈંજેક્શન દ્વારા મેળવાતા ઈંડા આપતી મરઘીને પણ થાય.

(૮) પૂરક તત્ત્વો અને પૂર્ણ વિકાસના સમયના અભાવે મરેલા બહાર આવતા બાળકની જેમ જ આ ઈંડુ બહાર આવે છે. તેમ છતાં તેને નિર્જીવ તો ન જ કહેવાય. કારણ તેમાં પહેલા તો જીવ હતો જ !

(૯) પોલટ્રી ફાર્મમાં ઓછી જગ્યામાં રહેતી વધુ મરઘીઓ ઝઘડીને લોહીલુહાણ ન થાય માટે એની ચાંચની ધાર કાપી નાખવામાં આવે છે, અને આજીવન કેદમાં રહેતી આ મરઘી ઈંડા આપતી બંધ થાય ત્યારે એને મારી નાખીને એની બનેલી 'ચિકન બિરયાની' જીવતા મનુષ્યના પેટને કબ્રસ્તાન બનાવે છે. શું આટલી ક્રુરતાથી મેળવેલા ઈંડા શાકાહારી હોઈ શકે ખરા ?

(૧૦) 'આમલેટ' ખાતો થયેલો માનવી કેટલા સમય સુધી આ 'દેશી' અને 'વિલાયતી' ઈંડાની આમલેટનો ભેદ જાળવી શકશે ?

'MERCY KILLING' 'ગર્ભાપાત કાયદેસર' 'દરિયાઈ ખેતી' (મત્સ્યોઉદ્યોગ) જેવા નરઘમ જુઠા પ્રચારોની માફક 'નિર્જીવ ઈંડા' અંગેના આ જુઠા પ્રચારથી કોઈ દોરવાશો નહિ. કહેવાતા નિર્જીવ ઈંડા એ નિર્જીવ યાને જડ પણ નથી તેમજ શાકાહારી પણ નથી જ ! માટે ગેરસમજના કારણે આવા ઈંડાનો શાકાહારી તથા નિર્જીવ માનીને આહાર કરનારાઓ વહેલી તકે તેનો સર્વથા ત્યાગ કરી દે એ જ શુભેચ્છા...





## (૧૧૧) ઊંધાં વેતરણ : એનું નિદાન અને વારણ

જન્મ મરણની બેડીમાં જકડાયા રહેવાનો જેને ખેદ થાય છે, એ ભવ્યાત્માને મુંઝવણ રહે છે કે ધર્મ તો કરું છું પરંતુ; (૧) હજી સંસારના આકર્ષણ ઊભા રહે છે; (૨) સંસારની પ્રવૃત્તિ જાણે સહજ રીતે થાય છે, અને ધર્મ પરાયા જેવો થાય છે; (૩) ધર્મમાં આડા અવળા વિચારો બહુ આવે છે; (૪) ધર્મ કરવા પર બાહ્ય માન-યશ વધે તે ગમે છે; (૫) ધર્મમાં એકેક વાત પતાવવાનો હિસાબ રહે છે, અને સાંસારિક બાબતમાં એકેક બાબત બરાબર 'શાંતિથી કરો' એમ લાગે છે;' 'જમો શાંતિથી' 'ધંધો શાંતિથી કરો,' 'ઉંઘવાનું શાંતિથી કરો' ત્યારે ધર્મમાં 'દર્શન પતાવો પૂજા પતાવો.' કેવી દુર્દશા ! વળી દાન કરવું હોય તો એમ થાય છે કે વિચારીને કરો, પણ વેપાર હિંમતથી કરો. (૬) સાંસારિક બાબતમાં દિલ ઠરે છે. એવું ધર્મમાં ઠરતું નથી. ધંધો કરી કમાયા તો 'હાશ ! સારું કમાયા' એમ થાય. પણ ઉપવાસ કરીને ઢીલાશ આવી ભૂખ તરસ લાગી, તો એમ નથી થતું હાશ ! શરીરનો ખરો કસ ખેંચાયો ! ક્ષુધા-પરીસહ પિપાસા-પરિસહ સારા કમાવા મલ્યા !'

આમ કાંઈ દિલ એમાં ઠરતું નથી. દાન દઈને 'હાશ ! ભૂંડી લક્ષ્મીને આટલી લેખે લગાડવાનું થયું સારું થયું. પાત્ર-સુપાત્રની ભક્તિનો લાભ મળ્યો.' ના, આવું કાંઈ નથી થતું, ઊલટું એમ થાય છે કે 'આટલા રૂપિયા ખરચાઈ ગયા ! ઓછા થયા !' એવું દુઃખ થાય છે ! લગ્નના ટાણામાં દિલ રાજીનું રેડ બને છે ! પર્યુષણાના ટાણામાં એવું રાજીનું રેડ નહિ ! કલ્પસૂત્ર સંભળાશે તે દિવેલ પીધા જેવા મોંઢે ને સુસ્ત મનથી પ્રતિક્રમણ વખતે ક્યારે પતે એ આતુરતાથી પ્રતિક્રમણ કરાય છે. એટલે અડધું થતાં 'હાશ ! હવે અડધું જ રહ્યું.' પોણું થતાં હાશ ! હવે ૦। જ રહ્યું ! બસ, હવે છેલ્લો-કાઉસ્સગ્ગ ને શાંતિ મોટી શાંતિ જ બાકી રહી.' 'કેમ જાણે ગધેડાના માથે બોજ હતો એમાંથી થોડે થોડે ઓછો થતાં ખુશી થાય કે 'હાશ હવે અડધો જ બોજ રહ્યો, હવે ૦। જ રહ્યો...'

ભવી જીવનું મન સમજે છે કે 'આ ઊંધાં વેતરણ છે; સાંસારિક બાબતમાં આજ પાને બદલે દિલ ઠરે ! ધાર્મિક બાબતમાં દિલ ઠરવાને બદલે અજંપો કરે ! સંસાર પરાયો લાગવાને બદલે પોતીકો લાગે ! અને ધર્મ પોતીકો લાગવાને બદલે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

પરાયા જેવો લાગે ! દીકરાને સંસારનું ભણાવવા હજારો રૂપિયા ખરચી નખાય ને એના જીવનના હજારો કલાક એમાં જોડાય ! અને ધર્મનું ભણાવવા સેંકડોનો પણ ખરચ નહિ ને છોકરાના રોજીંદા ૨-૩ કલાક પણ નહિ !! આવા બધા ઊંધાં વેતરણ કેમ ચાલી રહ્યા છે ? ક્યારે આનો અંત આવવાનો ?' આવી મુંઝવણ ધર્મી જીવને થયા કરે છે; પરંતુ અહીં સમજવાનું છે કે,-

**આ ઊંધા વેતરણનું મૂળ નિદાન છે ઇન્દ્રિયોના આનંદ-તુષ્ટિપુષ્ટિનો બહુ પ્રેમ.**

હાલતાં ને ચાલતાં ઇન્દ્રિયોને રાજી રાજી કરવી છે. આ હિસાબ ઉપર અહીં મુંઝવણ ટાળવાનો ઉપાય વિચારવો છે, ને સીધાં વેતરણ કેમ ઊભા થાય એ જોવું છે.

મૂળ પાયામાં પહેલાં આ જુઓ કે આપણને ઇન્દ્રિયોના આનંદ ગમે છે ? કે આત્માનો આનંદ ગમે છે ? એ જોતાં લગભગ દેખાશે કે જેવો ઇન્દ્રિયોનો આનંદ ગમે છે એટલા પ્રમાણમાં આત્માનો આનંદ ગમતો નથી ! એટલે જ દેખાય છે કે સવારે પ્રભુદર્શનમાં જે આનંદ આનંદ નહિ અનુભવ્યો એ જો સવારનો નાસ્તો બરાબર પૂરી અનુકૂળતાવાળો મળ્યો તો અનુભવાય છે ! પૂજામાં એવો આનંદ આનંદ નહિ થયો, તે પછીથી ધંધે ગયા ને સારું ઘરાક મળી ગયું તો આનંદ આનંદ થાય છે ! તપમાં એટલો આનંદ ઊછળ્યો નહિ, પણ પારણું સરખું મલી જતાં આનંદ આનંદ થઈ આવે છે ! સાધુ મહારાજ રસ્તામાં મળ્યા તો હાથ તો જોડાશે પણ એમના દર્શન-વંદને એ આનંદ-કલ્લોલ નહિ જે આનંદ-કલ્લોલ કોઈ ખટાવનાર વેપારી રસ્તામાં મળી જાય અને સોદો આપે તો થાય છે ! જે આનંદ આનંદ રૂપાળા ભગવાનને એકવાર જોઈને પણ નહિ થયો હોય, એ રૂપાળી સેવાભાવી પત્નીનું મુખ વારંવાર જોઈ જોઈ આનંદ-કલ્લોલ થાય છે !

આ બધું શું સૂચવે છે ? ઇન્દ્રિયોને મનગમતા વિષયો મળી જતાં ગદ્‌ગદ હૈયાથી આનંદ આનંદ અનુભવવાનું થાય છે, પણ આત્માને આત્મહિત-સાધના મળી જતાં એવો કોઈ હૃદય ગદ્‌ગદ કરી નાખે એવો આનંદ થતો નથી. તો જ્યાં સુધી ઇન્દ્રિયોને થતાં આનંદ આંખ મીચીને લૂંટ્યે જવાય છે. એમાંથી લેશ પણ પાછું વળવું નથી. એમાં સહેજ પણ ઓછું કરવું નથી, ત્યાં સુધી આત્માના આનંદ મંગળ શાના ગમવાના ?

એટલે જ જુઓ કે આજના વિજ્ઞાન યુગે સુખ-સગવડ શોખની વસ્તુઓ વધારી દીધી, તો એ મળે તેટલી બધી ઘરમાં વસાવવા જોઈએ છે. રેડિયો, ટ્રાન્ઝિસ્ટર,



કેમેરા, ફ્રીઝ, ટી.વી., કોમ્પ્યુટર જે મળે તે; અને બધાનો ઉપભોગ કરવા જોઈએ છે ! ને એમાં આનંદ આનંદ થાય છે ! પણ તપસ્યા કરી કે દાન દીધું, એનો આનંદ નહિ, એટલો આનંદ એની ઉપર આપણા ગુણગાન થતા સાંભળીને થાય છે ! કેમ ? શ્રોત્ર-ઇન્દ્રિયને મનગમતું સાંભળવા મળ્યું એ બહુ વિશેષતાવાળું લાગે છે, પરંતુ તપ કર્યાથી આત્મામાં મલિન આહારસંજ્ઞા એટલી કપાઈ અને આત્મસત્ત્વ વિકસ્યું એની, કે દાન દીધાથી મલિન પરિગ્રહસંજ્ઞા કપાઈ તથા સત્ત્વ વિકસ્યું એની વિશેષતા નથી લાગતી ! તેથી એમાં દિલને આનંદ આનંદ નથી થતો.

કેવી કમનસીબી છે ? ઇન્દ્રિયોની તુષ્ટિ-પુષ્ટિ કરવી છે, આત્માની તુષ્ટિ-પુષ્ટિનો વિચાર નથી. ધર્મ કરતી વખતે ય કેટલીકવાર આત્માની તુષ્ટિ-પુષ્ટિનો વિચાર નથી હોતો. પૂજા ભણાતી હોય, ગયા, પૂજામાં મીઠા સંગીતની રમઝટ જામી એનો આનંદ થાય છે, 'વાહ ! ગવૈયાએ શું સરસ રાગ કાઢ્યો છે, કમાલ !' એમ થાય છે, પરંતુ 'વાહ મારા પ્રભુની કેવી સરસ ભક્તિ થઈ રહી છે ! મને આ પ્રભુભક્તિમાં બેસવાનો કેવો સરસ મોકો મળ્યો !' આમ નથી થતું. ખરેખર તો જિનભક્તિમાં ને જિનભક્તિમાં મારું મન લાગ્યું રહે, ને એનો રંગ લાગવાથી મોહમાયાના રંગ ઓછા થાય, તો સારું.' આ વિચાર આવે, તો એ આત્માના આનંદ તરફ દૃષ્ટિ ગઈ.

સમજી રાખવાનું છે કે જેટલા ત્યાગના આનંદ છે એ આત્માના આનંદ છે, જેટલા ક્ષમા-નમ્રતા-સરળતા-નિર્લોભતાના આનંદ એ આત્માના આનંદ છે. એમ બ્રહ્મચર્યનો આનંદ, દુઃખ-અપમાન-અપશય સહન કરવાનો આનંદ, એ આત્માનો આનંદ છે. બજારમાં ધાર્યા કરતાં પૈસા ઓછા મળ્યા છતાં મનને એમ થાય કે 'આમ તો વધારે લોભથી નીકળેલો પરંતુ સારું થયું લોભની પુષ્ટિ ઓછી થઈ.' એ આત્માનો આનંદ ગણાય. સામે જોવાની વસ્તુ પરસ્ત્રી મોટર વગેરે આવી. ત્યાં વિચાર્યું કે અનંતકાળ જોયું આમાં નવું શું જોવાનું છે ?' એમ કહી આંખ એમાં ન જોડી, ને ખુશી થયા કે 'હાશ ! રાગના બાણથી ન ઘવાયા સારું થયું.'-આ આત્માનો આનંદ થયો.

પરસ્ત્રી મોટર આદિ સામે જોયું હોત તો ચક્ષુને આનંદ તો થાત પરંતુ જોતાં જ રાગથી હૈયું વીંધાત.

ઇન્દ્રિયોના આનંદ શા કામના જો એ ઉમદા દિલને રાગથી વીંધ્યા જ કરતા હોય ?

આત્માના આનંદવાળો આમ ઇન્દ્રિયતૃપ્તિ છોડી આંતરતૃપ્તિ તરફ જાય છે,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

ને કામ-ક્રોધ-લોભ-આસક્તિ વગેરેથી બચી ગયાનો આનંદ માને છે. દુશ્મન પર પણ મન મોટું રાખી એના પર ગુસ્સો કે તિરસ્કાર ન કર્યો ને તેથી સંતોષ માન્યો એમાં આત્માનંદ છે. મનને થાય કે 'આમ તો ગુસ્સો કર્યો હોત તો ય વળવાનું કાંઇ નહોતું, ને ગુસ્સાની ખણજ ખણી લીધી એનો ક્ષણવાર સંતોષ થાત, પરંતુ પછી હૈયું બાળ્યા કરત, સામાને ય ગુસ્સો વધત આમાં બેમાંથી કોને લાભ ?

બસ, ઇન્દ્રિયતૃપ્તિ વિષયોના સંગથી છે, તો આંતરતૃપ્તિ એના ત્યાગથી છે. ત્યાગ કરીને ખુશી માનવાની કે 'હાશ ! ત્યાગ કરીને રાગની આગ પોષવાથી બચ્યો !' એમ મન ઇન્દ્રિય કષાયો કરીને મસ્ત બને છે, તો આંતરતૃપ્તિ યાને આત્માનો આનંદ કષાય અટકાવી ક્ષમાદિ ધરવાથી થાય. જીવનમાં આ જ કરવાનું છે,- ઇન્દ્રિયતૃપ્તિને મહત્ત્વ નહિ આપવાનું; આત્માના આનંદને મુખ્ય કરવાનો ઇન્દ્રિયોને રાજી નહિ કરવાની, આત્માનું હિત જાળવવાનું.

આ જો થાય તો અહીં પ્રારંભે કહેલ ઊંધાં વેતરણ ધીમે ધીમે ઓછા થતા જાય દા.ત. (૧) ધર્મ કરતાં હવે સંસારના આકર્ષણ ન રહે; કેમકે સંસાર તો ઇન્દ્રિયોને તૃપ્ત કરી મહેકાવી નાંખનાર છે. (૨) ધર્મપ્રવૃત્તિ સહજ બને; કેમકે એ આત્માને આનંદ આપે છે. (૩) ઇન્દ્રિયતૃપ્તિ જોઈતી નથી તેથી એના વિષયો આપણા મનને બિનકિંમતી થઈ ગયા, પછી ધર્મની વચમાં એના બહુ વિચારો ન આવે. (૪) દાનાદિ ધર્મ કરવા પર બાહ્ય યશ-માનના બોલ સાંભળવા મળે તે શ્રોત્રેન્દ્રિયનો આનંદ છે, પણ આત્માનંદ મુખ્ય કર્યો હોવાથી એ હવે ઇષ્ટ નથી, તેથી એમાં રાજી કે અભિમાન ગ્રસ્ત નહિ બનાય. (૫) હવે આત્માનંદનો જ ખપ લાગ્યો છે, તેથી આત્માનંદ દેનાર ધર્મક્રિયા પતાવવાનું મન નહિ થાય, પણ શાંતિથી હોંશથી કરવાનું મન થશે. ઊલટું પાપક્રિયા પતાવવાનું મન રહેશે. (૬) ધર્મમાં દિલ ઠરશે કેમકે આત્માનંદ જોઈએ છે ને તે ધર્મસાધનામાં મલી શકે. દુન્યવી બાબતોમાં તો ઇન્દ્રિયોનો આનંદ હોઇ ત્યાં દિલ નહિ ઠરે.

સારાંશ, ઊંધાં વેતરણ વારવા માટે આ ઉપાય છે કે ઇન્દ્રિયોના આનંદને હૈયે વધાવો નહિ, હૈયે ધર્મથી આત્માને મળતા આનંદને ઝંખ્યા કરો વધાવ્યા કરો, એને જ મહત્ત્વ અને મુખ્યતા આપો.





## (૧૧૨) બ્રહ્મચર્ય પાલન અંગે ચિંતન

ઉત્તમ માનવભવમાં જ બ્રહ્મચર્યનો સારો પુરુષાર્થ થઈ શકે છે, કેમકે નરકગતિમાં એક બાજુ નપુંસક વેદનો કારમો ઉદય રહે છે, ને બીજી બાજુ ક્ષણ પણ રાહત વિના સતત કેટલી મારપીટ ખાવાનું જ જીવન છે, ત્યાં બ્રહ્મચર્યનો અભ્યાસ ક્યાં થાય ? દેવતાને પચ્ચક્ખાણ જ નથી. તેથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પણ લઇ શકાતી નથી, તેમજ દેવતાને પ્રતિજ્ઞા વિના પણ બ્રહ્મચર્ય પાળવાનું દેવીઓ અપ્સરાઓના ઘેરાવામાં શે શક્ય બને ? ઉપરના ગ્રૈવેયક અનુત્તર વિમાનવાસી દેવતાને કોઇ વિકાર નથી એટલે બ્રહ્મચર્યપાલન છે, પરંતુ તે તો એ દેવલોકની તથા પ્રકારની સ્થિતિના હિસાબે; એટલે એને ઇરાદાપૂર્વક પ્રયત્ન કરીને બ્રહ્મચર્ય પાળ્યું ન કહેવાય. એ રીતે પાળવાનું અહીં માનવ અવતારે સુલભ છે. એ પાળવાના ઉપાય અહીં વિચારીએ.

(૧) પહેલું તો એ સમજી રાખવાનું છે કે અબ્રહ્મ સેવનમાં અનંતકાળની ચાલી આવતી વિષયસંજ્ઞા પુષ્ટ થવાની ભયંકરતા મનને લાગવી જોઈએ. આહારાદિસંજ્ઞાઓ આહારાદિના રંગ ઉડાવવાથી જરાય શોષાતી નથી, પણ પોષાતી જ જાય છે. દા.ત. રોજ બેસણું રાખી બે ટંક જમતા હતા એમાં હવે રોગના કારણે જો પાંચ ટંક વાપરવું પડે છે, તો પછી સાજા થઈ ગયા બાદ પણ હવે પાંચના ચાર ટંક કરવાનું મન નહિ થાય ! તો ઝટ બેસણાં શરુ કરવાની તો વાતે ય ક્યાં ? કેમ એમ ? ભલે રોગ છે પણ એમાં ખાવાના પાંચ ટંક કરવાથી આહાર-સંજ્ઞાને પોષણ મળ્યું. તેથી હવે એ પુષ્ટ થયેલી પોતાનું કામ બજાવે એમાં નવાઈ નથી. પાંચના ચાર, ત્રણ ટંક અને બેસણામાં આવતાં તો મનને કેટકેટલું સમજાવવું પડે છે, મનને મારવું પડે છે. એ બતાવે છે કે,-

**સંજ્ઞાના વિષયનું સેવન સંજ્ઞાને પુષ્ટ કરે છે.**

**પુષ્ટ થયેલી સંજ્ઞા પોતાના વિષયના સેવનમાં જીવને ઘસડે છે.**

જીવ એમાં ઘસડાયો વિષયનું સેવન કરે એટલે એની સંજ્ઞા વળી પુષ્ટ થાય. એ પુષ્ટ થઈ નવા વિષયસેવનમાં જીવને ઘસડે છે. આમ વિષચક્ર ચાલે છે. સંજ્ઞાથી વિષયસેવન થાય અને વિષયસેવનથી સંજ્ઞા પુષ્ટ થાય.

એટલે આ બરાબર સમજી રાખવાનું કે મન સુંવાળું એમ માનવા જાય કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final

'લાવને જરાક અબ્રહ્મ સેવી લઉં.' તો ત્યાં મન ભૂલું પડ્યું. ભાન ભૂલ્યું કે એનાથી વિષયસંજ્ઞા શોષાશે નહિ પુષ્ટ થશે. પુષ્ટ થયેલી એ સંજ્ઞા આગળ પર એની ખણજ ઊભી કરશે કે 'લાવ ને જરાક સેવી લઉં,' એમાં વળી ક્યારેક કઢેલું દુધ, મલાઈ, મિઠાઈ, ખાવામાં આવી તો એ ધાતુને ઉત્તેજિત કરી ખણજ વધારી મૂકશે. અને પછી વધેલી એને ઘટાડવી મહામુશ્કેલ બનશે. જેમ પેલા ખાવાના પાંચ ટંક કરી દીધા પછી બેસણામાં આવવું મહામુશ્કેલ. આ પરથી એ ફલિત થાય છે કે

**વિકરાળ સંજ્ઞાઓને દબાવવી હોય ઘટાડવી હોય તો બને તેટલો એના પોષણ બંધ જ કરો.**

(૨) આ સમજ પાકી કરી લીધા પછી આ વિચારવાનું 'હું આસ્તિક છું કે નાસ્તિક ?' આસ્તિક હોઉં તો આત્માને માનનારો હું કોને મુખ્ય કરું. મારા આત્માને ? કે શરીર ઇન્દ્રિયોને ? મારે કોને રાજી કરવાનો ? આત્માને ? કે ઇન્દ્રિયોને ? જો ઇન્દ્રિયોને રાજી કરવા જઈશ તો સમજી રાખ કે અનંતકાળ વહી ગયા ઇન્દ્રિયોને રાજી કર કર કરી, પરંતુ સદાની ભૂખારવી એ ઇન્દ્રિયો કદાપિ વિષયભોગથી કાયમી તૃપ્ત થતી જ નથી. આગમાં બળતણ, ઘાસલેટ નાખ્યે રાખે આગ કદી બુઝાય જ નહિ. એમ ઈન્દ્રિયોમાં સળગતી પોતાના વિષયોની ઝંખનાની આગ એમાં વિષયોરૂપી બળતણ નાખવાથી કદી બુઝાય જ નહિ, તો પછી આ ઇન્દ્રિયોને એના વિષયો આપી આપીને રાજી તુષ્ટ પુષ્ટ કરવાનો મુર્ખાઇભર્યો ધંધો મારે શા સારું ચાલુ રાખવો ? એનો રાજીપો કરવામાં એક બાજુ ફરી ફરી એને રાજી કરવાની ને એને આનંદ આપવાની કાયમી મહેનત ઊભી ને ઊભી રહે છે, ને બીજી બાજુ આત્માના આનંદથી મહાકલ્યાણકર સાધના ગુમાવવાનું થાય છે.

આત્માનો અવિનાશી આનંદ આત્માની તૃપ્તિ-તુષ્ટિ, ક્ષમા-નમ્રતા-નિસ્પૃહા, તપ-સંયમ-બ્રહ્મચર્ય વગેરેથી થાય; અને એ ઝવેરાતનો વેપાર છે; ત્યારે ઇન્દ્રિયોના ક્ષણિક આનંદનો ધંધો હાથ-મોં-કપડાં કાળા કરનાર કોલસાના ધંધા જેવો છે, યા નિશ્ચિત હારવાળા જુગારના ધંધા જેવો છે. ઝવેરાતના વેપારને ફગાવી દઈ કોલસાના કે જુગારનો ધંધો કોણ ડાહ્યો માણસ કરે ?

આ નિશ્ચિત સમજી રાખવાનું છે, કે આત્માના અમર આનંદને આપનાર બ્રહ્મચર્યને મૂકી ઇન્દ્રિયને રાજી કરવા જવામાં કદી એની ભૂખ-ઝંખના મટવાની નથી. માટે ડહાપણનું કામ આ છે કે અજ્ઞાન અને મોહમૂઢ દશામાં ભલે અનંતકાળ અને આ મહાકિંમતી જનમના સેંકડો હજારો દિવસ ગુમાવ્યા, હવે એ ઇન્દ્રિયોને આનંદ આપવાનું રાજી કરવાનું કામ પડતું મૂકવું. તે એ સમજીને કે



ઇન્દ્રિયોને રાજી કરવાનો ચડસ ચિત્તના સંક્લિષ્ટ પરિણામ ઊભા કરે છે. ચિત્ત 'સંક્લિષ્ટ' એટલે ચિત્તના એવા ચિકણા પરિણામ કે આ આનંદને સર્વેસર્વા માની હૈયું એમાં એકતાન થઈ જાય ! કેમ જાણે વિષયત્યાગનો ને બ્રહ્મચર્યનો કશો આનંદ જ નથી. આનું ફળ શું ? અતિસંક્લિષ્ટ ચિત્ત-પરિણામમાં રૌદ્રધ્યાન આવે, અને એ નરકગતિના ઘોર અશાંતા વેદનીય વગેરે કર્મ બંધાવે ! આવું એકવારના વિષયાનંદમાં કેટલીકવાર નરકના કર્મ બાંધવાનું બને ? તો કે એટલા કાળમાં પણ હજારો ક્ષણ વીતે છે તે ક્ષણે ક્ષણે આ કર્મ બાંધવાની વસ્તુ હજારોવાર બની જાય છે, અરે ! એક ક્ષણમાં અસંખ્ય સમય એના પ્રત્યેક સમયે આ કર્મ બંધાય, આ હિસાબે અસંખ્યવાર નરક યોગ્ય કર્મ બાંધવાનું થાય.

ઇન્દ્રિય રાજીપાના અતિસંક્લિષ્ટ પરિણામમાં માત્ર નરક યોગ્ય કર્મ બાંધવાનું થાય એટલું જ નહિ, પરંતુ એથી ભયંકર વસ્તુ અતિસંક્લિષ્ટ રાગના સંસ્કાર યાને અશુભ અનુબંધ ઉપાર્જવાનું થાય છે ! જે આ જનમ પછી અનેકાનેક દુર્ગતિઓના અતિસંક્લિષ્ટ રાગવાળા જન્મો ઊભા કરે છે, જેના લીધે જીવમાં પાપબુદ્ધિ અને પાપિષ્ઠતાનો પાર નથી રહેતો !

બીજું એ પણ છે કે 'એકવારના સંયોગમાં બે થી નવ લાખ ગર્ભજ મનુષ્યો મરે છે,' એવું જ્ઞાનીનું વચન છે. આ વચન પર શ્રદ્ધા કરનાર ધર્મી જીવ અબ્રહ્મ સેવન વખતે શું વિચારશે ? આવું જ કંઇક કે 'જાણું છું આટલી મોટી સંખ્યામાં ગર્ભજ મનુષ્યોની હત્યા થાય છે. પરંતુ શું થાય ? લાચાર છું. મારા મનને અબ્રહ્મનો આનંદ જોઈએ છે અને આનંદ કેટલો બધો જબરદસ્ત મળે છે !' આનો અર્થ શો થાય ? આ જ ને કે 'એટલી મોટી સંખ્યામાં ગર્ભજ મનુષ્યો મરે તો મરે, પણ મારે આ આનંદ વિના નહિ ચાલે.' આ કારમી મનુષ્ય સમૂહની હત્યા પ્રત્યે ઘૃણા અને એ મનુષ્યોની પ્રત્યે દયા ક્યાં રહી ? નિર્દયતાના પરિણામ કેવા ગર્ભિત રહ્યા ?

આનો વિચાર કરાય તો મનને થાય કે 'અરરર ? ત્યારે શું ! અબ્રહ્મના અતિ તુચ્છ કોટિના આનંદ ખાતર મારે આ નિર્દયતાના સંસ્કાર ગાઢ કરવાના ?

સારાંશ, ઉપરોક્ત બધી બાબતોનો રાત્રિના પાછલા પહોરે ઠંડક અને શાંતતાભર્યા વાતાવરણમાં હૃદયસ્પર્શી વિચાર કરતા રહેવું જોઈએ; અને એ કરતાં કરતાં આત્મામાં બ્રહ્મચર્યનું બળ વધે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-7)(yr.27-29).pmd/prf.4/Final